ચોથી શ્રેણી

પુસ્તક–૮૨

તા. ૨૬મી માર્ચ, ૨૦૨૧
ચૈત્ર ૫, ૧૯૪૩ શાકે
થી
તા.૩૦મી માર્ચ, ૨૦૨૧ ચૈત્ર ૯, ૧૯૪૩ શાકે

सत्यमेव जयते

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક–૮૨** **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| **વિષય** | **પાના નંબર** | |
|---|---|---|
| **તા. ૨૬મી માર્ચ ૨૦૨૧ ચૈત્ર ૫, ૧૯૪૩ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨ | ૧૦૬ |
| અતારાંકિત પ્રશ્નોની યાદી | ૧૦૭ | ૨૨૭ |
| શોકદર્શક ઉલ્લેખો | ૨૨૮ | ૨૩૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૩૩ | ૨૫૭ |
| **તા. ૩૦મી માર્ચ ૨૦૨૧ ચૈત્ર ૯, ૧૯૪૩ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૫૮ | ૨૬૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૭૦ | ૩૬૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(બારમો અને છેલ્લો દિવસ) | ૩૬૮ | ૩૯૧ |

ચૈત્ર ૫, ૧૯૪૩ શાકે

તારાંકિત પ્રશ્નો

# ગુજરાત વિધાનસભા

## શુક્રવાર, તા. ૨૬મી માર્ચ, ૨૦૨૧

## ચૈત્ર ૫, ૧૯૪૩ શાકે

## સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.

## માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

### જૂનાગઢ જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના

* ૩૯૧૮૦ **શ્રી દેવાભાઇ માલમ** (કેશોદ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રોહિબિશન) એક્ટ, ૨૦૨૦ હેઠળના કેસો ઝડપથી ચલાવવા જૂનાગઢ જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ ખાસ કોર્ટ ક્યારથી કાર્યરત કરવામાં આવેલ છે? | (૨) કાયદા વિભાગ દ્વારા આ ખાસ કોર્ટ તા. ૦૬-૧૧-૨૦૨૦ની અધિસૂચનાથી કાર્યરત કરવામાં આવેલ છે. |

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે લેન્ડ ગ્રેબિંગને લગતો કાયદો બનાવવાની જરૂરિયાત શા માટે ઉપસ્થિત થયેલ છે? જૂનાગઢ ખાતે કોર્ટમાં લેન્ડ ગ્રેબિંગના કયા કેસો ચલાવવામાં આવશે? અને કોર્ટની રચના કરવાથી શું ફાયદો થશે, તે હું જાણવા માગું છું?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ લાગલગાટ ૧૪ વર્ષ ગુજરાતે અભૂતપૂર્વ વિકાસ કર્યો. ગુજરાતમાં આનુષંગિક ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું થયું. ઔદ્યોગિક વિકાસ થયો, આના કારણે જમીનોની માંગ પણ વધી, જેના કારણે ગુજરાતમાં જમીનોના ભાવ ખૂબ ઝડપથી વધ્યા, એના કારણે ફળદ્રુપ જમીનોના ઔદ્યોગિક વપરાશ માટે લોકોની ડિમાન્ડ ઊભી થઇ, આના કારણે જમીનની અંદર એક નવા પ્રકારના ગુના ખોટી ઓળખ કરીને ફ્રોડ કરીને જમીન પચાવી પાડવી, દસ્તાવેજોમાં ચેકચાક કરીને ચેડાં કરીને ફ્રોડ કરીને જમીન પચાવી પાડવી, છેતરપિંડીથી જૂની તારીખનો પાવર ઓફ એટર્ની બનાવી તેને સાચા તરીકે રજૂ કરી રજિસ્ટર્ડ દસ્તાવેજથી વેચાણ કરી ફ્રોડ કરી જમીન પચાવી પાડવી, જમીન ઉપર ગેરકાયદેસર કબજો કરી જમીન પચાવી પાડવી, અભણ અને સમજણ ન હોય તેવા લોકોને ભ્રમિત કરીને, લાલચ આપીને જમીન પચાવી પાડવી, નોટરી સ્ટેમ્પ વેન્ડર વગેરે સાથે મળી જઇને મેળાપીના ખોટા પુરાવા ઊભા કરી જમીનો વેચી કાઢીને આ પ્રકારની તકરારો ઊભી કરાવીને ગૂંચ ઊભી કરીને, મૂળ જમીનદારને હેરાનગતિ થાય તેવા ભૂમાફિયાની ટોળકી આખા રાજ્યમાં નવા પ્રકારના ગુના કરવા માટે આકાર લઇ રહી હતી. એની સામે અસરકારકતાથી પગલાં લેવા માટે રાજ્ય સરકાર દ્વારા કાયદો બનાવવામાં આવ્યો છે. હું બહુ સ્પષ્ટ કહીશ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ તમામ મહેસૂલના અધિકારીઓને સૂચના આપી છે. આ કાયદો એ કોઇને હેરાન કરવા માટે, રંઝાડવા માટે નથી, પરંતુ જે લોકો ખોટા ઔદ્યોગિક દસ્તાવેજો બનાવી સાચા માલિકની જમીન હડપ કરી જાય છે, તેવા ભૂમાફિયાને નશ્યત કરવા માટે આ કાયદો લાવવામાં આવ્યો છે અને આ કાયદાના માધ્યમથી આજે સમગ્ર રાજ્યની અંદર ભૂમાફિયાઓની શાન ઠેકાણે આવી ગઇ છે. કેમ કે એક પછી એક અરજીઓ આવતી જાય છે. એના આધાર ઉપર જૂનાગઢની અંદર પણ આ પ્રકારના કેસો ચલાવવા માટે ડેઝિગ્નેટેડ કોર્ટની સ્થાપના કરવામાં આવી છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, લેન્ડ ગ્રેબિંગ કાયદા આવ્યા છે. આ ભૂમાફિયા બરાબર છે પણ અમારે ત્યાં જૂનાગઢ જિલ્લામાં ફોરેસ્ટ વિભાગે ખેડૂતોની જમીન પ્રોટેક્શન ફોરેસ્ટના નામે પચાવી પાડી છે. ખેડૂતોની જમીન અને ગ્રામ પંચાયતોની જમીનમાં આ કાયદો લાગશે કે કેમ? જંગલ ખાતા પાસેથી પંચાયતોને અને ખેડૂતોને અપાવવા માગીએ છીએ કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આની એક પ્રક્રિયા નક્કી કરવામાં આવી છે. કોઇપણ અરજદાર રૂપિયા ૨૦૦૦ કે ૩૦૦૦ નિશ્ચિત કરેલ ફી સાથે જો કલેક્ટરશ્રીને આ સંદર્ભમાં અરજી કરે તો તેઓ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે. કેટલીક વખત કલેક્ટરને એટલે કે સ્થાનિક પ્રશાસનને એવું લાગે તો સ્થાનિક પ્રશાસન સુઓમોટોના માધ્યમથી આ પ્રકારની અરજી કરીને સરકારી જમીન ઉપર આ પ્રકારનું એના ધ્યાન ઉપર આવે, એને પોતાને લાગે તો સુઓમોટો અરજી લઇને એના આધાર ઉપર એક્શન લે છે. આના દ્વારા નિયત કરેલ કમિટી સમક્ષ જ્યારે જે પણ પ્રકારના મુદ્દા ઉપસ્થિત થાય તો એ મુદ્દાની ચકાસણીના આધાર ઉપર નિર્ણય લેતા હોય છે.

## તા. ૨૯મી માર્ચ ૨૦૨૧
## તારાંકિત પ્રશ્નો

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જમીન ઉપર કબજો કરે તો લેન્ડ ગ્રેબિંગનો આપણે કાયદો લગાવીએ છીએ, પરંતુ મારા વિસ્તારમાં પ્રશ્ન એવો છે કે, ખનીજ કોલસાની ચોરી માટે કૂવો બનાવીને વચ્ચેથી આખું જમીનનું એક લેયર ગાયબ કરી દે છે તો આવા લોકો માટે લેન્ડ ગ્રેબિંગ એક્ટ લાગે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા બનાવેલી કમિટી સમક્ષ થયેલી અરજીના તપાસના આધારે આ કાયદાના સ્કોપ હેઠળ આ બાબત આવતી હોય તો જિલ્લા કલેકટર દ્વારા એમાં એફ.આઇ.આર. અંગેની જરૂરી સૂચના આપવામાં આવે છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારને, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને અમારા ગૃહ રાજય મંત્રીશ્રી પ્રદિપસિંહજીને અભિનંદન આપવા છે. અભિનંદન એટલા માટે આપું છું કે, કોંગ્રેસના મિત્રો વારંવાર જોશથી *(XXX) બોલતા હોય છે અને દરેક વખતે વારંવાર ઉદ્યોગપતિની સરકાર એવું કહેતા હોય છે પણ ખાસ કરીને અમારા ગૃહ વિભાગ દ્વારા આ લેન્ડ ગ્રેબિંગનો જે કાયદો લાવવામાં આવ્યો છે એ કાયદાને સાચા અર્થમાં સમજીશું તો આખો દેશ અને ગુજરાત રાજય જે ખેડૂતો ઉપર નિર્ભર છે, એગ્રીકલ્ચર ઉપર નિર્ભર છે ત્યારે આ લોકો ભોળા ખેડૂતોની જમીનો બિલ્ડરો, ભૂમાફિયાઓ પડાવી ના લે અને લેન્ડ ગ્રેબિંગ ન કરે એના માટે રાજય સરકાર જે કાયદો લાવી છે એના માટે ખાસ સરકારને અને ગૃહ મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું અને કોંગ્રેસના મિત્રોને પણ કહેવા માગું છું કે, તમારે પણ સરકારને અભિનંદન આપવા જોઇએ. કેમ કે, આ લેન્ડ ગ્રેબિંગના કાયદાથી આપણા ખેડૂતોની જમીનો હવે ક્યારેય કોઇ પચાવી નહિ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી પૂછવું છે કે, જમીન પચાવી પાડવાને લગતા કેસો માટે રાજય સરકારે કમિટી બનાવી છે એ મારા ધ્યાનમાં આવ્યું છે તો આ કમિટીમાં કોનો સમાવેશ થાય છે અને એની કાર્યપદ્ધતિ શું છે? સાથે સાથે માનનીય મંત્રીશ્રીને એ પણ પૂછવું છે કે, બીજા ગુનાઓની અંદર આપણે ટ્રેક રેકોર્ડ રાખતા હોઇએ છીએ, ગુનેગારોના ફોટા રાખતા હોઇએ છીએ અથવા એ ગુનેગાર બીજી કોઇ પણ જગ્યાએ ગુનો કરે તો આપણને તાત્કાલિક એની માહિતી મળી શકે છે. તો આવા ભૂમાફિયાઓની પણ યાદી બને અને એનો રેકોર્ડ બને એવું કંઇ રાખવા માગીએ છીએ કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ જે પ્રશ્ન કર્યો એમાં ગુજરાતની ભાજપની આ સરકાર દ્વારા લાવેલો કાયદો અને આ કાયદો બનાવવા પાછળ ગુજરાતના ગરીબ ખેડૂતોના હિતોની રક્ષા કરવી એ રાજય સરકારનો મુખ્ય હેતુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર એ પીડિતોને મદદ કરનારી સરકાર છે. અનેક ગુંડાઓની સાન ઠેકાણે લાવવા માટે આ સભાગૃહમાં ગુંડા નાબૂદી ધારો પણ આપણે લાવ્યા હતા. સમયાંતરે આવશ્યકતા પ્રમાણે રાજય સરકાર દ્વારા કાયદો લાવવામાં આવે છે અને જેના કારણે ગુજરાતની પ્રજામાં આ સરકાર લોકપ્રિય બનતી જાય છે. કોંગ્રેસના શાસનમાં આવી કોઇ કાર્યવાહી ન કરવાના કારણે જનાધાર ગુમાવેલી, નિરાધાર બનેલી કોંગ્રેસને આજે પ્રજા સ્વીકારતી નથી. માનનીય ધારાસભ્યશ્રીએ જે કહ્યું, એના માટે એક કમિટી બનાવવામાં આવી છે અને એ કમિટીમાં જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક, મ્યુનિસિપલ કમિશનર, પોલીસ કમિશનર, શહેરી વિકાસ સત્તા મંડળના સી.ઇ.ઓ., અધિક નિવાસી કલેક્ટર વગેરે આ કમિટીના સભ્યો રહેશે અને એના આધાર ઉપર ૨૧ દિવસમાં એમણે એફ.આઇ.આર. કરવાની કાર્યવાહી અંગેનો નિર્ણય લેવાનો અને પોલીસે ૭ દિવસમાં એની એફ.આઇ.આર. અંગેનો નિર્ણય લેવાનો છે. જે આ પ્રકારની પ્રવૃત્તિ સાથે જોડાયેલ અને વારંવાર આવો ગુનો કરવાવાળા લોકોનું રાજયમાં તમામ જિલ્લાઓમાં એ એફ.આઇ.આર.ના આધારે, તપાસના આધારે અમારી સ્ટેટ ક્રાઇમ બ્રાન્ચ આમાં વખતો વખત ગુના કરવાવાળાનો ટ્રેક રેકોર્ડ રાખે છે. એના આધાર ઉપર કદાચ આ ગુનામાંથી એને જામીન મળે તો અન્ય લોકોને રંજાડે નહિ એટલે અન્ય ગુના હેઠળ પણ એને બૂક કરીને વધારેમાં વધારે સમય જેલમાં રહે અને કોઇ ગરીબની જમીન ન લૂંટાય એના માટે રાજય સરકાર કટિબદ્ધ છે.

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને રાજ્ય સરકારને આ લેન્ડ ગ્રેબિંગ એક્ટ કાયદો લાવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. નિર્દોષ ખેડૂતોની જમીન ભૂમાફિયાઓ હડપ કરી જતાં હતાં, ખેડૂતો હેરાન થતા હતા, લાચાર બની જોઇ રહેતા, આ સ્થિતિમાંથી ખેડૂતોને ઉગારવા માટે સરકારે જે આ કાયદો કર્યો છે એ સારું જ છે અને એનાં પરિણામો નજર સમક્ષ છે, ભૂમાફિયાઓ ભૂ માં ભંડારાઇ ગયા છે અને અત્યારે આવા કેસોની સંખ્યા દિનપ્રતિદિન ઘટતી જાય છે, એવા સંજોગોમાં માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, આ કાયદા હેઠળ જૂનાગઢ જિલ્લામાં કમિટી સમક્ષ કેટલી ફરિયાદો આવેલ છે અને કેટલી એફ.આઇ.આર. થયેલ છે અને આ એફ.આઇ.આર. અન્વયે શું કાર્યવાહી કરવામાં આવેલ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ અને આપણા બધા સમક્ષ એટલા બધા લોકો જુદા જુદા પ્રકારની ફરિયાદ કરે છે, અમારી જમીન ઘસાઇ ગઇ છે, અમારી જમીન ફલાણા મોટા માથાભારે માણસે પચાવી પાડેલ છે, એનું નામ લઇ શકાય તેમ નથી, આવી ફરિયાદો લઇને આવતા હતા એની સામેનો આ કડક કાયદો ઇચ્છાશક્તિના આધાર ઉપર બનાવ્યો, માત્ર કાયદો બનાવ્યો તેવું નહિ, કમિટી બનાવી, કમિટીના આધાર ઉપર કોર્ટ બનાવી, કોર્ટના આધાર ઉપર પોલીસે એફ.આઇ.આર. કરી અને એફ.આઇ.આર. કરીને આવા માથાભારે લોકોની ધરપકડ કરી અને જેલના હવાલે કર્યા, જેમાં જૂનાગઢ જિલ્લાની અંદર સુઓમોટો ધ્યાને લીધેલી કુલ ૧૧ ફરિયાદો છે, અરજદારો દ્વારા કરવામાં આવેલી કુલ ૪૬ અરજીઓ મળી છે. એમ કુલ ૫૭ જેટલી અરજીઓ રાજ્યની આ કમિટીને મળી છે અને એની આનુષંગિક પ્રક્રિયાઓ ચાલે છે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશુનાસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

અને એમાં અત્યાર સુધી આ કમિટી દ્વારા જે એફ.આઇ.આર. કરવામાં આવી છે એમાં ત્રણ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. હું સન્માનનીય સભાગૃહને આખા રાજ્યના મહેસૂલ વિભાગે કરેલી કાર્યવાહીના સંદર્ભમાં જે ઇન્ટરેસ્ટિંગ મહેસૂલ વિભાગે કામ કર્યું છે, તેની વિગતો આપું છું. જિલ્લા કલેકટરની આ કમિટીના માધ્યમથી ૧૩૩ જેટલી એફ.આઇ.આર. થઇ છે અને એમાં ૩૧૭ જેટલા આરોપીઓને દબોચીને જેલના હવાલે કરવામાં આવ્યા છે. ૧૧૪ ચાર્જશીટ થઇ છે અને કુલ જે જમીન આમાં સંકળાયેલી છે એ એવું કહી શકાય કે ૧૩૮૪ વિઘા જેટલી જમીન ઉપર લેન્ડ ગ્રેબિંગ થયું હતું, આટલી જમીન રાજ્ય સરકારના આ કાયદા હેઠળ હવે મુખ્ય અરજદારોને પરત મળે એવી સઘન કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કપડવંજ તાલુકાના રમોછડી ગામમાં ૨૦ વરસથી જેના ઉપર કબજો અને મકાનો પોતાના છે એવી જમીન ખોટા દસ્તાવેજો ઊભા કરી કોઇ પાર્ટીએ કબજો કરવા પ્રયત્ન કર્યો છે તો એ લોકોને ન્યાય અપાવવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના તમામ ધારાસભ્યશ્રીઓને હું એ જણાવવા માગું છું કે, આની નિયત કરેલી પ્રક્રિયા છે, રૂપિયા ૨૦૦૦ ભરીને જેનું લોકસ હોય કે તે જિલ્લા કલેકટરશ્રીને અરજી કરી શકે છે અને એ જિલ્લા કલેકટરને કરેલી અરજીની નિયત સમયમર્યાદાની અંદર એ કમિટીએ કામ કરવાનું છે, નિયમ સમય મર્યાદાની અંદર પોલીસે કામ કરવાનું છે એટલે કોઇપણ ગરીબ ખેડૂતની જમીન જો ઘસાઇ ગઇ હશે કે કોઇની હેરાનગતિ હશે એને ન્યાય અપાવવા માટે આ કાયદો કટિબદ્ધ છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું પણ છે અને મંત્રીશ્રીનું ધ્યાન પણ દોરવું છે. આ કાયદો છે એ કોઇની પ્રાઇવેટ જમીન દબાણ કરી હોય અને એ અરજી કરે તો એમના માટેની પ્રોસિજર થતી હોય છે. મારે મંત્રીશ્રીનું એ ધ્યાન દોરવું છે કે, સરકારી જમીનો હોય અને સરકારી જમીનોમાં આપણા જે સ્ટેટ, પંચાયત, પ્લાનિંગ, નોન પ્લાનિંગના રસ્તાઓ આવેલા હોય અને એ રસ્તાઓમાં જેણે બિનઅધિકૃત દબાણો કર્યા હોય, બિનઅધિકૃત દબાણો તો થયા છે પણ બિનઅધિકૃત એની આજુબાજુની અંદર નાના મોટા ધાર્મિક સ્થાનો પણ ઉભા કરી દેવામાં આવેલ છે અને રસ્તામાં રાહદારીઓને ઘણી બધી અડચણ થાય છે તો આ કાયદો છે તે સરકારી મિલકતમાં કોઇએ પણ દબાણો કર્યા હોય તેમની ઉપર લાગુ કરવા માગો છો કે કેમ ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, બહુ સ્પષ્ટતા સાથે કહું છું કે, માથાભારે લોકોએ સમાજના નાના, ગરીબ લોકોને હેરાન કરવા માટે એની જમીન પચાવી પાડી છે એવા ગરીબના આંસુ લૂંછવા માટેનો આ કાયદો છે. માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રમાણેનું કહ્યું તે પ્રમાણે સરકારી જમીન ઉપર પણ જો આ પ્રમાણે કોઇએ ગેરકાયદેસર રીતે પચાવી પાડી હોય તો જિલ્લા કલેકટર સુઓમોટો પોતે આખી વિગતો ધ્યાને લઇ તે અંગે જરૂરી કાર્યવાહી કરે છે. આ કાયદો એકબીજાના હિસાબો ખતમ કરવા માટેનો નથી. આ કાયદો ગરીબોના, ખેડૂતોના હિત માટેનો કાયદો છે. કોઇને હેરાન કરવા માટે આ કાયદાની માધ્યમથી કોઇ સફળ થવાનું નથી. માત્ર માથાભારે ભૂ–માફિયાઓની સાન ઠેકાણે લાવવા માટેનો આ કાયદો છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો ફક્ત એટલો જ છે કે સરકારી જમીનમાં દબાણ છે.

અધ્યક્ષશ્રી : જવાબ આપ્યો તો ખરો, મેં સાંભળ્યો પ્લીઝ, શ્રી ભગાભાઇ આપ બેસી જાવ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા શ્રી જગદીશભાઇએ વિકાસની વાત કરી પણ ૨૫ વર્ષના ભાજપના શાસનમાં જે સરકારની નીતિઓ રહી તેના કારણે ગુજરાતમાં બુટલેગરો તો વધ્યા, પણ સાથે સાથે ખાણ–માફિયાઓ વધ્યા, રાજકીય માફિયા વધ્યા અને સાથે સાથે ભૂ–માફિયાઓ પણ વધ્યા. માનનીય મંત્રીશ્રીએ જે સુઓમોટો કરવાની વાત કરી તે સંદર્ભે મારે આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આખા રાજ્યમાં લેન્ડ બેન્કની જે વ્યવસ્થા છે તેમાં પંચાયતની જમીન હોય, ગૌચરની જમીન હોય કે સરકારી જમીન હોય તમામનો રેકોર્ડ છે. તો એક ઝુંબેશના સ્વરૂપમાં આવી તમામ જમીનો પર જે દબાણ હોય કે કબજા કરવામાં આવ્યા હોય તેના માટે આ કાયદા હેઠળ કોઇ કાર્યવાહી કરવા માગો છો કે કેમ? અને બીજા નંબરે ગરીબ ખેડૂતની આપણે ચિંતા કરતા હોઇએ તો એવા ગરીબ ખેડૂતોને પોતાની જમીન ઉપર કોઇએ કબજો કર્યો હોય અને તેના માટે ન્યાય મેળવવા અરજી કરવાની હોય તો તેના માટે બે હજાર રૂપિયાની ફી શું કામ ભરવી પડે? એક તો કાયદો જળવાતો ના હોય એટલે તેની જમીન ઉપર કોઇ કબજો કરી જાય અને પછી ન્યાય મેળવવા માટે તેને ફી ભરવી પડે તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ ફી નાબૂદ કરવા માગો છો કે કેમ ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ફી તે નજીવી ફી છે. જે જમીનની કિંમત એક કરોડ રૂપિયે વીઘો હોય, ૫૦ લાખ રૂપિયે વીઘો હોય એ ખેડૂત પોતે બે હજાર રૂપિયાની ફી ભરી શકે છે. રાજ્યમાં હજુ સુધી કોઇ પણ જગ્યાએથી આ ફી નાબૂદ કરવા માટેનો કોઇ પ્રસ્તાવ આવ્યો નથી. અનેક જગ્યાએથી લોકોએ આ સરકારને ''તમે આ કાયદો બનાવ્યો છે એટલા માટે અમે આશીર્વાદ આપીએ છીએ'' એ પ્રમાણેના ગુજરાતના ખેડૂતોના અમને આશીર્વાદ મળ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમણે બીજો પણ સવાલ કર્યો. ગુજરાતની અંદર જે પ્રકારનું શાસન પ્રસ્થાપિત થયેલુ છે તે સંદર્ભમાં હું માનનીય કોંગ્રેસના પ્રમુખને એ વાત યાદ કરાવવા માગું છું કે જયારે પ્રજા આપણને મત આપતી હોય છે ત્યારે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉપર મત આપતી હોય છે. આજે ગુજરાતની અંદર ૯૦ ટકા સીટો ભારતીય જનતા પાર્ટીને મળી તે ઉત્તમ કાયદો–વ્યવસ્થાની પરિસ્થિતિનું માપદંડ છે. મારે ઉલ્લેખ નથી કરવો તમારા વખતમાં કયા પ્રકારનું શાસન હતું, તમારા વખતમાં કયા પ્રકારની કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ હતી કે આજે તમે આ સ્થાન ઉપર જઇને બેઠા છો. તેનું કોઇ કારણ હોય તો તમારા વખતમાં નબળામાં નબળી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ હતી અને અમારા વખતમાં ઉત્તમમાં ઉત્તમ કાયદો અને વ્યવસ્થાની

પરિસ્થિતિના કારણે, સારા પ્રકારના બનાવેલા કાયદાઓને કારણે આજે અમે આ સ્થાને બેઠા છીએ. નાના ગરીબ ખેડૂતોના હિતોની રક્ષા કરવી અમારી જવાબદારી છે અને આવા ગરીબ ખેડૂતો જયારે અરજી કરશે ત્યારે એ અરજીમાં કોઇ પણ રાજકીય દખલગીરી વગર તેને ન્યાય અપાવવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચર અને પંચાયતની જમીનો આખા ગુજરાતમાં છે તેનો રેકર્ડ સરકાર પાસે છે, દરેક કલેકટરો પાસે છે તો તેમા ઝુંબેશના સ્વરૂપમાં આ કાયદા હેઠળ કાર્યવાહી કરવા માગો છો કે કેમ ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ ઉલ્લેખ કર્યો કે, સુઓમોટો અરજી કલેક્ટરના માધ્યમથી કમિટી સુધી પહોંચે એટલે આ કમિટી સુઓમોટો અરજી સ્વીકારી એ દિશામાં પણ કાર્યવાહી કરે છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જો કલેક્ટર કે કમિટી ખેડૂતોને સાથ ન આપે તો કયા પ્રકારની આપણે વ્યવસ્થા કરી છે? કારણ કે પારૂલ યુનિવર્સિટી, બરોડા ખૂબ ચર્ચિત અને વિવાદમાં રહી છે. એમાં અમારા આદિવાસી ખેડૂતોની આશરે ૧૦ વીઘા જમીન કબજે કરી છે. કલેક્ટર અને કમિટીને સતત ફરિયાદ કરી છે. કોઈ ઉત્તર મળતો નથી.

અધ્યક્ષશ્રી : આપ આ અપીલનું પ્રોવિઝન છે કે નહિ એવું પૂછો છો ને?

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : હા, જી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ કમિટીમાં કોઈ એક વ્યક્તિ નથી હોતી. એમાં કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, મ્યુનિસિપલ કમિશનર કે પોલીસ કમિશનર, અધિક નિવાસી કલેક્ટર અને રાજ્ય સરકારના ઉચ્ચકક્ષાના અધિકારીઓ વગેરે ઉપર આપણી સંપૂર્ણ શાસન વ્યવસ્થા અને વહીવટી પાંખ ચાલે છે. એ પ્રકારના સભ્યો હોય છે એટલે એવો અવિશ્વાસ કરવા માટેનું કોઈ કારણ નથી.

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન કોઈ વ્યક્તિગત નહિ, પરંતુ નીતિગત પ્રશ્ન છે કે અધિકારીને એમણે ફરિયાદ કરી, એનું નિરાકરણ ના આવ્યું તો ઉપર બીજો કોઈ ઉપાય છે? સભ્યશ્રી એમ પૂછે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ લેન્ડ ગ્રેબિંગ એક્ટના સંદર્ભમાં આગળ અપીલ કરવા માટેનું કોઈ પ્રોવિઝન નથી. પરંતુ અગ્રસચિવ (મહેસૂલ)ને પોતે કરેલી કાર્યવાહીની નોંધ મોકલી શકે છે.

**રાજ્યમાં સરકારી ઇજનેરી કોલેજોમાં વર્ગ–૩ નું મંજૂર મહેકમ**

* ૩૮૮૪૧ **શ્રી કાળાભાઇ ડાભી** (કપડવંજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં સરકારી ઇજનેરી કોલેજમાં વર્ગ–૩ નું મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે, | (૧) કુલ–૪૮૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ભરેલ જગ્યાઓ: ૨૧૦; ખાલી જગ્યાઓ: ૨૭૮ |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે? | (૩) બનતી ત્વરાએ. |

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં સરકારી કોલેજોમાં વર્ગ–૩ની ૨૭૮ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે અને કઈ કઈ સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ–૩ની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે? ખાલી જગ્યાઓ ભરવા માટે ક્યારે જાહેરાત આપી અને આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની કુલ ૧૬ કોલેજોમાં ૪૮૮ મંજૂર થયેલી જગ્યાઓ, ૨૧૦ ભરેલી જગ્યાઓ અને ૨૭૮ ખાલી જગ્યાઓ છે. આ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. નિવૃત્તિ, રાજીનામું, પ્રમોશન જેવાં અનેક કારણોસર જગ્યાઓ ખાલી પડતી હોય છે. એમણે જે સંવર્ગવાર લિસ્ટ માગ્યું છે તેમાં ૨૭ સંવર્ગ છે. જુનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્ક, મુખ્ય કારકુન, કચેરી નીરિક્ષક, ઈન્સ્ટ્રક્ટર–A ગ્રેડ, B ગ્રેડ, C ગ્રેડ, સ્ટોક કીપર, લાયબ્રેરિયન, પ્રયોગશાળા મદદનીશ, કેટલોગર, કમ્પ્યુટર ઓપરેટર, આસિસ્ટન્ટ લાઇબ્રેરિયન, કમ્પાઉન્ડર, ડેટા એન્ટ્રી ઓપરેટર, ઈન્સ્ટ્રક્ટર–મિકેનિક, આસિસ્ટન્ટ લેક્ચરર, આસિસ્ટન્ટ વર્કશોપ અધિક્ષક, ચાર્જમેન, ક્યુરેટર, ડેમોસ્ટ્રેટર, લાઇબ્રેરિયન એટેન્ડન્ટ, સ્ટેનોગ્રાફર, ટેકનિકલ આસિસ્ટન્ટ, ફોરમેન, એડમિન અને એકાઉન્ટન્ટ.

માનનીય અધ્યક્ષશ્રી, આ ખાલી જગ્યાઓમાં મારે વિગતવાર હિસાબ આપવો છે કે, કયા કારણસર અને કેમ ખાલી છે? ૨૭૮ ખાલી જગ્યાઓમાં હું ૧૪૦ અને ૧૩૮ એમ બે ભાગ પાડું છું. સરકારી ઈજનેરી કોલેજો ખાતે ખાલી રહેલી જગ્યાઓ ભરવા માટે હાલ વિવિધ સંવર્ગની ૧૪૦ જગ્યાઓ ભરવા માટે વર્ષ ૨૦૧૮–૧૯ અને વર્ષ ૨૦૧૯–૨૦ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ખાતે ભરતી કાર્યવાહી વર્ગ–૩ જુનિયર ક્લાર્ક વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૫ જગ્યાઓ, વર્ગ–૩ જુનિયર ક્લાર્ક વર્ષ ૨૦૧૯–૨૦માં ૭ જગ્યાઓ, વર્ગ–૩ સિનિયર ક્લાર્ક વર્ષ ૨૦૧૯–૨૦માં ૫૩ જગ્યાઓ, વર્ગ–૩ લેબોરેટરી આસિસ્ટન્ટ ૬૫ જગ્યાઓ મળી કુલ–૧૪૦ ખાલી જગ્યાઓનો હિસાબ આ પ્રમાણે છે. આ પ્રક્રિયા ચાલુ હતી એ દરમિયાન વર્ષ ૨૦૧૮માં નામદાર હાઇકોર્ટમાં એક

લિટિગેશન થયું એનો ચુકાદો પણ પછી નવેમ્બર–૨૦૧૯માં આવ્યો, પછીથી કોરોના આવ્યો. હવે એ પ્રક્રિયા ફરી પાછી ચાલુ કરવામાં આવશે. બીજી જે ૧૩૮ એટલે કુલ ૨૭૮ નો હિસાબ હું આપું છું, ૧૪૦ નો હિસાબ પૂરો થયો. ૧૩૮ વિવિધ ટેકનીકલ સંવર્ગ જેવા કે, ઇન્સ્પેક્ટર એ.બી.સી. વર્ષ ૨૦૧૬–૧૭ માં અત્રેથી અપાયેલ માંગણા પત્રકો સંદર્ભે ગુજરાત ગૌણ સેવા પસંદગી મારફતે ૧૬૦ ઉમેદવારોની ભરતી પ્રક્રિયા થયેલ. આ ભરતીમાં ગૌણ સેવા પસંદગી દ્વારા ૧૬૦ પૈકી ૧૫૯ની જગ્યાએ ઉમેદવારોની ફાળવણી કરવામાં આવેલી. ૧૬૦ ઉમેદવારોમાંથી ૨૧ ઉમેદવારો પ્રમાણપત્ર ચકાસણીમાં ગેરહાજર રહેલા. માઇનોરલી હું કહું છું કે, આ પ્રક્રિયામાં જગ્યાઓ નહિ ભરાવવાનાં જે કારણો છે, એમાં ૧૫૯ ઉમેદવારોમાંથી ૨૧ પોતે જ ગેરહાજર રહ્યા. નિમણૂક અપાયેલ ૧૩૮ પૈકી ૪૭ હાજર રહ્યા ન હતા. ૮ ઉમેદવારો હાજર થયા બાદ સમયાંતરે રાજીનામું આપતાં ૭૭ જગ્યા ખાલી રહેવા પામી. ૭૭ પર ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પરીક્ષા યોજી એમાંથી ૪૦ ઉમેદવારો ફાળવવામાં આવ્યા. એ ૪૦ ઉમેદવારોમાંથી ૧૫ ઉમેદવારો પ્રમાણપત્રો ચકાસણીમાં ગેરહાજર રહ્યા. આમ, ચિત્ર એ ઊભું થાય કે જગ્યાઓ ખાલી છે. એટલા માટે વિગતવાર સૌથી મોટું કારણ મારે સભાગૃહને જણાવવું છે કે, રાજય સરકારમાં બધા વિભાગોની જાહેરાતો આવે છે. ઉદાહરણ તરીકે મને એક જગ્યાએ નોકરી મળી અને એ દરમિયાન બીજા વિભાગની કોઇ જાહેરાત આવી તો હું મારી સલામતી જોઇશ, મારો વિકલ્પ એમાં, મારું પ્રમોશન, મારું ભવિષ્ય જોઇશ અને એટલા માટે એક વાર હું નોકરી મેળવી લઉ છું પછી સારો વિકલ્પ મળે એટલે હું જતો રહુ છું. આ આખી પ્રક્રિયા દરમિયાન ૧૪૦ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવી અને ૧૩૮ની માહિતી ઉપર આપી એ પ્રમાણે છે. આ ઉપરાંત છેલ્લા ત્રણ વર્ષમાં હાજર થયેલા ૨૯ ઉમેદવારો સમયાંતરે અન્યત્ર નોકરીમાં જતા રહ્યા છે. એટલે રાજય સરકારના બધા વિભાગોની માફક શિક્ષણ વિભાગ પણ આ ભરતીની પ્રક્રિયા સમયાંતરે નિયમિત રીતે કરે છે.

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ,

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રી પાસેથી જાણવા માગું છું કે, સરકારી ઇજનેરી કોલેજોની વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓ વારંવાર ખાલી શા માટે પડે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં લંબાણપૂર્વકના જવાબમાં કહ્યું છે કે,વય નિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ, બઢતી તેમજ રાજય અથવા કેન્દ્ર સરકારમાં અન્યત્ર નોકરીમાં જવાના કારણે અને બીજું પણ મેં કહ્યું કે, રાજય સરકારમાં અલગ અલગ વિભાગો દ્વારા ચાલતી નિરંતર ભરતીની પ્રક્રિયામાં ઉમેદવારો પોતાનું હિત અને સલામતી જુએ તો હાલની નોકરી જતી કરીને અન્યત્ર જાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ,

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબે કહ્યું કે, નોકરી મેળવ્યા પછી કયાંક બીજે નોકરી મળી જાય તો ચાલુ નોકરી મુકી દે, તો વેઇટિંગ લિસ્ટ છે તે વેઇટિંગ લિસ્ટ લાંબુ કરી અને જેમ જગ્યા ખાલી થતી જાય તેમ તે જગ્યા ઉપર વેઇટિંગ લિસ્ટવાળાને મૂકવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વેઇટિંગ રાખવું એ રાજ્ય સરકારનો નિયમ હોય છે. પહેલા ૧૦ ટકા વેઇટિંગ હતું પછી અમે આવી ઉદારતા રાખીને ૨૦ ટકા વેઇટિંગ કર્યું છે, એમ નિયમ પ્રમાણે ભરતીની પ્રક્રિયા ચાલુ છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ,

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં બહુ વિસ્તૃત વાત કરી છે. રાજ્યની ૧૬ સરકારી ઇજનેરી કોલેજોમાં ફકત વર્ગ–૩ની જ વાત નથી. વર્ગ–૧ની પણ ૨૯૬ જગ્યાઓ ખાલી છે, વર્ગ–૨માં પણ ૧૩૯ જગ્યાઓ ખાલી છે અને વર્ગ–૩માં ૨૭૮ જગ્યાઓ ખાલી છે. એટલે કે વર્ગ–૧ અને વર્ગ–૩ માં ૫૦ ટકા કરતાં પણ વધારે જગ્યાઓ ખાલી છે. તમે જે પ્રોસેસ કીધી એ મને ગળે ઉતરતી નથી. કારણ કે, એક બાજુ બેકારીની સંખ્યા વધારે છે, રોજગાર કચેરીમાં આંકડા પણ એટલા જ વધારે ઉમેરાય છે. તો સત્વરે આ જગ્યાઓ વહેલી ભરાય કે વર્ગ–૧માં પણ એ જ પ્રોબ્લમ છે કે ૫૦–૫૦ જગ્યાઓ ખાલી છે અને સરકારી કોલેજમાં પણ ખાલી છે તો એમાં સરકાર ઝડપથી નિર્ણય લઇને શું કરવા માગે છે? એ આપની પાસેથી જાણવા માગું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના ગળે ઉતરે કે ન ઉતરે વાસ્તવિકતા આ છે. એમાં રાજય સરકારની કયાંય નિષ્ક્રિયતા નથી. માનનીય મુખ્યમંત્રીશ્રી બધા વિભાગોનું નિયમિતપણે ખાલી જગ્યાની ભરતી પ્રક્રિયાનું મોનિટરિંગ કરે છે. અમને પણ ચિંતા છે કે કોઇ પણ વિભાગમાં જગ્યાઓ ખાલી ન રહે એ પ્રમાણનું આયોજન છે અને વહેલી તકે ભરવામાં આવશે.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે, આ વિભાગ દ્વારા વર્ગ–૩ની ભરતી માટે કોઇ જાહેરાત આપવામાં આવી છે? અને આપવામાં આવેલ જાહેરાતની છેલ્લી સ્થિતિ શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જુનિયર કારકુનની વર્ગ–૩ની જાહેરાત વર્ષ ૨૦૧૮–૧૯માં આપી, બીજી વર્ષ ૨૦૧૯–૨૦માં અને ત્રીજી પણ વર્ષ ૨૦૧૯–૨૦માં આપી. મેં કુલ–૧૪૦ જગ્યાનો જે હિસાબ ગણાવ્યો તેમ અવારનવાર વર્ષ ૨૦૧૮–૧૯, ૨૦૧૯–૨૦, ૨૦૧૯–૨૦માં અમે જાહેરાતો આપી છે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા એની પ્રક્રિયા ચાલુ છે. અત્યારના સમય અને વચ્ચેના સમય દરમ્યાન પણ ગૌણ સેવા પસંદગી મંડળ સાથે વિભાગના મંત્રી તરીકે મેં મિટિંગ પણ કરી છે. તાત્કાલિક ધોરણે એ રેગ્યુલાઇઝ થાય અને બધી જગ્યાઓ ભરાય તેના માટેના રાજય સરકારના પ્રયત્નો છે.

તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, છેલ્લે કયારે પરીક્ષા લેવામાં આવી? કોઇ ભરતી પ્રક્રિયા પેન્ડિંગ છે? પરીક્ષા લેવાઇ ગઇ હોય અને નિમણૂકો બાકી છે? અને જો બાકી છે તો કયાં સુધીમાં એમની નિમણૂક કરવામાં આવશે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હાલ ભરતી પ્રક્રિયા ચાલુ છે. હમણાં ગયા મહિનાથી જ અમે શરૂ કરી છે. એ પ્રક્રિયા વેરિફિકેશન અને બાકી બધી પ્રક્રિયામાં ચાલુ છે અને સમયાંતરે એ પ્રક્રિયા વહેલામાં વહેલી તકે અમે પૂર્ણ કરીશું.

અધ્યક્ષશ્રી : છેલ્લી એકઝામ. એમણે એમ પૂછયું કે છેલ્લી એકઝામ કયારે લેવાઇ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લી પરીક્ષા વર્ષ ૨૦૨૦માં લેવાઇ.

**ડાંગ અને નવસારી જિલ્લામાં પડી ગયેલા તથા સુકા વૃક્ષોનો નિકાલ**

* ૩૮૮૪૯ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ડાંગ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર વાવાઝોડાગ્રસ્ત, પવનથી ઉખડી પડેલ, તૂટી પડેલ અને ઉભા–સૂકા વગેરે વૃક્ષોના નિકાલની કામગીરી કોને સોંપવામાં આવેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર ક્યા પ્રકારના કેટલા વૃક્ષોનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર ક્યા પ્રકારના કેટલા લાકડાનો જથ્થો જમા થયો, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત લાકડાના જથ્થા અન્વયે સરકારને ઉક્ત વર્ષવાર કેટલી આવક થઇ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ડાંગ અને નવસારી જિલ્લામાં વાવાઝોડાગ્રસ્ત, પવનથી ઉખડી ગયેલ, તૂટી પડેલ અને ઉભા–સુકા ઝાડોના નિકાલની કામગીરી ખાતારાહે તેમજ જંગલ કામદાર સહકારી મંડળીઓ મારફતે કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે વર્ષવાર, જિલ્લાવાર નીચે જણાવ્યા પ્રમાણેના વૃક્ષોનો નિકાલ કરવામાં આવેલ છે.

| વર્ષ | જિલ્લો | વૃક્ષ | નિકાલ કરેલ વૃક્ષોની સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૧૯–૨૦ | નવસારી | સાગ, ખેર, સીસમ, સીરસ, ગુલમહોર, હેદ કલમ | ૧૨ |
| ૨૦૨૦–૨૧ (તા.૩૧–૧૨–૨૦૨૦ ની સ્થિતિએ) | નવસારી | ખેર અને બાવળ | ૩ |
| ૨૦૧૯–૨૦ | ડાંગ | સાગ, સાદડ, સીસમ, કિલાઇ, હેદકલમ, કાકડમોદળ, તણસ, ખેર, બીયો, ધામણ, બોરડી, અસન, કૂડી, હુંબ વિગેરે | ૭૪૬ |
| ૨૦૨૦–૨૧ (તા.૩૧–૧૨–૨૦૨૦ ની સ્થિતિએ) | ડાંગ | – | – |

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચે જણાવ્યા મુજબ વૃક્ષોના લાકડાનો જથ્થો જમા થયેલ છે.

| વર્ષ | જમા થયેલ ઇમારતી લાકડાનો જથ્થો (ઘ.મી.) | જમા થયેલ જલાઉ લાકડાનો જથ્થો (ઘ.મી.) |
|---|---|---|
| ૨૦૧૯–૨૦ | ૫૨૭.૪૫૮ | ૩૫૩.૨૦૮ |
| ૨૦૨૦–૨૧ (તા. ૩૧–૧૨–૨૦૨૦ ની સ્થિતિએ) | ૪.૭૭૪ | – |

(૪) ઉક્ત સ્થિતિએ લાકડાના જથ્થામાંથી રાજ્ય સરકારને નીચે જણાવ્યા મુજબ વર્ષવાર આવક થયેલ છે. (તા.૩૧–૧૨–૨૦૨૦ અંતિત)

| વર્ષ | થયેલ આવક |
|---|---|
| ૨૦૧૯–૨૦ | રૂ. ૧.૯૮ કરોડ |
| ૨૦૨૦–૨૧ (તા.૩૧–૧૨–૨૦૨૦ સ્થિતિએ) | હરાજીની પ્રક્રિયા બાકી છે. |

## ચૈત્ર ૫, ૧૯૪૩ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જંગલ કામદાર સહકારી મંડળીઓ મારફતે નિકાલ કરવામાં આવેલ મંડળીઓની પસંદગી કોના મારફતે કઇ પદ્ધતિથી થાય છે? આવી મંડળીઓની પસંદગી કરવા છાપામાં જાહેરાત આપવામાં આવે છે કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : આદિજાતિ વિસ્તારમાં મોટા ભાગે વન વિભાગ આવેલો હોય છે. વન વિભાગમાં જે કાંઇ ઝાડ પડી ગયા હોય, સૂકાઇ ગયા હોય તો એને કાઢવા માટે રાજય સરકારે પહેલાથી જ પ્રથા ઊભી કરી છે કે સરકારના નિયમાનુસાર જંગલ કામદાર મંડળીઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવે છે. સ્થાનિક આદિવાસી સમાજને રોજી–રોટી પણ મળી રહે એટલા માટે આ કામગીરી એમને સોંપવામાં આવે છે. ડાંગ જિલ્લાની અંદર ૩૧ જેટલી જંગલ કામદાર મંડળીઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવેલ છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, કામદાર મંડળીઓને રોજી–રોટીને ધ્યાનમાં રાખીને આપણે કામ આપીએ છીએ તો તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ વાવાઝોડામાં, સૂકા અને પવનથી તૂટી પડેલા ઝાડનો નિકાલ કરવા માટે કઇ કઇ મંડળીઓને કામ સોંપવામાં આવ્યું?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લાની અંદર તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જંગલ કામદાર મંડળીઓમાં ડાંગ ઉત્તર વન વિભાગ તરફથી ચાર મંડળીઓને કામ આપવામાં આવેલ છે. જેમાં આહવા જંગલ કામદાર મંડળીનો સમાવેશ થાય છે. લૌચાલી જંગલ કામદાર સહકારી મંડળીને કામ આપવામાં આવેલ છે. પીપલાઇદેવી જંગલ કામદાર સહકારી મંડળીને કામ આપવામાં આવેલ છે. સરવર જંગલ કામદાર સહકારી મંડળીને કામ આપવામાં આવેલ છે. જયારે ડાંગ દક્ષિણમાં ૧૨ જેટલી જંગલ કામદાર સહકારી મંડળીઓને કામ આપવામાં આવેલ છે. એમાં કમલ વિહિર જંગલ કામદાર સહકારી મંડળી, મહાલપાડા જંગલ કામદાર સહકારી મંડળી, બોરથલ જંગલ સહકારી મંડળી, તાકલીપાડા જંગલ કામદાર સહકારી મંડળી, ગલકુંડ જંગલ કામદાર સહકારી મંડળી, માનમોરી જંગલ કામદાર સહકારી મંડળી, આચેરડી જંગલ કામદાર સહકારી મંડળી, ચીંચલી જંગલ સહકારી મંડળી, સાકરપાતાળ જંગલ સહકારી મંડળી, મનીલ જંગલ કામદાર સહકારી મંડળી, ડાંગ પ્રદેશ જંગલ કામદાર સહકારી મંડળી, પીંપરી જંગલ કામદાર સહકારી મંડળીને કામ આપવામાં આવેલ છે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લાં બે વર્ષમાં વાવાઝોડાથી ઉખડી ગયેલ લાકડાના ૭૬૧ જેટલા ઝાડ હતા. આ ૭૬૧ ઝાડ માંથી સન ૨૦૧૯–૨૦માં હરાજી કરવામાં આવી હતી પરંતુ સન ૨૦૨૦–૨૧માં હરાજી કરી શકયા નથી. સન ૨૦૧૯–૨૦માં કરેલ હરાજીમાં પ૨૭.૪૫૮ મીટર લાકડું હતું એમાંથી ૩૫૩.૨૦૮ ઘન મીટર લાકડું જલાઉ હતું. તો આ ઇમારતી લાકડું કેટલા ઘનફૂટે વેચ્યું અને જલાઉ લાકડું કેટલા ઘનફૂટે વેચ્યું?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ઇમારતી લાકડાની વાત થઇ એમાં નવસારી જિલ્લામાં ૧૨ જેટલા વૃક્ષો પડી ગયા હતા. એમાં ૨ લાખ ૨૬ હજાર રૂપિયાની હરાજીથી આવક થઇ છે. જયારે ડાંગ જિલ્લામાં લાકડું પડી ગયેલ હતું એમાં સાગી લાકડાની આવક ૧ કરોડ ૩૯ લાખ ૬૨ હજારની થઇ છે. બિન સાગી લાકડાની આવકની વાત કરું તો ૩૭ લાખ ૮૭ હજાર જેટલી થઇ છે અને જલાઉ લાકડાની ડાંગમાં ૧૯ લાખ ૧૨ હજારની આવક થઇ છે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ હતો કે કેટલા ઘનમીટર લાકડું વેચ્યું? તમે પાચાનો ભાવ નક્કી કરતા હશો તો એ શું ભાવ નક્કી કર્યો હતો? કુલ ૭૫૮ જેટલા ઝાડ પડી ગયા એમાંથી ૧ કરોડ ૯૮ લાખની આવક થઇ છે એટલે લાકડાની સંખ્યા કરતાં આવક વધારે છે તો એક ઘનમીટર લાકડાની હરાજીમાં શું કિંમત આવી?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, લાકડાની કિંમતની વાત છે એમાં સાગી હોય, ખેર હોય અને જલાઉ લાકડું પણ હોય છે. સાગી લાકડાનો જથ્થો સારો હોય તો ઘન મીટરના ૮૦ હજાર પણ ઉપજે છે. ગુજરાત સરકાર પારદર્શિતાથી વહીવટ કરીને ઓન લાઇન હરાજી કરે છે. સાગી લાકડું હોય પણ જથ્થો નબળો હોય તો ૪૦ થી ૫૦ હજારે પણ વેચાય છે. ઇ–ઓક્શનમાં આપણે કિંમત નક્કી નથી કરી શકતા.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ અને નવસારી જિલ્લામાં વાવાઝોડાથી, પવનથી પડી ગયેલ કે તૂટી ગયેલ હોય કે ઊભા સૂકાઇ ગયેલ કુલ લાકડાનો જથ્થો કેટલો હતો અને એમાં ઇમારતી કેટલું અને જલાઉ કેટલું હતું તથા એની કિંમત કેટલી છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ આવી ગયો છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અન્ય સાગ, ખેર અને સીસમના લાકડાનો જથ્થો કેટલો હતો? તેમાં વેચાણ પેટે કેટલી આવક થઇ અને કયા કયા વૃક્ષોની હરાજી કરવાની બાકી છે?

અધ્યક્ષશ્રી : આવક તો કહી દીધી. કયા વૃક્ષોની હરાજી કરવાની બાકી છે એમ પૂછે છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં સાગની સંખ્યા ૪ હતી અને ખેરની સંખ્યા વર્ષ ૨૦૧૯–૨૦ અને વર્ષ ૨૦૨૦–૨૧માં ૪ હતી. તેમાં વર્ષ ૨૦૧૯–૨૦ની હરાજી થઇ ગઇ છે. તેના જવાબમાં આવક આવી ગઇ છે. વર્ષ ૨૦૨૦–૨૧માં કોરોનાને કારણે આપણે હરાજી કરી શક્યા નથી. એપ્રિલ મહિનામાં હરાજી નક્કી થઇ છે. એ જ પ્રકારે ડાંગ જિલ્લામાં વર્ષ ૨૦૧૯–૨૦માં સાગની સંખ્યા ૨૮૩ છે. તેની હરાજી થઇ ગઇ છે અને તેની આવક મારા જવાબમાં આવી ગયેલ છે. બીજું, સીસમની વાત કરી છે. સીસમના ૪૩ વૃક્ષો છે. તેની પણ હરાજી થઇ ગઇ છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : સીસમનું લાકડું મોંઘું આવે છે તો તેની કેટલી ઉપજ થઇ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : મેં હરાજીની ટોટલ રકમ આપી છે. ૧ કરોડ ૯૮ લાખ રૂપિયાની આવક થઇ ગઇ છે.

તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

**કપરાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

* ૩૭૮૫૪ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) **: માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વૃક્ષોના વાવેતર માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૧૯–૨૦ | ૭૩૫ |
| ૨૦૨૦–૨૧ (તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ) | ૫૨૧ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|
| ૨૦૧૯–૨૦ | ૩૯૬.૬૦ |
| ૨૦૨૦–૨૧ (તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ) | ૨૮૭.૬૧ |

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૯–૨૦ અને ૨૦૨૦–૨૧માં તા. ૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ તાલુકાવાર રોપઓના વાવેતરની કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યશ્રીએ ક્ષેત્રિય વનીકરણ માટેનો પ્રશ્ન પૂછ્યો છે. વલસાડ જિલ્લામાં ૬ તાલુકા છે. તેમાં વલસાડમાં વર્ષ ૨૦૧૯–૨૦માં અમે રોપા કર્યા છે તેનો ખર્ચ કર્યો છે ૧૮.૩૪ લાખ રૂપિયા અને વર્ષ ૨૦૨૦–૨૧માં ખર્ચ ૪.૧૨ લાખ રૂપિયા. એમ કુલ ખર્ચ ૨૨.૪૬ લાખ રૂપિયા થયો છે. ધરમપુરમાં વર્ષ ૨૦૧૯–૨૦માં ૩૪૩.૬૯ લાખ રૂપિયા અને વર્ષ ૨૦૨૦–૨૧માં ૧૯૨.૮૮ લાખ રૂપિયા. કુલ મળીને ૫૩૬.૫૭ લાખ રૂપિયા ખર્ચ કર્યો છે. કપરાડા તાલુકામાં વર્ષ ૨૦૧૯–૨૦માં ૩૯૬.૬૦ લાખ રૂપિયા અને વર્ષ ૨૦૨૦–૨૧માં ૨૮૭.૬૧ લાખ રૂપિયા. ટોટલ ખર્ચ ૬,૮૪,૨૧,૦૦૦ રૂપિયા થયો છે. ઉમરગામ તાલુકાની અંદર વર્ષ ૨૦૧૯–૨૦માં ૧૨૨.૧૬ લાખ રૂપિયા અને વર્ષ ૨૦૨૦–૨૧માં ૭૧,૮૪,૦૦૦ રૂપિયા. કુલ મળીને ૧,૯૪,૦૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ કર્યો છે. પારડીમાં ૨૦૧૯–૨૦માં કોઇ ખર્ચ કર્યો નથી. વર્ષ ૨૦૨૦–૨૧માં ૧૩.૭૧ લાખ રૂપિયા. એમ વર્ષ આખરે કુલ ખર્ચ વર્ષ ૨૦૧૯–૨૦માં ૮૮૦.૭૯ લાખ રૂપિયા અને વર્ષ ૨૦૨૦–૨૧માં ૭૭૦.૧૬ લાખ રૂપિયા. કુલ ૧૪,૫૦,૯૫,૦૦૦ રૂપિયા થયો છે. અમારો જે ભૌતિક લક્ષ્યાંક હતો ૧૪.૭૬ તેમાં ૯૮ ટકા કામગીરી અમે કરેલી છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ ક્ષેત્રિય વિભાગની નર્સરીઓ થકી હું માનું છું કે લોકલ રોજગાર ખૂબ જ ઉપલબ્ધ થાય છે ત્યારે વલસાડ જિલ્લામાં ક્ષેત્રિય વિભાગ હેઠળ નર્સરીઓ ક્યાં ક્યાં આવેલ છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં કુલ ૧૩ જગ્યાઓ ઉપર નર્સરીઓ આવેલ છે અને આ ૧૩ જગ્યાઓ ઉપર છોડના ઉછેર માટે પ્લાન્ટેશન કરીએ છીએ અને ત્યાંથી નજીકના ક્ષેત્રિય વનીકરણમાં આ રોપાઓ પૂરા પાડીએ છીએ.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૯–૨૦ અને ૨૦૨૦–૨૧માં તા. ૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ થયેલ વાવેતરમાં ઉત્પન્ન થયેલ માનવદિનની કામગીરી તાલુકાવાર અને ગામની સંખ્યા સાથે વિગતો આપશો.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૦–૨૧માં કુલ ૧ લાખ ૫ હજાર માનવદિન અમે ઉત્પન્ન કર્યા છે અને વર્ષ ૨૦૧૯–૨૦માં કુલ ૧ લાખ ૬૭ હજાર માનવદિન ઉત્પન્ન થયા છે. ગામની સંખ્યા જોઇએ તો વર્ષ ૨૦૧૯–૨૦માં ૭૯ ગામની અંદર આ કામગીરી કરી છે અને વર્ષ ૨૦૨૦–૨૧માં ૮૦ ગામની અંદર કામ કરેલ છે.

અધ્યક્ષશ્રી : ગામના નામ એમને આપી દેજો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કપરાડા તાલુકામાં રોપા વાવ્યા એમાં અત્યારે હયાત રોપ કેટલા છે અને મૃતપ્રાય કેટલા છે? એક રોપા પાછળ ખાડાનો ખર્ચ, ખાડા બુરવાનો ખર્ચ, રોપાનો ખર્ચ એમ કુલ કેટલો ખર્ચ થાય છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યશ્રી, નર્સરીમાં છોડ ઉછેર કરતા હોઇએ ત્યારે બેડ કરવા પડે. બેડ કરીને માટી, ખાતરનું પૂરણ કરીને ત્યારબાદ બીજ રોપવા પડે છે. એટલે એક રોપનો ઉછેર કરવા માટે સરકારના આંકડા પ્રમાણે ૮૬ રૂપિયાનો ખર્ચ થાય છે. વર્ષ ૨૦૧૯–૨૦માં ઓછો એટલે કે ૬૪ રૂપિયાનો ખર્ચ થયો છે. અત્યારે નર્સરીમાંથી બેગ ભરીને છોડ ઉછેર કરીએ છીએ. ક્ષેત્રિય વનની ચર્ચા કરીએ છીએ એમાં રિઝર્વ ફોરેસ્ટમાં કૂપ બનાવીએ છીએ. ૨૧૧ હેકટરમાં સરવે કરવામાં આવ્યો છે. જીવંત રોપા કેટલા છે. આની જવાબદારી રાઉન્ડ ફોરેસ્ટરની છે. બીટ ગાર્ડ અને જમાદાર સરવેમાં ભાગીદાર બને છે. ૫૦ ટકા નાયબ

ડી.એફ.ઓ. સરવે કરે છે અને ત્યારબાદ ૧૦ ટકા અહીંથી ગાંધીનગરની સરવે કરવામાં આવે છે. બીજી પદ્ધત્તિ પણ છે. એના ટેન્ડર કરવામાં આવે છે અને ટેન્ડર દ્વારા ફોરેસ્ટ વિભાગ સરવે કરે છે એ બરાબર છે કે નહિ એ ટેન્ડર પદ્ધત્તિથી સરવે કરવામાં આવે છે. આ રીતે આપણા વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે દેશમાં ૩૩ ટકા વૃક્ષો હોવા જોઇએ. સમગ્ર ભારતમાં ૨૧ ટકા અને ગુજરાતમાં ૧૧ ટકા અને સામાજિક વનીકરણ વર્ષ ૧૯૬૯માં આવ્યા પછી સામાજિક વનીકરણમાં ૩૫ ટકા જનસંખ્યા વૃક્ષોની કરી શક્યા છીએ. ગયા વર્ષનો આપનો પ્રશ્ન હતો.

અધ્યક્ષશ્રી : ગયા વર્ષનો ના કહેશો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જ્યારે આહવા, ડાંગ અને આદિવાસી વિસ્તારમાં જંગલ કટિંગ કરવા માટે અને સૂકા લાકડા બહાર કાઢવા માટે મંડળીઓને કામ સોંપવામાં આવે છે એમ અમારે ત્યાં ગીર ફોરેસ્ટમાં આવી કામગીરી કેવા પ્રકારની મંડળીઓને આપવામાં આવે છે? અમે અમારે ત્યાં ચંદનના લાકડાનું વાવેતર અમારા વાડામાં કરતા હોઇએ છીએ. એ વાવ્યા પછી ૨૫ વર્ષ પછી એને કટિંગ કરવાનું હોય ત્યારે ફોરેસ્ટ ખાતાની મંજૂરી લેવાની હોય છે. નોંધણી પણ ફોરેસ્ટ ખાતામાં કરાવવાની અને મંજૂરી પણ ફોરેસ્ટની લેવાની હોય છે. જ્યારે છોડ ૨૫ વર્ષનો થઇ જાય અને મંજૂરી લેવાની થાય ત્યારે ફોરેસ્ટ વાળા ત્યાં આવીને નિશાની કરીને જાય કે આ કાપવાનું છે. એના બીજે જ દિવસે ચંદનના લાકડાની ચોરી કરનારી ગેંગ આવીને એ કાપી જાય છે.

અધ્યક્ષશ્રી: પોતે પોતાના છોડ સાચવવા પડે. આમાં પ્રશ્ન નથી આવતો. પ્રશ્ન ક્રમાંક :૮ માનનીય કનુભાઇ (અંતરાય)

## રાજ્યમાં સરકારી ઇજનેરી કોલેજોમાં વર્ગ-૧ નું મંજૂર મહેકમ

* ૩૮૮૨૩ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) **: માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં સરકારી ઇજનેરી કોલેજમાં વર્ગ-૧ નું મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે, | (૧) કુલ-૫૩૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ભરેલ જગ્યાઓ: ૨૩૮; ખાલી જગ્યાઓ: ૨૯૬ |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે? | (૩) બનતી ત્વરાએ. |

અધ્યક્ષશ્રી : ના, ભાઇ ના. ઝાડ પોતે જ સાચવવાના હોય. ૨૫ વર્ષ ઝાડ સાચવ્યું હોય તો એક દિવસ ના સાચવો? (અંતરાય) પોતાના ધારાસભ્ય પણ પોતે જ સાચવવા પડે, ઝાડ તો પછી. ચાલો ઘણું થયું. (અંતરાય) શ્રી કનુભાઇ હાજર નથી? પ્રશ્ન પૂછોને?

શ્રી કનુભાઇ મ. બારૈયા : હાજર છું સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય ભગાભાઇ, આપ બેસી જાવ, પ્લીઝ, બેસી જાવ. આપને ઘણી તક આપું છું. આપ તકનો દુરુપયોગ કરો છો, એટલે પછી તક નહિ આપું. પ્લીઝ, બેસી જાવ. બોલ બોલ ના થાય. આ પ્રશ્નકાળ તમે બગાડી રહ્યા છો. સમય કેટલો અગત્યનો છે, પૂછો માનનીય પરેશભાઇને. આપ બેસી જાવ પ્લીઝ. (અંતરાય) તમે બોલ બોલ જ કરશો?

શ્રી ભગાભાઇ ધા. બારડ : બોલવાની પરમિશન આપો.

અધ્યક્ષશ્રી : નથી આપતો.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આના પહેલા પણ વર્ગ-૩ની ચર્ચા થઇ છે ત્યારે મારો પ્રશ્ન સરકારી ઇજનેરી કોલેજમાં વર્ગ-૧ની છેલ્લે કેટલી ભરતી કરવામાં આવી છે? ભરાયેલ જગ્યા કરતાં ખાલી જગ્યાની સંખ્યા વધારે છે તો આ ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ, બે વર્ષ કે ત્રણ વર્ષ કરતાં વધારે સમયથી ખાલી છે? અને ખાલી જગ્યાઓ ભરવાના આયોજનમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે બનતી ત્વરાએ ભરતી કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : માનનીય કનુભાઇ, વર્ગ-૩નો સરખો જ પ્રશ્ન હતો ત્યારે માનનીય મંત્રીશ્રીએ વર્ગ-૧ અને વર્ગ-૩ બંનેનો જવાબ આપ્યો છે. તમે બીજો પ્રશ્ન પૂછો.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ-૧ એ વિદ્યાર્થીઓના હિત માટે મહત્વની વસ્તુ છે ત્યારે માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા જગ્યા ખાલી પડે છે. એ ટાઇમ ટેબલ તો બહુ પહેલાથી ફિક્સ હોય છે કે આ વર્ષે આટલા નિવૃત્ત થવાના છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછોને.

શ્રી કનુભાઇ મ. બારૈયા : તો આના માટે વિદ્યાર્થીઓનું ભવિષ્ય ના બગડે એના માટે તાત્કાલિક ભરતી કરવા માગો છો કે કેમ? અને લાંબું વેઇટિંગ લિસ્ટ રાખીને કારણ કે બીજી જગ્યાએ નોકરી મળતા (અંતરાય)

અધ્યક્ષશ્રી : થઇ ગયું. લાંબું વેઇટિંગ લિસ્ટ રાખવા માંગો છો? પ્રશ્ન થઇ ગયો. આપ લાંબુ બોલી રહ્યાં છો. પછી મંત્રી પણ લાંબા જ જવાબ આપશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી મેં હમણાં જ ત્રીજા નંબરના સવાલમાં કહ્યું એ નિયમોનુસાર જ હોય છે અને વિદ્યાર્થીઓનું અહિત ના થાય, શિક્ષણ ના બગડે એના માટે જે કાંઇ ભરાયેલી જગ્યાઓ છે એમાં ખાલી જગ્યાઓના વર્કલોડને એડજેસ્ટ કરીને ગુજરાતમાં કોઇપણ કોલેજમાં કોઇપણ વિદ્યાર્થીનું શિક્ષણ કાર્ય ના બગડે એ પ્રકારનું આયોજન રાજ્ય સરકારનો અમારો વિભાગ કરે છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્યની સરકારી ઇજનેરી કોલજમાં વર્ગ-૧ની ખાલી જગ્યાઓને લીધે વિદ્યાર્થીના શૈક્ષણિક કાર્ય પર કોઇ અસર પડે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : અસર પડે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ના સાહેબ.

અધ્યક્ષશ્રી : બસ, આવી ગયો જવાબ. બીજા કોઇને આમાં પૂછવું છે? માનનીય નિરંજનભાઇ.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી માનનીય મંત્રીશ્રીએ એમના ત્રીજા જવાબમાં જણાવ્યું કે બનતી ત્વરાએ. સાહેબ મારે એક દાખલો આપવો છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછવો છે કે દાખલો આપવો છે? ઝડપથી, એક મિનિટમાં પૂછો.

શ્રી નિરંજન પુ. પટેલ : દાખલો અને પ્રશ્ન બંને જોડે જ થઇ જશે. ૧૮૨ ધારાસભ્યોની જગ્યાઓ વર્ષ ૨૦૨૨માં ખાલી થવાની છે ત્યારે આપણે એડવાન્સ પ્લાનિંગ કરીને ફોર્મ ભરાવડાવીએ છીએ, મિટિંગો કરીએ છીએ, બધું જ કરીએ છીએ તો જેમ એડવાન્સ પ્લાનિંગ આપણા માટે કરીએ છીએ. સંસદ, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતમાં એડવાન્સ પ્લાનિંગ કરીએ છીએ એવી રીતે આ એજ્યુકેશનની બાબત બહુ જરૂરી છે તો એના માટે એડવાન્સ પ્લાનિંગ કરવું પડે. દા.ત.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એડવાન્સ પ્લાનિંગ કરવા માગો છે કે કેમ? (અંતરાય)

શ્રી નિરંજન પુ. પટેલ : સાહેબ, સાંભળો તો ખરા.(અંતરાય)

અધ્યક્ષશ્રી : ના. નથી સાંભળવું. (અંતરાય) અરે નથી સાંભળવું. માનનીય નિરંજનભાઇ, પ્રશ્ન પૂછોને. આપ વડિલ છો. પ્રશ્ન પૂછો.

શ્રી નિરંજન પુ. પટેલ : મારી વાત પૂરી જ નથી થઇ.

અધ્યક્ષશ્રી : બધું પૂરું થઇ ગયું.

શ્રી નિરંજન પુ. પટેલ : સાહેબ, એક મિનિટ કોઇ ગુજરી જાય તો ૬ મહિનામાં જગ્યા પૂરીએ છીએ. પક્ષપલ્ટો કરીને જતા રહે તો ૬ મહિનામાં જગ્યા પૂરીએ છીએ. ખાલી જગ્યા હોય તો આપણે એક બીજાને હવાલો આપી દઇએ છીએ. તંત્ર ચાલે છે છતાંય ૬ મહિનામાં કેમ પૂરી દઇએ છીએ?

અધ્યક્ષશ્રી : પ્રશ્ન નથી પૂછવો તમારે?

શ્રી નિરંજન પુ. પટેલ : તો આ ટાઇપની સિસ્ટમ આપણે એજયુકેશન અને અગત્યના વિભાગોમાં એડવાન્સ પ્લાનિંગ કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માગીએ છીએ નહિ, અમારું એડવાન્સ પ્લાનિંગ હોય છે જ.

અધ્યક્ષશ્રી : ચાલુ જ છે. જવાબ આવી ગયો. આટલો સારો જવાબ છે પછી શું છે?

**રાજ્યની ગ્રાન્ટેડ કોલેજોમાં ફરજ બજાવતા અધ્યાપક સહાયકોને ફાજલનું રક્ષણ**

* ૩૮૮૧૭ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યની ગ્રાન્ટેડ કોલેજોમાં ફરજ બજાવતા અધ્યાપક સહાયકોને ફાજલ તરીકેનું રક્ષણ આપવામાં આવે છે કે કેમ, | (૧) ના જી |
| (૨) જો ના, તો તેના કારણો શાં છે, અને | (૨) નીતિ વિષયક બાબત છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ગ્રાન્ટેડ કોલેજોનાં અધ્યાપક સહાયકોને ફાજલ તરીકેનું રક્ષણ મળે તે માટેનું સરકારનું શું આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન ક્રમાંક-૧, ૨ અને ૩માં સરકારે ના, જી. નીતિ વિષયક અને પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમ જણાવ્યું છે. હું આપના મારફત સ્પષ્ટ પૂછવા માગું છું કે અધ્યાપક સહાય અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન યુ.જી.સી. રાજય સરકારને ભરતી બાબતે આનો કોઇ વિરોધ નોંધાવેલો છે કે કેમ? અને વિરોધ નોંધાવ્યો હોય તો સરકારે આ બાબતમાં શું પગલાં લીધાં? અધ્યાપક સહાય રાજ્ય સરકારની નીતિ પ્રમાણે......

અધ્યક્ષશ્રી : આવી ગયા. બે પ્રશ્ન આવી ગયા. પછી પ્રશ્ન પણ ભૂલી જવાય છે. બંને જવાબ આપી દેવા દો પહેલા.

## તારાંકિત પ્રશ્નો

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આ મહત્વનો પ્રશ્ન છે. એક જ પ્રશ્ન પૂછી લઉં.

અધ્યક્ષશ્રી : યુ.જી.સી.એ વિરોધ નોંધાવ્યો છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન કર્યું છે.

અધ્યક્ષશ્રી : યુ.જી.સી.એ વિરોધ નોંધાવ્યો છે કે કેમ? એવું પૂછે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન કર્યું છે અમે. યુ.જી.સી.ને અમે સૂચન કર્યું છે.

અધ્યક્ષશ્રી : એમણે સૂચન કર્યું છે. વિરોધ નથી નોંધાવ્યો. આવી ગયો જવાબ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, ફાજલ તરીકે રક્ષણ મળે એ માટે પુનર્વિચારણા કરી ફાજલ તરીકેનું રક્ષણ મેળવવા માટે છેલ્લાં બે વર્ષમાં સરકારને કેટલી રજૂઆત મળી? ફાજલ શિક્ષક ...

અધ્યક્ષશ્રી : હવે કશું બોલાય નહિ. પ્રશ્ન પૂછોને. જો પ્રશ્ન વધારે ચલાવવો હોય તો સીધો પ્રશ્ન પૂછો. પ્લીઝ, જો પાછું ભાષણ ચાલુ થઇ ગયું?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અમને ૩૦ રજૂઆતો મળી છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિકની અંદર શિક્ષકોને ફાજલનું રક્ષણ આપીએ છીએ. આપણે જયારે શિક્ષણના હિતની વાત કરતા હોઇએ ત્યારે અધ્યાપકોને આવો અન્યાય શા માટે? અને

અધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇ, આપ પ્રશ્ન પૂછો. અન્યાય અને એ બધી વાત કરશો એ નહિ ચાલે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભવિષ્યમાં આપણે અધ્યાપકોને ફાજલનું રક્ષણ આપવા માગીએ છીએ કે નહિ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર કોઇપણ વર્ગ, સંવર્ગ, ક્ષેત્રને અન્યાય કયારેય કરતી નથી. બધાનું હિત જ જોઇએ છીએ. કિરીટભાઇનું સૂચન છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા ઇચ્છું છું કે ગ્રાન્ટેડ કોલેજોમાં ફરજ બજાવતા પ્રોફેસરોની વાત છે તો એને જ લગતો એક પ્રશ્ન છે કે જુદા-જુદા તાલુકાઓની અંદર જુદી-જુદી કોલેજો આવેલી છે. તો ઘણા બધા તાલુકા એવા છે કે જયાં એક જ કોલેજ છે. મારી વિધાનસભાની અંદર ત્રણ તાલુકાની અંદર માત્ર એક જ કોલેજ છે તો એવો કોઇ નિયમ બનાવવા ઇચ્છો છો કે અમુક વિસ્તારને આધારિત વસ્તી હોય તો ગ્રાન્ટેડ કોલેજો ફાળવવી?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે વિસ્તારમાં કોઇપણ કોલેજ સરકારી, ગ્રાન્ટેડ કે સેલ્ફ ફાઇનાન્સ કોલેજ ન હોય તો આવા વિસ્તારોની અંદર ભવિષ્યમાં તબકકાવાર સરવે કરીને જયાં મળવાપાત્ર છે, એના નિયમનું પાલન કરીને અમે પોઝિટિવલી વિચારણા કરીએ છીએ.

### સુરતથી બેલગાવીને જોડતી ઉડાન સેવા

* ૩૮૭૨૬ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૧૬-૦૭-૨૦૧૯ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * ૧૬૨૨૫ (અગ્રતા- ૨૧૪)ના અનુસંધાને **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઉડાન યોજના અન્વયે રાજ્યના સુરતથી કિશનગઢ અને બેલગાવને જોડતી સેવા શરૂ કરવામાં આવનાર હતી તે ક્યા તબક્કે છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઉડાન યોજના અન્વયે રાજ્યના સુરતથી કિસનગઢ અને બેલગાવને જોડતી સેવા કાર્યરત છે. |
| (૨) ઉક્ત સેવા શરૂ ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩)ઉક્ત સેવા ક્યાં સુધીમાં શરૂ કરવાનું આયોજન છે? | |

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સુરત થી કિશનગઢ અને બેલગામને જોડતી ફલાઇટ ડાયરેકટ છે કે વાયા છે? મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે આ સેવા કાર્યરત છે તો આ ફલાઇટ કયા સમયે ઉપડે છે અને કેટલા સમયે અને કેટલા સ્ટોપ પછી પહોંચાડે છે. સરકારે જાહેરાત કરી હતી કે ડાયરેકટ સેવા શહેરોને જોડતી છે તો વાયા ૧૦ કલાક સુધી પહોંચાડે છે તો આને ડાયરેકટ જોડવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બેલગામ અને કિશનગઢ બંને સુરતથી ડાયરેકટ છે. વાયા નથી.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઉડાન યોજના મારફત રૂટની ફાળવણી કોના દ્વારા અને કેવી રીતે કરવામાં આવે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા ઉડાન યોજના અંતર્ગત રૂટની ફાળવણી ટેન્ડર બહાર પાડીને કરવામાં આવે છે અને એમાં એરલાઇન કંપની દ્વારા રૂટની પસંદગી કરીને ભાવો ભરવામાં આવે છે અને જે પ્રતિષ્ઠિત ઓછામાં ઓછું વાયેબિલિટી ગેપ ફંડિંગ ભરે એની પસંદગી કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નકાળ પૂરો થાય છે.

તા. ૨૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**અતારાંકિત પ્રશ્નો**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**રાજકોટ જિલ્લામાં વીડીઓમાંથી ઘાસ એકત્ર કરવા બાબત**

૩૭૯૫૦ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી કેટલું ઘાસ એકત્ર કરવામાં આવ્યું, અને

(૨) તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **એકત્રિત કરેલ ઘાસ (લાખ કિ.ગ્રા.)** |
|---|---|
| ૨૦૧૯–૨૦ | ૨૮.૦૭ |
| ૨૦૨૦–૨૧ (તા. ૩૧–૧૨–૨૦૨૦ સુધી) | ૩૫.૧૪ |

(૨)

| **વર્ષ** | **ગોડાઉનમાં સંગ્રહ કરેલ ઘાસનો જથ્થો (લાખ કિ.ગ્રા.)** |
|---|---|
| ૨૦૧૯–૨૦ | ૨૮.૦૭ |
| ૨૦૨૦–૨૧ (તા. ૩૧–૧૨–૨૦૨૦ સુધી) | ૩.૧૩ |

**ખેડા અને દાહોદ જિલ્લામાં ગૌચર જમીનમાં દબાણ**

૩૯૨૫૮ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૨૦ ની સ્થિતિએ ખેડા અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણો કરવામાં આવ્યા છે,

(૨) ઉક્ત દબાણો ક્યા પ્રકારના છે,

(૩) પંચાયત દ્વારા ઉક્ત દબાણો દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગૌચર દબાણો ક્યા સુધીમાં દૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| **ખેડા જિલ્લો** | | | **દાહોદ જિલ્લો** | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગામનું નામ** | **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગામનું નામ** |
| ૧ | ખેડા | બીડજ | ૧ | દાહોદ | ઉચવાણીયા |
| ૨ | માતર | ખડીયારાપુરા | ૨ | ઝાલોદ | કદવાલ |
| ૩ | નડિયાદ | ભૂમેલ | ૩ | ગરબાડા | સિમળીયા બુઝર્ગ |

(૨) ખેતી, રહેણાકના મકાન તેમજ ખુલ્લા વાડા પ્રકારના

(૩) સબજ્યુડીશ મેટરમાં નામ.કોર્ટના ચુકાદા બાદ આનુષાંગિક કાર્યવાહી કરવામાં આવે છે. તથા કેટલાક કિસ્સાઓમાં દબાણો દૂર કરવાની આનુષાંગિક કાર્યવાહી ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઇ મુજબ ચાલુ છે.

(૪) સબજ્યુડીશ મેટરમાં નામ.કોર્ટના ચુકાદા આવ્યા બાદ અને અન્ય કિસ્સામાં અધિનિયમની જોગવાઇ હેઠળની કાર્યવાહી પૂર્ણ થયેથી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

---------

**રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડકનેક્ટિવિટી**

૩૭૮૨૦ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં ઇ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડકનેક્ટિવિટીપૂરી પાડવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડ કનેક્ટિવિટીપૂરી પાડવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી ગ્રામ પંચાયતો ખાતે ક્યાં સુધીમાં બ્રોડબેન્ડકનેક્ટિવિટીપૂરી પાડવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) અગાઉના વર્ષોમાં ઇ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લાના તમામ તાલુકાની તમામ ૫૮૮ ગ્રામ પંચાયતો ખાતે બ્રોડબેન્ડકનેક્ટિવિટીપૂરી પાડેલ હોઇ તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ જ ગ્રામ પંચાયતને બ્રોડબેન્ડ કનેક્ટિવિટીપૂરી પાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અતારાંકિત પ્રશ્નો

**બનાસકાંઠા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓ મર્જ કરવા બાબત**

૩૮૭૩૦ **શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ૩૦થી ઓછી સંખ્યા હોય તેવી સરકારી પ્રાથમિક શાળાઓ મર્જ/બંધ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૧) હા

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળાઓ મર્જ/બંધ કરવામાં આવી, અને

(૨)

| નં. | તાલુકો | વર્ષ ૨૦૧૯ | વર્ષ ૨૦૨૦ |
|---|---|---|---|
| ૧ | અમીરગઢ | ૦૦ | ૦૦ |
| ૨ | ભાભર | ૦૦ | ૦૦ |
| ૩ | દાંતા | ૦૦ | ૦૦ |
| ૪ | દાંતીવાડા | ૦૦ | ૦૦ |
| ૫ | ડીસા | ૦૦ | ૦૧ |
| ૬ | ધાનેરા | ૦૦ | ૦૦ |
| ૭ | દિયોદર | ૦૦ | ૦૦ |
| ૮ | કાંકરેજ | ૦૧ | ૦૨ |
| ૯ | લાખણી | ૦૦ | ૦૦ |
| ૧૦ | પાલનપુર | ૦૦ | ૦૧ |
| ૧૧ | થરાદ | ૦૧ | ૦૦ |
| ૧૨ | વડગામ | ૦૦ | ૦૦ |
| ૧૩ | સૂઇગામ | ૦૦ | ૦૦ |
| ૧૪ | વાવ | ૦૦ | ૦૦ |

(૩) ઉક્ત મર્જ/બંધ કરવામાં આવેલ શાળાઓમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હતી?

(૩)

| નં. | તાલુકો | વર્ષ ૨૦૧૯ | વર્ષ ૨૦૨૦ |
|---|---|---|---|
| ૧ | થરાદ | ૧૪૨ | ૦૦ |
| ૨ | કાંકરેજ | ૧૪ | ૩૧ |
| ૩ | ડીસા | ૦૦ | ૧૦ |
| ૪ | પાલનપુર | ૦૦ | ૦૦ |

**જિલ્લા પંચાયત કચેરીના નવા મકાનની મંજૂરી**

૩૭૯૩૬ **શ્રી જે.વી. કાકડીયા** (ધારી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની કેટલી જિલ્લા પંચાયત કચેરીના નવીન મકાન બનાવવાની મંજૂરી આપવામાં આવી, અને

(૧) ૦૧

(૨) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું?

(૨) રૂ.૨૯૪૦.૦૦/- લાખ.

**મહેસાણા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન**

૩૭૭૯૬ **ડો. આશાબેન પટેલ** (ઉંઝા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર વીજ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો વીજ કનેક્શન ધરાવે છે.

(૨) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં વીજ કનેક્શન આપવામાં આવશે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જંબુસર અને આમોદ તાલુકામાં મીઠા ઉદ્યોગના કાર્યરત એકમો**

૩૮૮૬૭ **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર) **:** **માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાં મીઠા ઉદ્યોગના કેટલા એકમો કાર્યરત છે,

(૧) જંબુસર-૫૧ એકમો
આમોદ-૦૯ એકમો

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત એકમોને પાણી પહોંચાડવા માટે નખાયેલ પાઇપલાઇન જર્જરિત થઇ ગઇ હોવાની હકીકત સાચી છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો ઉક્ત પાઇપલાઇન બદલવાનું શું આયોજન છે?

(૩) માહે ડીસેમ્બર-૨૦૨૨ સુધીમાં તબક્કાવાર પાઇપ લાઇન બદલવાનું આયોજન છે.

---------

**રાજ્યમાં સરકારી ઇજનેરી કોલેજોમાં વર્ગ-૨ નું મંજૂર મહેકમ**

૩૮૮૩૫ **શ્રી પૂનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં સરકારી ઇજનેરી કોલેજોમાં વર્ગ-૨ નું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧) કુલ-૧૪૬૭
| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૪૯.૫૨ |
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ) | ૪૧.૭૨ |

---------

## બોરસદ તાલુકાની શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા

૩૮૮૨૬ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં કેટલી ખાનગી અને સરકારી શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉપલબ્ધ છે અને કેટલી શાળાઓમાં ઉપલબ્ધ નથી, અને

(૧)

| તાલુકો | ફાયર સેફ્ટીની સુવિધા | | | |
|---|---|---|---|---|
| બોરસદ | સુવિધા ધરાવતી ખાનગી પ્રાથમિક શાળાની સંખ્યા | સુવિધા વગરની ખાનગી પ્રાથમિક શાળાની સંખ્યા | સુવિધા ધરાવતી સરકારી પ્રાથમિક શાળાઓની | સુવિધા વગરની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા |

| | | | સંખ્યા | |
|---|---|---|---|---|
| | ૪૫ | ૦૦ | ૨૦૭ | ૦૦ |

| તાલુકો | ફાયર સેફ્ટીની સુવિધા | | | |
|---|---|---|---|---|
| બોરસદ | સુવિધા ધરાવતી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની સંખ્યા | સુવિધા વગરની ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની સંખ્યા | સુવિધા ધરાવતી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની સંખ્યા | સુવિધા વગરની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની સંખ્યા |
| | ૫૬ | ૦૦ | ૦૨ | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી જે શાળામાં ફાયર સેફ્ટીની સુવિધા ઉપલબ્ધ ન હોય તેવી શાળાઓમાં ક્યાં સુધીમાં ઉક્ત સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સમી ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાકના મકાનો**

૩૯૨૨૦ **શ્રી હિતુ કનોડિયા** (ઈડર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં સમી ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાકના મકાનોના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૨૫૮.૩૬ લાખની.

(૩) એ ટાઈપના સ્ટાફ કવાર્ટસની કામગીરી તા.૧૯-૦૧-૨૦૨૧ થી તથા બી ટાઈપના સ્ટાફ ક્વાર્ટર્સની કામગીરી તા.૦૪-૦૧-૨૦૨૧ થી શરૂ કરેલ છે અને સી ટાઈપના સ્ટાફ ક્વાર્ટર્સની કામગીરી મુખ્ય સ્થપતિશ્રી, ગાંધીનગર દ્વારા નકશા મંજૂર થયેથી તાંત્રિક મંજૂરી તથા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ શરૂ કરવામાં આવશે.

---------

**સોનગઢની સેન્ટ્રલ પેપર પલ્પ મીલ્સ દ્વારા વાંસની કિંમત ચૂકવવા બાબત**

૩૮૮૭૦ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સોનગઢની સેન્ટ્રલ પેપર પલ્પ મીલ્સ દ્વારા ગુજરાતના જંગલોમાંથી કાપેલા વાંસની નિયત કિંમત ચૂકવાઈ નથી કે મોડી ચૂકવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત વર્ષવાર કેટલા જથ્થા સામે કેટલી રકમ વસૂલ કરવામાં આવી, અને

(૩) જો ના, તો ઉક્ત સ્થિતિએ કરાર અન્વયે ટન દીઠ નિયત કિંમત અનુસાર વર્ષવાર કેટલી વસૂલાત જમા આવી?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ વન વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં સોનગઢની સેન્ટ્રલ પેપર પલ્પ મીલ્સને વાંસ કાઢવા માટેની કામગીરી ફાળવવામાં આવેલ નથી અને વાંસ કાઢવા માટે વન વિસ્તાર જે તે ગ્રામસભાને ફાળવવામાં આવે છે. જેથી નિયત કિંમત ચૂકવવા કે મોડી ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**વડોદરા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

૩૭૯૫૫ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતા. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલાં છે, અને | (૨) એક પણ નહીં. |
| (૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખેડા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

૩૭૯૫૬ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતા. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને | (૨) એક પણ નહીં. |
| (૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નર્મદા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા બાબત**

૩૭૮૬૨ **શ્રી શૈલેષભાઇ મહેતા** (ડભોઇ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની ધોરણ–૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાયકલ આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ–૯માં અભ્યાસ કરતી કેટલી વિદ્યાર્થીનીઓને ઉક્ત યોજનાનો લાભ મળેલ છે? | (૨) ૩,૦૬૮. |

---------

**ભરૂચ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા બાબત**

૩૭૮૭૨ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની ધોરણ–૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાયકલ આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ–૯માં અભ્યાસ કરતી કેટલી વિદ્યાર્થીનીઓને ઉક્ત યોજનાનો લાભ મળેલ છે? | (૨) ૨,૬૪૬. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની શાળાઓ**

૩૮૭૩૨ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની કેટલી શાળા, કોલેજો અને છાત્રાલયો કાર્યરત છે, અને

**જવાબ**

(૧)

| તાલુકો | શાળા | કોલેજ | છાત્રાલય |
|---|---|---|---|
| અમીરગઢ | ૦૬ | – | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| દાંતા | ૦૬ | – | ૦૨ |
| પાલનપુર | ૦૧ | – | ૦૧ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર કેટલી નવી શાળા, કોલેજો અને છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર ૦૧ (એક) શાળા મંજૂર કરવામાં આવેલ છે.

| તાલુકો | વર્ષઃ ૨૦૧૮–૧૯ | વર્ષઃ ૨૦૧૯–૨૦ |
|---|---|---|
| અમીરગઢ | ૦૧ | – |

---------

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના અમલ માટે ટાસ્ક ફોર્સની રચના**

૩૮૭૭૮ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ ના અમલીકરણ માટે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ટાસ્ક ફોર્સની રચના ક્યારે કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ ટાસ્ક ફોર્સમાં કયા પદાધિકારી અને અધિકારીઓનો સમાવેશ થયેલ છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત ટાસ્ક ફોર્સ દ્વારા કયા પ્રકારનું માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યુ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) શિક્ષણ વિભાગના તા.૦૭–૦૯–૨૦૨૦ના ઠરાવથી ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે.

(૩) ટાસ્ક ફોર્સમાં કુલ ૧૭ સભ્યોની નિમણૂક કરવામાં આવેલ છે. જેની વિગત પત્રક–અ માં સામેલ છે.

(૪) ટાસ્ક ફોર્સની રચના થયેથી હાલ સુધીની બેઠકોમાં સભ્યો દ્વારા વર્ષ ૨૦૨૧ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી કરવાની થતી કામગીરી માટે રાજ્ય કક્ષાએથી ચર્ચા કરવામાં આવી. તેની વહીવટી પ્રક્રિયા ચાલુ છે.

**પત્રક–અ**

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસમા | માન. મંત્રીશ્રી (શિક્ષણ), ગુજરાત રાજ્ય |
| ૨. | શ્રીમતી વિભાવરીબેન દવે | માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ), ગુજરાત રાજ્ય |
| ૩. | અગ્ર સચિવશ્રી | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર |
| ૪. | સચિવશ્રી | પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, ગાંધીનગર |
| ૫. | સચિવશ્રી | મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર |
| ૬. | સચિવશ્રી | આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર |
| ૭. | રજીસ્ટ્રારશ્રી | કુલપતિશ્રી, આઇ.આઇ.ટી.ઇ., ગાંધીનગર |
| ૮. | શ્રી આર.સી.રાવલ | પૂર્વ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર |
| ૯. | ડો. જયેન્દ્રસિંહ જાદવ | મદદનીશ પ્રાધ્યાપક, અમદાવાદ |
| ૧૦. | શ્રી ગિજુભાઈ ભરાડ | અધ્યક્ષ, ભરાડ વિદ્યાલય, રાજકોટ |
| ૧૧. | શ્રી વી.બી.ભેંસદડીયા | નિવૃત્ત–ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧, |
| ૧૨. | ડો. ચેતનાબેન વ્યાસ | નિવૃત્ત–ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧, |
| ૧૩. | શ્રી વિવેકભાઈ પટેલ | મેનેજીંગ ટ્રસ્ટી, આનંદનિકેતન ગ્રુપ ઓફ સ્કૂલ્સ, અમદાવાદ |
| ૧૪. | શ્રી રૂપેશભાઈ ભાટીયા | પ્રતિનિધિ, વિદ્યાભારતી સંસ્થા, પાટણ |
| ૧૫. | ડો. અશોકભાઈ ઠક્કર | આચાર્યશ્રી, આર.એમ.એસ.એ., પાટણ |
| ૧૬. | શ્રી પ્રકાશભાઈ પી. વરમોરા | અધ્યક્ષ, ફેડરેશન ઑફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ એસિશીએશન ગુજરાત |
| ૧૭. | ડો. ટી.એસ.જોષી | નિયામકશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર |

---------

**રાજ્યમાં સરકારી પોલિટેકનિક કોલેજોમાં વર્ગ–૨ નું મંજૂર મહેકમ**

૩૮૮૪૪ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પોલિટેકનિક કોલેજોમાં વર્ગ–૨ નું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) કુલ–૨૨૩૨

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|
| ૨૧૯૨ | ૪૦ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે?

(૩) બનતી ત્વરાએ.

---------

**નર્મદા જિલ્લામાં વિસ્તરણ અધિકારીની મંજૂર જગ્યાઓ**

૩૭૯૧૪ **શ્રી જિતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં વિસ્તરણ અધિકારી(પંચાયત)ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૧) ૧૧

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યા ભરાયેલ છે, અને

(૨) ૧૧

(૩) કેટલી જગ્યા ખાલી છે?

(૩) શૂન્ય.

---------

**સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણૂક**

૩૮૭૮૨ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં કેટલા તાલુકાઓની તાલુકા આરોગ્ય કચેરીમાં સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણૂક થયેલ છે અને કેટલા તાલુકાઓમાં આ જગ્યા ખાલી છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં કેટલા તાલુકાઓની તાલુકા આરોગ્ય કચેરીમાં સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણૂક થયેલ છે અને કેટલા તાલુકાઓમાં આ જગ્યા ખાલી છે તેની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | ક્રમ | તાલુકા આરોગ્ય કચેરી | સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણૂક થયેલ જગ્યાઓ | સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|
| સુરેન્દ્રનગર | ૧ | વઢવાણ | ૧ | ૦ |
| | ૨ | લીંબડી | ૦ | ૧ |
| | ૩ | લખતર | ૧ | ૦ |
| | ૪ | સાયલા | ૧ | ૦ |
| | ૫ | મુળી | ૧ | ૦ |
| | ૬ | ધ્રાંગધ્રા | ૧ | ૦ |
| | ૭ | થાન | ૧ | ૦ |
| | ૮ | ચોટીલા | ૦ | ૧ |
| | ૯ | પાટડી | ૧ | ૦ |
| | ૧૦ | ચુડા | ૧ | ૦ |
| | **કુલ** | **૧૦** | **૦૮** | **૦૨** |
| મોરબી | ૧ | મોરબી | ૧ | ૦ |
| | ૨ | માળિયા(મી) | ૧ | ૦ |
| | ૩ | ટંકારા | ૧ | ૦ |
| | ૪ | હળવદ | ૧ | ૦ |
| | ૫ | વાંકાનેર | ૦ | ૧ |
| | **કુલ** | **૦૫** | **૦૪** | **૦૧** |

(૨) ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨)

| જિલ્લાનું નામ | ક્રમ | તાલુકા આરોગ્ય કચેરી | સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|
| | | | ખાલી જગ્યા | ૧ વર્ષથી નીચે | ૧ થી ૩ વર્ષ સુધીની |
| સુરેન્દ્રનગર | ૧ | લીંબડી | ૧ | ૦ | ૧ |
| | ૨ | ચોટીલા | ૧ | ૧ | ૦ |
| | **કુલ** | | **૦૨** | **૦૧** | **૦૧** |
| મોરબી | ૧ | વાંકાનેર | ૧ | ૧ | ૦ |

(૩)ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? (૩) વહીવટી અનુકૂળતાએ.

---------

**રાજકોટ જિલ્લામાં વીડીઓમાંથી ઘાસ એકત્ર કરવા બાબત**

૩૭૯૪૭ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી કેટલું ઘાસ એકત્ર કરવામાં આવ્યું, અને

(૨) તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **એકત્રિત કરેલ ઘાસ (લાખ કિ.ગ્રા.)** |
|---|---|
| ૨૦૧૯–૨૦ | ૨૮.૦૭ |
| ૨૦૨૦–૨૧ (તા.૩૧–૧૨–૨૦૨૦ સુધી) | ૩૫.૧૪ |

(૨)

| **વર્ષ** | **ગોડાઉનમાં સંગ્રહ કરેલ ઘાસનો જથ્થો (લાખ કિ.ગ્રા.)** |
|---|---|
| ૨૦૧૯–૨૦ | ૨૮.૦૭ |
| ૨૦૨૦–૨૧ (તા.૩૧–૧૨–૨૦૨૦ સુધી) | ૩.૧૩ |

---------

**સોનગઢની સેન્ટ્રલ પેપર પલ્પ મીલ્સ દ્વારા વાંસની કિંમત વસૂલવા બાબત**

૩૮૮૭૩ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સોનગઢ સ્થિત સેન્ટ્રલ પેપર પલ્પ મીલ્સ દ્વારા રાજ્યનાં મત વિસ્તારમાંથી મેળવાયેલા વાંસના જથ્થા સામે નક્કી રખાયેલા દરની કિંમત વસૂલ થતી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત વર્ષવાર કેટલા જથ્થા સામે કેટલી રકમ વસૂલ કરવામાં આવી, અને

(૩) જો ના, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલા જથ્થા સામે કેટલી રકમ વસૂલ કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન વિભાગ દ્વારા સોનગઢ સ્થિત સેન્ટ્રલ પેપર પલ્પ મીલ્સને વાંસ કાઢવા માટેની કામગીરી ફાળવવામાં આવેલ નથી અને વાંસ કાઢવા માટે વન વિસ્તાર જે તે ગ્રામસભાને ફાળવવામાં આવે છે જેથી વન વિભાગ દ્વારા કિંમત વસૂલવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દમણગંગા ડેમમાં જંગલ/વન ખાતાની ડૂબમાં ગયેલ જમીન**

૩૮૮૩૨ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ દમણગંગા ડેમમાં જંગલ/વન ખાતાની કેટલી જમીન ડૂબમાં ગયેલ છે,

(૨) ઉક્ત જમીન અન્વયે વળતર વનીકરણ હેતુ તથા જંગલ જમીન માટેના વન વિભાગને કેટલી રકમ મળેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ અંતર્ગત દમણગંગા પ્રોજેકટ માટે ૯૭૭.૮૭ હેક. જંગલની જમીન માટે ભારત સરકારશ્રી તરફથી મંજૂરી મળેલ છે.

(૨) ભારત સરકારશ્રીની મંજૂરી પ્રમાણે વળતર વનીકરણ માટે રૂ.૪,૨૩,૪૩,૧૧૮/–વસૂલ કરવામાં આવેલ છે. તા.૩૦–૧૦–૨૦૦૨ પહેલાં આખરી મંજૂરી મળેલ હોય તેવા કેસોમાં નેટ પ્રેઝન્ટ વેલ્યુ વસૂલ કરવાની થતી નથી. પ્રસ્તુત દરખાસ્તને તા.૦૧–૦૫–૨૦૦૨ના પત્રથી આખરી મંજૂરી મળેલ હોઈ જંગલ જમીન માટેની રકમ (નેટ પ્રેઝન્ટ વેલ્યુ) વસૂલ કરવામાં આવેલ નથી.

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યા સ્થળે કેટલી જમીનમાં વનીકરણ કરવામાં આવ્યું, અને

(૩) વળતર વનીકરણ માટે મળેલ બિન જંગલ જમીન પૈકી રાજકોટ જિલ્લામાં ૧૦૯ હેક., જામનગર જિલ્લામાં ૮૫૩ હેક. અને જૂનાગઢ જિલ્લામાં ૨૭.૨૮ હેક., એમ કુલ ૯૮૯.૨૮ હેક. વિસ્તારમાં વળતર વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે. જેની વિગતો દર્શાવતું પત્રક–૧ આ સાથે સામેલ છે.

**પત્રક–૧**

**વળતર વનીકરણ માટે મળેલ બીન જંગલ જમીન ઉપર હાથ ધરવામાં આવેલ વાવેતરની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | જિલ્લો | તાલુકો | ગામ | વનીકરણ કરવામાં આવેલ વિસ્તાર (હેક.) |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | જેતપુર | ખારચીયા | ૨૪.૦૦ |
| | રાજકોટ | જેતપુર | દેવકી ગાલોલ | ૨૦.૦૦ |
| | રાજકોટ | જેતપુર | આરલ ટીંબડી | ૨૦.૦૦ |
| | રાજકોટ | ગોંડલ | કાગવડ | ૨૫.૦૦ |
| | રાજકોટ | જેતપુર | ડેયા | ૨૦.૦૦ |
| | **કુલ રાજકોટ** | | | **૧૦૯.૦૦** |
| ૨ | જામનગર | જામનગર | વીજરખી | ૨૫.૦૦ |
| | જામનગર | જામનગર | મોડપર | ૨૦.૦૦ |
| | જામનગર | જામનગર | તમાચણ | ૪૫.૦૦ |
| | જામનગર | જોડીયા | ટીંબડી | ૩૦૦.૦૦ |
| | જામનગર | ધ્રોલ | ભેંસદળ | ૬૦.૦૦ |
| | જામનગર | ધ્રોલ | વાંકીયા | ૮૦.૦૦ |
| | જામનગર | ખંભાળીયા | વિરમદળ | ૪૦.૦૦ |
| | જામનગર | ખંભાળીયા | જાંકસીયા | ૭૫.૦૦ |
| | જામનગર | ખંભાળીયા | કુબેર વિસોતરી | ૭૦.૦૦ |
| | જામનગર | ખંભાળીયા | ગોઈજ | ૪૮.૦૦ |
| | જામનગર | ધ્રોલ | જાયવા | ૫૦.૦૦ |
| | જામનગર | ધ્રોલ | સોયલ | ૪૦.૦૦ |
| | **કુલ જામનગર** | | | **૮૫૩.૦૦** |
| ૩ | જૂનાગઢ | માણાવદર | જીલાણા | ૧૩.૭૦ |
| | જૂનાગઢ | માણાવદર | જીલાણા | ૧૩.૫૮ |
| | **કુલ જૂનાગઢ** | | | **૨૭.૨૮** |

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાં વનીકરણ કરવાનું બાકી છે તે ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૪) વનીકરણ કરવાનું બાકી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજનનો લાભ**

૩૮૮૩૮ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એકટ હેઠળ ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજનાનો લાભ આપવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૧) બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજનાનો લાભ આપવાનો થતો નથી.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને રાઈટ ટુ એજ્યુકેશન એકટ હેઠળ ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજનાનો લાભ આપવામાં આવશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અતારાંકિત પ્રશ્નો

**વડોદરામાં ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદુષણ ફેલાવવા બાબત**

૩૮૮૬૧ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા એન્વાયરો ચેનલ પ્રા.લિ.માં આવેલ ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદુષણ ફેલાવાતું હોવાની કેટલી ફરીયાદો સરકારને મળી,

(૨) મળેલ ફરીયાદો અન્વયે ક્યા ઔદ્યોગિક એકમ સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) તે અન્વયે ક્યા એકમોને કેટલી રકમનો દંડ કોના દ્વારા કરવામાં આવ્યો, તે પૈકી કેટલી રકમ વસૂલવામાં આવી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત દંડની બાકી રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| વર્ષ | મળેલ ફરીયાદ |
|---|---|
| ૨૦૧૯ | ૦૩ |
| ૨૦૨૦ | ૦૮ |

(૨), (૩) અને (૪) નિયમાનુસારની કાર્યવાહી સારુ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડને મોકલી આપેલ છે.

---------

**વિશ્લેષણ સમિતિ દ્વારા આદિજાતિના દાખલાની ચકાસણી**

૩૯૨૬૬ **ડૉ. અનિલ જોષિયારા** (ભિલોડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિશ્લેષણ સમિતિ દ્વારા આદિજાતિના કેટલા દાખલાઓની ચકાસણી કરવામાં આવી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર આદિજાતિના કેટલા ખોટા દાખલા ધ્યાન પર આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિશ્લેષણ સમિતિ દ્વારા ૨૫૩૧ આદિજાતિના દાખલાઓની ચકાસણી કરવામાં આવી.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તા.૦૧-૦૨-૨૦૧૯થી તા.૩૧-૦૧-૨૦૨૦ સુધીમાં જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં ૦૧ કિસ્સામાં ખોટો દાખલો ધ્યાન પર આવેલ છે. જ્યારે તા.૦૧-૦૨-૨૦૨૦ થી તા.૩૧-૦૧-૨૦૨૧ સુધીમાં કોઈ કિસ્સો ધ્યાન પર આવેલ નથી.

---------

**રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજનનો લાભ**

૩૮૮૧૫ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન મળવા બાબતે રાઈટ ટુ એજ્યુકેશન કાયદાની કલમ-જમાં જોગવાઈ કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ મધ્યાહન ભોજન યોજના હેઠળ ખાસ તાલીમ કાર્યક્રમના વિદ્યાર્થીઓ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે કે કેમ, અને

(૩) જો ના, તો તેના કારણો શાં છે, અને ઉક્ત વ્યવસ્થા ક્યારથી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પાટણ જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના**

૩૯૨૨૫ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રોહીબીશન) એક્ટ, ૨૦૨૦ હેઠળના કેસો ઝડપથી ચલાવવા માટે પાટણ જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ ખાસ કોર્ટ ક્યારથી કાર્યરત કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કાયદા વિભાગ દ્વારા આ ખાસ કોર્ટ તા.૦૬-૧૧-૨૦૨૦ના અધિસૂચનાથી કાર્યરત કરવામાં આવેલ છે.

તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા બાબત**

૩૭૯૦૦ **શ્રી હર્ષ સંઘવી** (મજુરા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિની ધોરણ–૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાયકલ આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ–૯માં અભ્યાસ કરતી કેટલી વિદ્યાર્થીનીઓને ઉક્ત યોજનાનો લાભ મળેલ છે? | (૨) ૨,૬૦૮ |

---------

**મહીસાગર જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા બાબત**

૩૭૮૭૪ **શ્રી જીગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં અનુસૂચિત જનજાતિની ધોરણ–૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાયકલ આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ–૯માં અભ્યાસ કરતી કેટલી વિદ્યાર્થીનીઓને ઉક્ત યોજનાનો લાભ મળેલ છે? | (૨) ૧,૮૮૯ |

---------

**રાજ્યમાં રાજીવ ગાંધી પંચાયત સશક્તિકરણ અભિયાન હેઠળ ફાળવેલ રકમ**

૩૮૩૨૪ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજીવ ગાંધી પંચાયત સશક્તિકરણ અભિયાન હેઠળ રાજ્ય સરકારને કેટલી રકમ મળી, અને | (૧) રકમ મળેલ નથી. |
| (૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળેલ રકમ પૈકી કેટલી રકમ ક્યા જિલ્લામાં જિલ્લાવાર ફાળવવામાં આવી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લામાં ગૌચર જમીનમાં દબાણ**

૩૯૨૬૦ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૨૦ની સ્થિતિએ સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણો કરવામાં આવ્યા છે,

(૧)

| **સાબરકાંઠા જિલ્લો** | | | **પંચમહાલ જિલ્લો** | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગામની સંખ્યા** | **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગામની સંખ્યા** |
| ૧ | હિંમતનગર | ૨ | ૧ | હાલોલ | ૧ |
| ૨ | ખેડબ્રહ્મા | ૧ | ૨ | મોરવા (હ) | ૩ |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) ઉક્ત દબાણો ક્યા પ્રકારના છે, | (૨) ખેતી તેમજ રહેણાકના કાચા/મકાન પ્રકારના છે. |
| (૩) પંચાયત દ્વારા ઉક્ત દબાણો દૂર ન કરવાના કારણો શાં છે, અને | (૩) સબજ્યુડીશ મેટર હોવાથી તથા અન્ય કિસ્સાઓમાં દબાણો દૂર કરવાની આનુષાંગિક કાર્યવાહી ચાલુ હોવાના કારણે. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે? | (૪) સબજ્યુડીશ મેટરમાં નામ.કોર્ટના ચુકાદા બાદ કાર્યવાહી કરવામાં આવે છે અને અન્ય કિસ્સામાં ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની જોગવાઈ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

અતારાંકિત પ્રશ્નો

## હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના કુલપતિ વિરુધ્ધ ગેરરીતિના આક્ષેપો

૩૯૨૫૫ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : ૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૬-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ ૨૮૮૩૦ (અગ્રતા-૨૯૧)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને તેના કુલપતિ વિરુધ્ધ વહીવટી અને નાણાકીય ગેરરીતિ સંબંધમાં થયેલ આક્ષેપો અંગેની તપાસ માટે રાજ્ય સરકારે રચેલ સમિતિનો અહેવાલ મળેલ નથી તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત અહેવાલ રાજ્ય સરકારને સમિતિએ ક્યારે રજૂ કરવાનો હતો, અને | (૨) એક માસમાં |
| (૩) ઉક્ત અહેવાલ તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ મળેલ હોય તો તે અન્વયે રાજ્ય સરકારે શાં પગલાં લીધા છે ? | (૩) આક્ષેપિત કુલપતિ ડો. બી.એ.પ્રજાપતિને વિભાગના તા.૦૬-૦૩-૨૦૧૯ના હુકમથી કુલપતિના હોદ્દા પરથી દૂર કરવામાં આવેલ છે. તેમજ ડો. પ્રજાપતિનું તા.૨૫-૧૨-૨૦૨૦ ના રોજ અવસાન થયેલ છે જેથી હવે કોઈ કાર્યવાહી અપેક્ષિત નથી. |

---------

## સ્ટેચ્યુ ઓફ યુનિટીથી સુરતની ઉડાન સેવા

૩૮૭૩૫ **શ્રી શિવાભાઈ ભુરીયા** (દિયોદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૧૬-૦૭-૨૦૧૯ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ ૧૬૨૨૫ (અગ્રતા- ૨૧૪)ના અનુસંધાને **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઉડાન યોજના અન્વયે રાજ્યના સ્ટેચ્યુ ઓફ યુનિટીથી સુરત અને સુરતથી સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતી સેવા શરૂ કરવામાં આવનાર હતી તે ક્યાં તબક્કે છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઉડાન યોજના અન્વયે રાજ્યના સ્ટેચ્યુ ઓફ યુનિટીથી સુરત અને સુરતથી સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતી સેવા શરૂ કરવા એરલાઈન કંપનીને કામગીરી સોંપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સેવા શરૂ ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને | (૨) ઉક્ત સેવા સંચાલનના (Operational) કારણોસર શરૂ થયેલ નથી. |
| (૩) ઉક્ત સેવા ક્યાં સુધીમાં શરૂ કરવાનું આયોજન છે? | (૩) ઉક્ત સેવા શરૂ કરવા બાબતે હાલ કોઈ સમય નિયત કરેલ નથી. |

---------

## અમરેલી અને ભાવનગર જિલ્લામાં ચેરના વૃક્ષોનું વાવેતર

૩૮૮૨૧ **શ્રી અંબરીષભાઈ ડેર** (રાજુલા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર મેનગ્રુવ્ઝ (ચેર)ના કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યુ, અને

**જવાબ**

(૧)

| વર્ષ | ચેરના વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) | |
|---|---|---|
| | અમરેલી જિલ્લો | ભાવનગર જિલ્લો |
| ૨૦૧૯-૨૦ | ૦ | ૧૦.૦૦ |
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ | ૦ | ૭.૧૦ |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર અને જિલ્લાવાર તે અન્વયે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | |
|---|---|---|
| | અમરેલી જિલ્લો | ભાવનગર જિલ્લો |
| ૨૦૧૯-૨૦ | ૦ | ૧૩૨.૮૫ |
| ૨૦૨૦-૨૧ | ૦ | ૭૫.૧૮ |

---------

## સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોની તાકીદની ગ્રાન્ટ

૩૭૮૩૪ **શ્રી વી.ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે કોઈ ગ્રાન્ટ આપવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | ચોર્યાસી | ૨૮ | ૨,૮૦,૦૦૦/- |
| ૨ | ઓલપાડ | ૯૨ | ૯,૨૦,૦૦૦/- |
| ૩ | કામરેજ | ૫૧ | ૫,૧૦,૦૦૦/- |
| ૪ | પલસાણા | ૪૪ | ૪,૪૦,૦૦૦/- |
| ૫ | બારડોલી | ૭૬ | ૭,૬૦,૦૦૦/- |
| ૬ | મહુવા | ૬૨ | ૬,૨૦,૦૦૦/- |
| ૭ | માંડવી | ૮૮ | ૮,૮૦,૦૦૦/- |
| ૮ | માંગરોળ | ૭૧ | ૭,૧૦,૦૦૦/- |
| ૯ | ઉમરપાડા | ૩૫ | ૩,૫૦,૦૦૦/- |
| | **કુલ** | **૫૪૭** | **૫૪,૭૦,૦૦૦/-** |

---------

**બનાસકાંઠા જિલ્લામાં માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા માટે મળેલ દરખાસ્ત**

૩૭૯૪૩ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં બિનસરકારી ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળાઓના વર્ગ વધારા માટે કુલ કેટલી દરખાસ્ત મળેલ હતી, અને

(૧) ૨૬

(૨) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી દરખાસ્તને મંજૂરી આપવામાં આવી?

(૨) ૨૨

---------

**રાજ્યમાં સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨નું મંજૂર મહેકમ**

૩૮૮૦૮ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨નું મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે,

(૧)

| સંવર્ગ | કુલ મંજૂર જગ્યાઓ |
|---|---|
| મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ | ૧૫૮૫ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| ભરેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|
| ૧૧૩૮ | ૪૪૭ |

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે?

(૩) બનતી ત્વરાએ.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લાયકાત વગરના પ્રાથમિક શિક્ષકો**

૩૮૭૯૭ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓમાં માન્ય લાયકાત વિના નિમણૂક પામેલા કેટલા પ્રાથમિક શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે, અને

(૧)

| જિલ્લાનં નામ | ખાનગી શાળાની સંખ્યા | માન્ય લાયકાત વિના નિમણૂક પામેલા શિક્ષકોની સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૧૧ | ૩૧ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરજ બજાવતાં પ્રાથમિક શિક્ષકોને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

(૨) આવા શિક્ષકોને છૂટા કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**ભચાઉ ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાકના મકાનો**

૩૯૨૧૯ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ભચાઉ ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાકના મકાનોના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ. ૪૬૩.૫૪ લાખની તા.૧૭–૦૯–૨૦૧૯ના રોજ ૧૨ યુનિટની ઠરાવ ક્રમાંકઃ સીઆરક્યુ/૧૦૨૦૧૯/૫૧૫/ ગ–૧ થી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) સદર કામના ટેન્ડરની મંજૂરી મળ્યેથી બનતી ત્વરાએ.

---------

**તાપી જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના**

૩૯૨૩૪ **શ્રી મોહનભાઇ ઢોડિયા** (મહુવા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રોહીબિશન) એક્ટ, ૨૦૨૦ હેઠળના કેસો ઝડપથી ચલાવવા તાપી જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ ખાસ કોર્ટ ક્યારથી કાર્યરત કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કાયદા વિભાગ દ્વારા આ ખાસ કોર્ટ તા. ૦૬–૧૧–૨૦૨૦ની અધિસૂચનાથી કાર્યરત કરવામાં આવેલ છે.

---------

**વડોદરા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

૩૭૭૯૩ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતા. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નવસારી અને તાપી જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળાઓ**

૩૮૮૭૭ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ નવસારી અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી શાળાઓમાં પીવાના ચોખ્ખા પાણી માટે આર.ઓ.સિસ્ટમ લગાવેલ છે,

**જવાબ**

(૧)

| જિલ્લો | પ્રાથમિક શાળાની સંખ્યા |
|---|---|
| નવસારી | ૬૯૯ |
| તાપી | ૮૦૨ |

(૨)

| જિલ્લો | આર.ઓ.સિસ્ટમ લગાવેલ પ્રાથમિક શાળાની સંખ્યા |
|---|---|
| નવસારી | ૫૮૧ |

| | |
|---|---|
| તાપી | ૩૮૫ |

(૩) ઉક્ત આર.ઓ.સિસ્ટમ રિપેરિંગનો કોન્ટ્રાક્ટ કોને આપવામાં આવેલ છે, અને

(૩)

| જિલ્લો | રિપેરિંગનો કોન્ટ્રાક્ટ આપેલ એજન્સીનું નામ |
|---|---|
| નવસારી | મે.આઇમા એન્જિનિયરિંગ કંપની, અમદાવાદ |
| તાપી | મે.આઇમા એન્જિનિયરિંગ કંપની, અમદાવાદ |

(૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ઉક્ત પેટે ઉક્ત જિલ્લાવાર ચૂકવવામાં આવી?

(૪)

| જિલ્લો | વર્ષ ૨૦૧૮-૧૯ માં ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) | વર્ષ ૨૦૧૯-૨૦ માં ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| નવસારી | ૩૪.૧૫ | ૧૦.૬૧ |
| તાપી | ૪.૨૬ | ૧.૭૯ |

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળાઓ**

૩૮૭૪૨ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૧)

| જિલ્લો | પ્રાથમિક શાળાની સંખ્યા |
|---|---|
| પાટણ | ૮૦૬ |
| મહેસાણા | ૧૦૦૩ |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી શાળાઓમાં પીવાના ચોખ્ખા પાણી માટે આર.ઓ.સિસ્ટમ લગાવેલ છે,

(૨)

| જિલ્લો | આર.ઓ.સિસ્ટમ લગાવેલ પ્રાથમિક શાળાની સંખ્યા |
|---|---|
| પાટણ | ૪૭૫ |
| મહેસાણા | ૭૪૪ |

(૩) ઉક્ત આર.ઓ.સિસ્ટમ રિપેરિંગનો કોન્ટ્રાક્ટ કોને આપવામાં આવેલ છે, અને

(૩)

| જિલ્લો | રિપેરિંગનો કોન્ટ્રાક્ટ આપેલ એજન્સીનું નામ |
|---|---|
| પાટણ | મે.રેઈન ડ્રોપ વોટર ટેકનોલોજી, અમદાવાદ |
| મહેસાણા | મે.આઇમા એન્જિનિયરિંગ કંપની, અમદાવાદ |

(૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ઉક્ત પેટે ઉક્ત જિલ્લાવાર ચૂકવવામાં આવી?

(૪)

| જિલ્લો | વર્ષ ૨૦૧૮-૧૯ માં ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) | વર્ષ ૨૦૧૯-૨૦ માં ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| પાટણ | ૦૫.૬૯ | ૦૧.૫૯ |
| મહેસાણા | ૧૧.૭૬ | ૦૬.૨૯ |

---------

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં સિંહોના શિકારની ઘટનાઓ**

૩૮૮૦૨ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૨૦-૦૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં સિંહ, સિંહણ અને સિંહબાળના શિકારની કેટલી ઘટનાઓ બની,

(૧) સિંહ, સિંહણ અને સિંહબાળના શિકારની કોઈ ઘટનાઓ બનેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી ઘટનાઓના ભેદ ઉકેલાયા,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઇસમો સામે શી કાર્યવાહી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ સિંહ, સિંહણ અને સિંહબાળના શિકારની ઘટનાઓ નિવારવા શી કાર્યવાહી કરી છે?

(૪) શિકારની ઘટનાઓ નિવારવા માટે નીચેની વિગતે પગલાં લેવામાં આવેલ છે.

- ક્ષેત્રિય સ્ટાફને વાહન, હથિયાર, વોકીટોકી, ટેબ્લેટથી સુસજ્જ કરી સતત ફેરણા અને નાઈટ પેટ્રોલિંગ કરવામાં આવે છે. સમયાંતરે પોલીસ વિભાગ, વન વિભાગ દ્વારા સંયુક્ત પેટ્રોલીંગ પણ કરવામાં આવે છે. વન્યપ્રાણીના રેસ્ક્યુ માટે રેપીડ એક્શન ટીમ તથા રેસ્ક્યુ ટીમની રચના કરવામાં આવેલ છે.
- ચેકીંગનાકા પર સી.સી.ટી.વી. કેમેરા મૂકવામાં આવેલ છે તથા હાઈટેક મોનીટરીંગ યુનિટ કાર્યરત કરવામાં આવેલ છે. વન્યપ્રાણી મિત્રો ૨૯૩, ટ્રેકર્સ ૧૬૦ કાર્યરત છે.
- સિંહોના વિચરણનું સતત મોનીટરીંગ કરવા માટે સિંહોને રેડિયો કોલરીંગ કરવામાં આવેલ છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં કોલેજોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૩૮૮૫૬ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૫–૦૨–૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કેટલી કોલેજ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી સંવર્ગવાર વિષયવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે. અને વિષયવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) પત્રક–૧ મુજબ

(૨) ગ્રાન્ટેડ કોલેજોઃ પત્રક–૨ મુજબ
નોન ગ્રાન્ટેડ કોલેજોઃ લાગુ પડતુ નથી.

(૩) બનતી ત્વરાએ

**પત્રક–૧**

**તાલુકાવાર ગ્રાન્ટેડ કોલેજની વિગત**

| તાલુકો | આર્ટસ પ્રવાહ | આર્ટસ & કોમર્સ પ્રવાહ | આર્ટસ, કોમર્સ & વિજ્ઞાન પ્રવાહ | કુલ |
|---|---|---|---|---|
| બોડેલી | – | ૧ | – | ૧ |
| પાવીજેતપુર | ૧ | – | – | ૧ |
| સંખેડા | – | ૧ | – | ૧ |
| છોટાઉદેપુર | – | – | ૧ | ૧ |
| નસવાડી | – | – | – | – |
| ક્વાંટ | – | – | – | – |
| **કુલ** | **૧** | **૨** | **૧** | **૪** |

**તાલુકા વાર નોન ગ્રાન્ટેડ કોલેજની વિગત**

| તાલુકો | આર્ટસ પ્રવાહ | આર્ટસ & કોમર્સ પ્રવાહ | વિજ્ઞાન પ્રવાહ | કુલ |
|---|---|---|---|---|
| બોડેલી | – | – | – | – |
| પાવીજેતપુર | – | – | ૧ | ૧ |
| સંખેડા | – | – | – | – |
| છોટાઉદેપુર | – | – | – | – |
| નસવાડી | – | – | – | – |
| ક્વાંટ | – | – | – | – |

| કુલ | – | – | ૧ | ૧ |
|---|---|---|---|---|

**પત્રક–૨**

**જિલ્લોઃ છોટાઉદેપુર**

**ભાગ–૧**

| ક્રમ | તાલુકો | કોલેજનું નામ | આચાર્ય | | | ક્યારથી ખાલી છે | અધ્યાપકો | | | ક્યારથી ખાલી છે | પી.ટી.આઇ. | | | ક્યારથી ખાલી છે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | |
| ૧ | છોટા ઉદેપુર | નટવરસિંહજી આર્ટસ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, છોટાઉદેપુર | ૧ | ૧ | ૦ | – | ૪૫ | ૧૮ | ૨૭ | એક વર્ષ કરતા વધુ સમયથી | ૧ | ૧ | ૦ | – |
| ૨ | પાવી જેતપુર | શ્રી એમ.સી.રાઠવા આર્ટસ કોલેજ, પાવી જેતપુર | ૧ | ૦ | ૧ | એક વર્ષ કરતા વધુ સમયથી | ૧૩ | ૯ | ૪ | એક વર્ષ કરતા વધુ સમયથી | ૧ | ૧ | ૦ | – |
| ૩ | બોડેલી | શેઠ ટી.સી. કાપડીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોડેલી | ૧ | ૧ | ૦ | – | ૧૩ | ૧૨ | ૧ | એક વર્ષ કરતા વધુ સમયથી | ૧ | ૧ | ૦ | – |
| ૪ | સંખેડા | કાપડીયા એન.એમ.એમ.એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા | ૧ | ૧ | ૦ | – | ૧૪ | ૮ | ૬ | એક વર્ષ કરતા વધુ સમયથી | ૧ | ૧ | ૦ | – |
| **છોટાઉદેપુર જિલ્લાનું કુલઃ** | | | **૪** | **૩** | **૧** | | **૮૫** | **૪૭** | **૩૮** | | **૪** | **૪** | **૦** | |

**ભાગ–૨**

| ક્રમ | તાલુકો | કોલેજનું નામ | ગ્રંથપાલ | | | ક્યારથી ખાલી છે | વર્ગ–૩ | | | ક્યારથી ખાલી છે | વર્ગ–૪ | | | ક્યારથી ખાલી છે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | |
| ૧ | છોટા ઉદેપુર | નટવરસિંહજી આર્ટસ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, છોટાઉદેપુર | ૧ | ૧ | ૦ | – | ૧૪ | ૪ | ૧૦ | એક વર્ષ કરતા વધુ સમયથી | ૧૫ | ૩ | ૧૨ | એક વર્ષ કરતા વધુ સમયથી |
| ૨ | પાવી જેતપુર | શ્રી એમ.સી.રાઠવા આર્ટસ કોલેજ, પાવી જેતપુર | ૧ | ૦ | ૧ | એક વર્ષ કરતા વધુ સમયથી | ૫ | ૨ | ૩ | એક વર્ષ કરતા વધુ સમયથી | ૬ | ૨ | ૪ | એક વર્ષ કરતા વધુ સમયથી |
| ૩ | બોડેલી | શેઠ ટી.સી. કાપડીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોડેલી | ૧ | ૦ | ૧ | એક વર્ષ કરતા વધુ સમયથી | ૮ | ૨ | ૬ | એક વર્ષ કરતા વધુ સમયથી | ૭ | ૨ | ૫ | એક વર્ષ કરતા વધુ સમયથી |
| ૪ | સંખેડા | કાપડીયા એન.એમ.એમ.એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા | ૧ | ૦ | ૧ | એક વર્ષ કરતા વધુ સમયથી | ૪ | ૧ | ૩ | એક વર્ષ કરતા વધુ સમયથી | ૬ | ૦ | ૬ | એક વર્ષ કરતા વધુ સમયથી |
| **છોટાઉદેપુર જિલ્લાનું કુલઃ** | | | **૪** | **૧** | **૩** | | **૩૧** | **૯** | **૨૨** | | **૩૪** | **૭** | **૨૭** | |

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં લાયકાત વગરના પ્રાથમિક શિક્ષકો**

૩૮૭૯૦ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓમાં માન્ય લાયકાત વિના નિમણૂક પામેલા કેટલા પ્રાથમિક શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરજ બજાવતાં પ્રાથમિક શિક્ષકોને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| **જિલ્લાનાં નામ** | **ખાનગી શાળાની સંખ્યા** | **માન્ય લાયકાત વિના નિમણૂક પામેલા શિક્ષકોની સંખ્યા** |
|---|---|---|
| રાજકોટ | ૧૫૬ | ૫૦૮ |
| પોરબંદર | ૦૦ | ૦૦ |

(૨) આવા શિક્ષકોને છૂટા કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં સ્ટેટ લેવલ એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટીની રચના**

૩૮૭૬૩ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં સ્ટેટ લેવલ એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી

**જવાબ**

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં સ્ટેટ લેવલ એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી

(એસઈઆઈએએ)ની રચના ક્યારે થયેલ છે,

(એસઈઆઈએએ)ની રચના ભારત સરકારશ્રીના પર્યાવરણ, વન અને જળ વાયુ પરિવર્તન મંત્રાલય, નવી દિલ્હી દ્વારા તારીખ ૨૮-૦૬-૨૦૧૭ના ગેઝેટ નોટીફીકેશન નં. S.O.2031(E) થી કરવામાં આવેલ છે જેની મુદ્દત તારીખ ૨૭-૦૬-૨૦૨૦ના રોજ પૂરી થતા કેન્દ્ર સરકારશ્રી દ્વારા નોટીફીકેશન નં. S.O.2195(E), તારીખ ૦૩-૦૭-૨૦૨૦ દ્વારા મુદ્દત તારીખ ૨૭-૧૨-૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ.

(૨) ઉક્ત સ્થિતિએ સમિતિના સભ્યો અને ચેરમેન કોણ છે,

(૨)

| ક્રમ નં. | હોદ્દો | નામ |
|---|---|---|
| ૧ | અધ્યક્ષ | શ્રી સી.એલ. મીના, આઈએએસ (રીટાયર્ડ) |
| ૨ | સભ્યશ્રી | શ્રી જી.એચ.બન, એસોશિયેટ પ્રોફેસર, એલ.ડી.એન્જિનિયરીંગ કોલેજ, અમદાવાદ |
| ૩ | સભ્ય સચિવ | નાયબ અથવા સંયુક્ત અથવા અધિક સચિવ (પર્યાવરણ), વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર |

(૩) ઉક્ત સમિતિની છેલ્લે બેઠક ક્યારે મળેલ, અને

(૩) તારીખ ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત સમિતિની છેલ્લે બેઠક તારીખ ૨૪-૧૨-૨૦૨૦ના રોજ મળેલ.

(૪) ઉક્ત સમિતિની મુદ્દત કેટલા સમય માટેની હોય છે?

(૪) ઉક્ત સમિતિની મુદ્દત ત્રણ વર્ષ માટેની હોય છે અને ખાસ કિસ્સામાં કેન્દ્ર સરકારશ્રી દ્વારા સદર સમિતિની મુદ્દત વધુ ૧૨ મહિના માટે લંબાવી શકાય છે.

---------

## કચ્છ જિલ્લામાં વિસ્તરણ અધિકારીની મંજૂર જગ્યાઓ

૩૭૮૩૧ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં વિસ્તરણ અધિકારી(ખેતી)ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં વિસ્તરણ અધિકારી(ખેતી)ની ૧૪ (ચૌદ) જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ૧૨ (બાર) જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) ૨(બે) જગ્યાઓ ખાલી છે.

---------

## સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોની તાકીદની ગ્રાન્ટ

૩૭૮૩૨ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે કોઈ ગ્રાન્ટ આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | ચોર્યાસી | ૨૮ | ૨,૮૦,૦૦૦/- |
| ૨ | ઓલપાડ | ૯૨ | ૯,૨૦,૦૦૦/- |
| ૩ | કામરેજ | ૫૧ | ૫,૧૦,૦૦૦/- |
| ૪ | પલસાણા | ૪૪ | ૪,૪૦,૦૦૦/- |
| ૫ | બારડોલી | ૭૬ | ૭,૬૦,૦૦૦/- |
| ૬ | મહુવા | ૬૨ | ૬,૨૦,૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| ૭ | માંડવી | ૮૮ | ૮,૮૦,૦૦૦/- |
| ૮ | માંગરોળ | ૭૧ | ૭,૧૦,૦૦૦/- |
| ૯ | ઉમરપાડા | ૩૫ | ૩,૫૦,૦૦૦/- |
| | **કુલ** | **૫૪૭** | **૫૪,૭૦,૦૦૦/-** |

---------

**નવસારી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર**

૩૭૮૬૧ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લાના નવસારી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | રોપા (સંખ્યામાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૩૨,૦૦૦ |
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ) | ૪૮,૩૦૦ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૪૯.૫૨ |
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ) | ૪૧.૭૨ |

---------

**અમદાવાદથી બેલગાવને જોડતી ઉડાન સેવા**

૩૮૭૬૧ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૧૬-૦૭-૨૦૧૯ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ ૧૬૨૨૫ (અગ્રતા- ૨૧૪)ના અનુસંધાને **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઉડાન યોજના અન્વયે રાજ્યના અમદાવાદથી કિશનગઢ, ઉદેપુર અને બેલગાવીને જોડતી સેવા શરૂ કરવામાં આવનાર હતી તે ક્યાં તબક્કે છે,

(૨) ઉક્ત સેવા શરૂ ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત સેવા ક્યાં સુધીમાં શરૂ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઉડાન યોજના અન્વયે રાજ્યના અમદાવાદથી કિશનગઢ, ઉદેપુર અને બેલગાવીને જોડતી સેવા હાલમાં કાર્યરત છે.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં ડીસ્ટ્રીક્ટ એન્વાયરમેન્ટ પ્લાન બનાવવા બાબત**

૩૮૭૭૫ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા તા.૨૬-૦૯-૨૦૧૯ ના રોજ ઓ.એ.નં. ૩૬૦ ઓફ ૨૦૧૮ (શ્રીનાથ શર્મા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા) કેસમાં રાજ્યોને તમામ જિલ્લાઓમાં ડીસ્ટ્રીક્ટ એન્વાયરમેન્ટ પ્લાન બનાવવા સૂચવ્યુ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સરકારે ઉક્ત બાબતે શાં પગલાં ભર્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ ડીસ્ટ્રીક્ટ એન્વાયરમેન્ટ પ્લાન બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓ માટે ડીસ્ટ્રીક્ટ એન્વાયરમેન્ટ કમીટીઓનું ગઠન કરવામાં આવેલ છે.

(૩) રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓ માટે ડીસ્ટ્રીક્ટ એન્વાયરમેન્ટ પ્લાન તૈયાર કરી દેવામાં આવેલ છે.

અતારાંકિત પ્રશ્નો

**અરવલ્લી જિલ્લામાં નોંધણી કચેરીના મકાન માટે જમીન ફાળવવા બાબત**

૩૮૭૫૧ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ચેરીટીતંત્રની જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરીના મકાનના બાંધકામ માટે જમીન ફાળવવા ક્યારે નિર્ણય લેવામાં આવેલ છે, | (૧) તા.૧૫–૧૧–૧૮ ના રોજ. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યારે જમીન ફાળવવામાં આવેલ છે, | (૨) કલેક્ટરશ્રી અરવલ્લીના તા.૧૫–૧૧–૨૦૧૮ ના હુકમથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કચેરીના મકાન બાંધકામની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૩) મકાન બાંધકામના ખર્ચ અંગેની વહીવટી મંજૂરીની પ્રક્રિયામાં છે. |
| (૪) ઉક્ત મકાન બાંધકામની કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવાનું આયોજન છે? | (૪) વહીવટી મંજૂરી મળ્યા બાદ મકાન બાંધકામની કામગીરી માર્ગ અને મકાન વિભાગને સૂપરત કરવામાં આવશે. અંદાજીત ખર્ચ રૂ.૨,૮૩,૩૦,૦૦૦/– |

---------

**ખેડા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

૩૭૮૬૫ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડીયા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતા. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને | (૨) એક પણ નહીં. |
| (૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પંચમહાલ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન**

૩૭૮૦૩ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર વીજ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૧)

| તાલુકાનું નામ | વીજ કનેક્શનની સુવિધા ન ધરાવતા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|
| ગોધરા | ૧૮ |
| ઘોઘંબા | ૩૦ |
| હાલોલ | ૧ |
| જાંબુઘોડા | ૦ |
| કાલોલ | ૪ |
| મોરવા | ૧૬ |
| શહેરા | ૧ |

(૨) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં વીજ કનેક્શન આપવામાં આવશે?

(૨) સત્વરે.

---------

**ખેડા અને સુરત જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળાઓ**

૩૮૮૪૨ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ખેડા અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૧)

| જિલ્લો | પ્રાથમિક શાળાની સંખ્યા |
|---|---|
| ખેડા | ૧૩૭૪ |
| સુરત | ૯૭૬ |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી શાળાઓમાં પીવાના ચોખ્ખા પાણી માટે આર.ઓ. સિસ્ટમ લગાવેલ છે,

(૨)

| જિલ્લો | આર.ઓ. સિસ્ટમ લગાવેલ પ્રાથમિક શાળાની સંખ્યા |
|---|---|
| ખેડા | ૧૧૬૦ |
| સુરત | ૫૩૩ |

(૩) ઉક્ત આર.ઓ.સિસ્ટમ રિપેરિંગનો કોન્ટ્રાક્ટ કોને આપવામાં આવેલ છે, અને

(૩)

| જિલ્લો | રિપેરિંગનો કોન્ટ્રાક્ટ આપેલ એજન્સીનું નામ |
|---|---|
| ખેડા | મે.આઇમા એન્જિનિયરિંગ કંપની, અમદાવાદ |
| સુરત | મે.આઇમા એન્જિનિયરિંગ કંપની, અમદાવાદ |

(૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ઉક્ત પેટે ઉક્ત જિલ્લાવાર ચૂકવવામાં આવી?

(૪)

| જિલ્લો | વર્ષ ૨૦૧૮-૧૯ માં ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) | વર્ષ ૨૦૧૯-૨૦ માં ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ખેડા | ૬.૬૯ | ૬.૪૧ |
| સુરત | ૨૧.૯૦ | ૩.૮૯ |

---------

**સુરત અને છોટા ઉદેપુર જિલ્લામાં લાયકાત વગરના પ્રાથમિક શિક્ષકો**

૩૮૮૫૦ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સુરત અને છોટા ઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓમાં માન્ય લાયકાત વિના નિમણૂક પામેલા કેટલા પ્રાથમિક શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે, અને

(૧)

| જિલ્લાનાં નામ | ખાનગી શાળાની સંખ્યા | માન્ય લાયકાત વિના નિમણૂક પામેલા શિક્ષકોની સંખ્યા |
|---|---|---|
| સુરત | ૨૮૭ | ૬૦૯ |
| છોટા ઉદેપુર | ૦૦ | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરજ બજાવતાં પ્રાથમિક શિક્ષકોને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

(૨) આવા શિક્ષકોને છૂટા કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશનની નિમણૂક**

૩૯૨૫૯ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૧૦-૧૨-૨૦૧૯ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ ૨૦૮૪૬(અગ્રતા- ૨૨૦)ના અનુસંધાને **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશનના માળખાની રચના કરી જગ્યાઓ ઉભી કરવામાં આવી હતી તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જગ્યાઓ પૈકી કઈ જગ્યાઓ મદદનીશ સરકારી વકીલને બઢતી આપીને ભરવામાં આવી છે, અને

(૨) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જગ્યાઓ પૈકી કોઈ જગ્યા મદદનીશ સરકારી વકીલને બઢતી આપીને ભરવામાં આવી નથી.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઉભી કરવામાં આવેલ તમામ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ઉક્ત સ્થિતિએ આવી કોઈ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ ન હોય સદર પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોની તાકીદની ગ્રાન્ટ**

૩૭૯૩૧ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક

(૧) હા, જી.

વર્ષમાં રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે કોઈ ગ્રાન્ટ આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | ધોરાજી | ૩૦ | ૩,૦૦,૦૦૦/- |
| ૨ | ગોંડલ | ૭૯ | ૭,૯૦,૦૦૦/- |
| ૩ | જસદણ | ૫૯ | ૫,૯૦,૦૦૦/- |
| ૪ | જેતપુર | ૪૮ | ૪,૮૦,૦૦૦/- |
| ૫ | જામકંડોરણા | ૫૦ | ૫,૦૦,૦૦૦/- |
| ૬ | કોટડા સાંગાણી | ૪૨ | ૪,૨૦,૦૦૦/- |
| ૭ | લોધીકા | ૩૭ | ૩,૭૦,૦૦૦/- |
| ૮ | વીંછીયા | ૪૬ | ૪,૬૦,૦૦૦/- |
| ૯ | ઉપલેટા | ૫૧ | ૫,૧૦,૦૦૦/- |
| ૧૦ | પડધરી | ૬૦ | ૬,૦૦,૦૦૦/- |
| ૧૧ | રાજકોટ | ૮૯ | ૮,૯૦,૦૦૦/- |
| | **કુલ** | **૫૯૧** | **૫૯,૧૦,૦૦૦/-** |

---------

**તાપી જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના**

૩૯૨૩૧ **શ્રી જિતુભાઇ ચૌધરી** (કપરાડા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રોહીબિશન) એકટ, ૨૦૨૦ હેઠળના કેસો ઝડપથી ચલાવવા તાપી જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ ખાસ કોર્ટ ક્યારથી કાર્યરત કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કાયદા વિભાગ દ્વારા આ ખાસ કોર્ટ તા.૦૬-૧૧-૨૦૨૦ની અધિસૂચનાથી કાર્યરત કરવામાં આવેલ છે.

---------

**ભાવનગર અને અમરેલી જિલ્લામાં લાયકાત વગરના પ્રાથમિક શિક્ષકો**

૩૮૮૨૪ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ભાવનગર અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓમાં માન્ય લાયકાત વિના નિમણૂક પામેલા કેટલા પ્રાથમિક શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરજ બજાવતાં પ્રાથમિક શિક્ષકોને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| જિલ્લાનાં નામ | ખાનગી શાળાની સંખ્યા | માન્ય લાયકાત વિના નિમણૂક પામેલા શિક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ભાવનગર | ૧૪૫ | ૧૯૫ |
| અમરેલી | ૧૦૭ | ૩૧૯ |

(૨) આવા શિક્ષકોને છૂટા કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

**રાજ્યની ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપકોને યુજીસીની જોગવાઈ મુજબ લાભો**

૩૮૮૧૯ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ યુજીસીની જોગવાઇઓ મુજબ પગાર ધોરણ, સળંગ નોકરી, કેરીયર એડવાન્સમેન્ટ (સીએએમ) ફાજલ રક્ષણ, તબીબી અને અન્ય રજાઓ વગેરેનાં લાભો રાજ્યની ગ્રાન્ટેડ કોલેજોનાં અધ્યાપકો, અધ્યાપક સહાયકને આપવામાં આવે છે કે કેમ,

**જવાબ**

(૧) રાજ્યની ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપકોને યુજીસીની જોગવાઈઓ મુજબ પગાર ધોરણ, તબીબી અને રજાઓના લાભ આપવામાં આવે છે. જ્યારે અધ્યાપક સહાયકોને રાજ્ય સરકારની નીતિ મુજબ પગાર ધોરણ, તબીબી અને રજાઓના લાભ આપવામાં આવે છે.

(૨) જો ના, તો તેના કારણો શાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત લાભો ઉક્ત અધ્યાપકો અને અધ્યાપક સહાયકોને આપવાનું શું આયોજન છે?

(૨) નીતિ વિષયક બાબત હોવાથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કલ્પસર યોજનામાં જંગલ/વન ખાતાની જમીન**

૩૮૭૨૭ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કલ્પસર યોજનામાં જંગલ/વન ખાતાની કેટલી જમીનનો સમાવેશ થાય છે,

(૨) ઉક્ત જમીન અન્વયે વળતર વનીકરણ હેતુ તથા જંગલ જમીન માટેના વન વિભાગને કેટલી રકમ મળેલ છે,

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યા સ્થળે કેટલી જમીનમાં વનીકરણ કરવામાં આવ્યું, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાં વનીકરણ કરવાનું બાકી છે તે ક્યાં સુધીમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં કલ્પસર યોજના માટે વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ અંતર્ગત વન જમીનના બિન જંગલ ઉપયોગ માટેની કોઇ દરખાસ્ત વન વિભાગને મળેલ નથી.

(૨) કલ્પસર યોજના માટે કોઇ દરખાસ્ત મળેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ઉપલેટા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર**

૩૭૯૪૪ **શ્રી જે.વી. કાકડિયા** (ધારી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **રોપાની સંખ્યામાં** |
|---|---|
| ૨૦૧૯–૨૦ | ૪૫,૪૦૦ |
| ૨૦૨૦–૨૧ (તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ) | ૩૩,૨૦૦ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|
| ૨૦૧૯–૨૦ | ૪૩.૪૭ |
| ૨૦૨૦–૨૧ (તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ) | ૨૨.૬૪ |

---------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણૂક**

૩૮૮૬૮ **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં કેટલા તાલુકાઓની તાલુકા આરોગ્ય કચેરીમાં સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણૂક થયેલ છે અને કેટલા તાલુકાઓમાં આ જગ્યા ખાલી છે,

**જવાબ**

અતારાંકિતઃ ૮૪૭૬ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) :માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આવેલ અનામત અને બિનઅનામતવીડીઓમાં સન ૨૦૧૯ ના વર્ષમાં કેટલા ઘાસનું ઉત્પાદન થયું અને કેટલા ઘાસનો સંગ્રહથયો,

(૨) ઉક્ત ઘાસના વિતરણમાં અગ્રતા કોને આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ સંગ્રહ થયેલ ઘાસ પૈકી કેટલા ઘાસનું કોને વિતરણ કરવામાં આવ્યું ?

**વન મંત્રીશ્રી :**(૨૪-૦૨-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આવેલ અનામત અને બિનઅનામતવીડીઓમાં સને ૨૦૧૯ના વર્ષમાં નીચે મુજબ ઘાસનું ઉત્પાદન થયું અને ઘાસનો સંગ્રહકરવામાં આવ્યો.

| અ.નં | જિલ્લો | અનામત અને બિનઅનામત વીડીઓમાં ઉત્પાદન થયેલ ઘાસ (લાખ કિ.ગ્રા.) | ઘાસનો સંગ્રહ (લાખ કિ.ગ્રા.) |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૬.૦૮ | ૬.૦૮ |
| ૨ | જૂનાગઢ | ૩૮.૯૧ | ૩૮.૯૧ |
| ૩ | ગીર સોમનાથ | ૦.૮૭ | ૦.૮૭ |
| ૪ | દેવભૂમિ દ્વારકા | ૦.૩૦ | ૦.૩૦ |
| ૫ | પંચમહાલ | ૧૪.૧૦ | ૧૪.૧૦ |
| ૬ | દાહોદ | ૩૦.૩૩ | ૩૦.૩૩ |
| ૭ | ભાવનગર | ૫૬.૯૦ | ૫૬.૯૦ |
| ૮ | બોટાદ | ૪.૨૦ | ૪.૨૦ |
| ૯ | રાજકોટ | ૨૮.૦૭ | ૨૮.૦૭ |
| ૧૦ | મોરબી | ૩.૦૫ | ૩.૦૫ |
| ૧૧ | જામનગર | ૪૩.૫૦ | ૪૩.૫૦ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૨.૯૦ | ૨.૯૦ |
| ૧૩ | પોરબંદર | ૧૬.૭૧ | ૧૬.૭૧ |
| ૧૪ | કચ્છ | ૧૧.૭૦ | ૧૧.૭૦ |

(૨) ઉક્ત ઘાસ સરકારશ્રીના મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવતા ફાળવણી હુકમ મુજબ તેઓના દ્વારા વિતરણ કરવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ સને ૨૦૧૯ના વર્ષમાં સંગ્રહ થયેલ ઘાસ પૈકી કોઈ વિતરણ કરવામાં આવેલ નથી.

-----------

**રાજ્યમાં ઘાસનો સંગ્રહ કરવા માટેના ઉપલબ્ધ ગોડાઉનો**

અતારાંકિતઃ ૮૬૪૫ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) :માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં અનામત અને બિનઅનામત ઘાસનો સંગ્રહ કરવા જિલ્લાવાર કેટલા ગોડાઉનો ઉપલબ્ધ છે અને તેની સંગ્રહશક્તિ કેટલી છે ?

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા વધુ ઘાસના ગોડાઉનની જરૂર છે, અને

(૩) ઉક્ત જરૂરિયાત મુજબના ગોડાઉનો ક્યાં સુધીમાં ઉભા કરવાનું આયોજન છે ?

**વન મંત્રીશ્રી :** (૨૪-૦૨-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ઘાસનો સંગ્રહ કરવા જિલ્લાવાર ગોડાઉન તથા તેની સંગ્રહશક્તિ નીચે મુજબ છે.

| અ.નં | જિલ્લો | ગોડાઉનની સંખ્યા | સંગ્રહશક્તિ (લાખ કિ.ગ્રા.) |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧૯ | ૩૭.૫૦ |
| ૨ | ગીર સોમનાથ | ૪ | ૪.૮૦ |
| ૩ | જૂનાગઢ | ૪૧ | ૭૪.૫૫ |
| ૪ | પોરબંદર | ૯ | ૧૫.૦૦ |
| ૫ | પંચમહાલ | ૨૩ | ૩૫.૫૦ |
| ૬ | દાહોદ | ૪૧ | ૮૪.૬૦ |
| ૭ | છોટાઉદેપુર | ૧ | ૨.૦૦ |
| ૮ | ભાવનગર | ૩૩ | ૭૨.૫૦ |
| ૯ | બોટાદ | ૪ | ૧૦.૦૦ |
| ૧૦ | રાજકોટ | ૩૩ | ૭૬.૫૦ |
| ૧૧ | મોરબી | ૪ | ૮.૫૦ |
| ૧૨ | જામનગર | ૨૭ | ૫૮.૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૫ | ૧૦.૫૦ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૧૩ | ૧૭.૯૦ |
| ૧૫ | કચ્છ | ૩૫ | ૫૪.૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ હાલની પરિસ્થિતિએ જિલ્લાવાર નીચે મુજબ વધુ ઘાસ ગોડાઉનોની જરૂર છે.

| અ.નં | જિલ્લાનું નામ | નવા ઘાસ ગોડાઉનની જરૂરિયાત |
|---|---|---|
| ૧ | જામનગર | ૧૨ |
| ૨ | મોરબી | ૧૩ |
| ૩ | ભાવનગર | ૧૫ |
| ૪ | બોટાદ | ૩ |
| ૫ | જૂનાગઢ | ૧૩ |
| ૬ | ગીર સોમનાથ | ૧ |
| ૭ | દેવભૂમિ દ્વારકા | ૪ |
| ૮ | અમરેલી | ૭ |
| ૯ | કચ્છ | ૧૬ |
| ૧૦ | પાટણ | ૪ |
| ૧૧ | પંચમહાલ | ૫ |
| ૧૨ | દાહોદ | ૭ |

(૩) ઉક્ત જરૂરિયાત મુજબના ગોડાઉનો પૈકી ૨૦ (વીસ) ગોડાઉનો બાંધવામાં આવી રહેલ છે. જ્યારે બાકીના ગોડાઉનો નાણાંકીય ઉપલબ્ધતા મુજબ બાંધવામાં આવશે.

-----------

**કચ્છના બન્ની પ્રદેશને નવપલ્લવિત કરવાનું આયોજન**

અતારાંકિતઃ ૮૭૮૬ (૦૭-૦૧-૨૦૨૧) **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) :માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ કચ્છના બન્ની પ્રદેશનો ઘાસીયા મેદાન તરીકે ઉપયોગ રહ્યો નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો બન્ની પ્રદેશને ફરીથી ઘાસીયા મેદાન તરીકે નવપલ્લવિત કરવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

**વન મંત્રીશ્રી :** (૨૪-૦૨-૨૦૨૧)

(૧) આ હકીકત સાચી નથી.

(૨) બન્ની વિસ્તારમાંથી ઘાસ એકત્રિત કરવામાં આવે છે. બન્ની વિસ્તાર નવપલ્લવિત કરવા માટે ઘાસચારા વિકાસ યોજના હેઠળ ઘાસચારાનું વાવેતર કરવામાં આવે છે.

-----------

**રાજ્યમાં સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કોરોનાથી દર્દીના મૃત્યુ બાબત**

અતારાંકિતઃ ૭૨૫૬ (૦૮-૧૦-૨૦૨૦) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) :માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા છ માસમાં રાજ્યમાં જિલ્લાવાર અને માસવાર અને ખાનગી હોસ્પિટલોમાં કોરોના પોઝીટીવ કેટલા દર્દીઓના મૃત્યુ થયા અને,

(૨) કોરોનાના કારણે દર્દીઓના મૃત્યુ અટકાવવા સરકારે શાં પગલાં લીધા ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૨૨-૦૨-૨૦૨૧)

(૧) પત્રક-અ મુજબ

(૨) પત્રક-બ મુજબ

**પત્રક-અ**

**છેલ્લા છ માસમાં સરકારી હોસ્પિટલોમાં કોરોના પોઝીટીવ દર્દીઓના મૃત્યુની જિલ્લાવાર માહિતી**

| ક્રમ | જિલ્લો/કોર્પોરેશન | એપ્રિલ | મે | જૂન | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટેમ્બર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ | ૬ | ૨૪ | ૪ | ૧ | ૧ | **૩૬** |
| ૨ | અમદાવાદ કોર્પોરેશન | ૧૪૫ | ૬૦૬ | ૩૬૬ | ૫૭ | ૫૧ | ૪૭ | **૧૨૭૨** |
| ૩ | અમરેલી | ૦ | ૧ | ૫ | ૨ | ૧૧ | ૫ | **૨૪** |
| ૪ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | **૩** |
| ૫ | અરવલ્લી | ૧ | ૩ | ૧૩ | ૫ | ૦ | ૦ | **૨૨** |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | બનાસકાંઠા | ૧ | ૧ | ૩ | ૪ | ૧ | ૨ | **૧૨** |
| ૭ | ભરૂચ | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૧ | **૫** |
| ૮ | ભાવનગર | ૦ | ૦ | ૨ | ૪ | ૯ | ૯ | **૨૪** |
| ૯ | ભાવનગર કોર્પોરેશન | ૩ | ૩ | ૩ | ૭ | ૧૧ | ૧૧ | **૩૮** |
| ૧૦ | બોટાદ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | **૪** |
| ૧૧ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | **૧** |
| ૧૨ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૩ | ૧ | ૦ | **૪** |
| ૧૩ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | **૦** |
| ૧૪ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૧ | ૨ | ૧ | ૧ | **૫** |
| ૧૫ | ગાંધીનગર | ૧ | ૧૧ | ૧૧ | ૮ | ૩ | ૧૮ | **૫૨** |
| ૧૬ | ગાંધીનગર કોર્પોરેશન | ૧ | ૧ | ૫ | ૨ | ૫ | ૭ | **૨૧** |
| ૧૭ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૧ | ૩ | ૯ | ૭ | **૨૦** |
| ૧૮ | જામનગર | ૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૧ | **૧૧** |
| ૧૯ | જામનગર કોર્પોરેશન | ૦ | ૧ | ૧ | ૬ | ૮ | ૨ | **૧૮** |
| ૨૦ | જૂનાગઢ | ૦ | ૦ | ૦ | ૬ | ૧૧ | ૧ | **૧૮** |
| ૨૧ | જૂનાગઢ કોર્પોરેશન | ૦ | ૦ | ૩ | ૪ | ૫ | ૨ | **૧૪** |
| ૨૨ | ખેડા | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | **૨** |
| ૨૩ | કચ્છ | ૧ | ૧ | ૩ | ૧૨ | ૧૨ | ૩ | **૩૨** |
| ૨૪ | મહીસાગર | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | **૩** |
| ૨૫ | મહેસાણા | ૦ | ૧ | ૩ | ૫ | ૪ | ૧ | **૧૪** |
| ૨૬ | મોરબી | ૦ | ૦ | ૧ | ૩ | ૯ | ૧ | **૧૪** |
| ૨૭ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | **૦** |
| ૨૮ | નવસારી | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૦ | **૩** |
| ૨૯ | પંચમહાલ | ૧ | ૬ | ૨ | ૦ | ૦ | ૦ | **૯** |
| ૩૦ | પાટણ | ૧ | ૫ | ૮ | ૧૨ | ૯ | ૨ | **૩૭** |
| ૩૧ | પોરબંદર | ૦ | ૧ | ૦ | ૦ | ૨ | ૦ | **૩** |
| ૩૨ | રાજકોટ | ૦ | ૧ | ૧ | ૧૧ | ૧૮ | ૯ | **૪૦** |
| ૩૩ | રાજકોટ કોર્પોરેશન | ૧ | ૦ | ૨ | ૯ | ૪૩ | ૩૭ | **૯૨** |
| ૩૪ | સાબરકાંઠા | ૦ | ૩ | ૫ | ૦ | ૧ | ૧ | **૧૦** |
| ૩૫ | સુરત | ૧ | ૧ | ૫ | ૫૭ | ૪૮ | ૫૨ | **૧૬૪** |
| ૩૬ | સુરત કોર્પોરેશન | ૨૦ | ૩૭ | ૭૬ | ૧૪૧ | ૮૨ | ૫૩ | **૪૦૯** |
| ૩૭ | સુરેન્દ્રનગર | ૦ | ૧ | ૬ | ૦ | ૦ | ૨ | **૯** |
| ૩૮ | તાપી | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૦ | **૪** |
| ૩૯ | વડોદરા | ૧ | ૧ | ૨ | ૨ | ૬ | ૧૯ | **૩૧** |
| ૪૦ | વડોદરા કોર્પોરેશન | ૧૫ | ૨૦ | ૬ | ૨૩ | ૨૫ | ૨૬ | **૧૧૫** |
| ૪૧ | વલસાડ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | **૪** |
| | **કુલ** | **૧૯૬** | **૭૧૬** | **૫૬૪** | **૪૦૩** | **૩૯૮** | **૩૨૨** | **૨૫૯૯** |

**છેલ્લા છ માસમાં ખાનગી હોસ્પિટલોમાં કોરોના પોઝીટીવ દર્દીઓના મૃત્યુની જિલ્લાવાર માહિતી**

| **ક્રમ** | **જિલ્લો/કોર્પોરેશન** | **એપ્રિલ** | **મે** | **જૂન** | **જુલાઈ** | **ઓગસ્ટ** | **સપ્ટેમ્બર** | **કુલ** |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ | ૧ | ૬ | ૧ | ૦ | ૦ | **૮** |
| ૨ | અમદાવાદ કોર્પોરેશન | ૦ | ૮૧ | ૨૦૩ | ૯૪ | ૬૬ | ૪૯ | **૪૯૩** |
| ૩ | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | **૦** |
| ૪ | આણંદ | ૪ | ૬ | ૩ | ૦ | ૦ | ૦ | **૧૩** |
| ૫ | અરવલ્લી | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | **૨** |
| ૬ | બનાસકાંઠા | ૦ | ૩ | ૨ | ૨ | ૦ | ૨ | **૯** |
| ૭ | ભરૂચ | ૧ | ૦ | ૪ | ૨ | ૦ | ૩ | **૧૦** |
| ૮ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | **૧** |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ભાવનગર કોર્પોરેશન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | **૦** |
| ૧૦ | બોટાદ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | **૧** |
| ૧૧ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | **૧** |
| ૧૨ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | **૨** |
| ૧૩ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | **૦** |
| ૧૪ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | **૦** |
| ૧૫ | ગાંધીનગર | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | **૧** |
| ૧૬ | ગાંધીનગર કોર્પોરેશન | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૧ | **૪** |
| ૧૭ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | **૦** |
| ૧૮ | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | **૧** |
| ૧૯ | જામનગર કોર્પોરેશન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | **૩** |
| ૨૦ | જૂનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | **૨** |
| ૨૧ | જૂનાગઢ કોર્પોરેશન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | **૦** |
| ૨૨ | ખેડા | ૦ | ૩ | ૨ | ૮ | ૦ | ૦ | **૧૩** |
| ૨૩ | કચ્છ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | **૧** |
| ૨૪ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | **૧** |
| ૨૫ | મહેસાણા | ૦ | ૪ | ૩ | ૩ | ૪ | ૧ | **૧૫** |
| ૨૬ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | **૨** |
| ૨૭ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | **૦** |
| ૨૮ | નવસારી | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | **૪** |
| ૨૯ | પંચમહાલ | ૧ | ૨ | ૩ | ૨ | ૧ | ૦ | **૯** |
| ૩૦ | પાટણ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | **૪** |
| ૩૧ | પોરબંદર | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | **૧** |
| ૩૨ | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | **૧** |
| ૩૩ | રાજકોટ કોર્પોરેશન | ૦ | ૧ | ૧ | ૨ | ૧ | ૨ | **૭** |
| ૩૪ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | **૦** |
| ૩૫ | સુરત | ૦ | ૦ | ૨ | ૧૮ | ૩૮ | ૩૦ | **૮૮** |
| ૩૬ | સુરત કોર્પોરેશન | ૩ | ૬ | ૬ | ૩૭ | ૪૬ | ૫ | **૧૦૩** |
| ૩૭ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | **૧** |
| ૩૮ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | **૦** |
| ૩૯ | વડોદરા | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | **૩** |
| ૪૦ | વડોદરા કોર્પોરેશન | ૧ | ૧ | ૨ | ૫ | ૨૦ | ૮ | **૩૭** |
| ૪૧ | વલસાડ | ૦ | ૦ | ૧ | ૧ | ૨ | ૦ | **૪** |
| | **કુલ** | **૧૧** | **૧૦૯** | **૨૪૫** | **૧૮૮** | **૧૮૪** | **૧૦૮** | **૮૪૫** |

**પત્રક–બ**

- ❖ રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં અલાયદા વોર્ડની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. તેમજ ખાનગી હોસ્પિટલોને પણ સરકારશ્રી દ્વારા હાયર કરવામાં આવેલ છે.
- ❖ રાજ્યમાં કોવિડ–૧૯નાં નિદાન માટે સરકારી તેમજ ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટીંગ માટેની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે તથા ત્વરિત નિદાન માટે રેપીડ એન્ટીજન ટેસ્ટની સુવિધા કરવામાં આવેલ છે જેથી તાત્કાલિક નિદાન શક્ય બને તથા દર્દીઓને તાત્કાલિક સારવાર આપી શકાય.
- ❖ ITIHAS સર્વેલન્સ સિસ્ટમ દ્વારા હોટસ્પોટ તથા ઇમરજીંગ હોટસ્પોટ વિસ્તાર શોધીને ખાસ કરીને પીંક અને એમ્બર hotpot વિસ્તારમાં **ધનવંતરી** રથના માધ્યમથી transmission ની ચેઇન તોડવા માટે સર્વેલન્સની કામગીરી સઘન કરવામાં આવેલ છે.
- ❖ રાજ્યમાં આરોગ્યની ટીમો દ્વારા હાઉસ–ટુ–હાઉસ સર્વેલન્સ કરી કોવિડ–૧૯નાં લક્ષણો ધરવા વ્યક્તિઓને શોધી કાઢી પ્રાથમિક સારવાર, એન્ટીજન ટેસ્ટ તેમજ જરૂર જણાયે હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવેલ છે.
- ❖ ધન્વંતરીરથ / એમ્બ્યુલન્સ દ્વારા રાજ્યના વિવિધ સ્થળો ખાતે દૈનિક ધોરણે જરૂરિયાત મંદ વ્યક્તિઓને સારવાર આપવામાં આવેલ છે.

તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

- ❖ રાજ્યમાં હોમ આઇસોલેશનમાં રહેલા દર્દીઓ માટે સંજીવની કોરોના ઘર સેવા જે અંતર્ગત ડોક્ટર અને પેરામેડીકલ સ્ટાફની ટીમ દ્વારા મોનીટરીંગ તેમજ સારવાર આપવામાં આવેલ છે.
- ❖ સિનિયર સીટીઝન માટે ખાસ વડીલ સુખાકારી સેવા દ્વારા તેઓના ઘર આંગણેસારવાર ઉપલબ્ધ કરાવવામાં આવેલ. વૃદ્ધ દર્દીઓને તેઓના ઘર આંગણે સારવાર આપવામાં આવી. સિનિયર સીટીઝન માટે એ.એમ.સી. દ્વારા મોબાઈલ એપ્લીકેશન બનાવવામાં આવી.
- ❖ આ ઉપરાંત ૧૦૪ હેલ્પલાઇન, ધનવંતરી રથ અને આરોગ્ય સેતુના ઉપયોગથી હાઈરીસ્ક ઝોનમાં સર્વેલન્સની કામગીરી.
- ❖ રાજ્યમાં પાટનગર ખાતે દર્દીઓની પરિસ્થિતિની દેખરેખ અને બેડની સંખ્યાના મોનીટરીંગ માટે કંટ્રોલ અને કમાન્ડ સેન્ટર શરુ કરવામાં આવેલ છે.
- ❖ લોકડાઉન દ્વારા તમામ તહેવારો ફક્ત જાહેર ભાવનાઓને સુરક્ષિત રાખીને પ્રતીકાત્મક અર્પણ કરવામાં મર્યાદિત કરવામાં આવ્યા હતા. હોળી, જન્માષ્ટમી, મોહરમ,નવરાત્રી, ઈદ, વગેરે જેવા તહેવારો પ્રતિબંધિત કરવામાં આવ્યા.
- ❖ ગુજરાતમાં નવરાત્રીની ઉજવણીનું આયોજન કરવાની વાર્ષિક પરંપરા હોવા છતાં,રાજ્ય સરકાર દ્વારા કડક પ્રતિબંધ મૂકવામાં આવેલ.
- ❖ સંબંધિત ક્ષેત્રોમાં પ્રવૃત્તિઓ સંબંધિત અધિકારીઓ દ્વારા નજીકથી દેખરેખ હેઠળ હતી.આ સમયગાળા દરમિયાન ડોર ટુ ડોર ઝુંબેશ, રોડ શો / રેલીઓ, ચૂંટણી સભાઓ અનેમેળાવડા વગેરે માટેની સાવચેતી રાખવા જરૂરી માર્ગદર્શિકા પણ જારી કરવામાં આવીહતી.
- ❖ રાજ્યના અમદાવાદ, વડોદરા, સુરત અન રાજકોટ શહેરોમા દરરોજ રાત્રે ૯:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી દૈનિક નાઇટ કર્ફ્યું.
- ❖ રાજ્યે તાત્કાલિક ધોરણે જાહેરનામું બહાર પાડ્યું છે, જેમાં લગ્ન અને સંબંધિત કાર્યક્રમો માટે ખુલ્લા અને બંધ સ્થળોએ મંજૂરી આપવામાં આવતી મહત્તમ સંખ્યાને ઘટાડીને ૧૦૦ કરવામાં આવી છે, અને અંતિમવિધિ અને અન્ય સંબંધિત પ્રવૃત્તિઓ માટે મહત્તમ સંખ્યા માન્ય વ્યક્તિઓની સંખ્યા ૧૦૦થી ઘટાડીને ૫૦ કરી દેવામાં આવી છે.
- ❖ સરકારે મેડિકલ કોલેજોમાંથી મેડિકલ ડિગ્રી મેળવનારા લગભગ ૯૦૦ એમબીબીએસ ડૉક્ટરોની સેવાઓ મેળવવાની માંગ કરી છે અને તેમને ત્રણ વર્ષના બોન્ડ ગાળા દરમિયાન ગ્રામીણ વિસ્તારોનાં બદલે સેવાઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મૂકવામાં આવેલ છે.
- ❖ ત્રીજા વર્ષ અને ચોથા વર્ષના તબીબી વિદ્યાર્થીઓ, નર્સિંગ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓની સર્વેલન્સ અને પરીક્ષણ ટીમોના ભાગ રૂપે ઉપયોગ કરવામાં આવેલ છે.

આમ, કોરોનાને કારણે દર્દીઓના મૃત્યુ અટકાવા માટે રાજ્ય સરકાર દ્વારા ઉપરોક્તપગલાં લેવામાં આવેલ છે.

-----------

**રાજ્યમાં સ્ત્રી ભૃણ હત્યા કરતા ડોક્ટરો સામે કાર્યવાહી**

અતારાંકિતઃ ૭૬૦૨ (૨૯-૧૦-૨૦૨૦) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) :માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સ્ત્રી ભૃણ હત્યા કરતાકેટલા ડોક્ટરો પકડાયા,

(૨) આવા ડોક્ટરો સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત ડોક્ટરો પૈકી કેટલા ગુનાહિત ડોક્ટરોના મેડીકલ રજિસ્ટ્રેશન રદ કરવામાં આવ્યા ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૨૨-૦૨-૨૦૨૧)

(૧) એકપણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અમદાવાદમાં રજિસ્ટ્રેશન વગર ચાલતી મીટ-ચીકન શોપ**

અતારાંકિતઃ ૮૨૦૪ (૨૯-૧૨-૨૦૨૦) **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) :માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧)તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદમાં રજિસ્ટ્રેશન વગર કેટલી મીટ અને ચીકન શોપ ચાલી રહી છે, અને

(૨) તમામ ગેરકાયદે અને રજિસ્ટ્રેશન વગરની મીટ અને ચીકન શોપ બંધ કરવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૨૩-૦૨-૨૦૨૧)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**પોરબંદરમાં રજિસ્ટ્રેશન વગર ચાલતી મીટ–ચીકન શોપ**

અતારાંકિતઃ ૮૨૦૫ (૨૯–૧૨–૨૦૨૦) **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) :માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧)તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ પોરબંદરમાં રજિસ્ટ્રેશન વગર કેટલી મીટ અને ચીકન શોપ ચાલી રહી છે, અને

(૨) તમામ ગેરકાયદે અને રજિસ્ટ્રેશન વગરની મીટ અને ચીકન શોપ બંધ કરવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૨૩–૦૨–૨૦૨૧)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**જામનગરમાં રજિસ્ટ્રેશન વગર ચાલતી મીટ–ચીકન શોપ**

અતારાંકિતઃ ૮૨૦૭ (૨૯–૧૨–૨૦૨૦) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) :માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧)તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ જામનગરમાં રજિસ્ટ્રેશન વગર કેટલી મીટ અને ચીકન શોપ ચાલી રહી છે, અને

(૨) તમામ ગેરકાયદે અને રજિસ્ટ્રેશન વગરની મીટ અને ચીકન શોપ બંધ કરવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૨૩–૦૨–૨૦૨૧)

(૧) ૧૧૪.

(૨) ૧૧૪ મીટ અને ચીકન શોપને કાયદાની જોગવાઈઓને અનુરૂપ સુધારા વધારા કરવા તેમજ હેલ્થ NOC (એન.ઓ.સી.) રજૂ કરી ફુડ લાઈસન્સ મેળવવા નોટીસો આપેલ છે. તે પૂર્તતા નહિકર્યેથી બંધ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

-----------

**ભાવનગરમાં રજિસ્ટ્રેશન વગર ચાલતી મીટ–ચીકન શોપ**

અતારાંકિતઃ ૮૨૦૮ (૨૯–૧૨–૨૦૨૦) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) :માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧)તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ ભાવનગરમાં રજિસ્ટ્રેશન વગર કેટલી મીટ અને ચીકન શોપ ચાલી રહી છે, અને

(૨) તમામ ગેરકાયદે અને રજિસ્ટ્રેશન વગરની મીટ અને ચીકન શોપ બંધ કરવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૨૩–૦૨–૨૦૨૧)

(૧) ૩૦.

(૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નંબર ૭૫૯૬/૧૯૯૮ના ચુકાદા મુજબ મીટ અને ચીકન શોપ માટે મહાનગરપાલિકા દ્વારા નવી જગ્યા ફાળવવામાં ન આવે તથા મહાનગરપાલિકા સંચાલિત કતલખાનું કાર્યરત ન થાય ત્યાં સુધી ધંધો કરતા ન રોકવા ચુકાદો આવેલ હોવાથી રજિસ્ટ્રેશન આપવામાં આવેલ ન હોવા છતાં કોઈ કાર્યવાહી કરી શકાય નહીં.

-----------

**રાજકોટમાં રજિસ્ટ્રેશન વગર ચાલતી મીટ–ચીકન શોપ**

અતારાંકિતઃ ૮૨૧૦ (૨૯–૧૨–૨૦૨૦) **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) :માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજકોટમાં રજિસ્ટ્રેશન વગર કેટલી મીટ અને ચીકન શોપ ચાલી રહી છે, અને

(૨) તમામ ગેરકાયદે અને રજિસ્ટ્રેશન વગરની મીટ અને ચીકન શોપ બંધ કરવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૨૩–૦૨–૨૦૨૧)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**સુરતમાં રજિસ્ટ્રેશન વગર ચાલતી મીટ–ચીકન શોપ**

અતારાંકિતઃ ૮૨૧૧ (૨૯–૧૨–૨૦૨૦) **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) :માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ સુરતમાં રજિસ્ટ્રેશન વગર કેટલી મીટ અને ચીકન શોપ ચાલી રહી છે, અને

(૨) તમામ ગેરકાયદે અને રજિસ્ટ્રેશન વગરની મીટ અને ચીકન શોપ બંધ કરવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૨૩–૦૨–૨૦૨૧)

(૧) ૦૪.

(૨) ઉપરોક્ત ૦૪ શોપને રજિસ્ટ્રેશન ન મળે ત્યાં સુધી શોપ બંધ કરવા નોટિસ આપેલ છે.

-----------

**રાજ્યમાં લાઈસન્સ વિના ચાલતા કતલખાના**

અતારાંકિતઃ ૯૩૧૦ (૨૫–૦૧–૨૦૨૧) **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૨–૦૨–૨૦૧૯ના રોજ રજૂ થયેલ ત્રીજી અતારાંકિત યાદીમાં માનનીય સભ્યશ્રી બળદેવજી ઠાકોર ના અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૭૭ના અનુસંધાને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં તા.૩૦–૦૬–૨૦૧૮ની સ્થિતિએ ધી ફૂડ એન્ડ સ્ટાન્ડર્ડ (લાયસન્સીંગ એન્ડ રજિસ્ટ્રેશન) રેગ્યુલેશન–૨૦૧૧ અન્વયે આઠ રેગ્યુલેટેડ કતલખાના લાઇસન્સ વિના ચાલતા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પણ ઉપરોકત આઠ રેગ્યુલેટેડ કતલખાનાં વેલીડ લાઇસન્સ વિના અને ઉપરના રેગ્યુલેશનના ભંગ કરીને ગેરકાયદે ચાલી રહ્યા છે તે હકીકત સાચી છે,

(૩) ઉક્ત ગેરકાયદેસર ચાલતા ઉક્ત આઠ કતલખાનાના માલિકો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ઉક્ત તમામ લાઈસન્સ વગરના રેગ્યુલેટેડ કતલખાનાને ક્યાં સુધીમાં બંધ કરવામાં આવનાર છે.

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૨૩–૦૨–૨૦૨૧)

(૧) હા.

(૨) ના.

(૩) ઉક્ત ૦૮ કતલખાનાઓ મહાનગરપાલિકાઓ દ્વારા સંચાલિત છે. તે પૈકી સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ૦૨ કતલખાનાઓ પૈકી રાંદેર, સુરત મુકામે આવેલ ૦૧ કતલખાનાને લાયસન્સ મળેલ છે તથા જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ૦૧ કતલખાનું ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા સીલ કરેલ છે. તે હાલ બંધ છે. બાકીના ૦૬ કતલખાનાઓ પૈકી અમદાવાદ–૦૧, સુરત–૦૧, રાજકોટ–૦૧, વડોદરા–૦૧ તથા જામનગર ખાતે ૦૨ કતલખાનાઓ આવેલ છે. તે તમામ કતલખાનાઓ હાલમાં ફુડ લાયસન્સમેળવવાની પ્રક્રીયામાં હોઈ તેઓના માલિકો સામે હાલ કાર્યવાહી કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિતથતો નથી.

(૪) ઉક્ત ૦૬ કતલખાનાઓ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ–૨૦૦૬ની જોગવાઈઓ મુજબ નવુંરજિસ્ટ્રેશન મેળવવા માટે સંપૂર્ણ મોર્ડેનાઇઝેશન તથા અન્ય મંજૂરીઓની પ્રક્રીયા હેઠળ હોય,હાલના તબક્કે લાઇસન્સ વગરના આ કતલખાનાઓને બંધ કરાવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિતથતો નથી.

-----------

**પાટણ જિલ્લામાં સિવિલ હોસ્પિટલમાં બંધ વિભાગો**

અતારાંકિતઃ ૯૩૧૨ (૨૫–૦૧–૨૦૨૧) **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) :માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) પાટણ જિલ્લામાં આવેલી સિવિલ હોસ્પિટલમાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ તબીબી સારવારના કયાં કયાં વિભાગોમાં સારવાર આપવાનું બંધ છે,

(૨) બંધ રહેવાના શા કારણો છે, અને

(૩) બંધ પડેલા વિભાગો ક્યાં સુધીમાં પુન: શરૂ કરવામાં આવનાર છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૨૨–૦૨–૨૦૨૧)

(૧) (ક) પાટણ જિલ્લામાં આવેલી જીએમઈઆરએસ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, ધારપુર–પાટણમાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ તબીબી સારવારના તમામ વિભાગમાં સારવાર આપવાનું ચાલુ છે.

(ખ) પાટણ જિલ્લામાં આવેલી જનરલ હોસ્પિટલ પાટણમાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ફીઝીશીયન અને માનસિક રોગના ડોક્ટર ઉપલબ્ધ ન હોઇ નિષ્ણાંતની સેવાઓ ઉપલબ્ધ નથી.

(૨) (ક) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(ખ) જનરલ હોસ્પિટલ પાટણ ખાતે તજજ્ઞોની ઉપલબ્ધતા ન હોવાથી.

(૩) (ક) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(ખ) જનરલ હોસ્પિટલ પાટણ ખાતે લાયકાત ધરાવતા તજજ્ઞો ઉપલબ્ધ થયે સેવાઓ ચાલુ થશે.

-----------

અતારાંકિત પ્રશ્નોની યાદી

**રાજ્યમાં ફ્લોરાઈડયુક્ત પીવાનું પાણી**

અતારાંકિતઃ ૮૬૩૫ (૦૮–૦૧–૨૦૨૧) **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર અને તાલુકાવાર કેટલા ગામોમાં ફ્લોરાઈડયુક્ત પીવાનું પાણી મળે છે,

(૨) આ તમામ ગામોને ફ્લોરાઈડમુક્ત પાણી પહોંચાડવા શી વ્યવસ્થા કરી છે, અને

(૩) ક્યાં સુધીમાં તમામ ગામોમાં ફ્લોરાઈડમુક્ત પાણી પૂરું પાડવામાં આવનાર છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૨૫–૦૨–૨૦૨૧)

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા આપવામાં આવતા પીવાના પાણીમાં એક પણ ગામમાં ફ્લોરાઈડયુક્ત પીવાનું પાણી મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકન દર/ભાડાથી સરકારી જમીન**

અતારાંકિતઃ ૭૫૭૪ (૦૫–૧૧–૨૦૨૦) **શ્રી લલીત વસોયા** (ધોરાજી) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં કઈ શૈક્ષણિક સંસ્થાઓને કેટલી સરકારી જમીન ટોકનદર/ભાડાથી આપવામાં આવી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કઈ સંસ્થાઓએ શરતભંગ કરેલ છે,

(૩) આવી શરતભંગ કરનારી સંસ્થાઓ સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લેવાયા છે,અને

(૪) ઉક્ત સ્થિતિએ આવી કેટલી સંસ્થાઓને માફી અપાઈ અને તેના કારણો શા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૫–૦૨–૨૦૨૧)

(૧)

| જિલ્લો | સંસ્થાનું નામ | કેટલી જમીન (ક્ષેત્રફળ) |
|---|---|---|
| રાજકોટ | (૧) શ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ–આટકોટ | ૭૧૮૩ ચો.મી. |
| | (૨) શ્રી વિવેકાનંદ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, બળધોઈ | ૩૩૦૨ ચો.મી. |
| પોરબંદર | સ્વામીનારાયણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન | ૪૦૦૦૦ ચો.મી. |

(૨)

| | |
|---|---|
| રાજકોટ | ઉક્ત સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં એકપણ સંસ્થાએ શરતભંગ કરેલ નથી. |
| પોરબંદર | ઉક્ત સ્થિતિએ પોરબંદર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં સ્વામીનારાયણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન સંસ્થાએ શરતભંગ કરેલ છે. |

(૩)

| | |
|---|---|
| રાજકોટ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| પોરબંદર | સ્વામીનારાયણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન સંસ્થાને સવાલવાળી જમીનના આકારના ૧૦ પટ દંડ કરવા તથા હુકમની તારીખથી ૨ વર્ષમાં ઈજનેરી કોલેજ શરૂ કરવા માટે તા.૧૦–૧૧–૨૦૨૦ના રોજ હુકમ કરવામાં આવેલ છે. |

(૪)

| | |
|---|---|
| રાજકોટ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| પોરબંદર | ખંડ–૩માં દર્શાવ્યા મુજબ દંડ વસૂલ કરવામાં આવેલ છે. |

-----------

**પાટણ જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી કરાવેલ જમીન અન્વયે મહેસૂલ**

અતારાંકિતઃ ૮૪૧૨ (૦૧–૦૧–૨૦૨૧) **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર પ્રામાણિક ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી કરાવવામાં આવેલ જમીન અન્વયે કેટલું જમીન મહેસૂલ વસૂલવાનું બાકી છે,

(૨) ઉક્ત જમીન મહેસૂલમાં કેટલી રકમ નિયમિત જમીન મહેસૂલની અને કેટલી રકમ જમીન મહેસૂલ અધિનિયમ–૧૮૭૯ની કલમ–૬૫ (ખ)ના ખંડ (૫) હેઠળ નિયત સમયમાં ઉત્પાદન કે સેવા શરૂ ન કરે તો વધારાના દર મુજબ કેટલી રકમ વસૂલવાની થાય છે,

(૩) ઉક્ત રકમ સમયસર ભરપાઈ ન કરતા હોઈ તેવા જિલ્લાવાર કેટલા ઈસમો સામે જમીન મહેસૂલના બાકી લેણા વસૂલવા શા પગલાં લીધાં, અને

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલાઈ તે માટે કોની કોની જવાબદારી થાય છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૫–૦૨–૨૦૨૧)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**કચ્છ જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૧૬૮ (૨૦–૦૧–૨૦૨૧) **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગઅને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓનેપાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૨–૦૨–૨૦૨૧)

(૧) પરિશિષ્ટ મુજબ

(૨)બાકી રહેલા ગામો, ગામના પરા/પેટાપરાના કામો વસ્તીના આધારે તાંત્રિક જરૂરિયાત અને આંતરિક અગ્રતા અનુસાર

**પરિશિષ્ટ**

| **ક્રમ** | **જિલ્લો** | **તાલુકો** | **ગામોની સંખ્યા** | **પરા/પેટાપરાની સંખ્યા** |
|---|---|---|---|---|
| ૧ | કચ્છ | લખપત | – | ૪ |
| ૨ | | અબડાસા | – | ૬ |
| ૩ | | નખત્રાણા | – | – |
| ૪ | | ભુજ | ૧ | ૩ |
| ૫ | | માંડવી | – | – |
| ૬ | | મુન્દ્રા | – | – |
| ૭ | | અંજાર | – | – |
| ૮ | | ગાંધીધામ | – | – |
| ૯ | | ભચાઉ | – | ૪ |
| ૧૦ | | રાપર | – | ૧૨ |
| **કુલ** | | | **૧** | **૨૯** |

-----------

**પાટણ જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૧૮૪ (૨૦–૦૧–૨૦૨૧) **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓનેપાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૨–૦૨–૨૦૨૧)

(૧) પરિશિષ્ટ મુજબ

(૨) મંજૂર થયેલ ૧ – પરા/પેટાપરાનું કામ બનતી ત્વરાએ અને બાકી રહેલા પરા/પેટા પરાના કામોવસ્તીના આધારે તાંત્રિક જરૂરિયાત અને આંતરિક અગ્રતા અનુસાર.

**પરિશિષ્ટ**

| **ક્રમ** | **જિલ્લો** | **તાલુકો** | **ગામોની સંખ્યા** | **પરા/પેટાપરાની સંખ્યા** |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | પાટણ | પાટણ | – | ૨ |
| ૨ | | સરસ્વતી | – | – |
| ૩ | | સિધ્ધપુર | – | ૧ |
| ૪ | | ચાણસ્મા | – | – |
| ૫ | | સમી | – | ૮ |
| ૬ | | હારીજ | – | ૪ |
| ૭ | | શંખેશ્વર | – | – |
| ૮ | | રાધનપુર | – | ૪ |
| ૯ | | સાંતલપુર | – | ૪ |
| **કુલ** | | | **૦** | **૨૩** |

-----------

**મહેસાણા જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૧૯૦ (૨૦-૦૧-૨૦૨૧) **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટાપરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૨-૦૨-૨૦૨૧)

(૧) પરિશિષ્ટ મુજબ

(૨) બાકી રહેલા પરા/પેટા પરાના કામો વસ્તીના આધારે તાંત્રિક જરૂરિયાત અને આંતરિક અગ્રતા અનુસાર.

**પરિશિષ્ટ**

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામોની સંખ્યા | પરા/પેટાપરાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | સતસાલણા | – | ૧ |
| ૨ | | ખેરાલું | – | ૨ |
| ૩ | | વડનગર | – | ૧ |
| ૪ | | વિસનગર | – | ૧ |
| ૫ | | વિજાપુર | – | ૧ |
| ૬ | | ઉંઝા | – | – |
| ૭ | | કડી | – | – |
| ૮ | | જોટાણા | – | – |
| ૯ | | મહેસાણા | – | – |
| ૧૦ | | બેચરાજી | – | – |
| **કુલ** | | | **૦** | **૬** |

-----------

**ગાંધીનગર જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૦૫ (૨૦-૦૧-૨૦૨૧)**શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અનેમકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટાપરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૨-૦૨-૨૦૨૧)

(૧) પરિશિષ્ટ મુજબ

(૨) મંજૂર થયેલ ૧ – પરા/પેટાપરાનું કામ બનતી ત્વરાએ અને બાકી રહેલા પરા/પેટા પરાના કામો વસ્તીનાઆધારે તાંત્રિક જરૂરિયાત અને આંતરિક અગ્રતા અનુસાર.

**પરિશિષ્ટ**

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામોની સંખ્યા | પરા/પેટાપરાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | દહેગામ | – | ૪ |
| ૨ | | કલોલ | – | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | | માણસા | – | – |
| ૪ | | ગાંધીનગર | – | – |
| **કુલ** | | | **૦** | **૫** |

-----------

**અમદાવાદ જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૦૮ (૨૦–૦૧–૨૦૨૧) **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અનેપેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૦–૦૨–૨૦૨૧)

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તમામ ગામ, પરા/પેટા પરાઓ પાકા રસ્તાથી જોડાયેલ છે.

-----------

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૧૯ (૨૦–૦૧–૨૦૨૧) **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અનેપેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૦–૦૨–૨૦૨૧)

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં તમામ ગામ, પરા/પેટા પરાઓ પાકા રસ્તાથી જોડાયેલ છે.

-----------

**સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૨૩ (૨૦–૦૧–૨૦૨૧) **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા): માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો,ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૫–૦૨–૨૦૨૧)

(૧) અને (૨) સુરેન્દ્રનગરઅને મોરબી જિલ્લામાં તમામ ગામ/પરાઓ પાકા રસ્તાથી જોડાયેલ છે.

-----------

**જામનગર અનેરાજકોટ જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૨૯ (૨૦–૦૧–૨૦૨૧) **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ જામનગરઅનેરાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૫–૦૨–૨૦૨૧)

(૧) અને (૨) જામનગરઅને રાજકોટ જિલ્લામાં જોડાઈ શકે તેવા કોઈ ગામ/પરા જોડવાના બાકી નથી.

-----------

**જામનગર જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૩૩ (૨૦–૦૧–૨૦૨૧) **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો,ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૫-૦૨-૨૦૨૧)

(૧) અને (૨) જામનગર જિલ્લામાં જોડાઈ શકે તેવા કોઈ ગામ/પરા જોડવાના બાકી નથી.

-----------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૩૭ (૨૦-૦૧-૨૦૨૧) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૫-૦૨-૨૦૨૧)

(૧) પરિશિષ્ટ મુજબ

(૨) મંજૂર થયેલ ૧ - પરા/પેટાપરાનું કામો બનતી ત્વરાએ, બાકી રહેલા પરા/પેટા પરાનાં કામો વસ્તીનાઆધારે તાંત્રિક જરૂરિયાત અને આંતરિક અગ્રતા અનુસાર.

**પરિશિષ્ટ**

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર ગામ, પરાને પાકા રસ્તાથી જોડવાના બાકી છે તેની વિગત**

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામોની સંખ્યા | પરાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | દેવભૂમિ દ્વારકા | દ્વારકા | ૦ | ૦ |
| | | ભાણવડ | ૦ | ૧૫ |
| | | કલ્યાણપુર | ૦ | ૦ |
| | | ખંભાળીયા | ૦ | ૫ |
| **કુલ** | | | **૦** | **૨૦** |

-----------

**જૂનાગઢ જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૩૮ (૨૦-૦૧-૨૦૨૧) **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૦-૦૨-૨૦૨૧)

(૧) પરિશિષ્ટ મુજબ

(૨) બાકી રહેલા ગામોનાં કામો વસ્તીનાઆધારે તાંત્રિક જરૂરિયાત અને આંતરિક અગ્રતા અનુસાર.

**પરિશિષ્ટ**

| ક્રમ | જિલ્લો | તાલુકા | ગામોની સંખ્યા | પરા/પેટાપરાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | જૂનાગઢ | ૪ | ૦ |
| | | માણાવદર | | |
| | | વંથલી | | |
| | | ભેસાણ | ૧ | |
| | | કેશોદ | | |
| | | માંગરોળ | | |
| | | માળીયા | | |
| | | મેંદરડા | | |
| | | વિસાવદર | ૮ | |
| **કુલ** | | | **૧૩** | **૦** |

-----------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૪૪ (૨૦-૦૧-૨૦૨૧) **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૨-૦૨-૨૦૨૧)

(૧) અને (૨) જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જોડાઈ શકે તેવા કોઈ ગામ/પરા જોડવાના બાકી નથી.

-----------

**ગીર સોમનાથ જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૪૯ (૨૦-૦૧-૨૦૨૧) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૨-૦૨-૨૦૨૧)

(૧) અને (૨) ગીર સોમનાથ જિલ્લામાં જોડાઈ શકે તેવા કોઈ ગામ/પરા જોડવાના બાકી નથી.

-----------

**અમરેલી જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૫૯ (૨૦-૦૧-૨૦૨૧) **શ્રી અંબરીષભાઇ ડેર** (રાજુલા) : માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૦-૦૧-૨૦૨૧)

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ અમરેલી જિલ્લામાં તમામ ગામ/પરા, પેટા પરાઓ પાકા રસ્તાથીજોડાયેલ છે.

-----------

**ભાવનગર જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૬૨ (૨૦-૦૧-૨૦૨૧) **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો,ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૦-૦૨-૨૦૨૧)

(૧) પરિશિષ્ટ મુજબ

(૨) મંજૂર થયેલ ૫ - પરા/પેટાપરાના કામો બનતી ત્વરાએ, બાકી રહેલા પરા/પેટા પરાનાં કામો વસ્તીનાઆધારે તાંત્રિક જરૂરિયાત અને આંતરિક અગ્રતા અનુસાર.

**પરિશિષ્ટ**

| ક્રમ | જિલ્લો | તાલુકા | ગામોની સંખ્યા | પરા/પેટાપરાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ભાવનગર | | ૧ |
| | | ગારીયાધાર | | ૧ |
| | | ઘોઘા | | ૨ |
| | | જેસર | | |
| | | મહુવા | | ૧ |
| | | પાલીતાણા | | ૧ |
| | | શિહોર | | |
| | | તળાજા | | ૧ |
| | | ઉમરાળા | | |
| | | વલ્લભીપુર | | |
| **કુલ** | | | **૦** | **૭** |

**તા. ૩૦–૯–૨૦૨૦ની સ્થિતિએ મંજૂર કામો.**

| ક્રમ | જિલ્લો | તાલુકો | પેટા પરા/ફળીયાનું નામ |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | પાલીતાણા | ભુતીયાપરા |
| ૨ | ભાવનગર | તળાજા | બાખલકાપરા |
| ૩ | ભાવનગર | મહુવા | કાદીએરીયા |
| ૪ | ભાવનગર | મહુવા | ભીમનાથ |
| ૫ | ભાવનગર | મહુવા | કુંડળ |

-----------

**પંચમહાલ અને ખેડા જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૬૯ (૨૦–૦૧–૨૦૨૧) **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પંચમહાલ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૨–૦૨–૨૦૨૧)

(૧) પરિશિષ્ટ મુજબ

(૨) મંજૂર થયેલ ૧૦(દસ) પરાનું કામ બનતી ત્વરાએ, બાકી રહેલા વસ્તીનાઆધારે, આંતરિક અગ્રતા, તાંત્રિક જરૂરિયાત અનુસાર.

**પરિશિષ્ટ**

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ | ગામના પરા/પેટાપરા |
|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | હાલોલ | – | ૨ |
| | | ઘોઘંબા | – | ૪ |
| | | કાલોલ | – | ૮ |
| | | ગોધરા | – | ૩ |
| | | મોરવા(હ) | – | ૨ |
| | | જાંબુઘોડા | – | – |
| | | શહેરા | – | ૧૫ |
| **કુલ** | | | **–** | **૩૪** |
| ૨ | ખેડા | મહેમદાવાદ | – | ૮ |
| | | મહુધા | – | ૪ |
| | | માતર | – | ૨ |
| | | ખેડા | – | – |
| | | નડીયાદ | – | ૩ |
| | | વસો | – | – |
| | | ઠાસરા | – | ૧૦ |
| | | ગળતેશ્વર | – | – |
| | | કપડવંજ | – | ૩૭ |
| | | કઠલાલ | – | ૪ |
| **કુલ** | | | **–** | **૬૮** |

-----------

**આણંદ જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૭૧ (૨૦–૦૧–૨૦૨૧) **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો,ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૦–૦૨–૨૦૨૧)

(૧) પરિશિષ્ટ મુજબ

(૨) બાકી રહેલા પરા/પેટા પરાના કામો વસ્તીનાઆધારે તાંત્રિક જરૂરિયાત અને આંતરિક અગ્રતા અનુસાર.

**પરિશિષ્ટ**

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામોની સંખ્યા | પરા/પેટાપરાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | આણંદ | – | ૧ |
| ૨ | | ઉમરેઠ | – | ૧ |
| ૩ | | બોરસદ | – | ૮ |
| ૪ | | આંકલાવ | – | – |
| ૫ | | પેટલાદ | – | ૧૦ |
| ૬ | | સોજીત્રા | – | ૪ |
| ૭ | | ખંભાત | – | ૪ |
| ૮ | | તારાપુર | – | ૪ |
| **કુલ** | | | **૦** | **૩૨** |

–––––––––––

**છોટાઉદેપુર અને તાપી જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૮૯ (૨૦–૦૧–૨૦૨૧) **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છોટાઉદેપુર અને તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૦–૦૨–૨૦૨૧)

(૧) પરિશિષ્ટ મુજબ

(૨) બાકી રહેલા પરા/પેટા પરાના કામો વસ્તીના આધારે તાંત્રિક જરૂરિયાત અને આંતરિક અગ્રતા અનુસાર.

**પરિશિષ્ટ**

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામોની સંખ્યા | ગામનાપરા/પેટાપરા |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | – | – |
| | | કવાંટ | – | ૧ |
| | | જેતપુર પાવી | – | – |
| | | બોડેલી | – | ૨ |
| | | સંખેડા | – | – |
| | | નસવાડી | ૫ | – |
| **કુલ** | | | **૫** | **૩** |

–––––––––––

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૯૪ (૨૦–૦૧–૨૦૨૧) **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન):(૨૦–૦૨–૨૦૨૧)

(૧) પરિશિષ્ટ મુજબ

(૨) મંજૂર થયેલ ૨(બે) પરાને જોડતા કામો બનતી ત્વરાએ, બાકી રહેતા વસ્તીના આધારે, આંતરિક અગ્રતા, તાંત્રિક જરૂરિયાત અનુસાર.

**પરિશિષ્ટ**

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ | ગામના પરા/પેટા પરા |
|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | ભરૂચ | – | – |
| | | અંકલેશ્વર | – | – |

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ | ગામના પરા/પેટા પરા |
|---|---|---|---|---|
| | | વાલીયા | – | – |
| | | જંબુસર | – | ૨ |
| | | ઝઘડીયા | – | – |
| | | વાગરા | ૧ | – |
| | | આમોદ | – | – |
| **કુલ** | | | **૧** | **૨** |
| ૨ | નર્મદા | રાજપીપળા | – | – |
| | | તિલકવાડા | – | ૧ |
| | | નાંદોદ | ૧ | – |
| | | ગરૂડેશ્વર | – | – |
| | | સાગબારા | – | – |
| | | દેડીયાપાડા | – | – |
| **કુલ** | | | **૧** | **૧** |

-----------

**રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચાર બદલ સહાય**

અતારાંકિતઃ ૮૨૮૧ (૦૮-૦૧-૨૦૨૧) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચારો બદલ ચૂકવવાપાત્ર કેટલી સહાય ચૂકવવાની બાકી છે,

(૨) ઉક્ત સહાય પૈકી કેટલી સહાય એક વર્ષ, કેટલી સહાય બે વર્ષ અને કેટલી સહાય ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ચૂકવવાની બાકી છે,

(૩) આ સહાય ચૂકવવાની બાકી રહેવાના શા કારણો છે, અને

(૪) બાકી સહાય કયાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:** (૨૫–૨–૨૦૨૧)

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નીચે મુજબની સહાય ચૂકવવાની બાકી છે.

| ક્રમ | જિલ્લાનું નામ | સહાયની રકમ રૂ. |
|---|---|---|
| ૧ | મોરબી | ૫૦,૦૦૦/– |
| ૨ | કચ્છ–ભૂજ | ૧૨,૮૭,૫૦૦/– |
| ૩ | આણંદ | ૩,૦૦,૦૦૦/– |
| ૪ | સુરત | ૧૮,૦૦,૦૦૦/– |
| ૫ | જૂનાગઢ | ૯,૩૭,૫૦૦/– |
| ૬ | ભાવનગર | ૮,૨૫,૦૦૦/– |
| ૭ | રાજકોટ | ૬,૭૫,૦૦૦/– |

(૨) ઉક્ત સહાય પૈકી કેટલી સહાય એક વર્ષ, કેટલી સહાય બે વર્ષ અને કેટલી સહાય ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ચૂકવવાની બાકી છે તેની વિગતો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| એક વર્ષ કરતા વધુ સમયથી | મોરબી | ૫૦,૦૦૦/– |
| | કચ્છ–ભૂજ | ૧૨,૮૭,૫૦૦/– |
| | આણંદ | ૩,૦૦,૦૦૦/– |
| | સુરત | ૧૪,૨૫,૦૦૦/– |
| બે વર્ષ કરતા વધુ સમયથી | સુરત | ૩,૭૫,૦૦૦/– |
| | જૂનાગઢ | ૩,૭૫,૦૦૦/– |
| ત્રણ વર્ષ કરતા વધુ સમયથી | જૂનાગઢ | ૫,૬૨,૫૦૦/– |
| | ભાવનગર | ૮,૨૫,૦૦૦/– |

(૩) વિગતવાર પત્રક આ સાથે સામેલ છે.

(૪) વિગતવાર પત્રક આ સાથે સામેલ છે.

તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**રાજ્યમાં જિલ્લાવાઈઝ ચૂકવવાની બાકી સહાયની વિગતો**

| ક્રમ | જિલ્લો | એક વર્ષ કરતા વધુ સમયથી ચૂકવવાની બાકી સહાય | | | | કુલ રકમ રૂ. | ગુના રજી. નં. | સહાય ચૂકવવાની બાકી રહેવાના કારણો | બાકી સહાય ક્યારે ચૂકવવામાં આવશે ? |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખૂન | બળાત્કાર | મહાવ્યથા | અન્ય | | | | |
| ૧ | મોરબી | – | – | – | ૧ (અપહરણ) | ૫૦૦૦૦/– | વાંકાનેર સીટી પો.સ્ટે. ગુ.ર.નં. ફ.૨૭/૧૯ તા.૮–૪–૧૯ | ભોગ બનનાર કન્યાનું અપહરણ થયેલ છે. જોગવાઈ મુજબ પરત આવ્યે મેડીકલ ચેકઅપ થાય અને કન્ફર્મેટરી રીપોર્ટ મળેલ ન હોઈ સહાય ચૂકવવાની બાકી | ભોગ બનનાર કન્યા પરત આવ્યે મેડીકલ ચેકઅપ થાય અને કન્ફર્મેટરી રીપોર્ટ મળે પછી સહાય ચૂકવવાની થાય છે તથા ગુ.હા.માં થયેલ ક્રિમીનલ મીસ એપ્લીકેશનનો નિકાલ આવ્યા બાદ હાઈકોર્ટ જે હુકમ કરશે તે પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે. |
| ૨ | કચ્છ–ભૂજ | – | – | – | ૧ (અપહરણ) | ૫૦૦૦૦/– | ભચાઉ પો.સ્ટે. ગુ.રજી.નં. ૧૧૯૯૩૦૦૪૨૦૦૦૦૪/૨૦૨૦ તા.૦૪–૦૧–૨૦૨૦ | ભોગ બનનાર હજુ સુધી મળેલ ના હોઈ સહાય ચૂકવવાની બાકી | ભોગ બનનાર મળેલ ન હોઈ તે મળ્યા બાદ સાધનિક ડોક્યુમેન્ટ મળ્યેથી સહાય ચૂકવવામાં આવશે. |
| | | ૧ (મૃત્યુ) | - | - | - | ૪૧૨૫૦૦/– | ગાંધીધામ પો.સ્ટે. ગુ.ર.નં. એ. ૧૧૯૯૩૦૦૬૨૦ ૧૯૨૫૨૦૨૦ તા.૦૬–૦૯–૨૦ | ભોગ બનનારને બે પત્ની હોવાથી વારસાઈ સર્ટી રજૂ કરવા પર સહાય ચૂકવવાની બાકી | વારસાઈ સર્ટી રજૂ કર્યેથી સહાય ચૂકવવામાં આવશે. |
| | | – | ૧ (ગેંગરેપ) | – | – | ૮૨૫૦૦૦/– | ભુજ શહેર બી ડીવી. પો.સ્ટે. એફ.આઈ.આર. નં. ૧૧૨૦૫૦૪૩ | ભોગ બનનાર આઉટ ઓફ સ્ટેટના હોવાથી ૧૯૫૦ પહેલાનો કોઈ પુરાવો ના હોવાથી જાતિનો દાખલો આવવા પર સહાય ચૂકવવાની બાકી | ડોક્યુમેન્ટ રજૂ કર્યેથી સહાય ચૂકવવામાં આવશે. |
| ૩ | આણંદ | – | – | – | ૦૧ | ૧,૫૦,૦૦૦/– | આંકલાવ પો.સ્ટેશન ગુ.રજી.નં.સે. ૩૦૯૮/૧૯ તા.૨૭–૦૭–૧૯ | ફરીયાદી દ્વારા સાધનિક પુરાવાઓ રજૂ થયેલ ન હોઈ સહાય ચૂકવવાની બાકી | સાધનિક પુરાવાઓ રજૂ થયેથી સહાય ચૂકવવામાં આવશે. |
| | | – | – | – | ૦૧ | ૧,૫૦,૦૦૦/– | ખંભાત સીટી પો.સ્ટેશન ગુ. રજી. નં. ૧૧૨૧૫૦૧૨૨૦ ០០૬૯/૨૦ તા.૨–૦૩–૨૦ | ફરીયાદી દ્વારા સાધનિક પુરાવાઓ રજૂ થયેલ ન હોઈ સહાય ચૂકવવાની બાકી | સાધનિક પુરાવાઓ રજૂ થયેથી સહાય ચૂકવવામાં આવશે. |
| ૪ | સુરત | – | – | – | ૦૧ | ૧,૫૦,૦૦૦/– | સુરત રેલ્વે પો. સ્ટેશન ગુ. રજી. ફ. | ભોગ બનનાર પરપ્રાંતના હોય | ભોગ બનનાર દ્વારા જાતિ |

| ક્રમ | જિલ્લો | એક વર્ષ કરતા વધુ સમયથી ચૂકવવાની બાકી સહાય | | | | કુલ રકમ રૂ. | ગુના રજી. નં. | સહાય ચૂકવવાની બાકી રહેવાના કારણો | બાકી સહાય ક્યારે ચૂકવવામાં આવશે ? |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખૂન | બળાત્કાર | મહાવ્યથા | અન્ય | | | | |
| | | | | | | | ૩૦/૧૯ તા.૩૦-૦૧-૧૯ | જાતિ પ્રમાણપત્ર રજૂ કરી શકેલ નથી જેથી સહાય ચૂકવવાની બાકી | પ્રમાણપત્ર રજૂ કર્યેથી સહાય ચૂકવવામાં આવશે. |
| | | ૦૧ | - | - | - | ૮,૨૫,૦૦૦/- | પાંડેસરા પો. સ્ટે. ગુ. રજી. નં. ફ.૧૪૦/૧૯ તા.૧૧-૦૭-૧૯ | મૃતક પરપ્રાંતના હોય જાતિ પ્રમાણપત્ર રજૂ કરી શકેલ નથી જેથી સહાય ચૂકવવાની બાકી | જાતિ પ્રમાણપત્ર રજૂ કર્યેથી સહાય ચૂકવવામાં આવશે. |
| | | - | ૦૧ | - | - | ૩,૭૫,૦૦૦/- | રાંદેર પો.સ્ટે. ગુ. રજી. નં. ફ. ૮૬/૧૯ તા. ૧-૦૪-૧૯ | ફરિયાદીની ફરિયાદ પરત્વે વડી કચેરીના માર્ગદર્શન પર બાકી છે. | |
| | | - | - | - | ૦૧ | ૭૫,૦૦૦/- | ઈચ્છાપોર પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૦૦૧૯૨૦૦૦૦૧ /૨૦૨૦ તા.૧૧-૦૧-૨૦ | ભોગ બનનાર પરપ્રાંતના હોય હાલ જેલમાં હોય તેમના સગા સંબંધી મળી આવેલ નથી. જેથી સહાય ચૂકવવાની બાકી | ભોગ બનનાર પરપ્રાંતના હોય તથા જેલમાં હોય સગા સંબંધી મળી આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. |

| ક્રમ | જિલ્લો | બે વર્ષ કરતા વધુ સમયથી ચૂકવવાની બાકી સહાય | | | | કુલ રકમ રૂ. | ગુના રજી. નં. | સહાય ચૂકવવાની બાકી રહેવાના કારણો | બાકી સહાય ક્યારે ચૂકવવામાં આવશે ? |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખૂન | બળાત્કાર | મહાવ્યથા | અન્ય | | | | |
| ૧ | જૂનાગઢ | ૦ | ૧ | ૦ | ૦ | ૩,૭૫,૦૦૦/- | વિસાવદર પો.સ્ટે. ગુ.રજી. નં. ફ. ૬૬/૧૮ તા.૬-૯-૧૮ | ગુ.હા. CMA No. 20537/18થી રીટ દાખલ કરેલ છે જ્યાં સુધી આ બાબતનો નિકાલ ન આવે ત્યાં સુધી કાર્યવાહી ન કરવા પર બાકી હોઈ સહાય ચૂકવવાની બાકી | ગુજરાત હાઈકોર્ટમાં થયેલ ક્રિમીનલ મીસ એપ્લીકેશનનો નિકાલ આવ્યા બાદ હાઈકોર્ટ જે હુકમ કરશે તે પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે. |
| ૨ | સુરત | - | ૦૧ | - | - | ૩,૭૫,૦૦૦/- | કાપોદ્રા પો.સ્ટે. ગુ.રજી. નં. ફ.૨૩૧/૧૮ તા.૧૬-૮-૨૦૧૮ | ભોગ બનનાર પરપ્રાંતના હોય જાતિ પ્રમાણપત્ર રજૂ કરી શકેલ નથી જેથી સહાય ચૂકવવાની બાકી | જાતિ પ્રમાણપત્ર રજૂ કર્યેથી સહાય ચૂકવવામાં આવશે. |

| ક્રમ | જિલ્લો | ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ચૂકવવાની બાકી સહાય | | | | કુલ રકમ રૂ. | ગુના રજી. નં. | સહાય ચૂકવવાની બાકી રહેવાના કારણો | બાકી સહાય ક્યારે ચૂકવવામાં આવશે ? |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મૃત્યુ | બળાત્કાર | મહાવ્યથા | અન્ય | | | | |
| ૧ | જૂનાગઢ | ૧ | ૦ | ૦ | ૦ | ૭,૫૦,૦૦૦/- ના ૭૫%લેખે ૫,૬૨,૫૦૦/- | મેંદરડા પો.સ્ટે. ગુ.રજી. નં. ફ. ૩૩/૧૫ તા.૧૦-૬-૧૫ | CMA No. 3742/15થી FIR રદ કરવા રીટ થયેલ છે ચાર્જશીટ | ગુજરાત હાઈકોર્ટમાં થયેલ ક્રિમીનલ મીસ એપ્લીકેશનનો |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | બાકી છે | નિકાલ આવ્યા બાદ હાઈકોર્ટ જે હુકમ કરશે તે પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે. |
| ૨ | ભાવનગર | ૧ | ૦ | ૦ | ૦ | ૮,૨૫,૦૦૦/- | પાલીતાણા રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં. ફ. ૦૫/૧૭ તા.૨૮-૨-૧૭ ગુ.જા. તા. ૧૦-૩-૧૭ | વારસદાર માટે પરચુરણ દિવાની અરજી નં.૭૫/૨૦૧૮ તા. ૨૭-૦૯-૨૦૧૮ થી બીજા એડીશનલ સિનિયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તા. ૧૮-૦૧-૨૧ના રોજ વારસાઈ માટેની કોર્ટમાં મુદ્દત છે. વારસાઈ માટેની કોર્ટમાં કાર્યવાહી શરૂ છે. ઉક્ત કેસ 5th Additional District Judge, District And Sessions Court, Bhavnagarમાં એટ્રો કેસ નં.૨૭/૧૭ થી મે-૨૦૧૭માં દાખલ થયેલ છે. | નામ. કોર્ટ તરફથી વારસાઈ અંગેના આધારો મળ્યેથી સહાય મૂકવામાં આવશે. |

**એક વર્ષ કરતા ઓછા સમયથી ચૂકવવાની બાકી સહાય**

| ક્રમ | જિલ્લો | એક વર્ષ કરતા ઓછા સમયથી ચૂકવવાની બાકી સહાય | | | | કુલ રકમ રૂ. | ગુના રજી. નં. | સહાય ચૂકવવાની બાકી રહેવાના કારણો | બાકી સહાય ક્યારે ચૂકવવામાં આવશે ? |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખૂન | બળાત્કાર | મહાવ્યથા | અન્ય | | | | |
| ૧ | રાજકોટ | - | ૧ | - | - | ૩,૭૫,૦૦૦/- | ગોંડલ સીટી પો. સ્ટે. ગુ.ર.નં. ફ. ૮૫૦/૨૦ તા.૧૦-૬-૨૦ | ભોગ બનનાર નારી સુરક્ષા ગૃહમાં રહેતા હોય તેમની પાસે કોઈપણ પ્રકારના ડોક્યુમેન્ટ ન હોય સહાય ચૂકવવાની બાકી | ભોગ બનનાર તરફથી જાતિ દાખલો, બેંક એકાઉન્ટ વગેરે ડોક્યુમેન્ટ પુરા પાડવામાં આવ્યેથી સહાય ચૂકવવામાં આવશે. |
| ૨ | રાજકોટ | - | - | ૧ | - | ૩,૦૦,૦૦૦/- | માલવીયાનગર ગુ.ર.નં. ૧૬૧૭/૨૦ તા.૧૯-૯-૨૦ | ભોગ બનનાર સામે ક્રોસ ફરિયાદ હોય નાસતા ફરતા હોય મળી આવેલ નથી જેથી સહાય ચૂકવવાની બાકી | ભોગ બનનાર નાસતા ફરતા હોય મળી આવે ત્યારે ડોક્યુમેન્ટ રજૂ કર્યેથી સહાય ચૂકવવામાં આવશે. |

------------

ચૈત્ર ૫, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

**કચ્છ જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ**

અતારાંકિતઃ ૮૬૯૬ (૦૫–૦૧–૨૦૨૧) **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર): માનનીય ઉર્જામંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦–૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં ખુલ્લા વીજવાયરો તથા ખામીયુક્ત વીજ ઉપકરણોને લીધે સર્જાયેલ અકસ્માતને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થયા,

(૨) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) આવી ઘટના રોકવા શા પગલાં લેવાયા ?

**ઉર્જા મંત્રીશ્રી** : (૨૫–૨–૨૦૨૧)

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબૂ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજવાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજેગોના કારણે ખુલ્લા વીજ વાયરને તેમજ વીજ પુરવઠાના સાધનોના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. આ સંજોગોમાં તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં, પીજીવીસીએલમાં નાગરિકોના કુલ ૪૭ (સુડતાલીસ) અને પ્રાણીઓના કુલ ૧૭૬(એકશો છોતેર) અકસ્માત થયા.

(૨) અસરગ્રસ્તોને વળતર પેટે કુલ રૂ. ૬૭.૭૩ લાખની ચૂકવણી કરવામાં આવેલ છે.

(૩) અકસ્માત થતાં રોકવા માટે વીજ કંપની દ્વારા લીધેલ પગલાંઓ :

- વીજ કંપનીના અધિકારીઓ દ્વારા સમયાંતરે ખેડૂત શિબિર અને વિલેજ મિટિંગનુ આયોજન કરીને સ્થાનિક નાગરિકોને વીજ સુરક્ષા અંગેની વિવિધ જાણકારી આપવામાં આવે છે.
- સામાન્ય નાગરિક વીજ સુરક્ષા બાબતે સંવેદનશીલ થાય તે માટે વીજકંપનીઓ દ્વારા જાહેર માર્ગો, જાહેર સ્થળો, વિવિધ સરકારી કચેરીઓ, વીજ કચેરીઓ વિગેરે સ્થળોએ વીજ સલામતીને લગતા પોસ્ટરો લગાડવામાં આવે છે અને તેના દ્વારા જનજાગૃતિ ફેલાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.
- જાહેર સમારંભોમાં સુરક્ષાને લગતા પરિસંવાદો યોજવા, સુરક્ષા સંબંધિત બેનર્સ યોગ્ય જગ્યાએ પ્રદર્શીત કરવામાં આવે છે.
- લોકલ વર્તમાન પત્રોમાં સમયાંતરે સામાન્ય નાગરિકની સલામતી બાબતે પ્રેસનોટ પ્રકાશિત કરી જનજાગૃતિ લાવવી, જાહેર સ્થળોએ કે જ્યાં વધારે માણસો ભેગા થતા હોય ત્યાં સેફ્ટીની ફિલ્મ બતાવવી, સલામતીને લગતા પેમ્ફ્લેટ વિતરણ વિગેરે કાર્યક્રમો દ્વારા સામાન્ય રીતે બનતા અકસ્માતોના કારણો સાથે સમજ આપવામાં આવે છે.
- મકરસંક્રાંતિના તહેવાર દરમિયાન વર્તમાન પત્રોમાં સલામતીથી તહેવાર ઉજવવા માટેના ધ્યાનમાં રાખવાના વિવિધ પાસાઓની જાણકારી આપતી જાહેરાત પ્રકાશિત કરીને તથા જુદા–જુદા FMરેડીયો તથા પ્રસાર ભારતીના માધ્યમો દ્વારા સલામતીનો સંદેશ પ્રસારિત કરીને જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા ઉર્જા સંરક્ષણ/સુરક્ષા સપ્તાહ ઉજવવામાં આવે છે. જે દરમિયાન તાલુકા કક્ષાએ પરિસંવાદો યોજવા – સ્કૂલ કોલેજોમાં નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમો યોજી નાનપણથી જ નવી પેઢીમાં ઉર્જા બચત તેમજ વીજ સુરક્ષા વિષે અભિગમ સુદ્રઢ કરવા જેવા જરૂરી પગલાઓ લેવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા સમયાંતરે લાઈન સ્ટાફને વીજ સુરક્ષા અંગેની તાલીમ આપવામાં આવે છે. તેમજ પેટા વિભાગીય કચેરી ખાતે કામની વહેંચણીના સમયે સ્ટાફ દ્વારા વીજ સુરક્ષા અંગેના શપથ લેવામાં આવે છે.

------------

**બનાસકાંઠા જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ**

અતારાંકિતઃ૮૬૯૭ (૦૫–૦૧–૨૦૨૧) **ગેનીબેન ઠાકોર** (વાવ): માનનીય ઉર્જામંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ખુલ્લા વીજવાયરો તથા ખામીયુક્ત વીજ ઉપકરણોને લીધે સર્જાયેલ અકસ્માતને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થયા.

(૨) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) આવી ઘટના રોકવા શા પગલાં લેવાયા ?

**ઉર્જા મંત્રીશ્રી** : (૨૫–૨–૨૦૨૧)

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબૂ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને તેમજ વીજ પુરવઠાના સાધનોના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં

આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. આ સંજોગોમાં તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં, યુજીવીસીએલમાં નાગરિકોના કુલ ૨૨ (બાવીસ) અને પ્રાણીઓના કુલ ૫૭ (સત્તાવન) અકસ્માત થયા.

(૨) અસરગ્રસ્તોને વળતર પેટે કુલ રૂ. ૨૩.૧૧ લાખની ચૂકવણી કરવામાં આવેલ છે.

(૩) અકસ્માત થતાં રોકવા માટે વીજ કંપની દ્વારા લીધેલ પગલાંઓ :

- વીજ કંપનીના અધિકારીઓ દ્વારા સમયાંતરે ખેડૂત શિબિર અને વિલેજ મિટિંગનુ આયોજન કરીને સ્થાનિક નાગરિકોને વીજ સુરક્ષા અંગેની વિવિધ જાણકારી આપવામાં આવે છે.
- સામાન્ય નાગરિક વીજ સુરક્ષા બાબતે સંવેદનશીલ થાય તે માટે વીજ કંપનીઓ દ્વારા જાહેર માર્ગો, જાહેર સ્થળો, વિવિધ સરકારી કચેરીઓ, વીજ કચેરીઓ વિગેરે સ્થળોએ વીજ સલામતીને લગતા પોસ્ટરો લગાડવામાં આવે છે અને તેના દ્વારા જનજાગૃતિ ફેલાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.
- જાહેર સમારંભોમાં સુરક્ષાને લગતા પરિસંવાદો યોજવા, સુરક્ષા સંબંધિત બેનર્સ યોગ્ય જગ્યાએ પ્રદર્શીત કરવામાં આવે છે.
- લોકલ વર્તમાન પત્રોમાં સમયાંતરે સામાન્ય નાગરિકની સલામતી બાબતે પ્રેસનોટ પ્રકાશિત કરી જનજાગૃતિ લાવવી, જાહેર સ્થળોએ કે જ્યાં વધારે માણસો ભેગા થતા હોય ત્યાં સેફ્ટીની ફિલ્મ બતાવવી, સલામતીને લગતા પેમ્ફ્લેટ વિતરણ વિગેરે કાર્યક્રમો દ્વારા સામાન્ય રીતે બનતા અકસ્માતોના કારણો સાથે સમજ આપવામાં આવે છે.
(૨) જો હા તો, તે માટે સરકારે હાથ ધરેલ સર્વેમાં શાં તારણો/તથ્યો જોવા મળ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ દેડકાની વસ્તી વધારવા શું આયોજન થયું છે ?

**વન મંત્રીશ્રી** : (૦૧-૦૩-૨૦૨૧)

(૧) વન વિભાગ દ્વારા દેડકાની વસ્તી ગણતરી કરવામાં આવતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફે રક્ષિત વન્ય પ્રાણીઓ માટે કરેલ ભલામણો**

અતારાંકિતઃ ૮૬૧૪ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફે રાજ્યમાં વસતા રક્ષિત વન્ય પ્રાણીઓના રક્ષણ સંબંધી રાજ્ય સરકારને છેલ્લા ત્રણ વર્ષમાં શી ભલામણો કરી,

(૨) ઉક્ત ભલામણો પૈકી કઈ ભલામણનો રાજ્ય સરકારે સ્વીકાર કર્યો, અને

(૩) ઉકત સ્થિતિએ ઉક્ત બાકી ભલામણોનો સ્વીકાર કરવાનું શું આયોજન છે ?

**વન મંત્રીશ્રી** : (૦૧-૦૩-૨૦૨૧)

(૧) વીજ લાઈનથી થતાં પક્ષીઓના મૃત્યુ અટકાવવા ભૂમિગત વીજ લાઈનો કરવા તથા ભૂમિગત વીજ લાઈન કરવી શક્ય ન હોય તો વીજ લાઈનો ઉપર બર્ડ ડાયવર્ટર લગાવવા ભલામણ કરી.

(૨) તમામ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**રાજ્યમાં દિપડાની વસતી**

અતારાંકિતઃ ૮૬૪૪ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં કેટલા દીપડા છે, અને

(૨) દીપડાની વસતીને નિયંત્રણમાં લાવવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

**વન મંત્રીશ્રી** : (૦૧-૦૩-૨૦૨૧)

(૧) વર્ષ ૨૦૧૬ની છેલ્લી દીપડા ગણતરીમાં રાજ્યમાં કુલ ૧૩૯૫ દીપડા નોંધાયેલ છે.

(૨) દીપડાની વસ્તીને નિયંત્રણમાં લાવવા ખસીકરણ માટે દરખાસ્ત કેન્દ્ર સરકારશ્રીને મોકલવામાં આવેલ છે.

-------

ચૈત્ર ૫, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

**રાજ્યમાં આવેલા ઝૂમાં તપાસ**

અતારાંકિતઃ ૮૭૨૯ (૦૭–૦૧–૨૦૨૧) **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં આવેલા ક્યા ઝૂમાં વન ખાતા દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં ચેકીંગ/તપાસ કરવામાં આવી,

(૨) ઉકત તપાસ દરમ્યાન ઝૂમાં શી ગેરરીતિઓ/અનિયમિતતાઓ જોવા મળી, અને

(૩) ઉકત સ્થિતિએ જોવા મળેલ ગેરરીતિઓ/અનિયમિતતાઓ દૂર કરવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**વન મંત્રીશ્રી** : (૦૧–૦૩–૨૦૨૧)

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં વન ખાતા દ્વારા કોઈ ઝૂમાં ચેકીંગ/તપાસ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**કચ્છનાં ઘુડખર અભ્યારણ્યમાં પાણી પહોંચાડવા ઉપલબ્ધ વાહનો/ટેન્કરો**

અતારાંકિતઃ ૮૭૯૦ (૦૭–૦૧–૨૦૨૧) **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ કચ્છના ઘુડખર અભ્યારણ્યમાં પાણી પહોંચાડવા માટે વાહનો/ટેન્કરો પર્યાપ્તપણે ઉપલબ્ધ નથી તે હકીકત સાચી છે, અને

(૨) સમગ્ર ઘુડખર અભ્યારણ્યમાં પાણી પહોંચાડવા માટે ખુટતાં વાહનો/ટેન્કરો ક્યાં સુધીમાં પુરા પાડવાનું આયોજન છે ?

**વન મંત્રીશ્રી** : (૦૧–૦૩–૨૦૨૧)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**ગીર પૂર્વ રેંજમાં સિંહોના મોત**

અતારાંકિતઃ ૯૦૮૯ (૦૨–૦૨–૨૦૨૧) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૨૦–૦૪–૨૦૨૦ની સ્થિતિએ ગીર પૂર્વ વન વિભાગ હેઠળ આવતી બે રેંજમાં છેલ્લા બે માસમાં ૨૫ સિંહોના મોત થયા છે તે ગંભીર હકીકત સાચી છે,

(૨) જો હા, તો સિંહોના મૃત્યુના શા કારણો છે, અને

(૩) ઉકત સ્થિતિએ જવાબદારો સામે શા પગલાં લીધાં ?

**વન મંત્રીશ્રી** : (૦૧–૦૩–૨૦૨૧)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**સુરત જિલ્લામાં આર્સેનલ મિત્તલ ગ્રુપ દ્વારા વન ખાતાની જમીન મેળવવા બાબત**

અતારાંકિતઃ ૯૪૦૦ (૦૩–૦૨–૨૦૨૧) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સુરત જિલ્લામાં આર્સેનલ મિત્તલ ગ્રુપ દ્વારા વન ખાતાની ક્યા સ્થળે અને કેટલી જમીન મેળવવા માટેની અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ઉક્ત કંપનીએ વન ખાતા હસ્તકની કેટલી જમીન ક્યા ભાવે ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ વન ખાતાની ફાળવેલ જમીન અન્વયે વળતરણ વનીકરણ પેટે કેટલી રકમ વસૂલવામાં આવી અને ક્યા સ્થળે ઉક્ત સંબંધમાં કેટલી જમીન મેળવવામાં આવી છે ?

**વન મંત્રીશ્રી** : (૦૧–૦૩–૨૦૨૧)

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ વન વિભાગને આર્સેલર મિત્તલ ગ્રુપ દ્વારા વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ અંતર્ગત જંગલની જમીન મેળવવા માટેની કોઈ દરખાસ્ત મળેલ નથી. પરંતુ ભારત સરકારશ્રીના પરિવેશ પોર્ટલ ઉપર ૯૩.૦૦ હેક. જમીન માટે કુલ–૩ દરખાસ્તો અપલોડ કરવામાં આવેલ છે. જે ડ્રાફ્ટ સ્ટેજે યુઝર એજન્સીના એકાઉન્ટમાં જ પડતર છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં ઉક્ત કંપનીની કોઈ દરખાસ્ત મંજૂર કરવામાં આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**રાજ્યમાં અગરિયાઓ માટે મકાનો**

અતારાંકિતઃ ૮૧૩૯ (૦૪-૧૨-૨૦૨૦) **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં અગરીયાની વસતી ધરાવતા જિલ્લાઓમાં જિલ્લાવાર કેટલા મકાન બનાવવાની જરૂરિયાત છે, અને ?

(૨) ઉક્ત સ્થિતિએ ક્યાં સુધીમાં અગરીયાઓને મકાન બનાવી આપવાનું આયોજન છે ?

**મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** : (૦૪-૦૩-૨૦૨૧)

(૧) રાજ્યમાં અગરિયાની વસ્તી ધરાવતા જિલ્લાઓમાં જિલ્લાવાર મકાન બનાવવા બાબતે ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તક હાલમાં આવી કોઈ યોજના અમલમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**રાજ્યમાં ઘર વિહોણા અગરિયા**

અતારાંકિતઃ ૮૫૮૦ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં સુરેન્દ્રનગર, મોરબી અને કચ્છ સહિતના જિલ્લાઓમાં મીઠાના અગરિયાના કેટલા કુટુંબો ઘર વિહોણા છે,

(૨) ઘર વિહોણા અગરિયાના કુટુંબોને ઘર પુરા પાડવા શું આયોજન કરવામાં આવ્યું છે, અને

(૩) ક્યાં સુધીમાં ઘર પુરા પાડવામાં આવશે ?

**મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** : (૦૪-૦૩-૨૦૨૧)

(૧) રાજ્યમાં અગરિયાની વસ્તી ધરાવતા જિલ્લાઓમાં જિલ્લાવાર મકાન બનાવવા બાબતે ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તક હાલમાં આવી કોઈ યોજના અમલમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**રાજ્યમાં અગરિયાઓ માટે કલ્યાણકારી યોજના**

અતારાંકિતઃ ૮૬૨૯ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં અગરિયાઓ માટે કઈ કલ્યાણકારી યોજનાઓ અમલમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ ક્યા જિલ્લાઓમાં કલ્યાણકારી યોજનાઓનો અમલ થતો નથી અને તેના શાં કારણો છે, અને

(૩) આ યોજનાઓનો બરાબર અમલ થાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** : (૦૪-૦૩-૨૦૨૧)

(૧) રાજ્ય સરકાર દ્વારા જુલાઈ-૨૦૦૦ ના સરકારી ઠરાવથી રાજ્યના મીઠા ઉદ્યોગના વિકાસ અને અગરિયાઓ માટેની વિવિધ યોજનાના ઘડતર અને અમલીકરણની મંજૂરી આપવા માટેની એમ્પાવર્ડ કમિટિની રચના કરવામાં આવેલ છે અને એમ્પાવર્ડ કમિટિ દ્વારા મંજૂર થયેલ કલ્યાણકારી યોજનાઓ રાજ્યના મીઠા ઉત્પાદક તમામ જિલ્લામાં અગરિયાઓ માટે કાર્યરત છે. જે અન્વયેનુ **એનેક્ષર-૧** સામેલ છે.

(૨)ઉક્ત એનેક્ષર-૧ મુજબની કલ્યાણકારી યોજનાઓ રાજ્યના મીઠા ઉત્પાદક તમામ જિલલમાં અમલીકૃત થાય છે.

(૩) સરકારશ્રીના ઠરાવ પ્રમાણે એમ્પાવર્ડ કમિટિ દ્વારા મંજૂર કરેલ કલ્યાણકારી યોજનાઓને અમલ કરવાની કાર્યવાહી જિલ્લા કક્ષાએથી કરવામાં આવે છે તથા યોજનાની વખતોવખત સમીક્ષા કરવામાં આવે છે.

-------

**એનેક્ષર-૧**

**અગરિયા સમુદાયના લોકો માટે અમલીકૃત કલ્યાણકારી યોજનાઓ**

રાજ્ય સરકાર દ્વારા જુલાઈ-૨૦૦૦ ના સરકારી ઠરાવથી રાજ્યના મીઠા ઉદ્યોગના વિકાસ અને અગરિયાઓ માટેની વિવિધ યોજનાના ઘડતર અને અમલીકરણની મંજૂરી આપવા માટેની એમ્પાવર્ડ કમિટિની રચના કરવામાં આવેલ છે.

રાજ્ય કક્ષાની એમ્પાવર્ડ કમિટી દ્વારા મંજૂર થયેલ મીઠા ઉદ્યોગના વિકાસ અને અગરિયાઓના કલ્યાણ અન્વયેની તા.૩૦-૦૯-૨૦૨૦ ની સ્થિતિએ નીચે મુજબની યોજનાઓ અમલીકૃત છે.

૧. ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ મારફત અગરીયા કુટુંબ ઓળખકાર્ડ વિતરણ

૨. અગરિયાના કુટુંબીજનોને કામના સ્થળે મોબાઈલ મેડીકલ વાન દ્વારા શારીરિક તપાસ અને દવાઓનું વિના મૂલ્યે વિતરણ

૩. અગરિયાના કુટુંબીજનો માટે કામના સ્થળે વિના મૂલ્યે પીવાના પાણીની સુવિધા
૪. ધંધાના સ્થળે અગરિયાઓનાં બાળકોને પ્રાથમિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે સ્કૂલના ઓરડાઓનું બાંધકામ
૫. મીઠું પકવતા અગરિયાઓને તેમની સલામતી અને સુરક્ષા માટે રક્ષણાત્મક કીટનું વિના મૂલ્યે વિતરણ. જેમાં ગોગલ્સ, હાથનાં મોજાં, માથાની કેપ અને ગમ બુટનો સમાવેશ થાય છે.
૬. ૧૦ એકર કે તેથી ઓછું મીઠાનું ઉત્પાદન કરતાં અગરિયાઓ તથા મંડળીઓ માટે સોલાર પંપ સિસ્ટમની ખરીદ પર ૮૦% સહાયની યોજના.
૭. અગરિયાનાં કલ્યાણ માટેની અન્ય કલ્યાણકારી યોજના તેમજ મીઠા ઉદ્યોગના વિકાસની યોજના.

-------

**રાજ્યમાં ગૌચર દબાણો દૂર કરવા બાબત**

અતારાંકિતઃ ૬૫૫૨ (૧૧-૧૧-૨૦૧૯) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે. :

(૧) રાજ્યમાં સને-૨૦૧૮ના વર્ષમાં ગૌચર પર દબાણ થયાની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી,

(૨) મળેલી ફરિયાદો પૈકી તા. ૩૧-૧૦-૨૦૧૯ ની સ્થિતિએ કેટલા કિસ્સામાં કેટલું ગૌચર દબાણ દૂર કરવામાં આવ્યું, અને

(૩) બાકી રહેલ ગૌચર દબાણ દૂર કરવા શી કાર્યવાહી કરી ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) : (૦૧-૦૩-૨૦૨૧)

(૧) અને (૨) સામેલ પત્રક મુજબ

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ મુજબ ગૌચર દબાણ દૂર કરવાની સત્તા ગ્રામ પંચાયતને સુપ્રત થયેલ છે. જે અન્વયે સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા દબાણદારોને નોટિસ આપી દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

રાજ્ય કક્ષાએથી સમયાંતરે યોજાતી જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની નિયમિત સમીક્ષા બેઠકમાં તથા ક્ષેત્રીય સમીક્ષા બેઠકમાં આ બાબતને ટોચ અગ્રતા આપવા જણાવવામાં આવે છે. તેમજ જિલ્લા કક્ષાએ મળતી દરમાસની તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની તથા તાલુકા કક્ષાએ મળતી અઠવાડીક ત.ક. મંત્રીશ્રીઓની બેઠકમાં ગૌચર દબાણોની સમીક્ષા કરી, દબાણો દૂર કરવા માટે નિયમોનુસારની કાર્યવાહી કરવાની સૂચનાઓ આપવામાં આવે છે.

સરકારશ્રી દ્વારા દબાણો દૂર કરવા સંબંધે વખતોવખત પરિપત્રો તથા ઠરાવો પ્રસિધ્ધ કરવામાં આવે છે.

-------

**પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | સને-૨૦૧૮ના વર્ષમાં દબાણ થયાની મળેલ ફરિયાદોની સંખ્યા | તા. ૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ દૂર કરેલ ફરિયાદોની સંખ્યા | દૂર કરેલ ગૌચર દબાણનું ક્ષેત્રફળ (હે. આરે. પ્ર.) |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૨ | ૨૧ | ૩૪.૪૦.૯૨ |
| ૨ | અમરેલી | ૬૭ | ૯ | ૧૧૯.૭૮.૧૯ |
| ૩ | આણંદ | ૭ | ૨ | ૪૦.૧૯.૭૬ |
| ૪ | અરવલ્લી | ૭ | ૫ | ૩૬.૦૦.૧૧ |
| ૫ | બનાસકાંઠા | ૮૩ | ૧૫ | ૩૭.૪૭.૨૩ |
| ૬ | ભરૂચ | ૦ | ૦ | ૦.૦૦.૦૦ |
| ૭ | ભાવનગર | ૪૬૯ | ૧૮૦ | ૬૧.૦૮.૬૧ |
| ૮ | બોટાદ | ૧૭ | ૪ | ૪.૪૩.૨૯ |
| ૯ | છોટાઉદેપુર | ૩૭ | ૯ | ૨.૦૦.૦૦ |
| ૧૦ | ડાંગ | ૦ | ૦ | ૦.૦૦.૦૦ |
| ૧૧ | દાહોદ | ૩ | ૦ | ૦.૦૦.૦૦ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૪ | ૪ | ૬૪.૨૬.૭૭ |
| ૧૩ | ગાંધીનગર | ૨૯૨ | ૧૧૯ | ૯૮.૪૭.૯૨ |
| ૧૪ | ગીરસોમનાથ | ૫૪ | ૩ | ૧.૨૩.૦૪ |
| ૧૫ | જામનગર | ૮ | ૬ | ૨.૭૬.૨૬ |
| ૧૬ | જૂનાગઢ | ૩૭ | ૨૮ | ૩૬.૦૦.૮૭ |
| ૧૭ | ખેડા | ૪ | ૨ | ૧૭.૦૨.૫૮ |
| ૧૮ | કચ્છ | ૬ | ૨ | ૬.૮૭.૦૦ |

| ક્રમ | જિલ્લાનું નામ | સને-૨૦૧૮ના વર્ષમાં દબાણ થયાની મળેલ ફરિયાદોની સંખ્યા | તા. ૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ દૂર કરેલ ફરિયાદોની સંખ્યા | દૂર કરેલ ગૌચર દબાણનું ક્ષેત્રફળ (હે. આરે. પ્ર.) |
|---|---|---|---|---|
| ૧૯ | મહિસાગર | ૦ | ૦ | ૦૦૦.૦૦ |
| ૨૦ | મહેસાણા | ૯૫ | ૪૪ | ૧૧.૬૯.૮૨ |
| ૨૧ | મોરબી | ૧૦ | ૦ | ૦.૦૦.૦૦ |
| ૨૨ | નર્મદા | ૫ | ૪ | ૦.૨૨.૧૬ |
| ૨૩ | નવસારી | ૦ | ૦ | ૦૦૦.૦૦ |
| ૨૪ | પંચમહાલ | ૪ | ૧ | ૧૦.૮૬.૦૦ |
| ૨૫ | પાટણ | ૭ | ૫ | ૫૦.૯૮.૩૯ |
| ૨૬ | પોરબંદર | ૩ | ૩ | ૨.૪૮.૫૦ |
| ૨૭ | રાજકોટ | ૪ | ૪ | ૧.૯૨.૦૭ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦.૦૦.૦૦ |
| ૨૯ | સાબરકાંઠા | ૧૦ | ૫ | ૧.૫૫.૬૫ |
| ૩૦ | સુરત | ૪ | ૪ | ૦.૩૬.૪૩ |
| ૩૧ | તાપી | ૦ | ૦ | ૦.૦૦.૦૦ |
| ૩૨ | વડોદરા | ૬ | ૧ | ૦.૧૩.૩૭ |
| ૩૩ | વલસાડ | ૮ | ૮ | ૦.૮૨.૩૦ |

-------

## અમરેલી જિલ્લામાં નોંધાયેલ ભૂતિયા ખેડૂતો

અતારાંકિતઃ ૭૪૬૬ (૧૫-૧૨-૨૦૨૦) **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૦-૦૬-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેટલા બોગસ ખેડૂતો નોંધાયા,

(૨) આવા બોગસ ખેડૂતો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આવા બોગસ ખેડૂતોની એન્ટ્રી રેકર્ડ પરથી દૂર કરવા ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી થઈ છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** : (૦૧-૦૩-૨૦૨૧)

(૧) કુલ-૫૭

(૨) આવા બોગસ ખેડૂતો સામે, જે હક્કપત્રક નોંધથી બિનખેડૂત ઈસમ ખેડૂત બનેલ છે તેવા વ્યવહારો રદ કરી, જમીન સરકારશ્રી હસ્તક લેવામાં આવેલ છે તથા જમીનની પ્રવર્તમાન જંત્રીના ત્રણ ગણી રકમનો દંડ કરવામાં આવેલ છે.

(૩) આવા બોગસ ખેડૂતોની એન્ટ્રી રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવેલ છે.

-------

## કચ્છ અને મોરબી જિલ્લામાં સોલાર કંપનીને જમીન ફાળવણી

અતારાંકિતઃ ૭૯૭૦ (૦૨-૧૨-૨૦૨૦) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. -

(૧) કચ્છ અને મોરબી જિલ્લામાં તા. ૩૧-૧૦-૨૦૨૦ની સ્થિતિએ મહેસૂલ વિભાગ દ્વારા ઠરાવ ક્રમાંક : જમન/૫૬૨૦૨૦/૩૭૨/ગ તા. ૧૪-૦૯-૨૦ મુજબ કઈ સોલાર કંપનીને વીજ ઉત્પાદન માટે સરકારી પડતર, રણવિસ્તાર અને ગૌચર જમીન ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લા અને ગામવાર કઈ કંપનીને ક્યા સર્વે નંબરવાળી, કેટલા હેક્ટર જમીન ફાળવવામાં આવી અને ઉક્ત સ્થિતિએ કેટલી કંપનીને ફાળવવાની કાર્યવાહી ચાલુ છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** : (૦૧-૦૩-૨૦૨૧)

(૧) અને (૨) મોરબી જિલ્લામાં તા. ૩૧-૧૦-૨૦૨૦ની સ્થિતિએ તા. ૧૪-૦૯-૨૦૨૦ના ઠરાવ મુજબ એકપણ સોલાર કંપનીને સરકારી પડતર, રણ વિસ્તાર અને ગૌચર જમીન ફાળવવામાં આવેલ નથી.
કચ્છ જિલ્લો : **પત્રક-અ** મુજબ.

**પત્રક-અ**

| અ. નં. | કંપનીનું નામ | જિલ્લો | તાલુકો | ગામનું નામ | સર્વે નંબર | ફાળવેલ જમીન (હે.આરે.ચો.મી.) | ફાળવવાની કાર્યવાહીની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કંપની લિમિટેડ | કચ્છ | ભુજ | મોટા રણ વિસ્તારની પૈકીની | અનસર્વેડ | ૪૭૫૦.૦૦.૦૦ | ફાળવવાની કાર્યવાહી ચાલુમાં |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કંપની લી. | કચ્છ | ભુજ | મોટા રણ વિસ્તારની પૈકીની | અનસર્વેડ | ૬૬૫૦.૦૦.૦૦ | નથી. |
| ૩ | નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લી. | કચ્છ | ભુજ | મોટા રણ વિસ્તારની પૈકીની | અનસર્વેડ | ૯૫૦૦.૦૦.૦૦ | |
| ૪ | અદાણી ગ્રીન એનર્જી લી. | કચ્છ | ભુજ | મોટા રણ વિસ્તારની પૈકીની | અનસર્વેડ | ૧૯૦૦૦.૦૦.૦૦ | |
| ૫ | સર્જન રીયાલીટીઝ લી. | કચ્છ | ભુજ | મોટા રણ વિસ્તારની પૈકીની | અનસર્વેડ | ૯૫૦૦.૦૦.૦૦ | |

-------

**મોરબી જિલ્લામાં ગેરકાયદે દબાણો બાબત**

અતારાંકિતઃ ૮૩૮૮ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : તા. ૨૫-૦૩-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૩૮૯૬ ના અનસુંધાને માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે. –

(૧) મોરબી જિલ્લાના આમરણ ગામે કોસ્ટલ હાઈવે નં. ૬ની આસપાસ સરકારી જમીન પર ઉભા થયેલ ગેરકાયદે દબાણો બનતી ત્વરાએ દૂર કરવા જણાવવામાં આવ્યું હતું તે હકીકત સાચી છે ;

(૨) જો હા, તો ઉપરોક્ત ગેરકાયદે દબાણો તા. ૩૦-૧૧-૨૦૨૦ની સ્થિતિએ પણ દૂર કરવામાં આવ્યાં નથી તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો આ તમામ ગેરકાયદે દબાણો લાંબા સમયથી દૂર ન કરવા માટે શાં કારણો જવાબદાર છે; અને

(૪) ઉકત દબાણો દૂર કરવા ઉક્ત સ્થિતિએ શા પગલાં લેવાયાં છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** : (૨૫-૦૨-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) કોર્ટ કેસ તથા કોવિડ-૧૯ ના સંક્રમણને કારણે તા. ૩૦-૧૧-૨૦૨૦ની સ્થિતિએ પણ દબાણ દૂર કરવામાં આવેલ નથી. દબાણકારોને નોટિસ બજાવેલ છે અને સદરહું કેસ ઠરાવ ઉપર લીધેલ છે. જેથી ટૂંક સમયમાં સદરહું દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવનાર છે.

(૪) કોવિડ-૧૯ ના સંક્રમણને કારણે દબાણકારો હાજર રહી શકેલ ન હોવાથી આગામ મુદ્ધતમાં દબાણકારોને સાંભળ્યા બાદ નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

-------

**મોરબી જિલ્લાના કોસ્ટલ હાઈવે પરનાં દબાણો દૂર કરવા બાબત**

અતારાંકિતઃ ૮૬૮૮ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : તા. ૨૫-૦૩-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૩૮૯૬ ના અનસુંધાને માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. –

(૧) મોરબી જિલ્લાના આમરણ ગામે કોસ્ટલ હાઈવે નં. ૬ની આસપાસ સરકારી જમીન પર ઉભા થયેલ ગેરકાયદે દબાણો બનતી ત્વરાએ દૂર કરવા જણાવવામાં આવ્યું હતું તે હકીકત સાચી છે ;

(૨) જો હા, તો ઉપરોક્ત ગેરકાયદે દબાણો તા. ૧૫-૧૨-૨૦૨૦ની સ્થિતિએ પણ દૂર કરવામાં આવ્યાં નથી તે હકીકત સાચી છે,

(૩) આ તમામ ગેરકાયદે દબાણો લાંબા સમયથી દૂર ન કરવાના શાં કારણો છે; અને

(૪) ઉપરોક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** : (૨૫-૦૨-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) કોર્ટ કેસ તથા કોવિડ-૧૯ ના સંક્રમણને કારણે તા. ૧૫-૧૨-૨૦૨૦ની સ્થિતિએ પણ દબાણ દૂર કરવામાં આવેલ નથી. દબાણકારોને નોટિસ બજાવેલ છે. કોવિડ-૧૯ ના સંક્રમણને કારણે દબાણકારો અમુક મુદ્ધતે હાજર રહી શકેલ ન હોવાથી આગામી મુદ્ધતમાં દબાણકારોને સાંભળ્યા બાદ નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવનાર છે.

(૪) સદરહું કેસ ઠરાવ ઉપર લીધેલ છે. જેથી ટૂંક સમયમાં સદરહું દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

-------

**મહેસાણા જિલ્લામાં ફાળવવામાં આવેલ ગૌચર જમીનમાં શરતભંગ**

અતારાંકિતઃ ૮૮૬૪ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. –

(૧) તા. ૩૦-૧૨-૨૦૨૦ના સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લામાં ગૌચરની કેટલી જમીન ક્યા હેતુસર ફાળવવામાં આવી,

(૨) ફાળવવામાં આવેલ ગૌચર જમીનો પર ઉક્ત સ્થિતિએ ક્યા કિસ્સામાં શરતભંગ થયો,

(૩) શરતભંગ કરનારા સામે શા પગલાં લેવાયા, અને

(૪) શરતભંગ કરનારને ફાળવાયેલ ગૌચર જમીન પરત લેવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી** : (૨૬–૦૨–૨૦૨૧)

(૧) **''પત્રક–અ''** મુજબ.

(૨) શરતભંગ થયેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

**પત્રક–અ**

| **અ.નં.** | **હેતુ** | **ક્ષેત્રફળ (ચો.મી.)** |
|---|---|---|
| ૧ | પ્રાથમિક શાળાનું મકાન | ૪૪૭૫ |
| ૨ | પાઈપલાઈન | ૨૦૦૨૭ |
| ૩ | ગામઠાણ નીમ કરવા | ૪૬૫૩૭ |
| ૪ | તળાવ સદરે નીમ કરવા | ૫૧૭૩૮ |
| ૫ | ૬૬ કે. વી. સબ સ્ટેશન બનાવવા | ૧૯૬૦૦ |
| ૬ | તાલુકા પોલીસ સ્ટેશન તથા રહેણાકના મકાનો | ૧૧૩૦૦ |
| ૭ | ઈલેકટ્રોનિક વોટીંગ મશીન વેર હાઉસ | ૧૦૩૪ |
| ૮ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, (જી.આઈ.ડી.સી.) | ૪૭૦૦૦૦ |
| ૯ | સોલાર પાવર પ્રોજેક્ટ | ૧૨૦૦૦૦ |
| ૧૦ | સ્મશાન નીમ કરવા બાબત | ૪૬૧૭ |
| ૧૧ | તાલુકા સ્પોર્ટસ સંકુલ બનાવવા | ૧૪૦૦૦૦ |
| ૧૨ | અનુ. જાતિના કન્યા છાત્રાલય | ૪૦૦૦ |
| ૧૩ | અર્બન હેલ્થ સેન્ટર બનાવવા | ૩૭૫ |

–––––––

**છોટા ઉદેપુર જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગની ફરિયાદો બાબત**

અતારાંકિતઃ ૯૧૩૦ (૦૬–૦૧–૨૦૨૧) **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. –

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગની કેટલી ફરિયાદો જિલ્લા કલેક્ટરને મળી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩) આરોપીઓ સામે શા પગલાં લેવાયા ?

**મહેસૂલ મંત્રીશ્રી** : (૨૬–૦૨–૨૦૨૧)

(૧) શુન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

–––––––

**વાંકાનેર, મોરબી, રાજકોટ, અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં વરસાદથી રસ્તાઓને નુકસાન**

અતારાંકિતઃ ૭૧૧૫ (૦૧–૦૯–૨૦૨૦) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે. –

(૧) તા. ૨૫–૦૮–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યના વાંકાનેર, મોરબી, રાજકોટ, અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં છેલ્લા ત્રણ માસમાં ભારે વરસદાના કારણે રસ્તાઓને નુકસાન થયું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તાલુકાવાર પંચાયત અને રાજ્ય હસ્તકના કેટલા રસ્તાઓનું કેટલું નુક્શાન થયેલ છે, અને

(૩) તે પૈકી કેટલા રસ્તાઓની છેલ્લે ક્યારે મરામત અને નવા બનાવવામાં આવ્યા હતા ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) : (૦૧–૦૩–૨૦૨૧)

(૧) હાજી, પરિશિષ્ટ–૧ મુજબ, નુકસાન પામેલ તમામ રસ્તાઓને મરામત કરવામાં આવેલ છે.

(૨)
અને
(૩)

**પરિશિષ્ટ–૧**

| તાલુકા | પંચાયત મા.મ. વિભાગ | | રાજ્ય મા.મ. વિભાગ | |
|---|---|---|---|---|
| | **રસ્તાની સંખ્યા** | **મરામત પાછળ થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** | **રસ્તાની સંખ્યા** | **મરામત પાછળ થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** |
| વાંકાનેર | ૧૬ | ૩૫.૨૧ | ૫ | ૧૧.૫૦ |
| મોરબી | ૧૯ | ૧૦૭.૪૨ | ૮ | ૩૫.૫૦ |
| રાજકોટ | ૯ | ૨.૨૩ | ૬ | ૧૪.૧૦ |
| અબડાસા | ૧૬ | ૮૦.૮૦ | ૬ | ૨.૯૩ |
| લખપત | ૪૩ | ૧૯૮.૨૬ | ૫ | ૪.૩૨ |
| નખત્રાણા | ૩૫ | ૧૨૦.૫૦ | ૬ | ૫.૮૦ |
| **કુલ** | **૧૩૮** | **૫૪૪.૪૨** | **૩૬** | **૭૪.૧૫** |

–––––––

**રાજ્યમાં બક્ષીપંચના ખોટા પ્રમાણપત્ર મેળવનાર સામે પગલા**

અતારાંકિતઃ ૮૦૮૭ (૦૫–૦૧–૨૦૨૦) **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. –

(૧) રાજ્યમાં તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ખોટા અને બોગસ પ્રમાણપત્ર મેળવનાર કેટલા ઈસમો પકડાયા, અને

(૨) બોગસ પ્રમાણપત્રોના આધારે સરકારી નોકરી/શૈક્ષણિક પ્રવેશ અને અન્ય લાભો મેળવનાર ઈસમો સામે સરકારે ઉક્ત સ્થિતિએ શા પગલાં ભર્યા ?

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** : (૦૧–૦૩–૨૦૨૧)

(૧) અને (૨) પ્રશ્ન હેઠળના સમયગાળા દરમ્યાન કુલ ૨૦૯ ઉમેદવારો તેઓની રાજ્ય સરકાર દ્વારા સ્વિકૃત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ પ્રસ્થાપિત નહી કરી શકતાં તેઓના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રો રાજ્ય કક્ષાની વિશ્લેષણ સમિતિ દ્વારા રદ કરવામાં આવ્યા.

આવા ઉમેદવારોને અનામતનો લાભ લેતાં અટકાવવા સંબંધિત સંસ્થા/કમિટીને જાણ કરવામાં આવી. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રમાં સક્ષમ સત્તાધિકારીની ખોટી સહી હોવાની રજૂઆતવાળા કિસ્સામાં પોલીસ કેસ કરવા વિશ્લેષણ સમિતિએ લીધેલ નિર્ણય મુજબ કાર્યવાહી હાથ ધરેલ છે.

–––––––

**એનીમલ બર્થ કંટ્રોલ (ડોગ) રૂલ્સ–૨૦૦૧નો રાજ્યમાં અમલની બાબત**

અતારાંકિતઃ ૮૧૨૧ (૨૮–૦૨–૨૦૨૧) **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે. –

(૧) રાજ્યની ૧૫૯ નગરપાલિકાઓ પૈકી ૯૩ નગરપાલિકામાંથી ૧૨ નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ એનીમલ બર્થ કંટ્રોલ (ડોગ)રૂલ્સ–૨૦૦૧નો અમલ થાય છે, જ્યારે ૮૧ નગરપાલિકામાં અમલ થતો નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ બાકી રહેલ ૮૧ નગરપાલિકા પૈકી કઈ નગરપાલિકામાં આ કાયદાનો વાસ્તવિક અમલ શરૂ કરી દેવાયો અને કઈ નગરપાલિકામાં અમલ થવાનો બાકી છે,

(૩) બાકી રહેલ નગરપાલિકામાં કાયદાનો અમલ ક્યાં સુધીમાં શરૂ કરવાનું આયોજન છે ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) : (૦૧–૦૩–૨૦૨૧)

(૧) હા, જી.

(૨) તમામ નગરપાલિકામાં અમલવારી કરવામાં આવે છે.

(૩) તમામ નગરપાલિકામાં અમલવારી થતી હોય કોઈ પ્રશ્ન રહેતો નથી.

–––––––

**ધી ટ્રાન્સપોર્ટ ઓફ એનીમલ્સ(અમેન્ડમેન્ટ) રુલ્સ–૨૦૦૯ની જોગવાઈનું પાલન બાબત**

અતારાંકિતઃ ૮૨૨૧ (૨૯–૧૨–૨૦૨૦) **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. –

(૧) ધી ટ્રાન્સપોર્ટ ઓફ એનીમલ્સ(એમેન્ડમેન્ટ) રૂલ્સ–૨૦૦૯માં વર્ગવાર પ્રાણીઓના વાહનમાં ટ્રાન્સપોર્ટેશન સમયે વજન પ્રમાણે લઘુત્તમ જગ્યા ફાળવવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યના અમદાવાદ–વડોદરા–સુરત–રાજકોટ જિલ્લાઓમાં આ જોગવાઈનું પાલન કરવામાં આવતું નથી તે હકીકત સરકાર વાકેફ છે,

(૩) જો હા, તો તેના શા કારણો છે, અને

(૪) આ કાયદાનું સમગ્ર રાજ્યમાં પાલન કરાવવા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** : (૨૬–૦૨–૨૦૨૧)

(૧) હા.

(૨) કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ 125 મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેઝના તા. ૦૮–૦૭–૨૦૧૫ના નોટીફીકેશન ક્રમાંક G.S.R. 546 (E) થી 125(E) નો ઉમેરો કરવામાં આવેલ છે. જેમાં વર્ગવાર પ્રાણીઓના વહન માટે ન્યુનત્તમ જગ્યા ઠરાવવામાં આવેલ છે. જેમ કે ગાય અને ભેંસ માટે ૨.૦ ચો.મી., ઘોડા–ઘાડી માટે ૨.૨૫ ચો.મી. વગેરે. રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસર દ્વારા પશુઓના પરિવહન માટે વપરાતા વાહન આ નિયમ 125(E) પ્રમાણેની રચના ધરાવે છે કે કેમ તે સુનિશ્ચિત કરવા સ્પેશિયલ લાયસન્સ ઈસ્યુ કરવા રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસરને સત્તા આપવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125(E) હેઠળ ૪(ચાર) લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૩) ઉપર મુજબ.

(૪) મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સોપોર્ટ અને હાઈવેઝના તા. ૦૮–૦૭–૨૦૧૫ના નોટીફીકેશનની અમલવારી અર્થે વાહન વ્યવહાર કમિશનર કચેરીના પરિપત્ર ક્રમાંક : ડીએ/પોલીસકેસ/ઓવરલોડ/ઓન/૧૧૦૨૯, તા. ૩૧–૧૨–૨૦૧૫ થી તમામ આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીઓને સૂચના આપવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125(E) ના ભંગ હેઠળ કુલ ૧૭(સત્તર) કેસ કરવામાં આવેલ.

–––––––

### રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન બાબત

અતારાંકિતઃ ૮૪૩૮ (૧૩–૦૧–૨૦૨૧) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. –

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓને જુદી જુદી એજન્સીઓ મારફતે વાહનમાં મોકલવામાં આવે ત્યારે ટ્રાન્સપોર્ટ સંબંધી કાયદા–પરમીટ–લાઈસન્સ–સર્ટીફીકેટના પાલન કરવામાં આવતા નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો પ્રાણીઓના ટ્રાન્સપોર્ટ સંબંધી તમામ કાયદાકીય જોગવાઈઓનું ચુસ્ત પાલન થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** : (૨૬–૦૨–૨૦૨૧)

(૧) કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ 125 માં મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેઝના તા. ૦૮–૦૭–૨૦૧૫ના નોટીફીકેશન ક્રમાંક G.S.R. 546 (E) થી 125(E) નો ઉમેરો કરવામાં આવેલ છે. જેમાં વર્ગવાર પ્રાણીઓના વહન માટે ન્યુનત્તમ જગ્યા ઠરાવવામાં આવેલ છે. જેમ કે ગાય અને ભેંસ માટે ૨.૦ ચો.મી., ઘોડા–ઘાડી માટે ૨.૨૫ ચો.મી. વગેરે. રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસર દ્વારા પશુઓના પરિવહન માટે વપરાતા વાહન આ નિયમ 125(E) પ્રમાણેની રચના ધરાવે છે કે કેમ તે સુનિશ્ચિત કરવા સ્પેશિયલ લાયસન્સ ઈસ્યુ કરવા રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસરને સત્તા આપવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125(E) હેઠળ શૂન્ય લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૨) પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125(E) હેઠળ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા શૂન્ય કેસ કરવામાં આવેલ છે.

–––––––

### વડોદરા મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન બાબત

અતારાંકિતઃ ૮૪૫૩ (૧૩–૦૧–૨૦૨૧) **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. –

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ વડોદરા મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓને જુદી જુદી એજન્સીઓ મારફતે વાહનમાં મોકલવામાં આવે ત્યારે ટ્રાન્સપોર્ટ સંબંધી કાયદા–પરમીટ–લાઈસન્સ–સર્ટીફીકેટના પાલન કરવામાં આવતા નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો પ્રાણીઓના ટ્રાન્સપોર્ટ સંબંધી તમામ કાયદાકીય જોગવાઈઓનું ચુસ્ત પાલન થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** : (૨૬–૦૨–૨૦૨૧)

(૧) કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ 125 માં મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેઝના તા. ૦૮–૦૭–૨૦૧૫ના નોટીફીકેશન ક્રમાંક G.S.R. 546 (E) થી 125(E) નો ઉમેરો કરવામાં આવેલ છે. જેમાં વર્ગવાર પ્રાણીઓના વહન માટે ન્યુનત્તમ જગ્યા ઠરાવવામાં આવેલ છે. જેમ કે ગાય અને ભેંસ માટે ૨.૦ ચો.મી., ઘોડા–ઘાડી માટે ૨.૨૫ ચો.મી. વગેરે. રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસર દ્વારા પશુઓના પરિવહન માટે વપરાતા વાહન આ નિયમ 125(E) પ્રમાણેની રચના ધરાવે છે કે કેમ તે સુનિશ્ચિત કરવા સ્પેશિયલ લાયસન્સ ઈસ્યુ કરવા રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસરને સત્તા આપવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, વડોદરા દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125(E) હેઠળ શૂન્ય લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૨) મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સોપોર્ટ અને હાઈવેઝના તા. ૦૮–૦૭–૨૦૧૫ના નોટીફીકેશનની અમલવારી અર્થે વાહન વ્યવહાર કમિશનર કચેરીના પરિપત્ર ક્રમાંક : ડીએ/પોલીસકેસ/ઓવરલોડ/ઓન/૧૧૦૨૯, તા. ૩૧–૧૨–૨૦૧૫ થી તમામ આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીઓને સૂચના આપવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, વડોદરા દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125(E) હેઠળ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, વડોદરા દ્વારા ૬ કેસ કરવામાં આવેલ છે.

-------

**ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન બાબત**

અતારાંકિતઃ ૮૪૬૨ (૧૩–૦૧–૨૦૨૧) **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. –

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓને જુદી જુદી એજન્સીઓ મારફતે વાહનમાં મોકલવામાં આવે ત્યારે ટ્રાન્સપોર્ટ સંબંધી કાયદા–પરમીટ–લાઈસન્સ–સર્ટીફીકેટના પાલન કરવામાં આવતા નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો પ્રાણીઓના ટ્રાન્સપોર્ટ સંબંધી તમામ કાયદાકીય જોગવાઈઓનું ચુસ્ત પાલન થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** : (૨૬–૦૨–૨૦૨૧)

(૧) કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ 125 માં મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેઝના તા. ૦૮–૦૭–૨૦૧૫ના નોટીફીકેશન ક્રમાંક G.S.R. 546 (E) થી 125(E) નો ઉમેરો કરવામાં આવેલ છે. જેમાં વર્ગવાર પ્રાણીઓના વહન માટે ન્યુનત્તમ જગ્યા ઠરાવવામાં આવેલ છે. જેમ કે ગાય અને ભેંસ માટે ૨.૦ ચો.મી., ઘોડા–ઘાડી માટે ૨.૨૫ ચો.મી. વગેરે. રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસર દ્વારા પશુઓના પરિવહન માટે વપરાતા વાહન આ નિયમ 125(E) પ્રમાણેની રચના ધરાવે છે કે કેમ તે સુનિશ્ચિત કરવા સ્પેશિયલ લાયસન્સ ઈસ્યુ કરવા રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસરને સત્તા આપવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, વડોદરા દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125(E) હેઠળ શૂન્ય લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૨) મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સોપોર્ટ અને હાઈવેઝના તા. ૦૮–૦૭–૨૦૧૫ના નોટીફીકેશનની અમલવારી અર્થે વાહન વ્યવહાર કમિશનર કચેરીના પરિપત્ર ક્રમાંક : ડીએ/પોલીસકેસ/ઓવરલોડ/ઓન/૧૧૦૨૯, તા. ૩૧–૧૨–૨૦૧૫ થી તમામ આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીઓને સૂચના આપવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, ગાંધીનગર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125(E) હેઠળ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, ગાંધીનગર દ્વારા શૂન્ય કેસ કરવામાં આવેલ છે.

-------

**સુરત મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન બાબત**

અતારાંકિતઃ ૮૪૬૯ (૧૩–૦૧–૨૦૨૧) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. –

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ સુરત મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓને જુદી જુદી એજન્સીઓ મારફતે વાહનમાં મોકલવામાં આવે ત્યારે ટ્રાન્સપોર્ટ સંબંધી કાયદા–પરમીટ–લાઈસન્સ–સર્ટીફીકેટના પાલન કરવામાં આવતા નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો પ્રાણીઓના ટ્રાન્સપોર્ટ સંબંધી તમામ કાયદાકીય જોગવાઈઓનું ચુસ્ત પાલન થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** : (૨૬–૦૨–૨૦૨૧)

(૧) કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ 125 માં મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેઝના તા. ૦૮–૦૭–૨૦૧૫ના નોટીફીકેશન ક્રમાંક G.S.R. 546 (E) થી 125(E) નો ઉમેરો કરવામાં આવેલ છે. જેમાં વર્ગવાર પ્રાણીઓના વહન માટે ન્યુનત્તમ જગ્યા ઠરાવવામાં આવેલ છે. જેમ કે ગાય અને ભેંસ માટે ૨.૦ ચો.મી., ઘોડા–ઘાડી માટે ૨.૨૫ ચો.મી. વગેરે. રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસર દ્વારા પશુઓના પરિવહન માટે વપરાતા વાહન આ નિયમ 125(E) પ્રમાણેની રચના ધરાવે છે કે કેમ તે સુનિશ્ચિત કરવા સ્પેશિયલ લાયસન્સ ઈસ્યુ કરવા રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસરને સત્તા આપવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, વડોદરા દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125(E) હેઠળ શૂન્ય લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૨) મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સોપોર્ટ અને હાઈવેઝના તા. ૦૮–૦૭–૨૦૧૫ના નોટીફીકેશનની અમલવારી અર્થે વાહન વ્યવહાર કમિશનર કચેરીના પરિપત્ર ક્રમાંક : ડીએ/પોલીસકેસ/ઓવરલોડ/ઓન/૧૧૦૨૯, તા. ૩૧–૧૨–૨૦૧૫ થી તમામ આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીઓને સૂચના આપવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, સુરત દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125(E) હેઠળ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, સુરત દ્વારા ચાર કેસ કરવામાં આવેલ છે.

–––––––

**જૂનાગઢ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન બાબત**

અતારાંકિતઃ ૮૪૭૨ (૧૩–૦૧–૨૦૨૧) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓને જુદી જુદી એજન્સીઓ મારફતે વાહનમાં મોકલવામાં આવે ત્યારે ટ્રાન્સપોર્ટ સંબંધી કાયદા–પરમીટ–લાઈસન્સ–સર્ટીફીકેટના પાલન કરવામાં આવતા નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો, હા તો પ્રાણીઓના ટ્રાન્સપોર્ટ સંબંધી તમામ કાયદાકીય જોગવાઈઓનું ચુસ્ત પાલન થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** : (૨૬–૦૨–૨૦૨૧)

(૧) કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ 125માં મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેઝના તા. ૦૮–૦૭–૨૦૧૫ના નોટીફીકેશન ક્રમાંક G.S.R. 546(E) થી 125(E) નો ઉમેરો કરવામાં આવેલ છે. જેમાં વર્ગવાર પ્રાણીઓના વહન માટે ન્યુનત્તમ જગ્યા ઠરાવવામાં આવેલ છે. જેમ કે ગાય અને ભેંસ માટે ૨.૦ ચો.મી., ઘોડા–ઘાડી માટે ૨.૨૫ ચો.મી., વગેરે. રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસર દ્વારા પશુઓના પરિવહન માટે વપરાતા વાહન આ નિયમ 125(E) પ્રમાણેની રચના ધરાવે છે કે કેમ તે સુનિશ્ચિત કરવા સ્પેશિયલ લાયસન્સ ઈસ્યુ કરવા રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસરને સત્તા આપવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, જૂનાગઢ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125(E) હેઠળ ૨૦ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૨) મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેઝના તા. ૦૮–૦૭–૨૦૧૫ના નોટીફીકેશનની અમલવારી અર્થે વાહન વ્યવહાર કમિશનર કચેરીના પરિપત્ર ક્રમાંકઃ ડીએ/પોલીસકેસ/ઓવરલોડ/ઓન/૧૧૦૨૯, તા. ૩૧–૧૨–૨૦૧૫ થી તમામ

આર. ટી. ઓ./એ.આર.ટી.ઓ./કચેરીઓને સૂચના આપવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, જૂનાગઢ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125 (E) હેઠળ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, જૂનાગઢ દ્વારા શૂન્ય કેસ કરવામાં આવેલ છે.

–––––––

**જામનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન બાબત**

અતારાંકિતઃ ૮૪૭૪ (૧૩–૦૧–૨૦૨૧) **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ જામનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓને જુદી જુદી એજન્સીઓ મારફતે વાહનમાં મોકલવામાં આવે ત્યારે ટ્રાન્સપોર્ટ સંબંધી કાયદા–પરમીટ–લાઈસન્સ–સર્ટીફીકેટના પાલન કરવામાં આવતા નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો, હા તો પ્રાણીઓના ટ્રાન્સપોર્ટ સંબંધી તમામ કાયદાકીય જોગવાઈઓનું ચુસ્ત પાલન થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** : (૨૬–૦૨–૨૦૨૧)

(૧) કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ 125માં મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેઝના તા. ૦૮–૦૭–૨૦૧૫ના નોટીફીકેશન ક્રમાંક G.S.R. 546(E) થી 125(E) નો ઉમેરો કરવામાં આવેલ છે. જેમાં વર્ગવાર પ્રાણીઓના વહન માટે ન્યુનત્તમ જગ્યા ઠરાવવામાં આવેલ છે. જેમ કે ગાય અને ભેંસ માટે ૨.૦ ચો.મી., ઘોડા–ઘાડી માટે ૨.૨૫ ચો.મી., વગેરે. રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસર દ્વારા પશુઓના પરિવહન માટે વપરાતા વાહન આ નિયમ 125(E) પ્રમાણેની રચના ધરાવે છે કે કેમ તે સુનિશ્ચિત કરવા સ્પેશિયલ લાયસન્સ ઈસ્યુ કરવા રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસરને સત્તા આપવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, જૂનાગઢ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125(E) હેઠળ શૂન્ય લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૨) મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેઝના તા. ૦૮–૦૭–૨૦૧૫ના નોટીફીકેશનની અમલવારી અર્થે વાહન વ્યવહાર કમિશનર કચેરીના પરિપત્ર ક્રમાંકઃ ડીએ/પોલીસકેસ/ઓવરલોડ/ઓન/૧૧૦૨૯, તા. ૩૧–૧૨–૨૦૧૫ થી તમામ

આર. ટી. ઓ./એ.આર.ટી.ઓ./કચેરીઓને સૂચના આપવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, જામનગર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125 (E) હેઠળ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, જામનગર દ્વારા શૂન્ય કેસ કરવામાં આવેલ છે.

–––––––

**ભાવનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન બાબત**

અતારાંકિતઃ ૮૪૮૦ (૧૩–૦૧–૨૦૨૧) **શ્રી અંબરીષભાઇ ડેર** (રાજુલા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ ભાવનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓને જુદી જુદી એજન્સીઓ મારફતે વાહનમાં મોકલવામાં આવે ત્યારે ટ્રાન્સપોર્ટ સંબંધી કાયદા–પરમીટ–લાઇસન્સ–સર્ટીફીકેટના પાલન કરવામાં આવતા નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો, હા તો પ્રાણીઓના ટ્રાન્સપોર્ટ સંબંધી તમામ કાયદાકીય જોગવાઈઓનું ચુસ્ત પાલન થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** : (૨૬–૦૨–૨૦૨૧)

(૧) કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ 125માં મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેઝના તા. ૦૮–૦૭–૨૦૧૫ના નોટીફીકેશન ક્રમાંક G.S.R. 546(E) થી 125(E) નો ઉમેરો કરવામાં આવેલ છે. જેમાં વર્ગવાર પ્રાણીઓના વહન માટે ન્યુનત્તમ જગ્યા ઠરાવવામાં આવેલ છે. જેમ કે ગાય અને ભેંસ માટે ૨.૦ ચો.મી., ઘોડા–ઘાડી માટે ૨.૨૫ ચો.મી., વગેરે. રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસર દ્વારા પશુઓના પરિવહન માટે વપરાતા વાહન આ નિયમ 125(E) પ્રમાણેની રચના ધરાવે છે કે કેમ તે સુનિશ્ચિત કરવા સ્પેશિયલ લાયસન્સ ઈસ્યુ કરવા રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસરને સત્તા આપવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, ભાવનગર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125(E) હેઠળ શૂન્ય લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૨) મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેઝના તા. ૦૮–૦૭–૨૦૧૫ના નોટીફીકેશનની અમલવારી અર્થે વાહન વ્યવહાર કમિશનર કચેરીના પરિપત્ર ક્રમાંકઃ ડીએ/પોલીસકેસ/ઓવરલોડ/ઓન/૧૧૦૨૯, તા. ૩૧–૧૨–૨૦૧૫ થી તમામ
આર. ટી. ઓ./એ.આર.ટી.ઓ./કચેરીઓને સૂચના આપવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, ભાવનગર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિયમ 125 (E) હેઠળ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, ભાવનગર દ્વારા શૂન્ય કેસ કરવામાં આવેલ છે.

–––––––

**રાજ્યમાં બળાત્કાર પીડિત મહિલાઓને આર્થિક વળતર આપવા બાબત**

અતારાંકિતઃ ૮૧૫૫ (૦૨–૦૧–૨૦૨૧) **શ્રી ભગાભાઈ બારડ** ડ(તાલાલા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) ના. સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર બળાત્કાર પીડિત મહિલાને આર્થિક વળતર આપવા સ્ટેટ અને ડીસ્ટ્રીક્ટ ક્રીમીનલ ઈન્જરીઝ રીલીફ એન્ડ રીહેબેલીટેશન બોર્ડની રચના કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ આ બોર્ડ દ્વારા સને ૨૦૧૭–૧૮ અને ૨૦૧૯ ના વર્ષમાં કેટલી બળાત્કાર પીડિત મહિલાઓને આર્થિક વળતર આપવામાં આવ્યા અને કેટલા કિસ્સામાં બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં ચૂકવી દેવામાં આવનાર છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** : (૨૬–૦૨–૨૦૨૧)

(૧) હા, જી મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૦૭–૦૧–૨૦૨૧ના ઠરાવથી સ્ટેટ અને ડીસ્ટ્રીક્ટ ક્રીમીનલ ઈન્જરીઝ રીલીફ એન્ડ રીહેબેલીટેશન બોર્ડની રચના કરવામાં આવેલ છે.

(૨) અને (૩) પરંતુ ત્યારબાદ ગૃહ વિભાગના તા. ૦૨–૦૧–૨૦૧૬ના જાહેરનામાથી બહાર પડાયેલ ધી ગુજરાત વિકટીમ કમ્પેન્શેશન સ્કીમ, ૨૦૧૬ અને ગૃહ વિભાગના તા. ૨૬–૦૪–૨૦૧૯ના જાહેરનામાથી બહાર પડાયેલ ધી ગુજરાત વિકટીમ કમ્પેન્શેશન સ્કીમ, ૨૦૧૯ ની જોગવાઈ મુજબ રેપ વિકટીમ સહાય ચૂકવવાની કામગીરી હવે કાનુની સેવા સત્તા મંડળ મારફત કરવામાં આવે છે. આથી આ બોર્ડ દ્વારા બળાત્કાર પીડિત મહિલાઓને વળતર આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૮૦૮૫ | ૦૧ |
| ૨ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૭૯૮૨, ૮૧૨૭, ૮૧૪૧, ૮૧૪૨, ૮૧૫૦, ૮૧૬૭, ૮૩૮૯ | ૦૭ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૬૭૪૮ | ૦૧ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૪૬૩, ૭૭૩૭, ૭૮૪૯, ૭૯૬૯, ૮૦૭૫, ૮૦૭૬, ૮૧૨૦, ૮૧૭૪, ૮૨૯૫, ૮૪૯૬, ૮૫૦૬, ૮૫૧૧, ૮૫૨૦, ૮૬૧૪, ૮૬૪૪, | ૧૯ |

| | | | |
|---|---|---|---|
| | | ૮૭૨૯, ૮૭૯૦, ૯૦૮૯, ૯૪૦૦ | |
| ૫ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૮૧૩૯, ૮૫૮૦, ૮૬૨૯ | ૦૩ |
| ૬ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૬૫૫૨ | ૦૧ |
| ૭ | મહેસૂલ વિભાગ | ૭૪૬૬, ૭૯૭૦, ૮૩૮૮, ૮૬૮૮, ૮૮૬૪, ૯૧૩૦ | ૦૬ |
| ૮ | માર્ગ અને મકાન વિભાગ | ૭૧૧૫ | ૦૧ |
| ૯ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૮૦૮૭ | ૦૧ |
| ૧૦ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૮૧૨૧ | ૦૧ |
| ૧૧ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૮૨૨૧, ૮૪૩૮, ૮૪૫૩, ૮૪૬૨, ૮૪૬૯, ૮૪૭૨, ૮૪૭૪, ૮૪૮૦ | ૦૮ |
| ૧૨ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૮૧૫૫ | ૦૧ |
| | | **કુલ** | **૫૦** |

-------

**ઓગણીસમી અતારાંકિત યાદી**

**રાજ્યમાં રક્ષિત માછલીઓના સંરક્ષણ માટેના પગલાંઓ બાબત**

અતારાંકિતઃ ૯૦૪૮ (૧૮–૦૩–૨૦૨૧) **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર):**માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ કઈ કઈ માછલીઓને રક્ષિત જાહેર કરવામાં આવી છે, અને

(૨) રક્ષિત માછલીઓના સંરક્ષણ માટે શા પગલાં લેવાયા ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૦૩–૦૩–૨૦૨૧)

(૧)તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ મત્સ્યોદ્યોગ ખાસ્તા દ્વારા કોઈ માછલીઓને રક્ષિત જાહેર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**સજીવખેતીની પ્રોત્સાહન આપવાની વ્યવસ્થા**

અતારાંકિતઃ ૯૦૮૪ (૧૮–૦૧–૨૦૨૧) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ):**માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં રાજ્યમાં રાસાયણિક દવા/ખાતરથી થતા નુકસાનને કારણે ખેડૂતોએ સજીવ ખેતી શરૂ કરી છે તે સંજોગોમાં સજીવ ખેતીને પ્રોત્સાહન આપવા સરકારે શી વ્યવસ્થા કરી છે, અને

(૨) ઉક્ત કામગીરી કોને સોંપાઈ છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૦૪–૦૩–૨૦૨૧)

(૧) રાજ્યમાં સજીવ ખેતીનું પ્રમાણ વધારવા માટે રાજ્યમાં નીચે મુજબની યોજનાઓ અમલી છે.

(૧) રાજ્યમાં ખેડૂતોને સેંદ્રિય ખેતીના પ્રોત્સાહન માટે સહાય પૂરી પાડવા અંગેની યોજના

(૨) ડાંગ જિલ્લાને ૧૦૦ ટકા સેંદ્રિય ખેતી હેઠળ આવરી લેવાની યોજના

(૩) રાજ્યમાં ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી સ્થાપવા અંગેની યોજના

તદ્ઉપરાંત ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર પુરસ્કૃત નીચે મુજબની યોજનાઓ રાજ્યમાં અમલી છે.

(૧) કેન્દ્ર પુરસ્કૃતનેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના અંતર્ગત સજીવ ખેતી ઘટક માટે સહાયની યોજના

(૨) કેન્દ્ર પુરસ્કૃત પરંપરાગત કૃષિ વિકાસ યોજના

(૨) સજીવ ખેતીને પ્રોત્સાહન આપવાની કામગીરી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હસ્તકના ખાતાઓ અને સંસ્થાઓને સોંપાઈ છે.

--------

**ભાવનગર જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે મળેલી ફરિયાદો બાબત**

અતારાંકિતઃ ૯૧૦૧ (૧૬–૦૨–૨૦૨૧) **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા):**માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ભાવનગર જિલ્લાના જળાશયોના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે કેટલી ફરિયાદો મળી,

(૨) આ ફરિયાદો અનુસાર કેટલા પરવાનેદારો સામે પગલાં લેવાા,

(૩) કેટલા પરવાનેદારોના પરવાના રદ થયા, અને

(૪) કેટલા પરવાનેદારોને બ્લેકલિસ્ટ કરાયા ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૦૩–૦૩–૨૦૨૧)

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લ ૩ (ત્રણ) વર્ષમાં ભાવનગર જિલ્લાના જળાશયોના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે કોઈ ફરિયાદો મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**દાહોદ અને પંચમહાલ જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે મળેલી ફરિયાદો બાબત**

અતારાંકિતઃ ૯૧૨૬ (૧૬–૦૧–૨૦૨૧) **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા):**માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં દાહોદ અને પંચમહાલ જિલ્લાના જળાશયોના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે કેટલી ફરિયાદો મળી,

(૨) આ ફરિયાદો અનુસાર કેટલા પરવાનેદારો સામે પગલાં લેવાા,

(૩) કેટલા પરવાનેદારોના પરવાના રદ થયા, અને

(૪) કેટલા પરવાનેદારોને બ્લેકલિસ્ટ કરાયા ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૦૩–૦૩–૨૦૨૧)

(૧) કોઈ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**છોટા ઉદેપુર જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે મળેલી ફરિયાદો બાબત**

અતારાંકિતઃ ૯૧૨૯ (૧૬–૦૧–૨૦૨૧) **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર):**માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લાના જળાશયોના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે કેટલી ફરિયાદો મળી,

(૨) આ ફરિયાદો અનુસાર કેટલા પરવાનેદારો સામે પગલાં લેવાા,

(૩) કેટલા પરવાનેદારોના પરવાના રદ થયા, અને

(૪) કેટલા પરવાનેદારોને બ્લેકલિસ્ટ કરાયા ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૦૩–૦૩–૨૦૨૧)

(૧) કોઈ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વડોદરા જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે મળેલી ફરિયાદો**

અતારાંકિતઃ ૯૧૩૪ (૧૬–૦૧–૨૦૨૧) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા):**માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં વડોદરા જિલ્લાના જળાશયોના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે કેટલી ફરિયાદો મળી,

(૨) આ ફરિયાદો અનુસાર કેટલા પરવાનેદારો સામે પગલાં લેવા઼ા,

(૩) કેટલા પરવાનેદારોના પરવાના રદ થયા, અને

(૪) કેટલા પરવાનેદારોને બ્લેકલિસ્ટ કરાયા ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૦૩-૦૩-૨૦૨૧)

(૧) કોઈ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ભરૂચ જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે મળેલી ફરિયાદો**

અતારાંકિતઃ ૯૧૩૯ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર):**માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ભરૂચ જિલ્લાના જળાશયોના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે કેટલી ફરિયાદો મળી,

(૨) આ ફરિયાદો અનુસાર કેટલા પરવાનેદારો સામે પગલાં લેવા,

(૩) કેટલા પરવાનેદારોના પરવાના રદ થયા, અને

(૪) કેટલા પરવાનેદારોને બ્લેકલિસ્ટ કરાયા ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૦૩-૦૩-૨૦૨૧)

(૧) કોઈ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**સુરત જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે મળેલી ફરિયાદો**

અતારાંકિતઃ ૯૧૪૨ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી):**માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં સુરત જિલ્લાના જળાશયોના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે કેટલી ફરિયાદો મળી,

(૨) આ ફરિયાદો અનુસાર કેટલા પરવાનેદારો સામે પગલાં લેવા઼ા,

(૩) કેટલા પરવાનેદારોના પરવાના રદ થયા, અને

(૪) કેટલા પરવાનેદારોને બ્લેકલિસ્ટ કરાયા ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૦૩-૦૩-૨૦૨૧)

(૧) એક (૧) ફરિયાદ મળેલ છે.

(૨) મળેલ ફરિયાદ અંગે જિલ્લા રજિસ્ટ્રાશ્રી દ્વારા તપાસની કાર્યવાહી ચાલુ છે. જે પુર્ણ થયેથી નિયમ મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

(૩) કોઈ પરવાનેદારોના પરવાના રદ થયેલ નથી.

(૪) કોઈ પરવાનેદારોને બ્લેક લિસ્ટ કરાયેલ નથી.

--------

**નવસારી અને વલસાડ જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે મળેલ ફરિયાદો બાબત**

અતારાંકિતઃ ૯૧૪૮ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા):**માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં નવસારી અને વલસાડ જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે કેટલી ફરિયાદો મળી,

(૨) આ ફરિયાદોના પગલે કેટલા પરવાનેદારો સામે પગલાં લેવાયા,

(૩) કેટલા પરવાનેદારોના પરવાના રદ થયા, અને

(૪) કેટલા પરવાનેદારોને બ્લેકલિસ્ટ કરાયા ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૦૩-૦૩-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નવસારી અને વલસાડ જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે કોઈ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં અગરિયા કુટુંબોને જરૂરિયાતની ચીજો માટે કાર્યરત મોબાઈન વાન**

અતારાંકિતઃ ૮૬૯૯ (૦૭-૦૧-૨૦૨૧) **ગેનીબેન ઠાકોર** (વાવ):**માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં અગરિયાની વસ્તી ધરાવતા જિલ્લાઓમાં અગરિયાના કુટુંબોને જીવન જરૂરિયાતની ચીજો મળી રહે તે માટે કેટલી ફરતી મોબાઈન વાન કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી વધુ મોબાઈલવાનની જરૂરિયાત છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ મોબાઈલ વાનની સુવિધા શરૂ કરવાનું શું આયોજન છે ?

**અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૦૮-૦૩-૨૦૨૧)

(૧) રાજ્યમાં અગરિયાની વસ્તી ધરાવતા જિલ્લાઓમાં તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ અગરિયાના કુટુંબોને જીવન જરૂરિયાતની ચીજો મળી રહે તે માટે કોઈપણ મોબાઈલ વાન કાર્યરત નથી.

વધુમાં, ઉદ્યોગ અને ખાણ વિભાગની તા.૦૨-૦૧-૨૦૧૪ના રોજ મીઠા ઉદ્યોગના વિકાસ અને અગરિયાઓની કલ્યાણકારી યોજના અંગે મળેલ ૨૨મી એમ્પાવર્ડ કમિટીમાં મોબાઈલ વાન બંધ કરવાનો નિર્ણય લેવાયેલ છે.

(૨) ખંડ-૧ ના જવાબને આધારે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ખંડ-૧ ના જવાબને આધારે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમરેલી અને રાજકોટ જિલ્લામાં બોગસ ફિંગરપ્રિન્ટથી સરકારી અનાજના વેચાણની ફરિયાદો**

અતારાંકિતઃ ૯૪૭૧ (૨૯-૦૧-૨૦૨૧) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી):**માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અમરેલી અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર કેટલા સસ્તા અનાજના પરવાનેદારોએ બોગસ ફિંગરપ્રિન્ટ બનાવી સરકારી અનાજનો જથ્થો વેચી માર્યો,

(૨) તો આવા પરવાનેદારો સામે પગલાં લેવામાં આવ્યા,

(૩)તે અન્વયે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલું રાશન બોગસ ફિંગર પ્રિન્ટના આધારે વેચી નાખવાનું સામે આવ્યું, અને

(૪) રાશનકાર્ડ ધારકોને પુરતું રાશન ઉપલબ્ધ થાય અને બોગસ ફિંગર પ્રિન્ટના આધારે રાશનનો ઉપાડ ન કરી શકે તે માટે શું આયોજન કરવામાં આવેલ છે ?

**અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૦૬-૦૩-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અમરેલી અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર કેટલા સસ્તા અનાજના પરવાનેદારોએ બોગસ ફિંગરપ્રિન્ટ બનાવી સરકારી અનાજનો જથ્થો વેચી માર્યો હોય તેની વિગતો નીચે મુજબની છે.

(૧) અમરેલી જિલ્લો-શૂન્ય.

(૨) રાજકોટ જિલ્લો-૦૪ પરવાનેદારો (વર્ષ-૨૦૨૦)

(૨) આવા પરવાનેદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

(૧) રૂ.૨૦,૦૦૦/- પરવાના અનામત રાજ્યસાત.

(૨) રૂ.૧૭,૧૩,૭૬૭/- નો દંડ.

(૩) ૧ (એક) દુકાનનો પરવાનો મોકુફ.

(૪) ૩ (ત્રણ) દુકાનના પરવાના રદ.

(૩) રાજકોટ જિલ્લામાં રાશન બોગસ ફિંગર પ્રિન્ટના આધારે વેચી નાખવાનું સામે આવ્યું હોય તેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | આ.ચી.વ. | જથ્થો કિ.ગ્રા/લી. |
|---|---|---|
| ૧ | ઘઉં | ૨૨૭૧૭.૧૦ |
| ૨ | ચોખા | ૯૮૨૦.૯૦ |
| ૩ | ખાદ્યતેલ | ૧૧૪.૦૦ |
| ૪ | ખાંડ | ૧૭૩૦.૪૦ |
| ૫ | કેરોસીન | ૩૭૩૯.૦૦ |
| ૬ | મીઠું | ૩૮૯.૦૦ |

(૪) રાજ્યમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને પોતાના હક્કનું અનાજ સમયસર અને પુરતું મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા સઘન કામગીરી કરવામાં આવે છે. જે માટે નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

(૧) તમામ રેશનકાર્ડનું ડીજીટલાઈઝેશન કરવામાં આવેલ છે.

(૨) કોમ્પ્યુટરાઈઝડ–સેન્ટ્રલાઈઝડ ઓનલાઈન ફાળવણી/પરમીટ પધ્ધતિ અમલમાં મુકેલ છે.

(૩) વાજબી ભાવની દુકાનોને ગોડાઉનથી કમ્પ્યુટરાઈઝ ગેટ પાસ ઈસ્યુ થાય છે.

(૪) માન્ય ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર દ્વારા ડોરસ્ટેપ ડીલીવરી મારફત ના.પુ.નિગમના ગોડાઉનથી વાજબી ભાવની દુકાનો સુધી જથ્થો પહોંચાડવામાં આવે છે. વાજબી ભાવની દુકાન સુધી જથ્થો પહોંચાડવા અંગેની વ્યવસ્થાને પણ ICT Logistic દ્વારા સુનિશ્ચિત કરવામાં આવે છે. ગોડાઉનથી દુકાન સુધી માલની રવાનગી સમયે SMS થી જે–તે દુકાનની વિજીલન્સ સમિતિના બે સભ્યોને જાણ કરવામાં આવે છે તથા સભ્યોની જથ્થા મળ્યા બદલની સહી પણ લેવામાં આવે છે.

(૫) આધાર આધારિત વિતરણ વ્યવસ્થાથી વાજબી ભાવની દુકાનેથી વિતરણ થાય છે. જેમાં જે–તે વાજબી ભાવની દુકાન સાથે જોડાયેલ રેશનકાર્ડ ધારકોની ફિંગર પ્રિન્ટ UIDAIના ડેટાબેઝમાં વેરીફાય કરવામાં આવે છે. જેથી ડમી કે ડુપ્લીકેટ ફિંગર પ્રિન્ટની સમસ્યા નિવારી શકાય.

(૬) લાભાર્થીને આપવામાં આવેલ જથ્થાની ફાળવણી, ઉપાડ અને વિતરણની માહિતી જાહેર જનતા માટે ટ્રાન્સપરન્સી પોર્ટલ પર ઉપલબ્ધ કરાયેલ છે.

(૭) ફરિયાદ નિવારણ તંત્રની રચના કરાયેલ છે. જેમાં ઓનલાઈન ફરિયાદ માટે PGRS એપ્લીકેશન દ્વારા ઓનલાઈન મોનીટરીંગ થાય છે.

(૮) જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી (DGRO) ની નિમણૂંક તથા રાજ્ય અન્ન આયોગની રચના કરાયેલ છે.

આ ઉપરાંત રાજ્ય/જિલ્લા/તાલુકાકક્ષાએ વખતો વખત આ સંદર્ભે V.C. તેમજ મિટિંગ વગેરે દ્વારા સમીક્ષા પણ કરવામાં આવે છે.

--------

**કલ્પસર યોજના માટે જંગલ જમીનનું સંપાદન**

અતારાંકિતઃ ૭૫૦૫ (૧૯–૧૦–૨૦૨૧) **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં કલ્પસર યોજના માટે જમીન સંપાદનમાં જંગલ ખાતાની કેટલી જમીનનો સમાવેશ થાય છે,

(૨) ઉકત જમીન અન્વયે વનીકરણ હેતુ તથા જંગલ જમીન માટે વન વિભાગને કેટલી રકમ મળેલ છે,

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યા સ્થળે કેટલી જમીનમાં વનીકરણ કરવામાં આવ્યું, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાં વનીકરણ કરવાનું બાકી છે તે ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**વન મંત્રીશ્રી :** (૦૯–૦૩–૨૦૨૧)

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં કલ્પસર યોજના માટે વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ અંતર્ગત વન જમીનના બિન જંગલ ઉપયોગ માટેની કોઈ દરખાસ્ત વન વિભાગને મળેલ નથી.

(૨) કલ્પસર યોજના માટે કોઈ દરખાસ્ત મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યના જંગલોમાં આગની ઘટના**

અતારાંકિતઃ ૭૯૮૯ (૧૯–૧૧–૨૦૨૦) **ડો. અનિલ જોષિયારા** (ભિલોડા):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૦–૧૧–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના જંગલોમાં આગની કેટલી ઘટના બની,

(૨) તેમાં કેટલા વૃક્ષો/પ્રાણી/પક્ષીનો નાશ થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ આગને ઝડપી બુઝવવા માટે કઈ વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે ?

**વન મંત્રીશ્રી :** (૦૯–૦૩–૨૦૨૧)

(૧) તા.૧૦–૧૧–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના જંગલોમાં આગની નીચે મુજબની ઘટના બનેલ છે.

| ક્રમ | વર્ષ | બનાવની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | ૧૦૨૭ |
| ૨ | ૨૦૧૯–૨૦ | ૭૫૩ |

| | | |
|---|---|---|
| ૩ | ૨૦૨૦-૨૧ (તા.૧૦-૧૧-૨૦૨૦ની સ્થિતિએ) | ૧૨૫૧ |

(૨) ઉક્ત બનાવો દરમ્યાન કોઈ પ્રાણી કે પક્ષીનો નાશ થયેલ નથી, પરંતુ ૪૮ વૃક્ષોનો નાશ થયેલ છે.

(૩) (૧) ક્ષેત્રીય કર્મચારીઓની ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના ફાયર એલર્ટ સિસ્ટમ ઉપર નોંધણી કરવામાં આવેલ છે, જેથી દવના બનાવની જાણ તેમને તાત્કાલિક થાય છે.

(૨) વન વિસ્તારમાં આગ લાગે તો તેને તાત્કાલિક બુઝાવવા માટે આધુનિક સાધન-સામગ્રીઓનો ઉપયોગ કરવામાં આવે છે.

(૩) દવના બનાવોની સમયસર જાણ થાય તેમજ તેને બુઝાવવા માટે સમયસર ત્વરિત પગલાં લઈ શકાય તે હેતુ વનોમાં ખાસ જગ્યાઓ ઉપર ચોકીઓ/વોચ ટાવર ઉભા કરી વન કર્મચારી/દવગાર્ડને મૂકવામાં આવે છે.

(૪) વન વિસ્તારમાં સ્ટાફનું સઘન ફેરણું થાય છે.

(૫) દવને અટકાવવા માટે વનોમાં દવ રેખાની રચના કરવામાં આવે છે તેમજ તેમની નિયમિત ધોરણે જાળવણી કરવામાં આવે છે.

--------

**રાજ્યમાં ખડમોર લેસર પક્ષીની વસ્તી**

અતારાંકિતઃ ૮૦૭૧ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રીમતિ સંતોકબેન આરેઠીયા** (રાપર):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં પક્ષીઓની છેલ્લી ગણતરી મુજબ ખડમોર લેસર (ફ્લોરીકન)ની વસ્તી કેટલી અને ક્યાં ક્યાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રક્ષિત પક્ષીની વસ્તી વધારવા સરકારનું શું આયોજન છે ?

**વન મંત્રીશ્રી :** (૦૯-૦૩-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૦-૨૦૨૦ની સ્થિતિએ ખડમોર પક્ષીની છેલ્લી ગણતરી મુજબ, કચ્છ જિલ્લામાં તા.૦૧-૦૮-૨૦૧૭ના વસ્તી અંદાજ મુજબ ૫ (પાંચ) ખડમોર તથા કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદરના કાર્યક્ષેત્રમાં તા.૦૯-૦૮-૨૦૨૦ના વસ્તી અંદાજ મુજબ ૭૨ ખડમોર (લેસર ફ્લોરીકન) નોંધાયેલ હતા.

(૨) ખડમોરના કુદરતી આવાસોને બચાવવા માટે રહેઠાણ સુધારણાની કામગીરી કરવામાં આવે છે. આ વિસ્તારોમાં સ્થાનિક સ્ટાફ દ્વારા સતત ફેરણું કરી તકેદારી રાખવામાં આવે છે. આ પક્ષીના સંરક્ષણ અને સંવર્ધન માટે કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર ખાતે કેપ્ટીવ બ્રીડીંગ સેન્ટર ઉભું કરેલ છે. આ ઉપરાંત ૧ નર અને ૧ માદાને તેમની મુવમેન્ટ જાણવા સેટેલાઈટ ટ્રેકીંગ રેડિયો કોલર પહેરાવવામાં આવેલ છે. માદા ખડમોર હાલમાં આંધ્રપ્રદેશમાં જ્યારે નર ખડમોર વેળાવદર પાર્કની આજુબાજુમાં વિચરણ કરે છે.

--------

**રાજ્યમાં ખડમોર લેસર પક્ષીની વસ્તી**

અતારાંકિતઃ ૮૦૭૩ (૦૪-૦૧-૨૦૨૧) **ગેનીબેન ઠાકોર** (વાવ):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં પક્ષીઓની છેલ્લી ગણતરી મુજબ ખડમોર લેસર (ફ્લોરીકન)ની વસ્તી કેટલી અને ક્યાં ક્યાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રક્ષિત પક્ષીની વસ્તી વધારવા સરકારનું શું આયોજન છે ?

**વન મંત્રીશ્રી :** (૦૯-૦૩-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૦-૨૦૨૦ની સ્થિતિએ ખડમોર પક્ષીની છેલ્લી ગણતરી મુજબ, કચ્છ જિલ્લામાં તા.૦૧-૦૮-૨૦૧૭ના વસ્તી અંદાજ મુજબ ૫ (પાંચ) ખડમોર તથા કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદરના કાર્યક્ષેત્રમાં તા.૦૯-૦૮-૨૦૨૦ના વસ્તી અંદાજ મુજબ ૭૨ ખડમોર (લેસર ફ્લોરીકન) નોંધાયેલ હતા.

(૨) ખડમોરના કુદરતી આવાસોને બચાવવા માટે રહેઠાણ સુધારણાની કામગીરી કરવામાં આવે છે. આ વિસ્તારોમાં સ્થાનિક સ્ટાફ દ્વારા સતત ફેરણું કરી તકેદારી રાખવામાં આવે છે. આ પક્ષીના સંરક્ષણ અને સંવર્ધન માટે કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર ખાતે કેપ્ટીવ બ્રીડીંગ સેન્ટર ઉભું કરેલ છે. આ ઉપરાંત ૧ નર અને ૧ માદાને તેમની મુવમેન્ટ જાણવા સેટેલાઈટ ટ્રેકીંગ રેડિયો કોલર પહેરાવવામાં આવેલ છે. માદા ખડમોર હાલમાં આંધ્રપ્રદેશમાં જ્યારે નર ખડમોર વેળાવદર પાર્કની આજુબાજુમાં વિચરણ કરે છે.

--------

**ગીર અભ્યારણ્યમાં ચાલતી ગેરકાયદે હોટલો**

અતારાંકિતઃ ૮૧૮૯ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાશિનોર):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રક્ષિત વન વિસ્તાર તથા અભ્યારણ્યોમાં કોમર્શીયલ પ્રવૃત્તિ તથા હોટલો ચલાવવા પર પ્રતિબંધ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ગીર અભ્યારણ્યો અને રક્ષિત વન વિસ્તારમાં કેટલી અને કઈ કઈ ગેરકાયદે હોટલો અને કોમર્શીયલ એકમો કાર્યરત છે,

(૩) ઉક્ત પ્રવૃત્તિ ચલાવી લેવાના શાં કારણો છે, અને

(૪) ઉક્ત પ્રવૃત્તિને બંધ કરાવવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**વન મંત્રીશ્રી :** (૦૯-૦૩-૨૦૨૧)

(૧) પ્રતિબંધ નથી. પરંતુ કોમર્શીયલ હોટલ પ્રવૃત્તિ સક્ષમ સત્તાની પૂર્વ મંજૂરીથી થઈ શકે છે.

(૨) ગીર અભ્યારણ્ય અને તેના રક્ષિત વન વિસ્તારમાં કોઈ ગેરકાયદે હોટલો અને કોર્મશીયલ એકમો કાર્યરત નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ચકલીની વસ્તી વધારવા તથા સંરક્ષણ કરવા**

અતારાંકિતઃ ૮૨૫૬ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ ચકલીની વસ્તી ભયજનક સ્થિતિએ ઘટી ગઈ છે તે હકીકત સાચી છે,અને

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ ચકલીની વસ્તી વધારવા અને તેનું સંરક્ષણ કરવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

**વન મંત્રીશ્રી :** (૦૯-૦૩-૨૦૨૧)

(૧) રાજ્યમાં તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ અગાઉ ચકલીની કોઈ વસ્તી ગણતરીઓ થયેલ નહોવાથી ચકલીનીવસ્તી ભયજનક સ્થિતિએ ઘટી ગઈ છે તેવું ચોક્કસ કહી શકાય નહીં.

(૨) ચકલીની વસ્તી વધારવા અને તેનું સંરક્ષણ કરવા વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે કામ કરતી બિન સરકારી સંસ્થાઓ તથા પ્રકૃતિ મંડળો દ્વારા ચકલીના કૃત્રિમ માળાનું વિતરણ કરવામાં આવે છે. ચકલીના સંરક્ષણ અને સંવર્ધન માટે લોક જાગૃતિ કેળવવા દર વર્ષે ૨૦ માર્ચના રોજ વિશ્વ ચકલી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

--------

**જૂનાગઢ સક્કરબાગ ઝૂમાંથી વન્ય પ્રાણીઓ આપવા બાબત**

અતારાંકિતઃ ૮૩૧૦ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૦૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જૂનાગઢ સક્કરબાગ ઝૂમાંથી કેટલા અને ક્યા વન્ય પ્રાણીઓ કોને આપવામાં આવ્યા,

(૨) ઉક્ત વન્યપ્રાણીઓ આપવાના શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આપવામાં આવેલ વન્ય પ્રાણીઓનું જતન થાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**વન મંત્રીશ્રી :** (૦૯-૦૩-૨૦૨૧)

(૧) તા.૦૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સક્કરબાગ ઝૂમાંથી નીચેની વિગતે વન્યપ્રાણીઓ આપવામાં આવેલ છે.

| **(અ) તા.૦૧-૧૨-૨૦૧૭ થી તા.૩૦-૧૧-૨૦૧૮ દરમિયાન આપવામાં આવેલ વન્યપ્રાણીઓ** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **સક્કરબાગ ઝૂ માંથી આપવામાં આવેલ વન્યપ્રાણીઓ** | | **જે સંસ્થાને વન્યપ્રાણી આપેલ છે તેનું નામ** |
| | **નામ** | **સંખ્યા** | |
| ૧ | એશિયાઈ સિંહ | ૧ | ઈન્દ્રોડા નેચર પાર્ક, ગાંધીનગર |
| **(બ) તા.૦૧-૧૨-૨૦૧૮ થી તા.૩૦-૧૧-૨૦૧૯ દરમિયાન આપવામાં આવેલ વન્યપ્રાણીઓ** | | | |
| ૧ | એશિયાઈ સિંહ | ૧ | ઝૂલોજીકલ ગાર્ડન, જયપુર, રાજસ્થાન |
| ૨ | એશિયાઈ સિંહ | ૨ | આસામ સ્ટેટ ઝૂ, આસામ |
| ૩ | ગુલાબી પેણ | ૨ | |
| ૪ | પીળી ચાંચ ઢોક બગલો | ૨ | |
| ૫ | તૂઈ | ૪ | |
| ૬ | એશિયાઈ સિંહ | ૪ | શ્રી ચમારાજેન્દ્ર ઝૂલોજિકલ ગાર્ડન, કર્ણાટક |
| ૭ | એશિયાઈ સિંહ | ૨ | ઈન્દિરા ગાંધી ઝૂલોજીકલ પાર્ક, વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશ |

| | | | |
|---|---|---|---|
| ૮ | એશિયાઈ સિંહ | ૨ | સંજય ગાંધી ઝૂ, પટના બિહાર |
| ૯ | એશિયાઈ સિંહ | ૨ | તિરુવતપુરમ ઝૂ, કેરાલા |
| ૧૦ | એશિયાઈ સિંહ | ૭ | ઈટાવા સફારી પાર્ક, ઉત્તરપ્રદેશ |
| ૧૧ | એશિયાઈ સિંહ | ૨ | ગોપાલપુર ઝૂ, હિમાચલ પ્રદેશ |
| ૧૨ | એશિયાઈ સિંહ | ૨ | શ્રી વેંકટેશ્વર ઝૂલોજીકલ પાર્ક, તિરૂપતિ, આંધ્રપ્રદેશ |
| ૧૩ | કરાકરો કુંજ | ૨ | |
| ૧૪ | ગુલાબી પેણ | ૨ | |
| ૧૫ | ટપુશીયા | ૪ | |
| ૧૬ | ભેંખડી | ૨ | |
| ૧૭ | થામીન હરણ | ૨ | |
| ૧૮ | ચમચો | ૨ | |
| ૧૯ | ચિંકારા | ૪ | |
| ૨૦ | કાળીયાર | ૯ | શ્રી સયાજીબાગ ઝૂ, બરોડા |
| ૨૧ | થામીન હરણ | ૨ | |
| ૨૨ | ચોશીંગા | ૩ | |
| ૨૩ | ભેખડુ | ૩ | |
| ૨૪ | ચિંકારા | ૪ | |
| ૨૫ | પશુ ચિત્તલ | ૧૦ | સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્ક, કેવડીયા |
| ૨૬ | ચિંકારા | ૫ | |
| ૨૭ | ચોશીંગા | ૪ | |
| ૨૮ | ભેખડુ | ૮ | |
| ૨૯ | સાંભર | ૭ | |
| ૩૦ | વાઘ | ૨ | |
| ૩૧ | ઘુડખર | ૨ | |
| ૩૨ | ભારતીય ગોર | ૨ | |
| ૩૩ | રાહીનો સિરસ | ૧ | |
| ૩૪ | દિપડા | ૧ | |
| ૩૫ | થામીન હરણ | ૨ | |
| ૩૬ | ગોરલ | ૩ | |
| **(ક) તા.૦૧-૧૨-૨૦૧૯ થી તા.૩૦-૧૧-૨૦૨૦ દરમિયાન આપવામાં આવેલ વન્યપ્રાણીઓ** | | | |
| ૧ | પેણ | ૪ | સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્ક, કેવડીયા |
| ૨ | ઢોક બગલો | ૨ | |
| ૩ | ગોલ્ડન ફીઝન્ટ | ૩ | |
| ૪ | સફેદ કાકણસાર | ૩ | |
| ૫ | ચમચો | ૨ | |
| ૬ | પશુ ચિત્તલ | ૬ | પૂર્ણા વન્યપ્રાણી અભ્યારણ્ય, ડાંગ |
| ૭ | પશુ ચિત્તલ | ૧૦ | |
| ૮ | સિંહ | ૧ | સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્ક, કેવડીયા |
| ૯ | લવબર્ડ | ૧૫ | સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્ક, કેવડીયા |
| ૧૦ | સફેદ કાકણસાર | ૨ | |
| ૧૧ | રેડ જંગલ ફાઉલ | ૧૦ | |
| ૧૨ | રેડ જંગલ ફાઉલ | ૫ | પાલનપુર, બનાસકાંઠા, જેસોર અભ્યારણ્ય |

(૨) વન્યપ્રાણી વિનીમય માટે અન્ય પ્રાણી સંગ્રહાલયોને આપવામાં આવેલ છે તથા પૂર્ણા અને જેસોર અભ્યારણ્યને બ્રિડીંગ માટે આપવામાં આવેલ છે.

(૩) વન્યપ્રાણીઓના ખોરાક, રહેઠાંણ અને સ્વાસ્થ્ય અંગેની કાળજી લેવામાં આવે છે.

--------

**કચ્છ જિલ્લામાં પવનચક્કીથી મોરના મૃત્યુ**

અતારાંકિતઃ ૮૩૨૦ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) નવેમ્બર-૨૦૨૦માં કચ્છ જિલ્લામાં તાલુકાવાર પવનચક્કી કે પવનચક્કીની વીજલાઈન સાથે અથડાવવાથી કેટલા રાષ્ટ્રીય પક્ષી મોરના મૃત્યુ થયા,

(૨) મોરના મૃતદેહ વીજલાઈન કે વીજપોલ પરથી ભેદી રીતે ગુમ કરવા, ઉતારવાની કેટલી ઘટનાઓ બની,

(૩) ઉક્ત ઘટનાઓ અન્વયે જવાબદાર કંપનીના ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ આવી ઘટનાઓ ન બને તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

**વન મંત્રીશ્રી :** (૦૯-૦૩-૨૦૨૧)

(૧)

| તાલુકો | મૃત્યુ પામેલ મોરની સંખ્યા |
|---|---|
| નખત્રાણા | ૦૧ |
| અન્ય તાલુકા | ૦૦ |
| **કુલ** | **૦૧** |

(૨) કોઈ બનાવ બનેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પવનચક્કીના પંખાની બ્લેડના છેડે ઑરેન્જ કલરથી રંગવામાં આવે છે જેથી ઉડતા પક્ષીઓ દૂરથી જોઈ શકે.

- પવનચક્કીની ટ્રાન્સમીશન લાઇન ઉપર બર્ડ રીફલેક્ટર લગાવવામાં આવે છે.
- પવનચક્કીની ટ્રાન્સમીશન લાઈનના કેબલને ઈન્સ્યુલેટ કરવામાં આવે છે.
- ટ્રાન્સમીશન લાઈનના થાંભલા પર બર્ડ ગાર્ડ અથવા બર્ડ સ્પાઈક લગાવવામાં આવે છે.
- નખત્રાણા તાલુકાના રોહા ગામના વિસ્તારમાં પવનચક્કીની ટ્રાન્સમીશન લાઈન સાથે અથડાઈને અથવા વીજ કરંટથી મોરના મૃત્યુના કિસ્સા નિવારવા માટે વીજ લાઈન અંડર ગ્રાઉન્ટ કરવામાં આવેલ છે.

--------

**કચ્છના ઘુડખર અભ્યારણ્યમાંથી ગાંડા બાવળને દૂર કરવા**

અતારાંકિતઃ ૮૩૩૬ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ કચ્છના ઘુડખર અભ્યારણ્યમાં કેટલા વિસ્તારોમાં ગાંડો બાવળ પથરાઈ/ફેલાઈ ગયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અભ્યારણ્યમાં વન્ય પ્રાણી/પક્ષીઓના જીવન માટે વિપરીત અસર ઉભી કરનાર ગાંડા બાવળને ક્યાં સુધીમાં જડમૂળમાંથી દૂર કરવાનું આયોજન છે ?

**વન મંત્રીશ્રી :** (૦૯-૦૩-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ ઘુડખર અભ્યારણ્યમાં કુલ ૭૪૭૧૨ હે. વિસ્તારમાં ગાંડા બાવળ પથરાઈ/ફેલાઈ ગયેલ છે.

(૨) ઘુડખર અભ્યારણ્યમાં મેનેજમેન્ટ પ્લાન પ્રમાણે ઉપલબ્ધ બજેટની જોગવાઈ મુજબ ગાંડા બાવળને દૂર કરવામાં આવે છે. ગાંડા બાવળના ઉગાવ અને દૂર કરવાની પ્રક્રિયા સતત ચાલતી રહેતી હોય ગાંડા બાવળને જડમૂળથી દૂર કરવાનું કોઈ આયોજન નથી.

--------

**વિશ્વામિત્રી નદીમાં વસવાટ કરતા મગરો**

અતારાંકિતઃ ૮૩૩૯ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં વિશ્વામિત્રી નદીમાં કેટલા મગર વસવાટ કરે છે, અને

(૨)ઉક્ત સ્થિતિએ ઉક્ત મગરોને પકડવા તથા તેના શિકાર પર પ્રતિબંધ મૂકવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરેલ છે ?

**વન મંત્રીશ્રી :** (૦૯-૦૩-૨૦૨૧)

(૧)તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં વિશ્વામિત્રી નદીમાં અંદાજે ૪૪૧ જેટલા મગરો વસવાટ કરે છે.

(૨) વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ હેઠળ મગરને અનુસૂચિ-૧ નું પ્રાણી ગણીને તેને પકડવા અને શિકાર ઉપર પ્રતિબંધ છે.

--------

**રાજ્યમાં નીલગાય/રોઝને મારવાની સત્તા**

અતારાંકિતઃ ૮૪૩૯ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં નીલગાય/રોઝને મારવાની સત્તા માનદ.વાઈલ્ડલાઈફ વોર્ડનને અપાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૦૧-૦૭-૨૦૧૯ થી ૩૦-૦૬-૨૦૨૦ દરમ્યાન રાજ્યમાં જિલ્લાવાર કેટલી નીલગાય/રોઝને મારવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ નીલગાય/રોઝને મારવામાં મુખ્યત્વે શાં કારણો હતાં ?

**વન મંત્રીશ્રી :** (૦૯-૦૩-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) કોઈ નીલગાય/રોઝને મારવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં નીલગાય/રોઝને મારવાની સત્તા**

અતારાંકિતઃ ૮૫૪૭ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રીનથાભાઈ પટેલ** (ધાનેરા):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં નીલગાય/રોઝને મારવાની સત્તા માનદ.વાઈલ્ડલાઈફ વોર્ડનને અપાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૦૧-૦૭-૨૦૧૯ થી ૩૦-૦૬-૨૦૨૦ દરમ્યાન જિલ્લાવાર કેટલી નીલગાય/રોઝને મારવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ નીલગાય/રોઝને મારવાના મુખ્યત્વે શાં કારણો હતાં ?

**વન મંત્રીશ્રી :** (૦૯-૦૩-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) કોઈ નીલગાય/રોઝને મારવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં રાષ્ટ્રીય વૃક્ષ વડને સંરક્ષણ આપવા બાબત**

અતારાંકિતઃ ૮૬૫૫ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧)તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર કેટલા રાષ્ટ્રીય વૃક્ષ વડને કાપવામાં આવ્યા,

(૨) રાષ્ટ્રીય વૃક્ષ વડને કાપવાની મંજૂરી આપવાના શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ રાષ્ટ્રીય વૃક્ષ વડના સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**વન મંત્રીશ્રી :** (૦૫-૦૩-૨૦૨૧)

(૧) રાજ્યમાં તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર નીચે જણાવ્યા મુજબ સંખ્યામાં રાષ્ટ્રીય વૃક્ષ વડને કાપવામાં આવેલ છે.

| **જિલ્લો** | **વર્ષવાર કાપવામાં આવેલ વડની સંખ્યા** | | |
|---|---|---|---|
| | **૨૦૧૮-૧૯** | **૨૦૧૯-૨૦** | **૨૦૨૦-૨૧ (તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ)** |
| મહેસાણા | ૦ | ૩ | ૧૦ |
| બનાસકાંઠા | ૦ | ૧ | ૦ |
| અમદાવાદ | ૦ | ૦ | ૧ |
| ખેડા | ૮ | ૧૧ | ૧૦ |
| આણંદ | ૩૮ | ૧૨ | ૦ |
| નવસારી | ૨૦ | ૦ | ૦ |
| તાપી | ૪ | ૧ | ૦ |
| સુરત | ૦ | ૪ | ૧ |
| નર્મદા | ૦ | ૦ | ૧૦ |

| | | | |
|---|---|---|---|
| ગીર સોમનાથ | ૫ | ૦ | ૦ |
| બોટાદ | ૦ | ૩ | ૦ |
| ભાવનગર | ૦ | ૦ | ૨૩ |
| **કુલ** | **૭૫** | **૩૫** | **૫૫** |

(૨) સરકારશ્રીના વિકાસના કામોની અગત્યતા ધ્યાને લઇને રોડ વાઈડીંગની કામગીરીમાં નડતરરૂપ હોવાથી મંજૂરી આપવામાં આવે છે.

(૩) વડ વૃક્ષના સંરક્ષણ માટે સ્ટાફ દ્વારા સતત ફેરણું કરવામાં આવે છે, લોકોનો સહકાર મેળવવા જનજાગૃતિ અભિયાન માટે શિબિર યોજવામાં આવે છે. વૃક્ષોનું મહત્વ સમજાવી તેના સંરક્ષણ માટે માહીતગાર કરવામાં આવે છે.

--------

**જૂનાગઢ ખાતે કાર્યરત ગીધ કેપ્ટીવ બ્રીડિંગ સેન્ટર**

અતારાંકિતઃ ૮૮૫૨ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી કાંતિભાઈ ખરાડી** (દાંતા):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ ખાતેના કેપ્ટીવ ગીધ બ્રીડિંગ સેન્ટરમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગીધના કેટલા કેપ્ટીવ બ્રીડિંગ થયા,

(૨) ઉક્ત કેન્દ્રમાં ગીધના કેપ્ટીવ બ્રીડિંગને સફળતા મળી નથી તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેના શાં કારણો છે અને તેના નિવારણ માટે શાં પગલાં લીધેલ છે ?

**વન મંત્રીશ્રી :** (૦૯-૦૩-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય, જૂનાગઢ ખાતેના કેપ્ટીવ ગીધ બ્રીડિંગ સેન્ટરમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગીધ દ્વારા ૧૨ ઇંડા મૂકવામાં આવેલ હતાં, જેમાંથી ૫-બચ્ચાનો ઉછેર થયેલ છે.

(૨) હકીકત સાચી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમદાવાદના વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં ડોકટરોની ખાલી જગ્યા**

અતારાંકિતઃ ૮૮૮૫ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદના વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં કોન્ટ્રાકટથી નિમવામાં આવતા ડોકટરની જગ્યા ક્યારે ક્યારે ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ જગ્યા ખાલી રાખવાના શાં કારણો છે, અને

(૩) ઉક્ત સેન્ટરમાં ડોકટરની જગ્યા કાયમી રીતે ભરાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**વન મંત્રીશ્રી :** (૦૯-૦૩-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદના વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં કરાર આધારિત વેટરનરી ડોકટરની જગ્યા એપ્રિલ-૨૦૧૮ તથા સપ્ટેમ્બર-૨૦૧૯ માં ભરવામાં આવી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ડોકટરની જગ્યા કરાર આધારિત ભરવામાં આવે છે જેથી કાયમી રીતે ભરાય તે માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

--------

**રાજ્યમાં ખડમોર લેસર પક્ષીની વસ્તી**

અતારાંકિતઃ ૯૦૧૧ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી કાંતિભાઈ ખરાડી** (દાંતા):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં પક્ષીઓની છેલ્લી ગણતરી મુજબ ખડમોર લેસર (ફલોરીકન)ની વસ્તી કેટલી અને ક્યાં ક્યાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પક્ષીની સંખ્યાને ધ્યાને લેતાં તેનીવસ્તી વધારવા અને સંરક્ષણ માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ?

**વન મંત્રીશ્રી :** (૦૯-૦૩-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ખડમોર પક્ષીની છેલ્લી ગણતરી મુજબ, કચ્છ જિલ્લામાં તા.૦૧-૦૮-૨૦૧૭ના વસ્તી અંદાજ મુજબ ૫ (પાંચ) ખડમોર તથા કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદરના કાર્યક્ષેત્રમાં તા.૦૯-૦૮-૨૦૨૦ના વસ્તી અંદાજ મુજબ ૭૨ ખડમોર (લેસર ફલોરીકન) નોંધાયેલ હતા.

(૨) ખડમોરના કુદરતી આવાસોને બચાવવા માટે રહેઠાણ સુધારણાની કામગીરી કરવામાં આવે છે. આ વિસ્તારોમાં સ્થાનિક સ્ટાફ દ્વારા સતત ફેરણું કરી તકેદારી રાખવામાં આવે છે. આ પક્ષીના સંરક્ષણ અને સંવર્ધન માટે કાળીયાર રાષ્ટ્રીય

ઉદ્યાન, વેળાવદર ખાતે કેપ્ટીવ બ્રીડીંગ સેન્ટર ઉભું કરેલ છે. આ ઉપરાંત ૧ નર અને ૧ માદાને તેમની મુવમેન્ટ જાણવા સેટેલાઈટ ટ્રેકીંગ રેડિયો કોલર પહેરાવવામાં આવેલ છે. માદા ખડમોર હાલમાં આંધ્રપ્રદેશમાં જ્યારે નર ખડમોર વેળાવદર પાર્કની આજુબાજુમાં વિચરણ કરે છે.

--------

**રાજ્યમાં મધમાખીની વસ્તી વધારવા બાબત**

અતારાંકિતઃ ૯૧૩૨ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી સુખરામભાઈ રાઠવા** (પાવી જેતપુર):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ પરાગનયન પ્રક્રિયામાં મહત્વની કામગીરી કરતી મધમાખી પેસ્ટીસાઈડ્ઝ/ઝેરી દવા/કેમિકલ્સનો ભોગ બનતાં રાજ્યમાં તેની વસ્તી ભયજનક રીતે ઘટી રહી છે તે હકીકતથી રાજ્ય સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ અંગે નિષ્ણાતોના અભિપ્રાય લઈ તેને બચાવી લેવા અને વસ્તી વધારવા રાજ્ય સરકારે શું આયોજન કર્યુ છે ?

**વન મંત્રીશ્રી :** (૦૯-૦૩-૨૦૨૧)

(૧) વન વિભાગ દ્વારા રાજ્યમાં મધમાખીની વસ્તીનો કોઈ અંદાજ મેળવવા કાર્યવાહી કરવામાં આવતી ન હોવાથી તેની વસ્તી ભયજનક રીતે ઘટી રહેલ છે તેવા તારણ ઉપર આવવું શક્ય નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કચ્છના રણ વિસ્તારમાં ''સાંઢા'' ને રક્ષણ પુરૂ પાડવા**

અતારાંકિતઃ ૯૩૯૭ (૦૩-૦૨-૨૦૨૧) **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રક્ષિત જાહેર થયેલા ૩૦૦ જેટલા ''સાંઢા'' (સ્પીની ટેઈલ્ડ લિઝાર્ડ) ને ફેબ્રુઆરી-૨૦૨૦માં કચ્છના રણ બન્ની વિસ્તારમાંથી પકડી ભુજ ખાતે હત્યા કરવામાં આવી હતી, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા ઈસમો સામે શી કાર્યવાહી કરાઈ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રાણીને રક્ષણ પુરૂં પાડવા શી કાર્યવાહી કરાઈ છે ?

**વન મંત્રીશ્રી :** (૦૯-૦૩-૨૦૨૧)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સંલગ્ન વિસ્તારોમાં સઘન ફેરણું કરવામાં આવે છે.

- ગેરકાયદેસર શિકાર/મારી નાખવાના કૃત્ય કરતા ગુન્હેગારો સામે વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.
- વન્યજીવ સંરક્ષણ માટે લોક જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવે છે.
- વન્યજીવ ગુન્હાઓની બાતમી મેળવવા માટે વર્તમાન પત્રમાં જાહેર ખબર આપી રાજ્ય સ્તરે ૯૭૨૭૭૨૭૮૨૬ નંબર કાર્યરત કરવામાં આવેલ છે.
- વન્યપ્રાણી/પક્ષી ઘાયલ થાય, અકસ્માત થાય, ઉપરાંત વન્યજીવ અપરાધ અંગેની માહિતી/બાતમી, વન્યજીવ રંજાડ તથા રેસ્ક્યુ સહિતની તમામ વિગતો માટે વન વિભાગ દ્વારા ૮૩૨૦૦૦૨૦૦૦ નંબર કાર્યરત કરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં ચાલતા રેગ્યુલેટેડ કતલખાનામાં બ્યુરો ઓફ સ્ટાન્ડર્ડઝ લાગુ કરવા બાબત**

અતારાંકિતઃ ૮૩૪૩ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ચાલતા કેટલા રેગ્યુલેટેડ કતલખાનામાં બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડઝ લાગુ કરવામાં આવ્યા છે,

(૨) જો ના, તો તેના શા કારણો છે, અને

(૩) કતલખાના વૈજ્ઞાનિક ધોરણ મુજબ ચાલે અને તેનું સારી રીતે નિયંત્રણ થઈ શકે તે માટે ઉપરોકત સ્ટાન્ડર્ડ લાગુ પાડવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય)**:** (૦૫-૦૩-૨૦૨૧)

(૧) ના, જી.

(૨) ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડઝ એકટ, ૨૦૦૬ તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડઝ રેગ્યુલેશન (લાયસન્સીંગ એન્ડ રજિસ્ટ્રેશન ઓફ ફુડ બિઝનેસ) માં આવી કોઈ જોગવાઈ નથી.

(૩) કતલખાના વૈજ્ઞાનિક ધોરણો મુજબ ચાલે તે માટે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડઝ રેગ્યુલેશન (લાયસન્સીંગ એન્ડ રજિસ્ટ્રેશન ઓફ ફુડ બિઝનેસ) માં શિડ્યુલ–૪ માં જણાવેલ પધ્ધતિ અપનાવવામાં આવે છે પરંતુ બ્યુરો ઓફ સ્ટાન્ડર્ડઝ લાગુ કરવાનો વિષય ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કે આરોગ્ય વિભાગને સ્પર્શતો નથી.

--------

**રાજ્યના રેગ્યુલેટેડ કતલખાનામાં પોલ્ટ્રીની કતલ**

અતારાંકિતઃ ૮૯૮૮ (૧૬–૦૧–૨૦૨૧) **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ધી ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડઝ (લાયસન્સ અને રજિસ્ટ્રેશન) રેગ્યુલેશન્સ–૨૦૧૧ અન્વયે ફક્ત લાયસન્સ પ્રાપ્ત કતલખાનામાં જ પોલ્ટ્રીની કતલ થઈ શકે તેવી વ્યવસ્થા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રાજ્યના એક પણ રેગ્યુલેટેડ કતલખાનામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પોલ્ટ્રીની કતલની વ્યવસ્થા ઉપલબ્ધ નથી તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો ઉક્ત રેગ્યુલેટેડ કતલખાનામાં પોલ્ટ્રીની કતલ થતી નથી તે શહેર અને જિલ્લામાં પોલ્ટ્રીની ગેરકાયદે કતલ બંધ કરવા શી વ્યવસ્થા થઈ છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય)**:** (૦૫–૦૩–૨૦૨૧)

(૧) હા, જી.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં વાહન ચાલકોને હેલ્મેટ કેસમાં કરેલ દંડ**

અતારાંકિતઃ ૮૬૯૪ (૦૫–૦૧–૨૦૨૧) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર**( મહુધા):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

તા.૨૩–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર હેલ્મેટ ન પહેરવાના કેસોમાં કેટલા વાહન ચાલકો પાસેથી દંડ પેટે કેટલા રૂપિયા વસૂલવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)**:** (૦૫–૦૩–૨૦૨૧)

પત્રક–અ સામેલ છે.

**પત્રક–અ**

| અ.નં. | શહેર/જિલ્લાનું નામ | વાહન ચાલકોની કુલ સંખ્યા | દંડ પેટે વસૂલ કરેલ રકમ |
|---|---|---|---|
| | | તા.૨૪–૧૨–૨૦૧૯ થી તા.૨૩–૧૨–૨૦૨૦ | તા.૨૪–૧૨–૨૦૧૯ થી તા.૨૩–૧૨–૨૦૨૦ |
| ૧ | અમદાવાદ શહેર | ૧,૫૮,૬૩૬/– | ૭,૯૨,૫૬,૫૦૦/– |
| ૨ | વડોદરા શહેર | ૫,૧૯૮/– | ૨૫,૯૯,૦૦૦/– |
| ૩ | રાજકોટ શહેર | ૧,૭૪,૭૩૩/– | ૨૨,૩૬,૦૦૦/– |
| ૪ | સુરત શહેર | ૩૩,૧૬૮/– | ૧,૭૧,૭૯,૬૫૦/– |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૧૨,૩૪૫/– | ૬૦,૬૪,૫૦૦/– |
| ૬ | ખેડા | ૬૫૭/– | ૨,૬૪,૦૦૦/– |
| ૭ | આણંદ | ૧૦,૧૦૧/– | ૨૧,૩૦,૫૯૦/– |
| ૮ | ગાંધીનગર | ૧૯,૪૯૪/– | ૨૮,૬૩,૦૦૦/– |
| ૯ | સાબરકાંઠા | ૧૦,૧૬૫/– | ૫૦,૫૮,૦૦૦/– |
| ૧૦ | અરવલ્લી | ૪૫૯/– | ૨,૨૯,૫૦૦/– |
| ૧૧ | મહેસાણા | ૫,૩૮૦/– | ૨૬,૯૦,૦૦૦/– |
| ૧૨ | પશ્ચિમ–કચ્છ | ૨૬,૦૦૩/– | ૫,૧૪,૫૦૦/– |
| ૧૩ | પૂર્વ કચ્છ | ૮,૭૨૧/– | ૪૨,૩૮,૫૦૦/– |
| ૧૪ | બનાસકાંઠા | ૧૦,૨૫૩/– | ૫૧,૨૬,૫૦૦/– |
| ૧૫ | પાટણ | ૧૩,૫૨૫/– | ૩૫,૯૩,૦૦૦/– |
| ૧૬ | રાજકોટ ગ્રામ્ય | ૩,૨૧૬/– | ૧૫,૮૫,૫૦૦/– |
| ૧૭ | જામનગર | ૨,૧૧૯/– | ૮,૫૨,૯૦૦/– |
| ૧૮ | દેવભૂમિ–દ્વારકા | ૫,૨૪૫/– | ૨૬,૦૯,૧૫૦/– |
| ૧૯ | મોરબી | ૧,૬૮૦/– | ૮,૧૯,૦૦૦/– |

| અ.નં. | શહેર/જિલ્લાનું નામ | વાહન ચાલકોની કુલ સંખ્યા | દંડ પેટે વસૂલ કરેલ રકમ |
|---|---|---|---|
| | | તા.૨૪-૧૨-૨૦૧૯ થી તા.૨૩-૧૨-૨૦૨૦ | તા.૨૪-૧૨-૨૦૧૯ થી તા.૨૩-૧૨-૨૦૨૦ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૨,૦૦૫/- | ૮,૦૪,૩૦૦/- |
| ૨૧ | ભાવનગર | ૯૨૨/- | ૪,૬૧,૦૦૦/- |
| ૨૨ | અમરેલી | ૧,૧૬૪/- | ૫,૮૨,૦૦૦/- |
| ૨૩ | બોટાદ | ૧,૬૬૩/- | ૮,૩૧,૫૦૦/- |
| ૨૪ | જૂનાગઢ | ૧,૩૮૫/- | ૭,૪૧,૦૦૦/- |
| ૨૫ | પોરબંદર | ૪,૨૦૨/- | ૨૧,૦૧,૦૦૦/- |
| ૨૬ | ગીર સોમનાથ | ૨,૮૭૯/- | ૧૪,૩૯,૫૦૦/- |
| ૨૭ | વડોદરા ગ્રામ્ય | ૧૮,૩૮૨/- | ૧૦,૫૨,૦૦૦/- |
| ૨૮ | પંચમહાલ-ગોધરા | ૯,૯૯૬/- | ૨૮,૮૫,૦૦૦/- |
| ૨૯ | નર્મદા | ૬૭૩/- | ૩,૩૬,૫૦૦/- |
| ૩૦ | મહિસાગર | ૩,૪૩૨/- | ૧૭,૧૬,૦૦૦/- |
| ૩૧ | છોટા ઉદેપુર | ૧૨,૩૨૨/- | ૭૯,૫૦૦/- |
| ૩૨ | દાહોદ | ૧,૩૫૧/- | ૬,૭૫,૫૦૦/- |
| ૩૩ | ભરૂચ | ૪,૭૯૩/- | ૨૩,૯૬,૫૦૦/- |
| ૩૪ | સુરત ગ્રામ્ય | ૧૪,૯૬૮/- | ૬૮,૬૩,૩૦૦/- |
| ૩૫ | વલસાડ | ૨૭,૫૬૬/- | ૧,૫૫,૫૨,૪૦૫/- |
| ૩૬ | નવસારી | ૬,૧૨૪/- | ૩૦,૬૨,૦૦૦/- |
| ૩૭ | તાપી | ૫,૮૭૭/- | ૨૯,૧૮,૪૦૦/- |
| ૩૮ | ડાંગ-આહવા | ૨,૨૭૭/- | ૨,૧૮,૦૦૦/- |
| ૩૯ | પશ્ચિમ રેલ્વે વડોદરા | ૧/- | ૫૦૦/- |
| ૪૦ | પશ્ચિમ રેલ્વે અમદાવાદ | ૬૪/- | ૩૨,૦૦૦/- |

--------

**ખાંભા તાલુકાના નાનાબારમણ ગામમાં ખનીજ ચોરી**

અતારાંકિતઃ ૮૯૨૩ (૧૩-૦૧-૨૦૨૧) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના નાના બારમણ ગામમાંથી ક્યા પ્રકારની અને કેટલા જથ્થાની ખનીજ ચોરી થયાનું સામે આવ્યું,

(૨) તે અન્વયે કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો,

(૩) તે પૈકી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો અને કેટલી રકમનો દંડ વસૂલવાનો બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી**(ખાણ-ખનિજ)**:** (૦૯-૦૩-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના નાના બારમણ ગામમાંથી બિન-અધિકૃત ખનનની કુલ ૭૧,૭૨૧/- મે.ટન જથ્થાની સાદી માટી/મુરમ ખનિજની ચોરી થયાનું સામે આવ્યું.

(૨) જે અન્વયે તા.૧૫-૦૧-૨૦૧૮ના હુકમથી કુલ રૂ.૪૭,૩૩,૫૮૮/- દંડકીય હુકમ કરવામાં આવેલ છે.

(૩) અને (૪) દંડકીય હુકમ સામે અધિક નિયામક (અપીલ) કક્ષાએ તા.૧૫-૦૨-૨૦૧૮ના રોજ દાખલ થયેલ અપીલ નં.૨૪/૧૮, તા.૨૮-૦૫-૨૦૧૯થી નામંજૂર થતાં અરજદારશ્રી દ્વારા તા.૨૫-૦૬-૨૦૧૯થી રિવિઝન અરજી નં.૫૦/૧૯ કરેલ છે તેનો નિર્ણય આવ્યેથી દંડ વસૂલાતની કાર્યવાહી કરી શકાય તેમ છે.

--------

**રાજ્ય ભુદાન સમિતિની રચના**

અતારાંકિતઃ ૭૪૦૩ (૨૧-૧૦-૨૦૨૦) **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના):**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) ભુદાન યક્ષ ચળવળમાં અપાયેલ જમીનો તથા વણવહેંચાયેલ ભુદાનની જમીનોની રેકર્ડ પરથી ચકાસણી કરી તેનો ડેટાબેઝ તૈયાર કરીને ભુદાનની જમીનો બાબતે નીતિ ઘડવા માટે મહેસૂલ વિભાગના તા.૧૭-૦૨-૨૦૧૭ના ઠરાવથી રાજ્ય કક્ષા તથા જિલ્લા કક્ષાની ભુદાન સમિતિઓની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં રાજ્યકક્ષાની ભુદાન સમિતિની બેઠકો ક્યારે-ક્યારે મળેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત નીતિ ઘડવાની કામગીરીમાં ક્યા તબક્કે છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૫-૦૩-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) બેઠક મળેલ નથી.

(૩) સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ પાસેથી ભુદાનની જમીનનો ડેટાબેઝ/માહિતી મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે.

--------

**ગીર સોમનાથ જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકન દર/ભાડાથી સરકારી જમીન**

અતારાંકિતઃ ૭૫૯૩ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ):**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં કઈ શૈક્ષણિક સંસ્થાઓને કેટલી સરકારી જમીન ટોકન દર/ભાડાથી આપવામાં આવી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કઈ સંસ્થાઓએ શરતભંગ કરેલ છે,

(૩) આવી શરતભંગ કરનારી સંસ્થાઓ સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લેવાયા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ આવી કેટલી સંસ્થાઓને માફી અપાઈ અને તેના કારણો શા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૩-૦૩-૨૦૨૧)

(૧)

| ક્રમ | શૈક્ષણિક સંસ્થા | જમીનનું ક્ષેત્રફળ | ટોકન દર/ભાડાથી (રમત-ગમતના મેદાન માટે) |
|---|---|---|---|
| ૧ | શ્રી ખોડિયાર એજ્યુકેશન ટ્રસ્ટ, સવની | ૩૫૦ ચો.મી. | ટોકન દરે ૩૦ વર્ષના ભાડાથી |
| ૨ | શ્રી આદર્શ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, નવાપરા | ૯૬૦ ચો.મી. | ટોકન દરે ૩૦ વર્ષના ભાડાથી |
| ૩ | શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ સર્વજીવ હિતાવહ ટ્રસ્ટ, ઈટવાયા | ૮૦૯૪ ચો.મી. | ટોકન દરે ૩૦ વર્ષના ભાડાથી |

(૨) શૂન્ય.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**સુરત જિલ્લામાં સરકારી જમીનમાં શરતભંગના કેસો**

અતારાંકિતઃ ૮૦૫૫ (૨૧-૦૧-૨૦૨૧) **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી):**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર સુરત જિલ્લામાં તાલુકાવાર સરકારી જમીનમાં શરતભંગના કેટલા કેસો નોંધાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ શરત ભંગ બદલ શાં પગલાં લેવામાં આવ્યા,

(૩) તે અન્વયે તાલુકાવાર કેટલી રકમનો દંડ વસૂલ થયો, અને

(૪) તાલુકાવાર કેટલી સરકારી જમીનો પરત લેવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૪-૦૩-૨૦૨૧)

(૧)

| વર્ષ | તાલુકો | કેસની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ચોર્યાસી | ૦૧ |
| ૨૦૧૮-૧૯ | ઓલપાડ | ૦૧ |
| ૨૦૧૯-૨૦ | એકપણ નહીં | |

(૨) શરતભંગની નોટીસો આપી નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) શૂન્ય.

(૪) ચોર્યાસી તાલુકામાં ૪ એકર જમીન પરત લેવામાં આવી.

--------

અતારાંકિત પ્રશ્નોની યાદી

**તાપી જિલ્લામાં ગેરકાયદેસર જિંગા ઉછેર કેન્દ્રો**

અતારાંકિતઃ ૮૧૯૬ (૦૪–૧૨–૨૦૨૦) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ):**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તાપી જિલ્લામાં તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ કઈ જગ્યાએ કેટલા ગેરકાયદેસર જિંગા ઉછેર કેન્દ્રો કેટલા સમયથી ચાલી રહ્યા છે,

(૨) તેને બંધ કરવા શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત ગેરકાયદેસર જિંગા ફાર્મ/ઉછેર કેન્દ્રો ક્યાં સુધીમાં બંધ કરવામાં આવનાર છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૫–૦૩–૨૦૨૧)

(૧) ઉક્ત સ્થિતિએ ગેરકાયદેસર જિંગા ઉછેર કેન્દ્રો ચાલી રહ્યા હોઈ એવા કોઈ કિસ્સા ધ્યાને આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વલસાડ અને તાપી જિલ્લામાં નોંધાયેલ લેન્ડ ગ્રેબીંગની ફરિયાદો બાબત**

અતારાંકિતઃ ૮૫૦૧ (૦૧–૦૧–૨૦૨૧) **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા):**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) વલસાડ અને તાપી જિલ્લામાં જિલ્લાવાર સન ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯ના વર્ષમાં વર્ષવાર લેન્ડ ગ્રેબીંગની કેટલી ફરિયાદો જિલ્લા કલેક્ટરને મળી,

(૨) તે પૈકી તા.૩૦–૦૬–૨૦૨૦ની સ્થિતિએ કેટલી ફરિયાદોનો નિકાલ થયો,

(૩) ઉક્ત સ્થિતિએ આરોપીઓ સામે શા પગલાં લેવાયા, અને

(૪) પડતર ફરિયાદોનો ક્યારે નિકાલ થશે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૪–૦૩–૨૦૨૧)

| | | |
|---|---|---|
| (૧) | **વલસાડ** | **તાપી** |
| | સને ૨૦૧૭–શૂન્ય. | સને ૨૦૧૭–શૂન્ય. |
| | સને ૨૦૧૮–શૂન્ય. | સને ૨૦૧૮–શૂન્ય. |
| | સને ૨૦૧૯–શૂન્ય. | સને ૨૦૧૯–શૂન્ય. |
| (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**નર્મદા જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગની ફરિયાદો બાબત**

અતારાંકિતઃ ૯૧૩૭ (૦૬–૦૧–૨૦૨૧) **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ):**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નર્મદા જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગની કેટલી ફરિયાદો જિલ્લા કલેક્ટરને મળી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩) આરોપીઓ સામે શા પગલાં લેવાયા ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૬–૦૨–૨૦૨૧)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ભરૂચ જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગની ફરિયાદો બાબત**

અતારાંકિતઃ ૯૧૪૧ (૧૬–૦૧–૨૦૨૧) **શ્રીસંજયભાઈ સોલંકી** (જંબુસર):**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગની કેટલી ફરિયાદો જિલ્લા કલેક્ટરને મળી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩) આરોપીઓ સામે શા પગલાં લેવાયા ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૪–૦૩–૨૦૨૧)

તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કતલખાના માટેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા બાબત**

અતારાંકિતઃ ૯૦૭૧ (૩૦-૦૧-૨૦૨૧) **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) નગરપાલિકા નિયામકશ્રી-ગાંધીનગર તરફથી કતલખાના માટેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા તા.૩૧-૦૫-૨૦૦૭ના રોજ તમામ ચીફ ઓફિસરો-નગરપાલિકાઓને પરિપત્ર મોકલવામાં આવ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ નગરપાલિકા નિયામકશ્રી તરફથી આપવામાં આવેલ ઉપરોકત આદેશોનું કઈ કઈ નગરપાલિકામાં પાલન કરવામાં આવતું નથી અને તેના શા કારણો છે, અને

(૩) જવાબદારો સામે શા પગલાં લેવાયા છે ?

**મુખ્યમંત્રીશ્રી**(શહેરી વિકાસ)**:** (૦૪-૦૩-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) રાજ્યની નગરપાલિકાઓ પૈકી ફક્ત કુતિયાણા નગરપાલિકામાં રેગ્યુલેટેડ કતલખાનું આવેલ છે જેમાં તા.૩૧-૦૫-૨૦૦૭ના આદેશનું પાલન કરવામાં આવે છે.

(૩) આદેશનું પાલન કરવામાં આવતું હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કતલખાના માટેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા બાબત**

અતારાંકિતઃ ૯૨૫૦ (૩૦-૦૧-૨૦૨૧) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) નગરપાલિકા નિયામકશ્રી-ગાંધીનગર તરફથી કતલખાના સંબધી નીતિ નિયમોનું ચુસ્તપણે પાલન કરવા સંબધી સર્વે નગરપાલિકાઓ માટે તા.૩૦-૦૪-૨૦૧૭ના રોજ તમામ ચીફ ઓફિસરો-નગરપાલિકાઓને પરિપત્ર મોકલવામાં આવ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ નગરપાલિકા સંચાલિત રેગ્યુલેટેડ કતલખાનામાં અમલ થઈ રહ્યો છે અને જ્યાં અમલ થતો નથી તેના શા કારણો છે, અને

(૩) તમામ રેગ્યુલેટેડ કતલખાનામાં ચુસ્ત અમલ માટે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી**(શહેરી વિકાસ)**:** (૦૫-૦૩-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) રાજ્યની નગરપાલિકાઓ પૈકી ફક્ત કુતિયાણા નગરપાલિકામાં રેગ્યુલેટેડ કતલખાનું આવેલ છે જેમાં તા.૩૦-૦૪-૨૦૧૭ના પરિપત્રનું પાલન કરવામાં આવે છે.

(૩) રાજ્યની નગરપાલિકાઓ પૈકી ફક્ત કુતિયાણા નગરપાલિકામાં રેગ્યુલેટેડ કતલખાનું આવેલ છે જેમાં તા.૩૦-૦૪-૨૦૧૭ના પરિપત્રનું પાલન કરવામાં આવે છે.

---------

**આણંદ જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ**

અતારાંકિતઃ ૮૭૮૮ (૦૫-૦૧-૨૦૨૧) **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ):**માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં ખુલ્લા વીજવાયરો તથા ખામીયુક્ત વીજ ઉપકરણોને લીધે સર્જાયેલ અકસ્માતને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થયા,

(૨) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) આવી ઘટના રોકવા શા પગલાં લેવાયા ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૩-૦૩-૨૦૨૧)

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/ આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને તેમજ વીજ પુરવઠાના સાધનોના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. આ સંજોગોમાં તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં એમજીવીસીએલમાં નાગરિકોના કુલ ૨૧ (એકવીસ) અને પ્રાણીઓના કુલ ૪૧ (એકતાલીસ) પ્રાણઘાતક અકસ્માત થયા.

(૨) અસગરગ્રસ્તોને વળતર પેટે કુલ રૂ.૪૫.૧૨ લાખની ચૂકવણી કરવામાં આવેલ છે.

(૩) અકસ્માત થતાં રોકવા માટે વીજ કંપની દ્વારા લીધેલ પગલાંઓઃ

- વીજ કંપનીના અધિકારીઓ દ્વારા સમયાંતરે ખેડૂત શિબિર અને વિલેજ મિટિંગનું આયોજન કરીને સ્થાનિક નાગરિકોને વીજ સુરક્ષા અંગેની વિવિધ જાણકારી આપવામાં આવે છે.
- સામાન્ય નાગરિક વીજ સુરક્ષા બાબતે સંવેદનશીલ થાય તે માટે વીજકંપનીઓ દ્વારા જાહેર માર્ગો, જાહેર સ્થળો, વિવિધ સરકારી કચેરીઓ, વીજ કચેરીઓ વિગેરે સ્થળોએ વીજ સલામતીને લગતા પોસ્ટરો લગાડવામાં આવે છે અને તેના દ્વારા જનજાગૃતિ ફેલાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.
- જાહેર સમારંભોમાં સુરક્ષાને લગતા પરિસંવાદો યોજવા, સુરક્ષા સબંધિત બેનર્સ યોગ્ય જગ્યાએ પ્રદર્શીત કરવામાં આવે છે.
- લોકલ વર્તમાન પત્રોમાં સમયાંતરે સામાન્ય નાગરિકની સલામતી બાબતે પ્રેસનોટ પ્રકાશિત કરી જનજાગૃતિ લાવવી, જાહેર સ્થળોએ કે જ્યાં વધારે માણસો ભેગા થતા હોય ત્યાં સેફ્ટીની ફિલ્મ બતાવવી, સલામતીને લગતા પેમ્ફલેટ વિતરણ વિગેરે કાર્યક્રમો દ્વારા સામાન્ય રીતે બનતા અકસ્માતોના કારણો સાથે સમજ આપવામાં આવે છે.
- મકરસંક્રાંતિના તહેવાર દરમિયાન વર્તમાન પત્રોમાં સલામતીથી તહેવાર ઉજવવા માટેના ધ્યાનમાં રાખવાના વિવિધ પાસાઓની જાણકારી આપતી જાહેરાત પ્રકાશિત કરીને તથા જુદા-જુદા FM રેડીયો તથા પ્રસાર ભારતીના માધ્યમો દ્વારા સલામતીનો સંદેશ પ્રસારિત કરીને જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા ઉર્જા સંરક્ષણ/સુરક્ષા સપ્તાહ ઉજવવામાં આવે છે. જે દરમિયાન તાલુકા કક્ષાએ પરિસંવાદો યોજવા-સ્કૂલ કોલેજોમાં નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમો યોજી નાનપણથી જ નવી પેઢીમાં ઉર્જા બચત તેમજ વીજ સુરક્ષા વિષે અભિગમ સુદ્રઢ કરવા જેવા જરૂરી પગલાંઓ લેવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા સમયાંતરે લાઇન સ્ટાફને વીજ સુરક્ષા અંગેની તાલીમ આપવામાં આવે છે. તેમજ પેટા વિભાગીય કચેરી ખાતે કામની વહેંચણી ના સમયે સ્ટાફ દ્વારા વીજ સુરક્ષા અંગેના શપથ લેવામાં આવે છે.

--------

**મહીસાગર જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ**

અતારાંકિતઃ ૮૮૦૫ (૦૫-૦૧-૨૦૨૧) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર):**માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહીસાગર જિલ્લામાં ખુલ્લા વીજવાયરો તથા ખામીયુક્ત વીજ ઉપકરણોને લીધે સર્જાયેલ અકસ્માતને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થયા,

(૨) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) આવી ઘટના રોકવા શા પગલાં લેવાયા ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૩-૦૩-૨૦૨૧)

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/ આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને તેમજ વીજ પુરવઠાના સાધનોના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. આ સંજોગોમાં તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહીસાગર જિલ્લામાં એમજીવીસીએલમાં નાગરિકોના કુલ ૮ (આઠ) અને પ્રાણીઓના કુલ ૩૦ (ત્રીસ) પ્રાણઘાતક અકસ્માત થયા.

(૨) અસગરગ્રસ્તોને વળતર પેટે કુલ રૂ.૭.૪૧ લાખની ચૂકવણી કરવામાં આવેલ છે.

(૩) અકસ્માત થતાં રોકવા માટે વીજ કંપની દ્વારા લીધેલ પગલાંઓઃ

- વીજ કંપનીના અધિકારીઓ દ્વારા સમયાંતરે ખેડૂત શિબિર અને વિલેજ મિટિંગનું આયોજન કરીને સ્થાનિક નાગરિકોને વીજ સુરક્ષા અંગેની વિવિધ જાણકારી આપવામાં આવે છે.
- સામાન્ય નાગરિક વીજ સુરક્ષા બાબતે સંવેદનશીલ થાય તે માટે વીજકંપનીઓ દ્વારા જાહેર માર્ગો, જાહેર સ્થળો, વિવિધ સરકારી કચેરીઓ, વીજ કચેરીઓ વિગેરે સ્થળોએ વીજ સલામતીને લગતા પોસ્ટરો લગાડવામાં આવે છે અને તેના દ્વારા જનજાગૃતિ ફેલાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.
- જાહેર સમારંભોમાં સુરક્ષાને લગતા પરિસંવાદો યોજવા, સુરક્ષા સબંધિત બેનર્સ યોગ્ય જગ્યાએ પ્રદર્શીત કરવામાં આવે છે.
- લોકલ વર્તમાન પત્રોમાં સમયાંતરે સામાન્ય નાગરિકની સલામતી બાબતે પ્રેસનોટ પ્રકાશિત કરી જનજાગૃતિ લાવવી, જાહેર સ્થળોએ કે જ્યાં વધારે માણસો ભેગા થતા હોય ત્યાં સેફ્ટીની ફિલ્મ બતાવવી, સલામતીને

લગતા પેમ્ફલેટ વિતરણ વિગેરે કાર્યક્રમો દ્વારા સામાન્ય રીતે બનતા અકસ્માતોના કારણો સાથે સમજ આપવામાં આવે છે.

- મકરસંક્રાંતિના તહેવાર દરમિયાન વર્તમાન પત્રોમાં સલામતીથી તહેવાર ઉજવવા માટેના ધ્યાનમાં રાખવાના વિવિધ પાસાઓની જાણકારી આપતી જાહેરાત પ્રકાશિત કરીને તથા જુદા–જુદા FM રેડીયો તથા પ્રસાર ભારતીના માધ્યમો દ્વારા સલામતીનો સંદેશ પ્રસારિત કરીને જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા ઉર્જા સંરક્ષણ/સુરક્ષા સપ્તાહ ઉજવવામાં આવે છે. જે દરમિયાન તાલુકા કક્ષાએ પરિસંવાદો યોજવા–સ્કૂલ કોલેજોમાં નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમો યોજી નાનપણથી જ નવી પેઢીમાં ઉર્જા બચત તેમજ વીજ સુરક્ષા વિષે અભિગમ સુદ્રઢ કરવા જેવા જરૂરી પગલાંઓ લેવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા સમયાંતરે લાઇન સ્ટાફને વીજ સુરક્ષા અંગેની તાલીમ આપવામાં આવે છે. તેમજ પેટા વિભાગીય કચેરી ખાતે કામની વહેંચણી ના સમયે સ્ટાફ દ્વારા વીજ સુરક્ષા અંગેના શપથ લેવામાં આવે છે.

--------

**દાહોદ જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ**

અતારાંકિતઃ ૮૮૦૯ (૦૫–૦૧–૨૦૨૧) **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ):**માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં ખુલ્લા વીજવાયરો તથા ખામીયુક્ત વીજ ઉપકરણોને લીધે સર્જાયેલ અકસ્માતને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થયા,

(૨) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) આવી ઘટના રોકવા શા પગલાં લેવાયા ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૩–૦૩–૨૦૨૧)

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/ આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને તેમજ વીજ પુરવઠાના સાધનોના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. આ સંજોગોમાં તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં એમજીવીસીએલમાં નાગરિકોના કુલ ૧૧ (અગિયાર) અને પ્રાણીઓના કુલ ૩૮ (આડત્રીસ) પ્રાણઘાતક અકસ્માત થયા.

(૨) અસગરગ્રસ્તોને વળતર પેટે કુલ રૂ.૧૪.૦૪ લાખની ચૂકવણી કરવામાં આવેલ છે.

(૩) અકસ્માત થતાં રોકવા માટે વીજ કંપની દ્વારા લીધેલ પગલાંઓઃ

- વીજ કંપનીના અધિકારીઓ દ્વારા સમયાંતરે ખેડૂત શિબિર અને વિલેજ મિટિંગનું આયોજન કરીને સ્થાનિક નાગરિકોને વીજ સુરક્ષા અંગેની વિવિધ જાણકારી આપવામાં આવે છે.
- સામાન્ય નાગરિક વીજ સુરક્ષા બાબતે સંવેદનશીલ થાય તે માટે વીજકંપનીઓ દ્વારા જાહેર માર્ગો, જાહેર સ્થળો, વિવિધ સરકારી કચેરીઓ, વીજ કચેરીઓ વિગેરે સ્થળોએ વીજ સલામતીને લગતા પોસ્ટરો લગાડવામાં આવે છે અને તેના દ્વારા જનજાગૃતિ ફેલાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.
- જાહેર સમારંભોમાં સુરક્ષાને લગતા પરિસંવાદો યોજવા, સુરક્ષા સબંધિત બેનર્સ યોગ્ય જગ્યાએ પ્રદર્શીત કરવામાં આવે છે.
- લોકલ વર્તમાન પત્રોમાં સમયાંતરે સામાન્ય નાગરિકની સલામતી બાબતે પ્રેસનોટ પ્રકાશિત કરી જનજાગૃતિ લાવવી, જાહેર સ્થળોએ કે જ્યાં વધારે માણસો ભેગા થતા હોય ત્યાં સેફ્ટીની ફિલ્મ બતાવવી, સલામતીને લગતા પેમ્ફલેટ વિતરણ વિગેરે કાર્યક્રમો દ્વારા સામાન્ય રીતે બનતા અકસ્માતોના કારણો સાથે સમજ આપવામાં આવે છે.
- મકરસંક્રાંતિના તહેવાર દરમિયાન વર્તમાન પત્રોમાં સલામતીથી તહેવાર ઉજવવા માટેના ધ્યાનમાં રાખવાના વિવિધ પાસાઓની જાણકારી આપતી જાહેરાત પ્રકાશિત કરીને તથા જુદા–જુદા FM રેડીયો તથા પ્રસાર ભારતીના માધ્યમો દ્વારા સલામતીનો સંદેશ પ્રસારિત કરીને જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા ઉર્જા સંરક્ષણ/સુરક્ષા સપ્તાહ ઉજવવામાં આવે છે. જે દરમિયાન તાલુકા કક્ષાએ પરિસંવાદો યોજવા–સ્કૂલ કોલેજોમાં નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમો યોજી નાનપણથી જ નવી પેઢીમાં ઉર્જા બચત તેમજ વીજ સુરક્ષા વિષે અભિગમ સુદ્રઢ કરવા જેવા જરૂરી પગલાંઓ લેવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા સમયાંતરે લાઇન સ્ટાફને વીજ સુરક્ષા અંગેની તાલીમ આપવામાં આવે છે. તેમજ પેટા વિભાગીય કચેરી ખાતે કામની વહેંચણી ના સમયે સ્ટાફ દ્વારા વીજ સુરક્ષા અંગેના શપથ લેવામાં આવે છે.

--------

અતારાંકિત પ્રશ્નોની યાદી

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ**

અતારાંકિતઃ ૮૮૧૩ (૦૫–૦૧–૨૦૨૧) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા):**માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ખુલ્લા વીજવાયરો તથા ખામીયુક્ત વીજ ઉપકરણોને લીધે સર્જાયેલ અકસ્માતને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થયા,

(૨) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) આવી ઘટના રોકવા શા પગલાં લેવાયા ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૩–૦૩–૨૦૨૧)

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/ આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને તેમજ વીજ પુરવઠાના સાધનોના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. આ સંજોગોમાં તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં એમજીવીસીએલમાં નાગરિકોના કુલ ૧૧ (અગિયાર) અને પ્રાણીઓના કુલ ૩૮ (આડત્રીસ) પ્રાણઘાતક અકસ્માત થયા અને પંચમહાલ જિલ્લામાં નાગરિકોના કુલ ૧૭ (સત્તર) અને પ્રાણીઓના કુલ ૭૧ (એકોતેર) પ્રાણઘાતક અકસ્માત થયા.

(૨) અસગરગ્રસ્તોને વળતર પેટે કુલ રૂ.૪૦.૬૧ લાખની ચૂકવણી કરવામાં આવેલ છે.

(૩) અકસ્માત થતાં રોકવા માટે વીજ કંપની દ્વારા લીધેલ પગલાંઓઃ

- વીજ કંપનીના અધિકારીઓ દ્વારા સમયાંતરે ખેડૂત શિબિર અને વિલેજ મિટિંગનું આયોજન કરીને સ્થાનિક નાગરિકોને વીજ સુરક્ષા અંગેની વિવિધ જાણકારી આપવામાં આવે છે.
- સામાન્ય નાગરિક વીજ સુરક્ષા બાબતે સંવેદનશીલ થાય તે માટે વીજકંપનીઓ દ્વારા જાહેર માર્ગો, જાહેર સ્થળો, વિવિધ સરકારી કચેરીઓ, વીજ કચેરીઓ વિગેરે સ્થળોએ વીજ સલામતીને લગતા પોસ્ટરો લગાડવામાં આવે છે અને તેના દ્વારા જનજાગૃતિ ફેલાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.
- જાહેર સમારંભોમાં સુરક્ષાને લગતા પરિસંવાદો યોજવા, સુરક્ષા સબંધિત બેનર્સ યોગ્ય જગ્યાએ પ્રદર્શીત કરવામાં આવે છે.
- લોકલ વર્તમાન પત્રોમાં સમયાંતરે સામાન્ય નાગરિકની સલામતી બાબતે પ્રેસનોટ પ્રકાશિત કરી જનજાગૃતિ લાવવી, જાહેર સ્થળોએ કે જ્યાં વધારે માણસો ભેગા થતા હોય ત્યાં સેફ્ટીની ફિલ્મ બતાવવી, સલામતીને લગતા પેમ્ફલેટ વિતરણ વિગેરે કાર્યક્રમો દ્વારા સામાન્ય રીતે બનતા અકસ્માતોના કારણો સાથે સમજ આપવામાં આવે છે.
- મકરસંક્રાંતિના તહેવાર દરમિયાન વર્તમાન પત્રોમાં સલામતીથી તહેવાર ઉજવવા માટેના ધ્યાનમાં રાખવાના વિવિધ પાસાઓની જાણકારી આપતી જાહેરાત પ્રકાશિત કરીને તથા જુદા–જુદા FM રેડીયો તથા પ્રસાર ભારતીના માધ્યમો દ્વારા સલામતીનો સંદેશ પ્રસારિત કરીને જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા ઉર્જા સંરક્ષણ/સુરક્ષા સપ્તાહ ઉજવવામાં આવે છે. જે દરમિયાન તાલુકા કક્ષાએ પરિસંવાદો યોજવા–સ્કૂલ કોલેજોમાં નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમો યોજી નાનપણથી જ નવી પેઢીમાં ઉર્જા બચત તેમજ વીજ સુરક્ષા વિષે અભિગમ સુદ્રઢ કરવા જેવા જરૂરી પગલાંઓ લેવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા સમયાંતરે લાઇન સ્ટાફને વીજ સુરક્ષા અંગેની તાલીમ આપવામાં આવે છે. તેમજ પેટા વિભાગીય કચેરી ખાતે કામની વહેંચણી ના સમયે સ્ટાફ દ્વારા વીજ સુરક્ષા અંગેના શપથ લેવામાં આવે છે.

--------

**છોટા ઉદેપુર જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ**

અતારાંકિતઃ ૮૮૧૬ (૦૫–૦૧–૨૦૨૧) **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર):**માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં ખુલ્લા વીજવાયરો તથા ખામીયુક્ત વીજ ઉપકરણોને લીધે સર્જાયેલ અકસ્માતને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થયા,

(૨) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) આવી ઘટના રોકવા શા પગલાં લેવાયા ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૩–૦૩–૨૦૨૧)

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/ આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને તેમજ વીજ પુરવઠાના સાધનોના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. આ સંજોગોમાં તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં

છોટા ઉદેપુર જિલ્લામાં એમજીવીસીએલમાં નાગરિકોના કુલ ૧૨ (બાર) અને પ્રાણીઓના કુલ ૩૨ (બત્રીસ) પ્રાણઘાતક અકસ્માત થયા.

(૨) અસગરગ્રસ્તોને વળતર પેટે કુલ રૂ.૧૫.૫૫૫ લાખની ચૂકવણી કરવામાં આવેલ છે.

(૩) અકસ્માત થતાં રોકવા માટે વીજ કંપની દ્વારા લીધેલ પગલાંઓઃ

- વીજ કંપનીના અધિકારીઓ દ્વારા સમયાંતરે ખેડૂત શિબિર અને વિલેજ મિટિંગનું આયોજન કરીને સ્થાનિક નાગરિકોને વીજ સુરક્ષા અંગેની વિવિધ જાણકારી આપવામાં આવે છે.
- સામાન્ય નાગરિક વીજ સુરક્ષા બાબતે સંવેદનશીલ થાય તે માટે વીજકંપનીઓ દ્વારા જાહેર માર્ગો, જાહેર સ્થળો, વિવિધ સરકારી કચેરીઓ, વીજ કચેરીઓ વિગેરે સ્થળોએ વીજ સલામતીને લગતા પોસ્ટરો લગાડવામાં આવે છે અને તેના દ્વારા જનજાગૃતિ ફેલાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.
- જાહેર સમારંભોમાં સુરક્ષાને લગતા પરિસંવાદો યોજવા, સુરક્ષા સબંધિત બેનર્સ યોગ્ય જગ્યાએ પ્રદર્શીત કરવામાં આવે છે.
- લોકલ વર્તમાન પત્રોમાં સમયાંતરે સામાન્ય નાગરિકની સલામતી બાબતે પ્રેસનોટ પ્રકાશિત કરી જનજાગૃતિ લાવવી, જાહેર સ્થળોએ કે જ્યાં વધારે માણસો ભેગા થતા હોય ત્યાં સેફ્ટીની ફિલ્મ બતાવવી, સલામતીને લગતા પેમ્ફલેટ વિતરણ વિગેરે કાર્યક્રમો દ્વારા સામાન્ય રીતે બનતા અકસ્માતોના કારણો સાથે સમજ આપવામાં આવે છે.
- મકરસંક્રાંતિના તહેવાર દરમિયાન વર્તમાન પત્રોમાં સલામતીથી તહેવાર ઉજવવા માટેના ધ્યાનમાં રાખવાના વિવિધ પાસાઓની જાણકારી આપતી જાહેરાત પ્રકાશિત કરીને તથા જુદા-જુદા FM રેડીયો તથા પ્રસાર ભારતીના માધ્યમો દ્વારા સલામતીનો સંદેશ પ્રસારિત કરીને જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા ઉર્જા સંરક્ષણ/સુરક્ષા સપ્તાહ ઉજવવામાં આવે છે. જે દરમિયાન તાલુકા કક્ષાએ પરિસંવાદો યોજવા-સ્કૂલ કોલેજોમાં નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમો યોજી નાનપણથી જ નવી પેઢીમાં ઉર્જા બચત તેમજ વીજ સુરક્ષા વિષે અભિગમ સુદ્રઢ કરવા જેવા જરૂરી પગલાંઓ લેવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા સમયાંતરે લાઇન સ્ટાફને વીજ સુરક્ષા અંગેની તાલીમ આપવામાં આવે છે. તેમજ પેટા વિભાગીય કચેરી ખાતે કામની વહેંચણી ના સમયે સ્ટાફ દ્વારા વીજ સુરક્ષા અંગેના શપથ લેવામાં આવે છે.

--------

**વડોદરા જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ**

અતારાંકિતઃ ૮૮૨૦ (૦૫-૦૧-૨૦૨૧) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા):**માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં ખુલ્લા વીજવાયરો તથા ખામીયુક્ત વીજ ઉપકરણોને લીધે સર્જાયેલ અકસ્માતને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થયા,

(૨) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) આવી ઘટના રોકવા શા પગલાં લેવાયા ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૩-૦૩-૨૦૨૧)

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/ આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને તેમજ વીજ પુરવઠાના સાધનોના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. આ સંજોગોમાં તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં એમજીવીસીએલમાં નાગરિકોના કુલ ૨૩ (ત્રેવીસ) અને પ્રાણીઓના કુલ ૫૬ (છપ્પન) પ્રાણઘાતક અકસ્માત થયા.

(૨) અસગરગ્રસ્તોને વળતર પેટે કુલ રૂ.૨૦.૩૯૫ લાખની ચૂકવણી કરવામાં આવેલ છે.

(૩) અકસ્માત થતાં રોકવા માટે વીજ કંપની દ્વારા લીધેલ પગલાંઓઃ

- વીજ કંપનીના અધિકારીઓ દ્વારા સમયાંતરે ખેડૂત શિબિર અને વિલેજ મિટિંગનું આયોજન કરીને સ્થાનિક નાગરિકોને વીજ સુરક્ષા અંગેની વિવિધ જાણકારી આપવામાં આવે છે.
- સામાન્ય નાગરિક વીજ સુરક્ષા બાબતે સંવેદનશીલ થાય તે માટે વીજકંપનીઓ દ્વારા જાહેર માર્ગો, જાહેર સ્થળો, વિવિધ સરકારી કચેરીઓ, વીજ કચેરીઓ વિગેરે સ્થળોએ વીજ સલામતીને લગતા પોસ્ટરો લગાડવામાં આવે છે અને તેના દ્વારા જનજાગૃતિ ફેલાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.
- જાહેર સમારંભોમાં સુરક્ષાને લગતા પરિસંવાદો યોજવા, સુરક્ષા સબંધિત બેનર્સ યોગ્ય જગ્યાએ પ્રદર્શીત કરવામાં આવે છે.

- લોકલ વર્તમાન પત્રોમાં સમયાંતરે સામાન્ય નાગરિકની સલામતી બાબતે પ્રેસનોટ પ્રકાશિત કરી જનજાગૃતિ લાવવી, જાહેર સ્થળોએ કે જ્યાં વધારે માણસો ભેગા થતા હોય ત્યાં સેફ્ટીની ફિલ્મ બતાવવી, સલામતીને લગતા પેમ્ફલેટ વિતરણ વિગેરે કાર્યક્રમો દ્વારા સામાન્ય રીતે બનતા અકસ્માતોના કારણો સાથે સમજ આપવામાં આવે છે.
- મકરસંક્રાંતિના તહેવાર દરમિયાન વર્તમાન પત્રોમાં સલામતીથી તહેવાર ઉજવવા માટેના ધ્યાનમાં રાખવાના વિવિધ પાસાઓની જાણકારી આપતી જાહેરાત પ્રકાશિત કરીને તથા જુદા-જુદા FM રેડીયો તથા પ્રસાર ભારતીના માધ્યમો દ્વારા સલામતીનો સંદેશ પ્રસારિત કરીને જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા ઉર્જા સંરક્ષણ/સુરક્ષા સપ્તાહ ઉજવવામાં આવે છે. જે દરમિયાન તાલુકા કક્ષાએ પરિસંવાદો યોજવા-સ્કૂલ કોલેજોમાં નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમો યોજી નાનપણથી જ નવી પેઢીમાં ઉર્જા બચત તેમજ વીજ સુરક્ષા વિષે અભિગમ સુદ્રઢ કરવા જેવા જરૂરી પગલાંઓ લેવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા સમયાંતરે લાઇન સ્ટાફને વીજ સુરક્ષા અંગેની તાલીમ આપવામાં આવે છે. તેમજ પેટા વિભાગીય કચેરી ખાતે કામની વહેંચણી ના સમયે સ્ટાફ દ્વારા વીજ સુરક્ષા અંગેના શપથ લેવામાં આવે છે.

--------

**ભરૂચ જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ**

અતારાંકિતઃ ૮૮૨૫ (૦૫-૦૧-૨૦૨૧) **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર):**માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લામાં ખુલ્લા વીજવાયરો તથા ખામીયુક્ત વીજ ઉપકરણોને લીધે સર્જાયેલ અકસ્માતને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થયા,

(૨) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) આવી ઘટના રોકવા શા પગલાં લેવાયા ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૩-૦૩-૨૦૨૧)

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/ આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને તેમજ વીજ પુરવઠાના સાધનોના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. આ સંજોગોમાં તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લામાં ડીજીવીસીએલમાં નાગરિકોના કુલ ૩૮ (આડત્રીસ) અને પ્રાણીઓના કુલ ૭૩ (તોતેર) પ્રાણઘાતક અકસ્માત થયા.

(૨) અસગરગ્રસ્તોને વળતર પેટે કુલ રૂ.૩૦.૨૯ લાખની ચૂકવણી કરવામાં આવેલ છે.

(૩) અકસ્માત થતાં રોકવા માટે વીજ કંપની દ્વારા લીધેલ પગલાંઓઃ

- વીજ કંપનીના અધિકારીઓ દ્વારા સમયાંતરે ખેડૂત શિબિર અને વિલેજ મિટિંગનું આયોજન કરીને સ્થાનિક નાગરિકોને વીજ સુરક્ષા અંગેની વિવિધ જાણકારી આપવામાં આવે છે.
- સામાન્ય નાગરિક વીજ સુરક્ષા બાબતે સંવેદનશીલ થાય તે માટે વીજકંપનીઓ દ્વારા જાહેર માર્ગો, જાહેર સ્થળો, વિવિધ સરકારી કચેરીઓ, વીજ કચેરીઓ વિગેરે સ્થળોએ વીજ સલામતીને લગતા પોસ્ટરો લગાડવામાં આવે છે અને તેના દ્વારા જનજાગૃતિ ફેલાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.
- જાહેર સમારંભોમાં સુરક્ષાને લગતા પરિસંવાદો યોજવા, સુરક્ષા સબંધિત બેનર્સ યોગ્ય જગ્યાએ પ્રદર્શીત કરવામાં આવે છે.
- લોકલ વર્તમાન પત્રોમાં સમયાંતરે સામાન્ય નાગરિકની સલામતી બાબતે પ્રેસનોટ પ્રકાશિત કરી જનજાગૃતિ લાવવી, જાહેર સ્થળોએ કે જ્યાં વધારે માણસો ભેગા થતા હોય ત્યાં સેફ્ટીની ફિલ્મ બતાવવી, સલામતીને લગતા પેમ્ફલેટ વિતરણ વિગેરે કાર્યક્રમો દ્વારા સામાન્ય રીતે બનતા અકસ્માતોના કારણો સાથે સમજ આપવામાં આવે છે.
- મકરસંક્રાંતિના તહેવાર દરમિયાન વર્તમાન પત્રોમાં સલામતીથી તહેવાર ઉજવવા માટેના ધ્યાનમાં રાખવાના વિવિધ પાસાઓની જાણકારી આપતી જાહેરાત પ્રકાશિત કરીને તથા જુદા-જુદા FM રેડીયો તથા પ્રસાર ભારતીના માધ્યમો દ્વારા સલામતીનો સંદેશ પ્રસારિત કરીને જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા ઉર્જા સંરક્ષણ/સુરક્ષા સપ્તાહ ઉજવવામાં આવે છે. જે દરમિયાન તાલુકા કક્ષાએ પરિસંવાદો યોજવા-સ્કૂલ કોલેજોમાં નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમો યોજી નાનપણથી જ નવી પેઢીમાં ઉર્જા બચત તેમજ વીજ સુરક્ષા વિષે અભિગમ સુદ્રઢ કરવા જેવા જરૂરી પગલાંઓ લેવામાં આવે છે.
- વીજ કંપનીઓ દ્વારા સમયાંતરે લાઇન સ્ટાફને વીજ સુરક્ષા અંગેની તાલીમ આપવામાં આવે છે. તેમજ પેટા વિભાગીય કચેરી ખાતે કામની વહેંચણી ના સમયે સ્ટાફ દ્વારા વીજ સુરક્ષા અંગેના શપથ લેવામાં આવે છે.

તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**રાજ્ય સરકારે એસ.ટી. નિગમને ચૂકવવાની રકમ**

અતારાંકિતઃ ૯૫૦૧ (૨૩-૦૨-૨૦૨૧) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા):**માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે સરકારી કાર્યક્રમો માટે ભાડે લીધેલ એસ.ટી.નિગમની બસોના ભાડા પેટે કેટલી રકમ વર્ષવાર ચૂકવવાની થાય છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ રકમ પૈકી એસ.ટી.નિગમને કેટલી રકમ ક્યારે ચૂકવવામાં આવી અને કેટલી બાકી છે, અને

(૩) ઉક્ત બાકી રકમ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :** (૦૬-૦૩-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે સરકારી કાર્યક્રમો માટે ભાડે લીધેલ એસ.ટી.નિગમની બસોના ભાડા પેટે વર્ષવાર ચૂકવેલ રકમ નીચે મુજબ છે.

| **વર્ષ** | **ભાડા પેટે ચૂકવવાની રકમ** |
|---|---|
| ૨૦૧૯ | રૂ. ૧૯,૬૯,૬૨૯/- |
| ૨૦૨૦ | રૂ. ૧૧,૭૭,૩૬,૮૧૫/- |

(૨) ઉક્ત સ્થિતિએ આ રકમ પૈકી એસ.ટી.નિગમને ચૂકવેલ અને ચૂકવવાની બાકી રકમ નીચે મુજબ છે.

| **વર્ષ** | **કેટલી રકમ ચૂકવવામાં આવી** | **કેટલી બાકી** |
|---|---|---|
| ૨૦૧૯ | રૂ. ૧૨,૬૫,૦૦૦/- | રૂ. ૭,૦૪,૬૨૯/- |
| ૨૦૨૦ | રૂ. ૨,૧૪,૧૪,૭૩૮/- | રૂ. ૯,૬૩,૨૨,૦૭૭/- |

(૩) આમ, બાકી નાણાંની વસૂલાત માટે સંલગ્ન ઓથોરીટી સાથે પત્ર વ્યવહાર કરી નાણાં વસૂલવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

--------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| **ક્રમ** | **વિભાગનું નામ** | **પ્રશ્ન ક્રમાંક** | **કુલ** |
|---|---|---|---|
| ૧ | કૃષિ,ખેડૂત કલ્યાણ અનેસહકાર વિભાગ | ૯૦૪૮, ૯૦૮૪, ૯૧૦૧, ૯૧૨૬, ૯૧૨૯, ૯૧૩૪, ૯૧૩૯, ૯૧૪૨, ૯૧૪૮ | ૯ |
| ૨ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૮૬૯૯, ૯૪૭૭ | ૨ |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૫૦૫, ૭૯૮૯, ૮૦૭૧, ૮૦૭૩, ૮૧૮૯, ૮૨૫૬, ૮૩૧૦, ૮૩૨૦, ૮૩૩૬, ૮૩૩૯, ૮૪૩૯, ૮૫૪૭, ૮૬૫૫, ૮૮૫૨, ૮૮૮૫, ૯૦૧૧, ૯૧૩૨, ૯૩૯૭ | ૧૮ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૮૩૪૩, ૮૯૮૮ | ૨ |
| ૫ | ગૃહ વિભાગ | ૮૬૯૪ | ૧ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૮૯૨૩ | ૧ |
| ૭ | મહેસૂલ વિભાગ | ૭૪૦૩, ૭૫૯૩, ૮૦૫૫, ૮૧૯૬, ૮૫૦૧, ૯૧૩૭, ૯૧૪૧ | ૭ |
| ૮ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૯૦૭૧, ૯૨૫૦ | ૨ |
| ૯ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સવિભાગ | ૮૭૮૮, ૮૮૦૫, ૮૮૦૯, ૮૮૧૩, ૮૮૧૬, ૮૮૨૦, ૮૮૨૫ | ૭ |
| ૧૦ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૯૫૦૧ | ૧ |
| | **કુલ** | | **૫૦** |

--------

**વીસમી અતારાંકિત યાદી**

**ગુજરાત ગૌણ સેવા મંડળ દ્વારા થતી ભરતી પ્રકીયામાં થતી ગેરરીતિ સંબંધે મળેલ ફરિયાદો**

અતારાંકિતઃ ૮૬૯૧ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા**(વાંકાનેર): માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતીપ્રકીયામાં થતી ગેરરીતિઓ અંગે કેટલી ફરિયાદ સરકારને મળી,

(૨) તે અન્વયે કેટલા અધિકારીઓ-કર્મચારી સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ગેરરીતિ અટકાવવા સરકારે શાં પગલાં લીધા?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) :(૦૭-૦૩-૨૦૨૧)

ચૈત્ર ૫, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧)

| વર્ષ | મળેલ ફરિયાદ |
|---|---|
| ૨૦૧૮ | ૦૬ |
| ૨૦૧૯ | ૫૩ |
| ૨૦૨૦ | ૦૨ |

(૨)

| વર્ષ | કરેલ કાર્યવાહી |
|---|---|
| ૨૦૧૮ | અરજદારોની ફરિયાદોમાં કોઇ તથ્ય જણાયેલ ન હોય કોઇ કાર્યવાહીકરવામાં આવેલ નથી. |
| ૨૦૧૯ | કરેલ કાર્યવાહીની વિગતોનું ***પત્રક–બ** સામેલ છે. |
| ૨૦૨૦ | અરજદારોની ફરિયાદોમાં કોઇ તથ્ય જણાયેલ ન હોય કોઇ કાર્યવાહી કરવામાં આવેલનથી. |

(૩)

| વર્ષ | કરેલ કાર્યવાહી |
|---|---|
| ૨૦૧૮ | કરેલ કાર્યવહીની વિગતોનું ***પત્રક** સામેલ છે. |
| ૨૦૧૯ | જા.ક્ર. ૧૫૦/૨૦૧૮૧૯, બિન સચિવાલય ક્લાર્ક અને સચિવાલયસંવર્ગના ઓફીસ – આસિસ્ટન્ટની પરીક્ષા સંદર્ભે મળેલ ફરિયાદો સંદર્ભે સરકારશ્રી દ્વારા સ્પેશિયલ ઇન્વેસ્ટીગેશન ટીમનું ગઠન કરવામાં આવેલ હતું અને સ્પેશિયલ ઇન્વેસ્ટીગેશન ટીમ (SIT)ની ભલામણ મુજબ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તા.૧૭–૧૧–૨૦૧૯ના રોજ લેવાયેલ બિન સચિવાલય કારકુન અને ઓફીસ આસિસ્ટન્ટની પરીક્ષા રદ કરવામાં આવેલ હતી. |
| ૨૦૨૦ | કરેલ કાર્યવહીની વિગતોનું *પત્રક સામેલ છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

———————————

**રાજ્યની જમીનમાં વધતુ ક્ષારનું પ્રમાણ**

અતારાંકિતઃ ૬૨૮૧ (૧૬–૦૯–૨૦૧૯) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) :માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ફળદ્રૂપ જમીનમાં ખારાશ (ક્ષાર)નું પ્રમાણ વધતું જાય છેતે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ક્ષારનું પ્રમાણ વધતું અટકાવવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શા પગલા લીધા, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ ક્ષાર અટકાવવા પાછળ કરવામાં આવ્યો?

**કૃષિ મંત્રીશ્રી :**(૧૫–૦૩–૨૦૨૧)

(૧) ફળદ્રૂપ જમીનમાં ખારાશ (ક્ષાર)નું પ્રમાણ જાણવા માટેનું કોઈ પરિક્ષણ કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા કરવામાં આવતું નથી.

**રાજ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કોચીંગ કલાસ**

અતારાંકિતઃ ૯૨૧૭ (૨૯−૧−૨૦૨૧) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

(૧) તા.૩૧−૧૨−૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ આઇઆઇએમ, સેપ્ટ, નીફ્ટ,એનએલયુ જેવી ઓલ ઈન્ડિયા લેવલની પરીક્ષાઓ પાસ કરી શકે તે માટે છેલ્લા એક વર્ષમાં જિલ્લાવારકેટલા વિદ્યાર્થીઓને કોચીંગ આપવામાં આવ્યું,

(૨) તે અન્વયે કેટલા વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા, અને

(૩) ઉક્ત માસવાર, જિલ્લાવાર કયા કોચીંગ કલાસને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી :**(૧૦−૩−૨૦૨૧)

તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ આઈઆઈએમ, સેપ્ટ, નીફ્ટ,એનએલયુ જેવી ઓલ ઈન્ડિયા લેવલની પરીક્ષાઓ પાસ કરી શકે તે માટે છેલ્લા એક વર્ષમાં જિલ્લાવારએકપણ વિદ્યાર્થીને કોચીંગ આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કોચીંગ કલાસ**

અતારાંકિતઃ ૯૩૭૩ (૨૯-૧-૨૦૨૧) **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : માનનીય સામાજિક ન્યાય અનેઅધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ આઈઆઈએમ, સેપ્ટ, નીફ્ટ,એનએલયુ જેવી ઓલ ઈન્ડિયા લેવલની પરીક્ષાની તૈયારી કરી પરીક્ષા પાસ કરી શકે તે માટે છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર કેટલા વિદ્યાર્થીઓને કોચીંગ આપવામાં આવ્યું,

(૨) તે અન્વયે કેટલા વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા,

(૩) ઉક્ત માસવાર, જિલ્લાવાર કયા કોચીંગ કલાસને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી :** (૧૭-૩-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ આઈઆઈએમ, સેપ્ટ, નીફ્ટ,એનએલયુ જેવી ઓલ ઈન્ડિયા લેવલની પરીક્ષાની તૈયારી કરી પરીક્ષા પાસ કરી શકે તે માટે છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર એકપણ વિદ્યાર્થીને કોચીંગ આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં લોકલ ઓથોરીટીના લાઈસન્સ વગર ચાલતાં રેગ્યુલેટેડ કતલખાના**

અતારાંકિતઃ ૭૦૮૪ (૧૪-૮-૨૦૨૦)**શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા.૩૧-૦૭-૨૦૨૦ની સ્થિતિએ કાર્યરત પૈકી કેટલા રેગ્યુલેટેડકતલખાના પાસે સ્થાનિક (લોકલ) ઓથોરીટીના લાઈસન્સ છે, અને કેટલા પાસેનથી, અને

(૨) લોકલ ઓથોરીટીના લાઈસન્સ વગર ચાલતાં રેગ્યુલેટેડ કતલખાનાઓને બંધ કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) :(૫-૩-૨૦૨૧)

(૧) રાજ્યમાં તા.૩૧-૦૭-૨૦૨૦ની સ્થિતિએ ૭(સાત) રેગ્યુલેટેડ કતલખાનાઓકાર્યરત છે. જે તમામ પાસે સ્થાનિક (લોકલ) ઓથોરીટીના લાઈસન્સ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ્રાઈવેટ એનીમલ એમ્બ્યુલન્સમાં બ્લુ લાઈટ મૂકવાની અરજીઓ**

અતારાંકિતઃ ૮૦૮૧ (૨૩-૧૨-૨૦૨૦) **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) પ્રાઈવેટ એનીમલ એમ્બ્યુલન્સમાં બ્લુ લાઈટ મૂકવાની કેટલી અરજીઓ જિલ્લાવાર આર.ટી.ઓ.માં તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ કેટલા સમયથી પડતર છે,

(૨) તેને મંજૂરી નહીં આપવાના શા કારણો છે, અને

(૩) પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :**(૨-૩-૨૦૨૧)

(૧) શૂન્ય.

(૨) સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ, ૧૯૮૯ ના રુલ ૧૦૮ ના સબ રુલ (iv) માં દર્દીઓના વહનમાં ઉપયોગ થનાર એમ્બ્યુલન્સમાં જાંબલી કાચ સાથે બ્લીન્કર ટાઈપ લાલ લાઈટ રાખવાની જોગવાઇ કરવામાં આવેલ છે.ઉપરોક્ત જોગવાઈ અન્વયે એમ્બ્યુલન્સ તરીકે નોંધાતા વાહનોમાં અલગથી બ્લુ બ્લીન્કર લાઈટ લગાવવા માટે અરજી કરવાની જરૂરિયાત રહેતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**એસ.ટી.નિગમની બસોના ભાડા પેટે ચૂકવવાની રકમ**

અતારાંકિતઃ ૯૫૨૨ (૦૧-૦૩-૨૦૨૧) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે સરકારી કાર્યક્રમો માટે ભાડે લીધેલએસ.ટી.નિગમની બસોના ભાડા પેટે કેટલી રકમ વર્ષવાર ચૂકવવાની થાય છે,

(૨) આ રકમ પૈકી એસ.ટી.નિગમને કેટલી રકમ ક્યારે ચૂકવવામાં આવી અને કેટલી બાકી છે, અને

(૩) બાકી રકમ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :**(૬–૩–૨૦૨૧)

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે સરકારી કાર્યક્રમો માટે ભાડે લીધેલએસ.ટી.નિગમની બસોના ભાડા પેટે વર્ષવાર ચૂકવેલ રકમ નીચે મુજબ છે

| વર્ષ | ભાડા પેટે ચૂકવવાની રકમ |
|---|---|
| ૨૦૧૯ | રૂ. ૧૯,૬૯,૬૨૯/– |
| ૨૦૨૦ | રૂ. ૧૧,૭૭,૩૬,૮૧૫/– |

(૨) આ રકમ પૈકી એસ.ટી.નિગમને ચૂકવેલ અને ચૂકવવાની બાકી રકમ નીચે મુજબ છે.

| વર્ષ | કેટલી રકમ ચૂકવવામાં આવી | કેટલી બાકી |
|---|---|---|
| ૨૦૧૯ | રૂ. ૧૨,૬૫,૦૦૦/– | રૂ. ૭,૦૪,૬૨૯/– |
| ૨૦૨૦ | રૂ. ૨,૧૪,૧૪,૭૩૮/– | રૂ. ૯,૬૩,૨૨,૦૭૭/– |

(૩) આમ, બાકી નાણાંની વસૂલાત માટે સંલગ્ન ઓથોરીટી સાથે પત્ર વ્યવહાર કરી નાણાં વસૂલવાનીકાર્યવાહી પ્રગતિમાં છે.

--------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૮૬૯૧ | ૧ |
| ૨ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૬૨૮૧, ૮૯૦૦, ૯૦૦૪, ૯૦૨૫, ૯૦૨૮, ૯૦૩૪, ૯૦૩૯, ૯૦૪૪, ૯૦૫૫, ૯૦૫૯, ૯૦૬૧, ૯૦૬૫, ૯૦૬૭, ૯૦૭૨, ૯૦૭૫, ૯૦૮૬, ૯૦૯૭, ૯૧૦૨, ૯૧૧૨, ૯૧૧૭, ૯૧૪૫ | ૨૧ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો વિભાગ | ૯૧૬૬, ૯૪૧૩, ૯૪૭૫ | ૩ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૭૪૭, ૮૦૭૨, ૮૭૯૩, ૯૦૯૦ | ૪ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૮૧૭૧ | ૧ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૮૯૨૨ | ૧ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૭૬૫૧, ૭૬૫૩, ૭૬૫૭, ૭૬૫૯, ૮૭૧૧ | ૫ |
| ૮ | મહેસૂલ વિભાગ | ૭૪૦૬, ૮૫૧૮, ૮૬૪૯, ૯૦૨૨, ૯૪૭૮ | ૫ |
| ૯ | માર્ગ અને મકાન વિભાગ | ૮૦૮૩, ૮૧૧૪, ૮૧૧૫, ૮૧૧૬ | ૪ |
| ૧૦ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૯૨૧૭, ૯૩૭૩ | ૨ |
| ૧૧ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૭૦૮૪ | ૧ |
| ૧૨ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૮૦૮૧, ૯૫૨૨ | ૨ |
| | | **કુલ** | **૫૦** |

--------

તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

શોકદર્શક ઉલ્લેખો

## શોકદર્શક ઉલ્લેખો

### ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યપાલ સ્વ.શ્રી અંશુમાન સિંહના અવસાન અંગે

શ્રી વિજયકુમાર રૂપાણી(સભાગૃહના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યપાલશ્રી અંશુમાન સિંહનું તા.૮મી માર્ચ, ૨૦૨૧ ના રોજ કોરોનાથી ૮૫ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી અંશુમાન સિંહનો જન્મ તા.૭મી જુલાઇ, ૧૯૩૫ના રોજ ઉત્તર પ્રદેશ રાજ્યના અલ્હાબાદ ખાતે થયો હતો. તેઓશ્રીએ આર્ટસ અને કાયદાનું શિક્ષણ મેળવેલ હતું તથા અલ્હાબાદ જિલ્લા અદાલતમાં સન ૧૯૫૭માં વકીલાત શરૂ કરી હતી. તેઓશ્રીએ રાજસ્થાન હાઇકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ તરીકે સેવાઓ આપેલ હતી. સ્વ.શ્રી અંશુમાન સિંહે ગુજરાત રાજ્યના રાજ્યપાલ તરીકે તા.૨૫મી, એપ્રિલ ૧૯૯૮ થી તા.૧૬મી જાન્યુઆરી, ૧૯૯૯ સુધી સેવાઓ આપેલ હતી.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

### ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્ય કક્ષાના મંત્રી સ્વ.શ્રી મોહનભાઇ લાલજીભાઇ પટેલના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી મોહનભાઇ લાલજીભાઇ પટેલનું તા.૫ મી માર્ચ, ૨૦૨૧ના રોજ ૯૦ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વ.શ્રી પટેલનો જન્મ તા.૧ લી મે, ૧૯૩૦ના રોજ રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના કોલ્કી ગામે થયો હતો. સ્વ.શ્રી પટેલે સ્નાતક સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી ખેતી, વેપાર તથા સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકાળાયેલા હતા. સ્વ.શ્રી પેટેલે નવમી ગુજરાત વિધાનસભામાં ઉપલેટા મત વિસ્તારના ધારાસભ્ય તથા સાતમી અને આઠમી લોકસભામાં જૂનાગઢ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. સ્વ.શ્રી પેટેલે ગુજરાત સરકારમાં નર્મદા વિકાસ વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપેલ હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉમદા પ્રજાસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

### ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ.શ્રી હેમાજી દરઘાજી રાજપૂતના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી હેમાજી દરઘાજી રાજપૂતનું તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૧ના રોજ ૯૨ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી રાજપૂતનો જન્મ તા.૧ લી જૂન, ૧૯૨૮ના રોજ બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના અસારાવાસ ગામે થયો હતો. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણ મેળવેલ હતું તથા તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ હતા. સ્વ.શ્રી રાજપૂતે પાંચમી, છઠ્ઠી, દશમી અને અગિયારમી ગુજરાત વિધાનસભામાં વાવ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું અને જનકલ્યાણ માટેનાં અનેક કામો કર્યાં હતાં. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સાદગીપૂર્ણ લોકસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી ૩ જેટલા મહાનુભાવો ગુજરાતના પૂર્વ રાજ્યપાલ સ્વ. શ્રી અંશુમાન સિંહજી, ગુજરાતમાં રાજ્યકક્ષાના પૂર્વ મંત્રી અને સામાજિક રાજકીય આગેવાન સ્વ.શ્રી મોહનભાઇ લાલજીભાઇ પટેલ અને ગૃહના પૂર્વ સભ્યશ્રી સ્વ. હેમાજી દરઘાજી રાજપૂતના જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના પૂર્વ રાજયપાલ સ્વ.શ્રી અંશુમાનસિંહજીનું દુ:ખદ અવસાન થયું, એમણે આટ્ર્સ અને કાયદાનું શિક્ષણ મેળવ્યું, અલ્હાબાદ હાઇકોર્ટ અને રાજસ્થાન હાઇકોર્ટમાં ન્યાયધીશ તરીકે સેવાઓ બજાવી અને ૧૯૯૮–૯૯ દરમ્યાન ગુજરાતના રાજયપાલ તરીકે સંવૈધાનિક પદને શોભાવ્યું. ૮૫ વર્ષની જૈફવયે એમનું દુ:ખદ અવસાન થયું છે. સદગત્તના આત્માને શાંતિ મળે એવી પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના કરું છું અને એમના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એવા જ આ ગૃહના પૂર્વ સભ્ય અને રાજય કક્ષાના પૂર્વ મંત્રી, રાજકીય કરતા સામાજિક આગેવાન જેને કહી શકાય એવા સ્વ. મો. લા. પટેલ સાહેબનું ૯૦ વર્ષની જૈફવયે નિધન થયું છે. રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના કોલકી જેવા નાના ગામમાં જન્મ થયો, સ્નાતક સુધીનો અભ્યાસ કર્યો. જીવનપર્યંત ખેતી, વેપાર અને સમાજ સેવાની પ્રવૃત્તિને આગળ ધપાવી. મારી ચૂક ન થતી હોય તો સમાજના ઘડતર માટે શિક્ષણમાં પણ જીવનપર્યત ઉમદા સેવા આપતા રહ્યા. ઉપલેટાના ધારાસભ્ય તરીકે અને જૂનાગઢ જિલ્લામાંથી બે બે વખત સાંસદ તરીકે એમણે પ્રેતિનિધિત્વ કર્યું. રાજયમાં નર્મદા વિકાસ વિભાગના રાજય કક્ષાના મંત્રી તરીકે પણ બહુમૂલ્ય સેવાઓ આપી. માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગીય મો.લા.પટેલ સાહેબની ગેરહાજરી થઇ છે, રાજયએ એક ઉમદા પ્રજા સેવક ગુમાવ્યા છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના કરું છું અને સ્વર્ગસ્થના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય હેમાજી દરઘાજી રાજપૂત, હેમાજી દાદાનું ૯૨ વર્ષની જૈફવયે અવસાન થયું છે. અગિયારમી વિધાનસભામાં સ્વ. હેમાજી દાદા સાથે આ જ ગૃહમાં મને કામ કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. એકદમ શાંત, સરળ સ્વભાવનું વ્યક્તિત્વ. બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના અસારાવારા ગામમાં જન્મ્યા, પ્રાથમિક શિક્ષણ

મેળવ્યું, જીવનપર્યંત ખેતી સાથે જોડાયેલા રહ્યા. પાંચમી, છઠ્ઠી, દસમી અને અગિયારમી વિધાનસભામાં આ ગૃહની અંદર સ્થાન શોભાવ્યું. હમણાં જ પેટા ચૂંટણી વખતે છેલ્લે મને સ્વ. હેમાજી દાદાને મળવાનો અવસર પ્રાપ્ત થયો હતો. માનનીય અધ્યક્ષશ્રી, ૯૦-૯૧ વર્ષની વયે પણ એને એ જીપ, એને એ પ્રવાસ અને પાઘડી જેને સંસ્કાર માનતા હતા. આ દેશ સંસ્કૃતિ અને સંસ્કારને સિંચવા જાહેર સેવકોએ જે જીવન ખર્ચ્યું એનો શ્રેષ્ઠ દાખલો હેમાજી દાદા હતા, એની પાઘડી પાસે આખો મલક માથું નમાવતો. આજે સ્વ.હેમાજી દાદાની ગેરહાજરી થઇ છે ત્યારે સમગ્ર ગુજરાતે એક સાદગીપૂર્ણ, સાચા લોકસેવક ગુમાવ્યાનું દુઃખ છે. સદ્ગતના આત્માને શાંતિ મળે એવી પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.હેમાજી દાદા જતા જતા એના સંસ્કારોનો વારસો આ ગૃહને આપીને ગયા છે. આ ગૃહના સન્માનનીય સભ્ય અમારા યુવા સાથી માનનીય ગુલાબસિંહભાઇના નાના થતા હતા, એ જ સ્વ. હેમાજી દાદાની આંગળી પકડીને શ્રી ગુલાબસિંહભાઇ આપણી વિધાનસભા ગૃહમાં એ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે, પદ શોભાવી રહ્યા છે ત્યારે હેમાજી દાદાની ગેરહાજરી એક સમગ્ર ગુજરાતને જીવનભર સાલશે. પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના કરું છું તેમજ સ્વર્ગસ્થના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા હું આપ સાહેબને વિનંતી કરું છું.

નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યપાલશ્રી અંશુમાનસિંહજીએ ખૂબ થોડોક સમય એટલે કે લગભગ એકાદ વરસ જેટલો સમય એ ગુજરાતના રાજ્યપાલ તરીકે કામગીરી કરેલ અને એ વખતે ધારાસભ્ય તરીકે અને થોડોક સમય સરકારના મંત્રી તરીકે પણ એમની સાથે સંપર્કમાં આવવાનો મને લાભ મળ્યો હતો. ખૂબ વિદ્વાન અને નામદાર હાઇકોર્ટના જજ તરીકે એમની જે પ્રતિભા હતી, એ વખતે ગુજરાતનો સન ૧૯૯૮-૯૯નો જે કટોકટીનો સમય હતો, રાજકીય ઉથલપાથલનો સમય હતો એવા સમયમાં પણ ખૂબ વિદ્વતાપૂર્ણ રીતે તટસ્થતાથી એમણે ગુજરાત રાજ્યની સેવા કરેલી તેઓશ્રીનું દુઃખદ અવસાન થયેલું છે તે બદલ આપણને સૌને દુઃખ છે. એવી જ રીતે સ્વ. મોહનલાલ લાલજીભાઇ પટેલ જેઓ મો.લા. પટેલના ટૂંકા અને હુલામણા નામે સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં જાણીતા હતા, શિક્ષણ એ એમનો ખૂબ પ્રિય વિષય હતો. જૂનાગઢમાં કન્યા-દીકરીઓ માટે ખૂબ મોટું છાત્રાલય, શૈક્ષણિક સંકુલ અને બીજી અનેક સંસ્થાઓ એમના દ્વારા ચલાવવામાં આવતી હતી. એમનું નામ એ સૌરાષ્ટ્રના દાતાઓમાં હતું. જ્યારે એમનું નામે પડે ત્યારે એ જે પ્રવૃત્તિ હાથ ઉપર લે એમાં પૂરેપૂરું દાન અને સહયોગ સમાજ તરફથી અને આગેવાનો તરફથી એમને પ્રાપ્ત થતો હતો. મને પણ એમની સંસ્થાની બે વખત મુલાકાત લેવાનો પ્રસંગ સાંપડેલો ત્યારે એમની જૈફ વય થઇ ચૂકેલી છતાં પણ એક યુવાનને શરમાવે એવી કામગીરી કરતા. કન્યા કેળવણી, શિક્ષણ, છાત્રાલયો, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને ખાસ કરીને ખેડૂતો માટે પણ જૂનાગઢમાં જે કૃષિ યુનિવર્સિટી છે એના દ્વારા પણ ખેડૂતોને આધુનિક ખેતી થાય, વધુ સારી ખેતી થાય એ માટે તેઓશ્રી પ્રોત્સાહન આપતા હતા, એમની સાથે મારા ખૂબ અંગત સંબંધો હતા, છેક છેલ્લા સમય સુધી એ એમની કામગીરીમાં સતત પ્રવૃત્ત રહેતા હતા. તેઓશ્રીનું દુઃખદ અવસાન થયું છે એનું આપણને સૌને દુઃખ છે. તેઓ સંસદ સભ્ય તરીકે પણ જૂનાગઢમાંથી બે ટર્મ ચૂંટાઇ આવેલા અને જૂનાગઢ આખા જિલ્લાની સેવા પણ એમણે ખૂબ સારી રીતે કરેલી. સરકારમાં પણ થોડોક સમય નર્મદા વિભાગના મંત્રી તરીકે ખેડૂતોને સિંચાઇના પાણીનો લાભ મળે એ માટે એમણે સમય પ્રમાણે જે શક્ય હોય એ પ્રવૃત્તિ કરેલી. બીજા, શ્રી હેમાજી રાજપૂત એમની પણ આ સન્માનનીય ગૃહમાં કામ કરવાનો મને મોકો લાભ મળ્યો હતો. ખૂબ ખેડૂતલક્ષી, ગ્રામલક્ષી, સમાજલક્ષી ઓછું ભણેલા પણ પ્રજાની વચ્ચે સતત ફરનારા અને મોટેભાગે લીલી પાઘડી એ એમની એક ઓળખ થઇ ચૂકી હતી. હેમાજી એટલે પાઘડી તો ખરી જ પણ લીલી પાઘડી સાથે એ હંમેશા આ ગૃહમાં, સમાજમાં કે બનાસકાંઠા જિલ્લામાં કામ કરતાં હતાં. બનાસકાંઠા જિલ્લાનો હું પ્રભારી મંત્રી હતો ત્યારે પણ એમની કામગીરી પ્રજાલક્ષી, ખેડૂતલક્ષી, ગ્રામલક્ષી દેખાઇ આવતી હતી તેઓશ્રીનું પણ દુઃખદ અવસાન થયું છે તેનું પણ આપણને સૌને દુઃખ છે. તો આ ત્રણેય સ્વર્ગસ્થના આત્માઓને શાંતિ પ્રાપ્ત થાય તેવો સંદેશો આપના મારફતે તેમના પરિવારજનોને મોકલી આપવા વિનંતી છે.

શ્રી રાઘવજીભાઇ પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી, પૂર્વ રાજયપાલશ્રી અંશુમાન સિંહ, રાજયના પૂર્વ મંત્રી સ્વર્ગસ્થશ્રી મોહનભાઇ લાલજીભાઇ પટેલ અને ગુજરાત રાજયના પૂર્વ સભ્ય સ્વર્ગસ્થશ્રી હેમાજીભાઇ રાજપૂતના અવસાન અંગેના શોકદર્શક પ્રસ્તાવ લઇને ગૃહ સમક્ષ આવ્યા છે અને વિપક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે તે પ્રસ્તાવમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થશ્રી મોહનભાઇ પટેલ જેને સૌરાષ્ટ્રભરમાં સૌ મો. લા. પટેલના હુલામણા નામથી ઓળખતા. તેની સાથે મારે ખૂબ જ ગાઢ પરિચય રહ્યો. સ્વર્ગસ્થ મોહનભાઇ બે વખત જૂનાગઢ જિલ્લાના સાંસદ તરીકે ફરજ બજાવી ચૂકયા હતા. વર્ષ ૧૯૯૫માં ઉપલેટા વિધાનસભા મત-વિસ્તારના ધારાસભ્ય તરીકે ચૂંટાયા અને વર્ષ ૧૯૯૬ થી ૧૯૯૮ સુધી આ રાજયના રાજયકક્ષાના મંત્રી તરીકે તેમણે કામ કર્યુ હતું ત્યારે અમે બધા સાથીદાર હતા.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થશ્રી મોહનભાઇ પટેલ એ ખૂબ જ સારા વહીવટકર્તા હતા. ખેડૂતો, ખેતી, ગામડા, ખાદી અને ગ્રામ વિકાસની રચનાત્મક પ્રવૃત્તિઓ આ તેના પ્રિય વિષય હતા. તેઓ જયારે મંત્રી હતા ત્યારે મને કહેતા આનંદ થાય છે કે, તેમણે અમારા સૌરાષ્ટ્રમાં એટલાં બધાં સિંચાઇનાં કામો કર્યાં અને ધારાસભ્યોને સામેથી બોલાવી બોલાવીને પોતાના વિસ્તારમાં જળસંગ્રહની કઇ પ્રવૃત્તિ થઇ શકે છે એની માહિતી લઇ અને તેનો અમલ કરાવતા એવા ખૂબ જ સારા વહીવટકર્તા તરીકે તેમણે સિંચાઇ મંત્રી તરીકે કામ કર્યુ હતું. તેઓએ કન્યા કેળવણી ક્ષેત્રે બહુ મોટું કામ કર્યુ છે. સમગ્ર જૂનાગઢ જિલ્લો અને સૌરાષ્ટ્રમાં કન્યાઓને કેળવણી મળે તેના માટે તેઓની ખૂબ જ મોટી પ્રવૃત્તિ હતી. જૂનાગઢ જિલ્લામાં આ માટે તેમણે ઘણી બધી સંસ્થાઓ પણ ઊભી કરી હતી એવા સ્વર્ગસ્થશ્રી મોહનભાઇ પટેલના આત્માને સદ્ગતિ મળે તેના માટે આપણે પ્રાર્થના કરીએ. સાથો સાથ

શોકદર્શક ઉલ્લેખો

સ્વર્ગસ્થશ્રી હેમાજીભાઇ રાજપૂત જેઓની સાથે મેં આ ગૃહમાં કામ કર્યુ છે તેઓ ખૂબ જ સારા સ્વભાવના અને એક જૂની પેઢીના ઉમદા રાજકીય આગેવાન કહી શકાય એવા હેમાજીભાઇ હંમેશા આ ગૃહમાં ખેતી, ખેડૂત અને ગામડાના પ્રશ્નો રજૂ કરતા, તેમની રજૂ કરવાની છટ્ટા પણ આગવી હતી. લાગણીથી પ્રશ્નો રજૂ કરતા એવા સ્વર્ગસ્થ હેમાજીભાઇના અવસાનથી આ રાજ્યએ એક ઉત્તમ લોકસેવક ગુમાવ્યા છે. આમ, સ્વર્ગસ્થ રાજ્યપાલશ્રી અંશુમાનસિંહજી, સ્વર્ગસ્થશ્રી મો.લા. પટેલ સાહેબ અને સ્વર્ગસ્થશ્રી હેમાજીભાઇ રાજપૂત આ ત્રણેયને આપણે જાહેર જીવનમાંથી ગુમાવ્યા છે ત્યારે ત્રણેયના આત્માને પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતિ આપે અને તેમના કુટુંબ ઉપર આવી પડેલી આફતને જીરવવાની ઇશ્વર શકિત અર્પે એવી પ્રાર્થના કરું છું.

શ્રી અમિત ચાવડા(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને અમારા નેતાશ્રીએ જેમાં સૂર પૂરાવ્યો છે તેમાં મારો પણ સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અંશુમાનસિંહજી ગુજરાતના પૂર્વ રાજયપાલશ્રી, રાજયના પૂર્વ રાજયકક્ષાના મંત્રી સ્વર્ગસ્થ મોહનભાઇ પટેલ અને સ્વર્ગસ્થ હેમાજીભાઇ રાજપૂત ત્રણેય જાહેર જીવનની એવી વ્યકિતઓ કે જેમણે ખૂબ લાંબા સમય સુધી આ રાજ્ય માટે, દેશ માટે, સમાજ માટે ખૂબ ઉમદા સેવાઓ આપી અને આજે આપણી વચ્ચે નથી ત્યારે આપણે સૌ તેમને શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હેમાજીભાઇ સાથે આ જ ગૃહમાં અગિયારમી વિધાનસભામાં એક સાથી ધારાસભ્ય તરીકે કામ કરવાની તક મળી તે વખતે અમે ખૂબ યુવાન, પ્રથમ વખત ધારાસભ્ય અને આ ગૃહમાં સામાન્ય ગામડામાંથી આવેલો કોઇ જનપ્રતિનિધિ કઇ રીતે જમીન સાથે જોડાયેલી હકીકતો, લોકોના પ્રશ્નોને, લોકોની તકલીફોને વાચા આપવાનું કામ કરે એવું અમે સૌ પ્રથમ વખત અહીંયાથી માનનીય હેમાજીભાઇની રજૂઆતોમાં જોયુ છે અને શીખ્યા પણ છીએ. ગ્રામ્ય વિસ્તારમાં જન્મ લીધો. તા.૬ઠી, માર્ચના રોજ તેમનું અવસાન થયું ત્યારે તેમના વિસ્તારમાં જયારે બેસવા માટે જવાની તક મળી અને ત્યાં જે સામાન્ય લોકોએ વાત કરી કે માણસ કેવું જીવ્યો છે તે મહત્વનું નથી પણ એના જીવ્યા પછી લોકો એના માટે શું અભિપ્રાય આપે છે એ મહત્ત્વનું છે. ત્યાં લોકોએ જે વાત કરી કે, અંતરિયાળ અને પછાત વિસ્તારમાં એ જમાનામાં જ્યારે સામાજિક રૂઢિચુસ્તતા હતી અને એવા સમયમાં માનનીય હેમાજીભાઈ પાસે ગાડી હતી ત્યારે જિલ્લા મથકેથી તેઓ પોતાના ગામે જાય તો રસ્તામાં જેટલા પણ લોકો હાથ ઊંચો કરે તે દરેકને કોઈ ઓળખાણ કે પરિચય વગર કોઈ નાતજાતના ભેદભાવ વગર ગાડીમાં બેસાડીને એના ઘર સુધી ઉતારી દેતા. એટલું જ નહિ ત્યાં એવું પણ સાંભળવા મળ્યું કે, ગરીબ ખેડૂત હોય, ખેતરથી ચારનો ભારો લઈને આવતો હોય તો ગાડીની ઉપર એના લાકડા કે ઘાસચારો હોય એ પણ મૂકાવી દેતા. હું માનું છું કે એક ધારાસભ્ય થઈને આટલું લોકો સાથે જોડાવું એ અમારા બધા માટે પ્રેરણારૂપ થવાનું. ખાસ કરીને એમની એક પદ્ધતિ હતી કે કોઈ પણ પ્રશ્ન બને, કંઈ પણ રજૂઆત હોય, કંઈ પણ વિચાર હોય કે કોઈ સામાજિક કે રાજકીય બાબત હોય તો નાનામાં નાના કાર્યકરથી લઈને આગેવાનોને પોસ્ટકાર્ડ લખતાં. છેલ્લાં સમય સુધી પણ એમણે પોસ્ટકાર્ડ લખવાની એમની પ્રથા ચાલુ રાખી હતી. એમના મરણ પછી જ્યારે એમના વિસ્તારમાં જવાનું થયું ત્યારે લોકો આજે પણ ખિસ્સામાં એમના પોસ્ટકાર્ડ લઈને આવતા અને કયા-કયા પ્રસંગોએ, કયા સામાજિક અને શૈક્ષણિક સુધારણા માટે એમણે પોસ્ટ કાર્ડ લખ્યા હતાં તેની ત્યાં જાહેરમાં વાત કરતાં જોયું ત્યારે ખરેખર લાગે કે સેવા, સમર્પણ અને સાદગીના પર્યાય સ્વરૂપ આપણે જાહેર જીવનનો આગેવાન ગુમાવ્યો છે. અહીંયા સ્વ.શ્રી ગુલાબસિંહભાઈના પૌત્ર આપણી વચ્ચે વિધાનસભાના સાથી ધારાસભ્ય તરીકે ઉપસ્થિત છે. એમને પણ માનનીય હેમાજીભાઈના જીવનમાંથી ખૂબ પ્રેરણા મળી છે અને જે સાદગી, સમર્પણના ભાવ છે એ એમનું આખું જીવન પર્યાય એમણે લોકોની સેવા કરી છે. હું માનું છું કે જાહેર જીવનમાં નવા યુવાનો માટે એમનું જીવન ખૂબ પ્રેરણાદાયી બની રહેવાનું. જાહેર જીવનમાં સરપંચથી શરૂઆત કરી તાલુકા પંચાયતના સભ્ય, જિલ્લા પંચાયતના સભ્ય, અનેક સહકારી સંસ્થાઓના સભ્ય અને ૪-૪ વખત ધારાસભ્ય તરીકે એમણે જે સમાજની સેવા કરી છે એ આપણે સૌ આજે યાદ કરીએ છીએ. આપના મારફત આ ત્રણેય મહાનુભાવો આજે આપણી વચ્ચે નથી એમને શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ અને આપના મારફત એમના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ એવી વિનંતી કરું છું.

શ્રી વિરજીભાઈ ઠુમ્મર(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતા માનનીય શ્રી પૂર્વ રાજયપાલ સ્વ. શ્રી અંશુમાન સિંહજી, સ્વ. શ્રી મોહનભાઈ પટેલ અને સ્વ. શ્રી હેમાજી રાજપૂતને આ ગૃહના સભ્યો શ્રદ્ધાંજલિ પાઠવતો શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે. વિરોધ પક્ષના નેતા અને ઉપનેતા, ગૃહના સભ્ય શ્રી નીતિનભાઈ અને અન્ય સભ્યશ્રીઓએ જે સંદેશો પાઠવ્યો તેમાં મારો સૂર પૂરાવું છું. આ ગૃહમાં શ્રી મોહનભાઈ પટેલ સાથે કામગીરી કરવાની તક મળી. આજે મારે એટલા માટે એમને યાદ કરવા પડે છે કે અમારો અમરેલી જિલ્લો પીવાના પાણીની ભયંકર પરિસ્થિતિવાળો જિલ્લો હતો. આ ગૃહના સભ્ય તરીકે તેમની પાસે હું દરખાસ્ત લઈને ગયો કે વડી યોજના બનાવવી જરૂરી છે. ખર્ચ વધતો હોવા છતાં પણ કેન્દ્ર સરકાર સાથે પરમાર્શ કરીને મંજૂરી મેળવી. તેઓ પાર્લામેન્ટના સભ્ય રહી ચૂક્યા હતાં અને પાર્લામેન્ટના સભ્ય તરીકે મને પણ કામગીરી કરવાની તક મળી ત્યારે ટ્રેનમાં સાથે જતી વખતે મને માર્ગદર્શન પૂરું પાડતાં. શ્રી મોહનભાઈ પટેલે થોડા નાના મોટા વિવાદોને દૂર કરીને અમરેલીની અમારી જે વડી યોજના બનાવી એના કારણે અને ખોડિયાર જેવો ઘુઘવતો ડેમના કારણે અમરેલી પીવાના પાણીની મુશ્કેલીમાંથી દૂર કરવા માટેનું તે વખતનું સ્વપ્ન સાકાર કરવા માટે આજે અમરેલી જિલ્લાના ખેડૂતો અનેક વખત શ્રી મોહનભાઈ પટેલને યાદ કરે છે. અત્યારે નર્મદાનું પાણી મળે છે પણ ત્યારે કોઈ સોર્સ ન હતા, તેઓ મંત્રી તરીકે વર્ષ ૧૯૯૫ થી ૧૯૯૮ હતા, ત્યારે આ યોજના લાવવાના કારણે અમરેલી જિલ્લો આજે પણ યાદ કરે છે. હું જે સમાજમાંથી આવું છું એ પાટીદાર સમાજની દીકરીઓને શિક્ષણ આપવાનું ઉમદા કાર્ય કર્યું અને સોરઠ એટલે કે અમારા જૂનાગઢ જિલ્લામાં પણ સંસ્થા સ્થાપવા માટે તેમણે પૂરા પાડેલા માર્ગદર્શનના કારણે અમારા

સમાજની દીકરીઓને શિક્ષણ પ્રાપ્ત થવાની તક મળી છે એવા શ્રી મો. લા. પટેલ આપણી વચ્ચે નથી ત્યારે તેમના કુટુંબીજનોને શોકનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રી હેમાજી રાજપૂતની પ્રેરણાથી આજે શ્રી ગુલાબસિંહ જેવા યુવાન આ ગૃહમાં ધારાસભ્ય બન્યા છે તેમાં પણ અમારા આદરણીય હેમાજી રાજપૂતનો મોટો ફાળો રહ્યો છે. કોઈ પણ યુવાનને માર્ગદર્શન પૂરું પાડતાં અને એમની પ્રેરણાથી આ ગૃહનું સભ્ય થવું એ જિંદગીનો એક લ્હાવો છે. પૂર્વજોનું બહુ પૂણ્ય મળ્યું હોય ત્યારે આ ગૃહનું સભ્ય થવા મળે છે. એવું આ ગૃહનું સભ્યપદ પ્રાપ્ત થવા માટે અમારા ગુલાબસિંહને પણ એમની પ્રેરણા મળી છે. એમને પણ યાદ કરુ છું અને આપણી વચ્ચેથી ગુજરાતના આવા ત્રણ આગેવાનો વિદાય પામ્યા છે, તેમના માટે ગૃહના નેતા, ગૃહના વિરોક્ષપક્ષના નેતા, રાજ્યના મંત્રીઓ અને સભ્યશ્રીઓ જે શોકસંદેશો લઇને આવ્યા છે, તેમાં મારો સૂર પૂરાવું છું. એમના કુટુંબીજનોને શોકનો સંદેશો પાઠવીએ તેવી લાગણી વ્યકત કરૂ છું.

અધ્યક્ષશ્રી : માનનીય ગેનીબેન.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને વિરોધપક્ષના નેતા આજે આ વિધાનસભા ગૃહમાં શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું. રાજ્યના પૂર્વ રાજ્યપાલ અંશુમાનસિંહજી, સ્વ. મોહનભાઈ અને અમારા વિસ્તારના માજી ધારાસભ્ય સ્વ. હેમાભાનો જે શોકસંદેશ લઇને આવ્યા છે, એમાં હું પણ એમને શ્રધ્ધાંજલિ અર્પુ છું. અસારાના વતની વર્ષ ૧૯૨૮માં એમનો જન્મ, જાહેર જીવનમાં જિલ્લા પંચાયતમાં બિનહરીફ થયા હોય, દસ વર્ષ સુધી સરપંચ તરીકે રહ્યા હોય, અને વર્ષ ૧૯૭૫થી શરૂ કરીને વર્ષ ૨૦૦૩ સુધી આ ગૃહના ધારાસભ્ય તરીકે રહીને વિસ્તારના લોકોની સેવા કરી છે. મારી અગાઉના જે વકતાઓએ ખાસ કરીને, માનનીય ચાવડા સાહેબે જે વાત કરી એ પૈકીમાં, સ્વ. હેમાભાની કામ કરવા માટેની જે કાંઇ સિસ્ટમ હતી કે એ પોતાના માદરે વતન અસારાથી નીકળે, એમની પાસે જે માર્સલ જીપ હતી એમાં બધાને બેસાડીને તાલુકા કક્ષાએ લાવે, રીટર્ન પાછા ઘરે જાય ત્યારે પણ એમને લઇને જાય. લાકડાનો ભારો હોય, ઘાસની ગાંઠડી હોય તો પણ એ એમના કઠાડાવાળી ગાડી ઉપર મૂકી દેતાં અને લોકોને સેવાના કાર્ય માટે મદદરૂપ થતા. અત્યારે ટેકનોલોજીનો યુગ છે. આદરણીય હેમાભા ઓછું ભણેલા હતા પણ કોઇ અધિકારીને પોસ્ટકાર્ડથી વિસ્તારના પ્રશ્નો માટે રજૂઆત કરે, એમને ચૂંટણી દરમિયાન હોય કે જે કાંઇ લોકોને સુખ–દુઃખના સમાચાર લેવાના હોય તો રૂબરૂ ન જવાય તો લેટર લખીને, પોસ્ટ કાર્ડ લખીને પણ એ પરિવાર સુધી એમને પહોંચવા માટેનો પ્રયત્ન કરતા. એ એટલા બધા લેટરો લખતા કે આપણે ફોન કરવામાં પણ આળસ કરીએ છીએ અને એ પોતાના હેન્ડરાઈટિંગથી કોઇપણ પી.એ. ન હોય અને જાતે લેટર લખીને ત્યાંના લોકોની સેવા કરતા. એ પોતે જે વિસ્તારમાં નેતૃત્વ કરતાં ત્યાં અઢારે આલમ એ સમાજમાં પોતાના નાના મોટા પ્રસંગ હોય, લગ્ન પ્રસંગ હોય, મરણ પ્રસંગ હોય તો આદરણીય હેમાભાની અચૂક હાજરી રહેતી અને એ જયાં સુધી ન જતા ત્યાં સુધી એ વિસ્તારના દરેક સમાજના પરિવારો પણ એવી અપેક્ષા રાખતા કે, બધા આવ્યા પણ હજી સુધી ભા આવ્યા નથી, ત્યારે એ એમની એક મોટી ખાસિયત હતી કે, લોકોના સુખ–દુઃખમાં ભાગીદાર થવું એ એમનો મુખ્ય મંત્ર હતો. આ વિસ્તારની અંદર વર્ષ ૨૦૧૨ અને વર્ષ ૨૦૧૭માં નવું સીમાંકન થયું ત્યારે એ વાવ અને થરાદના માજી ધારાસભ્ય હતા અને વાવ વિધાનસભા અલગ પડતાં વર્ષ ૨૦૧૨ અને વર્ષ ૨૦૧૭માં મને પણ ત્યાં પક્ષે લડવા માટેનો મોકો આપ્યો. પાર્ટીમાં અને મારી બંને ચૂંટણીઓની અંદર આદરણીય હેમાભાએ એક ભીષ્મ પિતામહ તરીકે ભૂમિકા અદા કરી, ત્યારે વર્ષ ૨૦૧૭માં હું ચૂંટણી લડતી હતી, એ ટાઇમે એમણે ગામડે ગામડે જઇને મારા વતી વિનંતી કરી કે, હવે પછી આ મારા જાહેર જીવનમાં મેં તમારી ઘણી બધી સેવા કરી છે, તમારાં નાનાં મોટાં કામ કર્યાં છે, દરેક સમાજને ન્યાય આપ્યો છે, તો હવે હું આ મારી છેલ્લી વિનંતી કરવા માટે આવ્યો છું અને આ મારી લીલી પાઘડીની તમે જે કાંઇ એક આબરૂ રાખવાની હોય એ રાખજો અને આ દીકરી છે એનું મામેરુ ભરવાનું છે, મામેરામાં તમારે હીરા નથી આપવાના, મોતી નથી આપવાના, પૈસા નથી આપવાના, એક મતનું મામેરુ ભરવાનું છે અને અઢારે આલમે એમનો બોલ ઝીલી અને મારૂ મામેરું ભર્યુ. એમની જે અંતિમ આશા–અપેક્ષા હતી કે, આ વિસ્તારમાંથી ગેનીબેન અને ગુલાબસિંહ પ્રતિનિધિત્વ કરી અને આ લોકોના જે કાંઇ નાના મોટા પ્રશ્ન હોય એ રજૂ કરે, ભગવાન પરમાત્માએ, ધરણીધર ભગવાને અને લખાપીર દાદાએ એમની અંતિમ જે ઇચ્છા હતી તે પૂરી કરી હતી. અમે પણ ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે ભલે આજે હેમાભા અમારી વચ્ચે ન હોય પણ એમનાં જે કંઇ અધૂરાં કામો હોય શ્રી ગુલાબસિંહભાઇ હોય, અમે હોય એ વિસ્તારનાં અધૂરાં કામો કરવાની ભગવાન પરમાત્મા અમને શકિત આપે અને લખાપીર દાદા એમના આત્માને સદ્ગતિ આપે, ધરણીધર ભગવાન, જયાં પણ સ્વર્ગમાં પણ એમના સામૈયા થાય અને આપના માધ્યમથી એમના પરિવારને, એમના સમાજને, એમના વિસ્તારના લાગણીના લોકોને શોકસંદેશો પહોંચે એ જ તમને વિનંતી કરું છું. જયહિન્દ.

અધ્યક્ષશ્રી : માનનીય ગુલાબસિંહ,

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત (ભા.રા.કો.): માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આદરણીય મુખ્યમંત્રીશ્રી અને ગૃહના નેતાશ્રી જે શોકદર્શક પ્રસ્તાવ લઇને આવ્યા છે, તેમાં હું મારા અને સૌ સભ્યશ્રીઓ તરફથી શ્રદ્ધાંજલિ પાઠવું છું. સ્વ.અંશુમાનજી ગુજરાતના પૂર્વ રાજ્યપાલશ્રી તેમજ સ્વ.મોહનભાઇ પટેલને મારા તરફથી શ્રદ્ધાંજલિ પાઠવું છું.

સાથે સાથે કાંઠાના સૂકા ભઠ્ઠ વિસ્તારનું પાણીદાર પ્રતિનિધિત્વ એટલે હેમાજી રાજપૂત ઉર્ફે હેમાભા. ગામઠી પોશાકમાં ગામડાની સાદગી, સૌમ્યતા, સ્નેહ અને સૌહાર્દવાળું વ્યકિતત્વ એટલે હેમાભા. આદરણીય હેમાજી દરગાજી રાજપૂત વાવ–થરાદ તાલુકાના અસારા ગામના વતની અને મારા દાદા. લોહીમાં જેમને નેતૃત્વના ગુણ હતા, રાજકારણનો માણસ પણ કાવાદાવાથી પર હૃદય, જિલ્લા પંચાયતમાં બે વખત બિન હરીફ સભ્ય થઇને સરપંચથી લઇને તાલુકા પંચાયત કે સહકારના અલગ અલગ માળખામાં રહ્યા અને ધારાસભ્ય તરીકે ચાર વખત ચૂંટાયા અને પોતે ૧૭ વખત નાની–મોટી ચૂંટણીઓ જીતીને વિસ્તારના લોકોની સેવા કરી.

વાવ વિધાનસભા, વાવ–થરાદ સીટમાં ચાર વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા. સાવ સામાન્ય શિક્ષણ હોવા છતાં આગવી કોઠાસૂઝ અને આવડતથી છેવાડાના લોકોના પ્રશ્નોને વાચા આપી સમાધાન સુધી લઈ જતા, તેમના કાર્યોની મહેક આજ દિન સુધી અકબંધ છે. તેઓશ્રી ધારાસભ્યશ્રીની સાથે સાથે સમાજના એક જવાબદાર આગેવાનની ભૂમિકા પણ ભજવી પોતાના સમાજની સાથે સાથે મત વિસ્તારની અઢારે આલમ હેમાભાને માર્ગદર્શક માનતા. લોકો પોતાના કૌટુંબિક કે સામાજિક કોઇ પણ સમસ્યા હોય તો આદરણીય હેમાભા પાસે જતા તો એનું સુખદ સમાધાન આવતું.

સ્વ.શ્રી હેમાજી રાજપૂત સાહેબ, જયાં સુધી ધારાસભ્ય રહ્યા ત્યાં સુધી ગાંધીનગર હોય કે પોતાના વિસ્તારમાં હોય જેમ શ્રીમતી ગેનીબેન અને બીજા સભ્યશ્રીઓ જે વાત કરી એમ ગાંધીનગરથી જતા હોય અને વાવ–થરાદ સુધી કોઇ પણ એમના વિસ્તારનો, એમના પોશાકમાં સભ્ય કોઇ સ્ત્રી કે પુરૂષ દેખાય, મારા વાવ–થરાદના છે તો છેક ગાંધીનગરથી થરાદ સુધી લઈ જતા, તે વખતે તો આટલાં ટ્રાન્સપોર્ટનાં સાધનો પણ નહિ, પ્રાઈવેટ સાધનો પણ નહોતાં. લોકો બસમાં મુસાફરી કરતા ત્યારે એ સમયમાં તેઓ જયાં પણ નીકળતા હજારો લોકોને એમની ગાડીમાં બેસાડીને એમને એમના પોતાના ઘર સુધી પહોંચાડયા છે, કયાંક દવાખાનાએ જવાનું હોય કે અગત્યનાં કામો રહી જતાં હશે તો પણ લોકોને શ્રી હેમાભાની ગાડી દેખાતી, તો લોકો હાથ કરતા અને એમને સાથે લઇને એમની મંજિલ સુધી પહોંચાડતા. તેઓ આજીવન અજાત શત્રુ રહ્યા, તેઓશ્રીએ વોટ માટે કયારેય કોમવાદ નથી ફેલાવ્યો, તમામ કોમોને સાથે લઇને ચાલ્યા છે. વિધાનસભામાં તેઓ સત્તા પક્ષમાં હોય કે વિરોધપક્ષમાં હોય, લોકોની પીડાને વાચા આપવી, સત્ય અને સ્પષ્ટ કહેવામાં કયારેય ખચકાતા નહિ. વર્ષ ૨૦૦૭ પછી નિવૃત જીવન જીવતા હોવા છતાં રોજની ૩૦ થી ૪૦ ટપાલો લોકોને કાર્યકર્તાઓને આગેવાનોને સમાજ સેવકોને લખતા. કયાંક સમાજને સંદેશો આપતા કે ગાયો માટે, પાણી માટે કામ કરો, કોઇકના સારા–ખરાબ પ્રસંગ જવાયું–ન જવાયું હોય એના માટે પૂછતા. આ સમયમાં ટેકનોલોજીના જમાનામાં પણ રોજ પોતે લોકોના સંપર્કમાં રહેવા માટે રોજની ૩૦ થી ૪૦ ટપાલો લખીને સુખ–દુઃખના સમાચાર લેતા. રાજકારણમાં હાર–જીત અને તડકો–છાંયડો હોય છતાં પોતે પોતાના પક્ષ સાથે છ દાયકા સુધી કાયમ જોડાયેલા રહ્યા છે. દરેક સ્ત્રી, પુરૂષ અભણ કે ઓછી સૂઝ–બૂઝ વાળી અને ગરીબને પણ એમ હોય કે શ્રી હેમાભા બેઠા છે કોઇ વાંધો નહિ આવે. કોઇ પણ પ્રશ્ન હોય અને તેઓ શ્રી હેમાભા પાસે જાય તો વિસ્તારના લોકોને કોઇ પોલીસ સ્ટેશને જવાની જરૂર ન પડતી અને સમાધાન થઇ જતું અને લોકો પોતાના ઘરે પાછા જતા હતા. એમના સમયમાં સાત થી આઠ વખત દુષ્કાળો પડયા, એ સમયમાં દુષ્કાળમાં લોકોને કોઇને ભૂખ્યું ન રહેવું પડે, દરેકને કામ મળે, મજદૂર હોય કે ખેડૂત હોય એમને એ સમયમાં ઘર ચલાવવામાં કોઇ તકલીફ ન પડે એના માટે તંત્ર સાથે રહીને લોકોને પાણી કે અનાજની કોઇ ખોટ ન પડે તેના માટે હંમેશાં મહેનત કરતા રહ્યા અને આવા કપરા સમયમાં લોકોનાં કામમાં ભાગીદાર બનતાં રહ્યાં.

તા.૬ઠ્ઠી માર્ચના રોજ એમનું અવસાન થયું અને એમના વિસ્તારના હજારો લોકોએ શ્રદ્ધાંજલિ સાથે ત્યાં એમના પરિવારના દુઃખના ભાગીદાર બનવા આવ્યા. સ્વ.શ્રી હેમાભા હંમેશા અઢારે આલમમાં કોઇનો પણ નાનો સુખ–દુઃખનો પ્રસંગ હોય તો હાજરી આપતા. દરેક સમાજને પોતાનો સમાજ સમજી એમના દરેક પ્રસંગો એમના પોતાના એક મોભી તરીકે હાજર રહીને ભાગીદાર બનતા. એમના બતાવેલા માર્ગ પર દરેક સમાજના લોકો ચાલે છે અને અમે પણ એમણે જે રસ્તો બતાવ્યો એ રસ્તે એ વિસ્તારના લોકોની સેવા કરીશું. એ અમને કહેતા કે થાય તો લોકોનું સારું કરવું, ખોટું ન કરવું. એ એક સૂત્ર હતું એને આગળ ધપાવીને એ વિસ્તારની અમે સેવા કરીશું. આજે એમના થકી આ વિધાનસભા ગૃહમાં જયારે મને બોલવાનો તથા શ્રદ્ધાંજલિ પાઠવવાનો મોકો મળ્યો છે ત્યારે એમનાં કામોની મહેક હતી એના કારણે આ વિધાનસભામાં આવવાનો મોકો મળ્યો છે. તેઓ ૯૨ વર્ષે પણ સક્રિય જીવનમાં હજારો લોકોના સંપર્કમાં રહીને સેવા કરતા રહ્યા. તેઓ કોરોના જેવી મહામારીમાં પણ અડીખમ રહ્યા. કોરોના થયો ત્યારે ૯૨ વર્ષની ઉંમરે એની સામે લડત આપીને બહાર આવ્યા હતા. આજે ભગવાનને પ્રાર્થના કરીએ કે એમના સ્વર્ગમાં સામૈયા થાય અને મારા પરિવાર અને મારા વિસ્તારના તમામ લોકો સાથે આજે એમને શ્રદ્ધાંજલિ આપના થકી પાઠવીએ છીએ. આપના થકી એમના પરિવારને શોક સંદેશો પાઠવવામાં એવી પ્રાર્થના કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : સભાગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લાવ્યા છે અને જેને માનનીય વિરોધપક્ષના નેતાએ અનુમોદન આપ્યું છે તથા નાયબ મુખ્યમંત્રીશ્રીએ, અન્ય તમામ ધારાસભ્યશ્રીઓએ પણ આ શોક સંદેશામાં પોતાનો સૂર પૂરાવ્યો છે એવા રાજયના પૂર્વ રાજયપાલશ્રી અંશુમાનસિંહ, પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી મોહનભાઇ પટેલ અને પૂર્વ સભ્યશ્રી હેમાજી રાજપૂતને હું પણ મારી શોકાંજલિ અર્પણ કરું છું.

પ્રભુ આ તમામ સદ્ગત આત્માને શાશ્વત શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આપત્તિ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત અર્પે તેવી પ્રાર્થના કરું છું. આપણે સભાગૃહના તમામ સભ્યશ્રીઓ આ સદ્ગતોના આત્માને મોક્ષગતિ પ્રાપ્ત થાય એ માટે પોતાની જગ્યા ઉપર બે મિનિટ ઊભા થઇ મૌન પાળીશું.

(બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું)

અધ્યક્ષશ્રી : સભાગૃહની આ લાગણી સદગતોના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

ગુજરાત સ્ટેટ ઇન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ઇન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારી સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

ગુજરાત સ્ટેટ એવીએશન ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ એવીએશન ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારી સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

**શ્રી વાસણભાઇ ગો. આહિર (રાજ્યકક્ષાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારી સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલાં વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રીમતી વિભાવરી દવે (રાજ્યકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન હબનો વાર્ષિક અહેવાલ

**શ્રીમતી વિભાવરી દવે (રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન હબનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ હબની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત ઇન્ફોર્મેટિક્સ લિમિટેડના વાર્ષિક અહેવાલો

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઇન્ફોર્મેટીકસ લિમિટેડના સન ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

કામધેનુ યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ

**શ્રી કુંવરજીભાઇ બાવળીયા (પશુપાલન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડનો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના વાર્ષિક અહેવાલો

**શ્રી ગણપતસિંહ વે. વસાવા (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના સન ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ના ઓડિટ અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલો તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**માગણી ક્રમાંક-૬**

તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : (મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગ વિકાસ સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨,૯૫,૮૪,૫૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૪૪,૧૬,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક-૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**માગણી ક્રમાંક-૫૧**

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : (પ્રવાસન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭૯,૧૮,૧૫,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૫,૧૬,૭૧,૩૫,૦૦૦ની માગણી ક્રમાંક-૫૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૫૧ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

**શ્રમ અને રોજગાર વિભાગ**

**માગણી નં. ૫૭**

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૧,૧૧,૯૦,૨૮,૦૦૦/– તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૪૫,૫૧,૦૦,૦૦૦/–ની માગણી નં. ૫૭ રજૂ કરું છું.

**માગણી નં. ૫૭ રજૂ કરવામાં આવી.**

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૭ રજૂ કરવામાં આવી.

શ્રીમતી સંતોકબેન ભ.આરેઠિયા :માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૮ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ.બારીયા :માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૩ રજૂ કરવામાં આવી.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૫ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૬ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૭ રજૂ કરવામાં આવી.

તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૮ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૯ રજૂ કરવામાં આવી.

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬૦ રજૂ કરવામાં આવી.

**કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**<br>**માગણી નં. ૬** | |
| *૧ | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-F S H -18<br>આયુક્ત..અધિકારીઓ<br>રૂ. ૨૧,૦૫,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં. ૯૧ અને ૯૨ | ૧૦૦ | ફીશીંગ બોટોને જેટી પાસે લાંગરવામાં પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઇ વંશ |
| ૨ | --"-- | ૧૦૦ | મત્સ્યપાલકો આજીવિકા વધુ મેળવી શકે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા (ગેનીબેન ઠાકોર) |
| ૩ | --"-- | ૧૦૦ | માછીમારોના લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોનો ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર (ડૉ. સી.જે.ચાવડા) |
| ૪ | --"-- | ૧૦૦ | ભારે વરસાદ અને વાવાઝોડા તેમજ કોરોનાના કારણે મત્સ્યોદ્યોગને થયેલ નુકસાન માટે રાહત પેકેજ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |
| ૫ | --"-- | ૧૦૦ | રાજ્યના સાગરકાંઠે ઔધોગિક પ્રદૂષણ વધવાને કારણે મત્સ્યોદ્યોગ પર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઇ કોટવાલ (ચંદનજી ઠાકોર) |
| ૬ | --"-- | ૧૦૦ | દરિયાઇ સીમામાં પાકિસ્તાન મરીન્સ એજન્સી વારંવાર આવી માછીમારી કરતા માછીમારોનું બોટ સાથે અપહરણ કરતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઇ કાલરીયા |
| ૭ | --"-- | ૧૦૦ | પાકિસ્તાન મરીન્સ એજન્સી દ્વારા પકડાયેલા રાજ્યના માછીમારોને તેમની હોડીઓ સાથે તાકીદે મુક્ત કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલ જોષિયારા |
| ૮ | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-F S H -18<br>આયુક્ત..અધિકારીઓ<br>રૂ. ૨૧,૦૫,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં. ૯૧ અને ૯૨ | ૧૦૦ | પાકિસ્તાન મરીન્સ એજન્સી દ્વારા અપહૃત થયેલાં માછીમારોના પરિવારોને પૂરતી સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઇ બારૈયા |
| *૯ | --"-- | ૧૦૦ | દરિયાઇ બંદરો ઉપર જેટીના કાંપનો સમયસર નિકાલ ન કરવામાં આવતા ફીશીંગબોટોના વધતા જતા અકસ્માતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રતાપ દુધાત |
| *૧૦ | --"-- | ૧૦૦ | મત્સ્યોદ્યોગના જુદાજુદા ટેન્ડરોમાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| ૧૧ | --"-- | ૧૦૦ | માછીમારો માટે સહકારી મંડળીઓનો વ્યાપ વધારી તેઓને તેનો વધુ લાભ મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૧૨ | --"-- | ૧૦૦ | દરિયામાં કુદરતી આફતો સામે મૃત્યુ પામતા માછીમારોને આર્થિક સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઇ ભરવાડ |

| ઉદ્યોગ અને ખાણ વિભાગ<br>માગણી નં. ૫૧ | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | ૩૪૫૨–પ્રવાસન<br>૦૧– પ્રવાસીઓ...સવલતો<br>૧૯૦–જાહેરક્ષેત્ર..સહાય<br>૦૨–TRS –<br>34પવિત્ર...અનુદાન<br>રૂ.૩,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પાના નં. ૭૩ અને ૭૪ | ૧૦૦ | પવિત્ર યાત્રાધામોના વિકાસ માટે અનુદાનોની રકમ ફાળવ્યા પછી તેના કામો સત્વરે હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| *૧૪ | --"-- | ૧૦૦ | પવિત્ર યાત્રાધામોમાં સ્વચ્છતાનો કડકાઈથી અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| ૧૫ | --"-- | ૧૦૦ | લોકડાઉન દરમ્યાન રાજ્યના મંદિરોમાં ધાર્મિક વિધિઓ બંધ રહેતા પૂજારીઓ માટે રાહત પેકેજ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા (પ્રવિણભાઇ મુસડીયા) |
| *૧૬ | --"-- | ૧૦૦ | યાત્રાધામોના વિકાસ પાછળ થતા ખર્ચનું નિયમિત મોનીટરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૧૭ | --"-- | ૧૦૦ | બિસ્માર હાલતમાં પડી રહેલ પવિત્ર સ્થળોનો વિકાસ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| ૧૮ | --"-- | ૧૦૦ | પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કીરીટકુમાર પટેલ |
| ૧૯ | ૩૪૫૨–પ્રવાસન<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–પ્રવાસન....કચેરી<br>રૂ.૩૮,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પાના નં. ૭૬ | ૧૦૦ | કચ્છના સફેદ રણમાં ટેન્ટનો કોન્ટ્રાક્ટ રાજ્યના સ્થાનિક કોન્ટ્રાક્ટરોને આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુખરામભાઇ રાઠવા |
| ૨૦ | --"-- | ૧૦૦ | કેવડીયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આવતા પ્રવાસીઓ પાસેથી ટેન્ટ સિટીના ખૂબ જ ઉંચા દર વસૂલતા જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઇ મકવાણા |
| ૨૧ | --"-- | ૧૦૦ | બીજા રાજ્યોમાં બ્લેક લિસ્ટ થયેલ કોન્ટ્રાક્ટરોને રાજ્યના પ્રવાસનમાં કોન્ટ્રાક્ટ આપતા અધિકારીઓ સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| *૨૨ | --"-- | ૧૦૦ | પ્રવાસન ક્ષેત્રે નર્મદા ટેન્ટ સિટી માટે ખાનગી કંપનીને વાર્ષિક એક રૂપિયાના ટોકન ભાવે ૩૪ એકર સરકારી જમીન ફાળવવાના આદેશો કરનાર જવાબદારો સામે તપાસ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઇ ભુરીયા |
| *૨૩ | --"-- | ૧૦૦ | રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસને વેગ મળે તે માટે ઘણા વર્ષોથી રાજ્ય બહારના કોન્ટ્રાક્ટરોને કોન્ટ્રાક્ટ અપાય છે ત્યારે લોકપ્રતિનિધિઓની કમિટિ દ્વારા તપાસનો આદેશ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઇ પરમાર |
| ૨૪ | --"-- | ૧૦૦ | પ્રવાસનક્ષેત્રે સરકારી મિલકતનું સંચાલન કરતી કંપનીઓ દ્વારા આચરવામાં આવતી ગેરરીતિઓ અને ગેરવ્યવહારની નિષ્પક્ષ અને ઉંડી તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૨૫ | --"-- | ૧૦૦ | રાજ્યમાં કોરોનાના કારણે અનેક મહિનાઓ સુધી વિવિધ ક્ષેત્રે અમલમાં રહેલ લોકડાઉન વખતે રણોત્સવને મંજૂરી આપનાર જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૨૬ | --"-- | ૧૦૦ | ખંભાતમાં નવું બનાવેલ ઓપન રોક મ્યુઝિયમ છેલ્લા બે વરસથી બંધ હાલતમાં ખંડેર પડ્યું છે ત્યારે આ મ્યુઝિયમની મરામત તેમજ જાળવણી અંગે સત્વરે નિર્ણય લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| *૨૭ | ૩૪૫૨–પ્રવાસન<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–પ્રવાસન....કચેરી<br>રૂ.૩૮,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પાના નં. ૭૬ | ૧૦૦ | ગુજરાત ટુરીઝમ હેઠળ ચાલતી સરકારી હોટલોના ભાડા ખાનગી હોટલની સરખામણીમાં ખૂબ જ ઉંચા હોવાના કારણે હોટલો બંધ કરવી પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૨૮ | --"-- | ૧૦૦ | કોરોનાને કારણે લોકડાઉનમાં રાજ્યના ટુરીઝમ ઉદ્યોગને થયેલ કરોડો રૂપિયાના નુકસાન માટે સમયસર રાહત પેકેજ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઇ જોષી |
| | | શ્રમ અને રોજગાર વિભાગ<br>માગણી નં.૫૭ | | |
| ૨૯ | ૨૨૩૦–શ્રમ...વિકાસ<br>૦૧–શ્રમ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–L B R –1–શ્રમ આયુક્ત<br>રૂ. ૨૦,૧૩,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૫ અને ૬ | ૧૦૦ | લોકડાઉનમાં શ્રમિકોને વતનમાં મોકલવા માટે શ્રમ આયુક્તને મળેલ રકમ અને તે પાછળ થયેલ ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઇ સોઢાપરમાર |
| ૩૦ | --"-- | ૧૦૦ | રાજ્યમાં પ્રવાસી શ્રમિકોની નોંધણી ફરજિયાત કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર |
| ૩૧ | --"-- | ૧૦૦ | લોકડાઉન દરમ્યાન રાજ્યના શ્રમિકોને મફત અનાજ આપવા માટે કલ્યાણ બોર્ડમાંથી લીધેલ રકમ, થયેલ ખર્ચ તેમજ વણવપરાયેલ રકમની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઇ પરમાર |
| ૩૨ | --"-- | ૧૦૦ | રાજ્યના ઉદ્યોગ એકમોમાં થતા અકસ્માતમાં શ્રમિકોને આર્થિક સહાય તેમજ વિમાના નાણા સત્વરે  મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૩૩ | --"-- | ૧૦૦ | બાંધકામ બોર્ડમાં દલિત–ઓ.બી.સી. બાંધકામ શ્રમિકો તથા ખેતમજૂરો માટે ફળવાયેલ નાણાનો ઉપયોગ અન્ય જગ્યાએ કરવામાં આવતાં શ્રમિકોને થતો અન્યાય નિવારવામાં તંત્રની  નિષ્ફળતા. | શ્રી અંબરીષભાઇ ડેર |
| *૩૪ | --"-- | ૧૦૦ | બાંધકામ શ્રમિક બોર્ડને ફાળવેલ ભંડોળની વિગત અને છેલ્લા બે વર્ષમાં શ્રમિકોના લાભાર્થે ખર્ચવામાં આવેલ રકમની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુનિલભાઇ ગામીત |
| *૩૫ | --"-- | ૧૦૦ | ઇન્ટરસ્ટેટ વર્કમેન એક્ટ હેઠળ પરપ્રાંતિય શ્રમિકોને પ્રવાસ ભથ્થું ચૂકવવાની જોગવાઈ છતાં આવા પ્રવાસ ભથ્થા ચૂકવાતા નથી તેની તપાસ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| ૩૬ | ૨૨૩૦–શ્રમ...વિકાસ<br>૦૧–શ્રમ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–L B R –1–શ્રમ આયુક્ત<br>રૂ. ૨૦,૧૩,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૫ અને ૬ | ૧૦૦ | ઔદ્યોગિક એકમોમાં ડેપ્યુટી ડાયરેક્ટર તેમજ મેડિકલ અધિકારીઓની ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગાભાઇ બારડ |
| ૩૭ | --"-- | ૧૦૦ | કારખાના–ફેક્ટરીઓમાં ફાયર સેફ્ટી ઓફિસરોની ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઇ વાજા |
| ૩૮ | --"-- | ૧૦૦ | ઇંટભઠ્ઠાના શ્રમિકોના વેતનને લગતો તા.૨–૧–૨૦નો અયોગ્ય પરિપત્ર શ્રમિકોના વેતન ઘટાડાને લગતો હોઇ રદ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |
| *૩૯ | --"-- | ૧૦૦ | રાજ્યમાં લોકડાઉન વખતે મોટા શહેરોમાં મોલ તેમજ શોરૂમમાં ફરજ બજાવતા કર્મીઓને અડધો જ પગાર ચૂકવાયો છે તેની તપાસ કરી પૂરો પગાર ચૂકવાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૦ | --"-- | ૧૦૦ | લોકડાઉન દરમિયાન શ્રમિકોને વતન જવા માટે સમયસર યોગ્ય વ્યવસ્થાના અભાવે થયેલ ગેરવ્યવસ્થા નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જિગ્નેશકુમાર મેવાણી |
| *૪૧ | --"-- | ૧૦૦ | રાજ્યમાં સ્થાનિકોને રોજગારી માટેના પરિપત્રોનો દુરૂપયોગ થતો અટકાવી સ્થાનિકોને નોકરી મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. સી.જે. ચાવડા |
| ૪૨ | --"-- | ૧૦૦ | શ્રમિકોને લોકડાઉનમાં અને લોકડાઉન પછી પગાર ચૂકવાયા નથી તેમજ લોકડાઉન ખુલ્યા પછી અડધા પગારે નોકરીએ રાખવાની શરતો રખાય છે તે સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૪૩ | ૨૨૩૦-શ્રમ...વિકાસ<br>૦૧-શ્રમ<br>૧૦૨-કામકાજની..સલામતી<br>રૂ. ૩૭,૭૪,૭૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૧૦ થી ૧૩ | ૧૦૦ | કારખાના-ફેક્ટરીઓની નિયમિત ચકાસણી કરી તેનો વિગતવાર રિપોર્ટ દર મહિને ઉચ્ચકક્ષાએ મોકલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઇ ચૌધરી |
| ૪૪ | --"-- | ૧૦૦ | ઔદ્યોગિક એકમોમાં ફાયરસેફ્ટીના સાધનોનો અભાવ નિવારવામાં તેમજ હયાત સાધનોનું નિયમિત ચેકીંગ કરી સર્વિસિંગ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| *૪૫ | ૨૨૩૦-શ્રમ...વિકાસ<br>૦૧-શ્રમ<br>૧૦૨-કામકાજની..સલામતી<br>રૂ. ૩૭,૭૪,૭૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૧૦ થી ૧૩ | ૧૦૦ | જે તે જિલ્લામાં કારખાના-ફેક્ટરી, ઔદ્યોગિક એકમોની નિયમિત ચકાસણીના અભાવે આગ અકસ્માતના બનાવો માટે જવાબદાર જિલ્લા અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઇ દેસાઇ |
| *૪૬ | --"-- | ૧૦૦ | કારખાના ઉદ્યોગોમાં બોઇલર ઈન્સ્પેકટરોની બેદરકારીઓને કારણે બોઇલરો ફાટવાની વારંવાર બનતી ઘટનાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |
| ૪૭ | ૨૨૩૦-શ્રમ...વિકાસ<br>૦૧-શ્રમ<br>૧૦૩-સામાન્ય...કલ્યાણ<br>રૂ. ૩૩,૫૪,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૧૪ થી ૧૭ | ૧૦૦ | ગ્રામીણ મજૂર કલ્યાણ બોર્ડને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૪૮ | --"-- | ૧૦૦ | ગુજરાત શ્રમયોગી બોર્ડમાં અબજો રૂપિયાનું ભંડોળ હોવા છતાં શ્રમયોગીઓના હિતોને બદલે અન્ય જગ્યાએ ખર્ચાઓ થાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ(સંતોકબેન આરેઠીયા) |
| *૪૯ | --"-- | ૧૦૦ | બાળ મજૂર સંરક્ષણ ધારાનું અમલીકરણ કરવામાં તેમજ બાળ મજૂરો રાખનાર એકમો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઇ કગથરા |
| ૫૦ | ૨૨૩૦-શ્રમ...વિકાસ<br>૦૧-શ્રમ<br>૮૦૦-અન્યખર્ચ<br>૦૧-L B R-21<br>ગાંધી...સંસ્થા<br>રૂ.૪,૪૧,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૨૦ | ૧૦૦ | ગાંધી આશ્રમ સંસ્થાના કાયમી અધ્યાપક અને એવોર્ડ વિજેતાને કોઇ પણ જાતની નોટિસ/કારણ વગર ફરજીયાત નિવૃત્ત કરી અન્યોને નિમણૂક આપનાર જવાબદારો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| *૫૧ | ૨૨૩૦-શ્રમ...વિકાસ<br>૦૨-રોજગાર સેવાઓ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ.૨૯,૮૩,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫ | ૧૦૦ | રાજ્યમાં બેરોજગાર યુવાનોને રોજગારી મેળવવા આંદોલનો કરવા પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઇ માડમ |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં.૨૨ અને ૨૩ | | | |
| ૫૨ | --"-- | ૧૦૦ | રાજ્યના બેરોજગાર યુવાનોને રોજગારી મળી રહે તેવા ત્વરીત નિર્ણયો કરી તેને અમલમાં મૂકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઇ ભરવાડ |
| ૫૩ | --"-- | ૧૦૦ | બેરોજગાર યુવાનો નોકરી મેળવે ત્યાં સુધી બેકારી ભથ્થું આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| ૫૪ | ૨૨૩૦-શ્રમ...વિકાસ<br>૦૨-રોજગાર સેવાઓ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ.૨૯,૮૩,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાનાનં.૨૨ અને ૨૩ | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા બેરોજગાર યુવાનોને સમયસર નોકરી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઇ પટેલ |
| ૫૫ | --"-- | ૧૦૦ | રાજયમાં સ્થાનિક રોજગાર સંકલન સમિતિની રચના કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઇ સોલંકી |
| ૫૬ | --"-- | ૧૦૦ | ખાનગી સેક્ટરના યુવાનોને બેરોજગાર ગણવાની કોઇ નીતિ ન હોવાથી સાચા બેરોજગારીના આંકડા મળતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૫૭ | --"-- | ૧૦૦ | બેરોજગાર યુવાનોને રોજગારી મળે તે માટે સરકારી કચેરીઓમાં પડેલ વ્યાપક ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૫૮ | ૨૨૩૦-શ્રમ...વિકાસ<br>૦૩-તાલીમ<br>૧૦૧-ઔદ્યોગિક..સંસ્થા<br>રૂ.૫,૬૧,૧૬,૮૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં.૨૮ થી ૩૨ | ૧૦૦ | આઇ.ટી.આઇ.માં લોકડાઉનના કારણે અપૂર્ણ અભ્યાસક્રમ સંદર્ભે લેવાયેલ નિર્ણયની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઇ પટેલ |
| ૫૯ | --"-- | ૧૦૦ | સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| ૬૦ | --"-- | ૧૦૦ | આઇ.ટી.આઇ. સંસ્થાઓમાં વિષયવાર શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઇ ડાભી |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ-રોજગાર અને પ્રવાસન વિભાગને લગતી માગણીઓ પર મારા વિચારો રજૂ કરું છું. પ્રવાસન વિભાગ દ્વારા રાજ્યના અનેક જગ્યાઓનો પ્રવાસન સ્થળોમાં સમાવેશ કર્યો છે અને અમદાવાદ શહેરને હેરિટેઝ સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે ત્યારે મારી માગણી છે કે સમગ્ર દેશમાં જગન્નાથની યાત્રા એ બે જગ્યાએ થાય છે એક જગન્નાથપૂરીમાં અને બીજી અમદાવાદ શહેરમાં. જગન્નાથ યાત્રાનો પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવામાં આવે એવી હું માનનીય મંત્રીશ્રી સમક્ષ માગણી કરું છું અને અમદાવાદ હેરિટેઝ સિટી છે ત્યારે આ હેરિટેઝ સિટીની અંદર ગોમતીપુર વિસ્તારમાં આવેલ ઝૂલતા મિનારા કે જ્યાં ખૂબ જ લોકો જોવા માટે આવે છે એનો પણ સમાવેશ કરવામાં આવે એવી વિનંતી કરું છું. એવી જ રીતે શાહે-આલમની દરગાહ જે શાહઆલમ દાણીલીમડા ખાતે આવેલી છે ત્યાં પણ હજારો હિન્દુ અને મુસ્લિમ ભક્ત ૨૪ કલાક દરગાહ પર દર્શન કરવા માટે આવતા હોય છે એનો સમાવેશ કરવામાં આવે એવી હું માનનીય મંત્રીશ્રી સમક્ષ માગણી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને શ્રમ અને રોજગાર વિભાગ દેશના અને રાજ્યના શિક્ષિત થયેલા લોકોની નજર આ કચેરી પર હરહંમેશ રહેતી હોય છે. લોકો પોતાના નામ નોંધાવે પછી નોકરી અને ઇન્ટર્વ્યૂ માટે રાહ જોઇને બેઠા હોય છે. રાજ્ય સરકારની વિનિમય કચેરી દ્વારા સરકારી વિભાગોમાં આવતી કચેરીઓને હું બે પાર્ટમાં વહેંચવા માગું છું. વર્ષ ૧૯૯૬માં આ જ વિનિમય કચેરીની અંદર ૫ લાખ ૧૦ હજાર લોકોએ પોતાનાં નામ રજિસ્ટ્રેશન કરાવ્યાં હતાં અને વર્ષ ૨૦૨૦માં આ જ વિનિમય કચેરીની અંદર ૪,૧૨,૯૮૫ લોકોએ એના નામની નોંધણી કરવી હતી. આમ વર્ષ ૧૯૯૬ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૦માં ૯૭,૦૦૦ નામ ઓછા નોંધાયા છે. સરકાર દ્વારા જે મહેકમ બહાર પાડવામાં આવે છે એ મહેકમને આધીન વર્ષ ૨૦૧૯ની અંદર રાજ્ય સરકારના વિભાગોની અંદર મહેકમ ૩,૭૦,૩૨૪ હતું. જે વર્ષ ૨૦૨૦માં ૩,૮૯,૪૨૪ થવા જઇ રહ્યું છે. એટલે ૧૯૧૦૦ સિટો મહેકમની વધવાની છે. આવી રીતે જિલ્લા પંચાયતની અંદર પણ વર્ષ ૨૦૧૯ અને વર્ષ ૨૦૨૦ના પ્રમાણમાં ૭,૧૮૫ મહેકમનો ઘટાડો થવાનો છે. રાજ્ય સરકારની વિવિધ કચેરીઓની વાત કરીએ વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪માં ટોટલ ૪,૬૪,૦૪૩નું મહેકમ તા.૦૧/૧૦/૨૦૨૦ની સ્થિતિએ છે. આ સ્થિતિને આધીન રાજ્ય સરકાર દ્વારા જે કર્મચારીઓને પગાર પૂરો

પાડવામાં આવે છે એ સાતમાં પગારપંચ મુજબ વર્ગ–૧, વર્ગ–૨, વર્ગ–૩ અને વર્ગ–૪માં ૨,૯૮,૬૮૬ કર્મચારીઓનો એમાં સમાવેશ થાય છે અને છઠ્ઠા પગારપંચને આધીન વર્ગ–૧ થી વર્ગ–૪માં ૮૮૨ કર્મચારીઓનો સમાવેશ કર્યો છે.

(માનનીય સભાપતિ ડો. અનિલ જોષિયારા અધ્યક્ષસ્થાને)

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે આઉટસોર્સિંગ અને કરાર આધારિત જે જગ્યાઓ છે એ વર્ગ–૧ થી વર્ગ–૪ની ૧,૧૨,૭૩૬ છે અને ફિક્સ પગારની જગ્યાઓ ૫૧,૭૬૯ છે. આમ આ રાજ્યના જે કર્મચારીઓ છે એ કર્મચારીઓના મહેકમની અંદર કાયમી કર્મચારીની દ્રષ્ટિએ ૨,૯૯,૫૩૮ છે પણ આઉટ સોર્સિંગ, કરાર આધારિત અને ફિક્સ પગારના ૧,૬૪,૫૦૫ કર્મચારીઓ આ રાજ્ય સરકારના સરકારી વિભાગોમાં કામ કરે છે. એનો મતલબ એવો થયો કે રાજ્ય સરકાર દ્વારા સરકારી વિભાગો સરકારી કચેરીની અંદર ૪૫ ટકા કરતાં પણ વધારે આઉટસોર્સિંગ, કરાર આધારિત કે ફિક્સ પગારથી લોકોની ભરતી કરવામાં આવે છે અને આઉટસોર્સિંગ, ફિક્સ પગારના ભાગરૂપે જેમને પગાર ચૂકવવામાં આવ્યો છે એ વર્ષ ૨૦૧૯–૨૦માં ૮૦૬૬૪.૬૭ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા અને વર્ષ ૨૦૨૦–૨૧ની અંદર ૯૦૭૪૫.૮ લાખ રૂપિયા આ કર્મચારીઓને ચૂકવવામાં આવ્યા છે. આમ જોવા જઇએ તો રાજ્ય સરકારની કચેરીઓમાં લોકોની ભરતી કરવાની જગ્યાએ, કાયમી કરવાની જગ્યાએ ફિક્સ પગારથી કે આઉટસોર્સિંગથી મૂકીને કે કરાર આધારિત લોકોને નોકરી આપવામાં આવેલ છે. એ આજના આંકડાઓ ઉપરથી સ્પષ્ટ દેખાઇ આવે છે. સન ૧૯૭૫ થી ૧૯૯૫ના ૨૦ વર્ષના સમયગાળામાં ૮૦૧૯૩ લોકોને સરકારી નોકરી મળી હતી. મારી પાસે જે આંકડાઓને આધીન વાત છે એ મૂકું તો સન ૨૦૧૩–૧૪ થી ૨૦૧૯–૨૦ સુધીમાં એટલે કે ૭ વર્ષના સમયગાળા દરમિયાન આ રાજ્ય સરકાર દ્વારા ૭૨૯૨૭ લોકોને સરકારી નોકરી પૂરી પાડી છે. રાજ્યના ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જે સ્પર્ધાત્મક પરીક્ષાઓ લેવામાં આવે છે એ વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦ની હું વાત કરું તો જે લોકોએ પરીક્ષા આપી છે એ લોકોને નોકરીની જરૂર છે એવા રાજ્યની અંદર ૨૨,૬૫,૧૪૪ લોકોએ અરજી કરી હતી અને જગ્યાઓ ફક્ત ૪૪૨૩ જગ્યા ખાલી હતી. ૪૪૨૩ જગ્યાઓ સામે ૨૨,૬૫,૦૦૦ જેટલી અરજીઓ આવી હોય છતાં પણ સરકાર એમ કહેતી હોય કે આ રાજ્યની અંદર બેરોજગારી નથી, લોકો બેકાર નથી એ સમજાતું નથી. આ જ રીતે આયોગના રિપોર્ટને આધીન વાત કરીએ તો આયોગનો વર્ષ ૨૦૧૯–૨૦નો જે રિપોર્ટ રજૂ થયો એમાં જોવા જઇએ તો વર્ષ ૨૦૧૫–૧૬ થી ૨૦૧૯–૨૦ એટલે કે ૫ વર્ષના સમયગાળા દરમિયાન આ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત જાહેર સેવા આયોગના માધ્યમથી ૧૪૦૪૩ લોકોની ભરતી કરી છે. એમાં એસ.સી. સમાજના ૧૦૨૯, આદિવાસી સમાજના ૨૧૧૭ અને બિન અનામતના ૧૮૮૨ અને ઓ.બી.સી.ના ૫૮૨૨ લોકોનો સમાવેશ કર્યો છે. શ્રમ રોજગાર કચેરીમાં ભણીગણીને લોકો એક આશા સાથે નામ નોંધાવે છે કે અમને અહીંયાથી ઇન્ટર્વ્યૂ આવશે કે કોલ આવશે તો અમે જઇશું પણ દુઃખ સાથે કહેવું પડે કે શ્રમ અને રોજગાર વિભાગની સહાયક અનુદાન મેળવતી સંસ્થાઆના મહેકમની સંખ્યા, શ્રમ અને રોજગાર વિભાગમાં ૬૮૫ લોકોની આઉટસોર્સિંગ, કરાર આધારિત કે ફિક્સ પગારથી જગ્યાઓ ભરવામાં આવી છે. આમ શ્રમ અને રોજગાર વિભાગ પોતે પણ ૪૦ ટકા જેટલી ભરતીઓ કરાર આધારિત, આઉટસોર્સિંગ અને ફિક્સ પગારથી ભરે છે. આયોગે કરેલી ભલામણના આધારે કોઇ નોકરી માટે અરજી કરે, પરીક્ષા લેવાય અને આયોગે પાસ કર્યા પછી સરકારી ડિપાર્ટમેન્ટમાં એની ભલામણ કરી હોય. દુઃખ સાથે કહેવું પડે છે કે આયોગે ભલામણ કર્યા પછી પણ ૬ માસથી વધુ સમય વીતી ગયો હોય અને સરકાર દ્વારા નિમણૂકો આપવામાં ન આવી હોય. આ રાજ્યના શિક્ષણ, ઉર્જા, વન અને પર્યાવરણ, સામાજિક ન્યાય, આરોગ્ય, શ્રમ રોજગાર, કાયદો, સામાજિક ન્યાય અધિકારીતા, શહેરી વિકાસ અને મહિલા અને બાળ આ ૧૦ વિભાગોની અંદર માર્ચ–૨૦૧૭ થી ૨૦૧૯ સુધી ૪૧૭ જગ્યાની ભલામણ કર્યા છતાં પણ આ રાજ્ય સરકારે એ ડિપાર્ટમેન્ટની અંદર એ લોકોની ભરતી કરી નથી. જિલ્લા પંચાયતોની અંદર પણ વર્ગ–૧ થી વર્ગ–૪નું મહેકમ ૨,૪૭,૪૯૪ છે અને એ જ રીતે સાતમા પગારપંચ મુજબ વર્ગ–૧ થી ૪ ના કર્મચારીઓનું ૨,૦૯,૫૨૧ જેટલું મહેકમ થાય છે. આ જ પંચાયતોની અંદર આઉટસોર્સિંગ અને કરાર આધારિત કે ફિક્સ પગાર હોય, આઉટ સોર્સિંગ અને કરાર આધારિત ૫૭૦૩ જગ્યાઓ ભરવામાં આવેલ છે. ફિક્સ પગારથી ૩૨૨૪૨ જગ્યાઓ વર્ગ–૧ થી વર્ગ–૪ની ભરવામાં આવેલ છે. આમ, જિલ્લા પંચાયતની અંદર આઉટસોર્સિંગ, કરાર આધારિત અને ફિક્સ જગ્યાઓ ૩૭૯૪૫ ભરવામાં આવેલ છે. જિલ્લા પંચાયતના મહેકમ મુજબ રાજ્ય સરકાર દ્વારા જે કેલેન્ડર બહાર પાડવામાં આવે છે એ કેલેન્ડરને આધીન....

સભાપતિશ્રી : વિરામનો સમય થયો છે. ગૃહ ફરી ૧૨–૩૦ વાગ્યે મળશે અને માનનીય શૈલેષભાઇનું પ્રવચન ચાલુ રહેશે.

( વિરામ બપોરના ૧૨–૦૦થી ૧૨–૩૦)

( સભાપતિશ્રી ડો. અનીલ જોષિયારા અધ્યક્ષસ્થાને )

શ્રી શૈલેષ મ. પરમાર ( ક્રમશ): માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને હું જિલ્લા પંચાયતોની વાત કરતો હતો. જિલ્લા પંચાયતોની વર્ષ ૨૦૧૩ અને ૨૦૨૩માં ૧૦ વર્ષના ભરતી કલેન્ડરથી ખાલી જગ્યાઓ ભરવાની વાત છે. વર્ષ ૨૦૧૩ની અંદર જિલ્લા પંચાયતનું મહેકમ ૨,૪૬,૩૯૬ હતું. જે વર્ષ ૨૦૧૭નું મહેકમ ૨,૨૦,૦૪૬ થયું. એટલે કે ૨૬,૩૫૦નું મહેકમ ઘટેલ છે. વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૭માં ૫ વર્ષના સમયગાળા દરમિયાન પંચાયતી સેવાઓમાં ૨૩,૮૮૮ની ભરતી કરવામાં આવી છે. એક બાજુ મહેકમ ઘટી ૨૬,૩૫૦નું થયેલ છે. બીજી બાજુ ૨૩,૦૦૦ની ભરતી કરવામાં આવી છે. માનનીય મંત્રીશ્રી જવાબમાં જણાવે તો આનંદ થશે. આમ ૧૦ વર્ષના ભરતી કેલેન્ડરમાં સરકારે પંચાયત સેવાઓમાં ભરવાની વાત કરી છે. વર્ષ ૨૦૧૩માં ૨,૪૬,૦૦૦ કર્મચારીઓ નોંધાયા. વર્ષ ૨૦૨૦માં ૨,૪૭,૦૦૦ નોંધાયા. એવરેજ જોવા જઇએ તો વર્ષ ૨૦૧૩ અને વર્ષ ૨૦૨૦ના પ્રમાણમાં ૧,૦૦૦ કર્મચારીનું મહેકમ ઓછું થયું છે. આમ, પંચાયતી રાજમાં પણ મહેકમ ઓછું થયું છે, ત્યારે મારી એક જ વાત કરીને પૂરું કરું છું. ખાસ કરીને ઔદ્યોગિક વર્ગીકરણના આધારે જાહેર અને ખાનગી ક્ષેત્રમાં રોજગારી આપવાની વાત છે. તો વર્ષ ૧૯૯૦માં

૧૬,૧૯,૦૦૦ લોકોને રોજગારી મળી હતી, એની સામે વર્ષ ૨૦૨૦માં ૧૬,૯૬,૦૦૦ લોકોને રોજગારી મળી, એટલે કે વર્ષ ૧૯૯૦ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૦માં ૭૭,૦૦૦ લોકોને વધારે રોજગારી મળી. એવી જ રીતે વર્ષ ૧૯૯૬માં ૧૭,૧૪,૦૦૦ લોકોને રોજગારી મળી હતી. વર્ષ ૨૦૧૮માં ૧૮,૨૬,૦૦૦ લોકોને રોજગારી મળી. આમ વર્ષ ૧૯૯૬ થી ૨૦૧૮ના પ્રમાણમાં ૧,૧૨,૦૦૦ લોકોને રોજગારી મળી છે. એક બાજુ વાઇબ્રન્ટ ગુજરાત થાય, એક બાજુ ભરતી મેળા થાય, એક બાજુ રોજગારી કચેરીમાં લોકોનાં નામો નોંધવામાં આવે છે. વર્ષ ૧૯૯૦ના પ્રમાણમાં, વર્ષ ૧૯૯૬ના પ્રમાણમાં અને વર્ષ ૨૦૧૮ના પ્રમાણમાં ગણીએ તો રોજગારીનું પ્રમાણ વધવું જોઇએ એના કરતા રોજગારીનું પ્રમાણ ઘટે છે. સરકારના આંકડા, સરવે મુજબ છાપામાં, ટીવીમાં આવે છે કે ગુજરાત રોજગારી આપતું સારું રાજ્ય છે. આંકડાકીય માહિતીના આધારે જોઇએ તો કોઇ સંજોગોમાં લોકોને વધુ રોજગારી મળતી હોય તેવું દેખાતું નથી. વાઇબ્રન્ટ ગુજરાતમાં વાયદાઓ થયેલ છે. કરોડો લોકોને રોજગારી મળવાના વાયદા છે. આંકડા મુજબ એ લોકોને રોજગારી મળી શકી નથી, ત્યારે હું એટલું જ કહીશ કે આ રાજ્ય સરકાર જે ભરતી કેલેન્ડરની વાત કરે છે, સરકારશ્રીને વિનંતી કરું છું કે આજે વિધાનસભા ગૃહમાં જાહેરાત કરે તમારા ૧૦ વર્ષના કેલેન્ડરમાં કઇ રીતની ભરતી કરવા માગો છો? છેલ્લાં ઘણાં વર્ષોથી વિધાનસભામાં બેસું છું. ૧૦–૧૦ વર્ષની ભરતી કેલેન્ડરની વાત કરે છે. આંકડાકીય માહિતીના આધારે જોઇએ તો ૧ લાખ ભરતીની વાત કરે તો ભરતી થતી નથી. આંકડાકીય આધારે વાત કરી છે એના આધારે ચોક્કસ કહીશ કે રાજ્ય સરકારના તમામ વિભાગો, રાજ્ય સરકારના વિભાગો નીચેની તમામ કચેરીઓ આ તમામ કચેરીઓ અને વિભાગોની અંદર વર્ગ–૧ થી ૪ ની જગ્યાઓ ખાલી પડે છે. તે ખાલી જગ્યાઓમાં ફક્ત ફિક્સ પગાર આધારિત, કરાર આધારિત અને આઉટ સોર્સિંગના આધારે ભરતી કરવામાં આવે છે. સરકારને વિનંતી છે કે કાયમી જગ્યાઓ બંધારણે નક્કી કરેલ છે તેના ઉપર લોકોની ભરતી થવી જોઇએ. ફિક્સ પગાર અને આઉટ સોર્સિંગના આધારે ભરતી ન થવી જોઇએ. આમ સરકાર ફક્તને ફક્ત ફિક્સ પગારના આધાર ઉપર સરકારી તંત્ર ચલાવે છે. જેના કારણે રાજ્યનું દેવુ વધ્યું છે, બેકારી વધી છે એવા અનેક આંકડાઓ છે. શ્રમજીવીના આંકડા, બાંધકામના આંકડા, ખેતમજૂરોના આંકડા હોય સરકારને વિનંતી છે અને માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી છે કે મેં જે આંકડા રજૂ કર્યા છે, એમાં આપની પાસે સરકારી માહિતીના આધારે જો આંકડા હોય તો આપ મને આપશો તો મને પણ ખ્યાલ આવશે એવી વિનંતી.

શ્રી બલરામ ખુ. થાવાણી(નરોડા) : माननीय अध्यक्ष महोदय, माननीय मंत्रीश्री पर्यटन विभाग की मॉगों के बारे में माननीय गृह के समक्ष हाजिर हुए हैं। इसमें मैं अपने समर्थन के साथ विचार प्रस्तुत करता हूं। यह एक सत्य हकीकत है कि कम पूंजी तथा रोजगार पर्यटन क्षेत्र के अंदर एक विशेषता है , राज्य सरकार ने राज्य में पर्यटन के सतत विकास के माध्यम से स्थानीय रोजगार के अवसर प्रदान करने के लिए एक नई पर्यटन नीति की घोषणा की हैं। राज्य सरकार ने गुजरात को न केवल देश में बल्कि विश्व में भी अंतरराष्ट्रीय मानकों के साथ विकसित करने के लिए एक पर्यटन स्थल बनाने के लिए काम शुरु किया हैं, पर्यटन को और बढ़ावा देने के लिए रुपये 488 करोड़ का प्रावधान किया गया हैं। माननीय अध्यक्ष महोदय , गुजरात में आनेवाले प्रवासीओं को गुणवत्ता पूर्ण सुविधाएँ प्रदाने करने के लिए बजट में रुपये 315 करोड़ का प्रावधान किया गया हैं। वडनगर में विभिन्न धरोहर, ऐतिहासिक स्थल, झीलें, मंदिरों के साथ- साथ अन्य पर्यटक सुविधाओं को मास्टर प्लान बनाकर विकसित किया गया है । देश की एकता और अखंडता के मूर्तिकार सरदार वल्लभभाई पटेलजी की 182 मीटर की मूर्ति को बहुत कम समय में दुनिया की सबसे ऊंची प्रतिमा के रुप में प्रसिध्द किया है। विश्व प्रसिध्द Times Magazine व्दारा स्टेच्यू ऑफ युनिटी को दुनिया के 100 सबसे बड़े प्रसिध्द पर्यटन स्थलों में से एक के रुप में सूचीबध्द किया गया है। शंघाई कॉआपरेशन ओरगनाईजेशन व्दारा स्टेच्यू ऑफ युनिटी को दुनिया के आठवें अजूबे का नाम दिया गया है , जो हमारे लिए बहुत ही गर्व की बात है और इस प्रकार स्टेच्यू आफ युनिटी की हवा दुनिया में फैली है।

माननीय अध्यक्ष महोदय, स्टेच्यू ऑफ युनिटी केविडया का दौरा करने के लिए साबरमती रिवरफ्रंट से देश की पहली समुद्री विमान की उड़ान सेवा माननीय प्रधानमंत्री दवारा 31 अक्टूम्बर 2020 को शुरु की गई थी। लोग इस समुद्री विमान का पूरा फायदा उठाने के लिए उत्सुक हैं। सरकार ने ऐसे विश्व प्रसिध्द पर्यटन स्थलों के नियोजित विकास के लिए स्टेच्यु आफ युनिटी एरिया डेवलपमेन्ट एण्ड टूरिज्म गर्वनेंस अथारिटी की स्थापना की है और इसके लिए 652 करोड़ रुपये का प्रावधान किया गया है।

राष्ट्रीय शायर श्री झवेरचंद मेधानीजी की 125 वीं जयंती के अवसर पर सरकार ने उनसे जुडे विभिन्न स्मारक स्थलों को पर्यटन स्थल के रुप में विकसित करने का निर्णय लिया है। राष्ट्रपिता महात्मा गॉधीजी की जन्म स्थल पोरबंदर में देश विदेश से प्रवासी आते हैं। इसलिए कीर्ति मंदिर जैसे पोरबंदर में स्थान, बरदा पहाडी, वन्यजीव अभ्यारण्य पोरबंदर पक्षी अभ्यारण्य , पोरबंदर समुद तट, जम्बुवन गुफा, स्वामी विवेकानंद स्मारक आदि योजनाओं को और अधिक विकसित करने की योजना है , जैसे ही यह योजना लागू होगी, प्रवासी के आकर्षण में बढोतरी होगी। माननीय अध्यक्ष महोदय, राज्य सरकार बुध सर्किट जैसे देवन–मोरी, खंभा–लिडा, शाना, सियोट, वाल्मीकपुर आदि स्थानों पर पर्यटन की सुविधाओं को विकसित करने की योजना बना रही हैं। माननीय अध्यक्ष महोदय, महर्षि दयानंद सरस्वतीजी का जन्म स्थल टंकारा में पर्यटन सुविधाओं की विकास किया जाएगा। धरोहर – स्थलों की " 3 डी प्रोजेक्शन मैपिंग " और विभिन्न स्मारकों के साथ–साथ " लाईट एण्ड साउंड शो " के लिए 3 करोड़ रुपये का प्रावधान किया गया हैं। भेंट व्दारका, सियाल सवाई बैट, सूर्यनगरी मोढेरा, और सापुतारा में और अधिक पर्यटन सुविधाएँ विकसित करने का निर्णय लिया हैं। माननीय अध्यक्ष महोदय, राज्य में धार्मिक, ऐतीहासिक, धार्मिक स्थलों के समग्र

विकास और तीर्थ यात्रियों को प्राथमिक सुविधाएँ प्रदान करने के लिए विभिन्न कार्यो को करने के लिए रुपये 154 करोड़ का प्रावधान किया गया है। माननीय अध्यक्ष महोदय, पावागढ़-माची के व्यापक विकास के लिए 31 करोड़ रुपये की परियोजना की योजना बनाई गई है। पावागढ़ राज्य की सम्पूर्ण जनसंख्या के लिए एक पवित्र तीर्थ स्थल है। वैसे ही गिरनार रोप-वे परियोजना गिरनार पर्वत पर श्री अंबाजी माताजी के दर्शन के लिए पर्यटकों के लिए, आसान बनाने के उददेश्य से 130 करोड़ रुपये की लागत से पूरी हुई है ।

मैं मॉगों के लिए अपना समर्थन देता हूं।

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મત્સ્યોદ્યોગ અને પ્રવાસન ઉપર મારા વિચારો રજૂ કરું છું અને મારી માગણીઓ પણ રજૂ કરું છું. મારા વિસ્તારમાં વેરાવળ બંદર પણ એક મોટું બંદર આવેલું છે. નાની મોટી અસંખ્ય બોટો ત્યાં ફિશિંગ કરવા માટે દરિયામાં જાય છે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, ઘણાં સમયથી બંદરની અંદર ડ્રેજિંગ કરવાનું હોય એ નથી થયું એને કારણે બોટોને આવનજાવન કરવામાં તકલીફો પડે છે અને કાંઠા પર આવવા માટે તકલીફ પડે છે તો દરિયામાં ડ્રેજિંગ કરવાની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે. ઘણા સમયથી નાની હોડીવાળાને ફિશિંગ કરવા માટે જે કેરોસીન આપવામાં આવે છે એના ક્વોટામાં ઘણો બધો ઘટાડો કરેલ છે તો કેરોસીનને બદલે નાની હોડીવાળા પેટ્રોલનો વપરાશ વધારે કરે છે તો એ પેટ્રોલમાં જો સબસિડી આપવામાં આવે તો નાની હોડીવાળાને ઘણી બધી રાહત થાય અને એ લોકો સારી રીતે ફિશિંગ કરી શકે. માનનીય મંત્રીશ્રીને આપના મારફતે મારે કહેવું છે કે બોટ અને હોડીવાળાને જે સહાય આપવામાં છે એમાં જાર માટેનો એક વાયર આવે છે જે ફાઇબર વાયર અને બીજી બધી સહાય જે ઓરીજીનલ માછીમારો છે એમને ત્યાં પહોંચતી નથી અને જે માછીમારી નથી કરતા આવા લોકો એ સહાય વધારે પ્રમાણમાં લઇ જાય છે તો એની તપાસ કરવામાં આવે. જેનાથી સરકારની જે યોજના છે એ મળવાપાત્ર માણસ સુધી એને મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન ક્ષેત્રમાં માનનીય મંત્રીશ્રીનું મારે આજે એક ધ્યાન દોરવું છે, બાપુશ્રી પણ અહીંયા બેઠા છે. મારા અંદાજ પ્રમાણે ૪૫૦ વર્ષ પહેલાં સોરઠની અંદર એક ઘટના ઘટી ગઇ અને એ ઉપરકોટ ગિરનારની ઘટના છે. બોડીદર ગામ એ અમારા દેવાયત બાપા બોદરનું ગામ અને ઉપરકોટ ગિરનાર ત્યાં રા-નવઘણ. એ વખતના રાજા રજવાડાંઓમાં જે ચડાઇ થતી હતી એમાં છેલ્લો વંશવેલો રહેતો હોય અને ખાસ કરીને ત્યાં દરબાર અને આહીરોનો ઇતિહાસ સમાયેલો છે એ ઇતિહાસની હું વાત કરી રહ્યો છું. બાપુ પણ અહીંયા બેઠાં છે. તાજના સાક્ષી છે. ચુડાસમા, સરવૈયા, રાયજાદા એમાં છે. એ ઇતિહાસ બોડીદરથી લઇને ઉપરકોટ સુધીનો સમાયેલો છે તો મારી વિનંતી છે કે એ ઇતિહાસને જાળવવા માટે આવનારી પેઢીને ઇતિહાસમાંથી પ્રેરણા મળે એના માટે અને એક દોસ્તી શું કહેવાય? એક દોસ્તી માટે પોતાના દીકરાનું બલિદાન, ત્યાં પોતાના હાથે તલવારના ઝાટકાથી તેનું માથું કાપી નાંખે એવો ઇતિહાસ ત્યાં ધરબાયેલો છે એવી દેવાયત બાપાની બોડીદરની જગ્યાને પ્રવાસન સ્થળની અંદર સમાવેશ કરીને એને વિકસાવવામાં આવે અને ઉપરકોટમાં પણ દેવાયત બાપા પરિવારનું સ્ટેચ્યૂથી માંડીને એમના પરિવારની ઝાંખી હોય, એમનો ઇતિહાસ પણ ત્યાં આગળ લખાયેલો હોય તો આવનારી પેઢીને પણ એમાંથી કંઇક પ્રેરણા મળે એવી મારી ખાસ કરીને વિનંતી છે તો એની અંદર સરકારશ્રી અને બાપુ પણ અહીંયા બેઠેલા છે ત્યારે એક આહીર પરિવારના દીકરા તરીકે અને અમારા આહીર સમાજ અને બે સમાજને જયારે તેની અંદર એક દોસ્તીની પ્રેરણા મળી છે ત્યારે તેમાં પ્રવાસન સ્થળનો સમાવેશ કરવામાં આવે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દ્વારકાની બાજુમાં જે શિવરાજપુર બીચ છે તેને પ્રવાસન સ્થળ તરીકે ડિકલેર કર્યું છે તે બરાબર છે પણ અત્યારે ત્યાં કોઇ સુવિધાઓ નથી અને ત્યાં પાર્કીંગની જે વ્યવસ્થા છે તેમાં પૈસા લેવામાં આવે છે તો આ સુવિધાઓ નથી ત્યાં સુધી તે પાર્કીંગના પૈસા ના લેવામાં આવે એવી પણ મારી વિનંતી છે. મોટી બોટ જયારે ફિશિંગ કરીને નીકળતી હોય તો નાની હોડીવાળા જે દરિયામાં હોય છે તેનો અકસ્માત કરીને નીકળી જાય છે. આ અકસ્માત કરીને જયારે તે નીકળી જાય છે ત્યારે જે ખલાસી હોય છે તે જીવતા હોય છે તે વખતે તેમણે જે નંબર લેવાનો હોય છે તો એ નંબર ઉપર જાળ નાંખી દીધેલી હોય છે, એટલે મોટી બોટોની અંદર ફરતા તેના નંબર લખાય એવી મારી વિનંતી છે. નાની હોડીવાળો માણસ ન તેની ફરિયાદ કરી શકે છે અને તેને જે અકસ્માત થયો હોય તો તેને બચાવવામાં આવે એવી પણ મારી વિનંતી છે.

મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મત્સ્યોદ્યોગની માગણી નંબર-૬ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પાસે ૧૬૦૦ કિલોમિટરનો વિશાળ દરિયા કિનારો આવેલો છે અને આ દરિયા કિનારાની અંદર વેરાવળ, પોરબંદર, જખૌ, દ્વારકા, ઓખા, વણાંકબારા, નવા બંદર જેવા બંદરોની અંદર ખૂબ સારી રીતે ત્યાંના લોકો માછીમારી કરીને તેનું જીવન નિર્વાહ કરે છે. એ જ રીતે અમારો જે વિસ્તાર છે ભરૂચ, ઓલપાડ, ચોર્યાસી, નવસારી, વલસાડ, ઉંમરગામ આ બધા વિસ્તારોની અંદર પહેલાં લોકો દરિયો ખેડીને જીવન નિર્વાહ કરતા હતા, પરંતુ તે તરફનો દરિયો છીછરો થઇ જવાથી ત્યાંના લોકો જે દરિયામાં જતાં હતા તે લોકો હવે ભરતીના પાણી ભેગા કરીને, તળાવ બનાવીને જીવન નિર્વાહ કરે છે અને નાના મોટા જિંગાનો ઉદ્યોગ કરતા આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૦-૧૧ પછી જિંગાની ફાળવણીની જમીનો ત્યાં ફળવાઇ નથી. મારા ઓલપાડ અને ચોર્યાસી વિસ્તારની અંદર લગભગ ૫ હજાર જેટલા ત્યાંના લોકોએ આ જિંગા ઉછેર માટેની ટ્રેનિંગ લઇને ત્યાં ટ્રેઇન થયા છે પરંતુ આ સરકારે જે નીતિ બનાવી છે તેની અંદર વર્ષ ૨૦૧૦-૧૧ પછી કોઇ ફાળવણી થઇ નથી. આ નવી નીતિ વર્ષ ૨૦૧૯માં બનાવી છે

તેમાં આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, ૩૫ ટકા જે સ્થાનિક લોકોને આપવામાં આવે છે અને ૧૦ ટકા સખી મંડળીની બહેનોને તળાવ માટે આપવામાં આવે છે અને ૨૦ ટકા સહકારી જૂથ મંડળીને જમીન ફાળવવામાં આવે છે બાકીની ૩૫ ટકા જમીન સહકારી નિગમો અને જાહેર નિગમોને ફાળવવામાં આવે એવી નીતિ બનાવવામાં આવી છે. મારે આપના થકી માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, તેમાં ૩૫ ટકા વ્યકિતગતને આપો, ૧૦ ટકા સખી મંડળોને આપો અને ૧૦ ટકા વધારે વિધવા બહેનોને પણ જમીન ત્યાં ફાળવો એવી આપને વિનંતી છે અને ૨૦ ટકા જમીન સહકારી મંડળીને અને ૨૫ ટકા જમીન જે ખાનગી કંપનીઓને આપે છે તો ખાનગી કંપનીઓને આપો પણ જિલ્લા પૂરતી મર્યાદિત ખાનગી કંપનીને આપો જેથી લોકલ લોકોને લાભ થઇ શકે અને લોકલ લોકોને લાભ મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જાહેરાત થાય પછી આની ફાળવણી કરવા માટે એમ્પાવર કમિટી બને છે અને એક એમ્પાવર કમિટીની અંદર એમાં કલેકટરશ્રી હોય, મત્સ્યોદ્યોગ નિયામકશ્રી હોય, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી હોય છે, પ્રાંત અધિકારી હોય છે, મામલતદારશ્રી હોય છે. આપને વિનંતી કરું છું કે આની અંદર એક ઉમેરો કરીને પ્રભારી મંત્રીશ્રી, ત્યાંના સાંસદશ્રી અને ત્યાંના લોકલ ધારાસભ્યશ્રીનો પણ સમાવેશ થાય તો ખરેખર ત્યાંના સ્થાનિક લોકોને ફાળવણી થાય અને ખરેખર તે લોકોને લાભ મળે. આ જિંગા ઉદ્યોગને મહારાષ્ટ્ર, આંધ્ર, કર્ણાટક, તામિલનાડુની અંદર તેને એગ્રીકલ્ચરનો દરજ્જો આપવામાં આવ્યો છે અને એગ્રીકલ્ચરનો દરજ્જો આપવાથી ત્યાંનુ લાઇટ બિલ ૨ થી ૩ રૂપિયા જેવું લાઇટ બિલ આવે છે. જેમણે ગુજરાતની અંદર આટલો મોટો ધંધો કર્યો હોય તેનું લાઇટ બિલ સાડા આઠ રૂપિયા આવે છે એટલે લોકોને તે પરવડતું નથી. મારા ગૃહના એક સભ્ય મને એમ કહેતા હતા કે, આને મહિલા સાથે શું સંબંધ છે? આપના થકી હું કહેવા માગું છું કે, આજે પણ દરિયાકિનારાના ગામોમાં મહિલાઓનું રાજ ચાલે છે. કોઈ પણ નિર્ણય લેવો હોય તો મહિલાઓ જ લે છે. આજે પણ અમે ચૂંટણી પ્રચારમાં જઈએ તો ભાઈઓ કરતાં બહેનો વધારે હોય છે કારણ કે ત્યાંના લોકોએ ફરજિયાત નોકરી કરવી પડે છે. લગભગ ૮૦ ટકા ભાઈઓ બહાર વિદેશની કોઈ શિપ કે અલગ–અલગ જગ્યાએ નોકરી કરતાં હોય છે. આ સન્માનીય ગૃહના એક સભ્ય એવું કહેતા હતાં કે, ''મુકેશ, આ વખતે જિંગામાં બહુ કમાયા.'' આપના થકી કહેવા માગું છું કે, કોરોનાકાળ દરમિયાન ત્યાંના લોકો લગભગ ૩૦૦ થી ૪૦૦ કરોડના ખર્ચમાં ડૂબી ગયા છે. કારણ કે માલ વિદેશમાં એક્સપોર્ટ ન કરી શકયા અને જિંગાનો માલ અહીંયા કોઈ લઈ ન શક્યું એટલે ખૂબ તકલીફો પડી છે. આમાં પણ નાના મોટા જે લોકો છે એમાં અભણ લોકો સારી રીતે પોતાનું ગુજરાન ચલાવી શકે તે માટે આ એક સારામાં સારો ઉદ્યોગ છે. અત્યારે ગુજરાતમાં લગભગ ચાર હજાર જેટલાં જિંગાના તળાવો આવેલા છે. એ ચાર હજાર તળોવોને લઈને લગભગ ૧ લાખ ૨૮ હજાર જેટલાં લોકો સીધી કે આડકતરી રીતે રોજીરોટી મેળવી રહ્યાં છે. આપણા ગુજરાત પાસે ૧ લાખ ૩૦ હજાર હેક્ટર જેટલી જગ્યા હજુ પણ પડેલી છે. હું માનું છું ત્યાં સુધી લગભગ ૭૦ હજાર જેટલાં જિંગાના તળાવો બને તો લગભગ ૪૦ લાખ લોકોને રોજીરોટી મળી શકે તેમ છે. લગભગ રૂપિયા ૫૦ હજાર કરોડ જેટલું વિદેશી હૂંડિયામણ આવી શકે તેમ છે. આંધ્રપ્રદેશમાં લગભગ ૩૭ હજાર જેટલાં જિંગા ઉદ્યોગ દ્વારા અંદાજે રૂપિયા ૨૦ હજાર કરોડનું વિદેશી હૂંડિયામણ આવે છે. ત્યાંના લોકોને આવતાં વર્ષે ડબલ થવાની સંભાવના છે. આ ઉદ્યોગ થકી આપણા દેશ અને ગુજરાતને પણ સારી આવક મળી શકે તેમ છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર (પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના પ્રવાસન મંત્રી એમની માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. આપણું ગરવું ગુજરાત જ્યાં અનેક પ્રવાસધામો અને યાત્રાધામો આવેલા છે. આ ધામોને વિકસાવવા માટે સરકાર પ્રયત્નો કરી રહી હોય ત્યારે આદિવાસી વિસ્તાર કેમ બાકી રહી જાય? એના માટે અમને યાદ આવે દેવમોગરાની યા–મોગી, ભાદરવાના અમારા હાથીદાદા, ફાગવેલના અમારા હાથીદાદા આ બધા સ્થળો વિકસાવવા માટે સરકારે પ્રયન્ત કરવો જોઈએ. પાવાગઢ મહાકાલીના દર્શન કર્યા પછી ચીલાવાડા દેવબાપજીનું મંદિર છે કણભાદેવ. ત્યાં દર રવિવારે હજારો શ્રધ્ધાળુઓ આવતાં હોય છે. ત્યાં જાજરૂ કે મૂતરડીની પણ વ્યવસ્થા નથી. ચિલાવાડાથી આગળ હાથણીમાતા મંદિર આવે છે. ચોમાસામાં ત્યાં ધોધ પડે છે ત્યાં પણ આવી સગવડતા નથી. ત્યાંથી આગળ માખણિયો પર્વત આવે છે જે મહાભારત વખતનો જીવતો જાગતો પુરાવો છે. તે પવર્ત ઉપર ભીમે લગ્ન કરેલી જગ્યા છે. ઉપર બે તળાવ છે એ તળાવમાં લાલ પીળી માછલી થાય છે. પ્રવાસન સ્થળ તરીકે વિકસાવી શકાય એવી સારી જગ્યા છે. તેને વિકસાવવા માટે સરકારે પ્રયત્ન કરવો જોઈએ. તેનાથી આગળ તેજગઢમાં તેજીરાણીના ડુંગરમાં ગુફાઓ આવેલી છે. તેને પણ વિકસાવવાની જરૂર છે. વાત વાતમાં ભૂલી જાઉં છું. શ્રી મોહનસિંહભાઈના ગામની બાજુના સટુન ગામમાં ૧૦૦ ગુફાઓ આવેલી છે તે કૌરવોની ગુફા તરીકે ઓળખાય છે. તેને પણ વિકાસાવવા માટે સરકાર પ્રયત્ન કરે તો લોકોને રોજીરોટી મળશે. યાત્રાધામ વિકસાવવામાં પાવી જેતપુર તાલુકાનું બારાવાડ ગામ પાસે તેલાવમાતા મંદિર હોય ત્યાં રસ્તાની અને રહેણાકની જરૂર છે. ત્યાંથી આગળ સંખેડા તાલુકાનું વાસણા ગામ જયાં હરસિદ્ધિ માતાનું મંદિર છે ત્યાં સમૂહલગ્ન પણ થાય છે. દર રવિવારે ૫૦૦–૭૦૦ માણસો ભેગા થાય છે. પૂનમમાં પણ સંખ્યા વધે છે અને નવરાત્રિમાં તો હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ એકત્ર થતા હોય છે. જાજરૂ–મુતરડીની કે બીજી જે કંઈ વ્યવસ્થા આપવાની થાય તો સરકાર એને પ્રવાસન ધામ તરીકે વિકસાવે જેથી કરીને લોકોને સગવડતા મળી રહે.

માનનીય અધ્યક્ષશ્રી, નસવાડી તાલુકાનું અંબાજી ગામ, નાના અંબાજી, જયાં આદિવાસીઓના ધર્મગુરૂ વિષ્ણુદાસજી મહારાજનું મંદિર આવેલું છે અને હજારો આદિવાસીઓ ત્યાં આવતા હોય છે, એ વિષ્ણુ મંદિરને પણ વિકસાવવાની જરૂર છે. મારા કવાંટ તાલુકાનું ઉમઠી ગામ. મેં અમારા જૂના પ્રમુખને જોયા એટલે મને મેલડી મા યાદ આવ્યા, મેલડી માતાનું મંદિર આવેલું છે, સિધવાઈ માતા અને મેલડી માતા. એને વિકસાવવા માટે જિલ્લા કક્ષાની કમિટીએ દરખાસ્ત કરેલી છે એ દરખાસ્ત સવેળા પાસ થાય. અમારે ત્યાં બે ડુંગરો છે, ટૂંડવા અને ટૂંડવી. આદિવાસીઓ પહેલા ત્યાંથી ધિરાણ લેતાં અને ધિરાણ ફરી પાછા ત્યાં મૂકી જતા. આ બે આરાધ્ય દેવ ટૂંડવા, ટૂંડવીનું પણ વિસ્તૃતીકરણ થાય એવી અપેક્ષા રાખું છું. ફાગવેલની વાત થઇ પણ કવાંટમાં ભરાતો અમારો

આદિવાસીઓનો જે ઘેરમેળો થાય છે એમાં મંત્રીશ્રીઓ પણ આવી ગયા છે એનું સંવર્ધન થાય અને ત્યાં બહારથી આવતા માણસો માટે આપણે ટેન્ટ લગાવ્યો છે પણ કાયમી કંઇક જોગવાઇ થાય, જયાં બજાર સમિતિની જગ્યા છે એ કાયમી જગ્યા થાય.

સભાપતિશ્રી : માનનીય સુખરામભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય અક્ષયભાઇ પટેલ, માનનીય સભ્યશ્રી અક્ષયભાઇ પટેલ.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, માંગણી નંબર ૫૭/૨૦૨૧-૨૨ના અનુદાનો માટેની માંગણીઓ પૈકી શ્રમ અને રોજગાર વિભાગની ચર્ચામાં મારા વિચારો રજૂ કરૂ છું. આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે વર્ષ ૨૦૨૧-૨૨ માટે રૂપિયા પંદરસો બે કરોડનું માતબર રકમનું શ્રમ અને રોજગાર વિભાગનું બજેટ રજૂ કર્યુ છે. ગુજરાત રાજય દેશનું રોલ મોડલ છે. ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ દેશ અને દુનિયામાં પ્રસિધ્ધ છે. તેના મૂળમાં દેશના શ્રમિકોના ખૂન-પસીના અને મહેનતનું પરિણામ છે. આજે ગુજરાતનું ઊજળું અને ઔદ્યોગિક ક્રાંતિના વિશ્વમાં નામના ધરાવે છે તેમાં સૌથી વધુ યોગદાન શ્રમિકોનું છે. કોરોના મહામારીમાં ગુજરાતના સુરત શહેર સહિત રાજયના શ્રમિકો સહિત, જરૂરિયાત મંદ, ગરીબ, સિનિયર સિટિઝન લોકો માટે ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તેમજ સાંસદસભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મહાનગરપાલિકા, પાલિકા, એન.જી.ઓ અને ધાર્મિક સંસ્થાઓ અને અનેક લોકો દ્વારા ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. એટલે જ ગુજરાત સિવાય મહારાષ્ટ્ર, દિલ્હી વગેરે રાજયમાંથી શ્રમિકોને આવી વ્યવસ્થા ન મળવાથી શ્રમિકો અને તેના પરિવારે પોતાના વતન જવા સામૂહિક હિજરત કરી હતી, જેનાં ઘણાં પરિણામો એક્સિડંટ કે રેલવેની પટ્ટી ઉપર મોત પણ થયા હતા પરંતુ ગુજરાત સલામત રાજય છે કે આવો કોઇ બનાવ બન્યો નથી. ત્રીજા લોકડાઉન દરમિયાન ભાજપના પ્રદેશ પ્રમુખ અને નવસારીના સાંસદ શ્રી સી.આર.પાટિલ સાહેબના પ્રયત્નોથી દેશમાં સૌથી પહેલા સુરતથી શ્રમિકોને પોતાના વતન મોકલવાની શરૂઆત કરવામાં આવી હતી. ગુજરાત રાજયમાં દેશના વડાપ્રધાન માનનીય મોદી સાહેબ અને ગુજરાત સરકારશ્રીના સહયોગથી સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ વગેરે સ્થળોએથી શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ૧૦૦૬ ટ્રેનો દ્વારા ચૌદ લાખ ચોસઠ હજાર ચાર સો ત્રણ આંતરારાજ્ય મજૂરોને તેઓના વતન જેવાં કે યુ.પી. બિહાર, ઓરિસ્સા, ઉત્તરાખંડ, છત્તીસગઢ, ઝારખંડ, તમિલનાડુ, જમ્મુ કાશ્મીર, કેરળ અને મધ્યપ્રદેશ જેવા વીસ રાજયોની અંદર સલામત પહોંચાડવામાં આવ્યા હતા. આ બજેટમાં સરકારશ્રીએ કારખાના નજીક આવાસ ઉપલબ્ધ કરાવવા મુખ્યમંત્રી ઔદ્યોગિક શ્રમયોગી ઇન્ડસ્ટ્રિયલ હાઉસિંગ આવાસ યોજના અમલમાં મૂકી છે તે બદલ આ સરકારશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. રાજયના ઔદ્યોગિક વિકાસ સાથે સાથે સર્વિસ સેક્ટરોનો વિકાસ થવો જરૂરી છે. જેના દ્વારા લાખોની સંખ્યામાં રોજગારની તકો ઉપલબ્ધ થાય છે. આથી યુવાનોને ઉચ્ચ કક્ષાની તાલીમ અને શિક્ષણ આપવા દેશની સર્વપ્રથમ સર્વિસ સેક્ટર યુનિવર્સિટી નિર્માણ કરવાનો રાજય સરકારે જે નિર્ણય કર્યો છે, તે બદલ રાજય સરકારને હું અભિનંદન આપું છું. મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના હેઠળ એક લાખ એપ્રેન્ટિસોને સહાય આપવા માટે ત્રેપ્પન કરોડની જોગવાઇ કરવામાં આવી છે તે બદલ પણ હું ગુજરાત સરકારને અભિનંદન આપું છું. મારા કરજણ વિધાનસભાની વાત કરૂં તો, છેલ્લા ૨૦ થી ૨૫ વર્ષમાં ઉદ્યોગ ક્ષેત્રે હરણફાળ વિકાસ થઇ રહ્યો છે. અત્યાર સુધી જી.આઇ.ડી.સી.ની આજુબાજુ ૬૭૫ કંપનીઓ આવેલ છે અને કરજણની અંદર ૫૦ થી પણ વધારે ફેક્ટરીઓ આવેલી છે તેમજ અત્યારે મોટા મોટા ૧૦ ઇન્ડસ્ટ્રિયલ પાર્કોનું કામ ચાલુ છે. આ આવવાથી મને વિશ્વાસ છે કે આવનારા દિવસોમાં અનેક ઘણી રોજગારી મળવાની છે તે બદલ ગુજરાત સરકારની ભારતીય જનતા પાર્ટીનો હું આભાર માનું છું. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે વિકાસની ભાવનાથી મારા વિસ્તારમાં આવેલાં યાત્રાધામો જેવાં કે, પોર-નારેશ્વર, માલસર, વ્યાસ બેટ, કુકર, મોટી કુરલ અનસોયા વગેરેને જોડતા રસ્તાઓ તેમજ યાત્રાળુઓને જે કાંઇ જરૂરિયાત હતી એ ઊભી કરી બહુ મોટી રોજગારીની તકો ઊભી થવાની અને ત્યાં લોકોને રોજગારી મળવાની આશા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય નીતિનભાઇ પટેલ સાહેબે ગયા અઠવાડિયે મારા વિસ્તારની અંદર નર્મદા પરિક્રમાના યાત્રાળુઓ અને નર્મદાને જોડતા તમામ યાત્રાધામોને જોડતો એક નવો બ્રિજ આપી અને ટૂંક સમયમાં એની ટેન્ડર પ્રક્રિયા થશે તેવી મને ખાતરી આપી અને અમારા નર્મદા પરિક્રમા કરતાં જે યાત્રાળુઓ છે, તેઓને પણ ૧૫ થી ૨૦ કિલોમિટર જે ઘેરાવ પડતો હતો અને કબીર વડ અને નારેશ્વર જેવા યાત્રાધામોને જોડતો બ્રિજ સહેલાઇથી અવરજવર માટે થશે અને લોકોને ત્યાં રોજગારી મળશે એવી ચોક્કસ મને ખાતરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમિકો અને ઔદ્યોગિક કામદારો માટે ગો ગ્રીન શ્રમિક યોજના અંતર્ગત દ્વિ-ચક્રી વાહનો ખરીદવા માટે ૧૦ કરોડની જોગવાઇ કરી છે. જેમાં વાહનોની ખરીદીના ૩૦ ટકા અથવા રૂપિયા ત્રીસ હજારની રકમ સહાય પેટે ચૂકવવામાં આવે છે. શ્રમયોગીઓને સ્પર્શતા સૌથી સંવેદનશીલ લઘુતમ વેતન ધારાના અમલીકરણ માટે તા.૧૪-૧-૨૦૨૦ થી તા.૩૧-૩-૨૦૨૦ દરમ્યાન ૩૯૮૭૦ શ્રમયોગીઓને શ્રમ વિભાગના નિરીક્ષકોની કામગીરીથી ૯૭, ૧૧, ૦૨,૮૧૮ ની રકમ લઘુતમ વેતન ધારાના તફાવત પેટે ચૂકવવામાં આવી છે.

સભાપતિશ્રીઃ માનનીય અક્ષયભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી હિંમતભાઇ પટેલ.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગારની માગણીઓ પર હું મારા વિચારો રજૂ કરું છું. ખાસ કરીને ગુજરાત ધંધા-રોજગારની અંદર ખૂબ વિકસિત રાજય છે. સાથે સાથે ધંધા રોજગાર વધે, વિકાસ થાય એ આપણે સૌ ઇચ્છીએ છીએ. આની સાથે સાથે શ્રમજીવીઓ, કામદારો, અસંગઠિત મજૂરો એ બધાને પણ રોજગારી મળે એની ચિંતા કરવાની આપણા સૌની જવાબદારી છે. હું આપના માધ્યમથી સરકારશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આપણે સભાગૃહમાં બેઠેલા તમામ સભ્યશ્રીઓ જાણીએ છીએ કે દર વર્ષે લાખો યુવાનો ગ્રેજ્યુએટ થાય, નોન-ગ્રેજ્યુએટ હોય અને શિક્ષિત બનીને બહાર

આવતા હોય છે. રોજગાર કચેરીની અંદર લાખો યુવાનો નામો પણ લખાવતા હોય છે, લાખો યુવાનો નામ લખાવતા પણ નથી. આજે જયારે તેઓ શિક્ષિત બન્યા હોય, રોજગારી માટે, ધંધા–રોજગાર અને કામ–ધંધા માટે પ્રયત્નો કરતા હોય પણ એમને સફળતા મળતી નથી, રોજગારી મળતી નથી એના કારણે યુવાનોમાં હતાશા વ્યાપી જાય છે અને કેટલાક યુવાનો બેકારી અને બેરોજગારીથી કંટાળીને આત્મહત્યા સુધીનું દુઃખદ પગલું ભરતા હોય છે. ત્યારે આવી પરિસ્થિતિની અંદર આશરે આ જે રાજયની અંદર ૨૫ થી ૩૦ લાખ બેકારી અને બેરોજગારીનો સામનો કરી રહ્યા છે. આ બધાની રોજગારીના પ્રશ્ને સરકારે ચિંતા કરવાની ખૂબ જરૂર છે. આજે બેરોજગાર યુવાનો માટે નીતિઓ બનતી હોય છે, કાયદા બનતા હોય છે. શિક્ષિત બેરોજગારોને ધંધા–રોજગાર મળે તે માટે લોન લેવાની પણ સરકાર જાહેરાતો કરતી હોય છે, પરંતુ જયારે આ લોકો બેંકોમાં લોન લેવા માટે જાય ત્યારે ફોર્મ ભરતા હોય છે અને બેંકોમાં ધક્કા ખાતા હોય છે. બેંકોની અંદર પણ એમને કોઇ સાંભળતું નથી અને એમને લોન મળવી જોઇએ એ પણ મળતી નથી અને ત્યાં પણ એમને નિરાશા મળતી હોય છે. અત્યારે રાજયમાં આઉટસોર્સિંગ અને કોન્ટ્રાકટ પ્રથા ચાલી રહી છે એમાં પણ યુવાનોનું શોષણ થાય છે જયારે કોન્ટ્રાકટરો લાખો અને કરોડો રૂપિયા કમાય છે. આ આઉટસોર્સિંગ પ્રથામાં યુવાનોનું શોષણ થાય છે પૂરતી રોજગારી મળતી નથી અને જે મળે છે તો એને ગમે ત્યારે નોકરીમાંથી કાઢી મૂકવામાં આવે છે. આવી અનેક મુશ્કેલીઓનો સામનો એ કરતો હોય છે. આઉટસોર્સિંગમાં લાખો અને કરોડો રૂપિયાના કૌભાંડ બહાર આવ્યા છે. ગેરરીતિ અને ભ્રષ્ટાચાર પણ કરતાં હોય અને યુવાનોને રોજગારીથી વંચિત રાખતા હોય છે.

આપણા રાજયમાં શ્રમિક બોર્ડ બનાવવામાં આવ્યું છે એમાં ૩ હજાર કરોડ કરતાં વધુ ફંડ પડ્યું છે પરંતુ શ્રમિકોના કલ્યાણ માટે એમના પરિવાર માટે કે એમના બાળકો માટે સરકાર કોઇ પણ કાર્ય કરતી હોય તેવું દેખાતું નથી એ પણ મોટી મુશ્કેલી છે. સરકાર યોજનાઓ બનાવે છે પણ એનો અમલ થાય એ જરૂરી છે.

સાથે સાથે મારે એ પણ જણાવવું છે કે અમારી કોંગ્રેસ સરકાર હતી ત્યારે ગામડાંના લોકો માટે સો દિવસની રોજગાર ગેરન્ટી યોજના લાવી હતી અને એ પ્રમાણે રોજગારી આપવામાં આવે છે પરંતુ આજે શહેરોમાં પણ એવી જ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. જે બેકાર યુવાનો છે એમને બેકારી ભથ્થું આપવાની પરિસ્થિતિ ઊભી થઇ છે. એક તરફ મોંઘવારી, બેકારી અને બેરોજગારીનો પરિવારો સામનો કરતા હોય ત્યારે બેરોજગાર યુવાનોને બેકારી ભથ્થું આપવાની સરકારની જવાબદારી છે. એકબાજુ કોરોના મહામારી, બેરોજગાર યુવાનો એના કુટુંબીઓ સામનો કરી રહ્યા હોય ત્યારે એમને બેકારી ભથ્થું મળે તેવી મારી વિનંતી છે. સાથે સાથે લઘુત્તમ વેતન અત્યારે આપવામાં આવે છે એ ઘણું ઓછું છે તો એમાં પણ વધારો કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગાર તેમજ પ્રવાસન અને મત્સ્યોદ્યોગ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે તેના સમર્થનમાં અને શ્રમ અને રોજગારની માગણી ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

રાજયના ઔદ્યોગિક વિકાસના કરોડરજ્જુ સમાન કારીગરો અને શ્રમિકો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. અનેક પ્રકારની કલ્યાણકારી યોજનાઓ છે એના અંગે વાત કરું તો શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમિકો માટે અનેક કામો થયા છે. એમના માટે તાલીમ વર્ગો પણ ચાલુ કરવામાં આવ્યા છે. શ્રમિકોની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ચિંતા કરી છે તેવી અગાઉની કોઇપણ સરકારે કરી નથી. હું શ્રમ અને રોજગાર વિભાગના બિલ્ડિંગ કસ્ટ્રકશન બોર્ડમાં સભ્ય તરીકે હતો ત્યાં શ્રમિકો માટે કેવી કેવી તાલીમની વ્યવસ્થા તથા બીજી શું શું યોજનાઓ બહાર પાડી છે એ કહેવા માગું છું. હમણાં માનનીય સભ્યશ્રી હિંમતસિંહજીભાઇ વાત કરતા હતા કે ત્રણ હજાર કરોડ ઉપરાંતનું ભંડોળ પડ્યું છે છતાં શ્રમિક બોર્ડમાં કોઇ યોજના અમલમાં નથી એના માટે કામ કર્યું નથી. હું એમના ધ્યાન ઉપર મૂકવા માગું છું. આ બિલ્ડિંગ કસ્ટ્રકશન બોર્ડ દ્વારા ઘોડિયાઘરની વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રમિકો સાઇટ ઉપર કામ કરતાં હોય છે ત્યારે બહેનો પોતાના નાના દીકરા કે દીકરીને ઝાડની ડાળે લૂંગી બાંધીને એમાં બાળકને સુવડાવતી હોય છે એની ચિંતા કોઇ સરકારે કરી ન હતી પરંતુ આ સરકારે કરી છે અને એમના માટે ઘોડિયાઘરની વ્યવસ્થા કરી છે. શ્રમિકો માટે આ સરકારે ટિફિન વ્યવસ્થા કરી છે.ગરીબ માણસો હોય તો એમને ટિફિન પણ બોર્ડ દ્વારા આપવામાં આવે છે. હું તામિલનાડુના પ્રવાસે ગયો હતો ત્યાંથી પરત આવ્યા બાદ બોર્ડમાં સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો કે શ્રમિકો માટે કંઇક કરવું પડે એટલે અમે દસ રૂપિયામાં ભોજન આપવા માટે અન્નપૂર્ણા યોજના શરું કરી. જેમાં ૩૦ રૂપિયા ખર્ચ થાય તેમ છતાં દસ રૂપિયામાં શ્રમિકને ભોજન આપવામાં આવે છે. આવી અનેક પ્રકારની ટિફિનની અને ભોજન સાથેની વ્યવસ્થા ગુજરાતભરમાં કરવામાં આવી છે. શ્રમિકોના આરોગ્ય માટે આ બોર્ડ દ્વારા જે ચિંતા કરવામાં આવી એ ધન્વંતરિ રથ અંદાજે ૨૫ થી ૩૦ ધન્વંતરિ રથ ખરીદવામાં આવ્યા. તેના દ્વારા શ્રમિકોના સ્લમ વિસ્તારની સોસાયટીઓ, જે પછાત વિસ્તાર કહેવાય ત્યાં ડોક્ટરોની ટીમો દ્વારા જઇને શ્રમિકોના આરોગ્યની જાત ચકાસણી કરવામાં આવી. જે જે દવાઓની જરૂરિયાત હોય, લેબોરેટરીની જરૂરિયાત હોય, બાટલા ચડાવવાની જરૂરિયાત હોય, શ્રમિક અશક્ત હોય તો અશક્તિ દૂર થાય તેના માટેની વ્યવસ્થા આ બોર્ડ દ્વારા કરવામાં આવી છે. આ પ્રમાણે અનેક યોજનાઓ બોર્ડ દ્વારા મૂકવામાં આવી છે. હું તેનો તાજનો સાક્ષી છું. બીજું, પ્રસૂતિ સહાય. જે શ્રમિક બહેન હોય, પ્રસૂતિ સહાય હેઠળ બાંધકામમાં કોઇ શ્રમિક મહિલા નોંધાયેલ હોય તો તે બહેનને ૨૫૦૦ રૂપિયા શરૂઆતમાં તેના પોષણ માટે અને ૫,૦૦૦ રૂપિયા ડિલિવરી પેટે એમ કરીને બે ડિલિવરીના ૭૫૦૦–૭૫૦૦ રૂપિયા શ્રમિકોને આપવામાં આવી રહ્યા છે. કોઇ શ્રમિકની પત્ની હોય, શ્રમિક નોંધાયેલો હોય પણ તેની પત્ની નોંધાયેલી ન હોય તો તેને પણ આ પ્રકારે બે ડિલિવરી સુધીની સહાય આપવામાં આવે છે. શ્રમિકને ત્યાં દીકરીનો જન્મ થાય તો તેને ભાગ્યલક્ષ્મી બોન્ડ દ્વારા તેની ૧૮ વર્ષની ઉંમર થાય ત્યારે ૧૦,૦૦૦ રૂપિયાનો બોન્ડ આપવામાં આવે છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમિકોની આ સરકારે ખૂબ જ ચિંતા કરી છે તે બદલ હું આ સરકારના સંવેદનશીલ મુખ્યમંત્રી આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રી આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબ તેમજ શ્રમ અને રોજગાર વિભાગના મંત્રી આદરણીય શ્રી દિલીપજી ઠાકોર સાહેબને લાખ લાખ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીને કહેતા મને ગર્વનો અનુભવ થાય છે કે ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન ડિસેમ્બર–૨૦૨૦ના અંત સુધી અંદાજે ૩૯૬ લાભાર્થીઓ માટે ૩૨ લાખ ઉપરાંતની સહાય ચૂકવવામાં આવી છે. પ્રસૂતિ સહાય યોજના હેઠળ ડિસેમ્બર–૨૦૨૦ સુધીમાં ૬૩૩ લાભાર્થીઓ માટે ૩૪ લાખ રૂપિયા ઉપરાંતની સહાય ચૂકવવામાં આવી છે. કોરોનાની મહામારીમાં શ્રમિકો પોતાના વતન જઇ શકતા નહોતા. વતન જવા માટે હિંદુસ્તાનની સૌથી લાંબી ટ્રેન જે કહેવાય અંદાજે ૫૫૯ શ્રમિક ટ્રેન મારફત ૮,૧૨,૫૨૧ શ્રમિકોને ઉત્તર પ્રદેશ મોકલવામાં આવ્યા. તેમાં સૌથી લાંબી ટ્રેન દ્વારા અંદાજે ૨૫૦૦ કિલોમીટરનું અંતર કાપીને વડોદરાથી મણીપુર ૯૩૨ શ્રમિકો માટે દોડાવવામાં આવી. રાજ્યના ૩૨ જિલ્લાઓના વહીવટી તંત્રના સંકલનથી આ કામગીરી કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. આ વિભાગ એ રોજી–રોટી આપવાનો વિભાગ. આપણા તો અર્વાચીન ભજનોમાં પણ કહ્યું છે કે 'અખંડ રોજી હરિ તારા હાથમાં. વાલો મારો નથી એ દૂબળો.' અખંડ રોજી આપવાની જે વાત છે એ અર્વાચીન ભજનોમાં રોજગારી મળી રહે તે માટેની આરાધના ભગવાન પાસે કરવામાં આવતી. આજે એ વિભાગ જેના હાથમાં છે, એ પુણ્યશાળી છે. એ પોતાના જીવનના ભવોભવના ફેરા ટાળવા માટેનું પુણ્યશાળી કામ જ્યારે તેને મળ્યું હોય તો તે કામ તેણે ખૂબ દિલથી કરીને શ્રમિકોને મદદ કરવાની તેમનામાં ભાવના હોય એ આ તબક્કે આપણે સૌ ઇચ્છીએ. આ વિભાગને અનેકવાર પ્રશ્ન કરવામાં આવ્યા. જે જે વિશાળકાય કંપનીઓ આજે આપણને રોજગારી આપે છે તેમાં ખાસ કરીને મારા જામનગર જિલ્લામાં વિશાળકાય કંપનીઓ સ્થાપવામાં આવી ત્યારે મુખ્ય બાબત રોજગારીની હતી. એકબાજુ એમને જમીનો આપવામાં આવી હતી અને બીજી બાજુ રોજગારીની ચિંતા હતી ત્યારે આ કંપનીઓએ કમિટમેન્ટ કર્યું હતું કે તેઓ સ્થાનિક ૮૫ ટકા લોકોને રોજગારી આપશે. પણ આજે જોવા જઇએ તો ૮૫ ટકાને રોજગારી આપવામાં આવી નથી. તેમનું પ્રદૂષણ તો સ્થાનિક લોકો ભોગવે છે. પાતાળમાં ગંદુ પાણી નાખવામાં આવે છે એના કારણે પાતાળનું પાણી પીવાલાયક રહેતું નથી અને ગંદુ થાય છે. સ્થાનિક લોકોને આ બધું ભોગવવું પડે છે અને સ્થાનિક લોકોને રોજગારી પણ મળતી નથી. આ ખૂબ ચિંતાનો વિષય છે. એટલા માટે મારે જામનગર જિલ્લાની વાત કરવી છે. આજે ત્યાં શિક્ષિત બેરોજગારો ૧૪,૨૬૮ છે. છેલ્લા બે વર્ષમાં માત્ર ૭૯ ને નોકરી આપી છે. ખૂબ મોટો ફેરફાર જોવા મળે છે પણ મારે આંકડાઓમાં નથી જવું. આ રોજગાર વિભાગ કદાચ ભારતમાં આઝાદી પછી એકવાર ગરીબોને યાદ આવ્યો હશે, ૨૩મી માર્ચ, ૨૦૨૦ ના રોજ અચાનક ભારતમાં લોક ડાઉનની જાહેરાત થઇ. ગરીબ અને શ્રમિકોને ખબર ન હતી. અચાનક ચારેબાજુ બારણા બંધ. ગરીબ લોકોને તક પણ ન આપવામાં આવી. ક્યાં જવું? બહારના રાજ્યના લોકો ખેતરોમાં રોજગારી માટે પોતાનું પેટિયું રળવા આવ્યા હતા અને અચાનક એના કોઇ માઇ–બાપ નહિ અને રસ્તે રઝળતાં થઇ ગયાં. ૧૨૦૦ કિલોમિટર સુધી પોતે પગપાળા ચાલીને જાય, એને ખાવાના અને પાણી પીવાના ઠેકાણા નહિ અને આપણે વાતો કરીએ કે અમે શ્રમિકોની ચિંતા કરવાવાળા છીએ? આ સમયે આપણે જોઇએ તો એવું લાગે કે આ શ્રમિકોનું, ગરીબોનું કોઇ નથી. માત્ર એનું કોઇ ધ્યાન રાખવા વાળું હોય તો એ ભગવાન છે. ભગવાનના ભરોસે આ શ્રમિક પ્રજા જીવી રહી છે. આ શ્રમિક વિભાગ જેણે ગરીબોની ચિંતા કરવી જોઇએ એ કરી નથી. આપ જાણો છો કે અનેક લોકો પગપાળા ચાલતા ચાલતા મૃત્યુને ભેટ્યા છે. આ ખૂબ ચિંતાનો વિષય હતો. આપણે બીજા આંકડાઓમાં ચણા અને દાળ આપી એ બધી વાતો કરીને સંતોષ માનીએ છીએ. પણ જેને જરૂરિયાત હતી એને આપણે કશું આપી શક્યા નથી. એની વેદના આપણે ટી.વી.માં જોઇ છે, સોશિયલ મિડિયામાં જોઇ છે. શ્રમિક માણસ પોતે પોતાના ઘર સુધી પહોંચવા આખું ગીત બનાવીને રજૂ કરે છે કે સરકાર મને મારા ઘર સુધી પહોંચાડી દે એ પ્રકારનું જ્યારે વાતાવરણ ઉભું થયું.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પોતાના વિભાગો ઉપરની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં ખાસ કરીને મત્સ્યોદ્યોગ અને શ્રમ અને રોજગાર વિભાગમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગની વાત કરીએ તો હમણાં સોશિયલ મિડિયાના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રીનો એક વિડિયો જોયો. એમાં એમણે બહુ સ્પષ્ટપણે કહ્યું છે કે ગયા વર્ષે ૯ લાખ ટન જેટલી માછલીનું ઉત્પાદન થયું. ખૂબ સારી વાત છે. એવું કહી શકાય કે વિદેશી હૂંડિયામણ કમાવી આપતો સૌથી મોટો વ્યવસાય કદાચ આને કહીએ તો મારો હિસાબે ખોટું નથી. પણ ઇન્ફ્રાસ્ટ્રકચરની સુવિધાના હિસાબે આવા વ્યવસાયો અથવા આવા વ્યવસાયો જે બંદરો ઉપરથી થઇ રહ્યા છે એ વાજબી નથી અને એટલે જ કદાચ ત્યાંના લોકો હાલાકી ભોગવી રહ્યા છે. ગત બજેટમાં પણ માનનીય મંત્રીશ્રીએ જુદા જુદા ફિશિંગ બંદરોના ડેવલપમેન્ટની વાત કરી હતી ત્યારે પણ મેં ધ્યાન દોર્યું હતું કે મારા જાફરાબાદ બંદરનો સમાવેશ કરી દેવામાં આવે. પણ એ સમાવેશ થયો નહિ અને આ વર્ષે પણ આમાં ઉલ્લેખ નથી. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આવતા વર્ષે ભૂલ્યા વિના મારા જાફરાબાદની સ્થિતિને ધ્યાને લઇ એનો વિકાસ થાય એના માટે સરકાર કટિબદ્ધ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, મારા જાફરાબાદ બંદરની વાત કરું તો ત્યાં ડ્રેજિંગની સુવિધાનો અભાવ છે, જેટીની સુવિધા લંબાવવાનો અભાવ છે. જે રીતે રોડ ઉપર ૧૦૮ એમ્બ્યુલન્સ ચાલે છે એવી રીતે દરિયાઇ પટ્ટી ઉપર અને દરિયામાં બોટ એમ્બ્યુલન્સ શરૂ કરવામાં આવે તો મદદરૂપ થઇ શકાય એવું છે. એટલે હું વિનંતી કરી રહ્યો છું કે આ વિસ્તાર માટે અને આવા વ્યવસાયો માટે પણ સરકારશ્રીએ કટિબદ્ધ થઇને આગળ જવું જોઇએ. પાછલા થોડા વર્ષોના આંકડા લેશો તો ખાસ કરીને મારા

જાફરાબાદમાં જેટીની લંબાઇ ઓછી હોવાના કારણે અને ડ્રેજિંગ ઓછું થવાના કારણે બે સમાજ વારંવાર અંદરો અંદર ઝઘડ્યા છે અને એક સમાજ પણ વારંવાર અંદરો અંદર ઝઘડ્યા છે તો એના મૂળમાં આ કારણો છે તો શા માટે જેટીની લંબાઇ વધે એવી વ્યવસ્થા હું અને તમે ના કરીએ? શા માટે નિયમિત રીતે ડ્રેજિંગ જાફરાબાદ સહિત આખાય ગુજરાતના બધાય બંદરોમાં થાય એના માટે હું અને તમે મહેનત ના કરીએ? એટલા માટે હું વિનંતી કરું છું કે જો ઝઘડાઓ સમી જતા હોય અને શાંતિથી લોકો રહી શકતા હોય તો ચોક્કસપણે આ બાબતમાં કંઇ કરવું પડે. ભારતીય જનતા પાર્ટીનું એક સૂત્ર છે – ''સૌનો સાથ, સૌનો વિકાસ, સોનો વિશ્વાસ'' સૌનો સાથ, બરાબર છે પણ સૌનો વિકાસ ગોટે ચઢ્યો છે. એટલે વિકાસના બદલે ''સૌનું કલ્યાણ''શબ્દનો ઉપયોગ કરવામાં આવશે તો ચોક્કસ ઘણી બધી બાબતોમાં સમાવેશ થઇ શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વધુ સમય ન લેતા શ્રમ અને રોજગાર વિભાગની બાબતમાં વધુ ન કહેતા કોઇપણ દેશનું, રાષ્ટ્રનું કે સમાજનું જો કોઇ ચાલક બળ હોય તો આ દેશનો અને રાજ્યનો યુવાન શ્રમિક છે. યુવાન નોકરી અને ધંધાના હિસાબે હાલાકી ભોગવી રહ્યો છે ત્યારે એવી યોજનાઓ લઇને આવે જેથી કરીને હર હાથ કો કામ મિલે. ભૂતકાળની અંદર જેટલા ઉદ્યોગ ગૃહો સ્થપાયા એના મૂળમાં હતું કે સ્થાનિક લોકોને રોજગારી મળે. આજે રોજગારી શબ્દ ભૂલાયો છે અને ઉદ્યોગને પ્રોત્સાહન વધતું ગયું છે ત્યારે આવનારા સમયની અંદર પણ મારા વિસ્તારની જી.એચ.સી.એલ. કંપનીમાં જે (અંતરાય) ૮૦૦૦ લોકો કામ કરે છે. (અંતરાય)

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય પ્રદ્યુમનસિંહ જાડેજા.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય મંત્રીશ્રી પ્રવાસન વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને મારા વિચાર રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે કચ્છમાં પ્રવાસ માટે ધોળાવીરાની હજારો વર્ષથી જૂની જગ્યા પરંપરાગત હતી એને ભારતીય જનતા પાર્ટીની સરકારે આ જગ્યાને ઊજાગર કરી. જેથી દેશ–વિદેશના પ્રવાસીઓ અત્યારે લાભ લઇ રહ્યાં છે. એવી જ રીતે વ્રજવાણી આહીર સમાજના ઇતિહાસનો પણ સરકાર દ્વારા ખૂબ વિકાસ થઇ રહ્યો છે અને અત્યારે પ્રવાસીઓ ખૂબ લાભ લઇ રહ્યાં છે. એવી જ રીતે કંથકોટ પહાડ ઉપર કિલ્લો છે એનો પણ સરકાર દ્વારા અત્યારે વિકાસ થઇ રહ્યો છે અને ખૂબ પ્રવાસીઓ એનો લાભ લઇ રહ્યાં છે. એવી જ રીતે કાળા ડુંગર રણમાં ઇન્ડિયા ગેટની બાજુમાં આવેલું છે ત્યાં કાળા ડુંગરમાં ગુરુ દત્તાત્રેયનું મંદિર છે ત્યાં આજની તારીખમાં સાંજે આરતીના સમયે શિયાળ લોગ લોગ કરે છે અને પ્રસાદી લેવા આવે છે. સફેદ રણ તો હજારો વર્ષથી છે પણ જો આજે દેશ–વિદેશમાં પ્રખ્યાત થયું હોય તો આપણા વડાપ્રધાન શ્રી મોદી સાહેબના કારણે અને અભિતાભ બચ્ચને પણ કહેવું પડે કે ''કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા'' આજે ગુજરાતના મુખ્યમંત્રી અને ઉપમુખ્યમંત્રી અને મંત્રીશ્રી જવાહરભાઇ ચાવડા સાહેબ અને મંત્રીશ્રી વાસણભાઇ આહિર સાહેબનો ખૂબ જ સાથ–સહકાર છે. અમારા રણમાં એક હાજીપીરની જગ્યા છે. ત્યાં હિન્દુ–મુસ્લિમ તમામ પ્રવાસીઓ જાત્રા કરવા આવતા હોય છે તેમજ મોટામાં મોટું કચ્છમાં યુદ્ધ થયું એનો પણ પ્રવાસીઓ માટે વિકાસ થઇ રહ્યો છે અને ખૂબ પ્રવાસીઓ લાભ લઇ રહ્યાં છે. લખપત તાલુકો એ હિન્દુસ્તાનનો છેડો છે ત્યાં પણ ગુરુ નાનકજીની જગ્યા છે અને ઘોષ મહમ્મદનો કુબો છે એના માટે સરકારશ્રીએ ખૂબ ગ્રાન્ટ ફાળવી છે અને અત્યારે ખૂબ પ્રવાસીઓ લાભ લઇ રહ્યાં છે. આપણા ચારધામમાં એક ધામ કોટેશ્વર પાસે આવેલું નારાયણ સરોવર કહેવાય એના માટે પણ સરકારે ૩૦ કરોડ રૂપિયા ફાળવી જાત્રાળુઓ માટે ખૂબ સારી સુવિધા ઊભી કરી છે. નારાયણ સરોવરમાં પણ નર્મદાનું પાણી પહોંચી ગયું છે અને અમારે ત્યાં આવેલા તળાવો છે એમાં પણ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા સાહેબ પાણીથી ભરી આપશે એવી અમને ખાતરી છે. અમારો કચ્છનો ગિરનાર કહેવાય ધીણોદ્ધર જે સોપરી ઉપર ઊંધે માથે સંતે ૧૨ વર્ષ તપ કરેલું જે એ ધીણોદ્ધર થાન જાગીર કહેવાય એના માટે પણ પ્રવાસન દ્વારા ખૂબ પૈસા ફાળવેલા અને ખૂબ જાત્રાળુઓ અત્યારે લાભ લે છે. અત્યારે ટેલર છે પણ તે જમાનામાં ચાર પાયાવાળા ટેલર, રથ આજની તારીખમાં હાજર છે. ઘણા બધા મુલાકાત લે છે તેમજ કેન્દ્રીય મંત્રીશ્રી હિરાણીસાહેબ અને અમારા મંત્રીશ્રી જવાહરભાઇ ચાવડા સાહેબ તમારા નિરોણામાં અત્યારે રુગ્નાથ શિખર ઊભું કરવામાં આવ્યું છે એના લીધે ખૂબ રોજી રોટી મળી છે અને ખૂબ પ્રવાસીઓ લાભ લઇ રહયા છે. જેમ નળસરોવર છે એવી રીતે છારીઠંડ કહેવાય. અનેક પક્ષી દેશ–વિદેશથી આવે છે અત્યારે આપણા રાજ્યપાલશ્રી પણ ત્યાં આવ્યા હતા એમણે પણ કીધું કે ઐસા પક્ષી અલગ અલગ જાતકા કભી નહિ દેખા હૈ, બહુત સુંદર જગ્યા હૈ તો એની પણ રાજયપાલશ્રીએ સારી નોંધ લીધી હતી. માતાના મઢ અમારા કચ્છની ઘણિયાણી કહેવાય એના માટે અત્યારે શ્રી રૂપાણી સાહેબની સરકાર, શ્રી નીતિનભાઇની સરકાર, ભારતીય જનતા પાર્ટીની સરકારે ૨૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે અને ખૂબ વિકાસના કામ કરી રહ્યા છે. અમારે પૌરેશ્વર મહાદેવનું મંદિર બહુ ઐતિહાસિક છે એના માટે અમારા પ્રભારી મંત્રી શ્રી દિલીપભાઇ ઠાકોર સાહેબ દ્વારા એનું પણ સારું કામ કરવામાં આવ્યું છે. ખૂબ પ્રવાસીઓ ત્યાં આવી રહ્યા છે. દલિત સમાજની એક જગ્યા જે મતિયાદેવની કહેવાય એના માટે પણ સરકારશ્રી તરફથી ખૂબ વિકાસના કામો થયા છે અને ખૂબ પ્રવાસીઓ આવી રહ્યા છે. જે અબડાસાનું નામ પણ પડયું અબડાજામ, અબડાજામની જગ્યાનો પણ વિકાસ થઇ રહ્યો છે. મુસ્લિમ સમાજની ૧૪૦ દીકરીઓ અબડાજામના શરણે આવી હતી અને જયારે એની ઉપર આફત પડી ત્યારે એણે કીધું જમીન માતા જગ્યા દેશે, તમે જગ્યામાં સમાઇ જજો એ આજની તારીખમાં સુમરીદાઢીની જગ્યા ૧૪૦ દીકરીઓ જમીનમાં સમાઇ ગઇ એ જગ્યાનો લાભ પ્રવાસી ખૂબ લઇ રહ્યા છે. પિંગલેશ્વર મહાદેવ અબડાસાના છેડા ઉપર મોટો દરિયો આવેલો છે. એવી જગ્યા આખા દેશમાં કયાંય નથી. એ દરિયાને માંડવીની જેમ બીચ બનાવવામાં આવે તો ખૂબ પ્રવાસીઓ લાભ લે અને અમારો અબડાસા વિસ્તાર પણ એનો ખૂબ લાભ લઇ શકે. જે કચ્છમાં જેસલ તોરલની જગ્યા કહેવાય ત્યાં અંજારમાં અત્યારે અમારા મંત્રીશ્રી વાસણભાઇ અને જવાહરભાઇ ચાવડા દ્વારા એનો ખૂબ વિકાસ થઇ રહ્યો છે. કચ્છમાં અમારા દાદા મેકરણ મોટા સંત થઇ ગયા. ત્યારે રણમાં પાણી અને રોટલા ખવડાવતા. અમારા શ્રી મોદી

સાહેબ અને શ્રી રૂપાણી સાહેબે દેશના છેડે-છેડે નર્મદાનું પાણી પહોંચાડયું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે. એવી જ રીતે આ કળિયુગમાં દલિત સમાજના એક વેલજીદાદા મહેશ્રી મતિયાદેવ હતા. એમણે કીધેલું કે આટલા કલાકે, આટલી મિનિટે, આટલી સેકંડે હું જીવતા સમાધિ લઇશ તો એટલી જ મિનિટે એમણે સમાધિ લીધેલી. તેવી જ રીતે આજે કચ્છનો ભૂજિયો ડુંગર છે ત્યાં શહીદોનું સ્મારક બની રહ્યું છે. દેશ વિદેશથી ઘણા બધા જાત્રાળુ પ્રવાસીઓ આવી રહ્યા છે. કચ્છને પલટવાનું ખૂબ સારું કામ ભા.જ.પા. દ્વારા થઇ રહ્યું છે.

શ્રી કાન્તિભાઇ શા. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સરકારના પ્રવાસન મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. ડાકોર અને ગળતેશ્વરને પ્રવાસન ધામ તરીકે વિકસાવવાના છે. ડાકોરમાં શેઢી નદી આવેલી છે એને ઊંડી અને પહોળી કરવી પડે અને તેના ઉપર એક અમદાવાદ જેવો રિવર ફ્રન્ટ બનાવે તો પ્રવાસીઓને બેસવા માટે ખૂબ જગ્યા મળી રહે. ડાકોર યાત્રાધામ માટે જાહેર રસ્તા ઉપર બહુ દબાણ થઇ ગયેલા છે. ત્યાં જે ચોકડી આવેલી છે ત્યાં બે કલાક જાય છે. આપણા પ્રવાસન મંત્રી આવેલા તો એમણે પણ જોયું હશે કે ૨-૨ કલાક સુધી લાઇનમાં રોડ ઉપર ઉભા રહેવું પડે છે ત્યારપછી જ પસાર થવાય છે. ડાકોરની ચોકડીને પહોળી અને રાઉન્ડમાં કરવી પડે તો જ નિકાલ થાય. છેલ્લા ચાર વર્ષથી ડાકોર ગોમતી ઘાટ ઉપર ધીમી ગતિએ કામ ચાલે છે. એ આજદિન સુધી પૂરું થયું નથી અને એની અંદર મોટામાં મોટો ભ્રષ્ટાચાર થયો હોય એમ લાગે છે. નહિતર ૪-૫ વર્ષ સુધી પૂરું ન થાય એવું ચાલતું હશે? ડાકોરમાં વેપારીઓની દુકાન તુટી ગઇ. બોડાણા સ્ટેચ્યૂથી કપડવંજ રોડ ઉપર જવાનો એક મોટો વેરો છે. તો એમાં અપ-ડાઉન થઇ શકે. આજુબાજુમાં જે લોકોની દુકાનો ગઇ છે તે દુકાનો બની શકે તેવી વ્યવસ્થા થાય તેમ છે. એમને રોજી રોટી મળે તેવી વ્યવસ્થા કરવા મારી ખાસ ભલામણ છે. ડાકોરથી કપડવંજ રોડને થોડો પહોળો કરવામાં આવે તો ડાકોરની મોટામાં મોટી સમસ્યા દૂર થઇ જાય. ડાકોરમાં રોકાવા માટે યાત્રિકોને કોઇ ધર્મશાળા મળતી નથી તો ધર્મશાળા બનાવી આપવા મારી લાગણી અને માગણી છે. એની જગ્યા ગાયકવાડ હવેલી, ડાકોર રણછોડરાય મંદિર પાસે છે, જે સરકારી જમીન છે અને વર્ષોથી એમને એમ નકામી પડી રહી છે. તો તે જગ્યાએ ધર્મશાળા બનાવી આપવા વિનંતી છે. ડાકોરની ચોગડદમ રીંગ રોડ બનાવવા મારી લાગણી અને માગણી છે. ખેડા જિલ્લાનું ફાગવેલ યાત્રાધામ ક્ષત્રિયોનું મોટું ધામ છે. તેનો વિકાસ કરવો જોઇએ. હજારો લોકો ત્યાં આવે છે. દિવાળીમાં મેળો ભરાય ત્યારે લાખોની સંખ્યામાં આવે છે. ફાગવેલથી ખાખરિયા વનનો રસ્તો વિકસાવવા અને બે માર્ગીય રસ્તો બનાવવા મારી માગણી અને લાગણી છે. ગોધરા જતી બધી ટ્રેઇનોને ડાકોર યાત્રાધામનો લાભ મળે એ માટે ત્યાં થઇને જાય તેવી મારી લાગણી અને માગણી છે. ડાકોર યાત્રાધામમાં એક મોટી સિવિલ હોસ્પિટલ બનાવી આપવા ખાસ મારી લાગણી અને માગણી છે.

સભાપતિશ્રી : કાંતિભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. ગત ચોમાસા દરમિયાન ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે માછીમારોને ખૂબ મોટું નુકસાન થયેલ છે. એને મરણતોલ ફટકો પડેલ છે. આ ઉદ્યોગ સાથે માછીમારો સંકળાયેલ હતા, એનો વ્યવહાર ચીન સાથે હતો. ચીનમાં આપણા કન્ટેનરો ગયા. કોરોનાને કારણે ચીનના વેપારીઓએ આ કન્ટેનરો લીધા નહિ. એના હિસાબે ત્યાં પડી રહ્યા. જેથી એ લોકોને અનેકગણું નુકસાન થયું. નુકસાનીની સાથે સાથે જે માલ વેચેલો હતો એના પૈસા આપેલા નથી. આ વેપારીઓને ખૂબ મોટું નુકસાન થયેલ છે. જે કન્ટેનરો ઊભા રહ્યા એ પણ એની અડધી કિંમતે ફરીથી પાછા દેવા પડ્યા. સરકારને સહાય કરવાની વાત નથી કરતો પણ સરકાર આ લોકોને જે નુકસાન થયેલ છે એ નુકસાનીના વળતર પેટે એ વેપારીઓને લોન મળે તેવી વ્યવસ્થા કરો. જેથી કરીને એ લોકો વેપાર ધંધા કરશે તો એ લોકોની ખોટ પૂરી શકશે. મારા વિસ્તારમાં માંગરોળ અને માળિયામાં ૩ જેટી આવેલ છે. એમાં જવાહરભાઇએ એક જેટી ૫ કરોડમાં મંજૂર કરી દીધેલ છે. પણ ૧ જેટી શેરીયાદની છે, એની ખૂબ રજૂઆતો કરેલ છે. એ જેટી અને બીજી શીલની જેટી જો મંજૂર કરી દે, તો આ લોકોને જે હોડીઓ રાખવી પડે છે એ રાખી શકશે. કેમ કે વેરાવળ અને માંગરોળ બંદરે હોડીઓ રાખવા માટે જગ્યા નથી. તો આ ૩ જેટીનું આ વર્ષમાં કામ કરી દે તો વેપારીઓને લાભ થાય તેમ છે. આપણા ખેડૂતો છે, તેમની જમીન બીજા વેપારીઓ ન લઇ શકે તેવી રીતે આ સાગર ખેડૂતો માટે પણ કંઇક કરવા વિનંતી છે. આ સાગર ખેડૂત છે એ મછિયારા, ખારવા સમાજના લોકો છે. અત્યારે પૈસાદાર માણસ, સદ્ધર માણસ છે એ માછીમારી કરવા માંડ્યા છે, જેથી નાના માણસોને ઘણું મોટું નુકસાન થાય. એવું કરવું જોઇએ કે આવા માણસોને બંધ કરવા જોઇએ અને જે દરિયાઇ ખેડૂતો છે એને લાભ આપવો જોઇએ. અમારા વિસ્તારમાં વ્હેલ બચાવો અભિયાન ચાલે છે ત્યારે વ્હેલ જ્યારે જાળમાં ફસાઇ જાય છે ત્યારે એમને ૨૫ હજારનું વળતર આપવામાં આવે છે પણ વ્હેલ એની જાળમાં ફસાઇ છે ત્યારે એની જાળમાં નુકસાન થાય છે અને એ જાળ ફરીથી તૈયાર કરતા આઠ થી દસ દિવસ જેવો સમય લાગે છે એને કારણે એનો ધંધો રોજગાર બંધ થઇ જાય છે અને એ આઠથી દસ દિવસ સુધી એના માણસોને રોજી-રોટી અને પગાર આપવો પડતો હોય છે એ એને પોસાય નહિ. આથી એમને જે વળતર આપવામાં આવે છે એમાં વધારો કરવામાં આવે એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાકિસ્તાન મારફત જે આપણી હોડીઓ લઇ જવામાં આવે છે.

સભાપતિશ્રી : બાબુભાઇ, આપનું વક્તવ્ય પૂરું થાય છે. માનનીય ગુલાબસિંહ રાજપૂત.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગુજરાત રાજ્યના પ્રવાસન અને શ્રમ રોજગાર મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ રોજગાર એ રાજ્યનો મહત્વનો વિભાગ છે. કેમ કે, જો રાજ્યનો શ્રમ અને રોજગાર વિભાગ મજબૂત હશે તો યુવાનો અને શ્રમિકોને પૂરેપૂરો ન્યાય મળી શકશે. આજે ગુજરાતમાં લાખો યુવાનો રોજગારીથી વંચિત છે, ચાહે એ

રોજગાર વિભાગમાં નોંધાયા હોય કે ના નોંધાયા હોય અને શિક્ષિત બેરોજગારો છે એને ગુજરાતની અંદર સરકારી નોકરીઓમાં તકો મળતી નથી પણ ધંધા–રોજગાર કે પ્રાઈવેટ નોકરીઓમાં પણ ગુજરાતના યુવાનોને રોજગારી મળતી નથી. આપણે દરેક ધંધા રોજગારમાં ૮૦ ટકા સ્થાનિક લોકોને રોજગારી આપવાની વાત કરીએ છીએ પણ એ માત્ર ચોપડે નોંધાયેલી વાત છે. ખરા અર્થમાં જ્યારે નોકરી માટે જાય છે ત્યારે ક્યાંકને ક્યાંક ગુજરાતીઓને અને સ્થાનિકોને અન્યાય થાય છે. ઘણા બધા મોટા મોટા ઉદ્યોગો ગુજરાતમાં છે, રિલાયન્સ, અદાણી, એસ્સાર એવી મોટી મોટી કંપનીઓ ગુજરાતમાં આવેલી છે પણ એમાં પણ કોન્ટ્રાક્ટ બેઈઝ પર નોકરીઓ આપવામાં આવે છે અને એમાં પણ બહારના રાજ્યના લોકોને વધુ પ્રાધાન્ય આપવામાં આવે છે અને આપણા ગુજરાતી કે સ્થાનિક લોકોને નોકરીઓની તકો મળતી નથી. પ્રવાસન મંત્રીશ્રીએ ખાસ કરીને ગયે વખતે પણ બજેટમાં કહ્યું હતું કે, અમારા વિસ્તારના યાત્રાધામ તરીકે ગેરા હનુમાનજીનું એક પ્રસિદ્ધ મંદિર છે, ત્યાં આગળ લોકો આસ્થાથી નાળિયેર ચડાવે છે અને એટલો મોટો નાળિયેરનો જાણે પહાડ બની ગયો છે એટલા લોકો આસ્થા સાથે નાળિયેર ચડાવે છે અને શનિવારે તો હજારો પદયાત્રીઓ દર્શને આવે છે. તો એ ગેરા હનુમાનજીના મંદિર ધામનો પણ વિકાસ કરવાની જરૂર છે. ગયે વખતે પણ રજૂઆત કરી હતી અને આ વખતે ફરીથી કહું છું કે, ગેરા ખાતેના આ હનુમાનજીના મંદિરનો અને સંસ્થાનો વિકાસ કરવામાં આવે. એવી જ રીતે વાવની અંદર લખાપીર દાદાનું મંદિર છે એ લખાપીર દાદા ગાયો માટે થઈને વીરગતિ પામ્યા હતા અને લાખો લોકો, ખાસ કરીને વાવ અને થરાદના તમામ સમાજના લોકો પોતાની આસ્થા પૂરી કરવા ત્યાં આવે છે ત્યારે એ મંદિર અને સંસ્થાના વિકાસ માટે પણ સરકાર યોગદાન આપે એવી વિનંતી કરું છું. મારા વિસ્તારમાં ચહેર માતાનું ધામ માંગરોળ ખાતે આવેલું છે એ પણ આસ્થાનું મોટું ધામ છે અને હજારો લોકો ત્યાં દર્શન કરવા આવે છે તો એ વિસ્તારની પણ અને ખાસ કરીને માતાજીના મંદિરની આજુબાજુના વિસ્તારમાં વિકાસ કરવામાં આવે જેથી યાત્રિકોને કોઈ જાતની તકલીફ ન પડે. આમ તો ઘણાં બધા યાત્રાધામોના વિકાસના કામો ચાલે છે પણ અમારે ત્યાં નળા બેટ ખાતે અને બીજા યાત્રાધામોમાં જે વિકાસના કામો ચાલે છે એ કામ પૂરેપૂરા થવા જોઈએ એમાં કયાંય ભ્રષ્ટાચાર ન થવો જોઈએ અને હજુ જે કામો બાકી છે એ બરાબર થાય જેથી યાત્રિકોને સુવિધા મળી રહે. કેમ કે જયારે ત્યાં લાખો લોકો આખું વર્ષ દર્શન કરવા આવતા હોય અને નડા બેટ બોર્ડર જોવા માટે આવતા હોય તો યાત્રિકોને જેમ બને તેમ વધુ સુવિધા મળી રહે એના માટેનું સરકારશ્રી આયોજન કરે એવી હું માનનીય મંત્રીશ્રીને અને સરકારશ્રીને વિનંતી કરું છું.

શ્રી જવાહરભાઈ ચાવડા (પ્રવાસન અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન અને મત્સ્યોદ્યોગની માગણીઓ લઈને આવેલો છું. ગુજરાત રાજ્યમાં પર્યટકો વધારેમાં વધારે આવે અને ગુજરાત રાજ્યને વધારે ફાયદો થાય તેવી ગણતરીથી આપણે કામ કરતા હોઈએ છીએ. છેલ્લાં ઘણાં વર્ષોની મહેનતના કારણે આ થયું છે. છેલ્લાં પાંચ વર્ષનો હિસાબ કરવા બેસીએ તો ૧૩ ટકા વૃદ્ધિદર પ્રવાસન ક્ષેત્રમાં નોંધાયો છે. વર્ષ ૨૦૦૧–૦૨નો આંકડો લઈએ આપણે તો ગુજરાતમાં બાવન લાખ જેટલા પ્રવાસીઓ આવ્યા હતા અને ગયા વર્ષે ૨૦૧૯–૨૦નો આંકડો લઈએ તો ૬.૦૯ લાખ, ટૂંકમાં છેલ્લાં ૨૦ વર્ષની અંદર પ્રવાસીઓની સંખ્યા બાર ગણી વધી ગઈ છે. જો બજેટની વાત કરીએ તો વર્ષ ૨૦૦૧–૦૨માં ફક્ત ૧૨ કરોડ રૂપિયા પ્રવાસનક્ષેત્રને મળ્યા હતા અને આપણા નાણામંત્રીશ્રીની ઉદારતાના કારણે વર્ષ ૨૦૨૧–૨૨માં રૂપિયા ૪૮૭ કરોડની જોગવાઈ કરી છે. ટૂંકમાં ચાળીસ ગણો બજેટમાં વધારો કરવામાં આવ્યો છે. હું નાનો મોટો જૂનાગઢમાં થયો છું. જૂનાગઢ એટલે સિંહની ભૂમિ. અમે એને કેસરી કહીએ, એને ડાલા મથ્થો કહીએ. રાત્રે અમે ઘેર સૂતા હોઈએ ત્યારે એની ગર્જના સાંભળી શકતા હોઈએ છીએ. પણ સિંહનો જૂનો ઈતિહાસ જોઈએ તો સરકાર દ્વારા આપણે લાયન શો કરતા હતા. લાયન શો તે વખતે એવો થતો કે જંગલ ખાતા દ્વારા જ તે જગ્યાએ એક પાડો બાંધવામાં આવતો હતો અને સિંહ શિકાર કરતો હતો એની ટિકિટ લેવામાં આવતી હતી. તે વખતે પચ્ચીસ–પચાસ માણસો ત્યાં શો માં હાજર રહેતા હતા. પચાસ માણસો જોતા હતા. સમય સાથે પરિવર્તન થયું. લાયન શો બંધ થઈ ગયા. ડેડમીટ બંધ થઈ ગયું. હવે આપણે જંગલમાં જઈએ છીએ. વીસ વર્ષ પહેલાં સાસણની અંદર કોઈ માણસ રહેવા ગયો હોય તો ફક્ત ૨૫ રૂમની વ્યવસ્થા હતી. આઠ–દસ રૂમ ભારત સરકારના હતા, આઠ–દસ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના હતા. ચાર–પાંચ રૂમ પ્રાઈવેટના હતા. આ વીસ વરસની અંદર એ ૨૫ રૂમમાંથી અત્યારે ૨૫૦૦ રૂમ પર પહોંચ્યા છીએ. એનું કારણ આપણા મુખ્યમંત્રી તે વખતે શ્રી નરેન્દ્રભાઈ મોદી હતા અને એક કેમ્પેઈન લઈને ચાલ્યા હતા. કુછ દિન ગુજારો ગુજરાતમેં, યે શેર દિલકી ભૂમિ હૈ, યહાં આઈએ. એ અમિતાભ બચ્ચનની એડવર્ટાઈઝના કારણે હજારો સંખ્યામાં માણસો આવવા મંડ્યા છે. અત્યારે વેકેશન ટાઈમની અંદર આ ૨૫૦૦ રૂમ હોવા છતાં પણ ત્યાં રૂમ શોધવા અઘરા થઈ ગયા છે. ત્યાં મોટી રોજગારી ઊભી થઈ ગઈ છે. આવી જ વાત કરવા બેસીએ તો ધોરડો. ત્યાં મનુષ્ય ન જતાં, ત્યાં જાનવર પણ ન જતાં. ખારી ભૂમિ, રેતી, મીઠું. વર્ષ ૨૦૦૫માં પહેલી વાર કચ્છમાં રણોત્સવ યોજવામાં આવ્યો અને તે આયોજન ફક્ત બે દિવસ માટે કરવામાં આવ્યું. ઘણો મોટો ખર્ચ કરવામાં આવ્યો, પણ બે દિવસથી શરૂ થયેલો રણોત્સવ અત્યારે સવાસો દિવસે પહોંચી ગયો છે. છેલ્લાં વરસના આંકડાની વાત કરવા બેસું તો વર્ષ ૨૦૧૯–૨૦ની અંદર ૪.૧૫ લાખ પ્રવાસીઓ ત્યાં આવ્યા હતા. જો રોજગારીની વાત કરવા બેસીએ તો આપના ધ્યાને વાત મૂકવી જરૂરી છે. ટુરિઝમ શું છે? ડબલ્યુ.ટી.ઓ.ના નિયમ પ્રમાણે રોજગારી આપનારો સૌથી મોટો કોઈ બિઝનેસ હોઈ શકે, કોઈ ડિપાર્ટમેન્ટ હોઈ શકે તો એ ટુરિઝમનો છે. ટુરિઝમ ડિપાર્ટમેન્ટનું કામ ખર્ચ કરવાનું છે. ખર્ચમાંથી કેટલી આવક મળશે એ અમારું નથી. રણોત્સવમાં કેટલો ખર્ચો કર્યો? કેટલી આવક થઈ? એ જોવાનું કામ અમારું નથી. અમારું કામ રોજગારી આપવાનું છે. આ રોજગારી આપવાની વાત કરવા બેસીએ તો કચ્છની અંદર છેલ્લે વર્ષ ૨૦૧૯–૨૦માં સીધી રોજગારીના દિવસો જોવા જઈએ તો ૨.૪૦ લાખ દિવસો હતા. આડકતરી રીતે રોજગારીના દિવસો જોવા બેસીએ તો ૧૨ લાખ જેટલા છે અને કુલ રોજગારીના દિવસો જોવા બેસીએ તો ૧૪.૪૦ લાખ છે. આ રોજગારી મળી છે. કચ્છની અંદર આવકનો સ્ત્રોત જોઈએ તો અમે વાર્ષિક ૮ થી ૯ કરોડ રૂપિયાનો ખર્ચ કરીએ છીએ. પણ ૮૦–૯૦ કરોડ રૂપિયાની આવક થતી હોય છે. ફક્ત દૂધના માવાની જો વાત કરવા બેસું તો ૫ (પાંચ) કરોડ જેટલી આવક એના વેચાણમાંથી

થાય છે. ત્યાં છૂપાયેલી સંસ્કૃતિ હતી, આપણી કલા જે હતી, હસ્તકલાઓ હતી, આપણે ત્યાંનું પર્શિયન આર્ટ એ રોબન આર્ટ તરીકે ઓળખાય છે. સાહેબ હું પોતે જોવા ગયો હતો. એક હાથમાં એરંડામાં પડેલો કલર તેમાં મૂકી, ગરમ કરી અને પછી લગાડવામાં આવે અને એ પેઇન્ટિંગ બે હાથે કરવું પડે છે. ઇટ્સ વેરી ડિફિકલ્ટ. અને આ પેઇન્ટિંગ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ જે પેઇન્ટિંગની બે કોપી અત્યારે વ્હાઇટ હાઉસમાં મૌજુદ છે. આપણાં વડાપ્રધાન જયારે વ્હાઇટ હાઉસમાં મળવા ગયા હતા ત્યારે બન્ને વસ્તુઓ ત્યાં આપી હતી અને તેના કારણે ઘણા બધા ફાયદાઓ થવા લાગ્યા છે. ફકત હસ્તકલાની વાત કરવા બેસું તો વાર્ષિક ૮–૯ કરોડની આવક કચ્છમાં ફકત ધોરડો સિટીમાં થઇ છે. આ ભૂજમાં થતી હોય તે અલગ અને આપણી કલાની થતી હોય તે અલગ. એવી જ રીતે ઉત્સવો કરવા માટે આપણે કહેતા હોઇએ છીએ કે સરકાર ઉત્સવ પ્રેમી છે. નહિ સાહેબ, આપણાં ગુજરાતીઓને ઉત્સવો ગમે છે, ઉત્સવો આપણી સંસ્કૃતિ છે, આપણી કલા છે તે આપણી ફરજમાં આવે છે. પતંગ ઉત્સવ કર્યો, આપણે દર વર્ષે કરીએ છીએ પણ આ વર્ષે કોરાનાને કારણે આપણે નથી કર્યો. ગયા વર્ષે કર્યો હતો તો મુલાકાતીઓની સંખ્યા સાડા ત્રણ લાખ થઇ હતી. આપણે ખર્ચ કર્યો હતો ૯ કરોડ અને ૨૪ લાખનો પણ રોજગારી જોવા બેસીએ તો પતંગને કારણે ૯૦ દિવસ માટે એક લાખ માણસોને રોજગારી મળે છે અને વર્ષ દરમિયાન ૨૮ હજાર માણસોને રોજગારી મળે છે. આ રોજગારી આપવાનું કામ અમારા ડિપાર્ટમેન્ટનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલે ધ્યાને મૂકવું છે કે જેમ આપણે આરોગ્યમાં હિસાબ નથી કરતા કે હોસ્પિટલનો ખર્ચો કેટલો થયો છે પણ કેટલી જિંદગી બચાવી તેનો હિસાબ કરીએ છીએ. જેમ શિક્ષણની અંદર એક સ્કૂલમાં કેટલો ખર્ચો થયો, શિક્ષકનો પગાર કેટલો થયો એ નહિ પૂછે પણ બાળકનું ભવિષ્ય સુધારવા માટે ખર્ચો કરતા હોઇએ છીએ તેમ ટુરિઝમ ડિપાર્ટમેન્ટનું કામ કેટલો ખર્ચ નહિ પણ કેટલી રોજગારી પેદા થાય છે તે જોવાનુ કામ અમારૂં હોય છે. એવી જ રીતે આપણે સાહેબ, જોવા બેસીએ તો આમ તો આપણે ત્યાં એક વર્ષથી નવરાત્રિ બંધ છે પણ નવરાત્રિમાં આપણે લગભગ ૯ કરોડ જેવો વાર્ષિક ખર્ચો કરતા હોઇએ છીએ. પર ડે કરોડ જેવો આપણે ખર્ચો થાય છે પણ તેના કારણે ફાયદાઓ શું થાય છે તે તમારા ધ્યાને મૂકવું જરૂરી છે. તેના કારણે આપણાં હેન્ડિક્રાફ્ટનું પુષ્કળ વેચાણ થાય છે. આપણી કલાનો છૂપાયેલો કપડાંનો ટેક્સટાઇલ બિઝનેસ છે તેનું મોટું વેચાણ થાય છે. એક ગરીબ માણસે એક સુખી માણસ માણતો હોય એ વસ્તુ માણવી હોય તો કઇ રીતે માણવી? અમદાવાદમાં નવરાત્રિમાં કલબના ભાવ શું હોય છે ? પાંચ હજાર, દસ હજાર, વીસ હજાર રૂપિયાનો સીઝનનો પાસ હોય છે. એક ગરીબ માણસની પોતાની ઇચ્છા હોય છે કે હું જાઉં અને આ નોરતાં માણી શકું, ગરબા માણી શકું અને જેના કારણે સરકારે આ નવરાત્રિ મહોત્સવ ચાલુ કર્યો છે. ૫૦ હજારથી વધારે માણસો તેમાં ભાગ લે છે અને આવક ગણવા બેસું તો દોઢ થી ત્રણ કરોડની અમારી આવક થઇ શકે છે પણ આવક નહિ આ ગરીબ માણસ સુખી શ્રીમંત માણસની જેમ પોતે ગરબો માણી શકે તે દ્રષ્ટિએ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ વિચાર આપણાં શ્રી નરેન્દ્રભાઇ મોદીનો હતો તેમણે ચાલુ કર્યુ હતું. તેના અલગ અલગ પ્રોજેકટ જોવા બેસીએ તેમાં એક તો સ્ટેચ્યૂ ઓફ યુનિટી સરદાર વલ્લભભાઇ પટેલ આપણાં લોખંડી પુરુષ, તેનું લોખંડનું કાયદેસરનું પૂતળું બનાવવામાં આવ્યું. આપણું વિધાનસભાનું રિપ્રેઝન્ટેશન, ૧૮૨ ધારાસભ્યો અને ૧૮૨ મીટર. હું અહીંયાથી બધાને વિનંતી કરીશ કે એક વખત આપ જાવ. ઇટ્સ એ ટોટલ ડેસ્ટીનેશન. ફર્ક બતાવુ તો એક ફોરેનર હોય અને એક ઇન્ડિયન વચ્ચેનો ટુરિઝમનો વિચારધારાનો ફર્ક બતાવું. હવે જયારે કોઇ ફોરેનર આવતો હોય છે એક specific aim થી આવતો હોય છે. તે સાસણ ગયો હોય, તે ધોરડો ગયો હોય અથવા કોઇ bird sanctuaryજતો હોય. કોઇ ફોરેનર તો સ્પેસિફિક રીઝન માટે આવે છે કે મને બર્ડઝ જોવા છે. તે સવારના સાડા પાંચ વાગ્યે ઉઠીને બર્ડઝ જોવા જાય છે અને ૧૦–૧૨ વાગ્યે પરત આવી અને જમીને બપોરના ૨ કલાક ચોપડી વાંચે છે અને સાંજના પાછો જાય છે એટલે તેને બીજી પ્રવૃત્તિમાં રસ નથી, ટી.વી.માં રસ નથી. આપણે ઇન્ડિયન સંસ્કૃતિ જોવા બેસીએ તો જયારે આપણે ફરવા જતાં હોઇએ છીએ તો આખું ફેમિલી લઇને નીકળીએ છીએ. માં–બાપ ભેગાં હોય, સાસુ–સસરા ભેગાં હોય, ભાઇ–બહેન ભેગાં હોય, પતિ–પત્ની ભેગાં હોય, બાળકો ભેગા હોય એક ગાડી, બે ગાડી, ત્રણ ગાડી ભેગી લઇને ફરતાં હોય છે. અને જેને કારણે આપણો એવો વિચાર હોય છે કે હું ત્યાં જાઉં ત્યાં બધાની વ્યવસ્થા હોવી જોઇએ. મારો બાળક ભેગો છે તો મારા બાળકને મજા આવવી જોઇએ. મારી પત્ની ભેગી હોય તો મારી પત્નીને મજા આવવી જોઇએ. મારા માં–બાપ ભેગાં છે તો ધાર્મિક સ્થાન ત્યાં હોવા જોઇએ આ દ્રષ્ટિએ ચાલતા હોઇએ છીએ અને આ દ્રષ્ટિએ અત્યારે સ્ટેચ્યૂ ઓફ યુનિટીની અંદર કામગીરી ચાલે છે. અલગ અલગ પ્રોજેકટ જોવા બેસીએ તો એની અંદર સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં એટલા બનાવ્યા છે કે તમે બે–ત્રણ દિવસ રોકાવ તો પણ ઓછાં પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં સફારી પાર્ક બનાવેલો છે તેની અંદર અલગ અલગ ૩૭૫ એકરની અંદર સાત અલગ અલગ લેવલ બનાવેલાં છે. તમે તે લેવલની અંદર જાવ તો તમામ પશુઓ ભેગા જોઇ શકો છો. આવી રીતે જ એક્ઝોટિક બર્ડ્ઝ અને ઈન્ડિયન બર્ડ્ઝ આ બંને ત્યાં વ્યાજબી સંખ્યામાં ઉપલબ્ધ છે. તમે એવિએરીમાં અંદર જાઓ ત્યાં ધ્યાન રાખવું પડે કે કપડા ગંદા ન થાય. પક્ષીઓને સ્વચ્છતા અભિયાનનું જ્ઞાન હોતું નથી. ઊડતાં ઊડતાં આપણા કપડા બગાડે છે. મારા પણ કપડા બગડ્યા હતાં. પણ આ બધી વસ્તુઓ સ્પેશિયલી એટલા માટે બનાવવામાં આવેલી છે કે જેના કારણે આખો પરિવાર ગયો હોય તો માણી શકે. આપણો સ્વભાવ જ શોપિંગનો છે. જ્યાં જાય ત્યાંથી વસ્તુ લેવી જ. એકતા મોલ બનાવવામાં આવેલો છે. જેના કારણે તમે ભારતના તમામ સ્ટેટનો માલ ત્યાં લઇ શકો, ત્યાંની સંસ્કૃતિ જોઈ શકો એવી વ્યવસ્થા રાખવામાં આવેલી છે. બાળકોને ન્યુટ્રિશિયનનું જ્ઞાન નાનપણથી સમજાવેલું હોય કે શ્યું લેવું જોઇએ, શ્યું જમવું જોઇએ, જમવામાં કયા પ્રોટીન અને વિટામિન છે અને શું ખાવાથી શું ફાયદો થશે. નાનપણમાં જ્ઞાન સાથે ગમ્મત એવું ન્યુટ્રિશિયન પાર્ક બનાવવામાં આવેલ છે. જો તમે રાત્રે બહાર નીકળો તો ત્યાં લૉ ગાર્ડન એટલે કે પ્રકાશિત થતું લાઇટનું ગાર્ડન બનાવવામાં આવેલું છે. એવી રીતે દુનિયાના અલગ–અલગ સ્થળોઓથી કેકટસ ભેગા કરીને કેકટસ ગાર્ડન. તમે ત્યાં ગયા હોય અને યાદી માટે પાછું કાંઇ લઈ આવવું હોય તો નર્સરી બનાવવામાં આવી છે. તમામ જાતના

ફૂલ છોડ હાથમાં લઈ જોઈ શકો છો, ખરીદી શકો છો. અલગ–અલગ તમામ ઈકોટુરિઝમનું પણ ત્યાં ધ્યાન રાખેલું છે. આરોગ્ય વન બનાવ્યું છે. આપણા શરીરમાં કઈ વસ્તુ ખાવાથી શું ફાયદો થઈ શકે છે એવું જ્ઞાન આપવામાં આવે છે. જરવાણી ધોધ હોય કે ખિલવાણી એમ અલગ–અલગ વ્યવસ્થા રાખવામાં આવી છે. આમ, આ ત્રણ–ચાર વસ્તુનું ધ્યાન એટલે દોરેલું કે એક માણસનું વિઝન શું કરી શકે? સાસણમાં શ્રી નરેન્દ્રભાઈ મુખ્યપ્રધાન બન્યા તે પહેલાં પણ ત્યાં સિંહ હતા. એની પહેલાં ઘણા મુખ્યપ્રધાનો આવ્યા હતા, પણ આદરણીય નરેન્દ્રભાઈ ૨૫–૫૦ માણસોથી પાંચ હજાર માણસો લઈ ગયા એની સમજ હતી, એની સૂઝ હતી. એ જ રીતે કચ્છમાં કોઈ માણસ જતા ન હતા. આગલા ઘણા મુખ્યમંત્રી આવી ગયા. ત્યાં રણમાં ટુરિઝમ પેદા કર્યું. કચ્છની પોતાની વાર્ષિક આવક ૯૦ કરોડ પહોંચી ગઈ છે. જ્યાં ન હતું ત્યાં ઊભું કર્યું અને હતું ત્યાં મોટું કર્યું. આ ત્રણેય પ્રોજેક્ટનો દાખલો એટલે આપેલો છે કે એક દ્રષ્ટિ શું કરી શકે છે? જેમ સરદાર વલ્લભભાઈ પટેલ આપણા પોતાના હતા તેમ મહાત્મા ગાંધી માટે આખેઆખો પ્રોજેક્ટ ચાલુ થયો. એમાં અલગ–અલગ ઘણાં કામો કર્યાં છે. અમારું સૌથી મોટું કામ હોય તો નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરિયલ. હું બધાંને વિનંતી કરું છું કે એકવાર સમય હોય તો દાંડી ઉપર જજો. રીયલ લાઈફના રીયલ સ્ટેચ્યૂ મૂકવામાં આવેલા છે. ૭૦ કરોડના ખર્ચે બનાવેલા છે. એવું મ્યુઝિયમ છે જે મ્યુઝિયમ તે વખતની મહાત્મા ગાંધીની દાંડીયાત્રા હતી તેને જીવિત કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પણ પોતાના સ્વપ્ન હતા. બાલાસિનોર ખાતે ડાયનોસોર મ્યુઝિયમ બનાવ્યું છે. સાડા છ કરોડ વર્ષ પહેલાં ત્યાં ડાયનોસોર હતાં એના અવશેષો મળ્યા છે. ફક્ત ગુજરાત કે ભારતમાં જ નહિ પણ દુનિયાની ત્રીજી મોટી સાઈઝ કહેવામાં આવે છે ત્યાં મ્યુઝિયમ બનાવ્યું છે. અત્યારે ફેઝ–૨ નું કામ ચાલુ છે. તે આખો પ્રોજેક્ટ ૪૨ કરોડનો રૂપિયાનો છે. આ પ્રોજેક્ટ હમણા પૂરો થવાનો છે. તમે જઈ શકો છો અને બાળકોને પણ લઈ જઈ શકો છે. ડાયનોસોરની બે જાત દુનિયામાં એક જ જગ્યાએ પહેલી વાર મળી હતી. ટૂંકમાં આપણે પોતે નામ રાખેલા છે. રૈયોલી ખાતે મળેલ છે એટલે રૈયોલીસોરસ અને બીજો નર્મદા ખાતે મળેલો છે. આ બંને નામ આપણે રાખવામાં આવેલા છે. આપણા મુખ્યમંત્રીનું બીજું સ્વપ્ન નળાબેટ. શ્રી વિજયભાઈ જ્યારે મુખ્યમંત્રી બન્યા અને શપથ લીધા એના થોડા સમયમાં નળાબેટની જાહેરાત કરી હતી. આપણે એક જગ્યાએ સીમા દર્શન–બોર્ડર ટુરિઝમ ગુજરાતની બહાર પંજાબમાં અટારી ખાતે છે. ત્યાં બોર્ડર પર જઈ શકો, માણી શકો છો. રીટ્રીટ જોઈ શકો છો. આ ૧૦૦ કરોડ ઉપરનો પ્રોજેક્ટ છે. ૭૬ કરોડ જેવો ખર્ચ થઈ ગયો છે. પ્રોજેક્ટ અંતમાં પહોંચી ગયો છે. તેમાં આપણે ઘણી બધી વસ્તુ બનાવી પાર્કિંગ વ્યવસ્થા, ઓડિટોરિયમ, ટી જંક્શન, આગમન પ્લાઝા, બી.એસ.એફ.ના બેઝ બનાવેલા છે અને આર્મીનું મ્યુઝિયમ પણ બનાવેલું છે. તમે જઇ અને તે વખતના બનેલા આપણા મિલેટ્રીના કિસ્સાઓ અને ઈતિહાસ જોઈ શકો છો. પાંચ વર્ષ પહેલા આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ધ્યાનમાં એક વાત આવીકે ભારતનું એક પણ એવું બીચ નથી જે વર્લ્ડ ક્લાસ કેટેગરીનું છે. એટલે સરવે કરાવ્યો હતો કે આ સ્તરે લઇ જવા માટે એમને શું કરવું પડ્યું હતું. ડેન્માર્ક ખાતે એક એન.જી.ઓ. છે, ધી ફાઉન્ડેશન ઓફ એનવાર્યમેન્ટ એજયુકેશન, એની પાસેથી લિસ્ટ મંગાવ્યું. એક બીચની કેટેગરી કેવી રીતે કરવી જોઇએ, જેના કારણે વર્લ્ડ કલાસ બની શકે અને એ વખતના એન.જી.ઓ.એ. પોતાના ૩૩ પોઈન્ટસ આપેલા હતા કે આ ૩૩ પોઈન્ટસ છે અને આ ૩૩ પોઈન્ટ જો fulfill કરી શકો તો Blue Flag બની શકે અને જેના કારણે ત્યાં ચાર વર્ષથી કામ ચાલુ કર્યુ હતું અને અઘરું છે. ફકત કિલન રાખવાની વાત નથી પણ વોટર કવોલિટી મેઈન્ટેન કરવી, એસ્થેટિટી મેઈન્ટેન કરવી, આગલા પાંચ દસ કિ.મી.માં કોઇ જગ્યાએ કોઈની ગટર ખુલવી ન જોઇએ, કોઇ કેમિકલ પ્લાન્ટ ન હોવો જોઇએ તેનું પણ બધું ધ્યાન રાખવું પડે છે અને આજે ભારતની નંબર –૧ બીચ બની ગઇ છે. ત્યાં આપણા વિકાસનાં કામ ચાલે છે, એની અંદર ફેઝ–૧ અને ફેઝ–૨ ની અંદર ૭૬ કરોડ રૂપિયા નાખેલા છે, અત્યારે કામ ચાલુ છે. એમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા પણ ૪૨ કરોડના રોડનું કામ ચાલુ છે. આવતા એક દોઢ વર્ષની અંદર ૧૩૮ કરોડના ખર્ચે આપણે કાયદેસરની વર્લ્ડ કલાસ કેટેગરીનો બીચ કહી શકશું. એની અંદર આપણે હોટલ નથી બનાવવાના, આપણે ફકત એરીયા ડેવલપ કરીએ છીએ, પ્રાઈવેટ પ્લેયર્સ આવે એને પોતાની હોટલ બનાવવાની છૂટ છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આ બધી વસ્તુ અમે જે કરીએ છીએ તે એ વખતની અલગ અલગ માગણીઓ આવતી હોય છે. સાસણમાં એક સિસ્ટમ ઓવરલોડ થવા માંડ્યો હતો, લાયન જોવા માટે માણસો આવતા હતા, ટ્રાફિક જામ થવા માંડ્યો હતો, એટલે લાયનની નવી સાઇટ શોધી હતી. જેમાં આંબરડી ખાતે ધારીની અંદર ૪૦૦ હેકટરની અંદર એક આખી જગ્યા પસંદ કરવામાં આવી હતી. તે જગ્યાની અંદર આ વર્ષે કામ ચાલુ કરી દીધું છે. અંદાજે ૨૬ કરોડના ખર્ચે નવો પ્રોજેક્ટ બનાવ્યો છે, જેના કારણે માણસો ગયા હોય તો દેવળીયા ફાર્મની જેમ પોતે આંબરડીમાં પણ જોઇ શકે. આવી જ રીતે લાયનની અંદર થર્ડ સ્પોટ જૂનાગઢની અંદર સફાઇ ચાલુ કરી. ટૂંકમાં, અલગ અલગ જગ્યા એટલા માટે રાખી કે જેના કારણે એક ક્રાઉડ ભેગું ન થાય. બાકી ટ્રાફિક જામ થાય અને એ જંગલમાં, એ વાત વાજબી નથી. જેના કારણે વિવિધ જગ્યાએ ચાલુ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢની અંદર ઘણાં વર્ષો જૂની અમારી રોપ–વે ની માંગણી હતી. ત્યાં કામ ચાલુ કરી દીધું છે. ૧૩૦ કરોડના ખર્ચે પ્રાઈવેટ પ્લેયર્સ દ્વારા વર્લ્ડ કલાસ રોપ–વે નાખેલું છે. અત્યારે પણ જઈને તમે કેબિનમાં બેસો તો અત્યારે સિંગાપુરમાં છે તે કક્ષાની કેબિન ત્યાં મૂકવામાં આવેલી છે. તમને લાગે તમે એરપોર્ટમાં ગયા છો. આપણી આસ્થા, શ્રધ્ધા અંબાજી માટે ઘણી મોટી હતી, તે જગ્યાએ આપણે જઇએ અને ત્યાં કંઇક કરીએ. જૂનાગઢ એક ઐતિહાસિક નગરી છે. તેનું ઉપરકોટ. ઉપરકોટ ખાતે અત્યારે ૫૦ કરોડના ખર્ચે રિનોવેશન રિસ્ટૉરેશનનું કામ ચાલુ છે. એક ઐતિહાસિક જગ્યા છે. આવી રીતે વડનગરની વાત કરૂં તો વડનગરમાં આ જ સ્થિતિ છે. આપણાં ઘણાં કામો તે જગ્યાએ ચાલે છે. પુરાતન નગર તરીકે આપણા વડનગરમાં અલગ અલગ સ્વદેશ સુરક્ષા હેઠળનાં કામ ચાલુ છે. અત્યારે ૭૩ કરોડનાં કામ પૂર્ણ થઇ ગયાં છે. સાપુતારા ખાતે અત્યારે કામ ચાલુ

છે. અંદાજે ૩૦ કરોડના ખર્ચે ડેવલપમેન્ટ ઓફ લેકથી માંડીને કામ ચાલુ છે. પ્રવાસન વિભાગની જેમ મત્સ્યોદ્યોગ ખાતુ પણ મારી પાસે છે. ભારતનો ૭૫૧૬ કિ.મી.નો અને ગુજરાતનો ૧૬૦૦ કિ.મી.નો દરિયાકાંઠો છે. ૧૪ જિલ્લામાં ૧૦૭ નોટિફાઇડ કરેલી જગ્યાઓ છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી જે દિવસે વડાપ્રધાન બન્યા તે વખતે એમના ધ્યાનમાં વાત આવી હતી કે, માછીમાર ભાઇઓ અને બહેનોનું જીવનધોરણ ઊંચુ લઇ આવવા માટે અને વધારે સગવડો કરવા માટે ડિપાર્ટમેન્ટનો ભાગ પાડવો જરૂરી છે, જેના કારણે ફિશરિઝ વિભાગનો ભાગ નવો બનાવ્યો હતો. ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા દ્વારા આપણે અલગ અલગ જાતની પોતાની માંગણીઓ કરતા હતા. ટુ મિનિટ સાહેબ, પૂરુ કરી દઉ છું.

અધ્યક્ષશ્રી : આપ અડધો કલાક બોલો તો મને વાંધો નથી, પણ પાછળ આપના બીજા મંત્રીશ્રી બોલવાના છે.

શ્રી જવાહરભાઇ ચાવડા : ઓકે, ઓકે, સાહેબ,

અધ્યક્ષશ્રી : આપની પાસે આમ જોવા જોઇએ તો એક મિનિટ છે.

શ્રી જવાહરભાઇ ચાવડા : એક જ મિનિટ સાહેબ, આપણી પાસે પાંચ પોર્ટ હતા અને તે પાંચે પાંચ પોર્ટની નવા બનાવવાની માંગણી હતી. તેનો ૧૪૫૪ કરોડ રૂપિયા પ્રોજેક્ટ કોસ્ટ આવતો હતો. એના માટે ભારત સરકાર પાસે એક લોનની વાત કરી હતી. એફ.આઇ.ડી.એફ. ખાતે ફિશીયરી એન્ડ ઇન્ફાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ફંડમાંથી ૧૫૦ કરોડ એક પોર્ટ દીઠ એમ ૭૫૦ કરોડની લોન મંજૂર કરવામાં આવી છે. જેમાં પહેલો ભાગ નવા બંદરનો ર૯૫ કરોડના કામનું ખાત મૂહુર્ત કરી નાંખ્યું છે. બાકીના ચારે ચાર પોર્ટ માંડવાડ, સૂત્રાપાડા, વેરાવળ ફેઇઝ–ટુ અને પોરબંદર ફેઇઝ–ટુ, આ ચારેયનાં કામ ટૂંક સમયમાં ચાલુ કરવામાં આવશે. એવી રીતે આઠ નવા એફ.એલ.સી. બનાવવાના હતા. જેમાં રૂપેણનું, દેવભૂમિ દ્વારકાનું, હીરાકોટનું ગિર સોમનાથ, ધામરેજનું ગિર સોમનાથનું ઉમરસાડી વલસાડ, નવી બંદર પોરબંદર, ચોરવાડમાં જૂનાગઢ, સહેજરાજપરા જૂનાગઢ, સતાનપર ભાવનગર ખાતે આઠે આઠ નવા એફ.એલ.સી. બનાવવાના હતા. એમાંથી બેમાં અમે નવીન અખતરો કરવાના છીએ. ફ્લોટિંગ જેટી બનાવાવનો, કારણ કે એ જેટી બનાવવા માટે અમારો પ્રોસેસ બહુ મોટો હોય છે. મોટો એટલે કે એમાં કોસ્ટલ રેગ્યુલેટરીની પાસે જવું પડે છે, એનવાયરમેન્ટ જોવું પડે છે પણ જો આપણી ફ્લોટિંગ જેટી સકસેસ થઇ જશે તો આ બધી પ્રોસેસમાંથી બહાર નીકળી શકશું, એના માટે આ અખતરો કર્યો છે. અલગ અલગ ધારાસભ્યશ્રીઓની રજૂઆતો મારી પાસે આવી છે, મેં નોંધી છે. તે બધાનો આભાર માનું છું. સૌનો ધ્યાન દોરવા બદલ શ્રી શૈલેષભાઇ, શ્રી બલરામભાઇ, શ્રી ભગાભાઇ, શ્રી મુકેશભાઇ, શ્રી સુખરામભાઇ, શ્રી અમરીષભાઇ ડેર અને શ્રી પ્રદ્યુમનભાઇ, શ્રી બાબુભાઇ તથા શ્રી ગુલાબસિંહભાઇનો આભાર. થેન્કયુ સાહેબ.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારી શ્રમ અને રોજગાર વિભાગની માગણીઓ ઉપર (અંતરાય) શશીકાન્તભાઇ,

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : મારી કાપ દરખાસ્ત છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કાપ દરખાસ્ત હોય એટલે બોલવું જ પડે એવું નથી હોતું અને કાપ દરખાસ્ત હોય એટલે પૂછવા દેવું પડે એવું પણ નથી હોતું. પ્લીઝ, બેસી જાઓ. (અંતરાય) આપ બેસી જાઓ. આપને બેસવાનું કહું છું.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોરઃ શ્રી અક્ષયભાઇ, ધારાસભ્યશ્રી હિંમતસિંહજી. પ્રવિણભાઇ, અને આદરણીય ધારાસભ્યશ્રી ગુલાબસિંહે પોતાના વિચારો અમારા વિભાગ પર રજૂ કરી. (અંતરાય) કેટલાંક વિવિધ સૂચનો કર્યાં છે.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રૉરેટા પ્રમાણે મને તક મળવી જોઇએ.

અધ્યક્ષશ્રી : આપને બેસવાનું કહું છું. આપ હરકત કરી રહ્યા છો, (અંતરાય) કોઇ પ્રૉરેટા નહિ, આપ બેસો પહેલાં.(અંતરાય) આપ બેસી જાઓ. આપને બેસી જવાનું કહું છું, આપને પાંચમીવાર કહી રહ્યો છું આપ બેસી જાઓ. (અંતરાય) આપને સમજ નથી પડતી? આપ સમજું છો, તેવું હું માનું છું. આપ બેસી જાઓ.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોરઃ માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં અમારા મિત્ર ભાઇશ્રી શૈલેષભાઇએ કહ્યું હતું કે પાંચ વર્ષમાં ૧૪૦૪૩ જેટલી સરકારી નોકરીઓ આપવામાં આવી. મારી પાસે એક ટૂંકી માહિતી છે. હું માનનીય શૈલેષભાઇને એક ટૂંકી માહિતી એટલા માટે યાદ કરાવું કે વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૦ સુધીમાં શિક્ષણ વિભાગે ૧૬,૯૧૭ લોકોને નોકરી આપી, ગૃહ વિભાગે લગભગ ૪૦ હજાર જેવી નોકરી આપી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગે પણ ૧૭,૯૦૦ કરતાં પણ વધારે સરકારી નોકરીઓ આપી છે. સભ્યશ્રી પ્રવિણભાઇએ પણ કેટલીક બાબતો તરફ ધ્યાન દોર્યું કે આપણે ૮૫ ટકા સ્થાનિકોને નોકરી આપવાનું નક્કી કરવામાં આવ્યું. આ વિભાગ મારફત સ્થાનિકોને ૮૫ ટકા નોકરી મળે તેના માટેના સતત પ્રયાસો પણ કરવામાં આવ્યા. મારી પાસે જે માહિતી છે એ મુજબ રાજ્ય સરકારની અંદર ગુજરાત રાજ્યમાં જે એકમો કામ કરી રહ્યાં છે એની અંદર ૯૮.૩૫ ટકા લોકોને સ્થાનિક રોજગારીની ટકાવારી આજે પણ જળવાય રહી છે.

હું શ્રમ અને રોજગાર વિભાગની નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ની રૂપિયા ૧૫૦૨ કરોડની માગણી લઇને સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. રાજ્યના સર્વાંગી વિકાસમાં ઔદ્યોગિક શાંતિ અને સલામતીનું વાતાવરણ પૂરું પાડવામાં શ્રમ અને રોજગાર વિભાગનું મહત્વનું પ્રદાન છે. આપણા સૌના જીવનમાં શ્રમ અને કૌશલ્યનું બંનેનું મહત્વ છે. આ બન્ને મારા વિભાગની એક અગત્યની જવાબદારી છે. વ્યકતિ થકી સમાજ અને સમાજ થકી રાષ્ટ્ર બને છે. મારા શ્રમ અને રોજગાર વિભાગના શિરે આવા નાગરિકોના ઘડતરની જવાબદારી છે. રાષ્ટ્રના નાગરિકો અને કાર્ય કુશળ એવા યુવાનોને ગૌરવપૂર્ણ રોજગારીની તકો ઊભી કરવી એ અમારી પ્રાથમિક જવાબદારી છે. અત્રે ઉપસ્થિત મારા સર્વ સન્માનનીય ધારાસભ્યશ્રીઓને વાત કરતાં પહેલાં હું એક પંક્તિ રજૂ કરવા માગું છું.

''સરસ દોરી ચિત્ર અક્ષરથી, અનેરુ પ્રસંગો તણા રંગ તેમાં હું ભરું છું.

## તા. ૨૬મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

અનહદ નિરવ નાદના એક સ્પર્શે, શબ્દોને હું સ્વરમાં રણકતા કરું છું.
પૂછી જો કોઇ મને કોઇ છંદ શાસ્ત્ર, તો એકલવ્યની જેમ જ અંકુશ ધરું છું.
બહું કિંમતી છે એક શબ્દ તેથી, બધાનો ખર્ચ કરકસરથી પણ હું કરું છું''

મારા કાર્યક્ષેત્રના સંદર્ભમાં આ પંકિતઓ ઘણી અગત્યની છે. પ્રવર્તમાન સરકાર દ્વારા બનતા તમામ પ્રયત્નો કરવામાં આવ્યા છે કે જેથી શ્રમ અને રોજગાર ક્ષેત્ર ઘણું સુદ્રઢ બને સરળ બને અને નવી નવી ઘણી યોજનાઓ આ પ્રગતિશીલ સરકાર દ્વારા કરવામાં આવે છે અને આવનાર ભવિષ્યના સમયમાં પણ સ્કિલ્ડ કે સેમી સ્કિલ્ડ ઉમેદવારોને યથાયોગ્ય કામ મળી રહે તે માટેના તમામ પ્રયત્નો કરવાની કોશિશ આ બજેટ ફાળવણીમાં કરવામાં આવી છે.

આપણા રાજ્યમાં વિવિધ ક્ષેત્રે રોજગારીનું સર્જન અને દરેક યુવાધન સ્વનિર્ભર બને પોતાની આજીવિકા કમાય શકે તે માટે પ્રવર્તમાન રોજગાર કચેરીઓને સજ્જ કરવામાં આવે છે તેમજ વિવિધ ક્ષેત્રે આવરી લેતી રોજગારલક્ષી અનેક યોજનાઓ પણ કરવામાં આવતી હોય છે. આપણા રાજયમાં કુલ ૪૬ રોજગાર કચેરીઓ આવેલી છે અને તેના નિયત્રંણ માટે રાજયમાં ચાર પ્રાદેશિક કચેરીઓ આવેલી છે. જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓ ૩૩ જેટલી આવેલી છે. જયારે યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્રો આઠ આવેલા છે. એવી જ રીતે કુલ પાંચ જેટલી નગર રોજગાર નિયમનની કચેરીઓ આવેલી છે અને આ કચેરીઓ ફકત અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે હોય છે. એમાં ખેડબ્રહ્મા, છોટાઉદેપુર, સોનગઢ, માંડવી અને ધરમપુરમાં આ કચેરીઓનો સમાવેશ થાય છે. જેમનો જીવન પરત્વેનો અભિગમ કાર્યલક્ષી હોય છે, કંઇક હાંસલ કરવા માગતા હોય તેમના માટે જીવનની દરેક ક્ષણ એ આવકારદાયક પણ હોય છે. ઉમેદવારોને રોજગારીની યોગ્ય તકો મળી રહે તે માટે રાજયની રોજગાર કચેરીઓ ખાતે નામ નોંધણી ખાલી જગ્યાઓ સામે ઉમેદવારોની ભલામણ, એમના માટે કારકિર્દી, માર્ગદર્શન તથા કૌશલ્ય જેવી અગત્યની સેવાઓ આપવામાં આવે છે. રોજગારી મેળવનાર અને તેમની આવડત તથા કૌશલ્ય અનુસાર રોજગારી મળી રહે તે માટે નિયમિત રોજગાર ભરતી મેળાનું આયોજન પણ કરવામાં આવે છે. સ્વરોજગાર શિબિરો પણ કરવામાં આવે છે. શાળા કોલેજોમાં કેરિયર કોર્નરના વર્ગો દ્વારા પરોક્ષ રીતે રોજગારી આપવા માટે સરકાર પણ મદદરૂપ થાય છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજયની રોજગાર કચેરીઓ મારફત ૧૭ લાખ પાંચ હજાર કરતા વધારે લોકોને રોજગારી આપવાનું કામ કરવામાં આવ્યું છે. એટલા જ માટે દેશના રક્ષા ખાતે ગુજરાતના નવયુવાનો વધુમાં વધુ લશ્કરમાં ભરતી થાય અને એમની ફરજની સાથે રોજગારી પણ મેળવી શકે તે માટે અમારા વિભાગ મારફત ૩૦ દિવસના નિવાસી તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે. ગઇ કાલે પણ મેં કહ્યું હતું કે આ નિવાસી તાલીમ વર્ગોની અંદર જે લોકો તાલીમ લે છે તેઓને સો રૂપિયા રોજનું સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે. સન ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦માં આવા ૧૪૦ નિવાસી વર્ગો કરીને ૪૯૧૯ યુવાનોને તાલીમ આપવામાં આવી છે એના ફળસ્વરૂપે આ રાજયના ૩૧૪૧ યુવાનો આપણા લશ્કરમાં પસંદ થયેલ છે. આપણા નવ યુવાનો વિદેશી રોજગારી મેળવવા માગતા હોય, વિદેશ અભ્યાસ અર્થે જવા માગતા હોય તેવા યુવાનોને કયા દેશમાં કેવા પ્રકારની રોજગારી મળી રહે છે, કયા દેશમાં કયા પ્રકારના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે તેવું માર્ગદર્શન આપવા માટે અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે અમારા કાર્યરત કેન્દ્રો મારફત માહિતી આપવામાં આવે છે. છેલ્લાં બે વર્ષમાં ૬૦ હજારથી વધારે આવા ઉમેદવારોને માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવેલ છે.

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળના રોજગાર મહાનિયામક દ્વારા વિવિધ અહેવાલો બહાર પાડવામાં આવતા હોય છે. એમાં રોજગારી ક્ષેત્રે વર્ષ ૨૦૦૨થી આપણું ગુજરાત પ્રથમ ક્રમાંકે આવેલું છે. એ રીતે ભારત સરકાર દ્વારા સન ૨૦૨૦માં બહાર પાડવામાં આવેલા પિરિયોડીકલ લેબર ફોર્સના વાર્ષિક રિપોર્ટ અનુસાર ૧૫ થી ૧૯ વર્ષની વય મર્યાદમાં થયેલ સરવે અનુસાર દેશના પ્રત્યેક રાજયની સરખામણીમાં આપણો બેરોજગારીનો દર નીચો છે. ભારત સરકારના લેબર બ્યુરો ચંદીગઢના રિપોર્ટ અનુસાર ૧૦૦૦ વ્યકિતએ સમગ્ર દેશની અંદર ૫૦ લોકો બેરોજગાર છે. ત્યારે ગુજરાતની અંદર ૧૦૦૦ વ્યકિતએ ૯ વ્યકિત બેરોજગાર છે. આમ અનેક રીતે કામ કરવાની દિશામાં આ વિભાગ આગળ વધી રહ્યો છે. કોરોના મહામારીનો સમય આપણાં બધા માટે એક આત્મચિંતનનો કાળ હતો. આ સંદર્ભમાં તેના વિષે પણ એક પંક્તિ હું કહેવા માગું છું. 'તેં ડૂબાડી પૂર્ણતાએ લઈ જવા ધાર્યો મને. મેં કરી ફરિયાદ મારી નાવ કાં તારી નથી?' આ કોરોનાકાળ આવ્યો અને માણસને સ્વ પ્રતિ ઘણો જાગૃત પણ કર્યો છે. આ સમયે ઇશ્વરને પણ કહેવાનું મન થાય કે ''ભલે અહીં જિંદગી એક ક્ષણનો જ ખેલ રહ્યો, પણ તેં જ મને કૌવત આપી તેની સામે ઝઝૂમવા તો હું પણ મારાથી શ્રેષ્ઠ રીતે મારો રોલ નિભાવીશ.''

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના ખૂબ કટોકટીવાળા સમયમાં પણ વર્તમાન પ્રગતિશીલ સરકાર દ્વારા ડિજિટલ માધ્યમ થકી રોજગારલક્ષી અનેક યોજનાઓ તથા કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. તેના અસરકારક અમલીકરણ દરમ્યાન તેમાં ખૂબ જ સારો પ્રતિસાદ પણ આપણને મળ્યો છે. કોરોના વાયરસના સંક્રમણના કારણે રોજગાર કચેરીની પ્રવૃત્તિઓમાં ઘણી જ અસર થવા પામેલી છે. આ પરિસ્થિતિમાં પણ રાજ્યના યુવાનોને કોલ સેન્ટરના માધ્યમથી કોઇ પણ જિલ્લાની અભ્યાસલક્ષી, રોજગારલક્ષી તથા સરકારી યોજનાની માહિતી ટેલિફોનિક માધ્યમથી મેળવી શકે તે માટે આ દેશમાં સૌ પ્રથમવાર રોજગાર સેતુ પ્રોજેક્ટ જાન્યુઆરી-૨૦૨૧થી અમલમાં મૂકવામાં આવેલો છે. જેની કેટલીક બાબતો સન્માનનીય સભાગૃહના ધ્યાન ઉપર એટલા માટે મૂકવા માગું છું કે દેશમાં પ્રથમવાર કોલ સેન્ટરના માધ્યમથી કોઇ પણ ઉમેદવાર જિલ્લા રોજગાર કચેરીનો સીધો સંવાદ કરી શકે છે. ઉમેદવાર કોઇ પણ જિલ્લાની માહિતી એક જગ્યાએથી મેળવી શકે છે. આ સુવિધા ફક્ત એક સીંગલ નંબર ૬૩૫૭૩૦૦૩૯૦ ડાયલ કરીને મેળવી શકતા હોય છે. જાન્યુઆરી-૨૦૨૧થી ચાલુ માસ દરમ્યાન ૪૮,૦૦૦થી વધુ યુવાનોએ આ સેવાનો લાભ પણ લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી મેળવનાર ઉમેદવારોને વિવિધ રોજગારીની તકો પૂરી પાડવા માટે સમયાંતરે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે, પરંતુ વર્તમાન સમયમાં નોવેલ કોરોના વાયરસના સંક્રમણના કારણે રોજગારી મેળાના યુવાનો રોજગારી કયા માધ્યમથી મેળવે એ અમારા માટે એક વિકટ સમસ્યા હતી. જેના કારણે સરકારે ઓનલાઇન ૧,૯૪૭ ભરતીમેળાઓથી ૭૬,૩૨૬ ઉમેદવારોને કોરોનાકાળની અંદર રોજગારી અપાવી શક્યા છીએ. આ ઉપરાંત રોજગારીની માહિતી મેળવવા માટે રોજગાર કચેરીઓ મારફત વર્ષ ૨૦૨૦–૨૧માં ૧૦૩૪ વેબિનાર યોજીને ૧,૩૯,૯૧૧ ઉમેદવારોને ડિજિટલ માધ્યમથી માર્ગદર્શન આપવામાં આવ્યું. એવી જ રીતે આપણાં રાજ્યની અંદર એપ્રેન્ટિસશીપ યોજના પણ ચાલી રહી છે. આ એપ્રેન્ટિસશીપ યોજના અધિનિયમ–૧૯૬૧થી અમલમાં આવેલી છે. એટલા માટે ગુજરાત સરકાર દ્વારા પણ એપ્રેન્ટિસશીપ યોજનાનો લાભ વધુ યુવાનો લઇ શકે તે હેતુથી તેમાં ઉમેરો કરીને મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના તા. ૦૧/૦૪/૨૦૧૮થી રાજ્યમાં અમલમાં લાવવામાં આવેલ. ભારત સરકાર દ્વારા આવા ઉમેદવારોને ૧૫૦૦ રૂપિયા સ્ટાઇપેન્ડ આપવામાં આવતું હતું પણ રાજ્યની મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના અમલમાં આવ્યાથી ૧૫૦૦ રૂપિયા ઉપરાંત સ્નાતક ઉમેદવારને ૩૦૦૦ રૂપિયા, ડિપ્લોમા ઉમેદવારને ૨,૦૦૦ રૂપિયા અને તેનાથી નીચેની કક્ષાને વધારાના ૧૫૦૦ રૂપિયા પ્રતિમાસ સ્ટાઇપેન્ડ આપીને પ્રોત્સાહિત કરવાનું કામ આ રાજ્ય સરકાર મારફત કરવામાં આવ્યું છે. ૧૮,૧૭૪ ઔદ્યોગિક એકમો સૌથી વધારે સમગ્ર દેશમાં એપ્રેન્ટિસશીપ યોજનાની અંદર આપણાં રાજ્યની અંદર નોંધાયેલા જે આખા ભારતમાં પ્રથમ ક્રમાંકે છે. એવી જ રીતે આ રાજ્યના યુવાનોને પણ સારું સ્કીલ મળી રહે તે માટેના પ્રયાસો ગુજરાત સરકાર મારફત કરવામાં આવી રહ્યા છે. ગુજરાત રાજ્યમાં ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય દ્વારા ટાટા એજ્યુકેશન ડેવલપમેન્ટ ટ્રસ્ટના સહયોગથી ગાંધીનગર જિલ્લાના નાસ્મેદ ગામમાં રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલી ૨૦ એકર જમીન ઉપર ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્કીલ નામની એક સંસ્થા ઉભી કરવા જઇ રહ્યા છીએ અને આઇ.આઇ.એસ. સંસ્થાની સ્થાપના માટે ૧૫મી જાન્યુઆરી–૨૦૨૦ના રોજ માનનીય કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહ, કેન્દ્રના આ વિભાગના મંત્રી ડો. મહેન્દ્રનાથ પાંડે, રાજ્યના મુખ્યમંત્રી આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણી, માનનીય નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ અને પદ્મશ્રી અને પદ્મભૂષણ શ્રી રતન ટાટાની ઉપસ્થિતિમાં આનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. આ સંસ્થા ઊભી કરવાનો અમારો આશય એટલો જ છે કે આ રાજ્યમાં આગામી પેઢીને નવી ટેકનોલોજીનું જ્ઞાન, જે રીતે નવી નવી ટેકનોલોજી આવી છે એમાં ગુજરાતના યુવાનો પણ એનો લાભ મેળવીને વર્ષે ઓછામાં ઓછા ૫ હજાર કરતાં વધારે યુવાનો તૈયાર થાય એ આશયથી આ સંસ્થા ઉભી કરવાની દિશામાં ગુજરાત આગળ વધી રહ્યું છે. કોવિડ–૧૯ની વૈશ્વિક મહામારીના સમયગાળા દરમિયાન આ ખાતાના નિયંત્રણ હેઠળની રાજયની તમામ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે લોકડાઉનના વિવિધ તબક્કાઓમાં પણ થિયરીનું શિક્ષણ ઓન લાઇન પદ્ધત્તિથી આપી અમારા વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આપણા રાજ્યમાં નોન એન્જિનિયરિંગ સર્વિસ સેકટરનો વ્યાપ પણ ઘણો વિસ્તરી રહ્યો છે. આપણા યુવાઓને તે દિશામાં સારું પ્લેટફોર્મ મળી રહે તે માટે સરકારશ્રી દ્વારા ઘણાં ભવિષ્યલક્ષી પગલાં લેવામાં આવી રહ્યાં છે. રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે નવા મકાનો બાંધવા તથા માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ એટલે કે એન.સી.વી.ટી.ની માન્યતા મેળવવી પડતી હોય છે. આ એફિલિએશન મેળવવા માટે પણ નિયત થયેલા ધારા–ધોરણ મુજબ સંસ્થાનું પોતાનું મકાન હોવું એ આવશ્યક છે. એટલા માટે રાજ્યમાં જે સંસ્થાઓની ઇમારતોનું બાંધકામ ઘણાં વર્ષો પહેલાં થયેલ હતું, એ સંસ્થાઓના બાંધકામમાં સુધારા–વધારા કરવા, મરામત કામ કરવા તથા સ્ટાફને માટે વધુ સુવિધાઓ ઉભી થાય એના માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ સંસ્થાઓ ખાતે ઉત્તરોત્તર લાભાર્થીઓની સંખ્યામાં થયેલા વધારાના કારણે બેઠકોનો પણ વધારો કરવામાં આવી રહ્યો છે. નવીન વ્યવસાયો શરૂ થતાં ખૂટતા વર્કશોપ અને થિયરી રૂમના બાંધકામ કરવાના, ગુણવત્તાયુક્ત પ્રેક્ટિકલ તાલીમ આપી શકાય એના માટે કામ કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં ૨૮૮ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ પૈકી ૨૫૪ સંસ્થાઓ પોતાના મકાનમાં કાર્યરત છે. ૨૫ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનું બાંધકામ આજે પ્રગતિમાં છે અને ૪ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનો ચાલુ વર્ષના બજેટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તાપી જિલ્લામાં કુકરમુંડા, નર્મદા જિલ્લામાં પ્રતાપનગર, વલસાડનું વાપી અને જૂનાગઢ ખાતે નવા બાંધકામ માટે રૂપિયા ૧૧૧૩.૬૮ લાખની જોગવાઇ સૂચવવામાં આવી છે. એ સિવાય ડીંડોલી, સુરત અને ગુલાબનગર જામનગર માટે પણ ૧ લાખની ટોકન જોગવાઇ નવા મકાન માટે સૂચવવામાં આવી છે. ૪૨ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે સુધારા–વધારા, મરામત, કમ્પાઉન્ડ વોલ, વર્કશોપ અને થિયરી રૂમોના બાંધકામ જેવી માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે રૂપિયા ૨૩૪૧.૨૧ લાખની જોગવાઇ પણ સૂચવવામાં આવી છે. ૨૦૦૧ના વર્ષમાં ૧૨૪ આઇ.ટી.આઇ. કાર્યરત હતી જ્યારે હાલમાં ૨૦૨૧માં ૨૮૮ આઇ.ટી.આઇ. મારફતે આ રાજ્યના યુવાનોને તાલીમ આપવાનું કામ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે. ૨૦૧૭માં ૧૫૦ આઇ.ટી.આઇ.માં ૩૪૪૮ બેન્ચો હતી. ૬૮૯૬૦ બેઠકોનું એફિલિએશન હતું. હાલમાં ૨૪૮ આઇ.ટી.આઇ.માં ૬૧૪૯ બેન્ચોમાં કુલ ૧ લાખ ૨૨ હજાર ૭૮૦ બેઠકોને અમે એન.સી.વી.ટી.નું સર્ટિફિકેટ આપી શકીશું. એન.સી.વી.ટી.નું સર્ટિફિકેટ મળે તો દેશ અને વિદેશમાં પણ કામ મળી શકે છે. આમ, ઘણું બધું કામ કરવાની દિશામાં વિભાગ આગળ વધી રહ્યો છે. બાંધકામ ક્ષેત્રે પણ અમારો આ વિભાગ કામ કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે. સમયના અભાવના કારણે માનનીય હિંમતસિંહભાઇને અમારા વિભાગે કરેલી કેટલીક કામગીરી હું કહી નહિ શકું. પરંતુ એમને માહિતી જોઇતી હશે કે આ વિભાગે કેટલી કામગીરી કરી છે, એમણે કહ્યું હતું કે આ વિભાગ કોઇપણ પ્રકારનું કામ કરતું નથી. અમારા બાંધકામ બોર્ડ દ્વારા ઘણું બધું કામ કરવામાં આવ્યું છે. અમારા બાંધકામ બોર્ડની અંદર પ્રસૂતિ સહાયમાં વધારો કર્યો તે પહેલા રૂપિયા ૭૫૦૦ આપતા હતા. રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીને અમે વાત કરી તો એમાં ૨૦ હજાર રૂપિયાનો વધારો કરીને ૨૭૫૦૦ રૂપિયા અમારી બાંધકામ મહિલા શ્રમિકને આપવાનો નિર્ણય અમારા વિભાગ મારફતે લેવાયો છે. જો કોઇ

શ્રમિકનું આકસ્મિક મૃત્યુ થાય તો પહેલા રૂપિયા ૨ લાખ આપવામાં આવતા હતા. માનનીય મુખ્યમંત્રીશ્રીની સંવેદનાને કારણે હવે એમનું મૃત્યું થાય તો રૂપિયા ૩ લાખ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. બાંધકામ શ્રમિક નોંધાયેલ હોય તો રૂપિયા ૩ લાખ આપવાનું હતું પણ ઉદાર નીતિના કારણે કોઇપણ સાઇટ ઉપર કામ કરતો હોય, બાંધકામ શ્રમિક તરીકે નોંધાયેલ હોય કે ન હોય, સાઇટ પણ નોંધાયેલ હોય કે ન હોય અને જો બાંધકામ શ્રમિકનું મૃત્યુ થાય તો રૂપિયા ૩ લાખ આપવાની જોગવાઇ અમારા વિભાગ દ્વારા કરવામાં આવી છે. સમયની મર્યાદાના કારણે બીજી બાબતો ધ્યાન ઉપર મૂકી શકતો નથી. આવી જ રીતે અમારા જે શ્રમિકો હોય, ઉદ્યોગોની અંદર કામ કરવા માટે જતા હોય છે. આ કોરોના કાળની અંદર સમૂહમાં જતા હોય અને ત્યારે કોરોના લાગવાની સંભાવના હોય છે. એટલા માટે બેટરી ઓપરેટ વાહન ચલાવવા માટે અને એમને ખરીદવા માટે સહાય આપવાનું નક્કી કર્યું છે. આવું દ્વીચક્રીય બેટરી વાહન અમારો શ્રમિક ખરીદે તો એને ૩૦ ટકા અથવા તો વધુમાં વધુ રૂપિયા ૩૦,૦૦૦/– આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. સાથે સાથે એનો વન ટાઇમ રોડ ટેક્સ અને આર.ટી.ઓ. ટેક્સમાંથી પણ મુક્તિ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આવા ૨૦૦૦ લોકો માટે આ વર્ષની અંદર વાહનો ખરીદવા માટે જોગવાઇ પણ કરવામાં આવી છે. એવી જ રીતે અમારી કોઇ જી.આઇ.ડી.સી. હોય એની જોડે પણ સારું મકાન બની શકે. બહારથી આવતા શ્રમિકોને અવરજવર કરવી પડતી હોવાથી વધારાનો ખર્ચ ન થાય એટલા માટે હોસ્ટેલ બનાવવાનું નક્કી કર્યું છે. પ્રથમ ૬ જી.આઇ.ડી.સી.માં આ હોસ્ટેલ બનાવવા માટે નક્કી કરી છે અને આવી ૬ જી.આઇ.ડી.સી. ઉપર મસીહા નામની હોસ્ટેલ બનાવવાના છીએ જેથી એ હોસ્ટેલમાં અમારો શ્રમિક સસ્તા દરે રહી શકે, સસ્તા દરે ત્યાં ભોજન મેળવી શકે એનાથી પોતે તંદુરસ્ત રહીને ત્યાં કામ કરી શકે એના માટે મસીહા હોસ્ટેલની પણ જોગવાઇ કરવામાં આવી છે. આમ, અનેક રીતે આ વિભાગ મારફત કામ કરવામાં આવી રહ્યાં છે ત્યારે હું માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે માગણીઓ સભાગૃહ મંજૂર કરે એવી મારી વિનંતી છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આ મત્સ્યોદ્યોગમાં નવા બંદર, માધવાડ, વેરાવળ, પોરબંદર, સૂત્રાપાડા એ બંદરોનો સમાવેશ કરવામાં આવ્યો છે ત્યારે હવે મારા બે જ વિસ્તાર રહ્યાં શેરિયાત અને શીલ બનાવવા માગે છે કે કેમ?

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, શેરિયાત બારાથી બહુ નજીકમાં જ માંગરોળ ખાતે ફેઇઝ–૨ નું કામ ચાલે છે. બહુ મોટું બંદર બનાવીએ છીએ એના કારણે બનાવવાની જરૂર લાગતી નથી એના કારણે ડ્રોપ કરેલું છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વલસાડમાં ઘણા વખતથી મોટી માગણી છે છતાં આ બજેટમાં લેવાય નથી પણ વલસાડ દરિયાકાંઠાના લગભગ ૧૨–૧૫ ગામોએથી બે થી ત્રણ હજાર ફિશરીઝ બોટોની અવરજવર થાય છે ત્યાં જેટીની માગણી કરેલી છે. એટલિસ્ટ કોસંબા અને મોગર ડુંગરી અને મોટી દાંતી ગામે જેટી મંજૂર થાય એવું કરી આપો તો આપની મહેરબાની.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

અધ્યક્ષશ્રી : સૂચન છે. જોવડાવી લેશે. તમારું માઇક ચાલુ ન હતું, એટલે જવાબ પહોંચ્યો કે નહિ એ ખબર નથી. આપ ધીમેથી બોલો છોને. માનનીય જીજ્ઞેશભાઇ.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે શ્રમ અને રોજગાર સંબંધિત બે–ચાર મુદ્દા ઉપસ્થિત કરવા હતા.

અધ્યક્ષશ્રી : પ્રશ્નો.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં હથિયારી અને બિનહથિયારી પી.એસ.આઇ.ની રિક્રૂટમેન્ટની પ્રક્રિયા બહાર પડી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ શ્રમ અને રોજગાર વિભાગમાં નહિ આવે.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : નહિ રોજગાર એટલે એમ્પ્લોયમેન્ટ સાથે જોડાયેલ રિક્રૂટમેન્ટ એનો અભિન્ન ભાગ છે છતાં શ્રમ અને રોજગાર સંબંધિત સ્પેસિફિક વાત કરું. શ્રમ અને રોજગાર વિભાગ સંદર્ભે કહેવા માગું છું કે સમગ્ર ગુજરાતની અંદર જે અમારા એમ.એલ.એ. ક્વાટર્સ છે એ સહિત આપણા જેટલા પણ સર્કિટ હાઉસિસ છે એમાં જે પણ સફાઇ કર્મચારીઓ ફિક્સ પગાર અને આઉટસોર્સિંગના કર્મચારીઓ કામ કરે છે એ બહુ લાંબા વખતથી કોન્ટ્રાક્ટચ્યુલ અને આઉટસોર્સિંગના કર્મચારીઓને ત્યાં લઘુત્તમ વેતન ચૂકવાતું નથી. રેકર્ડ ઉપર ૧૨–૧૩–૧૪ કે ૧૫ હજાર ચૂકવાય પણ એમના હાથમાં લઘુત્તમ વેતનથી ઓછું વેતન ચૂકવાય છે અને જો આ મુદ્દો એ લોકો રેઇઝ કરે તો એમને કાઢી મૂકવાની ધમકી આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ સાહેબ પણ પ્રેક્ટિસિંગ એડવોકેટ રહ્યાં છો. હું પણ પ્રેક્ટિસિંગ એડવોકેટ છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મારી વાત ના કરશો.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, એપેક્ષ કોર્ટના એકથી વધારે જજમેન્ટ એવું કહે છે કે કોઇપણ કામદાર કે કર્મચારીને લઘુત્તમ વેતનથી ઓછા દરે કામ કરવાની ફરજ પાડવી એ વેઠ પ્રથા એટલે કે બોન્ડેડ લેબર ગણાય. કમનસીબે શ્રમ અને રોજગાર વિભાગના મકાનની અંદર પણ જે કર્મચારીઓ કામ કરે છે એમને પણ નિયમિત વેતન ચૂકવાતું નથી. બીજો એક મહત્વનો મુદ્દો ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની અંદર કંન્સ્ટ્રકશન વર્કસ કડિયા, મજૂર છે એમના વેલફેર માટે લગભગ ૨૦૦૦ કરોડ જેટલી રકમ પડેલી છે. બહુ જ લાંબા વખતથી ગુજરાત વિધાનસભાના અન્ય સાથી ધારાસભ્ય દ્વારા પણ આ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવે છે. એક પણ રકમ ખર્ચાતી નથી.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવો.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : શ્રમ અને રોજગાર મંત્રીશ્રીને એટલું પૂછવા માગું છું કે આજે જે મેં રજૂઆત કરી કે આપણા તમામ સરકીટ હાઉસમાં અને અમારા એમ.એલ.એ. ક્વાર્ટર્સમાં જે સિક્યુરિટી અને સફાઇ કર્મીઓને મિનિમમ વેતન ચૂકવાતું નથી એ બાબતે આપ શું કરવા માગો છો?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મિનિમમ વેઝીસની અમને કોઇ આવી ફરિયાદ મળી નથી. મને લાગે છે એક કે દોઢ વર્ષ પહેલા મારી પાસે રજૂઆત આવી હતી અને એટલા માટે એ રજૂઆતના આધારે જે એમને રોકડમાં પેમેન્ટ કરવામાં આવતું એની જગ્યાએ હવે એને બેંકમાં નાખવાનું એટલા માટે જ નકકી કરવામાં આવ્યું હતું. શ્રી જીજ્ઞેશભાઇ આવી વાત કરી રહ્યા છે તો એમની પાસે માહિતી હોય અને મને આપશે તો હું તપાસ કરાવી લઇશ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ૨૦૦૦ કરોડ રૂપિયા જમા પડયા છે એ અંગે કંઇક કરાવજો એવું એમનું સૂચન છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે જમા પડયા છે એ એક પણ રૂપિયો વપરાતો નથી. સમયના આધારે હું વિભાગોને કહી શકયો નથી પણ એની અંદર જે રીતે કરોડો રૂપિયાનું કામ થઇ રહ્યું છે. અત્યાર સુધીમાં અમે માત્ર શ્રમિકોના બાળકોની, રૂપિયા ૯૦ કરોડ ઉપર તો શિક્ષણ સહાય ચૂકવી છે. આમ એક એક લઇએ તો લાખો નહિ, કરોડો રૂપિયાનો એની પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : એમણે એ જ ધ્યાન દોર્યું. માનનીય ઝંખનાબેન.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને સૂચન કરવા માગું છું કે પર્યટન સ્થળ થોડા વિકસિત થયા નથી. બજેટને લીધે જો કોઇ પર્યટન સ્થળમાં અટકી જતું હોય તો એમાં પ્રાયોરિટીના ધોરણે એટલિસ્ટ આપણે સ્વચ્છતા માટે ટોઇલેટ અને બાથરૂમની વ્યવસ્થા કરવામાં આવે. કેમ કે મારા ઘણા એવા વિસ્તાર છે જેમ કે ડુમ્મસ બીચ છે અને સુવાલી બીચ છે તો એની સાથે વન વિભાગ પણ લાગેલો છે તો અગર વન વિભાગમાં પણ ટોઇલેટની વ્યવસ્થા કરવામાં બ્લોકેજ બનાવવામાં આવે તો હજારો, લાખોની સંખ્યામાં પર્યટકો આવતા હોય છે તો એમને મુશ્કેલી ન પડે એટલા માટે થોડું ધ્યાન રાખવામાં આવે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમે રજૂઆત લીધી છે અને પોઝિટિવ છીએ.

કાપ દરખાસ્તો ક્રમાંક– ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૬, ૩૭, ૩૮, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૭, ૪૮, ૫૦, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯ અને ૬૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક–૬, ૫૧ અને ૫૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૨–૨૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૩૦મી માર્ચ, ૨૦૨૧ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૩૦મી માર્ચ ૨૦૨૧
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૨૧**
**ચૈત્ર ૯, ૧૯૪૩ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**
**અંજાર તાલુકામાં આંતરિક પેયજળ યોજના**

* ૩૭૯૮૯ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં અંજાર તાલુકામાં જલ જીવન કાર્યક્રમ અંતર્ગત નિંગાળ ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં અંજાર તાલુકામાં જલ જીવન કાર્યક્રમ અંતર્ગત નિંગાળ ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન કરવામાં આવેલ નથી. જોકે વર્ષ ૨૦૧૮માં યોજના મંજૂર કરવામાં આવેલ હતી જે વર્ષ ૨૦૨૦માં યોજના પૂર્ણ કરેલ છે. તમામ ઘરોમાં નળ જોડાણ દ્વારા પાણી મળે છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજનાની તાંત્રિક, વહીવટી અને સૈધ્ધાંતિક મંજૂરી ક્યારે આપવામાં આવેલ, અને | (૨) તાંત્રિક મંજૂરીઃ– ૨૬–૧૨–૨૦૧૮<br>વહીવટી મંજૂરીઃ– ૨૩–૦૧–૨૦૧૯<br>સૈદ્ધાંતિક મંજૂરીઃ–૨૧–૦૧–૨૦૧૯ |
| (૩) ઉક્ત સ્થિતિએ આ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) યોજના કાર્યાન્વિત કરી તા.૨૫–૦૭–૨૦૨૦ના રોજ લોકાર્પણ કરવામાં આવેલ છે. |

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દેશના લોકપ્રિય વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે સમસ્ત દેશમાં છેવાડાના માનવીને ઘરે ઘરે પીવાનું શુદ્ધ પાણી મળી રહે એના માટે આ ' નલ સે જલ' યોજના અમલમાં મૂકી છે તે બદલ હું આપના માધ્યમથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા હિન્દુ ધર્મના પવિત્ર તહેવાર હોળી–ધૂળેટી દરમિયાન સમસ્ત દેશમાં અને રાજયમાં કોરોના મહામારીમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ગાઈડલાઈન પ્રમાણે સમસ્ત દેશની પ્રજાએ અને રાજયની પ્રજાએ આ તહેવારોની ઉજવણી કરી છે અને કોરોનાની ગાઈડલાઈનનું જે પાલન કર્યું છે તે બદલ હું રાજયની સમસ્ત પ્રજાને આપના માધ્યમથી અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે કેન્દ્ર સરકારે આ યોજના અમલમાં મૂકી છે તેમાં જે રાજયોએ સમયથી પહેલા કામની પદ્ધતિને વધુ વેગ આપી અને પૂર્ણ કરવા માટે સમયબદ્ધ રીતે આ યોજના અમલમાં મૂકી છે તેમાં બે દિવસ પહેલા આપણે ન્યુઝના માધ્યમથી સાંભળ્યું હશે કે, આ યોજનામાં પ્રોત્સાહિત કરવા માટે જે વધારાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તેમાં ગુજરાત, અરુણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, સિક્કિમ અને હિમાચલ પ્રદેશ આ સાત રાજયોનો વધારાની ગ્રાન્ટ આપવા માટે સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રાન્ટ પેટે ૪૬૫ કરોડ રૂપિયા જે વધારાના ફાળવવામાં આવ્યા છે તેમાં આપણા ગુજરાત રાજયને રૂપિયા૧૦૦ કરોડની પ્રોત્સાહિત ગ્રાન્ટ ફાળવવામાં આવી છે એ બદલ હું કેન્દ્ર સરકારનો આભાર માનું છું. સાથે સાથે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સાહેબ અને પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા સાહેબે આ યોજનાને સમયબદ્ધ રીતે અમલમાં મૂકી છે એ બદલ હું એમને પણ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને આપના મારફત પૂછવા માગું છું કે, જલ–જીવન મિશન અંતર્ગત ' નલ સે જલ' કાર્યક્રમ હેઠળ તા.૩૧/૦૧/૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર ઘરોને જે નળ કનેકશન આપવામાં આવ્યા છે તેમાં તાલુકાવાર કેટલા બાકી છે? અને આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તેમ દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે જે રીતે છેવાડાના માનવી સુધી..(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ જે બોલી રહ્યા છો, એ બધું જ માનનીય અરવિંદભાઈ બોલી ગયા છે. તાલુકાવાર કેટલા બાકી છે એટલું જ કહો. એક પ્રશ્નમાં જ ત્રણ મિનિટ થઈ.

શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે કહેતો હતો કે, જે રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ મારા વિભાગને અને અમને પ્રત્સાહિત કર્યા છે અને સમયબદ્ધતા સાથે અમે જે કામગીરી પૂર્ણ કરી છે એના ભાગરૂપે પ્રોત્સાહન રૂપે સાતેય રાજયો પૈકી ગુજરાત રાજયને પ્રથમ ક્રમમાં લઈ ૧૦૦ કરોડ રૂપિયા વધારાની રકમ મળી છે. એટલા માટે વિભાગના મંત્રી તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઈ એમ બન્નેનો ખૂબ આભાર માનું છું. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એ તારીખ ૩૧/૦૧/૨૦૨૧ની સ્થિતિએ એક વર્ષના સમય દરમિયાનની વાત કરું તો આ નિંગાળ ગામની યોજના

એની પહેલાં મંજૂર થઇ હતી. આ સમય દરમિયાન મંજૂર નથી થઇ પણ આ સમય પૂર્ણ થતાં પહેલા આ યોજના પૂર્ણ થયેલ છે અને એટલા માટે આ નિંગાળ ગામની અંદર 'નલ સે જલ' યોજનાથી પીવાનું પાણી ઘર સુધી મળે એ યોજના ૧૦૦ ટકા પૂર્ણ કરેલ છે. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી ખાસ કરીને કચ્છ જિલ્લામાં જે ગામોને ૧૦૦ ટકા નળથી જોડવામાં આવેલ છે અને જે ગામો બાકી રહ્યા છે તેમાં અબડાસા તાલુકાના કુલ ૧૪૫ ગામોમાં ૧૯૦૭ ઘર, અંજાર તાલુકાના કુલ ૬૪ ગામોમાં ૧૩૨૭ ઘર, ભચાઉ તાલુકાના કુલ ૬૮ ગામોમાં ૧૭૦૯ ઘર, ભુજ તાલુકાના કુલ ૧૫૫ ગામોમાં ૮૨૮૮ ઘર, ગાંધીધામ તાલુકાના કુલ ૮ ગામોમાં ૧૩૮ ઘર, લખપત તાલુકાના કુલ ૮૨ ગામોમાં ૧૫૨૮ ઘર, માંડવી તાલુકાના કુલ ૮૯ ગામોમાં ૧૫૨૭ ઘર, મુંદ્રા તાલુકાના કુલ ૫૮ ગામોમાં ૫૪૭ ઘર, નખત્રાણા તાલુકાના કુલ ૧૫૫ ગામોમાં ૧૫૫૦ ઘર, રાપર તાલુકાના કુલ ૯૭ ગામોમાં ૪૮૪૭ ઘર નળ જોડાણ માટે બાકી છે. આમ, કુલ ૮૮૧ ગામોમાં કુલ ૨૩૩૯૮ ઘર નળ જોડાણ માટે બાકી છે.

અધ્યક્ષશ્રી : તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨, કારણ કે પ્રશ્ન ક્રમાંક–૧ અને ૭ બન્ને સરખા છે, એટલે તે વખતે સમય મળશે.

**પંચમહાલ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ**

* ૩૮૦૮૭ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ** |
|---|---|
| શહેરા | ૪૯૩૫ |
| મોરવા | ૧૮૫૫ |
| ગોધરા | ૬૮૪૮ |
| કાલોલ | ૪૪૭૩ |
| હાલોલ | ૨૩૦૫ |
| ઘોઘંબા | ૨૧૦૫ |
| જાંબુઘોડા | ૫૦૪ |
| **કુલ** | **૨૩૦૨૫** |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| **તાલુકાનું નામ** | **પાડવામાં આવેલ નોંધો** | **મંજૂર નોંધો** | **નામંજૂર નોંધો** |
|---|---|---|---|
| શહેરા | ૪૯૩૫ | ૪૪૩૭ | ૨૬૬ |
| મોરવા | ૧૮૫૫ | ૧૭૯૭ | ૫૮ |
| ગોધરા | ૬૮૪૮ | ૫૭૦૨ | ૨૩૧ |
| કાલોલ | ૪૪૭૩ | ૩૯૦૦ | ૭૯ |
| હાલોલ | ૨૩૦૫ | ૨૦૮૨ | ૪૬ |
| ઘોઘંબા | ૨૧૦૫ | ૧૯૦૮ | ૩૮ |
| જાંબુઘોડા | ૫૦૪ | ૪૭૩ | ૧૧ |
| **કુલ** | **૨૩૦૨૫** | **૨૦૨૯૯** | **૭૨૯** |

(૩) નોંધો નામંજૂર કરવાના કારણો શા છે ?

(૩) નોંધો નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. કબજેદારના નામ, અટકમાં વિસંગતતા હોય.
૨. મરણ અંગેના પ્રમાણપત્રમાં વિસંગતતા હોય.
૩. અધુરા કાગળો હોય.
૪. સીધી લીટીના વારસદાર ન હોય.
૫. વારસાઈના રજૂ થયેલ સાધનિક કાગળોમાં ગુજરનારના પત્નીનો ઉલ્લેખ ન હોય.
૬. પેઢીનામામાં વિસંગતતા હોય.
૭. વારસાઈ માટે ઓનલાઈન અરજી કર્યા બાદ સમય–મર્યાદામાં ઈ–ધરામાં સાધનિક કાગળો રજૂ ન કરેલ હોય.
૮. કોર્ટના મનાઈ હુકમો હોય.
૯. વારસો છુપાવેલ હોય.
૧૦. પત્નીએ પુનઃલગ્ન કરેલ હોઈ પણ પેઢીનામામાં દર્શાવેલ ન હોય.

## તા. ૩૦મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આજે તારીખ ૩૦મી માર્ચના રોજ આદરણીય તુકારામની જન્મજયંતી છે. ભાગવત ભક્તિના માધ્યમથી સમાજ સુધારાનું કામ માનનીય તુકારામે કર્યું છે એમને પણ આપણે યાદ કરીએ. ગુજરાત સરકારે મહેસૂલી સેવાઓનું અભૂતપૂર્વ સરળીકરણ કર્યું છે. મહેસૂલ વિભાગની ૧૯ જેટલી સેવાઓ ઓનલાઇન કરેલ છે. મહેસૂલી સેવાઓ માટે ઓનલાઇન પોર્ટલ શરૂ કરનાર આપણું ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ છે એટલે હું માનનીય મુખ્યમંત્રીશ્રીને તેના માટે લાખ લાખ અભિનંદન પાઠવું છું અને મારો જે પ્રશ્ન છે એ આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછું છું કે, તારીખ ૩૧/૧૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં બે વર્ષમાં ઇ–ધારા કેન્દ્ર દ્વારા તાલુકાવાર વારસાઇ હકની કેટલી અરજીઓ મળી, એમાં કેટલી નોંધો પાડી, કેટલી નામંજૂર કરી અને એના કારણો સાથે સાથે હક પત્રક સંબંધિત કાર્યપદ્ધતિમાં ઝડપ લાવવા માટે રાજ્ય સરકારે શું શું કાર્યવાહી કરી છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત ખાતેદારનો મુખ્ય હક એ હકપત્રક નોંધમાં હોય છે એટલે મહેસૂલ વિભાગનું સૌથી પાયાનું કામ અહીંથી શરૂ થાય છે. જ્યારે જ્યારે હક બદલાય ત્યારે એ નોંધ પડાવવા આવે છે. ૧૬–૧૭ પ્રકારની નોંધ પાડવા માટેની લોકો માગણી કરતા હોય છે. વારસાઇ એમાંની એક મુખ્ય નોંધ છે. માનનીય ધારાસભ્યશ્રીએ જે પૂછ્યું એ પ્રમાણે હું તાલુકાવાર વિગત તો આપી શકું તેમ છું પણ છેલ્લાં બે વર્ષમાં પંચમહાલમાં ૨૩૦૨૫ વારસાઇની અરજીઓ આવી. જ્યારે અરજીઓ આવે ત્યારે કાચી નોંધ તો પડી જ જાય છે એટલે ૨૩૦૨૫ કાચી નોંધ પડી, પછી એની પ્રોસેસ ચાલુ થાય. તે પૈકી ૯૦ દિવસની સમય મર્યાદામાં મંજૂર કરેલ અરજીઓ ૨૦૨૯૯ અને નામંજૂર કરેલી અરજીઓ ૬૮૯ છે, એટલે સમયમર્યાદામાં બાકી ૧૯૯૭ છે. એની પણ સમય મર્યાદા ધ્યાને લઇને ૧૭૩૯ મંજૂર કરેલ છે અને ૨૫૬ નામંજૂર કરેલ છે. આજની તારીખે ફક્ત બે જ અરજીઓ પેન્ડિંગ છે અને તે પણ તકરારી છે. તકરારી અરજીઓમાં સમય લાગતો હોય છે. આ બે અરજીઓ માટેના પુરાવા, દસ્તાવેજો બધુ મંગાવેલુ હોય છે. આ બે અરજીઓમાં એક પ્રાંત કક્ષાએ બાકી છે અને એક સ્ટે ઓર્ડર છે. મારી પાસે તાલુકાવાર આંકડા છે તેમને જોઇશે તો હું આપી દઇશ.

અધ્યક્ષશ્રી : તેમને આપી દેજો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બીજો પ્રશ્ન તેમણે જે કર્યો કે આ છેલ્લાં બે–ત્રણ પ્રશ્નમાં આજે પણ બીજા બે–ત્રણ પ્રશ્નો આ ટાઇપના છે.

અધ્યક્ષશ્રી : ૨, ૩ અને ૪ આ ત્રણ પ્રશ્નો ઇ–ધરાના જ છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે આ ગંભીરતા લીધી છે કે રેકર્ડની અંદર લોકોને ન્યાય મળે. જો તેમનો રેકર્ડ ચોખ્ખો હોય, સાચો હોય તો તેમને જે કંઇ વ્યવહાર કરવાના છે તે પણ ઝડપથી થઇ શકે એટલે વખતો વખત સરકારે મુખ્યમંત્રીશ્રીના નેજા હેઠળ અનેક સુધારાઓ કર્યા છે. મારી દ્રષ્ટિએ તેમાં મુખ્ય બે સુધારા છે. એક તો ઓન લાઇન આઇ.ઓ.આર.એ. સિસ્ટમની ઉપર આ કામ ઝડપી બને છે. બીજું, હાલ તકરારી કેસમાં મામલતદારો જે નિર્ણય લેતા હતા એ આખી સત્તા અમે પ્રાંતને આપી એટલે એક સ્ટેજ ઘટાડ્યું અને પ્રાંત કક્ષાએ નિર્ણય થાય એટલે નિર્ણયમાં પણ ચોક્કસતા આવે. આવા અનેક નાના મોટા નિર્ણયો સરકારના માધ્યમ દ્વારા મહેસૂલ વિભાગમાં લેવામાં આવ્યા છે. એટલે આ હક પત્રકની નોંધો ઝડપથી થાય, સમય–મર્યાદામાં થાય અને લોકોનું કામ સરળતાથી થાય એવો સરકારનો મૂળ ઉદ્દેશ છે.

### દાહોદ જિલ્લામાં હક્ક પત્રક નોંધો

* ૩૮૦૭૧ **શ્રી હર્ષ સંઘવી** (મજુરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૨૨૫૭ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) આ બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહાન સ્વાતંત્ર્ય સેનાનીશ્રી શ્યામજીકૃષ્ણ વર્માજીની જયારે પુણ્યતિથિ છે ત્યારે તેમને શ્રદ્ધાંજલિ આપતાં જે પ્રકારે છેલ્લા અનેક સમયથી મહેસૂલ વિભાગમાં પારદર્શકતા અને સાથે સાથે જે ઓનલાઇન પદ્ધતિ અપનાવવામાં આવી છે તેના કારણે ગુજરાતની જનતાને જે લાભ મળે છે તે બદલ હું આખા વિભાગનો આભાર માનવા માગું છું અને સાથે સાથે હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે, હક પત્રક એટલે શું ? આ હક પત્રકની કાર્યવાહી કઇ રીતે કરવામાં આવે છે ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ હક પત્રકની બાબતમાં જે પ્રશ્ન કર્યો છે તેનો મેં અગાઉ પણ થોડો ઉલ્લેખ કર્યો છે. ખેડૂત ખાતેદારની મિલકતોમાં ૧૭ પ્રકારના ડોકયુમેન્ટમાં ફેરફાર થતા હોય છે. એટલે સમય–મર્યાદાની અંદર વેચાણ થયું હોય, ભેટ આપી હોય, બક્ષિસ આપી હોય તો કોર્ટ મેટરમાં આ બધા સુધારા હક પત્રકમાં કરવા પડે છે. પાયાના ડોકયુમેન્ટમાં આ સુધારા ઝડપથી થાય તેના માટે મેં અગાઉ કહ્યું તેમ જે કાર્યવાહી કરી છે અને સતત ગાંધીનગર લેવલે મોનીટરીંગ ચાલે છે કે આ સુધારા સમય–મર્યાદામાં થાય એવો સરકારનો આગ્રહ છે. સરકારનો આગ્રહ છે કે ૯૦ દિવસમાં તેમની અરજી પ્રમાણે જે કંઇ એન્ટ્રી હોય તે મંજૂર કે નામંજૂર કરી દેવી. તે જ રીતે દાહોદની જે વાત કરી તેમાં છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર નહિ પણ કુલ ૨૯,૧૫૮ નોંધો આવી. તેમાંથી નિકાલ કરેલી ૨૬,૯૦૧ અને નામંજૂર કરેલી ૨૨૫૭ નોંધો છે. આમ, ત્રણ માસની સમય–મર્યાદામાં નિકાલ થયેલ નોંધો ૨૬,૬૯૬ અને ત્રણથી છ માસમાં નિકાલ થયેલ નોંધો ૨૫૦ છે. એપ્રિલ–મે માસ દરમિયાન

આખા ગુજરાતમાં કોરોનાનું લોકડાઉન હતું એટલે દાહોદમાં ૨૫૦ બાકી રહી ગયેલ અને જેવી કામગીરી ચાલુ થઇ એવી એ નોંધો સમય–મર્યાદામાં પૂરી કરી દીધી અને તેમાં પણ ૨૦ તકરારી નોંધો હતી. એટલે એ તકરારી નોંધો પણ હાથમાં લઈ અને નિકાલ કરી દીધો. આજની તારીખે ફક્ત ત્રણ તકરારી નોંધો બાકી છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગામતળમાં બે નંબરમાં જે વારસાઈ એન્ટ્રી પાડવાની થતી હોય તેમાં ઘણાં સમયથી આપણા સોફ્ટવેરના કારણે કે કોઈ ટેકનિકલ ખામીને કારણે એ વારસાઈ એન્ટ્રીની બે નંબરમાં નોંધ પડતી નથી તે હકીકત સાચી છે? અને જો હા તો કેટલા સમયમાં આ સમસ્યા હલ થશે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં ચાર–પાંચ જિલ્લાઓનો વિસ્તૃત જવાબ આપ્યો છે. સમયસર નોંધો પડે છે. તકરારી નોંધો ક્યાંક બે કે ચાર બાકી રહે છે. આખા ગુજરાતમાં આપણે ટેકનિકલ સિસ્ટમ લગાવી છે. એમાં ક્યાંક ખામી આવી હોય એ સંભવ છે. અમે મોનિટરિંગ કરીએ છીએ. કદાચ કંઈક રહી ગયું હોય તો ચોક્કસ માહિતી આપે. સરકારનો આગ્રહ છે કે સમયમર્યાદમાં આ નોંધોનો નિકાલ થઈ જવો જોઇએ.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે એમણે જે હકપત્રક–૬ નું ૭/૧૨ દ્વારા જે ઓટોમેશન કર્યું છે એના કારણે લેન્ડ ગ્રેબિંગના ગુનાઓ અટકાવવાનું ખૂબ સરસ કામ થયું છે. મારે આપના માધ્યમથી મંત્રીશ્રીને કહેવું છે કે, જે લોકો ખેડૂત ખાતેદાર નથી અને ધારો કે, મારું પોતાનું જ મકાન છે અને કદાચ મારા માતા–પિતાના મૃત્યુ બાદ મારે વારસદાર થવું છે અથવા એમના પેન્શનના કે કોઈ પણ સરકારી કાગળમાં મારે પેઢીનામાની જરૂર પડે છે તો ઘણીવખત પેઢીનામું કરવા જઈએ અને જમીન ના હોય અને મકાનના આધારે પેઢીનામું કરવાનું થતું હોય ત્યારે ક્યારેક નાની–મોટી ટેકનિકલ ખામી સર્જાતી હોય છે. હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, આમાં કાંઈ સરળતા થાય તો લોકોને મુશ્કેલી ઓછી પડે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મૂળ આ જે હકપત્રક છે એ ખેડૂત ખાતેદાર પૂરતું છે, બીજી મિલકતો માટે નથી. એમણે કહ્યું કે, જ્યારે હકપત્રકમાં વારસાઈ તરીકે દાખલ કરાવવા આવે એટલે પેઢીનામું બનાવવું પડે. પેઢીનામું ગામ કક્ષાએ બને છે. મામલતદારને એ લોકો ભેગા થઈ, એના દસ્તાવેજો લઈ પછી પેઢીનામું બને છે. સાચા વારસદારો હોય તો ખેડૂત ખાતેદારની જમીનમાં નામ પડે છે. મકાન કે અન્ય મિલકતો માટે શહેરી વિકાસ અને પ્રોપર્ટી કાર્ડ એ સરકારની બીજી વ્યવસ્થા છે. અર્બન વિસ્તારોમાં પ્રોપર્ટી કાર્ડમાં નામે કરાવવાની અલગ બાબત છે. એ પણ સિસ્ટમ અમે સારી રીતે ગોઠવી છે. (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનો જવાબ આપે જે આપ્યો એ સાચો છે, પણ એમનો પ્રશ્ન થોડો જુદો છે. માનનીય જગદીશભાઈ , ક્લીયર કરશો, વાંધો નહિ.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી સાચા હશે પણ તકલીફ એ પડે છે કે, શહેરી વિસ્તારમાં કોઈ પણ જગ્યાએ સરકારી કચેરી જ્યારે પેઢીનામું માગે છે અને જમીન હોતી નથી અને તલાટી પણ કાયદાની મર્યાદામાં રહીને પેઢીનામું કરી શકતાં નથી. ત્યારે કંઈક રસ્તો કરવો જોઈએ અને વિચારવું જોઈએ એવું મારું સૂચન છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, યોગ્ય કરીશું.

**ભાવનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ**

* ૩૮૦૭૩ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| ઈ–ધરા કેન્દ્રનું નામ | કુલ અરજીઓ |
|---|---|
| ભાવનગર સીટી | ૧૪૪ |
| ભાવનગર ગ્રામ્ય | ૯૮૮ |
| ઘોઘા | ૮૧૩ |
| સિંહોર | ૧૦૦૩ |
| વલ્લભીપુર | ૪૮૬ |
| ઉમરાળા | ૭૪૨ |
| પાલીતાણા | ૮૭૯ |
| ગારીયાધાર | ૭૦૨ |
| તળાજા | ૧૯૮૧ |
| મહુવા | ૧૮૪૭ |
| જેસર | ૫૦૪ |
| **કુલ** | **૧૦૦૮૯** |

(૨)

| **તાલુકાનું નામ** | **પાડવામાં આવેલ નોંધો** | **મંજૂર કરવામાં આવેલ નોંધો** | **નામંજૂર કરવામાં આવેલ નોંધો** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ભાવનગર સીટી | ૧૪૪ | ૧૪૦ | ૩ |
| ભાવનગર ગ્રામ્ય | ૯૮૮ | ૮૨૧ | ૬૬ |
| ઘોઘા | ૮૧૩ | ૭૩૨ | ૪ |
| સિંહોર | ૧૦૦૩ | ૮૯૧ | ૩૧ |
| વલ્લભીપુર | ૪૮૬ | ૪૩૭ | ૯ |
| ઉમરાળા | ૭૪૨ | ૭૩૧ | ૧૧ |
| પાલીતાણા | ૮૭૯ | ૭૭૩ | ૨૦ |
| ગારીયાધાર | ૭૦૨ | ૬૧૯ | ૨૨ |
| તળાજા | ૧૯૮૧ | ૧૭૧૭ | ૬૦ |
| મહુવા | ૧૮૪૭ | ૧૬૬૦ | ૨૦ |
| જેસર | ૫૦૪ | ૪૬૨ | ૧૫ |
| **કુલ** | **૧૦૦૮૯** | **૮૯૮૩** | **૨૬૧** |

(૩) નોંધો નામંજૂર કરવાના કારણો શા છે ?

(૩) ઉક્ત નોંધો નામંજૂર થવાના કારણો
- પેઢીઆંબો રજૂ થયેલ ન હોઈ
- ખેતીની જમીન ન હોઈ
- મરણ પ્રમાણપત્ર રજૂ થયેલ ન હોઈ
- વહીવટકર્તા જમીન હોવાના કારણે
- પેઢીઆંબા/નામમાં વિસંગતતા હોવાના કારણે
- સોગંદનામાની વિગતો અધૂરી હોવાના કારણે
- સોગંદનામું અસલમાં ન હોવાના કારણે
- જરૂરી સાધનિક કાગળો અપૂરતા હોઈ,
- દત્તક વિધાન થયેલ ન હોઈ,
- તકરાર ઉભી થયેલ હોવાના કારણે

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે જ્યારથી કમ્પ્યુટરાઈઝ્ડ સિસ્ટમ શરૂ કરી છે ત્યારથી દરેક તાલુકામાં ઈ–ધરા કેન્દ્ર શરૂ કર્યા છે. ઈ–ધરાને લીધે એક મહત્ત્વના પ્રશ્નનો નિકાલ થયો છે. તમે જૂની ૭/૧૨ ની નકલોની એન્ટ્રી વાંચો તો એના અક્ષર તલાટી જ સમજી શકે. ઘણી વાર તો એ એન્ટ્રીને વાંચવા માટે નિવૃત્ત થઈ ગયેલા તલાટીને બોલાવવા પડે છે કે, આ શું લખ્યું છે એ તો સમજાવો. આવા સંજોગોમાં આવી એક માથાકૂટમાંથી આપણે બહાર નીકળ્યા છીએ અને ખાસ કરીને ગામડાના ખેડૂતોને જે તલાટી મળે કે ન મળે અને ૨–૩ સ્ટેજના લીધે જે હેરાનગતિ થતી હતી તે હેરાનગતિ દૂર થઈ એટલે આ તબક્કે રાજ્યના ખેડૂતો વતી આ સરકારના પ્રશંસનીય પગલાને હું બિરદાવું છું. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં કહ્યું છે એ પ્રમાણે બે વર્ષમાં જિલ્લામાં ૧૦,૦૮૯ અરજીઓ આવી, ૮૯૮૩ મંજૂર થઈ, ૨૨૬૧ નામંજૂર થઈ તો ઈ–ધરા કેન્દ્રમાં આવેલી વારસાઈ હકની અરજીઓ પૈકી આજની તારીખે કેટલી નોંધો બાકી છે અથવા તો કોઈ પડતર છે કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી,

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાનો જે પ્રશ્ન છે મૂળ આજની તારીખે એક જ બાકી છે એ પણ તકરારી છે એક વાત, બીજી વાત...

અધ્યક્ષશ્રી : ખૂબ અભિનંદન, બીજુ બધું પૂછ્યું જ નથી. પૂછ્યું નથી. માનનીય અશ્વિનભાઇ કોટવાલ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : જે ત્રણ માસની એક જ બાકી છે.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનીનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, આદિવાસી વિસ્તારમાં વન અધિકાર હેઠળ જંગલની જમીન જે આપવામાં આવી હોય છે એ વન અધિકાર હેઠળ એની અંદર ઇ–ધરામાં નોંધો પાડવામાં આવે છે કે કેમ? અને જંગલની જમીન જે નામે મળેલી હોય અને એ વ્યકિત મૃત્યુ પામે તો એના વારસદારના નામે ઇ–ધરામાં એન્ટ્રી પાડવામાં આવે છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હકપત્રકનું નામ જ એ છે કે વ્યકિતગત જેનો હક છે એ પ્રોપર્ટી, હવે જંગલખાતાની પ્રોપર્ટી એની છે કે નથી એ પ્રશ્ન છે. જયારે એની પોતાની જમીન થાય ત્યારે હકપત્રકમાં ખેડૂત ખાતેદાર તરીકે ૭, ૬ એમાં એના નામ થાય. એમાં કંઇ બદલાવ થાય, જમીન વેચાય, બીજાને આપે, ગીરો મુકે તો હકપત્રક દ્વારા નામ બદલાવે, એટલે પહેલા જમીનનું ટાઇટલ તો જોઇએ જ, જમીન એની છે, ખાનગી છે, પોતાની છે, એના બાપદાદાની છે, એ પહેલા તો પ્રસ્થાપિત કરવું પડે પછી એ હકપત્રકમાં ફેરફાર કરવા હોય તો એના ચોકકસ ધોરણો છે, એ પ્રમાણે ફેરફાર કરી શકાય.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ,

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો સીધો પ્રશ્ન છે કે વન અધિકાર હેઠળ જમીન જે જંગલની મળેલી હોય છે,

અધ્યક્ષશ્રી : એટલી આપેલી છે, એવી ધારણા કરીને જવાબ આપો અને એ ભાઇ ગુજરી ગયા તો એના વારસોને મળે કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : એવા સ્પેસિફીક કેસ અમારી પાસે આવશે એનો પોતાનો હક હોય અને ફેરફાર કરતા હોય તો ચોક્કસ થવી જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ,

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, હક વારસાના કિસ્સામાં પારિવારિક વીલ કરેલું હોય અને વીલ કર્યા પછી એક બે કિસ્સા મારી સમક્ષ એવા આવ્યા છે કે, મેં રજૂઆત પણ નીચલા લેવલે કરી હતી કે, બે ભાઇ હોય અને એક ભાઇનું મૃત્યુ થયું હોય અને છુટાછેડા થઇ ગયા હોય, હવે એ પરિવાર સાથે એ લોકોનો કોઇ નાતો નથી, તેમ છતાં પણ પેઢીનામું માંગવામાં આવે, સોગંદનામું તો એ લોકો રજૂ કરવા તૈયાર થયા છે પણ પેઢીનામું માંગવામાં આવે છે તો વીલ પણ કરેલું હોય અને આ રીતનો કિસ્સો થયો હોય તો એના અનુસંધાનમાં શું ઉકેલ છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, આપણા ભારતીય કાયદામાં વીલ થઇ શકે છે. વીલ બે પ્રકારના છે, સાચું વીલ અને ખોટું વીલ. સાચા વીલમાં જે જે વારસદારોના નામ લખાયા હોય, જેને વીલ બનાવ્યું હોય એને કાયદેસરનો હકક મળે. ફ્રોડ કરીને કે એવા કિસ્સામાં કયાંય વીલ બનાવીને એન્ટ્રી પડાવવા આવતા હોય તો ચોકકસ દસ્તાવેજોની ચકાસણી કરવી પડે છે પછી જ એને માન્યતા અપાય.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી, મારી વાત બહુ કલીયર છે કે વીલ સાચું જ છે. વીલ કરનાર વ્યકિત સાચી છે. વીલ કર્યા પછી પરિવારના બે સભ્યો છે, એક સભ્યનું મૃત્યુ થયું છે એના છુટાછેડા થઇ ગયેલા છે એટલે પરિવાર એની સાથે રહેતું જ નથી. હવે પરિસ્થિતિ એ આવીને ઊભી રહી છે કે એનું પેઢીનામું કરવાનું, હવે પેઢીનામામાં એનું નામ કેવી રીતે દાખલ કરાય? જયારે વીલ કરેલું છે એ વીલ કર્યાની તારીખ પહેલા એ લોકોના છુટાછેડા થઇ ગયેલા છે. આ પરિસ્થિતિમાં મારી પાસે એક બે કિસ્સા આવેલા હતા, એ હજુ પણ એ પરિવાર ગૂંચવાયેલો છે તો સરકાર આનો કોઇ રસ્તો કરે. કારણ કે એનું નામ જ નથી તો કઇ રીતે વારસાઇ થઇ શકે?

અધ્યક્ષશ્રી : કાયદેસર જે હોય એ કરવું પડે ને એમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : સાચું વીલ હોય તો જેને પણ કાયદેસરનો હક પ્રાપ્ત થાય તો ચોક્કસ એની એન્ટ્રી પાડવી જોઇએ. કાયદેસરનું વીલ હોય તો.

અધ્યક્ષશ્રી : માનનીય ગોવિંદભાઇ,

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક વારસાઇ એન્ટ્રીમાં કયાંક કયાંક મામલતદારોમાં પણ વિસંગતતાઓ થતી હોય છે. વિસંગતતા એ હોય છે કે, મામલતદારો આગ્રહ રાખે છે કે વારસાઇ એન્ટ્રી પાડવા માટે તમારે સ્ટેમ્પ ડયૂટી ભરવી પડે. આજની સ્થિતિએ ખરેખર વારસાઇ એન્ટ્રીના શું નિયમો છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ વારસાઇ એટલે પ્રોપર્ટીની અંદર કોઇનો હિસ્સો દાખલ કરવાનો. એટલે એના ડોકયુમેન્ટમાં ચોક્કસ ઉંડાણમાં જવું પડે, એને વારસાઇ તરીકે લાભ મળે એમ છે કે નથી, એ બધા ડોકયુમેન્ટ જોવા જોઇએ અને જે બે ત્રણ પ્રશ્નોના જવાબમાં આપ્યું, જેટલી એન્ટ્રીઓ વારસાઇમાં આવી છે એમાં મોટાભાગની ૯૯ ટકા ઉપર એમને કાયદેસરનો ન્યાય આપણે આપ્યો છે. અને બે ત્રણ પ્રશ્નના જવાબમાં આપ્યું કે વારસાઇમાં જેટલી એન્ટ્રીઓ આવી છે એમાં મોટાભાગની ૯૯ ટકા ઉપરનાને આપણે કાયદેસરનો ન્યાય આપ્યો છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, માતાજીના ખાતે જમીન હોય અને એ ગુજરી ગયાં હોય અને છોકરી–છોકરાના બધાના લગ્ન થઇ ગયાં હોય, તો આ ગુજરી ગયા પછી બધાનો હક લાગે કે પુત્રનો  હક લાગે? કે જે લખી દે તેનો  હક લાગે? (અંતરાય) જવાબ તો આપવા દો.

અધ્યક્ષશ્રી : આ તમારું પોતાનું વિચારતા નથી ને?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : બીજા ઘણા બધા કાયદાઓ જોડાયેલા છે. કોઇ પણ મિકલતમાં  હક પ્રસ્થાપિત કરવો હોય તો એચ.યુ.એફના કાયદા, બીજા બધા કાયદા, એ બધા જોવા પડે અને ખરેખર  મિલકતમાં હક છે કે કેમ? તો જ હક પત્રમાં નોંધણી થઇ શકે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંકઃ ૫ (અંતરાય) ગેલેરી આવી ગઇ.

**ભરૂચ જિલ્લામાં કંપનીમાં આગની ઘટના**

* ૩૯૧૦૭ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં દહેજ ખાતે આવેલ મેઘમણી ઓર્ગેનિક કંપનીના યુનિટમાં આગની ઘટના માર્ચ–૨૦૧૯માં બનેલ તે સાયપર મેપ્થીન પ્લાન્ટને મનાઈ હુકમ આપી બંધ રાખેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત પ્લાન્ટને તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કેટલા સમય માટે બંધ રાખવામાં આવેલ, | (૨) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ૧૦ મહિના અને ૨૫ દિવસ માટે બંધ રાખવામાં આવેલ હતો. |
| (૩)ઉક્ત પ્લાન્ટ ઉક્ત સ્થિતિએ કાર્યરત છે કે બંધ, અને | (૩) ઉક્ત પ્લાન્ટ હાલની સ્થિતિએ કાર્યરત છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્લાન્ટને કઈ શરતોને | (૪) તા.૨૦–૦૨–૨૦૨૦ થી બિન શરતી કાર્યરત |

આધીન કાર્યરત કરવાની મંજૂરી ક્યારે આપવામાં આવી છે ? કરવાની મંજૂરી આપવામાં આવી છે.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા પૂછવા માગું છું કે, ભરૂચ જિલ્લાના દહેજ ખાતે ઔદ્યોગિક એકમ કંપનીમાં આગનો બનાવ બનવાના કારણો શું? આગની ઘટનામાં ઈજાગ્રસ્ત કે મૃત્યુના કેટલા બનાવો બન્યા? આ કંપનીને બિનશરતી કાર્યરત કરવાના કારણો શું?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૬/૦૩/૨૦૧૯ના રોજ સવારે લગભગ પાંચેક વાગ્યે આ કંપનીમાં આગ લાગી હતી. આગના કારણોમાં રિ–એકરટર નં.૧૨૭માં ફ્લોરમીટર દ્વારા એની અંદર પાણીનું એડિશન ચાલતું હતું એ સમયે વધારે પાણીનો જથ્થો ઉમેરવાથી તેની અંદરથી જે કેમિકલ બહાર નીકળ્યું અને નીચેના ફ્લોર પર આવ્યું એના કારણે આગ લાગવામાં આવી હતી. આ ઘટનાની અંદર પાંચ શ્રમ યુગલના મૃત્યુ થયાં.

અધ્યક્ષશ્રી : બીજા કોઇને કાંઇ પૂછવાનું છે. ચાલો, તમે પૂછો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ભરૂચ જિલ્લામાં માર્ચ, ૨૦૧૯માં દહેજ ખાતે આવેલ મેઘમણી આર્ગેનિક કંપનીના યુનિટમાં આગની ઘટના બનેલી. તે બનાવમાં આપેલ મનાઇ હુકમમાં આપેલ સૂચનાઓનું પાલન એ કંપની દ્વારા થયેલ છે કે કેમ તે જણાવશો અને ભરૂચ જિલ્લામાં માર્ચ, ૨૦૧૯માં દહેજ ખાતે આવેલ મેઘમણી ઓર્ગેનિક કંપનીમાં આગની ઘટના બની તેમાં કબજેદાર મેનેજર સામે શું કાર્યવાહી થયેલ છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે કંપનીમાં આગ લાગી હતી ત્યાં આગ લાગવાના કારણોની પણ મારા વિભાગે ચકાસણી કરી હતી અને ફરીવાર આવી ઘટના ન બને એના માટે ફરીવાર યુનિટ ચાલુ કરવું હોય તો ખૂબ લંબાણપૂર્વકના લગભગ ચારેક પ્રકાર છે એટલે ટૂંકમાં કહું છું. જે વિભાગ તરફથી વિવિધ પ્રકારના સૂચનો કરવામાં આવ્યાં હતાં તે સૂચનોનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું. કારખાનાનું બિલ્ડીંગ પણ નવું બનાવવામાં આવ્યું. એમાં ફ્લેઇમ પ્રુફ, ઇલેક્ટ્રિક અને એ બધું કરવાનું હતું એ પણ સંપૂર્ણપણે પૂરું કર્યા પછી જ આ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો. આમાં સભ્યશ્રીએ કહ્યું હતું કે બિનશરતી કાર્યરત કર્યાના કારણો તો એનો જવાબ આપ્યો. આ સંપૂર્ણ કામગીરી પૂર્ણ કર્યા પછી જ આપણી કોઇ પણ શરત બાકી રહી ન હતી. એટલા માટે મેં જવાબમાં પણ બિનશરતી ચાલુ કરવામાં આવ્યું એવું જણાવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય અજીતસિંહ, શું બાકી રહી ગયું આપને? (અંતરાય)

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આવી ગયું.

અધ્યક્ષશ્રી : આવી ગયું ને. વેરી ગુડ, માનનીય અક્ષયભાઇ.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, ભરૂચ જિલ્લામાં માર્ચ, ૨૦૧૯માં દહેજ ખાતે આવેલ મેઘમણી આર્ગેનિક કંપનીના યુનિટમાં આગની ઘટના બનેલી તે બનાવમાં મૃત્યુ પામેલા શ્રમયોગીઓના વારસદારોને કાયદેસર તથા રહેમ રાહે શ્રમયોગી દીઠ કેટલું વળતર ચૂકવામાં આવ્યું?

અધ્યક્ષશ્રીઃ કેટલું વળતર?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ ઘટનાની અંદર પાંચ શ્રમયોગીઓના મૃત્યુ થયાં. શ્રી શ્રેયસ સુરેશલાલ મહેતાને રૂપિયા ૮,૮૫,૪૮૦ એ એનું કાયેદેસરનું વળતર હતું. અમારા વિભાગના પ્રયત્નોથી એમને રહેમ રાહે રૂપિયા ૩૦ લાખનું બીજું વળતર વધારાનું ચૂકવવામાં આવ્યું. શ્રી પરસલાલ વિજયભાઇ બહાદુરસિંહને કાયદેસર વળતર ચૂકવવાપાત્ર હતું એના ઉપર રૂપિયા દસ લાખ બીજા વધારાના ચૂકવવામાં આવ્યા છે. આમ પાંચે પાંચ મૃત્યુ પામનારના વારસદારોને રૂપિયા ૪૪ લાખ ૪૯ હજાર ૮૪ કાયદેસર વળતર ચૂકવવામાં આવ્યું છે અને વિભાગના પ્રયાસોથી આપણે યુનિટવાળાને સમજાવીને રૂપિયા ૧ કરોડ ૧૦ લાખ વધારાનું ચૂકવવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : ખૂબ સરસ.

શ્રી વિવેક ન. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તારીખ ૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કારખાના ધારા હેઠળ નોંધાયેલા છે? તારીખ ૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન કેટલા કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન લાગુ નહિ પડે, આપની પાસે જવાબ હોય તો પણ ન આપશો.

**અંજાર તાલુકામાં આંતરિક પેયજળ યોજના**

* ૩૮૦૫૬ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં અંજાર તાલુકામાં જલ જીવન કાર્યક્રમ અંતર્ગત તુણા ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં અંજાર તાલુકામાં જળ જીવન મિશન કાર્યક્રમ અંતર્ગત તુણા ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજનાની તાંત્રિક, વહીવટી અને સૈધ્ધાંતિક મંજૂરી ક્યારે આપવામાં આવેલ, અને | (૨) તાંત્રિક મંજૂરીઃ– ૧૧–૦૩–૨૦૨૦<br>સૌદ્ધાંતિક મંજૂરીઃ– ૧૧–૦૬–૨૦૨૦<br>વહીવટી મંજૂરીઃ–૧૭–૦૬–૨૦૨૦ |
| (૩)ઉક્ત સ્થિતિએ આ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) હાલ યોજનાની કામગીરી પ્રગતિમાં છે. |

## તારાંકિત પ્રશ્નો

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગામ દ્વારા આંતરિક પે જળ યોજના બનતી હોય છે. એની અંદર તારીખ ૩૧/૦૧/૨૦૨૧ના અંતિત કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી યોજનાઓ મંજૂર થઇ અને એનો અંદાજીત ખર્ચ કેટલો થયો છે?

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૧ અને પ્રશ્ન ૭ બંને એક સરખા છે એટલે એમણે જે વધારાની માહિતી માગી છે એટલો જ જવાબ આપજો. આગળ આપે જવાબ આપી દીધો છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હા, જી. કચ્છ જિલ્લામાં નળ સે જળના માધ્યમથી લગભગ નળ દ્વારા પાણી મેળવવા માટેની ૯૪ ટકા કામગીરી પૂર્ણ થઇ છે. બાકીની ૬ ટકા જેવી કામગીરી બાકી છે એનું આયોજન અમે કર્યું છે. એમાં તાલુકાવાર આયોજન છે એ પૈકીનું અબડાસા તાલુકાની અંદર ૧૮૪ યોજનાઓનું આયોજન છે. એની પાછળ ૧૪૮૫.૭૮ લાખ રૂપિયાનો ખર્ચ થવાનો છે. અંજાર તાલુકામાં કુલ ૯૯ યોજના મંજૂર થઇ છે એની પાછળ ૧૪૬૬.૫૪ લાખ રૂપિયાનો ખર્ચ થનાર છે. ભચાઉ તાલુકામાં ૧૧૨ યોજનાઓ મંજૂર થઇ છે એની પાછળ ૧૩૬૪.૩૧ લાખ રૂપિયા થવાનો છે. ભુજ તાલુકામાં ૨૩૦ યોજનાઓ મંજૂર થઇ છે એની પાછળ ૨૭૫૩.૦૪ લાખનો ખર્ચ થવાનો છે. ગાંધીધામ તાલુકામાં ૧૧ યોજનાઓ મંજૂર થઇ છે જેની પાછળ ૪૯૨.૬૦ લાખ રૂપિયા થનાર છે. લખપત તાલુકામાં ૧૪૫ યોજનાઓ મંજૂર થઇ છે જેની પાછળ ૭૧૮.૮૦ લાખ રૂપિયા ખર્ચ થનાર છે. માંડવી તાલુકામાં ૧૫૮ યોજનાઓ મંજૂર થઇ છે જેની પાછળ ૧૯૫૨.૯૩ લાખ રૂપિયા ખર્ચ થનાર છે. મુંદ્રા તાલુકો એમાં ૭૦ યોજના મંજૂર થઇ છે જેની પાછળ ૧૦૯૯.૭૧ લાખ રૂપિયા ખર્ચ થનાર છે. નખત્રાણા તાલુકો એમાં ૧૮૮ યોજનાઓ મંજૂર થયેલ છે જેની પાછળ ૧૪૧૮.૧૯ લાખ રૂપિયાનો ખર્ચ થનાર છે. રાપર તાલુકામાં ૧૭૦ યોજનાઓ મંજૂર થઇ છે જેની પાછળ ૨૧૩૦.૧૪ લાખ રૂપિયા ખર્ચ થનાર છે. આમ, કુલ ૧૪,૮૮૨.૭૪ લાખ રૂપિયાનો ૧૩૬૭ યોજના પાછળ ખર્ચ થનાર છે. આગામી દિવસોમાં જે ઘર હજુ નળ જોડાણ માટે બાકી છે એનો પણ આની અંદર સમાવેશ કર્યો છે અને આગામી સન ૨૦૨૨ દરમિયાન આ યોજનાઓ પૂર્ણ કરવાના છીએ.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આમ તો આ અંજાર વિસ્તારનો પ્રશ્ન છે પણ મારા વિસ્તારની એક વાત કહેવા માગું છું.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન કચ્છને લગતો છે? ન હોય તો જવા દઇએ.

### વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા

* ૩૮૧૬૮ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૮૩ |
| (૨)આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? | (૨) ૬૩૭૧ |

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે રોજગાર કચેરી દ્વારા આયોજિત ભરતી મેળામાં કયા ઉમેદવારો ભાગ લઇ શકે છે અને ઔદ્યોગિક ભરતી મેળામાં નોકરીદાતાઓ અને ઉમેદવારોને કઇ કઇ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે? કોરોનાના લોકડાઉનના સમયમાં સમગ્ર વર્ષ દરમ્યાન ૮૩ જેટલા ભરતી મેળા કર્યા અને ૬૩૭૧ ઉમેદવારોને રોજગારી મળી. આ કામ પણ શ્રમ વિભાગે કર્યું છે તેના માટે ધન્યવાદ છે પરંતુ મારે એ પણ જાણવું છે કે આ વર્ષ દરમ્યાન શહેર અને જિલ્લાના કેટલા ઉદ્યોગોએ કેટલા કામદારોને છૂટા કર્યા? આ વિગત પણ આપવા વિનંતી છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર વિભાગ મારફત સ્થાનિક કક્ષાએ વધારેમાં વધારે રોજગારી કેવી રીતે મેળવી શકે તેના માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવતું હોય છે. ચાલુ સાલે કોરોનાની મહામારી આવી તેના કારણે અમારે એક જગ્યાએ વધારે સંખ્યામાં યુવાનોને ભેગા કરવાનું અશક્ય બન્યું હતું અને એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની સીધી દેખરેખ હેઠળ તેમનું માર્ગદર્શન મેળવીને અમે ઓનલાઇન ભરતી મેળાની શરૂઆત કરી. જ્યારે ભરતી મેળાઓ કરતા હોઇએ છીએ ત્યારે રોજગારી મેળવનાર લોકોને અમે એક જગ્યાએ એકત્રિત કરીએ છીએ. જે લોકોને જેવા પ્રકારની રોજગારી આપવાની હોય તેવા તમામ રોજગારી આપનાર લોકોને પણ એકત્રિત કરીએ છીએ. મંડપ બાંધીને ત્યાં આગળ રિફ્રેશમેન્ટની પણ વ્યવસ્થા કરીએ છીએ. જે લોકો રોજગારી મેળવવા આવતા હોય તેમને આવવા–જવામાં વધારાનો ખર્ચ ન થાય તે માટે એસ.ટી. બસની કૂપન પણ આપવામાં આવતી હોય છે. જૂન મહિનામાં ઓનલાઇન ભરતી મેળા કરવાની શરૂઆત કરી હતી. વડોદરા જિલ્લામાં કુલ ૮૩ ભરતી મેળાઓ કર્યા હતા તેમાંથી ૬૫ ભરતી મેળા ઓનલાઇન કર્યા હતા. કુલ ૮૩ ભરતી મેળાઓ અંતર્ગત ૬૩૭૧ લોકોને રોજગારી આપવામાં રોજગાર વિભાગને સફળતા મળી હતી. બીજું, તેમણે જે કહ્યું કે કેટલા લોકોને છૂટા કર્યા તે માહિતી અત્યારે મારી પાસે નથી.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે કોવિડ–૧૯ની પરિસ્થિતિએ ભરતી મેળા યોજવામાં આવેલ છે કે કેમ? જો હા, તો કેવી રીતે અને ભરતી મેળામાં કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે શું કાળજી લેવામાં આવી છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ કોવિડ–૧૯ની પરિસ્થિતિને જોઇને અમે જૂન મહિનાથી ઓનલાઇન ભરતી મેળાની શરૂઆત કરી. અમારી રોજગાર કચેરીઓ ઉદ્યોગો પાસેથી પણ ઓનલાઇન માહિતી મેળવતી

હતી. જે લોકો રોજગારી મેળવવા માગતા હતા તેમને પણ માહિતી આપવામાં આવી હતી. તેના માટે સિંગલ ટેલિફોન નંબર મૂક્યો હતો. તેના મારફત રોજગારી મેળવનાર સમગ્ર ગુજરાતમાંથી કઇ કચેરીમાંથી, કયા જિલ્લાની અંદર, ક્યાં આગળ કેવા પ્રકારની રોજગારી મળી શકે તેમ છે એ માહિતી જાણવા માગતા હોય તો અમે એમને એસ.એમ.એસ. દ્વારા અથવા તો ટેલિફોનિક માહિતી આપીને કયા દિવસે રોજગારી આપનાર લોકો ભરતી મેળો કરવા સંમત છે એ દિવસે એમને ઓનલાઇન ભરતી મેળા કરાવીને તેમનો સમાવેશ કરવાના પ્રયાસ કર્યા હતા.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૨૦૨૦ દરમ્યાન વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા ભરતીમેળા યોજવામાં આવ્યા અને આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી મળી અને આ ભરતીમેળા પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ડભોઇમાં ૩ ભરતી મેળા કરવામાં આવ્યા એમાં ૨૭૯ લોકોને રોજગારી આપવામાં આવી. પાદરામાં ૧ ભરતી મેળો કરવામાં આવ્યો એમાં ૪૭ લોકોને રોજગારી આપવામાં આવી. સાવલીમાં ૨ ભરતી મેળા કરવામાં આવ્યા એમાં ૧૮૧ લોકોને રોજગારી આપવામાં આવી, કરજણમાં ૧ ભરતી મેળો કરવામાં આવ્યો એમાં ૭૨ લોકોને રોજગારી આપવામાં આવી, વાઘોડિયામાં ૧ ભરતી મેળો કરવામાં આવ્યો એમાં ૧૦૪ લોકોને રોજગારી આપવામાં આવી, વડોદરામાં ૧૦ ભરતી મેળા કરવામાં આવ્યા એમાં ૨૮૩૫ લોકોને રોજગારી આપવામાં આવી હતી. આ સિવાય કોવિડ–૧૯ની ગાઇડલાઇનને ધ્યાનમાં રાખીને અમે જૂન મહિનાથી ૬૫ જેટલા ઓનલાઇન ભરતી મેળા કર્યા એમાં ૨૮૫૩ લોકોને રોજગારી આપી. આમ, કુલ ૮૩ ભરતી મેળાઓમાં ૬૩૭૧ લોકોને રોજગારી આપી શક્યા હતા. બીજું એમણે માહિતી માગી છે કે ખર્ચ કેટલો થયો તો આની પાછળ કુલ ૧૧ લાખ ૭૧૧ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

*૩૯૦૫૬ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા**(કાલાવડ):**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી., એસ્સાર કંપની અને નાયરા લિમિટેડ કંપનીમાં કંપનીવાર છેલ્લા બે વર્ષમાં માસવાર કેટલા સ્થાનિકોને અને કેટલા બહારના શ્રમિકોને રોજગારી પૂરી પાડવામાં આવી, અને

**જવાબ**

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૦૩–૧૯૯૫ ના ઠરાવની જોગવાઈ અન્વયે દર છ માસે (જૂન અને ડીસેમ્બર અંતિત) મેનેજર/સુપરવાઈઝર અને કર્મચારી/કામદાર/ કારીગર કક્ષાની રોજગારી અને તે પૈકી સ્થાનિક રોજગારીની વિગતો મેળવવામાં આવે છે.

તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ (૧) જામનગર જિલ્લામાં આવેલ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી., અને (૨) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ એસ્સાર કંપની જે હાલ નાયરા એનર્જી લિમિટેડ તરીકે ઓળખાય છે જેમાં છેલ્લા બે વર્ષની રોજગારીની માહિતી નીચે મુજબ છે.

**જામનગર જિલ્લામાં આવેલ**

(૧) રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. (સેઝ ડીવીઝન) ની રોજગારીની વિગત

| સમયગાળો | સ્થાનિક રોજગારી | બિન સ્થાનિક રોજગારી |
|---|---|---|
| જૂન–૨૦૧૯ | ૧૭૬૮ | ૨૩૩ |
| ડીસેમ્બર–૨૦૧૯ | ૧૮૦૮ | ૨૯૧ |
| જૂન–૨૦૨૦ | ૧૭૮૩ | ૨૫૩ |
| ડીસેમ્બર–૨૦૨૦ | ૧૬૮૭ | ૨૩૬ |

(૨) રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. (રીફાઈનરી ડીવીઝન) ની રોજગારીની વિગત

| સમયગાળો | સ્થાનિક રોજગારી | બિન સ્થાનિક રોજગારી |
|---|---|---|
| જૂન–૨૦૧૯ | ૩૨૩૦ | ૪૯૧ |
| ડીસેમ્બર–૨૦૧૯ | ૨૭૫૯ | ૪૭૬ |
| જૂન–૨૦૨૦ | ૨૭૮૪ | ૪૫૮ |
| ડીસેમ્બર–૨૦૨૦ | ૨૭૨૧ | ૪૭૩ |

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ**

(૧) નાયરા એનર્જી લી., (અગાઉની એસ્સાર કંપની) ની

રોજગારીની વિગત

| **સમયગાળો** | **સ્થાનિક રોજગારી** | **બિન સ્થાનિક રોજગારી** |
|---|---|---|
| જૂન–૨૦૧૯ | ૩૨૦૯ | ૪૪૦ |
| ડીસેમ્બર–૨૦૧૯ | ૩૨૬૦ | ૪૪૫ |
| જૂન–૨૦૨૦ | ૩૨૩૭ | ૪૪૦ |
| ડીસેમ્બર–૨૦૨૦ | ૫૨૮૮ | ૪૦૧ |

(૨) ઉક્ત કંપનીઓમાં સ્થાનિકોને ૮૫ ટકા મુજબ રોજગારી પૂરી પાડતી ન હોઈ તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કઈ કંપની સામે શા પગલાં લીધાં ?

(૨) ઉક્ત કંપનીઓમાં શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૦૩–૧૯૯૫ના ઠરાવની જોગવાઈ અન્વયે સ્થાનિકોની નિયત ટકાવારી જળવાતી હોવાથી કાર્યવાહી કરવાની રહેતી નથી.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા અતારાંકિત પ્રશ્ન ક્રમાંક–૭૮૯૦ મુજબ એ પ્રશ્નમાં હાલ ગુજરાતમાં અસ્પૃશ્યતા છે કે કેમ એ પ્રકારનો એક પ્રશ્ન હતો. એમાં તારીખ ૩૦/૦૯/૨૦૨૦ની સ્થિતિએ ગુજરાતમાં ક્યાંય અસ્પૃશ્યતા નથી એટલે આ જવાબ સાચો નથી એવું મને લાગી રહ્યું છે. આ પ્રશ્નના માધ્યમથી હું એ કહેવા માગું છું કે અત્યારે જે પ્રશ્ન–૯ છે એમાં જામનગરમાં રિલાયન્સ અને એસ્સારની નાયરા જેવી વિશાળ કંપનીઓ છે એમાં તારીખ ૩૧/૦૩/૧૯૯૫ના શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવ મુજબ ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી મળવી જોઇએ. આમાં આંકડાકીય માહિતી આપી છે એ બિલકુલ ખોટી છે. સાચી માહિતી જો ખરેખર હોય તો એમના નામ અને સરનામા સાથેનું લિસ્ટ આપવામાં આવે તો સમજી શકાય. બાકી આ રાજ્યમાં અસ્પૃશ્યતાના પ્રશ્નનો જવાબ સાચો ન હોય એ આપ પણ સમજી શકો. *(XXX)

અધ્યક્ષશ્રી : જ્યાં સુધી કોઇ વસ્તુ ખોટી સાબિત ન થાય ત્યાં સુધી સાચી જ મનાય. મંત્રીશ્રીએ એમ કહ્યું કે છાપ્યા મુજબ આ જવાબ સાચો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વચમાં મારે ન કહેવું જોઇએ પણ એમણે એવો આક્ષેપ કર્યો કે *(XXX) આ બિલકુલ વજુદ વગરની વાત છે. એ શબ્દો રેકર્ડ ઉપરથી રદ કરવા જોઇએ. આ તમામ ગુજરાતીઓનું અપમાન છે.

અધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ ઉપરથી રદ કરીએ છીએ. (અંતરાય) માનનીય શૈલેષભાઇ, અત્યારે પ્રશ્નકાળ અગત્યનો છે. તમે બધા જ કહો છો. એ શબ્દો કાઢી નાખવામાં આવ્યા છે. માનનીય મુસડિયાભાઇ આપનો પ્રશ્ન પૂછો.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જેટલાને રોજગારી આપવામાં આવી છે એના નામ, સરનામાની યાદી આપવામાં આવે.

અધ્યક્ષશ્રી : સરનામા શું કરવા છે?

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : ખરાઇ થઇ શકે કે એ સ્થાનિક લોકો છે કે નહીં?

અધ્યક્ષશ્રી : આપણે અતારાંકિતમાં પણ આપતા હોઇએ છીએ. અત્યારે એ પ્રશ્ન નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમની લાગણી ખૂબ સ્પષ્ટ છે કે આ મોટી મોટી કંપનીઓ સરકારી સહાય લીધા પછી ગુજરાતના બેરોજગાર યુવાનો પ્રત્યે અસ્પૃશ્યતા રાખે છે. સ્થાનિક લોકોને રોજગારી મળતી નથી. સરકારે આપેલા આંકડા સાચા હોય તો... (અંતરાય)

અધ્યક્ષશ્રી : સાચા જ માનવાના હોય. તમારે શોધી લેવાના હોય.

શ્રી પરેશ ધાનાણી : રોજગારી આપી હોય એના આંકડા પણ સરકાર પાસે હોય એટલે આપના મારફત વિનંતી છે કે જે લોકોને રોજગારી આપી છે એના આંકડા આ વિધાનસભા સમક્ષ આપવા માગે છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે બિલકુલ ખોટા આંકડા આપવામાં આવ્યા છે. વર્ષમાં બે વાર ત્યાં સ્થાનિકોને રોજગારી આપવામાં આવી છે કે નહીં એની દરેક કંપનીઓમાંથી માહિતી મેળવતા હોઇએ છીએ. એમણે કહ્યું છે કે આ કંપનીમાં રોજગારી આપવામાં આવી નથી. મારી પાસે કેટલી રોજગારી છે, કેટલા સ્થાનિક છે એની બધી આંકડાકીય માહિતી ઉપલબ્ધ છે. એટલા માટે હું કહેવા માગું છું. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના બે એકમો કામ કરે છે. અને રિલાયન્સ કંપનીના બે એકમોમાં સેજ ડિવિઝનમાં ૧૬૮૭ લોકો સ્થાનિક છે એટલે ૮૭ ટકા રોજગારી એમાં જળવાયેલી છે અને સ્થાનિક સિવાયના ૨૩૬ લોકો આવેલા છે. એવી જ રીતે રિલાયન્સની રિફાઇનરી ડિવિઝનમાં ૨૭૨૧ સ્થાનિક લોકો છે અને ૪૭૩ સ્થાનિક સિવાયના લોકો કામ કરી રહ્યાં છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ જે વાંચી રહ્યાં છો એ માહિતી આપેલી જ છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : સાહેબ, હું ટકાવારી સાથે એટલા માટે કહું છું કે ટકાવારી પૂરી જળવાયેલી છે.

અધ્યક્ષશ્રી : ટકાવારી જળવાયેલી છે. પ્લીઝ. માનનીય સભ્યનો જે પ્રશ્ન છે (અંતરાય)

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી પરેશ ધાનાણી : સાહેબ, ક્યા લોકો છે એની યાદી વિધાનસભાને મળે. સાહેબ, અમારી વિનંતી એટલી છે કે આ વિધાનસભામાં સરકારે જે આંકડા આપ્યા છે એ સ્વીકારી લઇએ. ક્યા સ્થાનિક લોકોને રોજગારી આપી એની યાદી વિધાનસભા સમક્ષ રજૂ કરવા આપના મારફત અમે સરકારને વિનંતી કરીએ છીએ. (અંતરાય)

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમે ઓન ફ્લોર જવાબદારી સાથે જવાબ આપી રહ્યાં છીએ. પછી એ જવાબ ખોટા છે એવું કહેવું વાજબી નથી. અમે ઓન ફ્લોર આપીએ છીએ કે આ ફિગર છે એ આપ્યા છે. પછી સાહેબ, લિસ્ટ માગે, કાલે કૂપન કેટલા ઇસ્યુ થયા? ૧૦ લાખ તો એની યાદી આપો. તો સાહેબ આવી વ્યવસ્થા ન હોય. અમારો ભરોસો રાખવો જ પડે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે ઘણું આવી ગયું. આ વિષય પર ઘણી ચર્ચા થઇ ગઇ છે. પ્લીઝ, માનનીય અમરીષભાઇ. (અંતરાય) પ્લીઝ.

શ્રી અમરીષભાઇ જી. ડેર : આભાર માનનીય અધ્યક્ષશ્રી. (અંતરાય) એક મિનિટ, (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી પ્રવિણભાઇ, આપ બેસી જાવ. (અંતરાય) શ્રી પ્રવિણભાઇ, આપ બેસી જાવ. સરકાર કહે છે કે તમને જરૂરી માહિતી હતી એ આપી છે. (અંતરાય) એ દાવા સાથે તમે લાવજો. એની માહિતી માગવાની પ્રક્રિયા જુદી છે. માનનીય અમરીષભાઇ. (અંતરાય) સમય ના બગાડો, પ્લીઝ.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા ઇચ્છું છું કે, આ સ્થાનિક લોકોને રોજગારીની વ્યાખ્યા શું? એટલા માટે કે રાજુલા, જાફરબાદ અને ખાંભા વિસ્તારની અંદર જે ઉદ્યોગો છે તો એ જ વિસ્તારના લોકોને રોજગારી આપવી એ સ્થાનિક રોજગારી કે આખાય ગુજરાતના લોકોને રોજગારી આપી એ સ્થાનિક રોજગારી? અને જો સ્થાનિક લોકોમાં આખું ગુજરાત આવી જતું હોય તો જે ગામની અંદર, જે વિસ્તારની અંદર ઉદ્યોગો આવ્યા હોય એ વિસ્તારના લોકોની રોજગારી માટે આપ શું કરવા ઇચ્છો છો?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન જામનગર જિલ્લાનો છે અને એમણે જામનગર જિલ્લાની માહિતી માગી છે એની સંપૂર્ણ માહિતી આપી છે. આપના વિસ્તારની માહિતી જોઇતી હોય તો બીજી નોટિસ આપજો હું તમને પણ જવાબ આપવા બંધાયેલો છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ વ્યાખ્યા પૂછે છે? સ્થાનિક એટલે ગુજરાતનો કે જામનગરનો.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિકની વ્યાખ્યા એ જ કે આમ તો આ દેશના નાગરિકને દેશની અંદર ગમે ત્યાં રોજગારી મેળવવાનો નૈતિક અધિકાર છે. પરંતુ ગુજરાત રાજ્યની અંદર વધારેમાં વધારે રોજગારી મળે એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીની એક પ્રેરણા રહી છે કે આ રાજ્યની અંદર વધારે ઉદ્યોગ આવે અને સ્થાનિક રોજગારી મળે એટલા માટે આની અંદર એવો પરિપત્ર કરવામાં આવ્યો છે કે ૧૫ વર્ષથી વધારે સમયથી ગુજરાતમાં રહેતા હોય એને સ્થાનિકની વ્યાખ્યામાં ગણીને રાજ્યમાં ગમે ત્યાં નોકરી આપી શકાય. જ્યાં ઉદ્યોગ લાગ્યો હોય ત્યાંના સ્થાનિક નહીં પણ સમગ્ર રાજ્યના લોકોને સ્થાનિક ગણવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક ૧૦ (અંતરાય) ઘણું આવી ગયું છે. પ્લીઝ. (અંતરાય) પ્રવિણભાઇ ઘણો જવાબ આવી ગયો.

### જૂનાગઢ જિલ્લામાં ચાફકટર ખરીદી સહાય યોજના

*૩૮૧૩૨ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય):**માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં પાવર ડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના હેઠળ સામાન્ય જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અરજદારોની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) સામાન્ય જાતિ-૧૦૧<br>અનુસૂચિત જાતિ-૦૭<br>અનુસૂચિત જનજાતિ-૦૦<br>કુલ-૧૦૮ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટેગરી વાઇઝ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) જનરલ કેટેગરી-રૂ.૧૦,૨૦,૦૦૦/-<br>અનુસૂચિત જાતિ-રૂ.૧૮,૦૦૦/-<br>અનુસૂચિત જનજાતિ રૂ.૦ (શૂન્ય)<br>કુલ-રૂ.૧૦,૩૮,૦૦૦/- |

શ્રી લાખાભાઇ સાગઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૨૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં પાવર ડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના હેઠળ સામાન્ય જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચત જનજાતિ અરજદારોની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી? અને તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટેગરીવાઇઝ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૯ના વર્ષ દરમિયાન જનરલ કેટેગરીમાં કુલ પર અરજીઓ આવી હતી એમાંથી ૪૩ મંજૂર કરી. એસ.સી. કેટેગરીમાં ર અરજીઓ આવી હતી એમાં ક્ષતિ હોવાને કારણે મંજૂર થઇ નથી. એસ.ટી. કેટેગરીમાં એક પણ અરજી આવેલ નથી. વર્ષ ૨૦૨૦ની અંદર જૂનાગઢ જિલ્લામાં જનરલ કેટેગરીની કુલ ૨૨૭ અરજીઓ આવી હતી તેમાંથી ૧૦૧ મંજૂર કરવામાં આવી હતી. એસ.સી. કેટેગરીમાં ૧૦ અરજીઓ આવી હતી તેમાંથી ૭ મંજૂર કરવામાં આવી હતી. આમ,

કુલ ૨૩૭માંથી ૧૦૮ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. એમની પાછળનો ખર્ચ વર્ષ ૨૦૧૯માં કુલ મંજૂર થયેલી સામાન્ય કેટેગરીમાં ૩૧ અરજી હતી એની અંદર રૂપિયા ૪,૬૫,૦૦૦/–ની સહાય ચૂકવવામાં આવી હતી. અનુસૂચિત જાતિમાં એ વખતે ક્ષતિને કારણે મંજૂર થઇ ન હતી. અનુસૂચિત જનજાતિમાં એક પણ અરજી ન હતી. વર્ષ ૨૦૨૦ની અંદર જનરલ કેટેગરીમાં કુલ ૩૧ અરજીઓ આવી હતી તેમાં રૂપિયા ૫,૫૫,૦૦૦/–ની સહાય ચૂકવવામાં આવી હતી. એની અંદર અનુસૂચિત જાતિની એક અરજી આવેલી એમને રૂપિયા ૧૮૦૦૦/–ની સહાય ચૂકવવામાં આવી છે. આ બંને વર્ષની કુલ ૬૨ અરજીઓ મંજૂર કરવામાં આવેલી અને એની પાછળ સામાન્ય જાતિ માટે રૂપિયા ૧૦,૦૦૦/–ની રકમ મંજૂર કરવામાં આવી હતી. અનુસૂચિત જાતિમાં રૂપિયા ૧૮૦૦૦/–ની સહાય ચૂકવવામાં આવી હતી. આમ કુલ લાભાર્થીઓને રૂપિયા ૧૦,૩૮,૦૦૦/–ની સહાય ચૂકવવામાં આવી હતી.

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની આ સંવેદનશીલ સરકાર જે અનેક પગલાં લઇ રહી છે તેનો આ નમૂનો છે. મૂંગા ઢોર, પશુ અને પંખી માટેની અનેક યોજનાઓ આ સરકારના સમયગાળા દરમિયાન થઇ છે ત્યારે એક યોજના એટલે પશુપાલન કરતા પશુપાલકો, ખેડૂતો અને દૂધના વ્યવસાય સાથે સંકળાયેલા પરિવારના સભ્યો ઘાસચારો કાપીને પશુને આપી શકે એ માટે ચાપ કટરની સિસ્ટમ આ સરકારે શરૂ કરી છે ત્યારે મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ચાપ કટરની ખરીદ સહાય માટેની યોજનાની સામાન્ય શરતો અને બોલીઓની વિગતો કઇ એ માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે ચાપ કટરની ખરીદી માટે વિશાળ પ્રમાણમાં એની જાહેરાત થાય, પશુપાલકો વિશેષ એનો લાભ લઇ શકે એ માટે અમારા પશુપાલન વિભાગનો અભિગમ રહ્યો છે. આ યોજનાની સામાન્ય શરતો અને બોલીઓમાં પશુપાલકે આઇ ખેડૂત પોર્ટલ ઉપર અથવા નજીકના પશુ દવાખાના ખાતે જઇને ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવવાનું હોય છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, નાના અને સીમાંત પશુપાલક, સામાન્ય અને બક્ષીપંચ પશુપાલક આ યોજનાનો લાભ લઇ શકે છે. પશુપાલક પાસે ઓછામાં ઓછા પાંચ પશુ હોવા જોઇએ. સરકાર માન્ય એમ્પેનલ વિક્રેતા પાસેથી ચાપ કટરની ખરીદી કરવાની રહે છે. વિદ્યુત ચાપ કટર ખરીદીનું બિલ રજૂ કરવાનું રહે છે. પશુપાલક પાસે લાઇટ કનેકશન હોવું જોઇએ. પશુપાલકે પશુઓને ચાપ કરીને લીલો અને સૂકો ઘાસચારો એને નિરણ કરવાનો રહે છે. ખરીદી માટેની સમયમર્યાદા ૬૦ દિવસની હોય છે. લાભાર્થીએ બેંક એકાઉન્ટ અને પાસબુક અથવા તો કોરોચેક વગેરે સાથે જમા કરવાનો રહે છે. સદર યોજનામાં જેને અપંગતા હોય એને ૫ ટકાની મર્યાદામાં પ્રાધાન્ય આપવામાં આવે છે. યોજનાના સૂચારુ અમલીકરણ માટે શરતો અને બોલીઓમાં કોઇ ફેરફાર કરવાનો થતો હોય તો એ પશુપાલન નિયામકશ્રીને એનો અબાધિત હક અને અધિકાર છે.

શ્રી અરવિંદ રૈયાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પાવર ડ્રિવન ચાપ કટર યોજનામાં લાભાર્થીની પસંદગી કેવી રીતે કરવામાં આવે છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે અરજીઓ આવે છે તે વખતે જે લક્ષ્યાંક હોય છે, તેના કરતા વધારે અરજી આવેલ હોય તો જિલ્લા કક્ષાએ પશુપાલન વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં તેની કમ્પ્યૂટરાઇઝ્ડ ડ્રો સિસ્ટમથી લક્ષ્યાંક હોય તે પ્રમાણે પસંદગી કરવામાં આવે છે.

**અમરેલી જિલ્લામાં નવા ગામતળ નીમ કરવા બાબત**

* ૩૯૪૨૭ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૬–૦૩–૨૦૨૦ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્ય શ્રી પ્રતાપ દુધાતના * પ્રશ્ન ક્રમાંકઃ ૨૬૮૯૪ (અગ્રતા–૨૬૯) અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૧૮ અને ૨૦૧૯ના વર્ષમાં અમરેલી જિલ્લામાં નવાગામતળ નીમ કરવાની ૩૧ દરખાસ્તો સરકારને મળેલ તે પૈકી ૧૮ દરખાસ્તો તા.૦૧–૦૨–૨૦૨૦ની સ્થિતિએ પડતર હતી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૧–૨૦૨૧ સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી અને કેટલી દરખાસ્તો પડતર છે, અને | (૨) મંજૂરી – ૧૦<br>પડતર – ૭<br>દફતરે – ૧ |
| (૩) ઉક્ત પડતર રહેલ દરખાસ્તો ક્યા સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે? | (૩) નિયમાનુસાર કાર્યવાહી અનુસરી અગ્રતાના ધોરણે |

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, નવાગામતળ નીમ કરવાની ૧૮ પૈકી ૭ દરખાસ્તો પડતર છે, તેનાં કારણો શાં છે? અને ગામતળ નીમ કરવાનો વિસ્તાર કેટલો? અને ગામતળ કર્યા પછી પંચાયત એનો કયા કયા હેતુ માટે ઉપયોગ કરી શકે? ગામતળમાં કોઇ આવી પવનચક્કી નાખી હોય એવું ધ્યાન ઉપર આવેલ છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ ગામતળ પંચાયત નક્કી કરે છે. ભારત સરકારના, ગુજરાત સરકારના મકાન વિહોણા લોકો માટે ઘરથાળના પ્લોટોની આવશ્યકતા માટે ગામતળની જરૂર હોય છે. પંચાયત એની ભલામણ કરે છે. કલેક્ટર ગામતળ વધારી આપે છે. અમરેલી જિલ્લામાં એમણે વર્ષ ૨૦૧૮–૧૯ નો પ્રશ્ન પૂછ્યો છે. એ વખતે ૩૧ અરજી આવી છે. એમાં ૧૩ મંજૂર અને ૧૮ બાકી છે. એ ૧૮ માંથી ૧૦ મંજૂર થઇ છે અને ૭ બાકી છે. હવે ૭ બાકી છે તેનાં કારણો પૂછ્યાં છે એમાં

અધૂરી વિગતો હોઈ, દરખાસ્ત દફતરે કરવામાં આવેલ છે. માપણી કરાવવા અંગે ડી.આઇ.એલ.આર.શ્રીએ અમરેલીને જણાવેલ છે. જે માપણી સીટ મેળવી આગળની કાર્યવાહી કરવામાં આવશે. એક અરજી કદાચ આ અઠવાડિયામાં પાસ પણ થઇ ગઇ હશે. સમગ્ર કચેરીઓ ખાતે અભિપ્રાય સાથે પેન્ડિંગ છે. માપણી સીટ રજૂ થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. એટલે ૭ બાકી છે, એનાં ચોક્કસ કારણો છે. રાજ્ય સરકારનો આગ્રહ છે કે છેલ્લે ૨ નિર્ણયો માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ લીધા છે. એક તો ગૌચરની જમીનનો ઉપયોગ ગામતળમાં થતો નહોતો એ અમે નિર્ણય લીધો છે કે ગૌચર ઘટે નહિ એટલી જ કલેક્ટર જગ્યા નીમ કરીને જો ગામતળમાં જરૂરી હોય તો પણ આપો. બીજો નિર્ણય સંપાદનનો લીધો છે. ગામતળની જગ્યા કયાંય ન મળે તો સંપાદન કરો. ત્રીજો નિર્ણય અગાઉ લીધો હતો કે ગ્રામ પંચાયત, ડી.ડી.ઓ. , કલેક્ટર ભેગા થઇને ગામતળ માટે ખરીદી કરવી હોય તો કરી શકે એ પ્રમાણે બધી છૂટ આપેલ છે. ગામતળ બીજી યોજનામાં જરૂરી છે. સરકાર ઇચ્છે છે કે વહેલામાં વહેલું ગામતળ જેની માગણી છે તેને મળવું જોઇએ. આજની તારીખે અમરેલી જિલ્લામાં ૭ બાકી છે એનાં ચોક્કસ કારણો છે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે ગામતળ અથવા પૂરેપૂરા ગામ નવા સીમાંકન મુજબ મહાનગરમાં સમાવેશ થઇ ગયા છે. ૭/૧૨ના પાનિયા બંધ થઇ ગયા છે અને પ્રોપર્ટી કાર્ડમાં નામ ચડ્યા નથી, પ્રમોલગેશન બાકી છે, તો એ પ્રોપર્ટી કાર્ડ ઝડપથી આપવા માગો છો કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નને લાગતું નથી. સરકાર આખા ગુજરાતમાં પ્રોપર્ટી કાર્ડ જલ્દી મળે તેનું આયોજન કરી રહી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમરેલી જિલ્લામાં મફત પ્લોટ માટે ગામતળ નીમ કરવાની જરૂરિયાત છે. અમરેલી જિલ્લામાં મફત પ્લોટ માટે જમીન ઉપલબ્ધ ન હોય તેવા કુલ કેટલા ગામ આજની તારીખે બાકી છે? આવા ગામને મફત પ્લોટ માટે ગામતળ નીમ કરવા માટે સરકાર કોઇ ઝુંબેશ ચલાવવા માગે છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આગળના પ્રશ્નના જવાબમાં કહ્યું ૭ જ બાકી છે. તેનાં ચોક્કસ કારણો છે. બાકી પંચાયતમાંથી જો અરજી આવે ગામતળ જોઇએ છે તો તેના નીતિ નિયમો, ધોરણોનુસાર સરકાર ગામતળ ચોક્કસ ફાળવી આપશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિનંતી એ હતી કે અત્યારે વસતી વધારો, કુટુંબનું વિભાજન, મફત પ્લોટ મળતા નથી, એટલે ગામેગામ સમસ્યા છે. સરકાર આવી કોઇ ઝુંબેશ ચલાવીને ગામમાં મફત પ્લોટ માટે જમીન ફાળવવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેક્સ્ટ.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જમીનમાં શરતભંગ**

૩૯૦૬૩ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઘડી ડીટરજન્ટ (આરએસપીએલ લિમિટેડ) ને ક્યા પ્રકારની સરકારી કેટલી જમીન ફાળવવામાં આવેલ છે, અને | (૧) દરિયા કિનારાની બિન નંબરી સરકારી પડતર હે.આરે. ૧૧૪૭–૦૦–૦૦ ચો.મી. ભાડાપટ્ટેથી તથા સરકારી પડતર હે.આરે. ૭૭–૦૩–૯૫ ચો.મી. વેચાણથી ફાળવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જમીનમાં શરતભંગ અન્વયે શા પગલાં લીધા ? | (૨) કોઈ શરતભંગ જણાયેલ નથી. |

---------

**જામનગર જિલ્લામાં પવનચક્કી માટે જમીન ફાળવણી**

૩૮૦૬૯ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પવનચક્કીના હેતુ માટે જમીન મેળવવાની કેટલી અરજીઓ રાજ્ય સરકારને મળી, | (૧) ૧૫૧ અરજીઓ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૮ અરજીઓ |
| (૩) કેટલા અરજદારોને કેટલી જમીન ફાળવવામાં આવી? | (૩) ૪ અરજદારોને કુલ હે.૧૧૬–૦૦–૦૦ જમીન ફાળવવામાં આવી. |

---------

અતારાંકિત પ્રશ્નો

**પાટણ જિલ્લામાં ગૌચર**

૩૯૦૦૫ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૬/૦૩/૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૨૩૫ (અગ્રતાઃ૮૫)ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લાના ૧૨ ગામોમાં સરકારે ઠરાવેલ લઘુત્તમ જોગવાઈથી ઓછું ગૌચર હતું, તે પૈકી કેટલા ગામોમાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ગૌચર માટે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવી, અને | (૧) એક પણ નહીં. |
| (૨) ઉક્ત બાકીના ગામોમાં ખૂટતાં ગૌચરની જગ્યાએ વૈકલ્પિક જમીન ક્યા સુધીમાં ફાળવવામાં આવનાર છે? | (૨) વૈકલ્પિક જમીન માટે સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા માંગણી કરવામાં આવેલ નથી. |

---------

**વડોદરા જિલ્લામાં જમીન પચાવી પાડવાની ફરીયાદો બાબત**

૩૯૧૨૫ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૦–૦૨–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર વડોદરા શહેર અને જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગ એક્ટ અન્વયે કેટલી ફરિયાદો નોંધાઈ, | (૧) જાન્યુઆરી–૨૦૨૧=૦૩, ફેબ્રુઆરી–૨૦૨૧=૦૨ કુલ=૦૫ |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા કસૂરવાર ઇસમોને પકડવામાં આવ્યા, અને | (૨) કુલ ૧૨ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા કસૂરવાર ઇસમોને પકડવાના બાકી છે, અને તેઓને પકડવા શા પગલા લેવામાં આવ્યા? | (૩) ૦૪ [આરોપીઓને પકડવા માટે પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યના પરામર્શમાં કાર્યવાહી ચાલુ છે.] |

---------

**ભચાઉ તાલુકામાં ફિલ્ટર પાણી**

૩૮૦૫૭ **ડૉ.નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ભચાઉ તાલુકાના ઓનલાઈન ટેપીંગવાળા ગામોમાં ફિલ્ટર પાણી આપવા માટેનું શું આયોજન છે, | (૧) યોજના મંજૂર થયેલ છે. |
| (૨) સદર કામગીરી ક્યારે હાથ ધરવામાં આવશે, અને | (૨) યોજનાના કામો પ્રગતિ હેઠળ છે. |
| (૩) આ યોજનામાં સંભવિત કેટલો ખર્ચ થશે? | (૩) રૂ.૧૬૦૭.૧૨ લાખ |

---------

**અરવલ્લી જિલ્લામાં દૂધઘર અને ગોડાઉન બાંધકામ સહાય**

૩૮૧૦૩ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અરવલ્લી જિલ્લામાં દૂધઘર અને ગોડાઉન બાંધકામ સહાય યોજના હેઠળ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૧) રૂ.૧,૦૮,૫૦,૦૦૦/– |
| (૨) કુલ કેટલી ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને લાભ આપવામાં આવ્યો? | (૨) ૨૫ |

---------

**દાહોદ જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૩૮૦૭૨ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૨૨૫૭ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) આ બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

તા. ૩૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ગૌચર**

૩૯૦૬૦ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૬/૦૩/૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૨૯૭ (અગ્રતાઃ૧૩૦)ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૨૧૨ અને જામનગર જિલ્લાના ૨૯૧ ગામોમાં સરકારે ઠરાવેલ લઘુત્તમ જોગવાઈથી ઓછું ગૌચર હતું, તે પૈકી જિલ્લાવાર કેટલા ગામોમાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ગૌચર માટે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવી, અને | (૧) દેવભૂમિ દ્વારકા – એક પણ નહીં.<br>જામનગર – એક પણ નહીં. |
| (૨) ઉક્ત જિલ્લાવાર બાકીના ગામોમાં ખૂટતાં ગૌચરની જગ્યાએ વૈકલ્પિક જમીન ક્યાં સુધીમાં ફાળવવામાં આવનાર છે? | (૨) વૈકલ્પિક જમીન માટે સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા માંગણી કરવામાં આવેલ નથી. |

---------

**વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

૩૮૧૭૦ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૮૩ |
| (૨)આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી? | (૨) ૬૩૭૧ |

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ગૌચર**

૩૮૯૯૯ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૬/૦૩/૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૨૧૭ (અગ્રતાઃ૨૪૩)ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના ૧૧૬૫ અને કચ્છ જિલ્લાના ૩૧૨ ગામોમાં સરકારે ઠરાવેલ લઘુત્તમ જોગવાઈથી ઓછું ગૌચર હતું, તે પૈકી જિલ્લાવાર કેટલા ગામોમાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ગૌચર માટે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવી, અને | (૧) બનાસકાંઠા – શૂન્ય.<br>કચ્છ – શૂન્ય. |
| (૨)ઉક્ત જિલ્લાવાર બાકીના ગામોમાં ખૂટતાં ગૌચરની જગ્યાએ વૈકલ્પિક જમીન ક્યાં સુધીમાં ફાળવવામાં આવનાર છે? | (૨) વૈકલ્પિક જમીન માટે સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા માંગણી કરવામાં આવેલ નથી. |

---------

**જામનગર જિલ્લામાં ચાફકટર ખરીદી સહાય યોજના**

૩૮૧૦૧ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જામનગર જિલ્લામાં પાવર ડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના હેઠળ સામાન્ય જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અરજદારોની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) સામાન્ય જાતિ – ૯૮<br>અનુસૂચિત જાતિ – ૨૭<br>અનુસૂચિત જનજાતિ – ૦૦<br>**કુલ – ૧૨૫** |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટેગરી વાઈઝ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) જનરલ કેટેગરી – રૂ.૭,૮૧,૬૩૦/–<br>અનુસૂચિત જાતિ – રૂ.૨,૫૫,૦૦૦/–<br>અનુસૂચિત જનજાતિ – રૂ.૦ (શૂન્ય)<br>**કુલ – રૂ.૧૦,૩૬,૬૩૦/–** |

---------

**આણંદ જિલ્લામાં દૂધઘર અને ગોડાઉન બાંધકામ સહાય**

૩૮૧૩૫ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન આણંદ જિલ્લામાં દૂધઘર અને ગોડાઉન બાંધકામ સહાય યોજના હેઠળ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૧) રૂ. ૨૫,૦૦,૦૦૦/-

(૨) કુલ કેટલી ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને લાભ આપવામાં આવ્યો?

(૨) ૦૫

---------

**રાજ્યમાં કેલીમીટી ફંડમાંથી ખર્ચ**

૩૯૦૪૦ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કુદરતી આફતો સબબે કેલીમીટી ફંડમાંથી વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે.

(૧)

| વર્ષ | કેલીમીટી રીલીફ ફંડમાંથી થયેલ ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૧૩૬૮.૯૩ |
| ૨૦૧૯-૨૦ | ૨૪૩૫.૧૬ |
| ૨૦૨૦-૨૧ (તા.૦૧-૦૪-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦) | ૨૧૯૨.૨૮ |

(૨) કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત ફંડમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨)

| વર્ષ | કેન્દ્ર સરકાર દ્વારા કેલીમીટી ફંડમાં ફાળવવામાં આવેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૪૪૯.૯૫ |
| ૨૦૧૯-૨૦ | ૮૮૬.૮૦ |
| ૨૦૨૦-૨૧ (તા.૦૧-૦૪-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦) | ૧૩૨૪.૦૦ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફંડમાં કુલ કેટલી રકમ જમા છે?

(૩) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ કેલીમીટી ફંડમાં રૂ.૯૩.૯૪ કરોડ જમા છે.

- વર્ષ ૨૦૨૦-૨૧ માં એસ.ડી.આર.એફ. ફંડમાં કુલ જોગવાઇ રૂ.૧૭૬૫ કરોડ હતી. ચાલુ વર્ષ દરમ્યાન કૃષિ રાહત પેકેજના હેતુ માટે જરૂરિયાત ઉપસ્થિત થતા રાજ્ય સરકારે રૂ.૮૦૬.૬૦ કરોડ વધારાની ગ્રાંટ ફાળવેલ છે.

---------

**વલસાડ જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૧૯૮ **શ્રી પિયુષભાઇ દેસાઇ** (નવસારી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન વલસાડ જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને

(૧) હા જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ?

(૨) ૫૭,૧૦૨

---------

**થરાદ તાલુકામાં પુનઃવસનની કામગીરી**

૩૮૯૮૯ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭માં

(૧) પ્રસ્તુત બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ

આવેલ પૂરના કારણે થરાદ તાલુકાના ડોડગામ, ખાનપુર અને નાગલા ગામોના પુનઃવસનની કામગીરી કયા તબક્કે છે, અને

છે.

(૨) ક્યાં સુધીમાં પુનઃવસનની કામગીરી પૂર્ણ કરવામાં આવશે?

(૨) સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

---------

**કચ્છ જિલ્લામાં ડીસેલીનેશન પ્લાન્ટ**

૩૮૦૦૩ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાના દરિયાકાઠાના વિસ્તારોમાં દરીયાનું ખારુ પાણી મીઠુ બનાવી પીવાનું પાણી પૂરું પાડવા માટે ડીસેલીનેશન પ્લાન્ટનું અમલીકરણ થયેલ છે, તે હકીકત ખરી છે,

(૨) ઉક્ત પ્લાન્ટ કેટલા રૂપિયાના ખર્ચે અને કયા સ્થળે સ્થાપવામાં આવશે, અને

(૩) ઉક્ત પ્લાન્ટ કાર્યરત થતાં દૈનિક કેટલું પાણી મીઠું થશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ પ્લાન્ટ માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની રકમ ખર્ચ પેટે આપવામાં આવશે. બાકીનો ખર્ચ જે તે ઈજારદારશ્રીએ ભોગવવાનો રહેશે.

| **જિલ્લો** | **સ્થળ** | **ડી–સેલીનેશન પ્લાન્ટની ક્ષમતા કરોડ લીટરમાં** | **કુલ અંદાજીત ખર્ચ રૂ. કરોડમાં** | **સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવનાર ખર્ચ કરોડમાં** |
|---|---|---|---|---|
| કચ્છ | માંડવી–ગુંદીયાળી | ૧૦ | ૮૦૦.૦૦ | ૪૦૦.૦૦ |

(૩) ઉક્ત પ્લાન્ટ માટે બાંધકામની કામગીરી બે વર્ષમાં પૂર્ણ થતા પ્લાન્ટ કાર્યરત થશે અને દૈનિક કુલ ૧૦ કરોડ લિટર પાણી મીઠું થશે.

---------

**ભાવનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ**

૩૮૦૮૫ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| **ઈ–ધરા કેન્દ્ર નામ** | **કુલ અરજીઓ** |
|---|---|
| ભાવનગર સીટી | ૧૪૪ |
| ભાવનગર ગ્રામ્ય | ૯૮૮ |
| ઘોઘા | ૮૧૩ |
| સિંહોર | ૧૦૦૩ |
| વલ્લભીપુર | ૪૮૬ |
| ઉમરાળા | ૭૪૨ |
| પાલીતાણા | ૮૭૯ |
| ગારીયાધાર | ૭૦૨ |
| તળાજા | ૧૯૮૧ |
| મહુવા | ૧૮૪૭ |
| જેસર | ૫૦૪ |
| **કુલ** | **૧૦૦૮૯** |

(૨)

| **તાલુકાનું નામ** | **પાડવામાં આવેલ નોંધો** | **મંજૂર કરવામાં આવેલ નોંધો** | **નામંજૂર કરવામાં આવેલ નોંધો** |
|---|---|---|---|
| ભાવનગર | ૧૪૪ | ૧૪૦ | ૩ |

| | | | |
|---|---|---|---|
| સીટી | | | |
| ભાવનગર ગ્રામ્ય | ૯૮૮ | ૮૨૧ | ૬૬ |
| ઘોઘા | ૮૧૩ | ૭૩૨ | ૪ |
| સિંહોર | ૧૦૦૩ | ૮૯૧ | ૩૧ |
| વલ્લભીપુર | ૪૮૬ | ૪૩૭ | ૯ |
| ઉમરાળા | ૭૪૨ | ૭૩૧ | ૧૧ |
| પાલીતાણા | ૮૭૯ | ૭૭૩ | ૨૦ |
| ગારીયાધાર | ૭૦૨ | ૬૧૯ | ૨૨ |
| તળાજા | ૧૯૮૧ | ૧૭૧૭ | ૬૦ |
| મહુવા | ૧૮૪૭ | ૧૬૬૦ | ૨૦ |
| જેસર | ૫૦૪ | ૪૬૨ | ૧૫ |
| **કુલ** | **૧૦૦૮૯** | **૮૯૮૩** | **૨૬૧** |

(૩) નોંધો નામંજૂર કરવાના કારણો શા છે ?

(૩) ઉક્ત નોંધો નામંજૂર થવાના કારણોઃ
- પેઢીઆંબો રજૂ થયેલ ન હોઈ
- ખેતીની જમીન ન હોઈ
- મરણ પ્રમાણપત્ર રજૂ થયેલ ન હોઈ
- વહીવટકર્તા જમીન હોવાના કારણે
- પેઢીઆંબા/નામમાં વિસંગતતા હોવાના કારણે
- સોગંદનામાની વિગતો અધૂરી હોવાના કારણે
- સોગંદનામું અસલમાં ન હોવાના કારણે
- જરૂરી સાધનિક કાગળો અપૂરતા હોઈ,
- દત્તક વિધાન થયેલ ન હોઈ,
- તકરાર ઉભી થયેલ હોવાના કારણે

---------

**નખત્રાણા તાલુકામાં આંતરિક પેયજળ યોજના**

૩૭૯૯૦ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં નખત્રાણા તાલુકામાં જલ જીવન કાર્યક્રમ અંતર્ગત દેવપર ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજનાની તાંત્રિક, વહીવટી અને સૈધ્ધાંતિક મંજૂરી ક્યારે આપવામાં આવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં નખત્રાણા તાલુકાનાં જળ જીવન મિશન કાર્યક્રમ અંતર્ગત દેવપર ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન કરવામાં આવેલ નથી. વર્ષ ૨૦૧૯માં યોજના મંજૂર કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૦માં આ યોજના પૂર્ણ કરેલ છે. તમામ ઘરોમાં નળ જોડાણ દ્વારા પાણી મળે છે.

(૨) તાંત્રિક મંજૂરીઃ– ૨૧–૦૧–૨૦૧૯
સૈદ્ધાંતિક મંજૂરીઃ– ૨૧–૦૧–૨૦૧૯
વહીવટી મંજૂરીઃ–૦૧–૦૨–૨૦૧૯

(૩) યોજના પૂર્ણ કાર્યાન્વિત કરી પાણી સમિતિને તા.૧૦–૦૭–૨૦૨૦ના રોજ લોકાર્પણ કરવામાં આવેલ છે.

---------

**ગાંધીનગર મહાનગરપાલિકામાં લઘુત્તમ વેતનધારા ભંગ**

૩૯૦૨૩ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર મહાનગરપાલિકામાં સફાઈની એજન્સી દ્વારા લઘુત્તમ વેતનધારાના ભંગ તથા કર્મચારીઓ પાસે વધુ સમય નોકરી કરાવાતી હોવાની કેટલી ફરિયાદો વિભાગને મળી, અને

(૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ક્યારે કઇ એજન્સી સામે શું કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) સફાઈની એજન્સી દ્વારા લઘુત્તમ વેતનધારાના ભંગ બાબતે ૦૨ (બે) ફરીયાદો તથા કર્મચારીઓ પાસે વધુ સમય નોકરી કરાવાતી હોવાની ફરીયાદ વિભાગને મળી નથી.

(૨) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે એજન્સીઓ સામે નીચે મુજબ કાર્યવાહી કરી.

| **ક્રમ** | **એજન્સીનું** | **કરેલ કાર્યવાહી** |
|---|---|---|

તા. ૩૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

| | નામ | |
|---|---|---|
| ૧ | ડી.બી. એન્ટરપ્રાઇઝ મહેસાણા | (૧) લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ નામ, મજૂર અદાલતમાં તા.૩-૩-૨૦૨૧ના રોજ કોર્ટ કેસ નં. ૨૯૩/૨૦૨૧ દાખલ કરેલ છે.<br>(૨) કોન્ટ્રાક્ટ મજૂર અધિનિયમ ૧૯૭૦ હેઠળ નામ. મજૂર અદાલતમાં તા.૩-૩-૨૦૨૧ના રોજ કોર્ટ કેસ નં.૨૮૮/૨૦૨૧ દાખલ કરેલ છે. |
| ૨ | એ. બી. એન્ટરપ્રાઇઝ મહેસાણા | (૧) લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ નામ. મજૂર અદાલતમાં તા.૩-૩-૨૦૨૧ના રોજ કોર્ટ કેસ નં. ૨૯૦/૨૦૨૧ દાખલ કરેલ છે.<br>(૨) કોન્ટ્રાક્ટ મજૂર અધિનિયમ ૧૯૭૦ હેઠળ નામ. મજૂર અદાલતમાં તા.૩-૩-૨૦૨૧ના રોજ કોર્ટ કેસ નં.૨૮૯/૨૦૨૧ દાખલ કરેલ છે. |

---------

**ભચાઉ તાલુકામાં ફિલ્ટર પાણી**

૩૭૯૮૫ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ભચાઉ તાલુકાના ઓનલાઈન ટેપીંગવાળા ગામોમાં ફિલ્ટર પાણી આપવા માટેનું શું આયોજન છે, | (૧) યોજના મંજૂર થયેલ છે. |
| (૨) સદર કામગીરી ક્યારે હાથ ધરવામાં આવશે, અને | (૨) યોજનાના કામો પ્રગતિ હેઠળ છે. |
| (૩) આ યોજનામાં સંભવિત કેટલો ખર્ચ થશે? | (૩) રૂ.૧૬૦૭.૧૨ લાખ |

---------

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં લેન્ડ કમિટીની બેઠકો**

(૪) તા.૧૮–૦૭–૧૯ ના રોજ અધિક મુખ્ય, સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના અધ્યક્ષસ્થાને સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોના પ્રતિનિધિઓ સાથે યોજાયેલ સમીક્ષા બેઠકમાં સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા જરૂરી માર્ગદર્શન અને સમજ આપવામાં આવેલ.

---------

**વલસાડ જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૧૪૧ **શ્રી જીતુભાઇ ચૌધરી** (કપરાડા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન વલસાડ જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ? | (૨) ૫૭,૧૦૨. |

---------

**રાપર તાલુકામાં પાણી પુરવઠા જૂથ યોજના**

૩૭૯૮૩ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડીયા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાના રાપર તાલુકાની કેટલી વાંઢોને પાણી પુરવઠા (મીસીંગલીક) જૂથ યોજનાની કનેક્ટીવીટી હજુ બાકી છે, | (૧) ૯૪ વાંઢો. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ વાંઢોમાં પાણી પુરવઠા (મીસીંગલીક) જૂથ યોજનાની કનેક્ટીવીટી આપવાનું કોઈ આયોજન છે, અને | (૨) હા, જી. |
| (૩) આ યોજનામાં ઉક્ત સ્થિતિએ સંભવિત કેટલો ખર્ચ થશે? | (૩) રૂ.૧૨૬૧.૩૧ લાખ. |

---------

અતારાંકિત પ્રશ્નો

**વલસાડ જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૧૪૨ **શ્રી ભરતભાઇ પટેલ** (વલસાડ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન વલસાડ જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ? | (૨) ૫૭,૧૦૨. |

---------

**પંચમહાલ જિલ્લામાં રેવન્યુ વિલેજ**

૩૯૧૬૫ **શ્રી જેઠાભાઇ ભરવાડ** (શહેરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલાનવા રેવન્યુ વિલેજ જાહેર કરવાની દરખાસ્તો પડતર છે, અને | (૧) કુલ–૫. |
| (૨) સદર ગામોને રેવન્યુ વિલેજ જાહેર કરવા માટે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) સેટલમેન્ટ કમિશનર કચેરી ખાતે ચકાસણી હેઠળ છે. |

---------

**ખેડા જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૧૫૨ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન ખેડા જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ? | (૨) ૧૩,૪૪૮. |

---------

**જાફરાબાદ તાલુકામાં ગેરકાયદેસર જમીન પચાવી પાડવા બાબત**

૩૯૦૮૦ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના જુની જીકાદરી ગામમાં ભુમાફિયાઓએ ખેતીની જમીન ગેરકાયદેસર પચાવી પાડવા બાબતની કેટલી ફરિયાદો મળી, | (૧) કુલ–૦૩(ત્રણ) |
| (૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે કેટલા ભુમાફિયાઓ સામે લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ અને કેટલા સામે અન્ય કયા કાયદા મુજબ શા પગલાં લીધા અને કેટલી જમીન ખુલ્લી કરાવવામાં આવી, અને | (૨)<br>• અરજદારશ્રીની માલીકીની જમીન તેમના કૌટુંબિક ભાઇઓ દ્વારા પચાવી પાડેલ જે નામ. સિવિલ કોર્ટ દ્વારા નિમવામાં આવેલ કોર્ટ કમિશનરના આધારે હે.૪–૦૪–૬૯ ચો.મી. જમીન ખુલ્લી કરવામાં આવેલ છે.<br>• લેન્ડ ગ્રેબીંગ એક્ટ કે અન્ય કાયદા હેઠળ પગલાં લેવામાં આવેલ નથી. |
| (૩) ઉક્ત બાકી જમીન ક્યાં સુધીમાં ભુમાફિયાઓ પાસેથી ખુલ્લી કરાવવામાં આવશે? | (૩) નામ. સિવિલ કોર્ટ તરફથી DILR ને કોર્ટ કમિશનર નિમેલ અને તેમના દ્વારા વાદગ્રસ્ત જમીનનો કબજો નક્કી કરી આપેલ હોઇ, કાર્યવાહી કરવાનો પ્રશ્ન નથી. |

તા. ૩૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**મોરબી જિલ્લામાં કોસ્ટલ હાઈવે આસપાસ દબાણો બાબત**

૩૯૪૩૨ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : તેરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૨૫-૦૩-૨૦૧૫ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલના અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૮૯૬ ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મોરબી જિલ્લાના આમરણ ગામે કોસ્ટલ હાઇવે નં.૬ ની આસપાસ સરકારી જમીન પર ઉભા થયેલ ગેરકાયદે દબાણો બનતી ત્વરાએ દૂર કરવા જણાવવામાં આવ્યું હતું તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉપરોક્ત ગેરકાયદે દબાણો તા.૧૫-૦૨-૨૦૨૧ ની સ્થિતિએ પણ દૂર કરવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આ તમામ ગેરકાયદે દબાણો લાંબા સમયથી દૂર ન કરવા માટેના શાં કારણો છે તથા તેના માટે કોણ જવાબદાર છે; | (૩) કોર્ટ કેસ તથા કોવિડ-૧૯ ના સંક્રમણને કારણે તા.૧૫-૦૨-૨૦૨૧ની સ્થિતિએ દબાણ દૂર કરવા માટે કાર્યવાહી થઈ શકેલ ન હતી. |
| (૪) ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે? | (૪) તા.૦૪-૦૩-૨૦૨૧ના રોજ અનધિકૃત દબાણ ખુલ્લું કરવા હુકમ કરવામાં આવેલ છે. તેમજ જમીન મહેસૂલ કાયદાની કલમ-૨૦૨ તળે આખરી નોટીસ આપેલ છે. |

---------

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં ગૌચર**

૩૯૦૮૭ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૬-૦૩-૨૦૨૦ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૩૨૫(અગ્રતા-૧૪૩) ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના ૬૧૦ અને બોટાદ જિલ્લાના ૧૭૪ ગામોમાં સરકારે ઠરાવેલ લઘુત્તમ જોગવાઈથી ઓછું ગૌચર હતું તે પૈકી જિલ્લાવાર કેટલા ગામોમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગૌચર માટે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવી, અને | (૧) ભાવનગર - ૦૧ (એક)<br>બોટાદ - ૦૦ (શૂન્ય) |
| (૨) ઉક્ત જિલ્લાવાર બાકીના ગામોમાં ખૂટતાં ગૌચરની જગ્યાએ વૈકલ્પિક જમીન ક્યાં સુધીમાં ફાળવવામાં આવનાર છે? | (૨) વૈકલ્પિક જમીન માટે સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા માંગણી કરવામાં આવેલ નથી. |

---------

**જૂનાગઢ જિલ્લામાં ચાફકટર ખરીદી સહાય યોજના**

૩૮૧૦૭ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં પાવર ડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના હેઠળ સામાન્ય જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) સામાન્ય જાતિ - ૧૦૧<br>અનુસૂચિત જાતિ - ૦૭<br>અનુસૂચિત જનજાતિ - ૦૦<br>**કુલ - ૧૦૮** |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટેગરી વાઇઝ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) જનરલ કેટેગરી - રૂ.૧૦,૨૦,૦૦૦/-<br>અનુસૂચિત જાતિ - રૂ.૧૮,૦૦૦/-<br>અનુસૂચિત જનજાતિ - રૂ.૦ (શૂન્ય)<br>**કુલ - રૂ.૧૦,૩૮,૦૦૦/-** |

---------

**રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ રકમ માંગણી**

૩૯૦૭૪ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં | (૧) **અછત-** વર્ષ ૨૦૧૯માં વિભાગના તા.૦૮-૦૧- |

રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ અછત અને અતિવૃષ્ટિની પરિસ્થિતિને પહોંચી વળવા માટે કેટલી રકમની માંગણી ક્યારે કરવામાં આવી, અને

૨૦૧૯ના પત્રથી સપ્લીમેન્ટ્રી મેમોરેન્ડમ દ્વારા અગાઉના તા.૦૩–૧૧–૨૦૧૮ના પત્રથી રૂ.૧૭૨૫.૨૫/–કરોડની માંગણી ઉપરાંત રૂ.૧૬૪૫.૦૬/– કરોડની માંગણી મળીને કુલ રૂ.૩૩૭૦.૩૧/– કરોડની માંગણી કરવામાં આવેલ.

**અતિવૃષ્ટિ–** વર્ષ ૨૦૨૦માં વિભાગના તા.૧૫–૧૦–૨૦૨૦ના પત્રથી રૂ.૭૨૩૯.૪૭/– કરોડની માંગણી કરવામાં આવી.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં ક્યારે કેટલી રકમ ફાળવવામાં આવી ?

(૨) **અછત–** કેન્દ્ર સરકારની એનડીઆરએફની હાઈ લેવલ કમિટીની તા.૨૯–૦૧–૨૦૧૯ની બેઠકમાં રૂ.૧૨૭.૬૦/– કરોડની રકમ સહાય તરીકે એનડીઆરએફ માંથી નીચેની શરતે મંજૂર કરવી તેમ નિર્ણય કરેલ.

રાજ્યની એસડીઆરએફની તા.૦૧–૦૪–૨૦૧૮ના રોજ સિલક રૂ.૨૩૫૫.૧૨ કરોડ હતી. જેના ૫૦ ટકા ૧૧૭૭.૫૬ કરોડ થાય. હાઈ લેવલ કમિટી દ્વારા મંજૂર કરાયેલ રકમ રૂ.૧૨૭.૬૦ કરોડ, ઉક્ત ૫૦ ટકા રકમ કરતાં ઓછી હોય, રાજ્યને ખરેખર મળવાપાત્ર રકમ ''શૂન્ય'' થાય તેવો પ્રત્યુત્તર કેન્દ્ર સરકારના તા.૨૦–૦૨–૨૦૧૯ના પત્રથી મળેલ છે. જેથી કેન્દ્ર સરકાર દ્વારા ફંડ ફાળવણીનો પ્રશ્ન રહેતો નથી.

**અતિવૃષ્ટિ–** કેન્દ્ર સરકાર તરફથી પ્રત્યુત્તર મળવાનો બાકી છે.

---------

## કામધેનુ યુનિવર્સિટીનું મંજૂર મહેકમ

૩૫૩૦૨ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કામધેનુ યુનિવર્સિટીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) પત્રક–૧ મુજબ. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે, | (૨) પત્રક–૨ મુજબ. |
| (૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીક્સ પગાર/કરાર આધારિત/આઉટસોર્સીંગથી ભરાયેલ છે, અને | (૩) પત્રક–૩ મુજબ. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકૂળતા અનુસાર ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. |

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

## અંજાર તાલુકામાં આંતરિક પેયજળ યોજના

૩૮૦૪૭ **શ્રી જગદીશભાઈ પટેલ**(અમરાઈવાડી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં અંજાર તાલુકામાં જલ જીવન કાર્યક્રમ અંતર્ગત નિંગાળ ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં અંજાર તાલુકામાં જલ જીવન કાર્યક્રમ અંતર્ગત નિંગાળ ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન કરવામાં આવેલ નથી. જોકે વર્ષ ૨૦૧૮માં યોજના મંજૂર કરવામાં આવેલ હતી જે વર્ષ ૨૦૨૦માં પૂર્ણ કરેલ છે. હાલ તમામ ઘરોમાં નળ જોડાણ દ્વારા પાણી મળે છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજનાની તાંત્રિક, વહીવટી અને સૈધ્ધાંતિક મંજૂરી ક્યારે આપવામાં આવેલ, અને | (૨) તાંત્રિક મંજૂરીઃ– ૨૬–૧૨–૨૦૧૮<br>સૈદ્ધાંતિક મંજૂરીઃ– ૨૧–૦૧–૨૦૧૯<br>વહીવટી મંજૂરીઃ–૨૩–૦૧–૨૦૧૯ |
| (૩) ઉક્ત સ્થિતિએ આ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) યોજના કાર્યાન્વિત કરી તા.૨૫–૦૭–૨૦૨૦ના રોજ લોકાર્પણ કરવામાં આવેલ છે. |

તા. ૩૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**મારૂતિ સુઝુકી કંપનીમાં સ્થાનિકોને રોજગારી**

૩૯૦૦૯ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ બેચરાજી નજીક આવેલ મારૂતિ સુઝુકી કંપનીમાં ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી પૂરી પાડવામાં આવતી નથી તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સ્થાનિકોને રોજગારી મળે તે માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત કંપની સામે શા પગલાં લીધાં ? | (૨) ઉક્ત કંપનીમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જળવાવા અંગે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>• નાયબ નિયાકમશ્રી (રોજગાર), અમદાવાદ દ્ધારા તા.૦૩–૦૯–૧૯ તા.૦૪–૦૨–૨૦, તા.૧૭–૦૯–૨૦ અને તા.૧૦–૦૨–૨૦૨૧ના રોજ એકમને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૦૩–૯૫ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઇઓનું ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.<br>• એકમના પ્રતિનિધી સાથે નાયબ નિયામક (રોજગાર), અમદાવાદ દ્ધારા તા.૦૯–૦૯–૧૯, તા.૧૨–૦૨–૨૦, તા. ૦૯–૧૦–૨૦ અને તા.૧૭–૦૨–૨૦૨૧ના રોજ બેઠક યોજી ઠરાવની જોગવાઈનું પાલન વધુ સુચારુ રીતે થઈ શકે તે માટે એકમના પ્રતિનિધીને સમજ આપવામાં આવેલ.<br>• સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જિલ્લા કક્ષાએથી રોજગારી કચેરી દ્ધારા સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા રાજ્ય વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂ મોકલવામાં આવેલ છે.<br>• રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર દ્ધારા રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જરૂરી કાર્યવાહી સારૂ ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે.<br>• તા.૧૮–૦૭–૧૯ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના અધ્યક્ષસ્થાને સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોના પ્રતિનિધિઓ સાથે યોજાયેલ સમીક્ષા બેઠકમાં સદર એકમના પ્રતિનિધિને સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા જરૂરી માર્ગદર્શન અને સમજ આપવામાં આવેલ.<br>• સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતીમેળાનું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવેલ છે. |

---------

**અંજાર તાલુકામાં આંતરિક પેયજળ યોજના**

૩૮૦૫૩ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં અંજાર તાલુકામાં જલ જીવન કાર્યક્રમ | (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં અંજાર તાલુકામાં જલ જીવન મિશન |

અંતર્ગત સંઘડ ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન છે કે કેમ,

કાર્યક્રમ અંતર્ગત સંઘડ ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન કરવામાં આવેલ નથી. વર્ષ ૨૦૧૯માં યોજના મંજૂર કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૦માં આ યોજના પૂર્ણ કરેલ છે. તમામ ઘરોમાં નળ જોડાણ દ્વારા પાણી મળે છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજનાની તાંત્રિક, વહીવટી અને સૈધ્ધાંતિક મંજૂરી ક્યારે આપવામાં આવેલ, અને

(૨) તાંત્રિક મંજૂરીઃ– ૨૧–૦૧–૨૦૧૯
સૈદ્ધાંતિક મંજૂરીઃ–૨૧–૦૧–૨૦૧૯
વહીવટી મંજૂરીઃ– ૧૬–૧૨–૨૦૧૯

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે ?

(૩) યોજના પૂર્ણ કરી કાર્યાન્વિત કરી પાણી સમિતિને તા.૩૧–૧૨–૨૦૨૦ના રોજ લોકાર્પણ કરવામાં આવેલ છે.

---------

**વડોદરા જિલ્લામાં આગથી કામદારોના મૃત્યુ**

૩૯૧૧૬ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા**(ગરબાડા)**:માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાના ઘનોરા ગામ ખાતે આવેલ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પોલી બ્યુટાડાઈન રબરના પ્લાન્ટમાં આગ લાગતા નવેમ્બર–૨૦૧૮માં ૩ કામદારોના મૃત્યુ થયેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત ઘટનામાં મૃત્યુ પામેલ કામદારોના વારસદારોને કામદાર વળતર ધારા અને કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ કેટલી રકમની સહાય ઉક્ત સ્થિતિએ ચૂકવવામાં આવી,

(૨) સરકારીશ્રી દ્વારા કોઈ વળતર ચૂકવવામાં આવતું નથી પરંતુ અકસ્માતના કિસ્સામાં મૃત્યુ પામનાર શ્રમિકોના વારસદારોને વળતર કામદાર રાજ્ય વિમા અધિનિયમ, ૧૯૪૮ ની જોગવાઈઓ લાગુ પડતી હોય ત્યાં કામદાર રાજ્ય વિમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ વળતર ચૂકવવામાં આવે છે અથવા જ્યાં કામદાર રાજ્ય વિમા અધિનિયમ હેઠળ નોટીફાઈડ એરીયા ન હોય ત્યાં કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ વર્કમેન કમ્પેન્સેશન ઓથોરીટી નામદાર લેબર કોર્ટ દ્વારા વળતર ચૂકવવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સહાય ચૂકવવામાં ન આવી હોય તો તેના કારણો શા છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)ઉક્ત બાકી સહાય કયાં સુધીમાં ચૂકવવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કચ્છ જિલ્લામાં ડીસેલીનેશન પ્લાન્ટ**

૩૮૦૧૩ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારોમાં દરીયાનું ખારુ પાણી મીઠુ બનાવી પીવાનું પાણી પૂરું પાડવા માટે ડીસેલીનેશન પ્લાન્ટનું અમલીકરણ થયેલ છે, તે હકીકત ખરી છે,

(૧) હા, જી.

(૨) ઉક્ત પ્લાન્ટ કેટલા રૂપિયાના ખર્ચે અને કયા સ્થળે સ્થાપવામાં આવશે, અને

(૨) આ પ્લાન્ટ માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની રકમ ખર્ચ પેટે આપવામાં આવશે. બાકીનો ખર્ચ જે તે ઈજારદારશ્રીએ ભોગવવાનો રહેશે.

| **જિલ્લો** | **સ્થળ** | **ડી–સેલીનેશન પ્લાન્ટની ક્ષમતા કરોડ લીટરમાં** | **કુલ અંદાજીત ખર્ચ રૂ. કરોડમાં** | **સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવનાર ખર્ચ કરોડમાં** |
|---|---|---|---|---|
| કચ્છ | માંડવી–ગુંદીયાળી | ૧૦ | ૮૦૦.૦૦ | ૪૦૦.૦૦ |

(૩) ઉક્ત પ્લાન્ટ કાર્યરત થતાં દૈનિક કેટલું પાણી

(૩) ઉક્ત પ્લાન્ટ માટે બાંધકામની કામગીરી બે વર્ષમાં

મીઠું થશે? પૂર્ણ થતા પ્લાન્ટ કાર્યરત થશે અને દૈનિક કુલ ૧૦ કરોડ લિટર પાણી મીઠું થશે.

---------

**ખેડા અને વડોદરા જિલ્લામાં ખોટા ખાતેદાર ખેડૂત**

૩૯૧૦૪ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર ખોટી રીતે ખાતેદાર ખેડૂત બન્યા બાબતના કેટલા કિસ્સાઓની તપાસ પડતર છે,

(૨) ઉક્ત પડતર કિસ્સાઓ પૈકી કેટલા કિસ્સાઓ એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩) આવી તપાસો વહેલી તકે પૂર્ણ કરવા સરકારે શા પગલાં લીધાં ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં આવા કોઈ કિસ્સાની તપાસ પડતર નથી.

વડોદરા જિલ્લામાં કુલ ૧૭ કિસ્સાની તપાસ પડતર છે.

(૨) ખેડા જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વડોદરા જિલ્લાના તમામ ૧૭ કિસ્સાઓ એક વર્ષથી નીચેના સમયથી પડતર છે.

(૩) ખેડા જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વડોદરા જિલ્લામાં તમામ કિસ્સાઓમાં ગણોતધારાના ભંગ બદલ ગણોતકેસ દાખલ કરી તપાસ ચાલુ કરી દેવામાં આવેલ છે, અને તેનો સત્વરે નિકાલ કરવામાં આવે તેવું આયોજન કરવામાં આવેલ છે.

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જમીન રીમાપણીમાં ક્ષતિ સુધારવા અરજીઓ**

૩૯૦૨૬ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખેતીની જમીનની રી માપણી કરવાની કામગીરીમાં રહેલ ક્ષતિઓ સુધારવા માટે સરકારને તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખેતીની જમીનની રી માપણી કરવાની કામગીરીમાં રહેલ ક્ષતિઓ સુધારવા માટે સરકારને તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળી,

- ગાંધીનગર

| તાલુકો | ક્ષતિઓ સુધારવા મળેલ અરજીઓ |
|---|---|
| ગાંધીનગર | ૨૦૬૨ |
| કલોલ | ૧૧૬૬ |
| માણસા | ૬૦૬ |
| દહેગામ | ૫૪૧ |
| **કુલ** | **૪૩૭૫** |

- **મહેસાણા**

| તાલુકો | કુલ મળેલ અરજીઓ |
|---|---|
| કડી | ૩૩૬૦ |
| ઊંઝા | ૧૮૭૩ |
| સતલાસણા | ૫૨૮ |
| વડનગર | ૭૪૩ |
| ખેરાલુ | ૬૬૯ |
| મહેસાણા | ૨૬૬૮ |
| વિજાપુર | ૨૬૭૨ |
| વિસનગર | ૧૬૫૦ |
| બેચરાજી | ૧૨૮૨ |
| જોટાણા | ૩૪૨ |
| **કુલ** | **૧૫૭૮૭** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ નીચે મુજબ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.

- ગાંધીનગર જિલ્લાની કુલ ૪૩૭૫ અરજીઓ પૈકી ૨૮૫૭ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.
- મહેસાણા જિલ્લાની કુલ ૧૫૭૮૭ અરજીઓ પૈકી ૧૭૦૮ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે ?

(૩) ઉક્ત સ્થિતિએ નીચે મુજબ અરજીઓ પડતર છે.

- ગાંધીનગર જિલ્લાની કુલ ૧૫૧૮ અરજીઓ પડતર છે.
- મહેસાણા જિલ્લાની કુલ ૧૪૦૭૯ અરજીઓ પડતર છે.

---------

**વડોદરા જિલ્લામાં આગથી કામદારોના મૃત્યુ**

૩૯૧૨૨ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાના ધનોરા ગામ ખાતે આવેલ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પોલી બ્યુટાડાઈન રબરના પ્લાન્ટમાં આગ લાગતા નવેમ્બર–૨૦૧૮માં ૩ કામદારોના મૃત્યુ થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત ઘટનામાં મૃત્યુ પામેલ કામદારોના વારસદારોને કામદાર વળતર ધારા અને કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ કેટલી રકમની સહાય ઉક્ત સ્થિતિએ ચૂકવવામાં આવી, | (૨) સરકારીશ્રી દ્વારા કોઈ વળતર ચૂકવવામાં આવતું નથી પરંતુ અકસ્માતના કિસ્સામાં મૃત્યુ પામનાર શ્રમિકોના વારસદારોને વળતર કામદાર રાજ્ય વિમા અધિનિયમ, ૧૯૪૮ ની જોગવાઈઓ લાગુ પડતી હોય ત્યાં કામદાર રાજ્ય વિમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ વળતર ચૂકવવામાં આવે છે અથવા જ્યાં કામદાર રાજ્ય વિમા અધિનિયમ હેઠળ નોટીફાઈડ એરીયા ન હોય ત્યાં કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ વર્કમેન કમ્પેન્સેશન ઓથોરીટી નામદાર લેબર કોર્ટ દ્વારા વળતર ચૂકવવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સહાય ચૂકવવામાં ન આવી હોય તો તેના કારણો શા છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪)ઉક્ત બાકી સહાય કયાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જામનગર જિલ્લામાં ચાફકટર ખરીદી સહાય યોજના**

૩૮૧૦૦ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જામનગર જિલ્લામાં પાવર ડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના હેઠળ સામાન્ય જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અરજદારોની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) સામાન્ય જાતિ – ૯૮<br>અનુસૂચિત જાતિ – ૨૭<br>અનુસૂચિત જનજાતિ – ૦૦<br>**કુલ – ૧૨૫** |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટેગરી વાઈઝ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) જનરલ કેટેગરી – રૂ.૭,૮૧,૬૩૦/–<br>અનુસૂચિત જાતિ – રૂ.૨,૫૫,૦૦૦/–<br>અનુસૂચિત જનજાતિ – રૂ.૦ (શૂન્ય)<br>**કુલ – રૂ.૧૦,૩૬,૬૩૦/–** |

---------

તા. ૩૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**વડોદરા જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૧૯૬ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ**(વાઘોડિયા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન વડોદરા જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ? | (૨) ૫૬,૫૬૭. |

---------

**ગીર સોમનાથ જિલ્લામાં ગેર કાયદેસર જિંગા ફાર્મ**

૩૯૦૬૮ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૨૮–૦૨–૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૪૧૩૧ (અગ્રતાઃ ૭૩) ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ જિલ્લાના રાજપૂત રાજપરા ગામમાં ૧૬૦૦ ચો.મી. સરકારી જમીનમાં ગેરકાયદેસર દબાણ કરીને જિંગા ફાર્મ ઉભા કરાયેલ તે દબાણ પૈકી તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કેટલા દબાણ દૂર કરવામાં આવ્યા, | (૧) મામલતદારશ્રી ઉના દ્વારા પેશકદમી કેસ દાખલ કરેલ છે તેમજ તા.૩૧–૧૨–૨૦ના હુકમથી માપણી અંગેની કાર્યવાહી કરવા આદેશ કરવામાં આવેલ છે, |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનના કેટલા દબાણ દૂર કરવાના બાકી છે, અને | (૨) ખંડ–૧ મુજબની કાર્યવાહી કરેલ છે. |
| (૩) ઉક્ત બાકી રહેલ ગેરકાયદેસર જિંગા ફાર્મને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે? | (૩) માપણી અંગેની કાર્યવાહી પૂર્ણ થયેથી દબાણ સાબિત થયે કાર્યવાહી થઈ શકશે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં ચાફકટર ખરીદી સહાય યોજના**

૩૮૧૩૬ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં પાવર ડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના હેઠળ સામાન્ય જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) સામાન્ય જાતિ – ૧૦૧<br>અનુસૂચિત જાતિ – ૦૭<br>અનુસૂચિત જનજાતિ – ૦૦<br>**કુલ – ૧૦૮** |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટેગરી વાઈઝ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) જનરલ કેટેગરી – રૂ.૧૦,૨૦,૦૦૦/–<br>અનુસૂચિત જાતિ – રૂ.૧૮,૦૦૦/–<br>અનુસૂચિત જનજાતિ – રૂ.૦ (શૂન્ય)<br>**કુલ – રૂ.૧૦,૩૮,૦૦૦/–** |

---------

**બનાસકાંઠા જિલ્લામાં યાત્રાધામ વિકાસ**

૩૮૯૯૫ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં આવેલ બાલારામ, બનાસ નદીના કિનારે આવેલ વિશ્વેશ્વર મહાદેવ મંદિર તથા જેસોર અભ્યારણમાં આવેલ કેદારનાથ મંદિરનો પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત પવિત્ર યાત્રાધામોના વિકાસ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નાણાંકીય ફાળવણી કરવામાં આવી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અતારાંકિત પ્રશ્નો

**વર્ધમાનનગર માટે પાણી પુરવઠા યોજના**

૩૮૦૪૪ **શ્રી જગદીશ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં માધાપર ગ્રામ પંચાયતમાંથી વર્ધમાનનગર ગામ અલગ થયા બાદ વર્ધમાનનગર માટે અલગથી સ્થાનિકે પાણી પુરવઠા યોજનાનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨)જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામની પરિસ્થિતિ શું છે? | (૨) કામો પ્રગતિ હેઠળ છે. |

---------

**જામનગર જિલ્લામાં પવનચક્કી માટે જમીન ફાળવણી**

૩૮૦૯૪ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પવનચક્કીના હેતુ માટે જમીન મેળવવાની કેટલી અરજીઓ રાજ્ય સરકારને મળી, | (૧) ૧૫૧ અરજીઓ. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૮ અરજીઓ. |
| (૩) કેટલા અરજદારોને કેટલી જમીન ફાળવવામાં આવી? | (૩) ૪ અરજદારોને કુલ હે. ૧૧૬–૦૦–૦૦ જમીન ફાળવવામાં આવી. |

---------

**કચ્છ જિલ્લામાં ડીસેલીનેશન પ્લાન્ટ**

૩૮૦૧૨ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાના દરિયાકાઠાના વિસ્તારોમાં દરીયાનું ખારું પાણી મીઠું બનાવી પીવાનું પાણી પૂરું પાડવા માટે ડીસેલીનેશન પ્લાન્ટનું અમલીકરણ થયેલ છે, તે હકીકત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) ઉક્ત પ્લાન્ટ કેટલા રૂપિયાના ખર્ચે અને કયા સ્થળે સ્થાપવામાં આવશે, અને | (૨) આ પ્લાન્ટ માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની રકમ ખર્ચ પેટે આપવામાં આવશે. બાકીનો ખર્ચ જે તે ઈજારદારશ્રીએ ભોગવવાનો રહેશે. |

| જિલ્લો | સ્થળ | ડી–સેલીનેશન પ્લાન્ટની ક્ષમતા કરોડ લીટરમાં | કુલ અંદાજીત ખર્ચ રૂ. કરોડમાં | સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવનાર ખર્ચ કરોડમાં |
|---|---|---|---|---|
| કચ્છ | માંડવી–ગુંદીયાળી | ૧૦ | ૮૦૦.૦૦ | ૪૦૦.૦૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત પ્લાન્ટ કાર્યરત થતાં દૈનિક કેટલું પાણી મીઠું થશે? | (૩) ઉક્ત પ્લાન્ટ માટે બાંધકામની કામગીરી બે વર્ષમાં પૂર્ણ થતા પ્લાન્ટ કાર્યરત થશે અને દૈનિક કુલ ૧૦ કરોડ લિટર પાણી મીઠું થશે. |

---------

**મોરબી જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ**

૩૮૦૯૧ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ પૂર્વ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી, | (૧) |

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ |
|---|---|
| માળીયા (મી.) | ૬૪૬ |
| મોરબી | ૧૪૮૩ |

| | |
|---|---|
| હળવદ | ૧૪૮૭ |
| વાંકાનેર | ૧૨૫૯ |
| ટંકારા | ૬૬૮ |
| **કુલ** | **૫૫૪૩** |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવલે નોંધો | મંજૂર નોંધો | નામંજૂર નોંધો |
|---|---|---|---|
| માળીયા (મી.) | ૬૪૬ | ૬૩૨ | ૧૪ |
| મોરબી | ૧૪૮૩ | ૧૩૧૭ | ૨૯ |
| હળવદ | ૧૪૮૭ | ૧૩૫૮ | ૫૪ |
| વાંકાનેર | ૧૨૫૯ | ૧૨૨૭ | ૩૨ |
| ટંકારા | ૬૬૮ | ૬૬૫ | ૩ |
| **કુલ** | **૫૫૪૩** | **૫૧૯૯** | **૧૩૨** |

(૩) નોંધો નામંજૂર કરવાના કારણો શા છે ?

(૩) નોંધો નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. મરણનો દાખલો રજૂ કરેલ ન હોય.
૨. વારસદારનો હક્ક ડુબતો હોય.
૩. ઓનલાઈન વારસાઈ દાખલ કરેલ હોય પણ સાધનિક કાગળો રજૂ કરેલ ન હોય.
૪. જમીન મુળ ખાતેદારની ન હોય અને અગાઉ વેચાણ થયેલ હોય.
૫. વારસાઈ આંબામાં તારીખ લખાયેલ ન હોય.
૬. તકરારી થવાના કારણે નોટીસ ન બજવાના કારણે.

---------

**પાટણ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

૩૮૧૭૪ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૪. |
| (૨)આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? | (૨) ૨૫૬૫. |

---------

**દાહોદ જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૩૮૦૮૦ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૨૨૫૭. |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) આ બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

**ગીરસોમનાથ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

૩૮૧૬૬ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીરસોમનાથ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૮. |

(૨)આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? (૨) ૨૮૯૯.

---------

**અમદાવાદ અને ભરૂચ જિલ્લામાં કેમિકલ એકમોમાં ઈન્સ્પેક્શન**

૩૯૦૪૧ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કેમિકલ એકમોમાં ડાયરેક્ટર ઓફ ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થની કચેરી દ્વારા કેટલી વખત ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું, અને

(૧)

| જિલ્લો | ૨૦૧૯ | ૨૦૨૦ |
|---|---|---|
| અમદાવાદ | ૮૯૬ | ૭૩૯ |
| ભરૂચ | ૬૭૭ | ૪૫૬ |

(૨) ઉક્ત ઈન્સ્પેક્શન દરમ્યાન કેવા પ્રકારની ગેરરીતિઓ કયા એકમો સામે જણાઇ, તેમની સામે શા પગલાં લેવામાં આવ્યા?

(૨) એનેક્ષર–૧ મુજબ

( એનેક્ષર સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**બનાસકાંઠા જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૧૯૦ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન બનાસકાંઠા જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ?

(૨) ૧૬,૮૨૪.

---------

**વડોદરા જિલ્લામાં આગથી કામદારોના મૃત્યુ**

૩૯૦૯૫ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાના ધનોરા ગામ ખાતે આવેલ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પોલી બ્યુટાડાઇન રબરના પ્લાન્ટમાં આગ લાગતા નવેમ્બર–૨૦૧૮માં ૩ કામદારોના મૃત્યુ થયેલ છે તે હકીકત સાચી છે.

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત ઘટનામાં મૃત્યુ પામેલ કામદારોના વારસદારોને કામદાર વળતર ધારા અને કામદાર રાજ્ય વીમાં યોજના હેઠળ કેટલી રકમની સહાય ઉક્ત સ્થિતિએ ચૂકવવામાં આવી,

(૨) સરકારશ્રી દ્વારા કોઇ વળતર ચૂકવવામાં આવતું નથી પરંતુ અકસ્માતના કિસ્સામાં મૃત્યુ પામનાર શ્રમિકોના વારસદારોને વળતર કામદાર રાજ્ય વિમા અધિનિયમ, ૧૯૪૮ની જોગવાઇઓ લાગુ પડતી હોય ત્યાં કામદાર રાજ્ય વિમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ વળતર ચૂકવવામાં આવે છે અથવા જ્યાં કામદાર રાજ્ય વિમા અધિનિયમ હેઠળ નોટીફાઇડ એરીયા ન હોય ત્યાં કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ વર્કમેન કમ્પેન્સેશન ઓથોરીટી નામદાર લેબર કોર્ટ દ્વારા વળતર ચૂકવવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સહાય ચૂકવવામાં ન આવી હોય તો તેના કારણો શા છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)ઉક્ત બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં આશારામ આશ્રમો દ્વારા ગેરકાયદેસર દબાણ**

૩૮૯૮૫ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં

(૧) જૂનાગઢ જિલ્લામાં આશારામ આશ્રમ ટ્રસ્ટ દ્વારા

આશારામ આશ્રમો મારફતે સરકારી જમીનો પર ગેરકાયદેસર દબાણો થયેલા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ગેરકાયદેસર દબાણો સામે ધી ગુજરાત લેન્ડ ગ્રેબીંગ એક્ટ અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી સરકારી જમીન ખુલ્લી થઇ?

ગેરધોરણે ખરીદ કરી સરકારી જમીન પર દબાણ કરેલ છે.

(૨) અને (૩) ઉક્ત જમીન સરકાર હસ્તક પરત લેવાના કલેક્ટરશ્રી, જૂનાગઢ તથા અધિક સચિવશ્રી, મહેસૂલ વિભાગ (વિવાદ)ના હુકમ વિરુદ્ધ આશારામ આશ્રમ ટ્રસ્ટ વતિ નામ. સિવિલ કોર્ટ, જૂનાગઢમાં દિવાની દાવો દાખલ થયેલ છે. જે પડતર છે. ગુજરાત લેન્ડ ગ્રેબીંગ એક્ટ તળે કાર્યવાહી થયેલ નથી.

---------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં લેન્ડ કમિટિની બેઠકો**

૩૯૧૨૮ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર સરકારી પડતર જમીન ખેતી માટે અનુ.જાતિ, અનુ.જન જાતિ, ખેત વિહોણા ખેત મજૂરોને ફાળવવા કેટલી લેન્ડ કમિટિની બેઠકો મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વ્યક્તિઓને કેટલી જમીન ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિ સુધીમાં કેટલા વ્યક્તિઓને જમીનના કબ્જા આપવામાં આવ્યા?

**જવાબ**

(૧) વર્ષ–૨૦૧૯માં ભરૂચ જિલ્લામાં પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં ૦૧–(એક) બેઠક મળેલ છે.

(૨) ૧૫ વ્યક્તિઓને હે.આરે.૧૦–૯૯–૧૭ ચો.મી.

(૩) ભરૂચ–૧૫ વ્યક્તિઓને.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન માપણીમાં ક્ષતિ સુધારવા અરજીઓ**

૩૯૦૪૮ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર જમીન માપણીમાં થયેલ ક્ષતિઓ સુધારવા કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી ક્ષતિઓ સુધારવામાં આવી અને કેટલી અરજીઓ મુખ્યત્વે કયા કારણોસર નામંજૂર કરી, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર જમીન માપણીમાં થયેલ ક્ષતિઓ સુધારવા અરજીઓ મળી જે નીચે મુજબ છે.

| **તાલુકાઓ** | **વર્ષ ૨૦૧૯માં મળેલ અરજીઓ** | **વર્ષ ૨૦૨૦માં મળેલ અરજીઓ** | **કુલ મળેલ અરજીઓ** |
|---|---|---|---|
| લીંબડી | ૨૯૦ | ૩૩૭ | ૬૨૭ |
| ચુડા | ૪૨૩ | ૧૫૦ | ૫૭૩ |
| થાનગઢ | ૧૫૪ | ૯૨ | ૨૪૬ |
| લખતર | ૩૬૯ | ૨૪૩ | ૬૧૨ |
| મુળી | ૫૪૦ | ૨૭૮ | ૮૧૮ |
| દસાડા | ૭૦૩ | ૪૯૬ | ૧૧૯૯ |
| વઢવાણ | ૧૦૭૭ | ૫૫૨ | ૧૬૨૯ |
| ધ્રાંગધ્રા | ૭૮૩ | ૪૩૧ | ૧૨૧૪ |
| ચોટીલા | ૫૯૭ | ૫૫૨ | ૧૧૪૯ |
| સાયલા | ૮૦૦ | ૩૮૯ | ૧૧૮૯ |
| **કુલ** | **૫૭૩૬** | **૩૫૨૦** | **૯૨૫૬** |

(૨) ઉક્ત સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર નીચે મુજબ અરજીઓની ક્ષતિઓ સુધારવામાં આવેલ છે.

| **તાલુકાઓ** | **વર્ષ ૨૦૧૯ પહેલાની અરજીઓ નો નિકાલ** | **વર્ષ ૨૦૧૯ની અરજીઓનો નિકાલ** | **વર્ષ ૨૦૨૦ની અરજીઓનો નિકાલ** | **કુલ નિકાલ કરેલ અરજીઓ** |
|---|---|---|---|---|
| લીંબડી | ૪૨૩ | ૧૪ | ૦૪ | ૪૪૧ |
| ચુડા | ૩૪૨ | ૩૩ | ૦૧ | ૩૭૬ |
| થાનગઢ | ૧૧૩ | ૧૨ | ૦૫ | ૧૩૦ |
| લખતર | ૩૦૮ | ૩૯ | ૦૨ | ૩૪૯ |

| | | | | |
|---|---|---|---|---|
| મુળી | ૨૩૩ | ૩૪ | ૦૪ | ૨૭૧ |
| દસાડા | ૪૧૪ | ૭૮ | ૧૯ | ૫૧૧ |
| વઢવાણ | ૯૮૯ | ૧૨૦ | ૧૪ | ૧૧૨૩ |
| ધ્રાંગધ્રા | ૯૯૭ | ૧૨૬ | ૨૪ | ૧૧૪૭ |
| ચોટીલા | ૮૦૧ | ૩૧ | ૧૧ | ૮૪૩ |
| સાયલા | ૮૮૯ | ૬૭ | ૧૪ | ૯૭૦ |
| **કુલ** | **૫૫૦૯** | **૫૫૪** | **૯૮** | **૬૧૬૧** |

- સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર જમીન માપણીમાં થયેલ ક્ષતિઓ સુધારવા માટે આવેલ અરજીઓ મંજૂર કે નામંજૂર કરવામાં આવતી નથી પરંતુ અરજદારશ્રીના જૂના ૭/૧૨ માં પૈકી પાનીયા અને સ્થળે ઉલટ સુલટ કબજા ધરાવતા હોઇ તેમજ સાંથણીની જમીનમાં થયેલ ગ્રાન્ટ વાળા સરવે નંબર રેકર્ડ સાથે સુસંગત ન થવાને કારણે માપણી કામગીરી ન થતાં અરજીઓ દફ્તરે કરવામાં આવતી હોય છે.

(૩) કેટલી અરજીઓ પડતર છે અને ક્યાં સુધીમાં તેનો નિકાલ કરવામાં આવશે?

(૩) સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૩૦૯૫ અરજીઓ પડતર છે. આ પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

---------

**અંજાર તાલુકામાં આંતરિક પેયજળ યોજના**

૩૮૦૪૬ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં અંજાર તાલુકામાં જલ જીવન કાર્યક્રમ અંતર્ગત નિંગાળ ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજનાની તાંત્રિક, વહીવટી અને સૈધ્ધાંતિક મંજૂરી ક્યારે આપવામાં આવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં અંજાર તાલુકામાં જલ જીવન કાર્યક્રમ અંતર્ગત નિંગાળ ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન કરવામાં આવેલ નથી. જોકે વર્ષ ૨૦૧૮માં યોજના મંજૂર કરવામાં આવેલ હતી જે વર્ષ ૨૦૨૦માં પૂર્ણ કરેલ છે. હાલ તમામ ઘરોમાં નળ જોડાણ દ્વારા પાણી મળે છે.

(૨) તાંત્રિક મંજૂરીઃ- ૨૬-૧૨-૨૦૧૮
વહીવટી મંજૂરીઃ- ૨૩-૦૧-૨૦૧૯
સૈદ્ધાંતિક મંજૂરીઃ-૨૧-૦૧-૨૦૧૯

(૩) યોજના કાર્યાન્વિત કરી તા.૨૫-૦૭-૨૦૨૦ના રોજ લોકાર્પણ કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં શ્રમિકોને વતન મોકલવા રકમ ચૂકવણી**

૩૯૦૨૦ **ડો. સી.જે. ચાવડા** (ગાંધીનગર-ઉત્તર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લોકડાઉન સમયે શ્રમિકોને તેમના વતનમાં કે અન્ય રાજ્યમાં ટ્રેઈન મારફત મોકલવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કેટલી ટ્રેનો મારફત કેટલા શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા?

**જવાબ**

(૧) રૂા. ૬,૮૬,૮૭,૩૯૦/- ની રકમ પશ્ચિમ રેલ્વેને ચૂકવવામાં આવેલ છે.

(૨) અમદાવાદ જિલ્લામાંથી કુલ ૧૮૫ ટ્રેનો મારફત કુલ ૨,૬૯,૦૭૩ શ્રમિકો અને ગાંધીનગર જિલ્લામાંથી કુલ ૧૭ ટ્રેનો મારફત કુલ ૨૨,૯૮૦ શ્રમિકોને વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા.

---------

**બનાસકાંઠા જિલ્લામાં આઈ.ટી.આઈ. માં મંજૂર મહેકમ**

૩૮૯૯૧ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

તા. ૩૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર આઈ.ટી.આઈ.માં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે, | (૧) પત્રક-૧ સામેલ છે. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૨) પત્રક-૨ સામેલ છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) વહીવટી અનુકૂળતા મુજબ બનતી ત્વરાએ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. |

(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**અંજાર તાલુકામાં આંતરિક પેયજળ યોજના**

૩૮૦૫૫ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં અંજાર તાલુકામાં જલ જીવન કાર્યક્રમ અંતર્ગત તુણા ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં અંજાર તાલુકામાં જલ જીવન મિશન કાર્યક્રમ અંતર્ગત તુણા ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજનાની તાંત્રિક, વહીવટી અને સૈધ્ધાંતિક મંજૂરી ક્યારે આપવામાં આવેલ, અને | (૨) તાંત્રિક મંજૂરીઃ- ૧૧-૦૩-૨૦૨૦<br>સૈદ્ધાંતિક મંજૂરીઃ- ૧૧-૦૬-૨૦૨૦<br>વહીવટી મંજૂરીઃ-૧૭-૦૬-૨૦૨૦ |
| (૩)ઉક્ત સ્થિતિએ આ યોજનાની કામગીરી કયા તબક્કે છે ? | (૩) હાલ યોજનાની કામગીરી પ્રગતિમાં છે. |

---------

**આણંદ જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૧૫૪ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન આણંદ જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ? | (૨) ૧૧,૮૩૪ |

---------

**કચ્છ જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૧૩૮ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા**(અબડાસા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન કચ્છ જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ? | (૨) ૪૬,૩૫૧ |

---------

અતારાંકિત પ્રશ્નો

### વડોદરા ખાતે સેઝ પાર્ક માટે જમીન

૩૯૦૧૪ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ મે.લાર્સન એન્ડ ટુબ્રો લિ.ને આખોલ, જિ.વડોદરા ખાતે આઈ.ટી/આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક બનાવવા માટે જમીન ફાળવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા પ્રકારની કેટલી જમીન, શા ભાવે, ક્યારે ફાળવવામાં આવેલ છે, અને | (૨) સરકારી પડતર, ૫૫૬૫ ચો.મી. જમીન, રૂ.૧૩૪.૫૫/– પ્રતિ ચો.મી.ના ભાવે, વર્ષ ૨૦૦૬ માં. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કંપની દ્વારા પાર્ક/સેઝ નહિં બનાવવા માટે શરતભંગ બદલ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) શરતભંગ થયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### જૂનાગઢ જિલ્લામાં ચાફકટર ખરીદી સહાય યોજના

૩૮૧૩૪ **શ્રી જીગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં પાવર ડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના હેઠળ સામાન્ય જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) સામાન્ય જાતિ – ૧૦૧<br>અનુસૂચિત જાતિ – ૦૭<br>અનુસૂચિત જનજાતિ – ૦૦<br>**કુલ – ૧૦૮** |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટેગરી વાઈઝ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) જનરલ કેટેગરી – રૂ.૧૦,૨૦,૦૦૦/–<br>અનુસૂચિત જાતિ – રૂ.૧૮,૦૦૦/–<br>અનુસૂચિત જનજાતિ – રૂ.૦ (શૂન્ય)<br>**કુલ – રૂ.૧૦,૩૮,૦૦૦/–** |

---------

### કચ્છ જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા

૩૮૧૪૦ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન કચ્છ જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ? | (૨) ૪૬,૩૫૧. |

---------

### સુરત જિલ્લામાં જિંગા ફાર્મીંગની જમીનમાં શરતભંગ

૩૯૪૨૬ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સુરત જિલ્લામાં જિંગા ફાર્મીંગ માટે જમીનની ફાળવણી થયા બાદ કઈ જમીનોમાં સેન્ટ્રલ એક્વાકલ્ચર ઓથોરીટી, ચેન્નઈ તરફથી જિંગા ફાર્મના રજીસ્ટ્રેશન લીધા સીવાય જિંગા ફાર્મીંગ શરૂ કરવામાં આવેલ છે, | (૧) કોઈ પણ નહીં. |
| (૨) ભારત સરકારની ઓથોરીટીનું રજીસ્ટ્રેશન લીધેલ ન હોય તેવી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ જમીનો શરતભંગ થઈ હોવા છતાં પરત લેવામાં આવી નથી તથા તેના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | |
|---|---|
| (૩) ઉક્ત તમામ શરતભંગવાળી જમીન ક્યાં સુધીમાં પરત લેવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વલસાડ જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૧૪૩ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન વલસાડ જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ? | (૨) ૫૭,૧૦૨. |

---------

**ભુજ તાલુકામાં માધાપર પાણી પુરવઠા યોજના**

૩૮૦૬૩ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાના ભૂજ તાલુકામાં માધાપર પાણી પુરવઠા યોજના અમલમાં મૂકેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા ગામો/ફળીયાઓ/શહેર સમાવિષ્ટ કરવામાં આવેલ છે, | (૨) ૦૨ ગામો |
| (૩) ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા કામો પ્રગતિ હેઠળ છે, અને | (૩) આ યોજના હેઠળ સ્ટોરેજના કામો પ્રગતિ હેઠળ છે. |
| (૪) આ કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૪) માહે ૦૪/૨૦૨૧ સુધીમાં. |

---------

**ખેડા જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૨૦૩ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન ખેડા જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ? | (૨) ૧૩,૪૪૮. |

---------

**ગીર સોમનાથ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

૩૮૨૦૫ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીર સોમનાથ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૮ |
| (૨)આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? | (૨) ૨૮૯૯. |

---------

**મહિસાગર અને નવસારી જિલ્લામાં નલ સે જલ યોજના**

૩૯૧૦૮ **શ્રી અજીતસિંહ ચૌહાણ**(બાલાસિનોર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં નલ સે જલ યોજના ક્યારે અમલમાં મૂકવામાં આવેલ,

(૧) માન. પ્રધાનમંત્રી દ્વારા ૧૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ સ્વાતંત્ર દિન નિમિત્તે જલ જીવન મિશન હેઠળ ‘હર ઘર જલ’ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે.

(૨) ઉક્ત યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહિસાગર અને નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા ઘરોમાં પીવાનું પાણી પહોંચાડવામાં આવ્યું,

(૨)

| **જિલ્લો** | **તાલુકો** | **પીવાનું પાણી પહોંચાડવામાં આવેલ ઘરોની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૧૯** | **વર્ષ ૨૦૨૦** |
| મહિસાગર | બાલાસિનોર | ૧૯૧૫૫ | ૧૯૪૫૨ |
| | કડાણા | ૧૯૦૫૯ | ૧૯૪૩૦ |
| | ખાનપુર | ૧૬૩૯૧ | ૧૬૬૪૩ |
| | લુણાવાડા | ૩૧૨૭૨ | ૩૩૪૮૯ |
| | સંતરામપુર | ૩૦૫૭૭ | ૩૦૭૦૯ |
| | વિરપુર | ૧૭૦૨૭ | ૧૭૩૫૯ |
| નવસારી | ચીખલી | ૪૫૧૯૩ | ૪૫૯૨૯ |
| | ગણદેવી | ૪૨૭૬૯ | ૪૨૯૮૨ |
| | જલાલપોર | ૫૩૮૧૬ | ૫૪૨૦૬ |
| | ખેરગામ | ૧૧૮૮૭ | ૧૧૮૮૭ |
| | નવસારી | ૨૧૮૬૦ | ૨૨૦૬૬ |

(૩) ઉક્ત તાલુકાવાર કેટલા ઘરોમાં પાણી પહોંચાડવાનું બાકી છે, અને

(૩)

| **જિલ્લો** | **તાલુકો** | **બાકી ઘરો** |
|---|---|---|
| મહિસાગર | બાલાસિનોર | ૧૩૪૬૨ |
| | કડાણા | ૮૦૨૨ |
| | ખાનપુર | ૮૫૯૮ |
| | લુણાવાડા | ૧૮૪૫૩ |
| | સંતરામપુર | ૨૮૩૨૭ |
| | વિરપુર | ૮૨૮૪ |
| નવસારી | ચીખલી | ૧૬૯૮૧ |
| | ગણદેવી | ૧૫૩૩૭ |
| | જલાલપોર | ૧૫૫૧ |
| | ખેરગામ | ૩૨૦૫ |
| | નવસારી | ૧૭૮૦૨ |

(૪) ઉક્ત બાકી ઘરોમાં ક્યાં સુધીમાં પાણી પહોંચાડવાનું આયોજન છે ?

(૪) તબક્કાવાર ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં.

---------

**જામનગર જિલ્લામાં જમીન પચાવી પાડવાની ફરીયાદો બાબત**

૩૯૦૫૮ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૦-૦૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર જામનગર શહેર અને જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગ એક્ટ અન્વયે કેટલી ફરિયાદો નોંધાઈ,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા કસૂરવાર ઈસમોને પકડવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા કસૂરવાર ઈસમોને પકડવાના બાકી છે, અને તેઓને પકડવા શા પગલા લેવામાં

**જવાબ**

(૧) જાન્યુઆરી-૨૦૨૧=૦૧, - ફેબ્રુઆરી-૨૦૨૧=૦૧ કુલ=૦૨

(૨) કુલ ૪૯

(૩) ૬૫ કસૂરવાર ઈસમોને પકડવાના બાકી છે. બાકી આરોપીઓને પકડી પાડવા માટે અંગત બાતમીદારોથી

આવ્યા?

માહિતી મેળવવા તજવીજ ચાલે છે અને સદરહુ બંને ગુનાની તપાસ ચાલુ છે.

---------

## રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા

૩૮૧૭૩ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ?

**જવાબ**

(૧) ૭૮

(૨) ૩૬૮૧.

---------

## અમરેલી જિલ્લામાં પશુધન નિરીક્ષકની મંજૂર જગ્યાઓ

૩૯૪૨૯ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરીક્ષકની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) પત્રક–અ મુજબ.

**પત્રક–અ**

તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની મંજૂર થયેલ જગ્યાઓ દર્શાવતું પત્રક

| અ.નં. | તાલુકાનું નામ | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ | પશુધન નિરીક્ષક વર્ગ–૩ |
|---|---|---|---|
| ૧ | લાઠી | ૦૩ | ૦૯ |
| ૨ | લીલીયા | ૦૨ | ૦૬ |
| ૩ | સાવરકુંડલા | ૦૩ | ૧૩ |
| ૪ | બાબરા | ૦૩ | ૧૦ |
| ૫ | બગસરા | ૦૨ | ૦૬ |
| ૬ | ખાંભા | ૦૩ | ૦૬ |
| ૭ | જાફરાબાદ | ૦૨ | ૦૪ |
| ૮ | કુંકાવાવ | ૦૪ | ૦૭ |
| ૯ | અમરેલી | ૦૭ | ૧૬ |
| ૧૦ | ધારી | ૦૪ | ૦૯ |
| ૧૧ | રાજુલા | ૦૨ | ૧૦ |
| | **કુલ** | **૩૫** | **૯૬** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) પત્રક–બ મુજબ.

**પત્રક–બ**

તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ દર્શાવતું પત્રક

| અ.નં. | તાલુકાનું નામ | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ | પશુધન નિરીક્ષક વર્ગ–૩ |
|---|---|---|---|
| ૧ | લાઠી | ૦૧ | ૦૬ |
| ૨ | લીલીયા | ૦૧ | ૦૫ |
| ૩ | સાવરકુંડલા | ૦૨ | ૦૮ |
| ૪ | બાબરા | ૦૨ | ૦૮ |
| ૫ | બગસરા | ૦૧ | ૦૪ |
| ૬ | ખાંભા | ૦૨ | ૦૩ |
| ૭ | જાફરાબાદ | ૦૧ | ૦૨ |
| ૮ | કુંકાવાવ | ૦૪ | ૦૪ |
| ૯ | અમરેલી | ૦૪ | ૦૭ |
| ૧૦ | ધારી | ૦૩ | ૦૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | રાજુલા | ૦૧ | ૦૪ |
| | કુલ | ૨૨ | ૫૫ |

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩)

- પશુચિકિત્સા અધિકારી, વર્ગ–૨ની ખાલી જગ્યાઓ ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ ભરવાનું આયોજન છે.
- પશુધન નિરીક્ષક, વર્ગ–૩ની રાજ્ય કક્ષાની ખાલી જગ્યાઓ ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ ભરવાનું આયોજન છે.
- પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની પંચાયત કક્ષાની ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૯૮ હેઠળ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવાની થાય છે.

---------

**ભાવનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ**

૩૮૦૮૪ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| ઈ–ધરા કેન્દ્રનું નામ | કુલ અરજીઓ |
|---|---|
| ભાવનગર સીટી | ૧૪૪ |
| ભાવનગર ગ્રામ્ય | ૯૮૮ |
| ઘોઘા | ૮૧૩ |
| સિંહોર | ૧૦૦૩ |
| વલ્લભીપુર | ૪૮૬ |
| ઉમરાળા | ૭૪૨ |
| પાલીતાણા | ૮૭૯ |
| ગારીયાધાર | ૭૦૨ |
| તળાજા | ૧૯૮૧ |
| મહુવા | ૧૮૪૭ |
| જેસર | ૫૦૪ |
| **કુલ** | **૧૦૦૮૯** |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| ભાવનગર સીટી | ૧૪૪ | ૧૪૦ | ૩ |
| ભાવનગર ગ્રામ્ય | ૯૮૮ | ૮૨૧ | ૬૬ |
| ઘોઘા | ૮૧૩ | ૭૩૨ | ૪ |
| સિંહોર | ૧૦૦૩ | ૮૯૧ | ૩૧ |
| વલ્લભીપુર | ૪૮૬ | ૪૩૭ | ૯ |
| ઉમરાળા | ૭૪૨ | ૭૩૧ | ૧૧ |
| પાલીતાણા | ૮૭૯ | ૭૭૩ | ૨૦ |
| ગારીયાધાર | ૭૦૨ | ૬૧૯ | ૨૨ |
| તળાજા | ૧૯૮૧ | ૧૭૧૭ | ૬૦ |
| મહુવા | ૧૮૪૭ | ૧૬૬૦ | ૨૦ |

| | | | |
|---|---|---|---|
| જેસર | ૫૦૪ | ૪૬૨ | ૧૫ |
| **કુલ** | **૧૦૦૮૯** | **૮૯૮૩** | **૨૬૧** |

(૩) નોંધો નામંજૂર કરવાના કારણો શા છે ?

(૩) ઉક્ત નોંધો નામંજૂર થવાના કારણો.

- પેઢીઆંબો રજૂ થયેલ ન હોઈ
- ખેતીની જમીન ન હોઈ
- મરણ પ્રમાણપત્ર રજૂ થયેલ ન હોઈ
- વહીવટકર્તા જમીન હોવાના કારણે
- પેઢીઆંબા/નામમાં વિસંગતતા હોવાના કારણે
- સોગંદનામાની વિગતો અધૂરી હોવાના કારણે
- સોગંદનામું અસલમાં ન હોવાના કારણે
- જરૂરી સાધનિક કાગળો અપૂરતા હોઈ,
- દત્તક વિધાન થયેલ ન હોઈ,
- તકરાર ઉભી થયેલ હોવાના કારણે.

---------

**પાટણ અને ગાંધીનગર જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબ્લેટ**

૩૯૦૦૬ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં આઈ.ટી.આઈ. ના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવાની યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવેલ છે.

**જવાબ**

(૧)

| જિલ્લો | તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦ |
|---|---|---|
| પાટણ | ૦૦ | ૬૫ |
| ગાંધીનગર | ૦૦ | ૭૧ |

ઉક્ત ટેબ્લેટ યોજનાની પાત્રતા ધરાવતા અગાઉના વર્ષના આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓ તેમજ વધ રહેલ ટેબ્લેટ જુલાઈ–૨૦૧૯ માં ઉત્તિર્ણ થયેલ આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને મેરીટ મુજબ આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કોર્સ પાસ કરનાર જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવાના બાકી છે, અને

(૨) શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૮–૧૧–૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ તલમ/૧૫૨૦૧૮/૫૦૭૦૦૭/આર–(૨) થી ટેબ્લેટ યોજનાની જોગવાઈ રદ કરવામાં આવેલ હોવાથી આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવાના રહેતા નથી.

(૩) ઉક્ત ટેબ્લેટ કઈ કંપની દ્વારા નિર્મિત છે અને ઉક્ત સ્થિતિએ કયા દરે કોની પાસેથી કેટલા ટેબ્લેટ ખરીદવામાં આવેલ છે?

(૩) શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૮–૧૧–૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃતલમ/૧૫૨૦૧૮/૫૦૭૦૦૭/આર–(૨) થી ટેબ્લેટ યોજનાની જોગવાઈ રદ કરવામાં આવેલ હોવાથી ઉક્ત સ્થિતિએ ટેબ્લેટ ખરીદવામાં આવેલ નથી.

---------

**વડોદરા અને નર્મદા જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબ્લેટ**

૩૯૧૨૬ **શ્રી જશપાલસિંહ પઢિયાર**(પાદરા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

| (૩) ઉક્ત સ્થિતએ આ યોજના હેઠળ કેટલા કામો પ્રગતિ હેઠળ છે, અને | (૩) આ યોજના હેઠળ સ્ટોરેજના કામો પ્રગતિ હેઠળ છે. |
| (૪) આ કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૪) માહે ૦૪/૨૦૨૧ સુધીમાં. |

---------

**રાપર તાલુકામાં પાણી પુરવઠા જૂથ યોજના**

૩૮૦૬૦ **ડો. આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાના રાપર તાલુકાની કેટલી વાંઢોને પાણી પુરવઠા (મીસીંગલીક) જૂથ યોજનાની કનેક્ટીવીટી હજુ બાકી છે, | (૧) ૯૪ વાંઢો. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ વાંઢોમાં પાણી પુરવઠા (મીસીંગલીક) જૂથ યોજનાની કનેક્ટીવીટી આપવાનું કોઈ આયોજન છે, અને | (૨) હા, જી. |
| (૩)આ યોજનામાં ઉક્ત સ્થિતિએ સંભવિત કેટલો ખર્ચ થશે? | (૩) રૂ.૧૨૬૧.૩૧ લાખ. |

---------

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં લેન્ડ કમિટિની બેઠકો**

૩૯૧૧૨ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર સરકારી પડતર જમીન ખેતી માટે અનુ.જાતિ, અનુ.જનજાતિ, ખેત વિહોણા ખેત મજૂરોને ફાળવવા કેટલી લેન્ડ કમિટિની બેઠકો મળી, | (૧) એક પણ લેન્ડ કચેરી/કમિટિ મળેલ નથી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વ્યક્તિઓને કેટલી જમીન ફાળવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિ સુધીમાં કેટલા વ્યક્તિઓને જમીનના કબ્જા આપવામાં આવ્યા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**તાપી અને સુરત જિલ્લામાં નલ સે જલ યોજના**

૩૯૧૩૯ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં નલ સે જલ યોજના ક્યારે અમલમાં મૂકવામાં આવેલ, | (૧) માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા ૧૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ સ્વાતંત્ર દિન નિમિતે જલ જીવન મિશન હેઠળ 'હર ઘર જલ' કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. |
| (૨) ઉક્ત યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા ઘરોમાં પીવાનું પાણી પહોંચાડવામાં આવ્યું, | (૨) |

| **જિલ્લો** | **તાલુકો** | **પીવાનું પાણી પહોંચાડવામાં આવેલ ઘરોની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૧૯** | **વર્ષ ૨૦૨૦** |
| | ડોલવણ | ૧૫૫૭૦ | ૨૩૯૭૦ |

| | | | |
|---|---|---|---|
| તાપી | સોનગઢ | ૩૧૦૯૮ | ૪૧૭૦૩ |
| | ઉચ્છલ | ૧૨૮૬૫ | ૨૪૦૫૧ |
| | વાલોદ | ૧૧૨૨૧ | ૨૦૮૧૯ |
| | વ્યારા | ૧૯૩૦૭ | ૩૨૦૧૪ |
| સુરત | બારડોલી | ૩૨૪૪૮ | ૪૧૯૭૬ |
| | ચોર્યાસી | ૪૫૨૧૦ | ૪૬૧૧૮ |
| | કામરેજ | ૩૫૩૯૮ | ૪૫૩૪૫ |
| | મહુવા | ૨૬૧૧૨ | ૩૧૬૦૧ |
| | માંડવી | ૩૮૧૫૦ | ૪૭૭૨૦ |
| | માંગરોલ | ૩૪૮૮૪ | ૪૨૨૩૭ |
| | ઓલપાડ | ૪૧૦૩૪ | ૫૫૨૩૩ |
| | પલસાણા | ૧૯૫૨૯ | ૨૬૩૯૫ |
| | ઉમરપાડા | ૨૧૦૨૫ | ૨૩૩૪૫ |

(૩) ઉક્ત તાલુકાવાર કેટલા ઘરોમાં પાણી પહોંચાડવાનું બાકી છે, અને

(૩)

| જિલ્લો | તાલુકો | બાકી ઘરો |
|---|---|---|
| તાપી | ડોલવણ | ૧૭૧૧૮ |
| | કુકરમુડા | ૬૮૭૮ |
| | નિઝર | ૯૦૪૪ |
| | સોનગઢ | ૨૧૭૮૩ |
| | ઉચ્છલ | ૧૧૧૨૫ |
| | વાલોદ | ૧૧૫૧૮ |
| | વ્યારા | ૨૭૪૦૭ |
| સુરત | બારડોલી | ૧૬૭૩ |
| | ચોર્યાસી | ૩૧૯૯ |
| | કામરેજ | ૩૭૩૮ |
| | મહુવા | ૮૫૫૫ |
| | માંડવી | ૪૬૪૫ |
| | માંગરોલ | ૮૫૦૩ |
| | ઓલપાડ | ૪૦૭૨ |
| | પલસાણા | ૮૯૩૪ |

(૪) ઉક્ત બાકી ઘરોમાં ક્યાં સુધીમાં પાણી પહોંચાડવાનું આયોજન છે?

(૪) તબક્કાવાર ડીસેમ્બર – ૨૦૨૨ સુધીમાં

---------

**નખત્રાણા તાલુકામાં આંતરિક પેયજળ યોજના**

૩૮૦૫૦ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં નખત્રાણા તાલુકામાં જલ જીવન કાર્યક્રમ અંતર્ગત દેવપર ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજનાની તાંત્રિક, વહીવટી અને સૈધ્ધાંતિક મંજૂરી ક્યારે આપવામાં આવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં નખત્રાણા તાલુકાનાં જળ જીવન મિશન કાર્યક્રમ અંતર્ગત દેવપર ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન કરવામાં આવેલ નથી. વર્ષ ૨૦૧૯માં યોજના મંજૂર કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૦માં આ યોજના પૂર્ણ કરેલ છે. તમામ ઘરોમાં નળ જોડાણ દ્વારા પાણી મળે છે.

(૨) તાંત્રિક મંજૂરીઃ– ૨૧–૦૧–૨૦૧૯
સૈદ્ધાંતિક મંજૂરીઃ– ૨૧–૦૧–૨૦૧૯
વહીવટી મંજૂરીઃ–૦૧–૦૨–૨૦૧૯

(૩) યોજના પૂર્ણ કરી કાર્યાન્વિત કરી પાણી સમિતિને તા.૧૦–૦૭–૨૦૨૦ના રોજ લોકાર્પણ કરવામાં આવેલ છે.

---------

**દાહોદ અને તાપી જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબ્લેટ**

૩૯૧૧૫ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં આઈ.ટી.આઈ. ના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર

**જવાબ**

(૧)

| જિલ્લો | તા.૦૧–૦૧–૨૦૧૯ થી | તા.૦૧–૦૧–૨૦૨૦ થી |
|---|---|---|

ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવાની યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવેલ છે,

| | તા.૩૧-૧૨-૨૦૧૯ | તા.૩૧-૧૨-૨૦૨૦ |
|---|---|---|
| દાહોદ | ૧૦૧ | ૧૫૧ |
| તાપી | ૦ | ૫૩ |

ઉક્ત ટેબ્લેટ યોજનાની પાત્રતા ધરાવતા અગાઉના વર્ષના આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓ તેમજ વધ રહેલ ટેબ્લેટ જુલાઈ-૨૦૧૯ માં ઉત્તિર્ણ થયેલ આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને મેરીટ મુજબ આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કોર્સ પાસ કરનાર જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવાના બાકી છે, અને

(૨) શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૮-૧૧-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ તલમ/૧૫૨૦૧૮/૫૦૭૦૦૭/આર-(૨) થી ટેબ્લેટ યોજનાની જોગવાઈ રદ કરવામાં આવેલ હોવાથી ઉક્ત સમયના આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવેલ નથી.

(૩) ઉક્ત ટેબ્લેટ કઈ કંપની દ્વારા નિર્મિત છે અને ઉક્ત સ્થિતિએ કયા દરે કોની પાસેથી કેટલા ટેબ્લેટ ખરીદવામાં આવેલ છે?

(૩) શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૮-૧૧-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃતલમ/૧૫૨૦૧૮/૫૦૭૦૦૭/આર-(૨) થી ટેબ્લેટ યોજનાની જોગવાઈ રદ કરવામાં આવેલ હોવાથી ઉક્ત સ્થિતિએ ટેબ્લેટ ખરીદવામાં આવેલ નથી.

--------

**અમદાવાદ અને પંચમહાલ જિલ્લામાં ગૌચર**

૩૯૦૩૧ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૬-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકીત પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૨૬૪ (અગ્રતાઃ ૧૦૩) અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના ૨૩૧ અને પંચમહાલ જિલ્લાના ૧૫૮ ગામોમાં સરકારે ઠરાવેલ લઘુત્તમ જોગવાઈથી ઓછું ગૌચર હતું તે પૈકી જિલ્લાવાર કેટલા ગામોમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગૌચર માટે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવી, અને

(૧) અમદાવાદ-એક પણ નહિ
પંચમહાલ - એક પણ નહિ

(૨)ઉક્ત જિલ્લાવાર બાકીના ગામોમાં ખૂટતાં ગૌચરની જગ્યાએ વૈકલ્પિક જમીન ક્યાં સુધીમાં ફાળવવામાં આવનાર છે?

(૨) વૈકલ્પિક જમીન માટે સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા માંગણી કરવામાં આવેલ નથી.

---------

**મોરબી જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૨૦૦ **શ્રી જે.વી.કાકડિયા** (ધારી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન મોરબી જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ?

(૨) ૪૦,૯૪૫

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં યાત્રાધામ વિકાસ**

૩૯૦૯૪ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર સરકાર હસ્તક કયા મંદિરો આવેલ છે, અને

(૨) ઉક્ત મંદિરોમાં યાત્રિકોને સુવિધા પૂરી પાડવા અને વિકાસના કામો માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંદિરદિઠ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

(૧) અને (૨)

| ક્રમ | આણંદ જિલ્લામાં સરકાર હસ્તક આવેલ મંદિરો | ખર્ચ |
|---|---|---|
| ૧ | શ્રી ભગવતેશ્વર મહાદેવ મંદિર, મુ. ગંભીરા, તા.આંકલાવ | કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |
| ૨ | શ્રી નરસિંહજી મંદિર, (નવું રામજી મંદિર), | કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |

| | | |
|---|---|---|
| | મુ. પીંપળી, તા. બોરસદ | |
| ૩ | શ્રી રામજી મંદિર (શ્રી લક્ષ્મીનારાયણ મંદિર), મુ. વાલવોડ, તા.બોરસદ | કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |
| ૪ | શ્રી રૂદ્રેશ્વર મહાદેવ, મુ. રૂદેલ, તા. બોરસદ | કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |
| ૫ | શ્રી રામનાથ મહાદેવ, મુ. પેટલાદ, તા. પેટલાદ | કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |
| | | |
| | ખેડા જિલ્લામાં સરકાર હસ્તક કોઈ મંદિરો આવેલ નથી. | -- |

---------

**જામનગર જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૨૦૧ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન જામનગર જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨૨,૫૦૧

---------

**ખેડા અને સુરત જિલ્લામાં આઈ.ટી.આઈ તાલીમાર્થીઓને ટેબ્લેટ**

૩૯૧૦૩ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં આઈ.ટી.આઈ. નાં છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવાની યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કોર્સ પાસ કરનાર જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવાના બાકી છે, અને

(૩) ઉક્ત ટેબ્લેટ કઈ કંપની દ્વારા નિર્મિત છે અને ઉક્ત સ્થિતિએ કયા દરે કોની પાસેથી કેટલા ટેબ્લેટ ખરીદવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| જિલ્લો | તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦ |
|---|---|---|
| ખેડા | ૧૨ | ૯૮ |
| સુરત | ૦૦ | ૧૭૫ |

ઉક્ત ટેબ્લેટ યોજનાની પાત્રતા ધરાવતા અગાઉના વર્ષના આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓ તેમજ વધ રહેલ ટેબ્લેટ જુલાઈ–૨૦૧૯ માં ઉત્તિર્ણ થયેલ આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને મેરીટ મુજબ આપવામાં આવેલ છે.

(૨) શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૮–૧૧–૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ તલમ/૧૫૨૦૧૮/૫૦૭૦૦૭/આર–(૨) થી ટેબ્લેટ યોજનાની જોગવાઈ રદ કરવામાં આવેલ હોવાથી ઉક્ત સમયના આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવેલ નથી.

(૩) શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૮–૧૧–૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃતલમ/૧૫૨૦૧૮/૫૦૭૦૦૭/આર–(૨) થી ટેબ્લેટ યોજનાની જોગવાઈ રદ કરવામાં આવેલ હોવાથી ઉક્ત સ્થિતિએ ટેબ્લેટ ખરીદવામાં આવેલ નથી.

---------

**આણંદ જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૧૯૨ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન આણંદ જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન

**જવાબ**

(૧) હા, જી.

| | |
|---|---|
| પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને | |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ? | (૨) ૧૧,૮૩૪ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં આખલાના ખસીકરણ**

૩૯૪૩૦ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બિનવારસી આખલાના ખસીકરણ કરવામાં આવ્યા, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં બિનવારસી આખલાના ખસીકરણ કરવામાં આવેલ નથી. |
| (૨) તાલુકાવાર કેટલા આખલાના ખસીકરણ કરવાના બાકી છે, અને | (૨) તા.૦૧-૦૪-૨૦૧૯થી યોજના અમલમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મોરબી જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૧૯૯ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન મોરબી જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ? | (૨) ૪૦,૯૪૫. |

---------

**ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં ગૌચર**

૩૯૦૭૬ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : ચૌદમી વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૬-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૩૦૯ (અગ્રતાઃ૪૨) ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ જિલ્લાના ૩૨૬ અને અમરેલી જિલ્લાના ૫૩૫ ગામોમાં સરકારે ઠરાવેલ લઘુત્તમ જોગવાઈથી ઓછું ગૌચર હતું તે પૈકી જિલ્લાવાર કેટલા ગામોમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગૌચર માટે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવી, અને | (૧) એક પણ નહીં. |
| (૨)ઉક્ત જિલ્લાવાર બાકીના ગામોમાં ખૂટતાં ગૌચરની જગ્યાએ વૈકલ્પિક જમીન ક્યાં સુધીમાં ફાળવવામાં આવનાર છે? | (૨) વૈકલ્પિક જમીન માટે સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા માંગણી કરવામાં આવેલ નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં જમીન પચાવી પાડવાની ફરીયાદો બાબત**

૩૯૦૩૩ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૦-૦૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગ એક્ટ અન્વયે કેટલી ફરિયાદો નોંધાઈ, | (૧) જાન્યુઆરી-૨૦૨૧=૦૫ |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા કસૂરવાર ઈસમોને પકડવામાં આવ્યા, અને | (૨) કુલ ૧૨ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા કસૂરવાર ઈસમોને | (૩) ૦૩ કસૂરવાર ઈસમોને પકડવાના બાકી છે. જેની |

| | |
|---|---|
| પકડવાના બાકી છે, અને તેઓને પકડવા શા પગલા લેવામાં આવ્યા? | કાર્યવાહી હાલમાં ચાલુ છે. |

---------

**દાહોદ અને વડોદરા જિલ્લામાં યાત્રાધામ વિકાસ**

૩૯૧૧૮ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ દાહોદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર સરકાર હસ્તક કયા મંદિરો આવેલ છે, અને | (૧) પત્રક મુજબ |
| (૨) ઉક્ત મંદિરોમાં યાત્રિકોને સુવિધા પૂરી પાડવા અને વિકાસના કામો માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંદિર દિઠ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) |

| **જિલ્લાનું નામ** | **યાત્રાધામની વિગત** | **ખર્ચ (રૂપિયા લાખમાં)** |
|---|---|---|
| વડોદરા | શ્રી બોલાઈ મંદિર | ૪૧.૨૪ |
| | શ્રી કાશી વિશ્વેશ્વર મંદિર | ૪.૬૭ |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**બનાસકાંઠા જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૧૯૧ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન બનાસકાંઠા જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ? | (૨) ૧૬,૮૨૪. |

---------

**ખેડા અને વડોદરા જિલ્લામાં લેન્ડ કમિટીની બેઠકો**

૩૯૧૦૬ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર સરકારી પડતર જમીન ખેતી માટે અનુ.જાતિ, અનુ.જનજાતિ, ખેત વિહોણા ખેત મજૂરોને ફાળવવા કેટલી લેન્ડ કમિટિની બેઠકો મળી, | (૧) એક પણ લેન્ડ કચેરી/કમિટિ મળેલ નથી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વ્યકિતઓને કેટલી જમીન ફાળવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિ સુધીમાં કેટલા વ્યકિતઓને જમીનના કબ્જા આપવામાં આવ્યા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**છોટાઉદેપુર અને ભરૂચ જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબ્લેટ**

૩૯૧૨૪ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં આઈ.ટી.આઈ. ના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવાની યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર | (૧) |

| **જિલ્લો** | **તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** | **તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦** |
|---|---|---|
| છોટાઉદેપુર | ૦૦ | ૦૭ |

છોટાઉદેપુર અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવેલ છે,

| | | |
|---|---|---|
| ભરૂચ | ૦૦ | ૩૪ |

ઉક્ત ટેબ્લેટ યોજનાની પાત્રતા ધરાવતા અગાઉના વર્ષના આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓ તેમજ વધ રહેલ ટેબ્લેટ જુલાઈ–૨૦૧૯માં ઉત્તિર્ણ થયેલ આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને મેરીટ મુજબ આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કોર્સ પાસ કરનાર જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવાના બાકી છે, અને

(૨) શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૮–૧૧–૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ તલમ/૧૫૨૦૧૮/૫૦૭૦૦૭/આર–(૨) થી ટેબ્લેટ યોજનાની જોગવાઈ રદ કરવામાં આવેલ હોવાથી આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવાના રહેતા નથી.

(૩) ઉક્ત ટેબ્લેટ કઈ કંપની દ્વારા નિર્મિત છે અને ઉક્ત સ્થિતિએ કયા દરે કોની પાસેથી કેટલા ટેબ્લેટ ખરીદવામાં આવેલ છે?

(૩) શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૮–૧૧–૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃતલમ/૧૫૨૦૧૮/૫૦૭૦૦૭/આર–(૨) થી ટેબ્લેટ યોજનાની જોગવાઈ રદ કરવામાં આવેલ હોવાથી ઉક્ત સ્થિતિએ ટેબ્લેટ ખરીદવામાં આવેલ નથી.

---------

## જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં લેન્ડ કમિટીની બેઠકો

૩૯૦૭૦ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર સરકારી પડતર જમીન ખેતી માટે અનુ.જાતિ, અનુ.જનજાતિ, ખેત વિહોણા ખેત મજૂરોને ફાળવવા કેટલી લેન્ડ કમિટીની બેઠકો મળી,

(૧) એક પણ લેન્ડ કમિટી/કચેરી મળેલ નથી.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વ્યકિતઓને કેટલી જમીન ફાળવવામાં આવી, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિ સુધીમાં કેટલા વ્યકિતઓને જમીનના કબ્જા આપવામાં આવ્યા?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## જામનગર જિલ્લામાં ચાફકટર ખરીદી સહાય યોજના

૩૮૧૩૩ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જામનગર જિલ્લામાં પાવર ડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના હેઠળ સામાન્ય જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અરજદારોની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) સામાન્ય જાતિ – ૯૮
અનુસૂચિત જાતિ – ૨૭
અનુસૂચિત જનજાતિ – ૦૦
**કુલ – ૧૨૫**

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટેગરી વાઈઝ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૨) જનરલ કેટેગરી – રૂ.૭,૮૧,૬૩૦/–
અનુસૂચિત જાતિ – રૂ.૨,૫૫,૦૦૦/–
અનુસૂચિત જનજાતિ – રૂ.૦ (શૂન્ય)
**કુલ – રૂ.૧૦,૩૬,૬૩૦/–**

---------

## રાપર તાલુકામાં પાણી પુરવઠા જૂથ યોજના

૩૮૦૬૪ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાના રાપર તાલુકાની કેટલી વાંઢોને પાણી પુરવઠા (મીસીંગલીક) જૂથ યોજનાની કનેક્ટીવીટી હજુ બાકી છે,

(૧) ૯૪ વાંઢો

(૨) ઉક્ત સ્થિતિએ આ વાંઢોમાં પાણી પુરવઠા (મીસીંગલીક) જૂથ યોજનાની કનેક્ટીવીટી આપવાનું કોઈ

(૨) હા, જી.

આયોજન છે, અને

(૩)આ યોજનામાં ઉક્ત સ્થિતિએ સંભવિત કેટલો ખર્ચ થશે? (૩) રૂ.૧૨૬૧.૩૧ લાખ.

---------

**પંચમહાલ જિલ્લામાં ચાફકટર ખરીદી સહાય યોજના**

૩૮૧૧૬ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં પાવર ડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના હેઠળ સામાન્ય જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અરજદારોની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) સામાન્ય જાતિ - ૧૨૩<br>અનુસૂચિત જાતિ - ૧૩<br>અનુસૂચિત જનજાતિ - ૧૩<br>**કુલ - ૧૪૯** |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટેગરી વાઈઝ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) જનરલ કેટેગરી - રૂ.૭,૬૫,૦૦૦/-<br>અનુસૂચિત જાતિ - રૂ.૧૮,૦૦૦/-<br>અનુસૂચિત જનજાતિ - રૂ. ૯૬,૦૦૦/-<br>**કુલ - રૂ.૮,૭૯,૦૦૦/-** |

---------

**અમદાવાદ અને વડોદરા જિલ્લામાં હોસ્પિટલો દ્વારા જમીનમાં શરતભંગ**

૩૯૦૪૩ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર ખાનગી અને ટ્રસ્ટની હોસ્પિટલોને બેઠાથાળે કે રાહતદરે કે રેવન્યુ ફ્રી વેલ્યુથી જમીનો ગ્રાન્ટ કરવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, અમદાવાદ અને વડોદરા જિલ્લામાં ખાનગી અને ટ્રસ્ટની હોસ્પિટલોને બેઠાથાળે, રાહતદરે કે રેવન્યુ ફ્રી વેલ્યુથી કોઈ જમીનો ગ્રાન્ટ કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આવી જમીનોમાં ઉક્ત સંસ્થાઓ દ્વારા જે હેતુ માટે જમીન ફાળવી હોઈ તે સિવાય અન્ય હેતુ માટે જમીનનો ઉપયોગ થતો હોય તો ઉક્ત સ્થિતિએ શરતભંગની કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં ગૌચર**

૩૯૧૩૦ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૬-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૩૬૪ (અગ્રતાઃ ૧૮૬) ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના ૩૧૦ અને નર્મદા જિલ્લાના ૨૮૯ ગામોમાં સરકારે ઠરાવેલ લઘુત્તમ જોગવાઈથી ઓછું ગૌચર હતું તે પૈકી જિલ્લાવાર કેટલા ગામોમાં તા.૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ગૌચર માટે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવી, અને | (૧) ભરૂચ – શૂન્ય<br>નર્મદા – શૂન્ય |
| (૨)ઉક્ત જિલ્લાવાર બાકીના ગામોમાં ખૂટતાં ગૌચરની જગ્યાએ વૈકલ્પિક જમીન ક્યાં સુધીમાં ફાળવવામાં આવનાર છે? | (૨) વૈકલ્પિક જમીન માટે સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા માંગણી કરવામાં આવેલ નથી. |

---------

**સુરેન્દ્રનગર અને જામનગર જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબ્લેટ**

૩૯૦૪૯ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા):**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં આઈ.ટી.આઈ. ના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવાની યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર

**જવાબ**

(૧)

| જિલ્લો | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ |
|---|---|---|
| સુરેન્દ્રનગર | ૦૦ | ૦૭ |
| જામનગર | ૦૦ | ૪૧ |

સુરેન્દ્રનગર અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવેલ છે,

ઉક્ત ટેબ્લેટ યોજનાની પાત્રતા ધરાવતા અગાઉના વર્ષના આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓ તેમજ વધ રહેલ ટેબ્લેટ જુલાઈ–૨૦૧૯ માં ઉત્તિર્ણ થયેલ આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને મેરીટ મુજબ આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કોર્સ પાસ કરનાર જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવાના બાકી છે, અને

(૨) શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૮–૧૧–૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ તલમ/૧૫૨૦૧૮/૫૦૭૦૦૭/આર–(૨) થી ટેબ્લેટ યોજનાની જોગવાઈ રદ કરવામાં આવેલ હોવાથી ઉક્ત સમયના આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવેલ નથી.

(૩) ઉક્ત ટેબ્લેટ કઈ કંપની દ્વારા નિર્મિત છે અને ઉક્ત સ્થિતિએ કયા દરે કોની પાસેથી કેટલા ટેબ્લેટ ખરીદવામાં આવેલ છે?

(૩) શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૮–૧૧–૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃતલમ/૧૫૨૦૧૮/૫૦૭૦૦૭/આર–(૨) થી ટેબ્લેટ યોજનાની જોગવાઈ રદ કરવામાં આવેલ હોવાથી ઉક્ત સ્થિતિએ ટેબ્લેટ ખરીદવામાં આવેલ નથી.

---------

**પાટણ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

૩૮૧૭૫ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧) ૩૪

(૨)આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ?

(૨) ૨૫૬૫

---------

**બનાસકાંઠા જિલ્લામાં નોંધાયેલ ખેતમજૂરો**

૩૮૯૯૪ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ ખેતમજૂરો કેટલા છે, અને

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ ખેતમજૂરો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ખેતમજૂરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૫૩૭૯ |
| ૨ | અમીરગઢ | ૮૬૪૩ |
| ૩ | ધાનેરા | ૧૧૨૮૯ |
| ૪ | દાંતીવાડા | ૬૬૬૪ |
| ૫ | સુઇગામ | વાવની માહિતીમાં સમાવેશ છે. |
| ૬ | વડગામ | ૧૬૫૭૭ |
| ૭ | દાંતા | ૧૨૮૭૨ |
| ૮ | ડીસા | ૨૪૦૭૬ |
| ૯ | લાખણી | ડીસાની માહિતીમાં સમાવેશ છે. |
| ૧૦ | થરાદ | ૧૪૨૦૫ |
| ૧૧ | વાવ | ૧૦૫૦૦ |
| ૧૨ | કાંકરેજ | ૧૮૩૧૦ |
| ૧૩ | દિયોદર | ૧૧૨૦૧ |
| ૧૪ | ભાભર | ૯૧૮૮ |
| | **કુલ** | **૧૫૮૯૦૪** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ખેતમજૂરોનો વધારો નોંધાયો ?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કોઈ ખેતમજૂર નોંધાયેલ નથી.

---------

**ખેડા જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

૩૮૨૦૪ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન ખેડા જિલ્લામાંથી અન્ય રાજ્યના શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન

(૧) હા, જી.

પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ?

(૨) ૧૩,૪૪૮.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબ્લેટ**

૩૯૦૧૬ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં આઈ.ટી.આઈ. ના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવાની યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કોર્સ પાસ કરનાર જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવાના બાકી છે, અને

(૩) ઉક્ત ટેબ્લેટ કઈ કંપની દ્વારા નિર્મિત છે અને ઉક્ત સ્થિતિએ કયા દરે કોની પાસેથી કેટલા ટેબ્લેટ ખરીદવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** |
|---|---|---|
| અરવલ્લી | ૦૩ | ૧૧૩ |
| સાબરકાંઠા | ૦ | ૬૮ |

ઉક્ત ટેબ્લેટ યોજનાની પાત્રતા ધરાવતા અગાઉના વર્ષના આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓ તેમજ વધ રહેલ ટેબ્લેટ જુલાઈ-૨૦૧૯ માં ઉત્તિર્ણ થયેલ આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને મેરીટ મુજબ આપવામાં આવેલ છે.

(૨) શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૮-૧૧-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ તલમ/૧૫૨૦૧૮/૫૦૭૦૦૭/આર-(૨) થી ટેબ્લેટ યોજનાની જોગવાઈ રદ કરવામાં આવેલ હોવાથી ઉક્ત સમયના આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવેલ નથી.

(૩) શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૮-૧૧-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃતલમ/૧૫૨૦૧૮/૫૦૭૦૦૭/આર-(૨) થી ટેબ્લેટ યોજનાની જોગવાઈ રદ કરવામાં આવેલ હોવાથી ઉક્ત સ્થિતિએ ટેબ્લેટ ખરીદવામાં આવેલ નથી.

--------

**પાટણ જિલ્લામાં આખલાના ખસીકરણ**

૩૯૪૨૪ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા બિનવારસી આખલાના ખસીકરણ કરવામાં આવ્યા,

(૨) તાલુકાવાર કેટલા આખલાના ખસીકરણ કરવાના બાકી છે, અને

(૩) તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં બિનવારસી આખલાના ખસીકરણ કરવામાં આવેલ નથી.

(૨) તા.૦૧-૦૪-૨૦૧૯ થી યોજના અમલમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત**

કામકાજ સલાહકાર સમિતિનો અગિયારમો અહેવાલ

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો અગિયારમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક શુક્રવાર, તા.૨૬મી માર્ચ, ૨૦૨૧ના રોજ સભાગૃહની બેઠક પૂર્ણ થયાના ૧૫ મિનિટ બાદ અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** બુધવાર, તા.૩૧/૦૩/૨૦૨૧ અને ગુરુવાર, તા.૦૧/૦૪/૨૦૨૧ના રોજ સભાગૃહની બે બેઠકો રાખવી તથા પ્રશ્નોતરી બીજી બેઠકમાં હાથ ધરવી.

**૨.** સરકારી વિધેયકોના કામકાજના ભારણને જોતાં સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ)માં દર્શાવેલ તા.૩૧/૦૩/૨૦૨૧ના રોજનું બિન-સરકારી કામકાજ રદ કરવું અને તેના સ્થાને સરકારી કામકાજ હાથ ધરવું.

**૩.** બુધવાર, તા.૩૧/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહની બે બેઠકોમાં નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૨૧નું ગુજરાત વિનિયોગ વિધેયક.

(૨) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૨૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક.

(૩) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૨૧નું ગુજરાત રાજય વ્યવસાય, વેપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૧નું ફોજદારી કાયદા (ગુજરાત સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૧નું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક.

(૬) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

(૭) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૧નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક.

(૮) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૨૧નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક.

**૪.** ગુરુવાર, તા. ૦૧/૦૪/૨૦૨૧ના રોજ સભાગૃહની બે બેઠકોમાં નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૧નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૧નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી વિધેયક.

(૩) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૧નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૨૧નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) વિધેયક.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના અગિયારમાં અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ)**

**નાણાં વિભાગ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : હું નાણાં વિભાગ સેવાને લગતી નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૦,૫૮,૪૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રીમતી સંતોકબેન ભ. આરેઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૮ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક– ૧૬**

**(કર વસૂલાત ખર્ચ)**

શ્રી નીતિનભાઇ ર. પટેલ **(**નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ (નાણાં વિભાગ) સેવાને લગતી નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૪૫,૪૬,૬૪,૦૦૦/– ની માગણી ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૦ રજૂ કરું છું.

તા. ૩૦મી માર્ચ ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૦ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક– ૧૭**

**(તિજોરી અને હિસાબ વહીવટ)**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ, વહીવટ સેવાને લગતી નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨,૦૬,૨૫,૮૫,૦૦૦/– ની માગણી ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૨ રજૂ કરવામાં આવી.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૩ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક– ૧૮**

**(પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ)**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ સેવાને લગતી નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૨૩,૬૮,૦૦,૧૧,૦૦૦/– ની માગણી ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪ રજૂ કરવામાં આવી.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૫૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫૬ રજૂ કરવામાં આવી.**

**કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **નાણાં વિભાગ**<br>**માગણી નં ૧૫** | |
| *૧ | ૨૦૫૨–સચિવાલય...સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>૦૧ – નાણા વિભાગ<br>રૂ. ૨૦,૫૩,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના.નં. ૭૮ | ૧૦૦ | જી.એસ.ટી.માં એકસૂત્રતા ન હોવાથી વેપારીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુખરામભાઇ રાઠવા |
| ૨ | – – " – – | ૧૦૦ | નાણાકીય સુદ્રઢતા બતાવવા માટે પુરાંતવાળુ બજેટ રજૂ કરાય છે જ્યારે ખાધ ઉત્તરોત્તર વધતી જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઇ મકવાણા |
| *૩ | – – " – – | ૧૦૦ | રાજ્યનું નાણાકીય અર્થતંત્ર વ્યાપક રીતે નબળું પડતું ગયું હોઈ, શ્વેતપત્ર બહાર પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઇ માડમ |
| ૪ | – – ʻʻ – – | ૧૦૦ | રાજ્યના જી.એસ.ટી. વળતરના કલેઇમ માટે રીઝર્વ બેંક પાસેથી લીધેલી લોન અને લોન સંબંધી વ્યાજની ચૂકવણીની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. સી.જે. ચાવડા |
| ૫ | – – " – – | ૧૦૦ | કેન્દ્ર સરકાર દ્વારા અપાતી રકમમાંથી રાજ્યના જી.એસ.ટી.ના વળતરના કલેઇમ માટે રીઝર્વ બેંક પાસેથી કેટલી લોન લીધી અને કેટલું વ્યાજ ચૂકવાયું તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| *૬ | – – " – – | ૧૦૦ | સરકારના તમામ વિભાગોના બિનજરૂરી ખર્ચાઓ ઉપર અંકુશ મૂકી કરકસરના પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| *૭ | – – " – – | ૧૦૦ | બજેટમાં ૮૦૦–અન્ય ખર્ચ હેઠળ થતાં ખર્ચની વિગતો પ્રસિદ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| *૮ | – – " – – | ૧૦૦ | રાજ્યમાં બોગસ બીલીંગની પદ્ધતિથી સરકારને આવક મળતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૯ | ૨૦૫૨–સચિવાલય...સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>૦૧– નાણા વિભાગ<br>રૂ. ૨૦,૫૩,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના નં. ૭૮ | ૧૦૦ | રાજ્યમાં બાયોડીઝલના ગેરકાયદેસર વેચાણથી થતું આર્થિક નુકશાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| *૧૦ | – – " – – | ૧૦૦ | રાજ્ય સરકારના કર્મચારીઓના સાતમા પગારપંચ અન્વયે મળવાપાત્ર રોકાયેલ ભથ્થાઓ સત્વરે મંજૂર કરી ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુનિલભાઇ ગામીત |
| ૧૧ | – – " – – | ૧૦૦ | સાતમાં પગારપંચની ભલામણો અંતર્ગત રચાયેલ સમિતિ દ્વારા આજદિન સુધી નિર્ણાયક નિર્ણય લેવામાં અને મળવાપાત્ર લાભો સત્વરે ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગાભાઇ બારડ |
| ૧૨ | – – " – – | ૧૦૦ | જી.એસ.ટી.ના અણઘડ વહીવટથી વેપારીઓને પડતી હાડમારીઓના કારણે રાજ્યમાં બંધના એલાન આપવા પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી સંતોકબેન આરેઠીયા |
| ૧૩ | – – " – – | ૧૦૦ | વિભાગોના બજેટના વાર્ષિક અંદાજોની બેદરકારીઓના કારણે વધારાના ખર્ચની પૂરક માંગણીઓ મૂકાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૧૪ | – – " – – | ૧૦૦ | નફો કરતા જાહેર સાહસોના મોટા ભાગના એકમો સરકારમાં ડિવિડન્ડ જમા કરાવતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| *૧૫ | – – " – – | ૧૦૦ | રાજ્યમાં અનેક વિભાગોએ ઉચ્ચક ઉપાડેલ રકમના બિલો લાંબા સમય સુધી રજૂ કરાતા નથી તે માટે જવાબદારો સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઇ બારૈયા |
| ૧૬ | – – " – – | ૧૦૦ | બજેટના ખર્ચમાં શિસ્તનો અભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૧૭ | – – " – – | ૧૦૦ | વિભાગોને બજેટ ફાળવ્યા બાદ તેને નિયમિત કરવામાં વણવપરાયેલ રકમનો હિસાબ મેળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઇ ઠુમ્મર |
| ૧૮ | – – " – – | ૧૦૦ | રાજ્યની વેચાણવેરા પેટે કેન્દ્ર સરકાર પાસેથી લેવાની રકમ બાબતે રજૂઆત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| *૧૯ | – – " – – | ૧૦૦ | જી.એસ.ટી.નો લક્ષ્યાંક પૂરો કરવા કરદાતાઓની થતી હેરાનગતી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૦ | – – " – – | ૧૦૦ | જી.એસ.ટી.માં વારંવાર ફેરફારો થવાને કારણે વેપારીઓને વેપાર કરવો મુશ્કેલ બનતો જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૨૧ | ૨૦૫૨–સચિવાલય...સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>૦૧– નાણા વિભાગ<br>રૂ. ૨૦,૫૩,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના.નં. ૭૮ | ૧૦૦ | બોર્ડ, નિગમો કે સંસ્થાઓમાં થતી ગેરરીતિઓ આચરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઇ ડાભી |
| ૨૨ | – – " – – | ૧૦૦ | જી.એસ.ટી. કાયદા સંદર્ભે ચાલતી બોગસ બિલીંગની પ્રવૃત્તિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીષભાઇ ડેર |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩ | – – " – – | ૧૦૦ | જી.એસ.ટી.માં આઇ.ટી.ના ઓડિટ અને વર્તમાન સી.એ.ની સહી સાથે મેચ થતા હોય તેવા જે તે વરસના બે થી ત્રણ બિલના આધારો રજૂ કરીને માંડવાળ થતી રકમ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૨૪ | – – " – – | ૧૦૦ | વેટના એસેસમેન્ટ પછી ડિમાન્ડ નોટિસ મળ્યાના ૬૦ દિવસમાં અપીલમાં જવાના અધિકારથી વેપારીઓને વંચિત રાખતા અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઇ ભરવાડ |
| *૨૫ | – – " – – | ૧૦૦ | બોર્ડ,નિગમો કે કંપનીઓએ સરકાર પાસેથી લીધેલ લોનની શરતો અને બોલીઓ લાંબા સમય સુધી નક્કી કરાતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| *૨૬ | – – " – – | ૧૦૦ | બિનવિવાદિત વેરાની અબજો રૂપિયાની વસૂલવાની બાકી રકમ સમયસર વસૂલવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૨૭ | – – " – – | ૧૦૦ | પેટ્રોલ–ડીઝલ ઉપરનો વેટ ઘટાડી આમ જનતાને તેમાં રાહત મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| *૨૮ | – – " – – | ૧૦૦ | ખાતર બિયારણ વગેરે ઉપર લેવાતા વેટ માફ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઇ સોલંકી |
| ૨૯ | – – " – – | ૧૦૦ | નાણાં વિભાગની ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઇ પટેલ |
| ૩૦ | – – " – – | ૧૦૦ | નાણાં વિભાગને મોકલેલ અગત્યની ફાઇલો પર સંકલનના અભાવે નિર્ણય લેવામાં થતો વિલંબ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઇ કાલરીયા |
| *૩૧ | – – " – – | ૧૦૦ | શિવરાજસિંહ ચૌહાણ કમિટીની ભલામણ સંદર્ભે ૭૬માંથી હાલ ચાલતી ૨૦ કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓમાં કેન્દ્ર–રાજ્યનો ફાળો ૬૦–૪૦ કરતાં રાજ્ય પર પડતો આર્થિક બોજો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| *૩૨ | – – " – – | ૧૦૦ | જી.એસ.ટી.ના સમયાંતરે જાહેર થતા નવા ફોર્મને કારણે વેપારીઓ પર પડતો આર્થિક બોજ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| ૩૩ | ૨૦૫૨–સચિવાલય...સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>૦૧– નાણાવિભાગ<br>રૂ. ૨૦,૫૩,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના.નં. ૭૮ | ૧૦૦ | વિભાગોને ફળવાયેલ બજેટની રકમો અંશત: વણવપરાયેલ રહે કે સમયસર તેનો ખર્ચ ન થાય તે અંગે તેની તકેદારી રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કીરીટકુમાર પટેલ |
| ૩૪ | – – " – – | ૧૦૦ | જાહેર સાહસો દ્વારા લોન લીધા બાદ તેના વ્યાજની ચૂકવણી સરકારમાં સમયસર કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| *૩૫ | – – " – – | ૧૦૦ | કેન્દ્ર સરકારના કેન્દ્રીય વેરામાંથી રાજ્યને મળવાપાત્ર હિસ્સો મેળવવા માટે અસરકારક રજૂઆતો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |
| ૩૬ | – – " – – | ૧૦૦ | બજેટમાં ફાળવાયેલ રકમમાંથી વિકાસના કામો, વહીવટી ખર્ચાઓ, સબસિડીના ખર્ચાઓ વિગેરે વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૩૭ | – – " – – | ૧૦૦ | રાજ્યના મૂડી ખર્ચમાં ઉત્તરોત્તર ઘટાડો થઇ રહ્યો છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.અનિલ જોષિયારા |
| ૩૮ | – – " – – | ૧૦૦ | વેપારીઓના રીફંડ અટકાવી તેને વહેલા મંજૂર કરાવવા | શ્રી રાજેશકુમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નાણા લેતા જી.એસ.ટી.ના અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | ગોહિલ |
| ૩૯ | – – " – – | ૧૦૦ | સરકારી દેવા અને બેજવાબદારીઓમાં થતો વધારો સરકારની બિનકાર્યક્ષમતા દેખાડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઇ ભુરીયા |
| *૪૦ | – – " – – | ૧૦૦ | મંત્રીપરિષદના કર્મચારીઓને મળતા સ્પેશ્યલ–પેમાં આજદિન સુધી વધારો કરાયો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઇ પરમાર |
| ૪૧ | – – " – – | ૧૦૦ | રાજ્ય સરકારના સતત વધતા જતા દેવાના કારણે આમ જનતાને મોંઘવારીનો માર સહન કરવો પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઇ કોટવાલ |
| ૪૨ | – – " – – | ૧૦૦ | રીઝર્વ બેંકના આંકડાઓની સરખામણીએ રાજ્યના દેવાના આંકડામાં જોવા મળતી વિસંગતતા અંગે સ્પષ્ટતા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| *૪૩ | – – " – – | ૧૦૦ | દર વર્ષે બજેટની રકમમાં વધારો થાય છે પણ રાજ્યના મધ્યમ વર્ગના નાગરિકોની સુખાકારીમાં વધારો થતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઇ કગથરા |
| *૪૪ | – – " – – | ૧૦૦ | જી.એસ.ટી.ના ઘટેલા દરોનો લાભ સામાન્ય માનવી સુધી પહોંચતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| ૪૫ | – – " – – | ૧૦૦ | હાલની નવી પેન્શન યોજનાનો અમલ બંધ કરી પુન: જૂની પેન્શન યોજના ચાલુ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઇ પટેલ |
| ૪૬ | ૨૦૫૨–સચિવાલય...સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>૦૧– નાણા વિભાગ<br>રૂ. ૨૦,૫૩,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના નં. ૭૮ | ૧૦૦ | ઔદ્યોગિક એકમો પાસેથી વસૂલવાના બાકી અબજો રૂપિયાના વેરા સત્વરે વસૂલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૪૭ | – – " – – | ૧૦૦ | ગ્રેજ્યુઇટી ચૂકવણી અધિનિયમ,૧૯૭૨ની જોગવાઇઓ અંતર્ગત કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયની અધિસૂચના ક્રમાંક પાર્ટ–૨ સેક્શન સબસેક્શન–૨ તા.૨૯–૩–૧૮ની સૂચનાઓ અન્વયે રાજ્ય સરકારના ગ્રેજ્યુઇટી ચૂકવણી અધિનિયમ,૧૯૭૨ હેઠળ આવરી લેવાયેલ કેટલાક બોર્ડ નિગમના કર્મચારીઓને ૨.૨૦ લાખની રકમ નાણાં વિભાગ દ્વારા ઇરાદાપૂર્વક મંજૂર કરવામાં આવતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |
| ૪૮ | – – " – – | ૧૦૦ | આમજનતાને રાહત મળે તેવું પ્રજાલક્ષી બજેટ બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઇમુસડીયા (શ્રી પુંજાભાઇવંશ) |
| | | માગણી નં. ૧૬ | | |
| ૪૯ | ૨૦૪૦ – વેચાણ...કરવેરા<br>૦૦૧– નિર્દેશઅનેવહીવટ<br>૦૨– ગુજરાત...પંચ<br>રૂ. ૧,૪૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના નં. ૮ | ૧૦૦ | ગુજરાત મુલ્યવર્ધિત વેરાપંચમાં ભરાવો થયેલ કેસોનો સત્વરે નિકાલ લાવી વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઇ વાજા (શ્રી આનંદભાઇ ચૌધરી) |
| ૫૦ | – – " – – | ૧૦૦ | મૂલ્યવર્ધિત વેરાપંચમાં અપૂરતા સ્ટાફને કારણે કામગીરી ઉપર થતી અસરો નિવારવામાં તંત્રની | શ્રી કાન્તિભાઇ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા. | (શ્રી રઘુભાઇ દેસાઇ) |
| *૫૧ | – – " – – | ૧૦૦ | મૂલ્યવર્ધિત વેરાપંચની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા (શ્રી મહેશકુમાર પટેલ) |
| | | માગણી નં. ૧૭ | | |
| ૫૨ | ૨૦૫૪–તિજોરી... વહીવટ<br>૦૯૬ – પગાર...કચેરીઓ<br>૦૧– પગાર...કચેરીઓ<br>રૂ. ૯,૮૦,૪૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના નં. ૮૩ | ૧૦૦ | પગાર અને હિસાબી કચેરીઓમાં મહિનાની ૨૦ તારીખ પછીના બિલો લેવાતા નથી, આવા બિલો લઇ તે જ મહિનામાં ચૂકવણી થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર |
| ૫૩ | – – " – – | ૧૦૦ | પગાર અને હિસાબી કચેરીના અણઘડ વહીવટને કારણે બિલો અટવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઇ સોઢાપરમાર |
| | | માગણી નં. ૧૮ | | |
| ૫૪ | ૨૦૭૧ – પેન્શન...લાભો<br>૦૧– મુલકી<br>૧૦૧– વયનિવૃત્તિ...ભથ્થા<br>રૂ. ૬૫,૩૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના નં. ૯૦ | ૧૦૦ | નિવૃત્ત પેન્શનરો જે મોટી ઉંમરના, બિમાર અને પથારીવશ હોય તેમને દર વર્ષે હયાતીની ખરાઇ માટે બેંકમાં રૂબરૂ જવું પડે છે બેંકના કર્મીઓ ઘરે રૂબરૂ આવતા નથી જેથી પેન્શનરોને માટે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઇ જોષી |
| *૫૫ | – – " – – | ૧૦૦ | નિવૃત્ત કર્મચારીઓને નિવૃત્તિ સમયે પેન્શનમાંથી વધારાની રકમ ૧૫ વર્ષે મળે છતા પંદર વર્ષ પછી પણ પૂરતું પેન્શન મળતું નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૫૬ | – – " – – | ૧૦૦ | કચેરીઓમાં બિલો પાસ કરાવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહમદ જાવીદ પીરઝાદા |

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે, અંદાજપત્ર માટેના અનુદાનો માટેની માગણીઓ પરની ચર્ચા અને મતદાન માટે આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય બપોરના ૧૨–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધીનો ઠરાવવામાં આવેલો છે. વિધાનસભાના નિયમોના નિયમ–૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચા પૂરી કરવાની છે. આ જોગવાઇ અનુસાર આજે બપોરના ૪–૦૦ વાગ્યે અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચાનો અંત આવશે અને જે માગણીઓ પર ચર્ચા ચાલતી હશે તે અને તે સિવાયની બાકી રહેલ બીજી તમામ માગણીઓ એકી સાથે સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી નાણાં વિભાગની માગણી ક્રમાંકઃ ૧૫, ૧૬,૧૭ અને ૧૮ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રીએ નવમી વખત પોતાનુ અંદાજપત્ર આ સભાગૃહમાં રજૂ કર્યું છે. અંદાજપત્રની ચર્ચા દરમિયાન વર્ષ ૧૯૬૦–૬૧થી માંડીને વર્ષ ૨૦૧૯–૨૦ની માથાદીઠ આવક, ઘરેલું ઉત્પાદન, દેવાની રકમની વાત કરી. વર્ષ ૧૯૯૧–૯૨ સુધી આંકડાકીય માહિતી આપી, વર્ષ ૨૦૧૯–૨૦ પછી ટકાવારીમાં માહિતી આપી, બજેટની સાઇઝ વર્ષ ૧૯૯૫–૯૬ મુજબ કહી, વર્ષ ૨૦૨૧–૨૨માં બજેટની સાઇઝ કહી. બજેટના અનુસંધાનમાં વિકાસલક્ષી ખર્ચની વર્ષ ૧૯૯૫–૯૬ની વાત કરી, વર્ષ ૨૦૨૧–૨૨ની વાત કરી મને એવી આશા હતી કે કદાચ માનનીય નાણામંત્રીશ્રી અંદાજપત્રમાં બિન વિકાસલક્ષી ખર્ચની પણ વાત કરશે. ફાયનાન્સિયલ કેપેસિટી, પબ્લિક દેવું, ફિસ્કલ ડેફીસીટ અનેક મુદ્દાઓની માનનીય નાણામંત્રીશ્રીએ પોતાના અંદાજપત્રમાં રજૂઆત કરી આ સભાગૃહ સમક્ષ તેમણે વાત કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી હંમેશા કૉંગ્રેસ પાર્ટીની વાત આવે એટલે બિલકુલ પરફેક્ટલી એટેક કરે છે, કોઇ મુદ્દો ચૂકતા નથી, ચાણકય છે, હોંશિયાર છે અને હું રીસ્પેકટ પણ કરું છું. આ સભાગૃહમાં અનેક ચર્ચા થઇ. વર્ષ ૧૯૯૧ થી ૧૯૯૨ની ચર્ચા થઇ, વર્ષ ૨૦૦૧ થી ૨૦૨૦ની ચર્ચા થઇ પણ નવ નવ વખતથી આ સભાગૃહના નાણામંત્રી તરીકે માનનીય નીતિનભાઇ પટેલ જયારે બજેટ રજૂ કરી રહ્યાં છે તો મને પોતાને એમ થયુ કે તેમના આઠ વર્ષના નાણામંત્રીના શાસનમાં આ

રાજયએ શું પ્રગતિ કરી ? રાજ્યએ શું ગુમાવ્યું કે રાજ્યને શું નુકસાન થયું એની પારાશીશીના આધારે આ ચર્ચા માટે આજે ઊભો થયો છું. અંદાજપત્રની સાઈઝ વર્ષ ૧૯૯૫–૯૬માં ૧૦,૫૭૩ કરોડ રૂપિયા હતી. માનનીય નાણામંત્રી તરીકે શ્રી નીતિનભાઈ આવ્યા પછી વર્ષ ૨૦૧૩માં એ સાઈઝ ૪૮,૫૧૪ કરોડ રૂપિયા થઈ. અત્યારે વર્ષ ૨૦૨૧માં અંદાજપત્રની સાઈઝ ૨ લાખ ૨૭ હજાર કરોડ રૂપિયા થઈ. શ્રી નીતિનભાઈના ૯ બજેટમાં ગણીએ તો અંદાજપત્રની સાઈઝમાં રૂપિયા૧,૭૮,૪૮૬ કરોડનો વધારો થયો. વર્ષ ૧૯૯૫–૯૬ અને ૨૦૨૧–૨૨નું ગણીએ તો રૂપિયા ૨,૧૬,૪૨૭ કરોડનો વધારો થયો. રાજ્યની મહેસૂલી આવક વર્ષ ૧૯૯૭–૯૮માં રૂપિયા ૧૪ હજાર ૫૫ કરોડ હતી. માનનીય નીતિનભાઈએ નાણામંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી વર્ષ ૨૦૧૨–૧૩માં રૂપિયા ૭૫ લાખ ૨૨૯ કરોડ થઈ. વર્ષ ૨૦૨૦–૨૧માં રૂપિયા ૧ લાખ ૩૨ હજાર ૨૫૭ થવા જઈ રહી છે. એમના સમયગાળા દરમિયાન મહેસૂલી આવકમાં રૂપિયા ૫૭ હજાર ૬૮ કરોડનો વધારો થયો છે. આમ, વર્ષ ૧૯૯૭–૯૮ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૦–૨૧ જોઈએ તો મહેસૂલી આવકમાં રૂપિયા ૧ લાખ ૧૮ હજાર ૨૪૨ કરોડનો એટલે કે ૨૪ વર્ષના શાસન દરમિયાન આટલી આવકનો વધારો થયો છે. આ રાજ્યમાં બજેટ બહાર પાડ્યા પછી વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી બંને ખર્ચનું તારણ કાઢવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી જે ખર્ચ કર્યો હોય એ આ વિધાનસભાગૃહ સમક્ષ મૂકવામાં આવે છે. વર્ષ ૧૯૯૭–૯૮માં જ્યારે કોંગ્રેસ પાર્ટીની સરકાર હતી ત્યારે વિકાસલક્ષી બજેટ ૮૪૩૩ કરોડ રૂપિયા હતું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઈએ કાર્યભાર સંભાળ્યો પછી મારી પાસે વર્ષ ૨૦૧૩–૧૪ના જે આંકડા છે એ રૂપિયા ૨૨ હજાર ૯૫૫ કરોડ અને વર્ષ ૨૦૧૯–૨૦માં રૂપિયા ૧ લાખ ૧૬ હજાર ૨૭૧ કરોડ એટલે કે એમના સાત વર્ષના શાસનમાં રૂપિયા ૯૩ લાખ ૩૧૬ કરોડ વિકાસલક્ષી ખર્ચમાં વધારો થયો. વર્ષ ૧૯૯૭–૯૮માં એક બાજુ કોંગ્રેસની સરકાર, બજેટ ઓછું અને વર્ષ ૨૦૧૯–૨૦માં રાજ્ય સરકાર દ્વારા આ રાજ્યની પાછળ રૂપિયા ૧ લાખ ૭ હજાર ૮૩૮ કરોડ વિકાસલક્ષી ખર્ચ કરવામાં આવ્યો છે. બીજી બાજુનું પાસું જોઈએ તો બિનવિકાસલક્ષી ખર્ચ. આ રાજ્ય સરકાર ગુજરાતના વિકાસની વાત કરે છે ત્યારે જે બિનવિકાસલક્ષી ખર્ચ કરેલો છે એ ખર્ચની વાત પણ આ વિધાનસભાગૃહમાં નાણામંત્રીશ્રીએ કરવી જોઈએ. ગયા વખતના અંદાજપત્રની ચર્ચામાં બિનવિકાસલક્ષી ખર્ચની ચર્ચા ન કરી. આ રાજ્યનો બિનવિકાસલક્ષી ખર્ચ વર્ષ ૧૯૯૭–૯૮માં રૂપિયા ૩૬૫૭ કરોડ હતો. માનનીય નાણામંત્રી તરીકે શ્રી નીતિનભાઈએ કાર્યભાર સંભાળ્યા પછી વર્ષ ૨૦૧૩–૧૪માં આ બિનવિકાસલક્ષી ખર્ચ રૂપિયા ૬૫૨૮ કરોડ થયો અને વર્ષ ૨૦૧૯–૨૦માં ૬૭,૮૭૫ કરોડ થયો. આમ, સાત વર્ષના સમયગાળા દરમિયાન ભારતીય જનતા પાર્ટીની આ સરકારે બિનવિકાસલક્ષી ખર્ચની પાછળ રૂપિયા ૬૧,૩૪૭ કરોડનો વધારો કર્યો. જો કોંગ્રેસના શાસનની વાત કરીએ તો વર્ષ ૧૯૯૭–૯૮માં જે બિનવિકાસલક્ષી ખર્ચ કરવામાં આવ્યો હતો એની સામે જો વર્ષ ૨૦૧૯–૨૦નું તારણ કરવામાં આવે તો રૂપિયા ૬૧,૩૪૭ કરોડનો ખર્ચ એટલે કે આ રાજ્યની પાછળ ૨૩ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં રૂપિયા ૬૧,૩૪૭ કરોડનો બિનવિકાસલક્ષી ખર્ચ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે પોતાનું દેવું, વ્યાજની ચૂકવણી, તહેવારો, બેનર, હોર્ડિંગ, જાહેરાત પાછળ કે અન્ય ખર્ચ રાજ્ય સરકારની વાહ–વાહ કરવા માટે આટલા મોટા પ્રમાણમાં બિનવિકાસલક્ષી ખર્ચ કરવામાં આવ્યો છે. જો હું રાજયના નાણામંત્રીશ્રીના શાસનની વાત કરું તો એમના આઠ વર્ષના બજેટના શાસન દરમિયાન રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રમાં બજેટની જે રકમ ફાળવવામાં આવે છે એ રકમનો ૬૦ ટકા હિસ્સો ફક્ત વિકાસલક્ષી ખર્ચ પાછળ કરવામાં આવ્યો છે. અને એની સામે ૪૦ ટકા જેટલો હિસ્સો બિનવિકાસલક્ષી ખર્ચ પાછળ શ્રી નીતિનભાઇના સમયગાળા દરમિયાન ખર્ચ કરવામાં આવ્યો છે. આમ, છેલ્લાં ઘણા વર્ષોથી રાજયના બજેટની રકમમાં વિકાસલક્ષી ખર્ચમાં સતત ઘટાડો કરવામાં આવ્યો છે અને એની સામે બિનવિકાસલક્ષી ખર્ચમાં આ રાજય સરકાર દ્વારા વધારો કરવામાં આવ્યો છે. માનનીય નીતિનભાઇ જયારથી નાણામંત્રીશ્રી તરીકે આ વિધાનસભાગૃહમાં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં બિરાજયા, આજે નાયબ મુખ્યમંત્રી જેવું મહત્ત્વનું પદ પણ તેઓ સંભાળે છે, અમારી શુભેચ્છાઓ છે પણ રાજય સરકારના નાણામંત્રીશ્રીએ એમના અંદાજપત્રની ચર્ચામાં ખૂબ ઊંડાણપૂર્વક વાત કરી હતી, શ્રી સૌરભભાઇ પણ આમાં સાક્ષી પુરાવતા હતા. ફાઇનાન્સ કેપિસીટીની વાત કરી હતી, પબ્લિક દેવાની, ફિસકલ ડેફિસેટની, અનેક મુદ્દાઓની ચર્ચા કરી હતી. માનનીય નીતિનભાઇ રાજયના નાણામંત્રી તરીકે જયારે બિરાજમાન થયા ત્યારે વર્ષ ૨૦૧૨–૧૩ થી વર્ષ ૨૦૧૯–૨૦માં દેવાની જે રકમ છે તે વર્ષ ૨૦૧૨–૧૩માં રૂપિયા ૧૯,૪૯૭ કરોડ, વર્ષ ૨૦૧૩–૧૪માં રૂપિયા ૧૯,૩૪૩ કરોડ, વર્ષ ૨૦૧૪–૧૫માં રૂપિયા ૧૯,૪૫૪ કરોડ, વર્ષ ૨૦૧૫–૧૬માં રૂપિયા ૨૩,૪૮૬ કરોડ, વર્ષ ૨૦૧૬–૧૭માં રૂપિયા ૨૭,૬૬૮ કરોડ, વર્ષ ૨૦૧૭–૧૮માં રૂપિયા ૨૬,૯૫૩ કરોડ, વર્ષ ૨૦૧૮–૧૯માં રૂપિયા ૪૩,૧૪૬ કરોડ, વર્ષ ૨૦૧૯–૨૦માં રૂપિયા ૪૩,૪૯૧ કરોડ. આમ આઠ વર્ષમાં શ્રી નીતિનભાઇના નાણામંત્રી તરીકેના સમયગાળા દરમિયાન જાહેર દેવાની રકમમાં રૂપિયા૨,૨૩,૦૩૮ કરોડનો વધારો થયો છે. એક બાજુ નાણાંપંચના આધીન, અત્યારે નીતિ આયોગના આધીન આ રાજ્ય સરકારને દેવું મળે છે. દેવાનો હકક છે અને દેવું આપણે લઇએ છીએ એ આ વિધાનસભા ગૃહની અંદર વારંવાર નાણામંત્રીશ્રી દ્વારા અને અન્ય મંત્રીશ્રીઓ દ્વારા અને ખાસ કરીને શ્રી સૌરભભાઇ દ્વારા એ વાત કરવામાં આવે છે. હું આ વિધાનસભા ગૃહમાં એક આંકડા મૂકવા માગું છું. એક બાજુ તમે દેવું કરો છો, નીતિ આયોગને આધીન, નાણાંપંચને આધીન, આટલું દેવું કરવું પડે અને આટલું દેવું લેવું પડે અને તમે દેવું કરો છો, સામે કોઇ પણ દેવું લીધુ હોય, દેવાની સામે વ્યાજ પણ ચૂકવવાની રાજ્ય સરકારની જવાબદારીનો પાર્ટ છે અને જયારે રાજ્ય સરકાર વ્યાજ ચૂકવતી હોય છે ત્યારે હું આઠ વર્ષના નાણામંત્રીશ્રીના સમયગાળા દરમિયાન વ્યાજની જે રકમ રાજય સરકારે ચૂકવી છે એના આંકડા આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. વર્ષ ૨૦૧૩માં ૧૨,૧૬૦ કરોડ રૂપિયા, વર્ષ ૨૦૧૩–૨૦૧૪માં ૧૩,૩૩૨ કરોડ રૂપિયા, વર્ષ ૨૦૧૪–૧૫માં ૧૪,૯૪૫ કરોડ રૂપિયા, વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૬,૩૦૦ કરોડ રૂપિયા, વર્ષ ૨૦૧૬–૧૭માં ૧૭,૭૯૬ કરોડ રૂપિયા, વર્ષ ૨૦૧૭–૧૮માં ૧૮,૯૪૫ કરોડ રૂપિયા, વર્ષ ૨૦૧૮–૧૯માં ૨૦,૧૮૩ કરોડ રૂપિયા, વર્ષ ૨૦૧૯–૨૦માં ૨૨,૪૪૮ કરોડ રૂપિયા. આમ, છેલ્લાં

આઠ વર્ષના સમયગાળા દરમિયાન આ રાજય સરકાર દ્વારા દેવાની સામે જે વ્યાજ ચૂકવવાની વાત થઇ છે એ વ્યાજ પેટે રૂપિયા ૧,૩૬,૧૦૯ કરોડ આ આઠ વર્ષના સમયગાળા દરમિયાન રાજય સરકારે ચૂકવ્યા છે. ગુજરાત રાજયના નાણામંત્રી તરીકે માનનીય નીતિનભાઇ પટેલ સાહેબના સમયગાળા દરમિયાન વર્ષ ૨૦૧૨-૧૩ થી માંડીને વર્ષ ૨૦૧૯-૨૦ના આઠ વર્ષના સમયગાળા દરમિયાન આ રાજયનું દેવું રૂ. ૨,૨૩,૦૩૮ કરોડના જે દેવાની રકમ લીધી હતી એની સામે આઠ વર્ષના સમયગાળા દરમિયાન ૧,૩૬,૧૦૯ કરોડ રૂપિયાની દેવાની રકમની સામે વ્યાજ પેટે રાજય સરકારે ચૂકવ્યા છે. આ રાજયનું દેવું વર્ષ ૨૦૧૨-૧૩માં રૂપિયા ૧,૫૧,૩૧૦ કરોડ હતું અને આઠ વર્ષના સમયગાળામાં અને અત્યારે ૩૧-માર્ચ ૨૦૨૧ની દ્રષ્ટિએ રૂપિયા ૩ લાખ ૯૫૩ કરોડનો અંદાજ રાજય સરકાર દ્વારા મૂકવામાં આવ્યો છે. આમ, આઠ વર્ષના સમયગાળા દરમિયાન આ જાહેર દેવું રૂપિયા ૧,૪૯,૬૪૩ કરોડ વધ્યું છે. કૉંગ્રેસના શાસન દરમિયાન વર્ષ ૧૯૯૧-૯૨માં જે દેવું ૬૯૨૦ કરોડ રૂપિયા હતું એની સામે વર્ષ ૨૦૨૧માં રૂપિયા ૩ લાખ ૯૫૩ કરોડ થયું છે. આમ, જોવા જઇએ તો, ભારતીય જનતા પાર્ટીના શાસનની અંદર વર્ષ ૧૯૯૧-૯૨થી વર્ષ ૨૦૨૧ના સમયગાળા દરમિયાન રૂપિયા ૨,૯૪,૦૩૩ કરોડનો દેવામાં વધારો થયો છે. આ રાજયનું આવકનું સ્તર હંમેશાં માથાદીઠ આવક વૃદ્ધિ અને તેના જીડીપી ઉત્પાદક પર આધારિત હોય છે. આ રાજયના ઘરગથ્થું ઉત્પાદનની વાત કરું તો વર્ષ ૧૯૯૪-૯૫માં ૨૯.૧ ટકા હતું એ વર્ષ ૨૦૧૦માં ૨૦.૯ ટકા થયું, વર્ષ ૨૦૧૯-૨૦માં ૯.૮ ટકા થયું વર્ષ ૨૦૧૦-૧૧ના પ્રમાણમાં વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૧.૧૦ ટકાનો ઘરગથ્થું ઉત્પાદનમાં ઘટાડો થયો છે. કૉંગ્રેસના શાસનમાં વર્ષ ૧૯૯૪ -૯૫માં ૨૯.૧ ટકા ઘરગથ્થું ઉત્પાદન હતું એની સામે અત્યારે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૯.૩ ટકાનો મોટો ઘટાડો સૂચવે છે. આ રાજયનું ઘરગથ્થું ઉત્પાદન રાજય સરકાર દ્વારા કાયમ કહેવામાં આવે છે કે આ રાજય સરકારે કૃષિના ઉત્પાદનમાં વધારો કર્યો છે. કૃષિની અંદર વર્ષ ૧૯૯૩-૯૪માં ૧૯.૯ ટકા હતું, તે વખતે કૉંગ્રેસનું શાસન હતું. શ્રી નીતિનભાઇના શાસનમાં વર્ષ ૨૦૧૧-૧૨થી વાત કરું તો ૧૭.૮ ટકા થયું. આમ, વર્ષ ૧૯૯૩-૯૪ની દ્રષ્ટિએ વર્ષ ૨૦૧૧-૧૨માં ૨.૧ ટકાનો ઘટાડો થયો. વર્ષ ૨૦૧૯-૨૦ની અંદર કૃષિના ઉત્પાદનમાં ૧૩.૧ ટકા છે. વર્ષ ૧૯૯૩-૯૪ના પ્રમાણમાં આપણે જોવા જઇએ તો પ્રાથમિક ઘટકોમાં ૬ ટકાનો ઘટાડો સૂચવે છે, કૃષિ ઘટકોમાં ૬.૮ ટકાનો ઘટાડો સૂચવે છે. આમ, રાજય સરકારના વર્ષ ૨૦૧૧-૧૨ અને વર્ષ ૨૦૧૯-૨૦ના ઘટક વાઇઝ જોઇએ તો પ્રાથમિક ઘટકમાં ૪.૩ ટકાનો ઘટાડો, કૃષિ ઘટકમાં ૪.૭ ટકાનો ઘટાડો, જે વધારો થયો છે એ ઉત્પાદિત ઘટકામાં ખાલી ફક્ત વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના માથાદીઠ ઘરગથ્થું ઉત્પાદનને માથાદીઠ આવક ગણવામાં આવે છે. વર્ષ ૧૯૯૪માં ૧૧૫૩૫ રૂપિયા માથાદીઠ આવક નક્કી કરવામાં આવી હતી. એની ટકાવારી જોઇએ તો ૧૭.૮ ટકા થાય. આજે વર્ષ ૨૦૧૯-૨૦માં માથાદીઠ આવક રૂપિયા ૨,૧૬,૩૨૯ થઇ છે તેની સામે ટકાવારી ગણીએ તો ટકાવારી ફક્ત ૯.૨ ટકા થાય છે. આમ વર્ષ ૧૯૯૪-૯૫ અને ૨૦૧૯-૨૦નું પ્રમાણે ગણીએ તો માથાદીઠ આવકમાં રૂપિયા ૨,૦૪,૭૯૪/-નો વધારો થયો છે અને એ વધારા સામે ટકાવારી જોઇએ તો ૮.૬ ટકાનો માથાદીઠ આવકની સામે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આવકમાં ઘટાડો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘરેલું ઉત્પાદનની ટકાવારી મુજબ જો જાહેર દેવું આપણે ગણવા જઇએ તો વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૬ ટકા હતું અને વર્ષ ૨૦૧૮-૧૯-૨૦માં ૧૮.૧૪ ટકા થયું છે. આમ ત્રણ વર્ષના ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૨.૧૪ ટકા જાહેર દેવું વધ્યું છે. એની સામે મહેસૂલી આવકની ટકાવારી મુજબ દેવા પરની વ્યાજની ચૂકવણી આપણે ગણીએ તો વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૩. ૨૯ ટકા વ્યાજ ચૂકવ્યું તેની સામે વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૬.૭૦ ટકા વ્યાજ ચૂકવ્યું. આમ, છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષ ૨૦૧૮-૧૯ના અનુસંધાનમાં વર્ષ ૨૦૨૦-૨૧માં ગણીએ તો ૩.૪૧ ટકા વ્યાજની ચૂકવણીમાં વધારો થયો છે. આમ, આ રાજય સરકાર દ્વારા દેવાની વાત હોય, વ્યાજ ચૂકવણીની વાત હોય, બિન-વિકાસલક્ષી ખર્ચની વાત હોય તો જે ખર્ચ થયો છે, તેના કારણોમાં આ રાજયમાં દેવું વધતું ગયું છે. ખાસ કરીને છેલ્લા ત્રણ વર્ષમાં જમીન મહેસૂલ પેટે ગુજરાતની છવા છ કરોડની જનતા પાસેથી જમીન મહેસૂલ પેટે રૂપિયા ૬૬૨૫ કરોડ, વાહન કર પેટે રૂપિયા ૧૧,૮૫૦ કરોડ, વીજળી પરાના વેરા પેટે રૂપિયા ૨૨૬૫૬ કરોડ અને સ્ટેમ્પ ડયુટી અને નોંધણી પેટે રૂપિયા ૨૨૭૩૬ કરોડ. આમ, ત્રણ વર્ષના સમય ગાળા દરમ્યાન જમીન મહેસૂલ, વાહન કર, વીજળી કર અને સ્ટેમ્પ ડ્યુટીની નોંધણી પેટે રૂપિયા૬૩૮૧૯ કરોડની આ રાજય સરકારને આવક થઇ છે. આ વાત એટલા માટે મૂકી છે કે આંકડાકીય માહિતી એટલા માટે મૂકવી પડે છે કે રાજય સરકાર હંમેશાં કૉંગ્રેસને ટાર્ગેટ કરીને ખાસ કરીને શ્રી નીતિનભાઇ ટાર્ગેટ કરે છે ત્યારે એમના સમય ગાળા દરમ્યાન થયેલા દેવામાં વધારો, વ્યાજની ચૂકવણી, બિન-વિકાસલક્ષી ખર્ચ આ તમામને આધીન એમ કહી શકાય કે ગુજરાત રાજયની વિકાસની વણથંભી આ દેવાયાત્રા વધુ વેગવંતી બનાવાનો જશ, આ ભારતીય જનતા પાર્ટીને જાય છે. એટલે આ રાજય ગતિશીલ કે પ્રગતિશીલ આ રાજય નથી, આ રાજય દેવાશીલ રાજય છે એવું આ આંકડાઓ પરથી પ્રસ્થાપિત થાય છે.

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રિજ) : અધ્યક્ષ મહોદય, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારો સૂર પુરાવું છું.

ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશ ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડના માપદંડો અનુસાર ગુજરાતે સન ૨૦૧૭માં તૃતિય ક્રમાંક મેળવેલ છે. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશના ભાગરૂપે પણ અગ્રેસર ગુજરાતની ભાવના ઉજાગર કરવા માટે સન ૨૦૧૬થી ઇન્વેસ્ટર ફેસિલેશનના પોર્ટલનું રજિસ્ટ્રેશન કરેલ છે. એવી સુવિધા ઉપલબ્ધ કરેલ છે જેના ભાગરૂપે રોજ કામચલાઉ નોંધણી નંબર આપવાની શરૂઆત એક દિવસમાં કરી છે. આ ઇઝ ઓફ ડુઇંગના ભાગરૂપે જે રિફંડની પ્રક્રિયા દ્વારા એનું સરળીકરણ કરવામાં આવે છે. જે માટે તૈયાર કરેલ સોફ્ટવેર મોડ્યુલને રાષ્ટ્રીય કક્ષાનો મેરિટ એવોર્ડ પણ સંસ્થાને મળેલ છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ)

ગુજરાત સરકારની જે નીચેની સર્વિસો છે જેને ડિલિવર કરી છે સમગ્ર દેશમાં એમાં પ્રથમ સ્થાને પણ એ રહેલું છે. હું આ વિભાગની એવા એવા પાસાની રજૂઆત કરવા માગું છું કે જેને ગુજરાતમાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને રહેલ છે. આપણને ખ્યાલ છે કે સમગ્ર દેશમાં જી.એસ.ટી. લાગેલ છે એનું રજિસ્ટ્રેશન ત્રણ દિવસમાં પૂર્ણ કરતું ગુજરાત પ્રથમ રાજ્ય છે. એની આખી પ્રક્રિયા હોય છે એ ત્રણ દિવસમાં ગુજરાતમાં પૂરી થાય છે. ઓનલાઇન રજિસ્ટ્રેશન એટલે ફેસલેસ સર્વિસીસ કરે છે. ભાગીદારી પેઢી હોય એનું એક દિવસમાં ઓનલાઇન રજિસ્ટ્રેશન થાય છે. વ્યવસાયવેરાનું કામકાજ હોય એનું પણ એક દિવસમાં રજિસ્ટ્રેશન થાય છે. આ ઇ–નિવારણમાં વેપારીઓની ઓનલાઇન ફરિયાદ હોય છે, સામાન્ય રીતે કમ્પ્યુટરાઇઝડ સુવિધાઓ ઉપલબ્ધ કરાવીએ છીએ તો નાની મોટી સમસ્યાઓ પણ આવતી હોય છે. તો એ વેપારીઓની નાની મોટી સમસ્યા એ ઓનલાઇન ફરિયાદની સ્વીકૃતિનું પણ નિવારણ આપણે એક દિવસમાં કરતાં હોઇએ છીએ. ફેસલેસ અને પારદર્શક સેવા એની પ્રતિબદ્ધતા છે. નેચરલ ગેસ પરનું બેવડું કરભારણ ઘટાડવાના હેતુથી નેચરલ ગેસ પરના ૧૫ ટકાના દર લાગતા વેરા પૈકી ૯ ટકા વેરાનું રેમીશન આપીને એટલી રાહત આપીએ છીએ. જી.એસ.ટી.નું સરળ અમલીકરણ થાય એ માટે નાના વેપારીઓને પણ અમુક આકારણીમાંથી મુકિત આપીએ છીએ. જે અન્વયે ગુજરાત વેટ કાયદા અનુસાર જેનું વાર્ષિક ટર્ન ઓવર દસ કરોડથી ઓછું હોય છે તેવા ૮૫,૧૦૫ વેપારીઓને પણ આકારણીમાંથી મુકત કર્યા છે. એનાથી વિશેષ રૂપિયા ૨.૫ કરોડથી ઓછુ ટર્ન ઓવર હોય તેવા લગભગ ૭૪,૫૭૦ વેપારીઓને પણ આવા કિસ્સામાં ઓડિટની કામગીરીમાંથી નોટિસ પરત ખેંચવામાં આવી છે અને આવા નાના વેપારીઓને ઉકત બાકી આકારણીની કામગીરીમાંથી ગુજરાત સરકારે મુક્તિ આપી છે. જી.એસ.ટી.નું અમલીકરણ સન ૨૦૧૭–૧૮થી થયું છે એ આપણે જાણીએ છીએ. અલગ અલગ વેરાઓ દ્વારા રાજય તથા કેન્દ્ર સરકારના મુખ્યત્વે કેન્દ્ર સરકારનું જે આબકારી જકાત અને સેવાકરને બદલે ફકત એક જ કર ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ તા.૦૧/૦૧/૨૦૧૭થી લાગુ કરેલ છે. આ નવી કર પ્રણાલીના અમલીકરણથી એક રાષ્ટ્ર એક દેશ અને એક બજારની ભાવના ફલિત કરતાં સમગ્ર દેશમાં ચીજવસ્તુઓ તેમજ સેવા ઉપરના વેરાના દરો સમાન રહેવા પામેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જી.એસ.ટી.ના વેપારીઓની સુગમતા જળવાય એ હેતુથી અને પ્રજા ઉપર વેરાકીય ભારણ ઘટાડવાના હેતુથી સરકારશ્રીની રેવન્યુને વિપરત અસર ન પડે એનો પણ ખ્યાલ રાખીને જી.એસ.ટી. કાઉન્સિલની ભલામણોને આધારિત અત્યાર સુધીમાં ઘણી બધી કોમોડિટી જેવી કે મોબાઇલ પાવર બેંક, ડીજીટલ કેમેરા, વિડિયો કેમેરા, ટ્રેકટરના ટાયર ટયુબ, એગ્રીકલ્ચર એન્જિન્સ આવી ઘણી બધી કુલ ૨૫૭ કોમોડિટી છે તથા થર્ડ પાર્ટી ઇન્સ્યોરન્સ અને રીન્યુએબલ એનર્જીના બાંધકામને લગતાં પ્રોજેક્ટ ઉપર પણ રાહત આપવામાં આવે છે. ખાસ કરીને નાના વેપારીઓને સુવિધા આપવામાં આવે છે જેમાં દોઢ કરોડ સુધીનું ટર્ન ઓવર હોય છે એ નાના ઉત્પાદકો હોય, ટ્રેડર્સો હોય, રેસ્ટોરેન્ટના માલિક હોય તેમને ખાસ પ્રકારની વિશેષ સુવિધા પણ આપવામાં આવે છે. તેમણે લમ્પસમ વેરો ભરવાની પણ સુવિધા અને ત્રિમાસિક ધોરણે રજૂઆત કરવાની સુવિધા પણ પૂરી પાડવામાં આવે છે. વધુમાં કમ્પોઝીશન સ્કીમનો લાભ લેતાં જે ઉત્પાદકો છે તેના કેસના વેરામાં પણ ૧ ટકાથી ઘટાડીને ૦.૫ ટકા અને ટ્રેડર્સના કેસમાં સમગ્ર ટર્નઓવરના બદલે માત્ર જે વેરા પાત્ર ટર્નઓવર થયું છે એમાં ૦.૫ ટકા મુજબ વેરાનો દર તા.૦૧/૦૧/૨૦૧૮થી નક્કી કરેલ છે. આ આખા અમલીકરણનો સૌથી મોટો લાભ થયો હોય તો આપણે તમામ ચેકપોસ્ટો નાબૂદ કરેલી છે. વર્ષ ૨૦૧૮–૧૯માં જે ૬૭,૪૦૪ કરોડ રૂપિયાની આવક થઇ એ ગત વર્ષ વર્ષ ૨૦૧૭–૧૮ની સરખામણીએ ૧૨.૮૫ ટકાની વૃદ્ધિ સાથેની આવક થઇ છે. સામાન્ય નાગરિકોને મહદ્અંશે જીવનનિર્વાહ માટેની જે જરૂરિયાતો હોય છે તેને જી.એસ.ટી.માંથી બાકાત રાખી તેને વેરામુક્તિ આપી છે. જેવી કે, દૂધ, દહીં, લસ્સી, છાશ, પનીર, મધ, ફળ, ફુલ, કંદમૂળ, શાકભાજી તથા તમામ પ્રકારના અનાજ અને ધાન્ય. ઇલેક્ટ્રિસિટી તેમજ ખેત વિસ્તરણની જે સેવાઓ છે એ સિવાય પાસપોર્ટ, વિઝા, ડ્રાઇવિંગ લાઇસન્સ વગેરે સરકારી સેવાઓને પણ આ દ્વારા અપાતી આરોગ્ય વિષયક સેવાઓને પણ આમાંથી મુક્ત કરવામાં આવી છે. રજિસ્ટ્રેશન કરવા માટેની ટર્નઓવરની મર્યાદા રૂપિયા ૨૦ લાખથી વધારીને રૂપિયા ૪૦ લાખ અમલી કરવામાં આવી છે જેનો તા.૦૧/૦૪/૨૦૧૯થી અમલ પણ કરવામાં આવ્યો છે. તા.૦૧/૦૪/૨૦૧૯થી જે અમલ કર્યો છે તેમાં બીજી એક મહત્ત્વની જાહેરાત કે એફોર્ડેબલ રીચલ એસ્ટેટ પ્રોજેક્ટ, સામાન્ય માણસને ઘરનું ઘર મળી રહે તે માટે સરકાર કટિબદ્ધ છે. જી.એસ.ટી.માં જે રીતે રજૂઆતો થઇ તેમાં વેરાનો દર ૧૮ ટકાથી ઘટાડીને માત્ર ૧ ટકાનો કર્યો છે અને નોન એફોર્ડેબલ રીચલ એસ્ટેટ પ્રોજેક્ટ માટે પણ વેરાનો દર ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા નક્કી કરવામાં આવ્યો છે. તે જ રીતે રેસિડેન્શિયલ રીચલ એસ્ટેટ પ્રોજેક્ટમાં એફોર્ડેબલ માટે ૧ ટકા અને નોન એફોર્ડેબલ માટે ૫ ટકા નક્કી કરવામાં આવ્યો છે. જી.એસ.ટી.ના અમલ પછી ગુજરાતમાં જી.એસ.ટી.ના ઓડિટની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. લાંચ રુશ્વત નિવારણ હેતુથી વિજીલન્સ કોર્નર અને ઇ–નિવારણ જેવી સુવિધા પણ પોર્ટલમાં મૂકવામાં આવી છે. સૌથી અગત્યનું ફેઇસલેસ અને પારદર્શકતા આપવા માટે પણ વિભાગ પ્રતિબદ્ધ છે. કોવિડનો પણ સમયગાળો આપણે જોયો હતો. તેની પણ જી.એસ.ટી. પર સમસ્યા થઇ. જી.એસ.ટી.નું વૈશ્વિક સંકટ આવ્યું ત્યારે તે પરિસ્થિતિમાં ટેક્સ કમ્પલસન થઇ શકે તે માટે તેમને છૂટછાટ આપવા માટે ગુજરાત રાજ્યનો તા.૦૯/૦૪/૨૦૨૦નો વટહુકમ જારી કરવામાં આવ્યો.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નાણાં વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં સમગ્ર બજેટના મુદ્દાઓ નહીં, પણ નાણાં વિભાગને લગતા મુદ્દામાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ અમારા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શ્રી શૈલેષભાઇ કહી રહ્યા હતા કે બિન વિકાસલક્ષી ખર્ચ વધ્યું છે અને ઉત્તરોત્તર વધતું જાય છે. હું વર્ષ ૨૦૦૨માં પ્રથમ વખત આ સભાગૃહનો સભ્ય બન્યો ત્યારે હું સરકારની ટીકા નથી કરતો પણ બિન વિકાસલક્ષી ખર્ચ ક્યાં થાય છે એ કહેવા માગું છું, નવરાત્રિ મહોત્સવ અને પતંગ મહોત્સવ બે મહોત્સવો શરૂ કર્યા હતા. આજે જ્યારે ગૃહનો સભ્ય છું ત્યારે નવરાત્રિ મહોત્સવ, પતંગ મહોત્સવ, કૃષિ મહોત્સવ, કન્યા પ્રવેશ ઉત્સવ, ગુણોત્સવ,

શરદ મહોત્સવ, રણ મહોત્સવ, વરસાદ પડે તો વરસાદના વધામણાંનો મહોત્સવ, વરસાદ ન પડે તો વરસાદના મનામણાંનો મહોત્સવ કોઇને કોઇ માર્ગે બિન વિકાસલક્ષી ખર્ચ કરીને રાજ્યના નાણાંનો ઉપયોગ આ રીતે થઇ રહ્યો છે. તેમાં કરકસર લાવવી જોઇએ એવું મારું સ્પષ્ટ માનવું છે. આ સરકાર ખેડૂતોની સરકાર છે અને ખેડૂતોની બહુ ચિંતા કરે છે એવી વાતો મૂકે છે. પરંતુ મારે કહેવું છે કે આ સરકારે એગ્રીકલ્ચરલ પ્રોડક્ટ તેલિબિયા, કઠોળ, અનાજ વગેરે જે ગ્રોસ પ્રોડક્ટ થાય છે અને જે વહેવારો થાય છે એના પર ૫ ટકા વેટ નાખ્યો છે. રૂપિયા ૧.૭૫ લાખ કરોડની પ્રોડક્ટ એમાં રૂપિયા ૮ થી ૯ હજાર કરોડનો વેટ ખેડૂતો મારફતે, ખેડૂતો દ્વારા ડાયરેક્ટ કે ઇન્ડાયરેક્ટ વસૂલવામાં આવે છે. રાજ્યની આવકમાં અને રાજ્યના વિકાસમાં ખેડૂતો પાસેથી આ રીતે નાણાં ઉઘરાવવામાં આવે છે પણ રાજ્યના રૂપિયા ૨.૫૭ લાખ કરોડના બજેટમાંથી ખેડૂતોને, એગ્રીકલ્ચર વિભાગને ફક્ત ૭૨૦૦ કરોડ રૂપિયા જ ફાળવવામાં આવ્યા છે. જગતનો તાત, ખેડ, ખાતર ને પાણી સમૃદ્ધિને લાવે તાણી આવા સૂત્રો હંમેશા સરકાર આપે છે. સૂત્રો આપતી જ સરકાર છે. પણ વાસ્તવિકતા કંઇ જોવા મળતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બજેટ ઉપર વાત કરવી ન હતી. દેવાની વાત કરવી ન હતી. કારણ કે માનનીય શૈલેષભાઇએ ઘણી બધી વાતો કરી છે. પણ મને એક મુદ્દો યાદ આવે છે કે હવે કેન્દ્ર સરકારમાં પણ આપણા ગુજરાતના પ્રાઇમ મિનિસ્ટર સાહેબ બેઠા છે. કાયમ માટે આપ કહેતા હતા કે યુ.પી.એ.ની સરકારમાં ગુજરાતને અન્યાય, હવે ન્યાય માગવાનો પૂરેપૂરો સમય આપની પાસે આવી ગયો છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને મળવાપાત્ર જી.એસ.ટી.ની રકમ છે એમાં કાપ મૂકવામાં આવેલ છે. આ વર્ષે કોરોનાનું કારણ બતાવીને આ રકમમાં કાપ મૂક્યો. એનાથી આગળ એમણે એમ કહ્યું કે તમારે દેવું કરવું હોય તો કરો પણ જી.એસ.ટી.નું વળતર બહુ મળશે નહીં. દેવું કરવાની વાત આવી એટલે બધા રાજ્યોએ વાત કરી કે અમારે ૩ ટકાની સિલિંગ પતી ગઇ છે એટલે હવે વધુ નહીં કરી શકીએ. કદાચ ગુજરાતે રજૂઆત કરી છે કે નહીં એ ખબર નથી. લાગે છે કે કદાચ કરી હશે. આથી હવે ૩ ટકાથી વધારીને દેવું કરવાની સિલિંગ ૫ ટકા સુધી કરવાની કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે. આ વખતે પણ રાજ્ય સરકારે દેવું કર્યું છે. આંકડાઓમાં પડવાનો નથી. માનનીય શૈલેષભાઇએ માનનીય નાણામંત્રીશ્રી જ્યારથી બજેટ રજૂ કરે છે ત્યારથી આજદિન સુધીનું ચિત્ર આપ્યું છે અને પહેલાનું પણ ચિત્ર આપ્યું છે. ટૂંકમાં કહીએ કે ગુજરાતમાં જન્મતું દરેક બાળક ૬૦ હજારના દેવા સાથે જન્મે છે. એમ કહેવાય કે ઉદ્યોગપતિઓનું ગુજરાત, લાખો અને કરોડોની આવક ઉદ્યોગોની થાય છે એ ઉદ્યોગપતિઓનું ગુજરાત, વેપારીઓનું ગુજરાત પણ દેવાનો રથ આગળ વધી રહ્યો છે એ અટકાવો અને ગુજરાત દેવાળિયું બન્યું છે એ ન રહે એવો કોઇક ઉપાય કરો. જી.એસ.ટી.ની વાત છે. જી.એસ.ટી.માં વેપારીઓ દંડાય છે, એમને કનડગત છે. સરકાર સવલતો આપવાના પ્રયત્નો કરે છે, નવા નવા ફોર્મ છાપે છે, પંચમાં એના કેસો ચાલે છે, કેસોના ભાવો છે. મૂલ્યવર્ધિત પંચમાં કેસ ચલાવવા માટે પૂરતો સ્ટાફ નથી અને આઉટસોર્સથી ભરતી થઇ શકતી નથી. ઘણા બધા કારણોના લીધે ગુજરાતનો નાનો-મોટો વેપારી સરકરના ઉપાયો છતાં બ્યુરોક્રસીની માયાજાળમાં ફસાયો છે એમાંથી બહાર કાઢવો જરૂરી છે. સાથોસાથ જી.એસ.ટી.નું બોગસ બિલિંગ કૌભાંડ, છેલ્લા પાંચ વર્ષથી રાજ્યનું બજેટ છે એમાં રૂપિયા ક્યાંથી આવે છે એ બતાવવામાં આવે છે. એમાં વેટની આવક બતાવવામાં આવે છે એટલી આવક થઇ શકતી નથી. એના મૂળ બે કારણો છે. એક તો વેટની આવકથી મોટા ઉદ્યોગપતિઓ પાસેથી જે રકમ વસૂલ કરવાની થતી હોય એ થતી નથી. અંદાજ રૂપિયા ૧૫ હજાર કરોડ માંડ્યો હોય અને રૂપિયા ૫ હજાર કરોડ આવે છે. બીજું કે, નાના મોટા વેપારીઓ પાસેથી આવે છે એ આંકડો મૂક્યો હોય એમાં દર વર્ષે, હું ન્યૂઝ પેપર વાંચું છું, કૌભાંડો જોવું છું તો ૧૫ થી ૨૦ હજાર કરોડના બિલિંગ કૌભાંડો થાય છે અને આ બિલિંગ કૌભાંડમાં આઉટસોર્સિંગના કર્મચારીઓ, નિવૃત્ત થયેલા કર્મચારીઓ/અધિકારીઓ આ બધાને એમ લાગ્યું કે આ બધું કરવું એના કરતા તો બિલિંગ આ સરકારમાં બહુ સારી રીતે કરી દેવું એટલે પેઢી દર પેઢી તરી જાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલિંગ અને મેં અગાઉ પણ કહ્યું હતું કે આ રાજમાં હવે બે રાજાઓ પેદા થયા છે. તેલિયા રાજાઓ તો હતા અને પાછો અત્યારે તેલના ડબાનો ભાવ રૂ.૨૮૦૦ પર પહોંચ્યો છે. તેલિયા રાજાઓ અને બિલિયા રાજાઓ. તેલિયા રાજાઓ અને બિલિયા રજાઓએ અત્યારે ગુજરાતનું જે બજેટ છે એને ભરડામાં લીધું છે. એના કારણે બજેટની જોગવાઇઓ છે અને વિકાસલક્ષી બજેટની સરકાર વાત કરે છે એને લાંછન લગાવી રહ્યાં છે તો એમાં માનનીય નાણામંત્રીશ્રી જેટલા કડક છે અને અહીં જેટલું કડક બોલે છે અને ફક્ત કૉંગ્રેસની સામે જેટલું કડક બોલે છે એટલે આવા કરપ્ટેડ વેપારીઓ, કરપ્ટેડ અધિકારીઓ અને કરપ્ટેડ લોકોનું નેકસેસ બન્યું છે એ તોડવામાં પણ કડક બને. નહીંતર અત્યારે આ રાજ્યમાં શું થયું છે? આ રાજ્યમાં બુટલેગરોનું કટિંગ, બિલિયા રાજાઓનું બિલિંગ અને ઇ.વી.એમ.નું સેટિંગ આ ક્યાંથી શું થાય છે એ સમજાતું નથી! એટલે એમાં ખૂબ તપાસ કરવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોલ, ડિઝલ એનો વેટ. આપણે પેટ્રોલ, ડિઝલનો ભાવ વધતો હતો અને જ્યારે આપ વિરોધપક્ષમાં હતા ત્યારે દિલ ઉપર હાથ દઇને મૂકો એક ૧૦ પૈસા ભાવ વધ્યો હોય તો અમારા મુખ્યમંત્રીઓ રાતે ઊંઘી ના શકે એટલા તમે આંદોલનો કરતા. શ્રી મનમોહનસિંહની સરકાર હતી ત્યારે ગુજરાત સરકારના હોદ્દેદારો, મંત્રીઓ અને બધા જ લોકો કહેતા હતા કે આ મોંઘવારી, ફુગાવાના કારણે રૂપિયાનું એટલું બધું અવમૂલ્યન થયું તો એમ કહે કે ડો.મનહોનસિંહજીની ઉંમર જેટલો રૂપિયો પહોંચવા આવ્યો. આ રીતે ટીકા-ટિપ્પણ કરતા હતા. અત્યારે શ્રી અડવાણી સાહેબની ઉંમરથી આગળ રૂપિયાનું અવમૂલ્યન થઇ ગયું એનાથી આગળ ઘટતો ઘટતો ક્યાં પહોંચ્યો છે એ સાહેબ તમે જુઓ. પહેલા આપણે ટીકા કરતા હતા ત્યારે અને આપણે જ્યારે શાસનમાં આવીએ ત્યારે એ પણ જોવું જોઇએ. ગુજરાતમાં પેટ્રોલ, ડિઝલ અને કેરોસીન ઉપર વેટની વસૂલાત થાય છે એમાં જે કૉંગ્રેસ શાસિત પ્રદેશો છે એના અહેવાલ તો મંગાવો અથવા કૉંગ્રેસ કે ભા.જ.પ. સિવાયના બીજા રાજ્યોમાં જ્યાં શાસન છે ત્યાંથી પણ અહેવાલ મંગાવવો જોઇએ અને સાહેબે મંગાવ્યો હશે જ. સાહેબ, કરકસર પણ કરતા હશે કારણે કે નાણાંખાતામાં ૯મી વખત

બજેટ રજૂ કર્યું છે. એમનો સ્વભાવ કરકસરનો છે એટલે કરકસર કરતા હશે. તેમ છતાં કોઇ કારણસર અથવા તો એમના પક્ષની રીતિ–નીતિ હશે એના કારણે વેટમાં ઘટાડો થતો નથી. પેટ્રોલ, ડિઝલનો અસહ્યય ભાવ વધારો થઇ રહ્યો છે. અત્યારે ઘરનું આખું બજેટ બગડી ગયું છે. સાહેબ, અત્યારે ઘરમાં ઝઘડા થાય છે. પેટ્રોલ, ડિઝલના પૈસા લેવા જઇએ અને ગેસનો બાટલો આવ્યો નથી અને તમે શું કરો છો? શું કમાવ છો? અને ક્યાં દોડો છો? ખાલી સેવા જ કરો છો? આ તો રોજ કલાક, અડધો કલાક માથાકૂટ થાય છે ત્યારે અહીંયા વિધાનસભામાં પહોંચીએ છીએ. (અંતરાય) આ બધું શ્રી નીતિનભાઇ સાહેબ, મધ્યમ વર્ગના લોકોની વાત કરું છું અને મધ્યમ વર્ગના લોકો અસહ્ય રીતે પિડાઇ રહ્યાં છે. પેટ્રોલ, ડિઝલના ભાવ વધે છે એમાં વેટના ભાવમાં ઘટાડો કરીને આપની સરકાર દ્વારા અથવા આપના દ્વારા સરકારની અને રાજ્યના લોકોની જેટલી સેવા થઇ શકે એ કરવા માટે હું આપને ખાસ વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પેન્શન અને નાણાં વિભાગના કર્મચારીઓની વાત કરવી છે. નાણાં વિભાગ હાર્ટ છે. આખા ગુજરાતનું બજેટ, વિકાસની આખી ગાથા આ વિભાગ મારફતે થાય છે. એમાં એક પણ કર્મચારીની જગ્યા ખાલી ના હોવી જોઇએ. મહિનાઓ સુધી એને મહેનત થતી હોય છે. રાતના બાર બાર વાગ્યા સુધી અધિકારીઓ બજેટના આંકડાઓનું ફિડિંગ કરતા હોય છે અને એક પણ ભૂલ ના થાય અથવા નાણાં મંત્રીશ્રીને અહીં આવીને કોઇ ભૂલનો સામનો ના કરવો પડે એની કાળજી લેવાતી હોય છે એવા વિભાગમાં પુરતો સ્ટાફ હોવો જોઇએ. આમ તો આખા રાજ્યમાં કર્મચારીઓ, અધિકારીઓનો પુરતો સ્ટાફ હોવો જોઇએ પણ ત્યાં નથી. મૂલ્ય વર્ધિત પંચ છે ત્યાં પણ પુરતો સ્ટાફ નથી. સચિવ, નાયબ સચિવ, ઉપસિચવ, સેક્શન ઓફિસર, ડેપ્યુટી સેકશન ઓફિસર અને બજેટમાં જરૂર પડે તો પૂલિંગ કરીને અને દરેક ડિપાર્ટમેન્ટમાં જે બજેટની કામગીરી કરે છે તેવા અધિકારીઓના સ્ટાફનો બિલકુલ અભાવ ના હોવો જોઇએ એવી મારી નાણામંત્રીશ્રીને ખાસ વિનંતી છે અને આવા કર્મચારીઓ અને સ્ટાફ રાત દિવસ નાણાં વિભાગનું આખું આયોજન કરે છે એને તમે સાતમા પગારપંચનો લાભ કેમ નથી આપતા? સાતમા પગારપંચનો કર્મચારી, અધિકારીઓ જે બ્યુરોકેટ છે જે અધિકારી, કર્મચારીઓ આજે ત્રીજી પોલિટિક્સ લોકશાહીની એક ધરા છે, ધરોહર છે એને પણ ઘરનું બજેટ પુરતું ચાલે અથવા તો ભ્રષ્ટાચારમાં કાપ મૂકાય. ભ્રષ્ટાચાર પ્રત્યે એના મનને લાલસા થાય નહીં એના માટે એને પુરતો પગાર આપવો જોઇએ, એના માટે સાતમા પગાર પંચનો પૂરેપૂરો અમલ થવો જોઇએ અને અપાવો જોઇએ. આવા અનેક નાના મોટા પ્રશ્નો છે અને પેન્શનરનો એક પ્રશ્ન છે માનનીય નીતિનભાઇ સાહેબ, આટલી બધી ટેકનોલોજી આગળ વધી છે, પેન્શનરની કોઇની ઉંમર ૯૦ વર્ષ છે, કોઇની ઉંમર ૯૨ વર્ષ છે તો આ પેન્શનરને પોતાની હયાતીની ખરાઇ માટે જવું પડે છે. એક સમય હતો કે જયારે ટેકનોલોજી નહોતી ત્યારે એને હયાતી માટે જવું પડતું હતું પણ અત્યારે એને હયાતી માટે દવાખાને હોય કે માંદગીના બિછાને હોય અને દર વર્ષે આવવું પડે છે એમાંથી કંઇક છુટકારો મળે એ પણ આપના લેવલથી થાય એવી વિનંતી કરું છું અને આ માગણીઓ લઇને આવ્યા છે એમાં મેં કહ્યું એટલા સુધારા કરે તો મારો સૂર પુરાવું છું.

શ્રી પૂર્ણેશ મોદી(સુરત–પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ નાણાં વિભાગની માગણી નં. ૧૭ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ અંગે મારા વિચારો રજૂ કરતા પહેલા સર્વાધિક લોકપ્રિય દેશના વડાપ્રધાનશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા ૭૫મા અમૃત મહોત્સવની ઉજવણી થઇ રહી છે. આ પ્રસંગે આજે શ્યામજી કૃષ્ણવર્માની પૂણ્યતિથિ છે તેમને પણ હું મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. આ આઝાદીનો દિવાનો અંગ્રેજોની છાતી ઉપર ધરતી ઉપર લંડનમાં જયાં ઇન્ડિયા હાઉસની અંદર અનેક ક્રાંતિકારી મેડમ કામા, મદનલાલ ઢીંગરા, વીર સાવરકરજી, સરદારસિંહ રાણા અનેક ક્રાંતિકારીના માર્ગદર્શક શ્યામજી કૃષ્ણવર્મા રહ્યા છે એવા મહાન પુરુષને આજે હું મારા શ્રદ્ધાસુમન અર્પણ કરું છું. અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ લઇને આવ્યા છે. રૂપિયા ૨,૨૭,૦૨૯ કરોડનું આ બજેટ છે. આ બજેટ એમણે સતત નવમી વખત રજૂ કર્યું છે. એમને પણ અભિનંદન આપું છું. અંદાજપત્રમાં રૂપિયો કયાંથી આવશે અને રૂપિયો કયાં ખર્ચવાના છે એના એક અંદાજનો ચિતાર રજૂ કરવામાં આવે છે. પરંતુ સરકારના અનેક વિભાગ છે અને વર્ષને અંતે રૂપિયો કયાંથી આવ્યો અને કયાં ખર્ચાયો એનો હિસાબ કિતાબ એ રાજયનો હિસાબ અને તિજોરી વિભાગ રાખે છે. આવક અને ખર્ચ રાખવાનું, નિભાવવાનું, એકત્રીકરણ કરવાનું કાર્ય અને હિસાબ રાખવાનું કાર્ય રાજયનો હિસાબ અને તિજોરી વિભાગ કરે છે એ ખૂબ મહત્ત્વનું અંગ છે. ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી અમારી સરકાર આદરણીય વિજયભાઇ રૂપાણી અને આદરણીય નીતિનભાઇ પટેલના નેતૃત્વવાળી અમારી સરકાર, રાજયમાં વિકાસ કરવા માટે, પ્રગતિ કરવા માટે જેમ અહીંયા વાત થઇ કે દેવુંનો ટારગેટ કરવામાં આવ્યો કે એક પ્રકારનું દેવું ગુજરાતમાં જન્મ લેનાર વ્યક્તિ ઉપર ખૂબ મોટા પ્રમાણમાં હોય છે. પરંતુ એક નાનકડો વ્યક્તિ એની પાસે સંપત્તિ એક લાખ રૂપિયાની હતી અને ૧૦,૦૦૦ રૂપિયા મહિને કમાતો હતો. વર્ષે ૧,૨૦,૦૦૦ કમાતો હતો, ખર્ચ કરતો હતો. કોઇએ સલાહ આપી એને કે ૧,૨૦,૦૦૦ વાર્ષિક કમાવ છો એના કરતા વેપાર, ધંધા, ઉદ્યોગ કરો, લોન લો, જરૂર પડે દેવું કરો પણ તમારી આવક વધારો, સંપત્તિ વધારો અને તમે વિકાસની હરણફાળભરી લોકોમાં ઊભા રહી શકો. વ્યક્તિએ લોન લીધી. ધીરિધીરે સંપત્તિ એક લાખની જગ્યાએ દશ લાખની થઇ. એની આવક રૂપિયા ૧,૨૦,૦૦૦ની જગ્યાએ રૂપિયા ૧૨,૦૦,૦૦૦ થઇ. આમ, દેવું ભલે સતત વધતું હોય પણ બીજી બાજુ સંપત્તિએ વધી. મારે એ કહેવું છે કે ગુજરાત રાજયની અંદર જે વિકાસ, જે આધુનિક ટેકનોલોજી, જે સાધનો, સગવડો, સવલતો, સુવિધાઓ જે કરોડો અબજો રૂપિયામાં ઉપલબ્ધ કરાવી છે એની કોઇ વાત આજે કરતું નથી તો આ વાત ધ્યાન ઉપર મૂકવાની મારી ફરજ હતી અને આ પ્રગતિના ભાગરૂપે, વિકાસના ભાગરૂપે આપણે વિકાસ કરવા માટે સંવેદનશીલ સરકારે સંવેદનશીલ પ્રશ્નો એનો તરત નિર્ણય કરે એટલે કે પ્રગતિશીલતા, સંવેદનશીલતા અને નિર્ણાયકતાવાળી અમારી સરકાર પારદર્શકતાવાળી સરકાર છે. એટલા માટે કહેવા માગું છું કે વિકાસના કાર્યો માટેની જે માગણી, વિકાસના કાર્યની પૂર્તિ કરવા માટેની

ફાળવણી, એના માટે ટેન્ડર પ્રક્રિયા, એના માટે વર્કઓર્ડર એના માટે કાર્ય પૂર્ણ થાય એના માટે પેમેન્ટ ચૂકવવાનું આવે. તો આ ખર્ચની રકમ ચૂકવવાની પ્રક્રિયાનો હિસાબ–કિતાબ રાખવાનું આ પારદર્શક કાર્ય ગુજરાત સરકારનું અમારું તિજોરી અને હિસાબ વહીવટી ખાતું રાખે છે. એ હિસાબ–કિતાબ એકાઉન્ટન્ટ જનરલને મોકલી આપવામાં આવે છે, એનું ઓડિટ થાય છે. એના આધારે કહી શકું કે ગુજરાત રાજ્યની કામગીરી આખા દેશના અનેક રાજ્યો કરતા સુપેરે કામગીરી થાય છે. એ ઓડિટર જનરલના અહેવાલના આધારે કહી શકું. હિસાબ અને તિજોરી વિભાગ દ્વારા રાજ્યના તમામ કર્મયોગીને પગાર, પેન્શન, મહેકમ અનેક પ્રકારની મુસીબતોનું સુપેરે નિકાલ કરવાનું કામ આ હિસાબ અને તિજોરી વિભાગ કરે છે. કર્મયોગીને કોઇ પ્રશ્ન ન નડે અને એને સરળતાથી કામ કરવાની મજા આવે, કર્મયોગી પૂરી નિષ્ઠા અને પ્રમાણિકતાથી કામ કરી શકે તેવું એક તંદુરસ્ત વાતાવરણ ઊભું કરવાનું કામ ગુજરાત સરકારની હિસાબી અને તિજોરી વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. રાજ્યની ૩૩ જેટલી આ કચેરીઓ મારફત આ સરકારી ભરણું અને ચૂકવણાની કાર્યવાહી ખૂબ સરળ રીતે ચાલે છે. આ વિભાગ દ્વારા સ્ટેમ્પ પેપર, દસ્તાવેજોની જાળવણીની કામગીરી થાય છે. રોજબરોજના વહીવટમાં અનેક સામાન્ય માણસો એની આર્થિક લેવડ–દેવડ લખાણ, સ્ટેમ્પ પેપર, દસ્તાવેજો, મિલકતોની લે–વેચ અને એનું સરળતાથી લખાણ થઇ શકે એ સ્ટેમ્પ પેપર ઉપલબ્ધ થઇ શકે એના માટે આ મિલકત લે–વેચ કરવા માટે રજિસ્ટર વેચાણ દસ્તાવેજ કરવા માટે સામાન્ય નાગરિકોની આર્થિક લેવડ–દેવડ માટે વેપાર ધંધા માટે આ ખૂબ મહત્ત્વના સ્ટેમ્પ પેપર, આ સ્ટેમ્પ ઉપલબ્ધ કરાવવાનું કામ આ અમારો વિભાગ ખૂબ સરળતાથી અને સારી રીતે કરી રહ્યું છે. આજે મુખ્ય રાજ્યની આવકની જી.એસ.ટી.ની વાત કરવામાં આવી. પરંતુ આ તિજોરી અને વહીવટમાં ૨૨ થી વધુ પ્રકારના કલેક્શન સેન્ટરો ઊભાં કરવામાં આવ્યાં છે. આ કરવેરા જી.એસ.ટી. સિવાય અનેક પ્રકારનાં કલેક્શન સેન્ટરો જે અમારા રાજ્યની આર્થિક જે રકમ છે, આર્થિક ઉપાર્જન છે એ તિજોરીમાં સીધેસીધી જમા થાય અને એના આધારે વિકાસનાં કામ થાય એ સામાન્ય ઘટના નથી. ૨૨ થી વધુ પ્રકારના વિભાગો દ્વારા આ રકમ સીધેસીધી તિજોરીમાં જમા થાય એના માટે ૩૩ જિલ્લામાં આ કલેક્શન સેન્ટર ખૂબ સરળતાથી ચાલી રહ્યાં છે. તિજોરીના માધ્યમથી ગુજરાતનો વિકાસ આખા દેશના નવા મૉડેલ તરીકે વિકસિત થયું છે, ત્યારે એટલું જ કહેવું છે કે અમારી સરકાર એટલા માટે કટિબદ્ધ છે કે આ તિજોરી ઉપર કોઇનો પંજો ન પડે એટલા માટે અમારી સરકાર દેખરેખ રાખે છે. કરકસર રીતે અને સંપૂર્ણ પારદર્શિતા રાખે છે. ધન્યવાદ.

શ્રી આત્મારામ પરમાર(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી જે માગણી ક્રમાંક– ૧૫, ૧૬, ૧૭, ૧૮ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

સરકારની જેટલી પણ યોજનાઓ હોય અને નાણાકીય જે પ્રાવધાન હોય, જોગવાઇ હોય એની સૂચારું અમલવારી થાય અને પારદર્શી અમલવારી થાય એના હિસાબ, આવક જાવક આપણને તાત્કાલિક મળે તે પ્રકારનું નાણાકીય તંત્ર ગોઠવવામાં ગુજરાત અગ્રેસર છે. ખાસ કરીને નાણાં વિભાગ દ્વારા જે નાણાંની સાથે સાથે ઇન્ફર્મેશન અને ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને ઇ ગવર્નન્સ દ્વારા કોમ્પ્યૂટરાઇઝ્ડ અને ઓનલાઇન કરીને જે સરળીકરણની પદ્ધતિ અપનાવી છે, એના લીધે નાણાકીય વ્યવહાર સરળ થઇ ગયો છે. ખાસ કરીને મારે એ વાત તરફ એટલા માટે ધ્યાન દોરવું છે કે અગાઉના વર્ષોમાં નાણાકીય જોગવાઇ થાય, વિભાગને નાણાં ફાળવી દેવાય વિભાગમાંથી નાણાંનો ખર્ચ ક્યાં થયો, કેટલો થયો, કઇ યોજનામાં નાણાં ખર્ચાયા, કઇ યોજનામાં નાણાં બાકી રહ્યા? એનું કોઇ વ્યવસ્થિત જાણકારીનું તંત્ર ન હતું, પરિણામે છેલ્લા દિવસોમાં નાણાકીય વ્યવહારો ઝડપથી થતાં એના લીધે ક્યાંકને ક્યાંક મુશ્કેલીઓ ઉભી થતી હતી. આ કમ્પ્યુટરાઇઝ્ડ અને ઓનલાઇન મેનેજમેન્ટને લીધે જે સરકારની ડિસિસન સપોર્ટ સિસ્ટમ છે અને ખાસ કરીને મેનેજમેન્ટ ઇન્ફર્મેશન સિસ્ટમ છે એના લીધે આવક અને ખર્ચની તાત્કાલિક માહિતી મળે છે અને એના પરિણામે જે નાણાકીય રકમનો ખર્ચ બાકી હોય, યોજનાનો ખર્ચ બાકી હોય એ આપણે સરળતાથી કરી શકીએ છીએ અને સંતુલિત વિકાસનો ગુજરાતનો ધ્યેય છે એમાં આપણે સફળતાપૂર્વક આગળ જઇ રહ્યા છીએ. ઓનલાઇન અને કમ્પ્યુટરાઇઝ્ડ સિસ્ટમને લીધે માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કરેલું બજેટ સામાન્ય જનતા પણ એને આસાનીથી મેળવી શકે એવી સિસ્ટમને લીધે સરકારના વહીવટમાં પારદર્શિતા આવી છે અને એને લીધે આજે ગુજરાતનો વિકાસ ખૂબ ઝડપથી થઇ રહ્યો છે. મારે એક વાત તરફ ધ્યાન દોરવું છે કે, નાણાં વિભાગ દ્વારા ખાસ કરીને ચેકપોસ્ટ નાબૂદીનો જે નિર્ણય લેવાયો એ આ સરકારના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીની હિંમતને હું દાદ આપું છું. કેમ કે, જ્યારે આ ચેકપોસ્ટ નાબૂદીનો નિર્ણય લેવાયો ત્યારે કેટલાક લોકોએ પ્રશ્નો ઊભા કર્યા કે ચેકપોસ્ટ નાબૂદીને લીધે કેટલાક જે ટેક્સ ચોરો છે એને હેવન મળી જશે. પણ મારે એ આંકડા સાથે પુરવાર કરવું છે કે, ચેકપોસ્ટ નાબૂદ થયા પછી વર્ષ ૨૦૧૮–૧૯માં રૂપિયા ૬૭૪૦૪.૦૯ કરોડની જે આવક હતી એ વર્ષ ૨૦૧૯–૨૦માં વધી. સરકારે વેપારીઓ પર વિશ્વાસ મૂક્યો કે, અમે ચેકપોસ્ટ નાબૂદ કરીએ છીએ અમને ગુજરાતની પ્રજા ઉપર ભોરોસો છે, ગુજરાતના વેપારીઓની નીતિ અને નિયત પર અમને ભરોસો છે અને એ ભરોસો સફળતાપૂર્વક પાર પડયો. આપણે જોઇ શકીએ છીએ કે વર્ષ ૨૦૧૯–૨૦માં રૂપિયા ૭૯૬૫૩.૬૬ કરોડની આવક થઇ એટલે આવકમાં વધારો થયો છે. આપણે હાઇવે પર નીકળતા હતા ત્યારે જોયું છે કે, ટ્રકોની ખૂબ લાંબી લાંબી લાઇનો હોય એને લીધે ટ્રકોના ડિઝલનો પણ વ્યય થતો, માનવ કલાકો બગડતા, ઘણી વાર બીલના પ્રશ્નને લીધે ટ્રકોને રોકી દેવામાં આવે એને લીધે ડિસ્પોઝેબલ આઇટમ હોય તો એનો નાશ કરવાની પણ સમસ્યા ઊભી થાય અને ઘણી વાર દિવસો સુધી હાઇવે ઉપર લાઇનો રહેતી એ લાઇનો અને કતારોમાંથી મુક્તિ આપવાનું કામ અમારી ભારતીય જનતા પાર્ટીની આ સરકારે કર્યું છે ત્યારે એને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી જે પ્રગતિ છે, આ ચેકપોસ્ટ નાબૂદીની વાત કરી એની સાથે હું જકાત નાબૂદીને પણ જોડી દઉં છું એટલા માટે કે એ હિંમત દાખવી અને જકાત નાબૂદી કરીને સરકારે પોતાની આવક ગુમાવીને પણ ગુજરાતની પ્રજાને જે હેરાનગતિ થતી હતી, ગુજરાતની પ્રજાની જે મુશ્કેલી હતી એ મુશ્કેલીઓ દૂર કરીને સરળીકરણ કરવાનું કામ આ ભારતીય જનતા

પાર્ટીની અમારી સરકાર કરી રહી છે ત્યારે ખાસ કરીને આજે તિજોરી ખાતાની ચર્ચાનો વિષય છે ત્યારે મારે કહેવું છે કે યોગાનુ યોગ મેં આ ખાતામાં ત્રણ વર્ષ નોકરી કરી હતી એમાં મારી આઠેક જગ્યાએ બદલી થઇ હતી. અઢારેક મહિનાનો મેં પગાર લીધો હતો અને એમાં છ જગ્યાએ હાજર થઇને મેં નોકરી કરી હતી, એમાં છેલ્લી નોકરી મારી તિજોરી ખાતામાં હતી. તિજોરીનો મારે દાખલો એટલા માટે આપવાનો થાય છે કે, આપણે ગ્રેજ્યુઇટી, પેન્શનની વાત કરીએ છીએને, એ દિવસોમાં તિજોરી ઓફિસમાં લાઇનો લાગે, કારણ કે બધા બિલો તે વખતે તિજોરી ઓફિસમાં રજૂ થાય, બિલ પાસ થાય, પછી બેન્કમાં જાય અને પૈસા મળે. એ વખતે એક રિટાયર્ડ થયેલા કર્મચારીનો મારે દાખલો એટલા માટે આપવો છે કે વર્તમાન કર્મચારીઓ ક્યાંક એમાંથી પ્રેરણા લે. એ તિજોરી ખાતાનો રિટાયર્ડ થયેલો કર્મચારી અમારી તિજોરી ખાતાની ઓફિસની બહાર બેસી રહે. એટલે અમે એને પુછ્યું કે તમે તો રિટાયર્ડ થઇ ગયા છો, સરકાર તમને પેન્શન આપે છે, તમે શેના માટે દરરોજ સવારે ૧૧ વાગે આવીને ૫ વાગ્યા સુધી તિજોરી ખાતાની કચેરીની બહાર બેસો છો? એણે એમ કહ્યું હતું કે મેં નોકરી કરી હતી એનો પગાર મેં લીધો છે પણ મને જે પેન્શન મળે છે એના માટે મારે કંઇકને કંઇક યોગદાન સરકારમાં આપવું જોઇએ એટલા માટે તિજોરી ઓફિસમાં જે કોઇ કામ માટે લોકો આવતા હોય તેમને ફોર્મ ભરવામાં મુશ્કેલી, એને ક્યાંકને ક્યાંક સમસ્યા હોય એના માટે માર્ગદર્શન આપવાનું કામ એ કર્મચારી કરતા હતા ત્યારે આપણે પેન્શન લેતા કર્મચારીઓ ક્યાંકને ક્યાંક મદદરૂપ થાય એવી મારી વિનંતી છે અને હું આ માગણીઓને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી, પોતાના વિભાગના, નાણાં વિભાગના કર વસૂલાત, તિજોરી અને પેન્શન માટેની નિવૃત્તિ માટેની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા સૂચનો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ વ્યક્તિ પોતાની જિંદગીમાં નોકરી કરતો હોય અને એને પેન્શન માટેનો જે લાભ મળે છે એ એના જીવનની મૂડી હોય છે. કેન્દ્ર સરકારમાં પેન્શન ઉપર આધારિત એમના દીકરી જે છે એ ૨૫ વર્ષથી વધારે ઉંમરના હોય અને પોતાના માતા પિતા ઉપર આધારિત હોય તેમને પેન્શનનો લાભ મળે છે. ગુજરાત સરકારને અનેક વખત મેં વિનંતી કરી છે, આ ગૃહના અનેક સભ્યશ્રીઓએ પણ વિનંતી કરી છે, પાર્લામેન્ટના સભ્યશ્રીઓએ પણ વિનંતી કરી છે અને સરકાર ઉપર એનો બોજો પણ વધતો નથી ત્યારે અપરણિત પુત્રી માટે કેન્દ્ર સરકારના નિયમોની જેમ આજીવન કુટુંબ પેન્શન આપવા માટે પેન્શનના નિયમોમાં સુધારો કરવા માટે નીતિ વિષયક નિર્ણય છે અને એના કારણે આખા ગુજરાતમાં આપણે બેટી બચાવો, દીકરી બચાવોના સતત નારાઓ આપીએ છીએ. આમાં પેન્શનનો લાભ આપવામાં આવે તો ૧૦૦થી વધારે વધે તેમ નથી. એ દીકરી એમના માતા–પિતા ઉપર આધારિત હોય છે અને એને લાભ નથી મળતો એને કારણે એમનો જીવન નિર્વાહ ૨૫ વર્ષ પછી કરવો બહુ મુશ્કેલ પડતો હોય છે. મારે નાણામંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આપ પેન્શન અંગેની માગણીઓ લઇને આવ્યા છો, સરકાર ઉપર બોજો પણ વધતો નથી. આ અંગે અધિકારીઓ સાથે મેં પણ અનેક વખત ચર્ચાઓ કરી છે. દર વખતે નીતિ વિષયકના કારણે જવાબ આપી દેવામાં આવે છે પરંતુ દીકરી માટેની વાત લઇને રાજ્ય સરકાર અનેક વખત વાતો કરતી હોય ત્યારે માતા–પિતા ઉપર આધારિત જે દીકરીઓ છે એને પેન્શનનો લાભ મળવો જોઇએ એવી મારી લાગણી છે. રાજ્ય સરકારના પોતાના બજેટનું કદ વધતું જાય છે એવા અનેક અભિનંદન અપાય છે. લાખ લાખ અભિનંદન આપું છું કે, આવડું મોટું બજેટ રજૂ થયું છે. મારે પણ અભિનંદન આપવા હોય તો લાખ લાખ અભિનંદન આપી શકું તેમ છું, હું તો આ ગૃહનો ધારાસભ્ય રહી ચૂક્યો છું આ ત્રીજી વખત આ ગૃહનો સભ્ય થયો છું. વર્ષ ૧૯૯૦માં અમે ચૂંટાયા ત્યારે ૧૭૫૦ રૂપિયાનો પગાર અમને મળતો હતો અને ત્યારે પણ અમે અમારી કામગીરી કરતા હતા, બહુ સરસ રીતે કામગીરી કરતા હતા કારણકે રૂપિયાનું કદ ત્યારે મોટું હતું. આજે રૂપિયો ક્યાં પહોંચ્યો છે. બાંગ્લાદેશ અને પાકિસ્તાન આપણા કરતાં નબળા દેશ કહેવાય એની સામે આપણો રૂપિયો નબળો પડ્યો છે, નેપાળમાં પણ આપણો રૂપિયો ન ચાલે એવી પરિસ્થિતિ નિર્માણ થઇ છે, ત્યારે લાખ લાખ અભિનંદનની વાતો કરીએ છીએ પણ લાખ લાખ અભિનંદનના બદલે બિન–વિકાસ ખર્ચ જે વધ્યો છે તે ખર્ચ તરફ માનનીય નાણામંત્રીશ્રી આપનું ધ્યાન દોરવા માટેની મારી જરૂરિયાત ઊભી થઇ છે. ખેડૂતો માટે સતત વાત થઇ રહી છે ખેડૂત દેવાના ડુંગરમાં દબાતો જાય છે. આજે ગુજરાત દેવાળીયું બન્યું છે અને દેવું એટલું બધું વધ્યું છે કે જયારે ગામડામાં જઇએ છીએ અને કહે છે કે, શ્રી વિરજીભાઇ તમે ધારાસભ્ય છો, વાતો કરો છો કે આમ વિકાસ કર્યો, આમ વિકાસ કર્યો પરંતુ આજે અમારે ત્યાં જન્મતું એક બાળક રૂ. ૬૦ હજારના દેવા સાથે જન્મે છે ત્યારે તમે તેની વિધાનસભામાં વાત કરો છો કે કેમ ? માનનીય નીતિનભાઇ, હું એટલે કહેવા માગું છું કે, માત્ર વાતો કરવાથી, રૂપકડાં નામો આપવાથી, ઉત્સવો કરવાથી આ ગુજરાત નહીં બચાવી શકાય. આ ગુજરાતને બચાવવા માટે ગાંધી અને સરદાર પટેલના જે સિદ્ધાંતો હતા તે પ્રમાણે કામગીરી કરવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫ પછી ભારતીય જનતા પાર્ટીના શાસકોને મારે પૂછવું છે કે, અનેક મોટી યોજનાઓ, સિંચાઇ યોજનાઓ બની હતી આપે તો ખાતમુહૂર્ત કર્યા પછી હું જે દિવસનો આ વિધાનસભા ગૃહમાં આવ્યો છું તે દિવસનો કહું છું કયાં છે મારી સાંતલી સિંચાઇ? ત્રણ ત્રણ વખત તત્કાલીન મુખ્યમંત્રી અને આ દેશના વડાપ્રધાન જેનુ ખાતમુહૂર્ત કરી ચૂકયા છે એ યોજના રદ કરવી પડી છે સરકાર પાસે પૈસા નથી, તો સરકાર શું કામગીરી કરે છે ? ખેડૂતોને બચાવવા માટેની વાત હોય તો આવી મોટી યોજનાઓથી બચાવી શકાય. મારે ખેડૂતના ઘઉંનો ભાવ જયારે ૧૧ રૂપિયા હતો ત્યારે મીઠાનો ભાવ ૪ રૂપિયે કિલો હતો. આજે ખેડૂતના ઘઉંનો ભાવ ૧૧ રૂપિયાથી વધીને ૧૯ રૂપિયા થયો છે જયારે મીઠું આજે ૨૫ રૂપિયે પહોંચ્યું છે. ગૃહિણીનું પોતાનું બજેટ ખોરવાયું છે. ઉદ્યોગપતિના હાથમાં જવાના કારણે આ મીઠું આટલું બધું મોંઘું થયું છે અને આપણે વાતો કરીએ છીએ. હમણાં આપણા દેશના નાણામંત્રીશ્રી પાર્લામેન્ટમાં પોતાનો જવાબ આપતા હતા ત્યારે મેં જોયુ. પાર્લામેન્ટની યાદીમાં જોતો હતો માનનીય

નિર્મલાજી વિત્તમંત્રી વિધેયકની ચર્ચામાં જવાબ આપતા હતા ત્યારે તેમણે કહ્યું કે પેટ્રોલ અને ડિઝલ ઉપર કેન્દ્ર સરકાર ઉપરાંત રાજય સરકારો પણ ટેક્સની વસૂલાત કરે છે. માનનીય નીતિનભાઇ સાંભળો, પેટ્રોલ અને ડિઝલના સતત વધતાં જતાં ભાવથી પ્રજા ત્રાહિમામ્ પોકારી રહી છે ઉપભોક્તાઓને રાહત આપવા માટે રાજય સરકારોએ ટેક્સ ઘટાડવો જોઇએ આ શ્રીમતી નિર્મલા સીતારમનજી એ આપના પક્ષના નેતા કહે છે. તત્કાલીન મુખ્યમંત્રી અને આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી છે એ ગૃહમાં શ્રીમતી નિર્મલા સીતારમનજી કહે છે અને એમણે સલાહ આપી છે કે જી.એસ.ટી. કાઉન્સિલની મિટિંગમાં જો કોઇ મુદ્દો ઉઠાવે અને કેન્દ્ર સરકાર ચર્ચા કરવા માટે તૈયાર છે શ્રી નીતિનભાઇ, હું આપને કહેવા માગું છું કે તમે જી.એસ.ટી. કાઉન્સિલમાં જશો ત્યારે શ્રીમતી નિર્મલા સીતારમનજી વિધેયક ઉપર નાણાંની ચર્ચા કરતા કરતા કહ્યું છે કે ગુજરાત તો મોડલ સ્ટેટ છે. અહીંયા બેઠેલા આપણા તત્કાલીન મુખ્યમંત્રી આ દેશના વડાપ્રધાન છે ત્યારે શ્રી નીતિનભાઇ આપણે મુદ્દો ના ઉઠાવી શકીએ ? બીજા રાજયો ઉઠાવે કે કેમ તે હું કહેવા માગતો નથી પરંતુ એટલી તો હિંમત દાખવો. તમે રોજ કહો છો કે કોંગ્રેસે આમ કર્યું છે, કોંગ્રેસ નિષ્ફળ ગઇ છે તમે અમને ઘણું બધું કહ્યું છે અને તમારૂં ૨૫-૨૫ વર્ષથી રાજ ચાલી રહ્યું છે. આજે ખેડૂતોના નામની વાતો થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય સી.કે.રાઉલજી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ સાહેબ. ખેડૂતોના ચાર ટકાની મેં વાત કરી એ ચાર ટકા ૧૧૦૦ કરોડ રૂપિયા છૂટ્ટા થયા છે પણ ખેડૂતો ઉપર આધારિત જે ધંધાઓ છે આજે પેસ્ટીસાઇડસના ઉદ્યોગકારો છે કેટલા કરોડ રૂપિયામાં કામગીરી કરી રહ્યાં છે? ખાતર ઉદ્યોગ કેટલા કરોડ રૂપિયા કમાઇ રહ્યો છે ? ટ્રેકટરના પાસ બનાવતો ઉદ્યોગ આજે કેટલા કમાઇ રહ્યો છે? માત્ર ખેડૂતોના નામે સ્પ્રીંકલરનો વેપાર કરનારો આજે કેટલા કમાઇ રહ્યો છે અને ખેડૂતોને રૂપિયો મળતો નથી આ બાબતમાં સરકારે વિચારવાની જરૂર છે.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની આગેવાની હેઠળ રાજય સરકારના નાણાં વિભાગનો હવાલો સંભાળતા આદરણીય માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર રજૂ કરેલ છે તેમાં આજ રોજ ખુદ નાણાં વિભાગ સંભાળતા એવા નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના જે વિભાગો છે તેમાં નાણાં વિભાગ ખૂબ અગત્યનો વિભાગ છે. નાણાં વિભાગ દ્વારા સચિવાલયના સર્વે વિભાગોમાં અંદાજપત્રમાં સમાવેશ થયેલ અને વિધાનસભા દ્વારા મંજૂર થયેલ ગ્રાન્ટની વહેંચણી કરવામાં આવે છે. તેમાં જયારે કોઇ પણ બાબતનો અંદાજપત્રમાં સમાવેશ થયેલ ના હોય તે વિભાગમાં રૂ. ૨૦૦ કરોડની આકસ્મિક ફંડની પણ જોગવાઇ કરી છે. આ ૨૦૦ કરોડ આકસ્મિક ફંડની જોગવાઈના અનુસંધાનમાં વાત કરતાં પહેલાં રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલનો ખૂબ ખૂબ આભાર માનું છું. આ જે રૂ. ૨૦૦ કરોડની આકસ્મિક ફંડની જોગવાઈ છે એમાં આજે મારા પંચમહાલ જિલ્લામાં લગભગ ૪૦ વર્ષ જૂનો પ્રશ્ન હલ થયો છે. આ વિધાનસભા શરૂ થઈ ત્યારે ઘણા પત્રકાર મિત્રો મને પૂછતાં કે, આ હડફ કબુતરી ડેમનું કામ પતી ગયુ છે? ત્યારે મેં ખૂબ દિલથી ખુશ થઈને જવાબ આપ્યો કે, હા, પતી ગયું છે. માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં છેલ્લાં ત્રણ વર્ષમાં રીઝર્વ ફોરેસ્ટમાં ૮૦૦ કુટુંબોનો અમારી ખેડૂતલક્ષી અને સંવેદનશીલ સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની લાગણીથી આકસ્મિક ફંડમાંથી વર્ષ ૨૦૧૮માં લગભગ રૂપિયા ૨૫ કરોડ ફાળવ્યા અને વર્ષ ૨૦૧૯માં રૂપિયા ૫૦ કરોડ ફાળવ્યા. એ ફાળવવા પાછળનો આશય શું? જે અસરગ્રસ્તોને રીઝર્વ ફોરેસ્ટની જમીનમાં સંપાદિત કરવાના હતાં એના રોપાના અનુસંધાનમાં એનું ખાતર, દવા એ ફોરેસ્ટ વિભાગ મારફતે રૂપિયા ૧૨૧ કરોડની દરખાસ્તના ભાગરૂપે આ બે વર્ષ ૨૦૧૮-૧૯માં રૂપિયા ૭૬ કરોડ જેટલી માતબર રકમ ભરવાની બાકી હતી. મેં માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરી કે, મારો આ ૪૦ વર્ષ જૂનો ખેડૂતોનો ૮૦૦ કુટુંબોનો પ્રશ્ન છે. એમના નામે જમીન થઈ નથી. જો આ રકમ આકસ્મિક ફંડમાંથી ભરવામાં આવે તો એમની મુશ્કેલીનો ઉકેલ આવે. તે વખતે અંદાજપત્રમાં જોગવાઈ ન હતી, મને એમ થયું કે, ખેડૂતોની લાગણી પહોંચાડું તો તાત્કાલિક ધોરણે મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ આકસ્મિક ફંડમાંથી રૂપિયા ૭૬ કરોડ જેટલી રકમ ફાળવી તો આજે મારો ૪૦ વર્ષ જૂનો પ્રશ્ન ઉકેલાઈ ગયો છે. આવનાર દિવસોમાં પણ અમારા પંચમહાલ જિલ્લામાં સારા કામ કરવા જઈ રહ્યાં છે તે બદલ હું પંચમહાલ જિલ્લાના ખેડૂતો વતી ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાં વિભાગમાં ત્રણ વિભાગો આવેલા છે. એમાં અધિક મુખ્ય સચિવશ્રી, સચિવશ્રી (આ.બા.), અને સચિવશ્રી (ખર્ચ) એ રીતે કામગીરી થાય છે. એમાં હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, રાજ્ય વાણિજ્યક વેરા કમિશનરની કચેરી અને વીમા નિયામક કચેરી દ્વારા નાણાં વિભાગની સંબંધિત કામગીરી કરવામાં આવે છે. આ કામગીરીમાં સચિવશ્રી (આ.બા.) સચિવાલયના સર્વે વિભાગોને અંદાજપત્રની જોગવાઈ મુજબ ગ્રાન્ટની ફાળવણી કરે છે અને ફાળવણીના ભાગરૂપે આ ખાતાના વડા કામગીરી કરે છે. સચિવશ્રી (ખર્ચ) એ અંદાજપત્રોની નવી બાબતો, ચાલુ બાબતો, યોજનાકીય હાથ ધરવાના ટેન્ડરો સત્તા મુજબ નાણાં સલાહકારશ્રીના અભિપ્રાય સાથે એ મંજૂર કરે છે. આમ, આ ત્રણ વિભાગો દ્વારા આ કામગીરી કરકસરયુક્ત રીતે અને કુશળતાથી થાય છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને સભાગૃહના સૌ ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ માગણીઓ સ્વીકારે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ)

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને આપણા નાણામંત્રીશ્રી માંગણી ક્રમાંકઃ ૧૭ તિજોરી અને હિસાબ વહીવટીની જે માગણી લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં તા.૦૧/૦૭/૨૦૧૭ થી Goods & Service Tax એક્ટનો અમલ થયો છે. આ કાયદાના અમલ પહેલાં જે તે સમયે રાજ્યમાં વેચાણ વેરા કાયદો, મૂલ્યવર્ધિત વેરા કાયદો, કેન્દ્રીય વેચાણ વેરા કાયદો, મોટર સ્પિરિટ એક્શન એક્ટ, એન્ટ્રી ટેક્સ એક્ટ, સુગરકેન પરચેઝ ટેક્સ એક્ટ અમલમાં હતાં. આ કાયદા હેઠળ મોટી સંખ્યામાં કેસો હાલ આકારણી તેમજ વિવાદના વિવિધ તબકકે પડતર છે. તેમાં વસૂલાતની ખૂબ મોટી રકમ સંકળાયેલી છે. આવા પડતર કેસોમાં ઝડપી અને અસરકારક નિકાલ માટે રાજયના વિવિધ વેપારી એસોસિયેશન તરફથી સતત રજૂઆતો સરકારશ્રીમાં કરવામાં આવતી હતી. આ રજૂઆતને ધ્યાનમાં લઈ રાજયના વર્ષ ૨૦૧૯–૨૦ના અંદાજપત્ર પ્રવચન ભાગ–ખ હેઠળ સમાધાન યોજના અમલમાં મૂકવા અંગે જાહેરાત કરવામાં આવી. જે અનુસંધાને વેરા સમાધાન યોજના ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંકઃ જી.એસ.ટી. ૧,૦૨,૦૧૯/૧૦૦૬ ઠરાવ તા.૧૧/૦૯/૨૦૧૯થી જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ કેન્દ્રીય કાયદા હેઠળ વિવિધ નાણાકીય ફોર્મ્સના મુદ્દા અંગે મોટા પ્રમાણમાં અપીલ કાર્યવાહી પડતર હોય તેનો ઝડપી નિકાલ થાય તે માટે મૂળ યોજનામાં જરૂરી ફેરફાર કરવા તેમજ યોજનાને વધુ સરળ બનાવવા માટે વિવિધ સંગઠનો, ટેક્સ, બાર એસોસિએશન તેમજ વેપારીઓ તરફથી રજૂઆતો મળેલ. જે ધ્યાને લઈ સરકારશ્રીએ તા.૦૬/૧૨/૨૦૧૯ના રોજ સુધારેલી યોજના જાહેર કરેલી.

માનનીય અધ્યક્ષશ્રી, આ વેરા વસૂલાત તેમજ આખી ગુજરાતની ૬.૫ કરોડ જનતા જયારે આ વેરો ભરતી હોય, પ્રજાના પૈસાને જયારે સરકાર પ્રજા સુધી પહોંચાડતી હોય અને વિવિધ કામોમાં એનો સદ્‌ઉપયોગ થતો હોય, આપણા નાણામંત્રી એ માર્ગ મકાન વિભાગના મંત્રી છે અને આરોગ્ય મંત્રી પણ છે. આજે જયારે તેઓ માંગણી લઇને આવ્યા છે ત્યારે મારે આપના માધ્યમથી એવું જણાવવું છે કે, જયારે કોઇપણ પ્રકારનો ખર્ચ પ્રજા સમક્ષ થતો હોય ત્યારે હું ઘણી વખત આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબને જોઉં કે ઘણી વખત અમારી રજૂઆતો હોય, રજૂઆત લઇને અમે જયારે જતા હોય ત્યારે નાણાં વિભાગ એમની પાસે છે, આરોગ્ય વિભાગ એમની પાસે છે, માર્ગ અને મકાન વિભાગ એમની પાસે છે, એ ભાજપ કે કૉંગ્રેસનો કોઇપણ ધારા સભ્ય હોય, પ્રજા પ્રતિનિધિ છે એટલું સમજીને, મેં હમણાં કહ્યું છે કે, એમના ડિપાર્ટમેન્ટમાંથી કે ભાઇ સ્ટેટ આરએન્ડબીના રસ્તાઓ, પંચાયતના રસ્તાઓ, સાત વર્ષની મર્યાદામાં આવતાં રસ્તાઓ તેમજ રીસરફેસીંગ હોય, નોન પ્લાન હોય બધાને એમના ત્યાંથી લેટર મળતો હોય છે, લેટર પહોંચે કે આટલા કરોડની રકમના રસ્તાઓ આપને સૂચવવા અને તાત્કાલિક તમારે અમારી કચેરીમાં, અમારા ડિપાર્ટમેન્ટને મોકલવા. મારે એ વસ્તુ કહેવી છે કે, જયારે ઘણીવાર એમ થાય કે શ્રી નીતિનભાઇ સાહેબ જોડે જઇએ તો ૧૦ કરોડની માંગણી આપણે લખી છે અને ૧૫ કરોડના કામ આપી દે તો ઘણું સારુ અને એ વખતે જયારે શ્રી નીતિનભાઇ સાહેબ આપણી આગળ જે વાત મૂકે અને એ કહે કે ભાઇ, અમે દરેક ધારાસભ્યના રૂ. ૧૦ કરોડ સુધી મંગાવ્યા છે. દરેકને પછીના વર્ષમાં નવા ટાઇમે નવી રીતે જોગવાઇ કરીશું ત્યારે ઘણીવાર એવું થાય કે એમની જગ્યાએ કદાચ આપણે હોઇએ તો કોઇને નારાજ ન કરીએ, લઇ જાઓ રૂ. ૧૦ની જગ્યાએ ૧૫ કરોડ, ૧૪ કરોડ પણ સાહેબ એક પણ રૂપિયો ખોટી રીતે સરકારનો ના વેડફાય, રસ્તાઓ પણ લોકો મોકલે તો એ રસ્તાઓ સાત વર્ષ થાય તો સાત વર્ષ સુધીના રસ્તાઓને રીસરફેસીંગનું કામ આપવું, ખોટી રીતે કોઇને મનાઇને, પોતપોતાની રીતે વહાલા–દવલાની નીતિ ન રાખીને અને થોડાક લોકોને કડવા લાગે એવું પણ થઇને સરકારના રૂપિયાનો સારી રીતે ખર્ચ થાય એવી તમામે તમામ જવાબદારી સંપૂર્ણ રીતે નિભાવતા હોય અને દરેક રીતે દરેકને પોતાના વિભાગની અંદર બધા જ વિભાગ એમના આવે છે, નાણાં વિભાગની નીચે બધા જ વિભાગ આવે છે, બધા જ વિભાગની સરખી ગ્રાન્ટ, સરખી રીતે, ભાજપ કૉંગ્રેસમાં ન પડીને, પ્રજાનો પૈસા પ્રજા સુધી પહોંચે આ વેરાની જે રકમ સરકારમાં મળે છે અને એ વેરાની રકમ દર વર્ષે સરકાર જયારે પ્રજા પાછળ વાપરે છે, હું આજે પણ કહું છુ કે છેલ્લાં કેટલાય વર્ષોથી જે ભારતીય જનતા પાર્ટીની સરકાર બની છે અને અવિરત દરેક ચૂંટણીઓમાં જે વિજય મેળવી રહી છે, એનું માત્ર અને માત્ર જો કારણ હોય તે યોગ્ય વહીવટ, સારો વહીવટ, પ્રજાલક્ષી વહીવટ અને પ્રજા સુધી પ્રજાના કામ પહોંચાડવાવાળો વહીવટ છે. એટલા માટે જ આ વસ્તુ થઇ રહી છે. હું આદરણીય નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપુ છું. આ હમણાં જે મેં વાત કરી કે આ યોજનાના મુખ્ય આકર્ષક પાસાઓ નીચે જણાવ્યા મુજબ છે. આ યોજના હેઠળ વેપારી મૂળ માંગણા મુજબ વેરાની સંપૂર્ણ રકમ ભરે તો વ્યાજ અને દંડનું સંપૂર્ણ રેમિશન આપવામાં આવે છે. આ યોજના હેઠળ કરેલી અરજી તારીખ પહેલાં મૂળ માંગણા સામે ભરેલી હાફીંગ રકમને મૂળ વેરાની રકમની સામે પૂરેપૂરી બાદ આપવામાં આવે છે. ભૂતકાળની યોજનાઓમાં આવી જોગવાઇ કયારેય કરવામાં આવી ન હતી. મેં જે વાત કરી એ પ્રમાણે ટર્નઓવરમાં વધારો કરેલો હોય તેવા અનવેશન કેસમાં પણ મૂળ વેરાના ૧૨૦ ટકા રકમ ભરવામાં આવેલ રકમથી બાકી રકમ રહેતા વેરા વ્યાજ અને દંડનો સંપૂર્ણ રેમિશન આપવામાં આવે છે. સાહેબ, હું કહું કે કોવિડ–૨૦૧૯માં જી.એસ.ટી.ના રિર્ટન ભરવામાં પણ રાહત. કપરું વર્ષ હતું, આવું વર્ષ કોઇ દિવસ કોઇએ જોયું નહોતું. દરેક વખતે આપણે અલગ અલગ રીતે વિચારવાનું અને ચાલવાનું. આપણા માટે દરેક વસ્તુ કપરી હતી અને પરિસ્થિતિમાંથી બહાર આવવાનું હતું. સાહેબ, હું ફરી એક વખત અભિનંદન આપું છું કે આવા કપરા કાળની અંદર પણ કોવિડના આવા સમયની અંદર સાહેબ તમામ વેપારીઓએ આ ગુજરાત સરકારના વહીવટને વખાણ્યો છે. આ જી.એસ.ટી.ની અંદર વર્ષ ૨૦૧૯માં રિર્ટન ભરવામાં જે રાહત આપી છે તેના કારણે એક પણ જગ્યાએ કોઇ બૂમ પડી નથી. વિપક્ષને પણ મોકો મળ્યો નથી, સરકારની સામે કાંઇક બોલવાનો. સાહેબ, આ યોગ્ય અને સુનિશ્ચિત વહીવટ એને કહી શકાય. એટલે હું કહું છું કે આવા કપરા સમયની અંદર પણ સરકારે સારો વહીવટ કર્યો છે.

## તા. ૩૦મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે આ માગણી લઇને આવ્યા હોય, આ માગણીની અંદર આપણે સંપૂર્ણ રીતે ૧૮૨ ધારાસભ્યશ્રીઓ અહીંયા આગળ છીએ તો આ માગણીઓમાં કાપદરખાસ્ત ન મૂકીને સર્વ સંમતિથી માગણીને આપણે સ્વીકારવી જોઇએ. સાહેબ સરકારનો વેરાનો રૂપિયો પ્રજા સુધી પહોંચે છે, યોગ્ય વહીવટ થાય છે. પ્રજા એનાથી ખુશ છે. વારંવાર પ્રજા તેનો નિર્ણય મતો દ્વારા આપે છે. ત્યારે સૌને હું વિનંતી કરું છું કે આદરણીય નાણામંત્રીશ્રી જયારે ત્યારે આપણે સર્વ સંમતિથી માગણીઓનો સ્વીકાર કરે, વંદે માતરમ્, ભારત માતા કી જય.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નાયબ મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રી જે નાણાં વિભાગની માગણી નંબરઃ ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ લઇને આવ્યા છે એના માટે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇએ હમણાં જ કહ્યું કે, લોન લેવામાં પણ હિંમત જોઇએ, મને લાગે છે કે શ્રી નીતિનભાઇ એ વિશ્વ બેંક કે બીજી સંસ્થાઓ લોન આપતી હોય એ શું ચહેરો જોઇને આપે છે? સરકારની મિલકત હશે, અસ્કયામતો હશે, તેના બેલેન્સ સીટ હશે આ બધા પર એ લોન આપે છે. કોઇના બાપદાદાએ કરોડો રૂપિયાની પ્રોપર્ટી વસાવી હોય અને એ વેચીને આપણે બંગલા બનાવીએ, હેલીકોપ્ટર કે ગાડીઓ લાવીએ એને વિકાસ કર્યો ન કહેવાય એને દેવું કર્યું કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, પેન્શન માટેની માગણીઓ જે લઇને આવ્યા છે તેમાં પેન્શન એ કર્મચારીઓનો અધિકાર છે. પરંતુ જે રીતે છેલ્લા ઘણા સમયથી આ ખાસ ચર્ચા કરવા જેવો વિષય છે. શિક્ષણ વિભાગ અને નાણાં વિભાગ આ બન્ને વચ્ચે જે રીતે કામ ચાલી રહ્યું છે, એ ચિંતાજનક છે. ઉચ્ચ શિક્ષણની વાત કરું તો એમાં ૧૫ થી વધારે ગ્રાન્ટેબલ કોલેજોની અંદર નોકરી કરતા જે પ્રિન્સીપાલો હતા એમને રિટાયર્ડ થયે દોઢ વર્ષ થયું પણ એમને હજી સુધી પેન્શન આપવામાં આવતું નથી. નાણાં વિભાગ એવું કહે છે કે એમની સર્વિસ કન્ટિન્યૂસ ગણવી, એ ગણવા માટેના તમામ ડોકયુમેન્ટ જે તે પ્રિન્સીપાલોએ વિભાગને જમા કરાવી દીધા છે. એટલે મારી નાણામંત્રીશ્રીને વિનંતી છે કે, આપ તાત્કાલિક સૂચના આપી, જેમનો પેન્શનનો અધિકાર છે એમને તાત્કાલિક પેન્શન મળે. એટલા માટે કે જે સર્વિસ જોઇન્ટ કરવાની વાત છે, એ વિભાગે કરવાની છે એમાં કર્મચારીને કાંઇ લેવા દેવા નથી. નાણાં વિભાગના એક અધિકારીએ માનનીય બાપુ એક અમારા કૉલેજના પ્રિન્સીપાલને કહ્યું કે તમે તો કશું ભણાવતા નથી એમ શ્રી નીતિનભાઇ કહેતા હતા શ્રી કીરીટભાઇ ભણાવતા નથી, લેકચર લેતા નથી અને તમારો પગાર અઢી – અઢી લાખ રૂપિયા હોય છે. એટલે આપણા જે નાણાં વિભાગના આવા અમુક જે કર્મચારીઓ હોય એ આવી માનસિકતામાં બહાર આવે. જે પગાર મળે છે તે યુ.જી.સી.ના ધારા–ધોરણ પ્રમાણે મળે છે. એની કમ્પેરીઝન હોય નહીં. એટલે જો આવી માનસિકતાથી કૉલેજના અધ્યાપકોના અને પ્રિન્સીપાલોના....

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. સભાગૃહ ફરી ત્રણ વાગે મળશે, અરધો કલાકની રિસેસ છે. માનનીય કીરીટભાઇ વિરામ પછી આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી કીરીટકુમાર ચી. પટેલ (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો કે નાણાં વિભાગ અને બીજા વિભાગો વચ્ચે સંકલન થાય અને આ પેન્શનની ફાઇલોનો ઝડપી નિકાલ થાય.

કૉલેજના જે નિવૃત્ત અધ્યાપકો હતા એમને પણ સાતમું પગાર પંચ આપવા માટેની જોગવાઇ કરવામાં આવી, પરિપત્ર કરવામાં આવ્યો હતો. પેન્શન કચેરીએ અધ્યાયકોને પત્ર પણ લખી દીધો હતો પરંતુ હજી સુધી એમને પેન્શન ચૂકવવામાં આવતું નથી.

રાજયની ગ્રાન્ટેબલ કૉલેજના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ હતા એમને છઠ્ઠ પગાર પંચ આપવાનું સ્વીકાર્યું અને તારીખ ૦૧/૦૪/૨૦૦૬ થી તારીખ ૩૧/૦૩/૨૦૦૯ સુધીનું એરિયર્સ હતું એ પાંચ હપ્તામાં આપવાની વાત થઇ હતી એ આપી દેવામાં આવેલ છે. પહેલો હપ્તો જી.પી.એફ.માં નાખવાની વાત હતી પરંતુ એનું વ્યાજ હજુ સુધી આપવામાં આવેલ નથી. કૉલેજનો પ્રિન્સિપાલ હોય તો એને લગભગ ૧ લાખ ૩૦ હજાર રૂપિયા, અધ્યાપક હોય તો એક લાખ અને કર્મચારીને આઠ હજાર રૂપિયા વ્યાજ હજુ સુધી મળ્યું નથી તો એ ઝડપથી મળે એવી મારી વિનંતી છે.

માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું કે ગ્રાન્ટેબલ કૉલેજના પ્રાધ્યાપકોની ફિકસ પગારની ફાઇલ નંબર ૩૭૦૩૬૩ અને ફાજલનું રક્ષણ આપવા માટેની ફાઇલ નંબર ઈ–૧૬૬૯૬૩, નાણાં વિભાગના જ શાખામાં પડી છે એ ઝડપી આપવામાં આવે એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જૂની પેન્શન યોજનાની વાત કરું તો આપણા સૌના માટે ચિંતા કરવાનો વિષય છે. માનનીય નીતિનભાઇ ઉદાહરણ આપીશ. શ્રી કલ્પેશ એમ. ચૌહાણ નામનો જુનિયર કલાર્ક હતો એ તા.૧૨/૦૧/૨૦૦૫ના દિવસે નોકરીમાં લાગ્યો અને પાંચ વર્ષ સુધી ફિકસ પગાર એટલે કે ૨૫૦૦ રૂપિયામાં નોકરી કરી. છઠ્ઠા પગાર પંચ મુજબ ૧૯૦૦ના ગ્રેડ પેની અંદર જયારે એ રીટાયર્ડ થયો એ સાતમાં પગાર પંચમાં રૂપિયા ૧૯,૯૦૦ પગાર હતો એનું તા.૩૦/૦૮/૨૦૧૯ના દિવસે અવસાન થયું. અવસાન સમયે એનો પગાર રૂપિયા ૨૨,૪૦૦ હતો, એનો ગ્રોસ પે રૂપિયા ૨૭,૨૦૦ હતો એ જ પ્રમાણે જૂની પેન્શનની યોજના પ્રમાણે જો એને પેન્શન આપવામાં આવે તો એને રૂપિયા ૧૧,૨૦૦ પેન્શન અને મોંઘવારી પ્લસ ડી.એ. મળે. પરંતુ હાલ એને રૂપિયા ૧૭૭૭ પેન્શન આપવામાં આવે છે. એટલે આવી પેન્શન સ્કીમ રદ કરીને કર્મચારીઓને જૂની પેન્શન સ્કીમ આપવામાં

આવે. આ તો એવું થયું કે યુવાનીના પાંચ વર્ષ ફિક્સ પગારમાં ગયા અને રિટાયર્ડ થયા ત્યાં નવા પેન્શનમાં ફિક્સ પગાર જેવું થાય છે એટલે એવું ન થાય એ જોવાની જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે દિવ્યાંગોની વાત કરીએ છીએ. એમને જે પેન્શન મળતુ હતું એ પેન્શનની રકમ વધારી અને બીજા રાજ્યોની જેમ જે રીતે દિવ્યાંગોને પેન્શન આપવામાં આવે છે એ જ રીતે માનનીય નીતિનભાઇને વિનંતી કરું છું કે નવ નવ વખત બજેટ રજૂ કરનાર અને નાણાં વિભાગના નાથ અને દમદમાદર દેવું વધારનાર દેવાદાર ગુજરાતના દમદાર નાણામંત્રીને વિનંતી કરું છું કે સતત કરવેરાનું ભારણ વધી રહ્યું છે, વિકાસના નામે વસૂલાત કરવામાં આવે છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી માગણી નંબર ૧૭ લઇને આવ્યા છે એમના સમર્થનમાં કેટલાક વિચારો વ્યકત કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે રાજ્યની તિજોરી તરબતર હોય, ભરચક હોય એ રાજયના નાણામંત્રીની અને મુખ્યમંત્રીની પણ રાજય લેવલ અને રાષ્ટ્રીય લેવલે ગણના થતી હોય છે. મને બરાબર યાદ છે કે વર્ષ ૧૯૯૫ પહેલાં જે બજેટ હતું એ ૮ હજાર કરોડ રૂપિયાનુ હતું અને એમાં પગાર કરવાના સાંસા પડતા હતા, પગાર કરવાના પૈસા હોય નહિ. એ વખતે રાજ્યના વડા દિલ્હીમાં જઇને ૩–૩ દિવસ સુધી પ્રધાનમંત્રીને મળવા માટેનો પ્રયાસ કરે અને ૩ દિવસ સુધી પ્રધાનમંત્રી મળે પણ નહીં. આ નાણાં વગરની સ્થિતિ હોય ત્યારે મને કહેવત યાદ આવે છે. એમ કહેવાય છે કે નાણાં વગરનો *(XXX) અને નાણે નાથાલાલ.

અધ્યક્ષશ્રી : આ *( XXX) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ : સોરી સાહેબ, તેની કિંમત છે કે જે રાજ્યના નાણામંત્રી પાસે ભંડોળ હોય. એમ કહેવામાં આવ્યું કે રાજ્ય દેવાદાર છે. રાજ્ય દેવામાં ડૂબતું જાય છે પણ દેવું એને મળે છે, ધિરાણ એને મળે છે કે જેની કંઇક આબરૂ હોય. પ્રધાનમંત્રીને મળવા જાય અને ત્રણ દિવસ સુધી મળે નહીં અને ઓ.ડી.ના પૈસા પણ મળે નહીં. આ એક વખતની રાજ્યની સ્થિતિ હતી. એ વખતે અંબાજી ટ્રસ્ટને પગે લાગીને ટ્રસ્ટમાંથી પૈસા લઇને પગાર કરવા પડે એવી સ્થિતિ રાજ્યની હતી. આજે આ રાજ્યની તિજોરી તરબતર છે. ૨ લાખ ૨૭ હજાર કરોડનું બજેટ. ક્યાં ૮ હજાર કરોડ અને ક્યાં ૨ લાખ ૨૭ હજાર કરોડ. આ બન્ને વચ્ચેનો ડિફરન્સ બતાવે છે કે રાજ્યે કેટલી પ્રગતિ કરી. તિજોરીનો વિભાગ એ મહત્ત્વનો વિભાગ છે. એક રૂપિયો આવે અને સામે એક રૂપિયો જાય. આ તમામ પ્રકારનો હિસાબ રાખવાનું મહત્ત્વનું કામ તિજોરી વિભાગ કરે છે. ૩૩ જિલ્લામાં તિજોરી કાર્યરત છે. ૧૩૭ પેટા–તિજોરીઓ છે. ૨ પગાર અને હિસાબ કચેરીઓ છે. ૫ પેન્શન અને ચૂકવણીની કચેરીઓ છે. ઇ.પી.ઓ.એ. કચેરી ૧ છે અને વિભાગીય કચેરી ૧ એમ કુલ મળીને ૧૭૯ કચેરીઓથી આ વિભાગ કામ કરી રહેલ છે. એક વખતે કોઇ પણ માણસને પૈસા લેવા હોય તો ચલણ લઇને બેંકમાં લાઇનમાં ઊભા રહેવું પડતું હતું. આજે એ ચલણની સિસ્ટમ નીકળી ગઇ અને ઓનલાઇન સિસ્ટમથી તમામ પ્રકારના પગાર, ભથ્થા, વ્યવસ્થા, પેશગી એ ઓનલાઇન થઇ છે. તેના કારણે વેપારીઓને અને લોકોને હાલાકી ઓછી થઇ છે. રાજ્યમાં જે જિલ્લામાં અને તાલુકામાં તિજોરી નથી એવા ૮૧ તાલુકાઓ છે. એ ૮૧ તાલુકાઓમાં પણ રાષ્ટ્રીયકૃત બેંકોની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના કારણે નાણાં ભરવાની વ્યવસ્થા જે તે રાષ્ટ્રીયકૃત બેંકો મારફત થઇ શકે. તેના દ્વારા જે કંઇ નાણાં આવે છે એ વિવિધ વિભાગમાં ફાળવવાની વ્યવસ્થા છે અને તેમાં કુલ મળીને ૪,૧૬૧ અધિકારીઓ ઉપાડ અને વહેંચણી કરનાર અધિકારીઓની વચ્ચે આખો વિભાગ વહેંચાયેલો છે. તેના મારફત ગ્રાન્ટ ઓનલાઇન છે. પગાર ઓનલાઇન છે. ઇ–કુબેર મારફતે ઇ–પેમેન્ટ થાય છે. વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ. ભૂતકાળમાં ઘણી વખત એવા બનાવો બન્યા હતા કે વિદ્યાર્થીઓને અને વાલીઓને ખબર ન હોય, શિષ્યવૃત્તિની રકમ આવી ગઇ હોય અને શિક્ષક બારોબાર રકમ ઉપાડી ગયા હોય એવી અનેક ફરિયાદો ભૂતકાળમાં થઇ છે. આજે વિદ્યાર્થીઓને મળવાપાત્ર શિષ્યવૃત્તિની રકમ સીધી વિદ્યાર્થીઓના ખાતામાં જાય છે. વિદ્યાર્થીને એકએક પૈસો મળતો થયો છે. આધારકાર્ડના આધારે તેના બેંકના ખાતામાં પૈસા જમા થતા ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે પેન્શન મેળવતા વરિષ્ઠ નાગરિકોને ત્રિમાસિક કે અર્ધવાર્ષિક પેન્શન મેળવવાનું હોય એ મેળવવાની વ્યવસ્થા પણ તિજોરીનો પેટા વિભાગ કરે છે. પગાર અને ચકાસણી એકમ આ શાખા દ્વારા છઠ્ઠા પગાર પંચ અન્વયે થયેલ પગાર બાંધણી ચકાસણીની કામગીરી ઓનલાઇન કરવામાં આવે છે. તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ દરમ્યાન કુલ ૧૨,૮૪૨ કેસનો આ વિભાગ દ્વારા નિકાલ કરવામાં આવ્યો છે. એ જ રીતે આ શાખા મારફત સાતમા પગારપંચ અંગેની બાંધણી, ચકાસણીની કામગીરી ઓનલાઇન કરવામાં આવે છે. જેના દ્વારા તા.૦૧/૦૧/૨૦૨૦થી તા.૩૧/૧૨/૨૦૨૦ દરમ્યાન કુલ ૧,૦૨,૭૦૬ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. આમ, સર્વગ્રાહી રીતે જો તજોરી ભરચક હોય, તેમાં કાણાં પડેલા ન હોય. મને બરાબર યાદ છે. કેશુભાઇ પટેલ જ્યારે મુખ્યમંત્રી હતા અને તે વખતે તેમને પૂછવામાં આવ્યું, તમે આ પૈસા કેવી રીતે ભરપાઇ કરશો? ત્યારે કેશુભાઇએ જવાબ આપ્યો હતો કે તિજોરીમાં પડેલ કાણાઓ અને છિદ્રો પહેલાં પુરવાનું કામ કરીશું. આ છિદ્રો પુરાય તો પૂરાંત થાય અને એના કારણે આપણે જોઇએ છીએ કે આજે ૨ લાખ ૨૭ હજાર કરોડનું બજેટ આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યું છે. માનનીય નીતિનભાઇ પટેલ જે દરખાસ્ત લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી એમના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાં વિભાગ ખૂબ જ અગત્યનો વિભાગ છે. ખૂબ ચિંતાનો વિષય કે નાણાં ક્યાંથી આવશે, કયો ટેક્સ નાખીશું, કેટલી લોન લઇશું, કેવી રીતે પૈસા ભેગા કરવા એ ચિંતાનો વિષય છે. સાથોસાથ એ પૈસા ક્યાં વાપરવા એ નાણાકીય

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શિસ્ત જાળવવાનું કામ આ વિભાગ કરતું હોય છે. આ વિભાગ બે રીતે નાણાં ખર્ચે છે. એક વિકાસલક્ષી ખર્ચ અને બીજી બિન વિકાસલક્ષી ખર્ચ. વિકાસલક્ષી ખર્ચમાં ચોક્કસ નાણાંનું આયોજન કે આ સ્કીમ અને એની પાછળ આ ખર્ચ, આ પ્રમાણે ચોક્કસ આયોજન કરવાનું હોય છે. પરંતુ એમાં જોઇએ છીએ કે ઘણા એવા વિભાગો છે, ખાસ કરીને પછાત વિકાસનો વિભાગ જોઇએ તો જે આયોજન કરવાનું થાય છે એ લમસમ રકમનું થાય છે. એના લીધે જે પૈસા વપરાવા જોઇએ એ વપરાતા નથી. સાથોસાથ જે જુદા જુદા વિભાગોમાં પૈસા જાય છે એના આયોજન માટે શરૂઆતમાં, અત્યારે બજેટ પાસ કરી દઇએ છીએ પણ પૈસા વાપરવાના છે એ વપરાતા નથી. છેલ્લા મહિનાઓમાં ડિસેમ્બર થી માર્ચ સુધી આ પૈસા વપરાતા હોય છે. એના લીધે મોટાભાગની સ્કીમોનો અમલ થતો નથી. મોટાભાગના પૈસા વપરાતા નથી અને પૈસાનો વ્યય થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બિન વિકાસલક્ષી ખર્ચ છે એમાં ગયા વખતે રૂપિયા ૬૧,૫૫૬ કરોડ હતા એના આ વખતે રૂપિયા ૯૦,૭૦૬ કરોડ જેટલા બિન વિકાસલક્ષી ખર્ચનું પ્લાનીંગ આપણે કર્યું છે. આપણે દેવું કરીએ, દેવું જરૂર કરવું પડે પણ એ વિકાસ માટે હોવું જોઇએ. તમે જે દેવું કરો છો એ મોટાભાગે સરકારના ઉત્સવો, સરકારના મહોત્સવો, સરકારની વાહવાહ, હોર્ડીંગ્ઝ લગાવવા અને નાના મોટા પ્રોગ્રામમાં થાય છે. જિલ્લાથી માંડીને તાલુકા સુધી એટલા બધા પ્રોગ્રામો થાય છે કે આખા જિલ્લાનું તંત્ર દોડે છે. આઇ.એ.એસ. કલેક્ટર, ડી.ડી.ઓ. બધા નાના પ્રોગ્રામમાં દોડે એટલે બિનજરૂરી ખર્ચ થાય છે અને ઓફિસમાં એ મળી શકતા નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે, પહેલા એવું હતું કે કોઇપણ આઇ.એ.એસ. અધિકારી હોય તો ફક્ત કેબિનેટ મિનિસ્ટર જાય ત્યારે એ અધિકારી ઓફિસ છોડીને જતા. હવે એવું થયું છે કે નાના પદાધિકારી કહે પ્રોગ્રામ કરો એટલે કલેક્ટર પણ ત્યાં જાય છે. આ યોગ્ય નથી. આમાં ફેરફાર કરવો જોઇએ. આવું થશે તો ખર્ચમાં બચત થશે. કર્મચારીઓની સંખ્યા દિવસે દિવસે ઘટતી જાય છે એના લીધે આપની લાએબિલિટી ઘટતી જાય છે. પેન્શન બંધ કરી દીધું છે એ પણ લાએબિલિટી થોડી ઓછી થઇ છે એવું લાગે છે. આપણે કર્મચારીઓ નીમીએ છીએ એ આઉટસોર્સ અને ફિક્સ પગારદાર છે. એમને પગાર ઓછો આપવાનો થાય છે એટલે ખર્ચ ઓછો થાય છે. જુદા જુદા વિભાગો છે એમાં ૩૦ થી ૪૦ ટકા જગ્યાઓ ખાલી છે એના લીધે પગારમાં બચત થાય છે. અમારા અરવલ્લી જિલ્લાની વાત કરું તો સિંચાઇ વિભાગ છે એમાં જિલ્લાના કાર્યપાલક ઇજનેર, તાલુકાના ડેપ્યુટી ઇજનેર, મદદનીશ ઇજનેર વગેરે બધી જગ્યાઓ ખાલી છે તો યોજના કોણ બનાવે? આપ કહો છો કામ થાય છે પણ કઇ રીતે થાય? બીજું કહેવું છે કે, મંત્રીમંડળની સાથેના કર્મચારીઓ છે એ કર્મચારીઓને સ્પેશિયલ પે આપવામાં આવે છે એમાં ઘણા સમયથી ફેરફાર કરવામાં આવ્યો નથી. મારી વિનંતી છે કે એમાં વિચારો અને જે કર્મચારીઓ રાત–દિવસ જોતા નથી. પહેલા એવું હતું કે કર્મચારી વધુ કામ કરે તો ઓવર ટાઇમ આપતા હતા, વધુ પગાર આપતા હતા એ આ સરકારમાં બંધ થયું છે. શનિ–રવિ જોયા વગર પોતાના પરિવારને ભૂલી જાય છે એવા કર્મચારીઓને ઓવર ટાઇમ આપવો જોઇએ. એમના પગારમાં વધારો થવો જોઇએ. સરકારની પાયાની સુવિધાઓ જેવી કે સિવિલ હોસ્પિટલો વગેરે એ તમામનું પ્રાઇવેટાઇઝેશન કરવા જઇ રહ્યા છીએ એનાથી પણ તમારો ખર્ચ બચે છે. પહેલાં એવું સાંભળવા મળતું મોંઘવારી કઇ કક્ષા સુધી? પેટ્રોલ, ડિઝલ, કેરોસિન, ગેસ, હવે શું છે? હવે ક્યાં સુધી ગઇ? હવે ક્યાં સુધી ગયું? હવે સાહેબ, તમારી જે એક્સાઇઝ ડ્યૂટી. ખરેખર તો એક્સાઇઝ ડ્યુટી વધવી નહોતી જોઇતી પણ ૧૩ વખત એક્સાઇઝ ડ્યૂટી વધારી. સાહેબ, ૩.૪૬ રૂપિયાની ડિઝલ એક્સાઇઝ ડ્યુટી આજે ૩૧.૮૩ રૂપિયા થઇ અને પેટ્રોલમાં ૩૨.૯૮ રૂપિયા આટલો બધો વધારો! ૮૨૦ ટકા! અને પેટ્રોલમાં ૨૫૮ ટકા! બીજું, સરકાર ત્યાં વધારે અને આપણે અહીંયા વધારીએ છીએ. ગુજરાતમાં વેટ વધારીએ છીએ એના લીધે પ્રજાને ક્યાં જવું? આપણે કંઇક વિચારો. આપણે જરૂર એમ કહીશું કે ૨૪ ટકા હતા અને હવે ૧૭ ટકા કર્યા પણ સાથે તમે શેષ લ્યો છો અને જે કંમ્પેરીઝન થાય છે એ પૈસામાં નથી કરતા પણ ટકામાં થાય છે એટલે યેનકેન પ્રકારે એનો ભાવ અત્યારે લગભગ ૯૦ રૂપિયા આસપાસ પહોંચ્યો છે ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે તમે જે ગેસના બાટલામાં ૩૮૦ રૂપિયાથી ૮૮૬ રૂપિયા વધારી દીધા. સાહેબ, તમે તો એમ કહેતા હતા કે બહેનોને આંસુ નીકળે છે એટલે ગેસનો બાટલો આપીએ પણ હવે બહેનોને આંસુ નથી નીળકતા પણ ભાઇઓને આંસુ નીકળે છે. સાહેબ, આ ગેસનો બાટલો કેવી રીતે ભરાવવો? મંત્રીશ્રી આમાં કંઇક વિચાર કરો. કંઇ વાજબી ભાવ કરીને ઓછો રાખો. તમે ભાવ વધારી શકો પણ એટલો બધો વધારો કે જે પોષાય ના શકે એટલો બધો ભાવ આપે વધાર્યો છે. આપે અહીંયા જ બેઠા ત્યારે કહ્યું હતું કે આ દેવું અમારે કેમ કરવું પડે છે? તો કહે કે તમે વર્ષ ૧૯૬૧માં નર્મદાનું ખાતમુહૂર્ત કર્યું અને તમારે વર્ષ ૧૯૭૫ સુધીમાં યોજના પૂર્ણ કરવાની હતી એ કરી ના શક્યા એના લીધે રૂપિયા ૫૦૦૦ કરોડનું જે કામ હતું એ આજે રૂપિયા ૬૦,૦૦૦ કરોડ થયું. માનનીય અધ્યક્ષશ્રી, વાંધો નહીં, કદાચ અમે નથી કરી શક્યા. પાયાથી માંડીને ૮૫ મિટર સુધી કરી શક્યા પણ અત્યારે જે ગુજરાતની કેનાલો છે એ કેનાલોનું કામ અત્યારે ૭૭૮૮ કિલોમિટર બાકી છે એ તમે કેમ કરી ના શક્યા? ૨૫ વર્ષ થયા છતાં કેમ પૂર્ણ નથી કરી શક્યા? અને જે પ્રપ્રશાખા આવે છે એ પ્રપ્રશાખાઓમાં પણ કંટાળીને તમારે પાઇપલાઇન ગોઠવવી પડી. કારણ કે ખબર પડી કે આ અઘરું છે. મારે મંત્રીશ્રીને વિનંતી છે કે અમે તો આટલા બધા ડેમ બનાવ્યા પણ તમે એક ડેમ તો બનાવો. એક ડેમ બનાવો અને પછી જે વિસ્થાપિતોની હાલત થાય છે અને તમારી પાસે ભારણ આવે છે એનો તમે વિચાર કરો તો ખ્યાલ આવશે કે આ કેટલું મુશ્કેલીવાળું કામ છે. (અંતરાય) બસ સાહેબ પૂરું?

અધ્યક્ષશ્રી : ધન્યવાદ. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે નાણાં વિભાગની અમારી પોતાની જે માગણીઓ લઇને આવ્યો છું એના ઉપર ૧૧ જેટલા માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. અમારા સભ્યશ્રીઓએ અમારી માગણીઓને સમર્થન આપ્યું છે અને વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ટીકાઓ, સૂચનો અને માગણીઓ પણ રજૂ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇ તો બહુ જૂના, સિનિયર, અભ્યાસુ, વિદ્વાન અને અનુભવી ધારાસભ્ય છે. એમણે આ બજેટમાં જે દેવા અંગેની વાતચીત કરી. બીજી બધી માહિતી વિકાસલક્ષી અને બિન–વિકાસલક્ષી ખર્ચ અંગેની વિગતો

આપી. સાહેબ, એ બધું હું આપને કહું તો જ્યારે મેં બજેટ રજૂ કર્યું ત્યારે આ બધી જ ચર્ચા ખૂબ વિગતવાર જવાબ આપીને કરી છે. એ સિવાય સરકારના દરેક વિભાગોની પણ વિભાગવાઇઝ ચર્ચાઓ આ સન્માનનીય ગૃહમાં બધા જ ધારાસભ્યશ્રીઓએ ખૂબ રસ લઇ, અભ્યાસ કરી, સમય આપીને પોતપોતાના વિચારો વ્યક્ત કર્યા છે એમાં પણ ઘણા પ્રશ્નોનો ઉત્તર જે તે વખતે આવી જાય છે. માથાદીઠ આવક હોય, રાજ્યની જી.ડી.પી.ની આવક હોય, દેશની સરખામણીમાં દેવાનો બીજા રાજ્યો જોડ અથવા ભારત સરકારના નોર્મ્સ પ્રમાણે વધારો–ઘટાડો હોય. એ બધી જ બાબતોને અગાઉ આપણે ચર્ચામાં આવરી લીધી છે એટલે એના ઉપર હું કોઇ વિશેષ ટીકાટિપ્પણ કરવા માગતો નથી પણ એટલું ચોકકસ કહીશ કે એક સભ્યશ્રીએ કહ્યું એ સાચું કહ્યું. વિપક્ષના સભ્યશ્રીએ જ કહ્યું કે, વર્લ્ડ બેંક હોય, એશિયન ડેવલપમેન્ટ બેંક હોય કે જાયકા હોય એટલે કે જાપાનની બીજા દેશોને સહાય આપતી સંસ્થા હોય એ કોઇનું મોં જોઇને લોન નથી આપતી. એ બિલકુલ સાચી વાત છે. કોઇપણ વ્યક્તિને, કોઇપણ સંસ્થાને કે કોઇપણ સરકારને જ્યારે કોઇ મોટી બેંકિંગ નાણાકીય સંસ્થા જ્યારે કરોડો રૂપિયાની લોન આપતી હોય, ઓછા વ્યાજની લોન આપતી હોય, વિદેશી હૂંડિયામણમાં લોન આપતી હોય, લાંબાગાળે હપ્તા પરત ભરવાના હોય એવી સરળતાવાળી લોન આપતી હોય ત્યારે લોન આપનારા પણ લોન લેનારની ક્ષમતા કે લોનનો ઉપયોગ કયાં કરવાના છે એ અંગે પૂરતી ચકાસણી કરતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું વિપક્ષના સભ્યશ્રીઓને ખબર જ હશે કે પરદેશની લોન સીધેસીધી કોઇપણ રાજય સરકાર લઇ શકતી નથી. જે પણ પરદેશની લોન આવે એ ભારત સરકાર દ્વારા આપણને મળતી હોય છે. વર્લ્ડ બેંક લોન આપે તો પણ ભારત સરકાર આપણો પ્રોજેકટ મંગાવે, બીજા રાજયોના પણ પ્રોજેકટ મંગાવે. એશિયન ડેવલપમેન્ટ બેંક લોન આપે તો એ પણ બધા રાજયોના પ્રોજેકટ મંગાવે. જાયકા કે બીજી કોઇ બેંકો લોન આપે, બ્રીકસ લોન આપે તો બધા રાજયોમાંથી ભારત સરકાર પ્રોજેકટ મંગાવતી હોય છે અને એ પ્રોજેકટમાં કયો પ્રોજેકટ, કયા રાજયનો પ્રોજેકટ પ્રજાલક્ષી છે, ઉપયોગી છે, માનવ આરોગ્ય, માનવજીવનને સુધારણાવાળો છે, ખેડૂતોની આવક વધારવાવાળો છે, ઉત્પાદન વધારવાવાળો છે, ઉત્પાદકતા બીજા ક્ષેત્રમાં વધારવાવાળો છે, રોજગારી, શિક્ષણ, આરોગ્યની સુધારણાવાળો છે આવું બધું ભારત સરકાર પહેલા ચકાસે છે અને ચકાસ્યા પછી જે તે રાજયની દરખાસ્ત એ ભારત સરકાર વર્લ્ડ બેંકને કે બીજી કોઇ બેંકને મોકલે છે અને વર્લ્ડ બેંક પણ દુનિયાભરના આર્થિક ક્ષેત્રના નિષ્ણાંત એ બીજા રાજયોની એટલે કે જે દેશે જે દરખાસ્ત મોકલી હોય એ બધી દરખાસ્તોની ચકાસણી કરે છે. સમજી લો કે આપણે ગુજરાતમાંથી પાણી પુરવઠાની સૌની યોજના માટે આ વખતે દરખાસ્ત મોકલી છે. ગુજરાતમાંથી આપણે શિક્ષણ ક્ષેત્રને વધુ સુવિધાજનક અને વધુ પ્રગતિવાળું બનાવવા આ વખતે દરખાસ્ત મોકલી છે તો ભારત સરકાર એની ચકાસણી કરશે. બીજા રાજયોએ મોકલી હશે એની ચકાસણી કરશે પછી જે તે બેંકને મોકલી આપશે અને પછી જે તે બેંક આખા દેશમાંથી આવેલી દરખાસ્તોમાંથી કયા રાજયની દરખાસ્ત વધુ પ્રજા ઉપયોગી છે, વધુ જરૂરિયાતવાળી છે, માનવ જીવન એટલે કે હ્યુમન ઇન્ડેક્ષ માનવ વિકાસ સૂચક આંકને સુધારનારી છે એ પ્રમાણે ચકાસ્યા પછી પાછુ પેલું પગથિયું તો ખરું જ સાહેબ કે આ લોન લે છે એને પાછી આપવાની શકિત એ રાજય ધરાવે છે કે કેમ? આ બધી પરીક્ષાઓમાંથી ફિલ્ટરમાંથી ગળાતું ગળાતું જે રાજય પસાર થાય એને જ લોન મળે છે. કેટલાય રાજયોની લોન આ બધી સંસ્થાઓ નામંજૂર કરે છે અને ગુજરાતની લોન, દરખાસ્ત, પ્રપોઝલ શિક્ષણ, આરોગ્ય, ખેડૂતલક્ષી, પીવાના પાણીલક્ષી, જાહેર આરોગ્યલક્ષી, અમારી બધી દરખાસ્તો દુનિયાની બધી સંસ્થાઓ સ્વીકારે છે. શ્રી શૈલેષભાઇ, એનું એક માત્ર કારણ ગુજરાતની આર્થિક સક્ષમતા છે. ગુજરાતની જે પ્રતિષ્ઠા છે દુનિયાના માર્કેટની અંદર હું માર્કેટ શબ્દો વાપરું છું. આ બેંકો નીતિનભાઇનું કે મુખ્યમંત્રીશ્રીવિજયભાઇનું મોં જોઇને લોન નથી આપતી. એ ગુજરાત સરકારની કેપેસિટી જોઇ અને લોન આપે છે અને તમને આનંદ થવો જોઇએ. તમે એક સરકારના વિધાનસભા ગૃહના સભ્ય છો કે જેની શાખ દુનિયાભરની બેંકો સ્વીકારે છે. એનો તમને ગૌરવ થવો જોઇએ. આપણે ગામડામાં નાના કોઇ કાર્યકરને લોન મકાન બનાવવા માટે કે બીજાં કોઇ કામ માટે જોઇતી હોય અને આપણે ધારાસભ્ય તરીકે બેંકમાં ભલામણ કરતા હોઇએ છીએ. બેંક મેનેજરનો ફોન કરતા હોઇએ છીએ. પછી બેંક મેનેજર તમને કહે તમે ભલામણ કરી, પણ એની હજુ તો આગળની બે લોનના પૈસા એણે ભર્યા નથી. જમીન જપ્ત કરી છે, એની હરાજી કરવાની બાકી છે. મકાન ગીરવે મૂક્યું હતું એ પણ લોનનો હપ્તો ભરતા નથી. આવા માણસને શ્રી શૈલેષભાઇ, તમે ધારાસભ્ય તરીકે ભલામણ કરો તો પણ એમને બેંક લોન આપતી નથી. તમારા ગામની, તમારા વિસ્તારની, તમારી જાણીતી બેંક તમારા કાર્યકરને જો બેંકની લોન ન અપાવી શકતા હોય તો કેમ નથી અપાવી શકતા? આપણામાં ખોટ નથી, આપણું કામ ભલામણ કરવાનું છે. જેને માટે ભલામણ કરીએ છીએ એ વ્યકિતની સદ્ધરતા, એની શાખ બજારમાં કેવી છે, લોન પાછી ભરવાની એની પ્રતિષ્ઠા એ બધું જોઇને એ બે લાખની હોય તો બે લાખની, ટેમ્પો લેવા માટેની હોય તો ટેમ્પો, જીપ લેવાની હોય તો જીપ, ટ્રેક્ટર લેવા માટેની હોય તો ટ્રેક્ટર એ વ્યકિતને જોઇને અપાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે આજ સુધી આપણી ગુજરાત સરકારે માનનીય કેશુભાઇ હતા, માનનીય નરેન્દ્ર મોદી હતા, માનનીય આનંદીબેન હતા ત્યારથી માંડીને જે પણ દરખાસ્તો ગુજરાત સરકારે ગુજરાતના વિકાસ માટેની કોઇપણ ક્ષેત્રની લોન અમે માગી હોય, કોઇપણ વર્લ્ડની ફાઇનાન્શિલ ઇન્સ્ટિટ્યૂટે એને નકારી નથી. એ આપણી ગુજરાતની પ્રતિષ્ઠા છે. તમારે એનાથી ગૌરવ લેવું જોઇએ. શબ્દ વાપરું એ સંસદીય છે કે નથી એની મને ખબર નથી.

**અધ્યક્ષશ્રીનું અવલોકન**

**વેલમાંથી પસાર થવા અંગે**

અધ્યક્ષશ્રી : એક મિનિટ માનનીય નીતિનભાઇ, ગૃહ ચાલુ હોય ત્યારે વેલમાંથી પસાર નહિ થવું જોઇએ. માનનીય રાઘવજીભાઇ પટેલ, આપ પસાર થયા. બધા સભ્યો આ નોંધ લે. શોર્ટકટ કરીને ન જવું. પોતાની જગ્યાએ જવું હોય તો ગોળ ફરીને જઇ શકાય. માનનીય મત્રીશ્રીનું જોરદાર પ્રવચન ચાલુ હતું, તેથી વચ્ચે અટકાવી શકાય તેમ નહોતું.

## તા. ૩૦મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ લોન લેવાની બાબત રાજ્યના વિકાસ માટે છે. થોડી નાની ટીકા સી.જે. ચાવડા તેઓ પોતાની ટેવ પ્રમાણે જતા રહ્યા છે. જવાબ સાંભળવા બેઠા નથી.(અંતરાય) તમારો હવાલો ન ચાલે. એમની પ્રત્યક્ષ હાજરી જોઇએ. સાહેબ, હવાલો ચાલે? ઘણા લોકોની ટેવ હોય છે. અમે નાના હતા ક્રિકેટ રમતા હતા. ત્યારે માથાભારે માણસો હોય એ પહેલા દાવ લઇ લે. દાવ લઇને પછી દાવ આપવાનો હોય ત્યારે જતા રહે. કૉંગ્રેસવાળા ઘણા એવા છે. ફિલ્ડિંગ ભરવાની આવે ત્યારે જતા રહે છે. શ્રી પરેશભાઇ, શ્રી શૈલેષભાઇ, ડૉ.જોષિયારા, શ્રી વિરજીભાઇને અભિનંદન આપું છું કે એ સજ્જનતાથી લોકશાહીની પદ્ધતિ પ્રમાણે જવાબ સાંભળવા ઉપસ્થિત છે. એટલે કેવા શબ્દો વાપર્યા? રણોત્સવ વિષે એમણે ટીકા કરી. આ ફાલતું ખર્ચા કરો છો. કચ્છના અમારા ધારાસભ્યશ્રીઓ અહીંયા બેઠા છે. તમારા બહેન પણ અહીંયા બેઠા છે, કચ્છની આખી જનતા છે. ટુરિઝમ વિભાગ છે. આ સફેદ કચ્છનું રણ એ કઇ નવું નહોતું. કૉંગ્રેસ વખતે નહોતું એવું નહિ. કઇ નવું ઊભું થયું, ભગવાને આપ્યું, શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપ્યું એવું નહિ. દ્રષ્ટી જોઇએ. મોદી સાહેબે દ્રષ્ટી વાપરી. આ સફેદ રણ શિયાળાના સમયમાં ચોમાસાનું પાણી ઓસરી જાય, એનો મીઠો સફેદ જે ચમકારો થાય છે, એ ચાંદી વિખેરી હોય તેવા સૂર્યના કિરણો એમના ઉપર પડે તો આકર્ષણનું એક મોટું ટુરિઝમનું યાત્રાધામ બને એવું છે. એમણે ધીમે ધીમે શરૂઆત કરી. તંબુ નાખ્યા. ટીકા તો થવાની. ટીકા કરવાવાળાનું કામ ટીકા કરવાનું છે. મને ખબર છે તંબુ નાખ્યા, સાદા કપડાના તંબુ નાખ્યા તો એ વખતે ટીકા કરી હતી કે આ રણમાં જઇને તંબુ નાંખે છે? એ બધું જે કર્યું છે તેમાં માનનીય સી.જે. ચાવડાને મારે કહેવું છે કે, તમે જેને *(XXX) કહો છો, તમે જે કચ્છના રણોત્સવને બિન વિકાસલક્ષી ખર્ચ ગણો છો, કચ્છના ગરીબ મુસ્લિમ લોકો છે, એ વિસ્તારમાં લગભગ ૮૦ ટકા મુસ્લિમ લઘુમતી વસતિ છે એ લોકોને રોજી–રોટી મળી, ધંધો મળ્યો, ટુરિઝમ, હોટેલ, ગ્રામ બનાવટની ચીજો, ગૃહ ઉદ્યોગની ચીજો, હાથ વણાટની ચીજો, ભરત કામની ચીજો અને કરોડો રૂપિયાનો અન્ય કિંમતી માલ–સામાન એ ગરીબો પહેલા જે કશું નહોતા કમાતા પણ જ્યારથી આ રણોત્સવ ચાલુ થયો ત્યારથી લાખો લોકો ત્યાં દર વર્ષે જવા માંડ્યા અને જે કામ થયું, દુનિયાના નકશામાં કચ્છ ઉભરી આવ્યું એના કારણે કચ્છના હજારો–હજારો ગરીબ કુટુંબોને રોજગારી પ્રાપ્ત થઇ. માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં માટીના જે ભૂંગા બનાવે છે એમાં ફોરેનરો આવે છે એ ફાઇવ સ્ટાર કે થ્રી સ્ટાર નથી ઇચ્છતા એ ભૂંગામાં રહેવાનું પસંદ કરે છે અને ભૂંગા બનાવનાર ગરીબ માણસને એનો ધંધો મળે છે. આવું જ કામ સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં પણ થયું છે. આદિવાસી વિસ્તારમાં કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની શરુઆત કરી ત્યારે આના આ જ લોકો મારે કોઇનું નામ નથી દેવું પણ ત્યારે કેવા શબ્દો વાપર્યા હતા, સરદાર સાહેબને ઉતારી પાડે એવા નિમ્ન કક્ષાના શબ્દોનો કેટલાક લોકોએ ઉપયોગ કર્યો હતો, આજે એક કરોડ કરતા વધુ પ્રવાસીઓ ત્યાં જઇ આવ્યા અને આપણા આદિવાસી ભાઇ બહેનોને ગાઇડ તરીકે તૈયાર કર્યા, હિન્દી, અંગ્રેજી, ગુજરાતી, મરાઠી અને ભારતની બીજી બધી ભાષાઓ અને હમણા તો સંસ્કૃત્તમાં ચાલુ કર્યું. કોઇને સંસ્કૃત્તમાં ગાઇડ જોઇતો હોય તો સંસ્કૃત્તનો ગાઇડ પણ મળે. બધા આદિવાસી ભાઇ–બહેનોને ટ્રેનિંગ આપીને તૈયાર કર્યા છે, આ બધું કરવું પડે, પહેલા મૂડી–રોકાણ કરવું પડે, પહેલો ખર્ચ કરવો પડે, પહેલા ખેતર ખેડવું પડે, માનનીય વિરજીભાઇ અને માનનીય પરેશભાઇ, તમે તો ખેડૂત છો એટલે સમજો છો. પહેલા ખેતર ખેડવું પડે, પછી વાવવું પડે પછી વરસાદ થાય અને પછી પાક આવે અને લણીને માર્કેટમાં વેચાય ત્યારે એના પૈસા આવે. અમે વાવીએ, ખેતર ખેડીએ તો પણ તમને બિન વિકાસલક્ષી લાગે, અમે દવા નાંખીએ, ખાતર નાંખીએ, પાણી આપીએ તો પણ બિન વિકાસલક્ષી લાગે. તમારી દ્રષ્ટિ જ બિન વિકાસલક્ષી છે. નેગેટિવ, નેગેટિવ ને નેગેટિવ, મને લાગે છે *(XXX) તમારો છોકરો પહેલા નંબરે પાસ થતો હશે તોય તમે અભિનંદન નહીં આપતા હોય એવું મને લાગે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, *(XXX) એ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા, કાઢી નાંખો સાહેબ, પણ મને એવું લાગે છે. આ નકારાત્મક વૃત્તિ છે.

અધ્યક્ષશ્રી : આપ એમ કહો, પણ ઘરમાં શું થાય છે એ આપણે કેવી રીતે કોઇના માટે કહી શકીએ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, નકારાત્મક સ્વભાવ હોય એ ગમે ત્યાં જાય એ એવો જ રહે. એ ગમે ત્યાં જાય સારું હોય, કોઇકના લગ્નમાં સારું જમે, કોઇ વરઘોડિયા સારા હોય, પેલો કહે મારી પત્ની કેવી લાગી? તોય નેગેટિવ જ બોલે એટલે પેલા બિચારાને ગમે નહીં એવા શબ્દો જ બોલે. કોઇના સારા વખાણ કરવાનું કામ આ લોકોને આવડતું જ નથી. એટલે વિકાસલક્ષી, બિન વિકાસલક્ષી, દેવું, પ્રતિષ્ઠા, ગુજરાતની શાખ અમે વધારી છે એ તમે સમજી શકો છો. બીજું, માનનીય વિરજીભાઇએ વાત કરી અને માનનીય જોષીયારાજીએ થોડી વાત કરી, એ લોકોને હું સમજાવી સમજાવીને થાક્યો કે આ જી.એસ.ટી. એ જુદો કાયદો છે, જી.એસ.ટી. ગુજરાત સરકારની હકુમતમાં આવતો કાયદો નથી. જી.એસ.ટી. કાયદો છે એ ભારત સરકારનો કાયદો છે, બધાં રાજ્યોને લાગુ પડે છે. પાર્લામેન્ટે, રાજ્યસભાએ, માનનીય રાષ્ટ્રપતિજીએ બધા રાજ્યોએ સર્વાનુમતે પસાર કરેલો જી.એસ.ટી. કાયદો છે. પૂર્વ રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખર્જી નાણાં મંત્રી હતા, શ્રી ચિદમ્બરમજી નાણાં મંત્રી હતા, ત્યારથી આ કાયદો છે, આપણે ત્યાં ગુજરાતમાં શ્રી સૌરભભાઇ પણ નાણાં મંત્રી તરીકે એ કાઉન્સિલમાં જતા હતા, હું પણ ઘણા વરસોથી એ કાઉન્સિલમાં નાણામંત્રી તરીકે સભ્ય છું, દેશના બધા જ રાજ્યોના બધા જ રાજકીય પક્ષોના નાણાં મંત્રીશ્રીઓ એના સભ્યો છે અને બધા જ નાણાં મંત્રીશ્રીઓ સર્વાનુમતે જે નિર્ણય કરે એ આખા દેશમાં અમલમાં મૂકાય છે. અહીંયા શ્રી વિરજીભાઇએ વાત કરી કે શ્રીમતી નિર્મલાજી આવું બોલતા હતા, મેં સાંભળ્યું છે એ તો એમણે સજેશન કર્યું કે બધાને ઘટાડવું હોય તો વિચાર કરો. હવે હું આ ગૃહમાં બહુ સ્પષ્ટ વાત કરવા માગું છું કે જેથી આપણે સભ્ય કોઇ દિવસ ખોટાં ન પડીએ.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી. કાયદાનો એક બેઝિક સિદ્ધાંત એવો છે કે, જેટલી આવક જી.એસ.ટી.માં થાય એની ૫૦ ટકા આવક જે તે રાજ્યની રહે અને ૫૦ ટકા ભારત સરકારના ભાગમાં જાય. આપણા ગુજરાત રાજ્યમાં ગમે તેટલો માલ બન્યો હોય, આપણે વરસે ૫૦ કરોડ સિમેન્ટની થેલીનું ઉત્પાદન ગુજરાતમાં કરીએ પણ ૫૦ કરોડમાંથી ૪૦ કરોડ સિમેન્ટ થેલી બીજા રાજ્યોમાં વેચાય તો ગુજરાતમાં સિમેન્ટ બન્યો પણ એક રૂપિયાનો ટેક્સ આપણને મળે નહિ જે રાજ્યમાં માલ વેચાયો હોય, છેલ્લાં ખરીદનારે ટેક્સ ચૂકવ્યો હોય એ રાજ્યના ભાગમાં એ ટેક્સ જાય અને એ ટેક્સમાંથી ૫૦ ટકા એ ભારત સરકારના ભાગમાં જાય. આપણો વેલ્યુ એડેડ ટેક્સ એટલે કે વેટ એની વ્યાખ્યા પણ કહી દઉં. પહેલાં અમે વિરોધ કરતા હતા. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ મુખ્યમંત્રી હતા ત્યારે એ વખતે કેન્દ્રમાં કૉંગ્રેસની સરકાર હતી જી.એસ.ટી. આવે ત્યારે જે નુકસાન થાય રાજ્યને એ ભરપાઇ કરી આપવા માટે કાયદાકીય જોગવાઇ કરવા તૈયાર નહોતી. આપણી ગુજરાત સરકારની માગણી હતી માનનીય નરેન્દ્રભાઇ મોદીની મુખ્યમંત્રી તરીકેની માગણી હતી કે જી.એસ.ટી. કાયદો લાવો અમે સંમત છીએ પણ શરૂઆતના પાંચ વર્ષ કાયદો લાવ્યા પછી, કારણ કે સી.એસ.ટી. કાઢી નાંખવાનો હતો, સેન્ટ્રલ ટેક્સ જે આવે એ ઓછો કર્યે જવાનો હતો. આપણું ગુજરાત તો ઉત્પાદક રાજ્ય છે, આપણે ઔદ્યોગિક રાજ્ય છીએ, આપણે કરોડો અબજો, રૂપિયાની વસ્તુઓની આખા દેશમાં બીજા રાજ્યોમાં નિકાસ કરીએ છીએ, એનો ટેક્સ આપણને મળતો હતો એ હવે આમાં બંધ થઇ જવાનો હતો, ઓછો થઇ જવાનો હતો. એટલે શ્રી નરેન્દ્રભાઇએ માગણી કરી હતી કે તમે અમને પાંચ વર્ષની ગેરેંટી આપો કાયદો કરી. શ્રી ચિદમ્બરમજીએ હા પાડી, હું રાજકીય રીતે કહેવા નથી માગતો પણ પછી તેઓ ના કરી શક્યા. એટલે શ્રી નરેન્દ્રભાઇએ આગ્રહ રાખેલો કે લોકસભામાં કાયદો પસાર કરો, કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની ભા.જ.પ.ની સરકાર આવી, અમે બધા રાજ્યોને સંમત કર્યા, બધા રાજ્યોએ તૈયારી બતાવી અને ભારત સરકારે પાર્લામેન્ટમાં કાયદો પસાર કર્યો કે પાંચ વર્ષ સુધી જી.એસ.ટી.ની આવક જે રાજ્યમાં આવક થતી હતી એમાં દર વરસે ૧૪ ટકાનો ગ્રોથ એટલે વધારો ગણવાનો અને એ પછી જે નુકસાન પડે એ ભારત સરકારની જી.એસ.ટી. કાઉન્સિલ સેસની આવકમાંથી પાંચ વર્ષ સુધી એ ચૂકવી આપશે. એટલે આપણે સંમત થયા. આ બધા કહે છે ને કે પહેલાં કેમ ના કહેતા હતા, એટલા માટે ના કહેતા હતા કે તમારી સરકાર, કૉંગ્રેસની સરકાર એ વખતે રાજ્યોને રક્ષણ નહોતી આપતી. અમારી ભા.જ.પ.ની શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારે પાર્લામેન્ટમાં કાયદો કરી અને બંધારણમાં સુધારો કરીને રક્ષણ આપ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, હવે વાત એવી છે કે, આ પેટ્રોલ ડિઝલની વાત કરી એટલે હું કહું છું બધાંને આમ મીઠું મીઠું બોલવું ગમે, છાપામાં નામ આવે એવું ગમે, ટી.વી.માં ચર્ચા થાય એવું ગમે, બધાંને ગમે, મને પણ ગમે, હું પણ માણસ છું અને તમે પણ માણસ છો, પણ એની અસર શું થાય એ રાજ્યના નાણામંત્રી તરીકે સાહેબ આ સન્માનનીય ગૃહને, મિડિયાને અને ગુજરાતની જાહેર જનતાને મારે કહેવું છે કે, અત્યારે વેટની પેટ્રોલ, ડિઝલ અને ગેસની જે આવક થાય છે એ ગુજરાત સરકારની ૧૦૦ ટકા માલિકીની એટલે કે આપણી આવક છે, એમાં કેન્દ્રને એક રૂપિયાનો આપણે ફાળો આપવાનો નથી. હવે હું તમને કહું, ચેતવણી આપું અને બીજા રાજ્યો પણ સંમત થતાં નથી, કૉંગ્રેસના રાજ્યો પણ સંમત થતાં નથી કારણકે ગુજરાતનું છે એવું રાજસ્થાનનું હોય, એવું મહારાષ્ટ્રનું હોય, એવું બંગાળનું હોય, એવું કેરાલાનું હોય બધા રાજ્યોનું હોય. દરેક રાજ્યમાં પેટ્રોલ, ડિઝલ, સી.એન.જી.,પી.એન.જી. ગેસ તેની આવક રાજ્યની માલિકીની ૧૦૦ ટકાની છે. હવે જો તેને જી.એસ.ટી.માં લઇ જવામાં આવે તો એક મોટો ફરક પડે કે જે જી.એસ.ટી.માં જાય, એની જે આવક થાય તે આવકમાં કેન્દ્ર સરકાર ૫૦ ટકા ભાગીદાર વગર કર્યે, કરાવ્યે આપણો લાભ લઇ જાય. હવે પેટ્રોલ આપણે વાપરીએ, ડિઝલ આપણે વાપરીએ, ગેસ આપણે વાપરીએ અને તેની આવક ગુજરાત સરકારની તિજોરીમાં જમા થાય એ ગુજરાતની પ્રજાના હિત માટે વપરાય કેન્દ્ર સરકારને કંઇ આપવાનું નહીં, કંઇ દેવાનું નહીં, કંઇ ગુમાવવાનું નહીં અને જો જી.એસ.ટી.માં આપણે પેટ્રોલ, ડિઝલ, પી.એન.જી.,સી.એન.જી.ને જો લઇ જઇએ તો ૫૦ ટકા અત્યારે વેટની જે આવક આવે છે તે ભારત સરકાર કશું કર્યા વગર આપણી પાસેથી લઇ જાય. હવે આમાં કોણ સંમત છે તમે મને કહો. હું નાણામંત્રી તરીકે સંમત નથી પણ દેશના હિતમાં જી.એસ.ટી. કાઉન્સિલમાં ગુજરાતના નાણામંત્રી તરીકે અને બીજા બધા નાણામંત્રીશ્રીઓએ અમે રજૂઆત કરી છે કે, ભારત સરકાર એવી કોઇ ફોર્મ્યુલા બનાવે, ભારત સરકાર કોઇ એવું મિકેનીઝમ બનાવે કે જી.એસ.ટી.માં લઇ જવું હોય તો રાજ્યોની પેટ્રોલ, ડિઝલની વેટની આવક જે છે તે યથાવત ચાલુ રહે. એમાં ઘટાડો ના થાય, તેનો અબાદિત અધિકાર રહે અને પેટ્રોલ, ડિઝલના ભાવ જો ઘટતાં હોય તો ગુજરાત સરકાર અમે એમાં સંમત છીએ. બાકી પેલી આપણી ગુજરાતીમાં કહેવત છે કે, **" મારું તારૂં ભાગીદારીમાં અને મારૂં મારૂં "** એવું આપણે ના કરાય. હું ગુજરાતનો નાણામંત્રી છું. ગુજરાત સરકારની ૬ કરોડ ૩૦ લાખની જનતાની જવાબદારી પ્રજાએ અમને સોંપી છે. આ નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતમાં વારંવાર રીપીટ કર્યું છે તો અમે પ્રજાને આ વિશ્વાસથી જયારે આ બધું કરતા હોઇએ કારણ તમે તો બોલી નાંખો કે જી.એસ.ટી.માં લઇ જાવ, આમ કરી નાંખો, તેમ કરી નાંખો બે મિનિટ, એક દિવસ છાપામાં તમારૂં નામ પણ આવી જાય, તમે ખુશ પણ થઇ જાવ, સોશિયલ મિડીયામાં પણ મૂકી દો કે મેં માગણી કરી પણ તેનું પરિણામ શું આવે ? ગુજરાત સરકારને, ગુજરાતની જનતાને હજારો, કરોડ રૂપિયાનું દર વર્ષે નુકસાન થાય. એ નુકસાન કરવા માટે રાજ્યના નાણામંત્રી તરીકે હું સહેજ પણ સંમત નથી. આ મારી તમને સ્પષ્ટ વાત છે અને મને વિશ્વાસ છે કે, આ સ્પષ્ટતા પછી, આ ખુલાસા પછી તમે હવે કોઇ દિવસ આવી માગણી નહીં કરો. કોઇ રાજ્ય સંમત નથી, તમારા રાજસ્થાનમાં જઇને પૂછી આવો કે જી.એસ.ટી.માં જવું છે, આ મહારાષ્ટ્રમાં સરકાર ચાલે છે જઇને પૂછો કે તૈયાર છો ? છત્તીસગઢમાં સરકાર છે, હવે તો ગણી ગાંઠી સરકાર છે, પહેલાં તો બહુ બધી સરકાર હતી, બધાને બહુ પૂછવું પડતું હતું. હવે તો રહ્યાં સહ્યાં ચાર–પાંચ જણાં છે પૂછોને ? ફોન નંબર ના હોય તો હું આપું કે તમે તૈયાર છો ? (અંતરાય) માનનીય ગેહલોતજી તો પડોશમાં જ છે. હમણાં તો મેં છાપામાં જોયુ હતું સાચું કે ખોટું કે આ પહેલી તારીખ બદલાય એટલે શ્રી ગેહલોતજીને કંઇક ગુજરાતની મોટી જવાબદારી પણ સોંપવાના છે. મારે એમા નથી જવું આપણે અહીંયા ૧૮૨

(અંતરાય) ના, આ તો તમે કહો છો એટલે મેં ઈશારો કરી દીધો. અમારા શ્રી જીતુભાઈએ કહ્યું એટલે મને યાદ આવ્યુ (અંતરાય) તેના કરતા પણ શ્રી જીતુભાઈ, હમણાં ગયા કોરોનામાં ગયા હતા રીસોર્ટમાં એટલે એ વખતે સાથે હતા એટલે સંબંધ હોય તો પૂછી લેજો કે આવું બધું થાય કે ના થાય, વહેવાર બહુ નજીકનો છે. (અંતરાય) અમે બજેટનું કામ પૂરું કર્યા પછી કર્યું હતું અને અમને ખબર નહોતી અમારા મનમાં કે તમે ત્યાં શાંતિથી બેસ પણ આ તો ફોટા આવ્યા, વિડીયો આવ્યો, નાસ્તા કરતા હતા, સ્વીમીંગ પુલમાં તરતા હતા, ધૂબાકા મારતા હતા એટલે અમને એમ થયું કે આ બધુ બંધ કરો તો પાછા આવે. એમનો હિસાબ ગુજરાતની પ્રજાએ વારંવાર કરી દીધો છે. ગુજરાત સરકારના પેન્શન અને પગાર વિભાગ વિશે મારે સન્માનીય ગૃહને થોડી માહિતી આપવી છે. ગુજરાત રાજ્યમાં અત્યારે ૪ લાખ ૭૦ હજાર પેન્શનરો ઉપરાંત ૫ લાખ કર્મચારીઓ છે. દર મહિને ૧૧૦૦ કરોડ રૂપિયા આ ૪ લાખ ૭૦ હજાર પેન્શનરોને દર મહિનાના પ્રથમ દિવસે એમના બેંક ખાતામાં સીધે સીધા જમા થઈ જાય છે. કોઈને ક્યાંય બેંકની લાઈનમાં લેવા નહિ જવાનું. D B T દ્વારા સીધું એમના ખાતામાં પેન્શન જમા થઈ જાય એવું આયોજન અમારો પેન્શન વિભાગ કરે છે. રાજ્ય સરકાર પેન્શનરોને ગમે તેટલી નોકરી કરી હોય લઘુત્તમ ૯૦૦૦ રૂપિયા મૂળ પેન્શન અને મહત્તમ ૧ લાખ ૧૨ હજાર ૫૦૦ રૂપિયા પેન્શન ચૂકવે છે અને એના ઉપર ૧૭ ટકા પ્રમાણે મોંઘવારી ભથ્થું પણ અમે ચૂકવીએ છીએ. સરકારના કર્મચારીઓની તો અમે ચિંતા કરીએ જ છીએ પણ ભૂતકાળમાં જેમણે વર્ષો સુધી પ્રજા અને સરકારની સેવા કરી, એમનું જીવન પ્રજાને અર્પણ કર્યું એમની પણ નિવૃત્તિ સમયમાં અમે કાળજી રાખીએ છીએ અને લાંબુ જીવે તો વધારે પેન્શન આપીએ છીએ. પેન્શનરને ૮૦ વર્ષ પૂર્ણ થાય તો વધારાના ૨૦ ટકા, ૮૫ વર્ષ પૂર્ણ થાય તો વધારાના ૩૦ ટકા, ૯૦ વર્ષ પૂર્ણ થાય તો વધારાના ૪૦ ટકા અને ૯૫ વર્ષ પૂર્ણ થાય તો વધારાના ૫૦ ટકા પેન્શન આપીએ છીએ. ભગવાન કરે અને કોઈ સદી પૂરી કરી અને ૧૦૦ વર્ષના થાય એમને ૧૦૦ ટકા વધારાનું પેન્શન ગુજરાતની સરકાર દ્વારા માનવતાના હિસાબે એમના બાળકો એમની સેવા કરે એ માટે આપીએ છીએ. કોઈએ અહીંયા કહ્યું કે, પેન્શનરોની ચકાસણી કરવી પડે છે એ વાત સાચી નથી. એનું ઓનલાઈન પોર્ટલ શરૂ કરી દીધું છે. પેન્શનરોને તિજોરીમાં રૂબરૂ આવી અને પોતે હયાત છે એવી ખરાઈ કરવાની કોઈ જરૂરિયાત અત્યારે નથી. આ રીતે અમારો વિભાગ કામ કરતો હોય ત્યારે પેટ્રોલ ડિઝલના ભાવ અંગે મેં અગાઉ પણ કહ્યું છે છતાં થોડી ફરી ચોખવટ કરી લઉં. રાજસ્થાન, મહારાષ્ટ્ર અને બીજા રાજ્યોની સરખામણીમાં પેટ્રોલમાં આપણો ભાવ ઓછો છે. મેં અગાઉ પણ કહ્યું છે કે, પેટ્રોલ-ડિઝલમાં ભાવ વધારો થયો ત્યારે અમારી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે દેશમાં બીજી કોઈ સરકારોએ વેટ ઘટાડ્યો ન હતો ત્યારે બે વખત ટેક્સ ઘટાડેલો છે એટલે અત્યારે પેટ્રોલ ડિઝલમાં દાખલો આપીને કહું તો ગુજરાતમાં અત્યારે છૂટક પેટ્રોલની કિંમત ૮૮.૩૦ રૂપિયા છે. જ્યારે બાજુમાં જ કૉંગ્રેસ સંચાલિત રાજસ્થાન રાજ્યમાં ૯૭.૫૬ પૈસા છે. આપણા કરતાં લગભગ ૯ રૂપિયા લિટરે રાજસ્થાનની કૉંગ્રેસની સરકાર પેટ્રોલ ઉપર વધારે કિંમત લે છે એટલે ક્યાં સુધારો કરવો, ક્યાં ભલામણ કરવી, કયા નાગરિકોને વધુ ખર્ચ થાય છે એ જોવાનું તમે સમજી શકો છો. એવી રીતે મહારાષ્ટ્રમાં પણ પેટ્રોલ ૯૭.૧૯ રૂપિયા છે. બંને બાજુ પાડોશી રાજ્ય છે અને કમનસીબ કહો કે જે ગણો તે ત્યાં કૉંગ્રેસ સરકારો છે તો તમારે સલાહ આપવી હોય તો બંને બાજુ સલાહ આપો. એ બંને રાજ્ય કંઈક કરશે પછી આપણે કરીશું. અત્યારે તો એના કરતાં એક લિટરે ૯-૯ રૂપિયા ઓછા એટલે આપણા ભાવ ઘણા ઓછા છે છતાં ગુજરાતની જનતાને આ સન્માનીય ગૃહ મારફત ખાતરી આપવા માગું છું કે, અમારી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભારત સરકાર પ્રજાના, ખેડૂતોના, વાહનચાલકોના હિતમાં જે કંઈ પણ નિર્ણય કરશે તેનો અમારી ગુજરાતની ભાજપ સરકાર અમલ કરશે. એ વખતે અમે બીજી કોઈ વિચારણા નહી કરીએ. અમારી સરકારનો નિર્ણય એ અમારા માટે આશીર્વાદરૂપ નિર્ણય પ્રજા માટે થાય એવું અમે ઈચ્છીએ છીએ. એટલે આ બધી સરખામણી કરવાની કોઈ જરુર નથી. અત્યારે ગુજરાત દેશમાં પેટ્રોલમાં ૧૯મા નંબરનું ભાવ ધરાવતું રાજય છે. એટલે કોઈ બીજા પ્રશ્ન અત્યારે રહેતા નથી. જી.એસ.ટી.ને લઈ જવું, પેટ્રોલ-ડીઝલ એની સ્પષ્ટતા મેં કરી દીધી છે. એટલે હું માનું છું કે એમાં હવે કોઈ વિશેષતા કરવાની રહેતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાં વિભાગ કર વસૂલાત પણ કરે છે. જી.એસ.ટી. આવ્યા પછી જી.એસ.ટી.ની આવક વધી, રાજયની આવક વધી, અહીંયા બોગસ બિલીંગ એવી બધી વાતો થઈ. પેપર વાંચનારા વાંચતા પણ હશે કે જો કોઈએ સૌથી વધુ રેડ વેપારીઓના ત્યાં, ઉદ્યોગપતિઓના ત્યાં, રજિસ્ટ્રાર જી.એસ.ટી.ના વેપારીઓ છે એમના ત્યાં પાડી હોય તો ગુજરાતમાં અમારા જી.એસ.ટી. ડિપાર્ટમેન્ટે પાડી છે. કરોડો રૂપિયાની મિલકતો જપ્ત કરી છે, વાહનો જપ્ત કર્યા છે, પોલીસ કેસ કર્યા છે અને નામદાર હાઈકોર્ટમાંથી જામીન મળ્યા પછી જ આ આરોપીઓ છૂટી શકે એવી કડકમાં કડક જોગવાઈઓ પણ બોગસ બિલિંગ કરવા ઉપર અમે કરીએ છીએ. પેટ્રોલિંગ પણ કરીએ છીએ. સરપરાઈઝ ચેકિંગ પણ કરીએ છીએ અને જે ઈવે બીલ, તો ઈવે બિલની પણ સમગ્ર ગુજરાતમાં કોઈપણ વાહન જે ૫૦,૦૦૦ થી વધુનો ટેક્સ ભરવાપાત્ર માલ લઈ નીકળતું હોય તો આખા રાજ્યમાં ગમે ત્યાં જાય એનું સરપ્રાઈઝ ચેકિંગ પણ અમારી પેટ્રોલિંગ ટીમો કરે છે અને એમાં પણ મોટા પ્રમાણમાં કોઈ કરચોરી થતી હોય તો અમે પકડીએ છીએ. આ ઊંઝાનો કેસ તમે જાણતા હશો કે, ઊંઝામાં ભલભલા ચમરબંધીઓ પણ હાલ જેલના સળિયા પાછળ છે, એ રીતની કડક કાર્યવાહી અમારા જી.એસ.ટી. ડિપાર્ટમેન્ટે કરી છે. આવકના અંદાજ, બીજા બધા અંદાજ, દેવાના આંકડા એ બધુ મેં અગાઉ આપ્યું છે. અમે પતંગોત્સવ કરીએ કે રમતોત્સવ કરીએ, છોકરાઓને રમતગમતમાં પ્રોત્સાહન આપવું, ઈન્ટરનેશનલ કક્ષાએ એશિયન ગેમ્સમાં, કોમન વેલ્થમાં ભારતની રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતના છોકરાઓ પહેલા કોઈ ગણના થતી ન હતી, એના બદલે ગુજરાતના આદિવાસી વિસ્તારના દીકરા દીકરીઓ આજે અનેક સુવર્ણ એવોર્ડ લાવતા થઈ ગયા. તો આ ખેલકુદ, મહાકુંભના કારણે થયું અને એ વિકાસલક્ષી ખર્ચ જ છે. એને ભલે તમે રમતગમત ગણતા હો પણ અમે એને પ્રગતિ ગણીએ છીએ. રાજ્યનું ગૌરવ ગણીએ છીએ. મને એક દુઃખ થયું, શ્રી સી.જે.ચાવડાએ એમ પણ કહ્યું કે, તમે કૃષિ મહોત્સવ કરો છો. આનાથી ખેડૂતોની બીજી કોઈ ક્રૂર મજાક આ કોગ્રેંસના ધારાસભ્ય શ્રી સી.જે.ચાવડા સિવાય કોઈ કરી ના શકે. એ રેવન્યુના માણસ છે ખેડૂત નથી, એમને ખબર નથી કે ખેડૂતની

મહેનત શું? ખેડૂતના પરસેવાની કિંમત શું? ખેડૂતોને માર્ગદર્શન આપવું, પ્રોત્સાહન આપવું, સિંચાઇનું પાણી આપવું, વીજળી આપવી આ બધુ કામ અમારી ભાજપની સરકારે કર્યું. કૃષિ મહોત્સવ કર્યા, વૈજ્ઞાનિકોને, જે વૈજ્ઞાનિકો દાંતીવાડા, આણંદ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી બહાર જતા ન હતા એમને ખેતરે ખેતરે ફરતા કર્યા, તો શું ગુનો કર્યો છે? ખેડૂતોને ફાયદો થયો અને શ્રી ફળદુ સાહેબે આંકડો આપ્યો કે ખેડૂતોની આવક બે લાખ કરોડ કરતાં વધુ થઇ. તો આ કૃષિ મહોત્સવ એમાં ખૂબ મોટો ઉપયોગી થયો છે. એ અમે કર્યો છે અને કરવાના છીએ. તમારે આવવું હોય તો આવજો, તમને આમંત્રણ છે. એવું મારાથી ન કહેવાય. બીજી એક વાત મારે ખાસ કરવી છે કે જયારે (અંતરાય) હું પાણી પી લઇશ, પી લઇશ, મારી ચિંતા ન કરો. આભાર, આભાર, શ્રી પ્રતાપભાઇ, તમારો આભાર.

અધ્યક્ષશ્રી : યાદ ના દેવડાવો, બધાને પીવડાવશે. પ્લીઝ, હવે મારી પાસે સમય નથી. પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, બીજી એક વાત મારે ખાસ કરવી છે. (અંતરાય) શ્રી પ્રતાપભાઇ, તમારો આભાર.

અધ્યક્ષશ્રી : હવે મારી પાસે સમય નથી. પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા નર્મદા યોજનાની પણ થોડી વાત થઇ. આ શ્રી જોષીયારાજીએ જ એવું કહ્યું કે કલેકટરોને તમે ગામડે ગામડે મોકલો છો. સાહેબ કલેકટર એટલે શું થઇ ગયું, ના, ના મારે એમ પૂછવું છે શ્રી જોષીયારાજી કલેકટર એટલે શું થઇ ગયું? કલેકટર પણ સરકારનો કર્મચારી છે, અધિકારી છે. ગરીબની, ખેડૂતની ગામડાની સેવા કરવાની એની જવાબદારી છે. (અંતરાય) સાંભળો, સાંભળો. પાણી પી લઉં બસ. તમારી સરકાર વખતે કલેકટરો મજા કરતા હતા.

અધ્યક્ષશ્રી : છપ્પન થઇ ગઇ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એરકંડિશન ઓફિસો છોડતા નહોતા. અમારા મોદી સાહેબે એ વખતે જાહેર કરેલું કે (અંતરાય) બે મિનિટ સાહેબ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, બે મિનિટ છે જ નહીં એક જ મિનિટ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, મુખ્ય સચિવ હોય, રાજયના પોલીસ વડા હોય કે કોઇ પણ અધિકારી હોય, હવે ગામડે ગામડે પંચાયત, કૃષિ મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ આવા કાર્યક્રમોમાં જશે અને સાચું ગુજરાત ગામડામાં છે એ જઇને જોશે અને પછી ફાઇલ ઉપર નિર્ણય કરશે. આ કામ અમારી સરકારે કર્યું છે. વધુ વાત નહીં કરું મારી વિનંતી છે કે આ બજેટ સર્વાનુમતે મંજૂર કરો. તમારા સૂચન મેં નોધ્યા છે. નાની–મોટી કોઇ જરૂરિયાત હોય તો વેલકમ, તમારા કામ પૂર્ણ થાય તેવો સંપૂર્ણ પ્રયત્ન કરીશું, આભાર.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨, ૪, ૫, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૭, ૨૯, ૩૦, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૩, ૫૪ અને ૫૬ મત ઉપર મૂકવામાં આવી અને તે નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત ઉપર મૂકવામાં આવી અને તે મંજૂર કરવામાં આવી.**

**ગિલોટીન થયેલી માગણીઓ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૧–૨૨ ના વર્ષ અંદાજપત્રના વાર્ષિક નાણાકીય પત્રકમાં કુલ ૧૦૮ માગણીઓ સમાવિષ્ટ છે. આમાંથી ૫૩ માગણીઓ આ સન્માનનીય ગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઇ ગઇ છે. આથી બાકીની ૫૫ માગણીઓ પૈકી બે માગણીઓ બિન–મતપાત્ર હોવાથી તે સિવાયની ૫૩ માગણીઓ હું ગિલોટીનથી મતદાન માટે રજૂ કરું છું. જેના માગણી ક્રમાંક નીચે મુજબ છે.

માગણી ક્રમાંક– ૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરી. જે મત પર મૂકવામાં આવી અને તે મંજૂર કરવામાં આવી.

**માનનીય અધ્યક્ષશ્રીએ રાજ્ય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪.૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૩૧મી માર્ચ, ૨૦૨૧ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક ૮૨ | વિષય સૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પેજ નં.** |
| અક્ષયકુમાર ઇ. પટેલ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ | ૨૪૫ |
| | વડોદરા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન | ૪૭ |
| અજમલજી ઠાકોર | પાટણ જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના | ૯૭ |
| | પાટણ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા | ૩૦૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા બાબત | ૭૧ |
| | મહેસાણા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન | ૩૧ |
| અજીતસિંહ ચૌહાણ | ગીર અભ્યારણ્યમાં ચાલતી ગેરકાયદે હોટલો | ૧૮૮ |
| | ભરૂચ જિલ્લામાં કંપનીમાં આગની ઘટના | ૨૬૩ |
| | મહિસાગર અને ડાંગ જિલ્લામાં ગૌ–શાળા/પાંજરાપોળોને સહાય | ૭૭ |
| | મહિસાગર અને નવસારી જિલ્લામાં નલ સે જલ યોજના | ૩૧૨ |
| | મહિસાગર જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે મળેલી ફરિયાદો | ૨૧૧ |
| | મહીસાગર અને ડાંગ જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળાઓ | ૧૦૦ |
| | મહીસાગર અને ડાંગ જિલ્લામાં લેન્ડ કમિટિની બેઠકો | ૩૫૨ |
| | મહીસાગર જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી કરાયેલ જમીન અન્વયે મહેસૂલ | ૨૨૨ |
| | મહીસાગર જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ | ૧૨૩ |
| | મહીસાગર જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ | ૧૯૯ |
| | રાજ્યમાં સરકારી પોલિટેકનિક કોલેજોમાં વર્ગ–૨ નું મંજૂર મહેકમ | ૪૦ |
| અનંતકુમાર પટેલ | નવસારી અને તાપી જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળાઓ | ૪૮ |
| | નવસારી અને બોટાદ જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાની | ૧૫૮ |
| | નવસારી અને વલસાડ જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે મળેલ ફરિયાદો બાબત | ૧૮૪ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં આઇ.ટી.આઇ તાલીમાર્થીઓને ટેબ્લેટ | ૩૨૩ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં લાયકાત વગરના પ્રાથમિક શિક્ષકો | ૮૩ |
| | નવસારી જિલ્લાના ડેમોમાં જમા થયેલ કાંપ | ૨૨૦ |
| | વડોદરા જિલ્લામાં આગથી કામદારોના મૃત્યુ | ૨૭૮ |
| અનિલ જોષિયારા | ગીર પશ્ચિમ વિસ્તારમાં જંગલી પ્રાણીઓથી રક્ષણ માટે માંચડા | ૮૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ) | ૩૮૪ |
| | રાજ્યના જંગલોમાં આગની ઘટના | ૧૮૬ |
| | વિશ્લેષણ સમિતિ દ્વારા આદિજાતિના દાખલાની ચકાસણી | ૪૩ |
| અંબરીષભાઇ ડેર | અમરેલી અને ભાવનગર જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળાઓ | ૮૧ |
| | અમરેલી અને ભાવનગર જિલ્લામાં ચેરના વૃક્ષોનું વાવેતર | ૪૫ |
| | અમરેલી અને ભાવનગર જિલ્લામાં મીઠાના અગરોની રીન્યુ અરજી | ૨૭૬ |
| | અમરેલી જિલ્લામાં મીઠાના અગરો માટે લીઝ | ૩૨૧ |
| | અમરેલી જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે મળેલી ફરિયાદો | ૨૧૧ |
| | અમરેલી જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ | ૧૪૪ |
| | અમરેલી જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ | ૧૫૬ |

| | | |
|---|---|---|
| | ભાવનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન બાબત | ૧૮૧ |
| | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ | ૨૪૮ |
| | રાજ્યમાં મનરેગા લોકાયુક્તની નિમણૂક બાબત | ૧૨૧ |
| | રાજ્યમાં રાજ્યકક્ષાની તથા જિલ્લાકક્ષાની ભૂદાન સમિતિ દ્વારા અહેવાલ કરવા બાબત | ૨૨૧ |
| અભેસિંહ તડવી | છોટાઉદેપુર જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા બાબત | ૭૧ |
| | નસવાડી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૩૨ |
| અમિત ચાવડા | ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ.શ્રી હેમાજી દરઘાજી રાજપૂતના અવસાન અંગે | ૨૩૦ |
| અર્જુનસિંહ ચૌહાણ | આણંદ જિલ્લામાં દૂધઘર અને ગોડાઉન બાંધકામ સહાય | ૨૭૩ |
| | આણંદ જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા | ૩૫૪ |
| | ખેડા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન | ૩૮ |
| | ખેડા જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા | ૩૧૮ |
| અરૂણસિંહ રણા | નર્મદા જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના | ૭૭ |
| | ભરૂચ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા બાબત | ૩૮ |
| અરવિંદ પટેલ | તાપી જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના | ૯૫ |
| | વલસાડ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા બાબત | ૬૭ |
| અરવિંદ રૈયાણી | મોરબી જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૩૦૫ |
| | મોરબી જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા | ૩૪૬ |
| | રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ કનેક્ટીવીટી | ૨૩ |
| અરવિંદ રાણા | જામનગર જિલ્લામાં ચાફકટર ખરીદી સહાય યોજના | ૨૭૨ |
| અરવિંદકુમાર પટેલ | અંજાર તાલુકામાં આંતરિક પેયજળ યોજના | ૨૫૮ |
| | નર્મદા જિલ્લામાં વિસ્તરણ અધિકારીની મંજૂર જગ્યાઓ | ૧૬ |
| | ભુજ તાલુકામાં માધાપર પાણી પુરવઠા યોજના | ૩૧૨ |
| અરવિંદભાઈ પટેલ | વલસાડ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ કનેક્ટીવીટી | ૨૭ |
| અશ્વિનભાઈ કોટવાલ | સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર ખાતે મજૂર અદાલતના બાંધકામની મંજૂરી | ૨૯ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળાઓ | ૯૬ |
| | અમદાવાદ ગુજરી બજારમાં પક્ષીઓનું ગેરકાયદે વેચાણ | ૧૩૦ |
| | વડોદરા ખાતે સેઝ પાર્ક માટે જમીન | ૨૯૧ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લેન્ડ કમિટીની બેઠકો | ૩૩૧ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લાયકાત વગરના પ્રાથમિક શિક્ષકો | ૬૮ |
| આત્મારામ પરમાર | ગીર સોમનાથ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા | ૩૧૨ |
| | બોટાદ જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના | ૯૮ |
| | ભાવનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન | ૭૪ |
| | ભાવનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૨૬૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ) | ૩૭૯ |
| | રાણપુર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર | ૩૫ |

| | | |
|---|---|---|
| આનંદભાઈ ચૌધરી | સુરત અને વલસાડ જિલ્લામાં ગૌ–શાળા/પાંજરાપોળોને સહાય | ૯૯ |
| | સુરત અને વલસાડ જિલ્લામાં લેન્ડ કમિટીની બેઠકો | ૩૨૫ |
| | સુરત અને વલસાડ જિલ્લામાં સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણૂક | ૭૬ |
| | સોનગઢની સેન્ટ્રલ પેપર પલ્પ મીલ્સ દ્વારા વાંસની કિંમત ચૂકવવા બાબત | ૩૭ |
| | રાજ્યમાં સ્વાયત શાળા સંચાલનમાંથી ગ્રાન્ટેડ શાળાઓમાં ફેરવવા માટેની માંગણી | ૧૬૩ |
| | સુરત જિલ્લાના ડેમોમાં જમાથયેલ કાંપ | ૨૧૯ |
| | સુરત જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે મળેલી ફરિયાદો | ૧૮૪ |
| | સુરત જિલ્લામાં ગૌચર | ૨૮૦ |
| | સુરત જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાની | ૧૫૭ |
| | સુરત જિલ્લામાં સરકારી જમીનમાં શરતભંગના કેસો | ૧૯૬ |
| આર. સી. મકવાણા | જામનગર જિલ્લામાં પવનચક્કી માટે જમીન ફાળવણી | ૨૯૫ |
| | ઉમરાળા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર | ૬૮ |
| | જામનગર જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા | ૩૬૧ |
| | ભાવનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન | ૨૯ |
| | ભાવનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૩૩૫ |
| આશાબેન પટેલ | કચ્છ જિલ્લામાં ડીસેલીનેશન પ્લાન્ટ | ૨૮૬ |
| | મહેસાણા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન | ૧૩ |
| | રાપર તાલુકામાં પાણી પુરવઠા જૂથ યોજના | ૩૫૮ |
| | વર્ધમાનનગર માટે પાણી પુરવઠા યોજના | ૩૨૮ |
| ઇમરાન ખેડાવાલા | અમદાવાદ ખાતે કર્ણાવતી ક્લબ દ્વારા જમીન દબાણ | ૨૮૬ |
| | ગાંધીનગર શહેરમાં નિવૃત્ત કર્મચારીઓ દ્વારાઆવાસો પરત ન સોંપવા બાબત | ૨૨૫ |
| | ગાંધીનગર શહેરમાં નિવૃત્ત કર્મચારીઓ પાસેથી આવાસોનો કબજો પરત મેળવવા બાબત | ૨૨૪ |
| | રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પકડાયેલા બિનવારસી પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન બાબત | ૧૭૮ |
| | રાજ્યમાં નીલગાય/રોઝને મારવાની સત્તા | ૧૯૧ |
| | રાજ્યમાં રાષ્ટ્રીય પક્ષી મોરનો શિકાર | ૧૦૯ |
| | ગાંધીનગર શહેરમાં નિવૃત્ત કર્મચારી/ અધિકારીઓ દ્વારા આવાસ વધુ સમય રાખવાની અરજીઓ | ૨૨૪ |
| ઇન્દ્રજીતસિંહ પરમાર | આણંદ અને ખેડા જિલ્લામાં સરદાર આવાસ યોજના | ૨૯૫ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૩૩૫ |
| | ખેડા અને રાજકોટ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળની તપાસ | **૧૧૭** |
| | ગાંધીનગર અને ખેડા જિલ્લામાં પેટ્રોલપંપો દ્વારા વિતરીત થતાં પેટ્રોલ/ડીઝલની ગુણવત્તા બાબત | ૧૩૦ |
| | મહુધા તાલુકામાં ભૂગર્ભ ગટરની દરખાસ્ત | ૮૧ |
| | રાજ્યમાં રાજીવ ગાંધી પંચાયત સશક્તિકરણ અભિયાન હેઠળ ફાળવેલ રકમ | ૪૪ |
| | રાજ્યમાં વાહન ચાલકોને હેલ્મેટ કેસમાં કરેલ દંડ | ૧૯૪ |
| ઋત્વિકભાઈ મકવાણા | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળાઓ | **૩૧** |
| | રાજ્યમાં ખેડૂત પ્રમાણપત્ર મેળવવા ઓનલાઈન અરજીઓ | ૩૪૯ |
| | રાજ્યમાં રોગચાળાથી પ્રાણી મૃત્યુ પામતા સહાય | ૧૬૦ |

| | | |
|---|---|---|
| | સુરેન્દ્રનગર અને જામનગર જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબ્લેટ | ૩૬૫ |
| | સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે મળેલી ફરિયાદો | ૨૦૯ |
| | સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાનિ | ૧૫૩ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન માપણીમાં ક્ષતિ સુધારવા અરજીઓ | ૩૦૮ |
| ઋષિકેશ પટેલ | અંજાર તાલુકામાં આંતરિક પેયજળ યોજના | ૩૪૬ |
| | કચ્છ જિલ્લામાં ડીસેલીનેશન પ્લાન્ટ | ૩૦૫ |
| | રાપર તાલુકામાં પાણી પુરવઠા જૂથ યોજના | ૩૬૪ |
| કેતનભાઈ મ. ઇનામદાર | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ) | ૩૮૧ |
| | વડોદરા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન | ૩૮ |
| | વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા | ૨૭૨ |
| કનુભાઈ દેસાઈ | ઉમરગામ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર | ૧૭ |
| | વલસાડ જિલ્લામાં ગ્રામ પંચાયતોની તાકીદની ગ્રાન્ટ | ૬૦ |
| | વલસાડ જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા | ૩૧૨ |
| કનુભાઈ પટેલ | કચ્છ જિલ્લામાં ડીસેલીનેશન પ્લાન્ટ | ૨૭૪ |
| | ભચાઉ તાલુકામાં ફિલ્ટર પાણી | ૩૧૯ |
| | રાજકોટ જિલ્લામાં વીડીઓમાંથી ઘાસ એકત્ર કરવા બાબત | ૪૧ |
| કનુભાઈ બારૈયા | ગાંધીનગર શહેરમાં વૃક્ષોમાં ખીલા ઠોકી જાહેરાતો મૂકવાની ઘટનાઓ | ૧૩૧ |
| | ભાવનગર અને અમરેલી જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબ્લેટ | ૩૩૯ |
| | ભાવનગર અને અમરેલી જિલ્લામાં ગૌ–શાળા/પાંજરાપોળોને સહાય | ૮૮ |
| | રાજ્યમાં સરકારી ઇજનેરી કોલેજોમાં વર્ગ–૧ નું મંજૂર મહેકમ | ૯ |
| | ભાવનગર અને અમરેલી જિલ્લામાં લાયકાત વગરના પ્રાથમિક શિક્ષકો | ૫૬ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં ગૌચર | ૨૯૮ |
| | ભાવનગર જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે મળેલી ફરિયાદો બાબત | ૧૮૩ |
| | ભાવનગર જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ | ૧૪૪ |
| | ભાવનગર જિલ્લામાં વીજ અકસ્માતમાં થયેલ જાનહાની | ૧૫૬ |
| | રાજ્યમાં ઊંટોની વસ્તી ઘટવા બાબત | ૧૬૨ |
| કુબેરભાઈ ડીંડોર | ખેડા જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા | ૩૧૨ |
| | પંચમહાલ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૨૫૯ |
| | બાબત | ૨૧ |
| કરશનભાઈ સોલંકી | અરવલ્લી જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા બાબત | ૭૪ |
| | સમી ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાકના મકાનો | ૯૮ |
| | અંજાર તાલુકામાં આંતરિક પેયજળ યોજના | ૩૦૯ |
| | પાટણ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા | ૩૬૬ |
| | પાટણ જિલ્લામાં ચાફકટર ખરીદી સહાય યોજના | ૩૪૯ |
| | મહેસાણા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેકશન | ૩૫ |
| કેશુભાઈ નાકરાણી | ઉમરાળા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર | ૨૪ |
| | જામનગર જિલ્લામાં પવનચક્કી માટે જમીન ફાળવણી | ૨૭૦ |
| | જામનગર જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા | ૩૫૩ |
| | ભાવનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૩૧૫ |

| | | |
|---|---|---|
| કેસરીસિંહ સોલંકી | આણંદ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા | ૩૩૭ |
| | આણંદ જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા | ૩૬૧ |
| | ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોની તાકીદની ગ્રાન્ટ | ૩૩ |
| | ખેડા જિલ્લામાં શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા | ૨૯૭ |
| કાંતિભાઈ ખરાડી | જૂનાગઢ ખાતે કાર્યરત ગીધ કેપ્ટીવ બ્રીડિંગ સેન્ટર | ૧૯૨ |
| | રાજ્યમાં ખડમોર લેસર પક્ષીની વસ્તી | ૧૯૨ |
| | પ્રાઈવેટ એનીમલ એમ્બ્યુલન્સમાં બ્લુ લાઇટ મૂકવાની અરજીઓ | ૨૨૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં યાત્રાધામ વિકાસ | ૩૦૪ |
| | રાજકોટ શહેરમાં રજિસ્ટ્રેશન વગર ચાલતી મીટ-પોલ્ટ્રી-ચીકન-ફીશ શોપ | ૧૧૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની શાળાઓ | ૩૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં નોંધાયેલ ખેતમજૂરો | ૩૪૫ |
| | રાજ્યમાં ઘાસનો સંગ્રહ કરવા માટેના ઉપલબ્ધ ગોડાઉનો | ૧૩૧ |
| | ખેડા જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે મળેલી ફરિયાદો | ૨૧૧ |
| કાંતિભાઈ બલર | ગીરસોમનાથ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા | ૩૦૬ |
| કાંતિભાઈ સોઢાપરમાર | આણંદ અને ખેડા જિલ્લામાં યાત્રાધામ વિકાસ | ૩૬૦ |
| | આણંદ અને મહીસાગર જિલ્લામાં લાયકાત વગરના પ્રાથમિક શિક્ષકો | ૫૯ |
| | આણંદ અને ડાંગ જિલ્લામાં નલ સે જલ યોજના | ૩૩૪ |
